આવૃત્તિ ૧ લીઃ
વીર સંવત ૨૪૮૬

વિક્રમ સંવત ૨૦૧૬

નકલ ૧૦૦૦
સને ૧૯૬૦



: પ્રાપ્તિસ્થાનો :

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ : મ્હેસાણા [ઉ. ગૂ.]
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ : પાલીતાણા [સૌરાષ્ટ્ર]

પહેલા ભાગની કિંમત રૂા. ૭–૦૦
બીજા ભાગની કિંમત રૂા. ૯–૦૦
બન્નેય ભાગ સાથે લેનારને
રૂા. ૧૬–૦૦. ખર્ચ અલગ.



: મુદ્રક :
મહેતા અમરચંદ બહેચરદાસ.
શ્રી બહાદુરસિંહજી પ્રિં. પ્રેસ.
પાલીતાણા (સૌરાષ્ટ્ર).

ચિત્ર પરિચય



૧ ટાઇટલ પેજ પહેલા ઉપરના ચિત્ર પહેલાનો પરિચય પ્રથમ ભાગમાં આપવામાં આવેલ છે, ત્યાંથી જોઇ લેવો.

૨ બીજું ચિત્ર (ટાઇટલ પેજ ચોથા પર)

૧ ગુણશ્રેણી

૧ મનુષ્ય વગેરે સચેતન પ્રાણીઓના જાત-સમજણ વગેરે ગુણોમાં વ્યક્તિવાર વધતા ઓચ્છાપણુ અથવા એક જ વ્યક્તિમાં કાળભેદે ને અવસ્થાભેદે વધતા-ઓચ્છાપણું સર્વના અનુભવમાં આવતું હોવાથી, તેમાં થતા વિકાસો અને હ્રાસોનો સ્વીકાર નાસ્તિકમાં નાસ્તિકને પણ કરવો પડે છે.

આત્મવાદી કોઈપણ વિદ્વાનો તો તેનો સ્વીકાર કરતા જ હોય છે ભલે તેની પરિભાષા, ક્રમ, શરૂઆત અને અંતિમ પરિણામો વગેરેના નિરૂપણમાં કાંઇક કાંઇક ભેદો જણાતા હોય

૨ જૈનશાસ્ત્રમાન્ય **આધ્યાત્મિક વિકાસ ક્રમ** ખૂબ જ વ્યવસ્થિત હોવા ઉપરાંત, વ્યવસ્થિત. સાર્થક અને સૂચક પારિભાષિક શબ્દો દ્વારા સમજાવાયેલ છે.

૩ પ્રત્યેક સમયે આત્મામાં થતા ચડ-ઉતર પરિણામોને **અધ્યવસાયો** કહેવામાં આવે છે. ચડતા અધ્યવસાયો **અસંક્લિષ્ટ** કહેવાય છે, અને ઉતરતા **સંક્લિષ્ટ** કહેવાય છે.

૪ મોક્ષાનુકૂળ અધ્યવસાયસ્થાનો ચડતા-અસંક્લિષ્ટ અધ્યવસાયસ્થાનો કહેવાય છે, અને સંસારને અનુકૂળ ઉતરતા-પડતી હાલતના **સંક્લિષ્ટ અધ્યવસાયસ્થાનો** કહેવાય છે.

૫ બન્નેય પ્રકારના અસંખ્ય-અસંખ્ય હોય છે.

૬ પ્રત્યેક અધ્યવસાય સ્થાનકોમાં અસંખ્ય-અસંખ્ય **અધ્યવસાયો** હોય છે.

૭ તેમાં સર્વ પ્રાણીઓના સારા અને નરસા સર્વ સંકલ્પોઃ વિકલ્પોઃ વિચારોઃ લાગણીઓઃ મનના અને આત્માના પરિણામોઃ વગેરેનો સંપૂર્ણ સમાવેશ આવી જાય છે. સર્વની ૧૪ (ચૌદ) ગુણસ્થાનક સુધીમાં વ્હેંચણી થયેલી છે ચડતા-ઉતરતાપણું મુખ્યપણે ૧૧ મા સુધી જ છે. પછી તો ચડતાપણું જ હોય છે.

૮ આત્માના અધ્યવસાયો અને તેના સ્થાનોમાં જુદાપણાના મુખ્ય નિમિત્તો **કર્મો** છે. યોગસ્થાનો, સ્થિતિબંધ અને રસબંધના અધ્યવસાયો, તેના સ્પર્ધકો, કંડકો અને

સ્થાનો એ સૂક્ષ્મ નિરૂપણ છે, અને ચૌદ ગુણસ્થાનક, સંવર અને નિર્જરા તથા બંધ, આશ્રવ, પુણ્ય એ સારી અને ખોટી મન-વચન-કાયાની પ્રવૃત્તિઓની સ્થૂલ વ્યવસ્થા છે. સામાન્ય સમજથી વિચારનું વાહન મન કહેવાય છે. પરંતુ વાસ્તવિક રીતે મન તો જડ છે. તેની પાછળ આત્મા છે તેમાં થતા અધ્યવસાયો અને પ્રવૃત્તિઓ માનસશાસ્ત્ર, ચૈતન્ય વિજ્ઞાન, આધ્યાત્મિક શાસ્ત્ર વગેરેનું મૂળ છે. જેનો જૈનદર્શનમાં મોટા પાયા ઉપર પદ્ધતિસર વિચાર મળે છે.

૯ છેલ્લું તો એક શુદ્ધ અધ્યવસાય સ્થાનક હોય છે.

૧૦ આ રીતે જૈન પરિભાષા પ્રમાણે માનસશાસ્ત્રના મૂળ તત્ત્વનો અંતિસંક્ષેપમાં ઉપર નિર્દેશ કરવામાં આવેલો છે.

ચિત્રની સમજ

૧ પાછળના પુંઠા ઉપર ત્રણ ચિત્રો છે. **પહેલું ચિત્રઃ** ગુણશ્રેણિનું છે. તેમાં કાળો ભાગ આત્માને ઘેરનાર દોષોનો છે સફેદ ભાગ આત્માની ક્રમિક ખીલવણીનો-વિકાસનો છે.

૨ તે ઉપર ધ્યાન આપી સામેની બન્નેય આકૃતિઓના નામ પ્રમાણે આંકડા વાંચતા જવું.

ધોળો ભાગ ઉપર ઉપર વધતો જાય છે, તેની સાથે જ કાળો ભાગ ઉપર ઉપર ઘટતો જાય છે.

૪ ગુણશ્રેણિની પહેલી આકૃતિમાં વપરાયેલા આંકડાઓની સમજ ગુણશ્રેણિની પહેલી આકૃતિ સમજાવવા માટે ચિત્ર બીજાઃ અને ત્રીજાઃ માં આપેલી છે.

૫ બીજી આકૃતિમાં વચ્ચે આત્મા બતાવેલો છે. તે આત્માવાળો ભાગ સફેદ બતાવવો યોગ્ય હતો, પરંતુ ભૂલથી કાળો બતાવાઈ ગયો છે. તે ભૂલ સુધારીને આગળ વધવું.

૬ નિર્મળ આત્માની આજુબાજુ ચડેલા ૧૮ (અઢાર) દોષોના પડો આંકડા સાથે કાળા રંગથી બતાવેલા છે.

૭ જેમ જેમ દોષનું એક એક પડ દૂર થતું જાય છે, તેમ તેમ એક એક ગુણ બ્હાર આવતો જાય છે ગુણોમાં વિકાસ વધતો જાય છે અને ઉપરનું પડ દૂર થતાં તેની નીચેનું ઉપરનું પડ ખુલ્લું થાય છે, તે ત્રીજા ચિત્રમાં એકથી પંદર સુધી ધોળા રંગથી બહાર આવતા ગુણો બતાવેલા છે.

૮ અભ્યાસીઓએ અઢાર દોષોના ઉપરાઉપર લાગેલા પડો અને એક એક પડ દૂર થવાથી બ્હાર આવતા ગુણોના નામો યાદ કરી લેવા જોઇએ. જેથી ગુણશ્રેણિ બતાવતી પહેલી મુખ્ય આકૃતિ સમજવામાં સરળતા થશે.

૯ પહેલી ગુણશ્રેણિની આકૃતિ પૂરી સમજવાથી શ્રી જૈનશાસનમાં બતાવેલા વિકાસક્રમના મુખ્ય મુખ્ય દરજ્જાથી આત્માનો સંપૂર્ણ વિકાસ-ક્રમ નજર સામે આવ્યે જાય છે.

૧૦ દોષોના ઉતરતા ક્રમથી અને વિકાસ ભૂમિકાઓના ચડતા ક્રમથી આંકડા સામસામી બાજુથી ચડતા–ઉતરતા બતાવાયેલા છે.

૧૧ આત્મા સાથે સૌથી પહેલું નીચેનું લાગેલું કર્મ દોષનું પડ છે, તે સૌથી છેલ્લે પૂરેપૂરું જાય છે. તેથી તે પૂર્ણ મુક્તિના ૧૫ આંકડાથી નીચેની ચૌદમા આંકડાવાળી વિકાસ ભૂમિકા સુધી થોડા પ્રમાણમાં પણ વિદ્યમાન હોય છે. તે પણ જાય છે, કે પૂરી મુક્તિ થાય છે. જે પંદરમા આંકડાથી બતાવાયેલ છે. ઉપરની આકૃતિમાં સંપૂર્ણ મુક્ત આત્મા પાસે ૧૫ લખવાનું રહી ગયેલ છે, તે સુધારી લેવું.

પહેલી આકૃતિમાં દોષો અને ગુણોના વિકાસના નામ લખી શકાય તેટલી જગ્યા ન હોવાથી જુદી જુદી આકૃતિઓમાં છે. ૨ જીમાં આત્મા ઉપર ઉપરાઉપર કર્મોને લીધે ચડેલા પડો બતાવ્યા છે ૩ જામાં વિકાસક્રમના એક એક ઉઘડતા પ્રકાશપડો બતાવાયેલા છે. પહેલી આકૃતિનો અભ્યાસ કરતી વખતે આંકડા પ્રમાણે સામેની બન્નેય આકૃતિઓમાં જોતા જવું.

૧૩ હવે તદ્દન નીચેની ૧૮ મા આંક વાળી તદ્દન ગોળ ને કાળી પહેલી આકૃતિથી સમજવાની શરૂઆત કરો—

૧ તે તદ્દન કાળોભાગ હોવાથી આત્મા ઉપર ઘણાં ઘણાં દોષોના પડ ચડી ગયા છે. અને તે અનાદિકાળથી ચાલી આવતી નિગોદાવસ્થારૂપ અવ્યવહાર રાશિમાં ગોંધાઇ રહેવાપણું બતાવેલ છે.

છતાં તેમાં વચ્ચે અક્ષરના અનંતમા ભાગ જેટલા શ્રુતજ્ઞાનના ઉઘાડા અંશથી આત્મા સચેતન રીતે જીવે છે. તદ્દન જડ બની ગયોનથી હોતો. તેટલો અંશ બતાવવા સામાન્ય જ્ઞાન પ્રકાશના કિરણોથી ઘેરાયેલો આત્મા વચ્ચે બતાવેલો છે. અવ્યવહારરાશિની અવસ્થાના દોષનું પડ ૧૮ મા આંકડાથી બતાવેલ છે.

૨ અનંત પુદ્ગલ પરાવર્તન કાળ વીત્યે કોઇ જીવ તથાભવ્યતાને યોગે **વ્યવહાર-રાશિના** પ્રાથમિક થોડા પ્રકાશમાં આવે છે. તે (૧) થી બતાવેલ છે.

છતાં તેની આજુબાજુનું જે દોષપડ બહાર આવ્યુ છે તે પણ ગાઢ સંમૂઢપણું છે–તદ્દન અજ્ઞાનરૂપ છે. તે ૧૭ ના આંકડાથી બતાવેલ છે.

૩ સકૃત્બંધકપણાથી થોડો આત્માનો પ્રકાશ વધે છે. તે (૨) થી બતાવેલ છે. મિથ્યાત્વ મોહનીય કર્મની ૭૦ કોડાકોડિ સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ આજ સુધી આત્મા ઘણીવાર બાંધતો હતો, તે હવે છેલ્લે એક જ વાર બાંધી ચૂકેલ છે. ફરીથી હવે તે બાંધશે જ નહીં. માટે, તે સકૃત્બંધક કહેવાય છે. તેવી સ્થિતિ મળવી તે પણ એક જાતનો વિકાસ છે. તે પણ ઘણું સંમૂઢપણું દૂર થાય, ત્યારે જ પ્રાપ્ત થાય છે.

છતાં, તે વખતે ભવાભિનન્દિતા–સંસાર તરફ તીવ્ર પ્રેમરૂપી મોટો દોષ તો હોય છે. તે ૧૬ ના આંકડાથી બતાવાયેલ છે.

૪ ત્યારપછી આત્મામા અવ્યક્ત મોક્ષની અભિલાષાનુ બીજ જાગ્રત થાય છે ને થોડો પ્રકાશ વધે છે. તેને (૩) ના આકડાથી મોક્ષ બીજ તરીકે બતાવેલ છે તે અવસ્થાની પ્રાપ્તિના **આદિ ધાર્મિકપણું: અપુનર્બંધક:** વગેરે નામો શાસ્ત્રોમા પ્રસિદ્ધ છે

છતાં તે વખતે મિથ્યાત્વ હોય છે. દુરાગ્રહવૃત્તિ પણ હોય છે, તે ૧૫ ના આકડાથી બતાવેલ છે

૫ અપુનર્બંધક ભાવમાં આવેલો આત્મા કોઇપણ ધર્મપથનો સ્વીકાર કરીને ય માર્ગાનુસારીપણું પામે છે કોઇ જીવ જૈનધર્મના આચારો પાળવા સુધી પણ આવી પહોચે છે. એ વિકાસ (૪) થી બતાવેલ છે.

છતાં, તે વખતે પણ **મિથ્યાદર્શન મોહનીયપણાનો** દોષ વિદ્યમાન હોય છે તે દોષ હજી સદંતર ગયો નથી હોતો. તે ૧૪ ના આંકડાથી બતાવેલ છે જો કે અવ્યવહાર રાશિમાં અને તેનાથી બહારની ત્રણ સુધીની અવસ્થાઓમાં જે મિથ્યાત્વ હતું, તેમાથી ક્રમે ક્રમે ઘટાડો તો થયેલો જ હોય છે.

આ રીતે અહીં સુધી મિથ્યાત્વ નામનાં પહેલાં ગુણસ્થાનકની જુદી જુદી મુખ્ય અવસ્થાઓ પાંચ આકૃતિઓથી બતાવેલી છે.

૬ પછીની આકૃતિમાં ૨ અને ૧૩ ના આંક છે તે એમ સૂચવે છે કે-ઉપશમ સમ્યક્ત્વથી પડતાં ને ફરીથી મિથ્યાત્વ પ્રાપ્ત કરતા પહેલાં કાઇક તેના સ્વાદરૂપ પ્રકાશ અનુભવે છે, તે સાસ્વાદન ગુણસ્થાનકની કાંઇક વિકસિત અવસ્થા ૨ ના આંકડાથી બતાવેલ છે.

છતાં તે વખતે જો કે મિથ્યાત્વનો ઉદય નથી હોતો, પરંતુ તેના નાનાભાઇ જેવા અનંતાનુબંધીય ક્રોધ, માન, માયા, લોભ કષાયોનો તો ઉદય હોય જ છે પડની સ્થિતિ ૧૩ થી બતાવેલી છે

૭ આ સાસ્વાદન સમ્યક્ત્વ કરતાં વધારે એટલે લગભગ અરધા સમ્યગ્દર્શન જેટલો વિકાસ થયેલો હોય છે તે ૩ થી બતાવેલ છે

છતાં તે વખતે સાથે જ અર્ધમિથ્યાત્વ અને કાંઈક હલકા પ્રકારના અનંતાનુબંધીય કષાયોના પડ ઉપર આવી ગયેલા હોય છે. તે ૧૨ થી બતાવાયેલ છે ત્યારપછી આવી સીધી લીટીથી એક ખાસ ઉન્નત ભૂમિકા બતાવવામાં આવી છે તે મહા (આર્હત) શાસનની પ્રાપ્તિ થવાથી-**જૈનશાસન**ની પ્રાપ્તિ થવાથી ત્યાથી **સમ્યગ્દર્શન:** વગેરે ઉંચી ભૂમિકાઓમાં આગળ વધવાની વેગબંધ શરૂઆત થાય છે એટલે કે જૈનશાસનની પ્રાપ્તિ તેમા પ્રબળ નિમિત્તભૂત થાય છે

૮ મોક્ષમાં જવા પહેલાં લગભગ અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળ બાકી રહે ત્યારે અવશ્ય સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે તે ૪ થી બતાવેલ છે

છતાં, તે વખતે વિરતિ પરિણામ ન હોવાથી પ્રથમના અવિરતિના પરિણામનું પડ ખુલ્લે ખુલ્લું બહાર દેખાઇ આવે છે તે ૧૧ થી બતાવેલ છે. અવિરતને યોગે તે આત્મા જરાપણ ત્યાગરૂપ વ્રત ધારણ કરી શકતો નથી.

૯ ત્યારપછી પલ્યોપમ પૃથક્ત્વ સુધીમાં દેશવિરતિ ગુણ વિકસિત થાય છે અને તેમાં રહેલો આત્મા ભાવથી થોડોઘણો પણ ત્યાગ કરે છે, ને થોડોઘણો ત્યાગ બતાવનારા વ્રતો લે છે તે ૫ થી બતાવેલ છે

છતાં તે વખતે તેને સંસાર છોડી મુનિ થવાની ઇચ્છાને અમલમાં મૂકી શકવાની માનસિક અશક્તિ હોવાથી સંસારીપણે ઘરમાં રહી, ઘર ચલાવે છે. તે ૧૦ થી બતાવેલ છે.

૧૦ સંખ્યાતા સાગરોપમે તે જીવ સર્વ-વિરતિ-પાંચ-મહાવ્રતરૂપ, મુનિજીવનરૂપ પ્રકાશ ભાવથી પ્રાપ્ત કરે છે. તે ૬ થી બતાવેલ છે.

છતાં, તે વખતે પાંચ-પ્રમાદનું પડ તો ઉપર તગતગતું હોય જ છે. તે મુનિને પ્રમાદોમાં પાડે છે તે ૯ થી બતાવેલ છે.

૧૧ મુનિપણું સારી રીતે વિશુદ્ધ થાય છે, તે વખતે પ્રમાદ જરાપણ ન હોવાથી અપ્રમત્ત ભાવયુક્ત સંયમ પ્રાપ્ત થાય છે. તે અવસ્થા ૭ થી બતાવેલ છે.

અપ્રમત્તભાવમાં રહેલા મુનિને (૧) અનન્તાનુબંધીય કષાયોની વિસંયોજના થાય છે. દર્શનત્રિકથી વિયોગી થઇને નષ્ટ થાય છે. (૨) દર્શનમોહ જાય, કર્મોનો ક્ષય થાય છે. (૩) અને ૨૮ માંની અનેક લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

છતાં, એ ભાવ વધારે વખત ટકતો નથી. તે થોડા વખત પછી પ્રમત્ત ભાવમાં આવી જાય છે. વળી ચડે છે, ને અપ્રમત્ત ભાવમાં જાય છે. વળી પડે છે, ને પ્રમત્ત ભાવમાં આવે છે. આમ વારંવાર **ભાવોમાં પરિવર્તન** થાય છે. તે ૮ થી બતાવેલ છે.

૧૨ ઉપશમ કે ક્ષપકશ્રેણિ માંડવા ઉપર ચડવાની પૂર્વ તૈયારીરૂપે **અપૂર્વકરણ અવસ્થાનો** પ્રકાશ પ્રાપ્ત થાય છે. તે ૮ થી બતાવેલ છે.

છતાં, તે વખતે એકીસાથે અપૂર્વકરણ ઉપર ચડેલા જીવોના દર સમયના અધ્યવસાય-સ્થાનોમાં નિવૃત્તિ-ફેરફાર,ચડ-ઉતરપણું હોય છે; અનિવૃત્તિ-સરખાપણું નથી હોતુ. (સરખાપણું પછીની અવસ્થામાં પ્રાપ્ત થાય છે.) તે અણ-સરખાપણું-નિવૃત્તિ ૭ થી બતાવેલ છે.

૧૩ ઉપશમશ્રેણિથી ચારિત્રાવરણીય મોહનીય કર્મોનો ઉપશમ શરૂ થાય છે. અથવા ક્ષપકશ્રેણિથી ચારિત્રાવરણીય મોહનીય કર્મોનો ક્ષય શરૂ થાય છે. તે ૯ થી બતાવેલ છે.

છતાં, તે વખતે સ્થૂલ સંજ્વલન કષાયોના ઉદયનું પડ તો ઉપર હોય જ છે. તે ૬ થી બતાવેલ છે.

૧૪ ઉપશમ શ્રેણિથી ચારિત્રાવરણીય કર્મો તદ્દન ઉપશમ પામવાની તૈયારીમાં હોય છે. અને ક્ષપક શ્રેણીથી ચારિત્રાવરણીય મોહનીય કર્મો તદ્દન ક્ષય પામવાની તૈયારીમાં હોય છે. તે ૧૦ થી બતાવેલ છે.

છતાં, તે વખતે સૂક્ષ્મ સંજ્વલન લોભ કષાયનું પડ ઉપર હોય છે. તે ૫ થી બતાવેલ છે.

૧૫ તે પડ ઉખડી જતા, ઉપશમ શ્રેણિ ઉપર ચડેલો આત્મા ઉપશાંતમોહ અવસ્થામાં પહોંચી જાય છે. તે ૧૧ થી બતાવેલ છે.

છતાં–ઉપરથી–મોહ જરાપણ ઉદયમાં ન હોવાથી ઉપશાંતમોહ વીતરાગતા હોવા છતાં–સત્તામાં વધુમાં વધુ ૨૮ (અઠ્ઠાવીશ) મોહનીય કર્મની પ્રકૃતિઓ જેટલો મેલ વિદ્યમાન હોય છે, તે ૪ થી બતાવેલ છે. તેને લીધે આત્માનું ત્યાંથી પતન થાય જ છે. તે નીચા મુખવાળા બાણોથી બતાવેલ છે.

પતન દશમે, નવમે, આઠમે, સાતમે કે છટ્ઠે સુધી પણ થાય છે ને ફરીથી પાછો ચડે. અથવા, તેથી પણ નીચે ઉતરી ચોથે સ્થિર રહે. કદાચ તેથી પણ પડીને બીજેથી પહેલે જાય. અથવા ત્રીજે આવીને પહેલે જાય. ને પાછો ચડે જ. આ બધું નીચા મુખવાળા ઉતરતા બાણોથી બતાવેલ છે.

૧૬ પરંતુ જે આત્મા ક્ષપકશ્રેણિ પૂરી કરીને મોહનીય કર્મોનો સર્વથા ક્ષય કરે છે, તે ૧૨ મે ક્ષીણમોહ વીતરાગ ગુણસ્થાનકે પહોંચી જાય છે તેને સર્વજ્ઞ થવાની હવે બહુ વાર નથી હોતી. તે ૧૨ થી બતાવેલ છે.

છતાં, હજુ તે છદ્મસ્થ અવસ્થામાં હોય છે. તે ૩ થી બતાવેલ છે.

૧૭ મોહનીય નામના મુખ્ય ઘાતીકર્મોનો નાશ થવાથી અને બાકીના ત્રણે ય ઘાતીકર્મોનો સર્વથા નાશ થવાથી **સર્વજ્ઞ–વીતરાગ અવસ્થા** પ્રાપ્ત થાય છે. તે ૧૩ થી બતાવેલ છે.

છતાં, એક યા બીજી રીતે મન, વચન, કાયા એમ ત્રણે ય યોગોની ઓચ્છે–વધતે અંશે પ્રવૃત્તિ ત્યાં હોય છે. એ આશ્રવને લીધે **સાતા વેદનીયરૂપ એક** કર્મપ્રકૃતિ પણ ત્યા બંધાય છે, જેથી સયોગિતા ૨ થી બતાવેલ છે.

૧૮ મેરુપર્વતના જેવી સ્થિરતા–તે શૈલેશિતા–શૈલેશિ અવસ્થાઃ તે પ્રાપ્ત થાય છે. ત્યારે આત્મા ઘણાં જ પડોથી મુક્ત થઇ ગયો હોય છે. યોગો પણ રૂંધાઇ ગયા હોય છે. શરીર અને કર્મો પણ છૂટી જવાની તૈયારીમાં હોય છે એટલો બધો મહા પ્રકાશ હોય છે. તે ૧૪ થી બતાવેલ છે.

છતાં, અઘાતી કર્મોની ૧૨ કે ૧૩ કર્મપ્રકૃતિઓ સત્તામાં તથા ઉદયમાં ચાલુ હોય છે જે નષ્ટ થવાની તૈયારીમાં જ હોય છે. છતાં એટલું પડ હજી આત્મા ઉપર હોય છે. તે ૧ થી બતાવેલ છે.

૧૯ મુક્ત આત્મા બે ભાગની અવગાહનામાં ૧૫ થી બતાવેલ છે તે અવસ્થા કોઇપણ પ્રકારના દોષના પડથી સર્વથા રહિત જ હોય છે

| આવી લીંટીથી આત્માનો સામાન્ય વિકાસ ક્રમ બતાવ્યો છે.

||| આવી ઉભી ત્રણ લીંટીઓથી રત્નત્રયીનો વિકાસમાર્ગ બતાવ્યો છે

પછી મોક્ષમાર્ગની નિશ્ચયનયની અવસ્થાને પ્રાપ્ત થતાં થતાં આત્માની રત્નત્રયી એક–અભેદરૂપે–બની ગયેલી હોય છે, તે § આ આકૃતિથી બતાવેલ છે.

ત્યારપછી ધ્યાનમાર્ગના એકાકારની રત્નત્રયી | જાડી લીંટીથી બતાવેલ છે.

ઃ ઋજુગતિથી મુક્તિસ્થાનમાં સિદ્ધ આત્માનું ગમન જણાવેલ છે.

વિશેષ:—૧ પહેલે ગુણસ્થાનકેથી ત્રીજે કે ચોથે સીધા જવાય છે.

૨. પહેલેથી બીજે ન જ જવાય.

૩ તેમજ બીજેથી ત્રીજે ન જ જવાય.

૪. ત્રીજેથી બીજે પણ ન જ જવાય.

૫. ચોથેથી ત્રીજેઃ ને ત્યાંથી પહેલેઃ અવાય છે.

૬. ચોથેથી બીજે ને ત્યાથી પહેલે જવાય છે.

૭ ચોથેથી સીધા પહેલે પણ જવાય છે.

૮. પહેલેથી ત્રીજે ને ત્રીજેથી પહેલે અવાય છે, આમાં-ચડવામાં——સાદી લીંટીઓ બતાવેલ છે. અને ઉતરવામાં ←——પડતાં બાણોથી બતાવેલ છે. આ બરાબર કાળજીથી સમજવું.

કોષ્ટોના પડો આકૃતિમાંથી પૂરા વાંચી શકાય તેમ છે. પરંતુ ગુણ વિકાસના કેટલાંક નામો સાંકડા હોવાથી ટુંકા અક્ષરોમા આપવા પડ્યા છે. તેના આખાં નામો નીચે પ્રમાણે છેઃ—

ગુણસ્થાનક પહેલું (૧) વ્યવહાર રાશિસ્થતા (૨) સકૃત્ બંધકતા (૩) મોક્ષબીજ. (૪) માર્ગાનુસારિતા.

ગુણસ્થાનક	બીજું:—	સાસ્વાદન.
,,	ત્રીજું:—	મિશ્રદર્શન
,,	ચોથું:—	સમ્યગ્દર્શન.
,,	પાંચમું:—	દેશવિરતિ.
,,	છટ્ઠું:—	મહાવ્રતો.
,,	સાતમું:—	અપ્રમત્તતા (૧) અનંતાનુબંધીય વિસંયોજના. (૨) દર્શનમોહક્ષય. (૩) લબ્ધિઓ.
,,	આઠમું:—	અપૂર્વકરણ
,,	નવમું:—	મોહ ક્ષયઃ મોહોપશમઃ
,,	દશમું:—	મોહ ક્ષયઃ મોહોપશમઃ
,,	અગ્યારમું:—	ઉપશાંત મોહ.
,,	બારમું:—	ક્ષીણ મોહ.
,,	તેરમું:—	વીતરાગ-સર્વજ્ઞતા.
,,	ચૌદમું:—	શૈલેશિતા અને
,,	પછી—	મુક્તિ યાને મોક્ષ

તત્ત્વાર્થ૦ ૯-૪૮ મા સૂત્રમાં ગુણશ્રેણિનું વર્ણન છે તેના ઉપરથી આ આકૃતિ સૂચિત થયેલી છે.

મોક્ષમાર્ગની વેગબંધ શરૂઆત સમ્યગ્-દર્શનથી થાય છે તેથી સમ્યગ્દૃષ્ટિથી જિન સુધી ૧૦ ગુણશ્રેણિઓ તેમાં સૂચવેલી છે.

તેમાથી, સયોગિ જિન અને અયોગિ જિન એમ બન્નેયને જુદા પાડવાથી ૧૧ થાય. તથા ૧-૨-૩ ગુણસ્થાનકો પણ અંશથી ગુણસ્થાનકરૂપ હોવાથી તે ભેળવતાં કુલ ૧૪ ની સંખ્યા અહીં બતાવી છે.

પહેલા ગુણસ્થાનકમાં પણ ૧-૨-૩-૪ અવસ્થાઓ, સમજવા માટે બતાવવામાં આવેલી છે.

જગ્યા ઘણી જ થોડી હોવાથી પહેલી આકૃતિમાંથી ૧૮ આકૃતિઓ માત્ર નાના રૂપમા બતાવી શકાઇ છે. નહીંતર, હાલના માનસને સમજવામાં અનુકૂળ પડે તે રીતે રોકેટોના રૂપમાં પણ બતાવી શકાત. એક એક આવરણરૂપ-રોકેટ છુટું પડતું જાય, તેમ તેમ આત્મા રત્નત્રયીના બળતણના જોરથી ઉંચે ને ઉંચે પ્રેરાતો જાય. જૈનશાસનના સ્ટેંડ-શિખર ઉપર સ્થિર થઇ ત્યાંથી વેગબંધ ઉંચે ગતિ કરે છે. ને અવિરતિ વગેરે પડો-રોકેટોના ખોખાં જલદી જલદી છુટા પડતા જાય છે. આત્મા શીઘ્ર શીઘ્ર ઉંચે ને ઉંચે પ્રેરાતો જાય છે. તેમ તેમ રત્નત્રયી બળતણ વધારે ને વધારે સતેજ થતું જાય છે અને ઓછા ઓછા દોષાવરણોરૂપ રોકેટમાં બેઠેલો આત્મા ઝપાટાબંધ ઉપર ને ઉપર પ્રેરાતો જાય છે. અને છેવટે, તમામ આવરણોથી છુટીને મુક્તિસ્થાનમાં પહોચી જાય છે, રત્નત્રયી વગેરે અનંતગુણો સંપૂર્ણ વિકાસ પામી ગયા હોય છે. ત્યાં મુક્તિસ્થાનમાં અનંતકાળ સુધી આત્મા પોતાનો વાસ કરે છે; અને અનંત આનંદમાં-સુખમાં લીન રહે છે, આ સાચું ભાવ ઉડ્ડયન છે, ઉર્ધ્વગમન છે.

બાળ જીવોને સમજવા આ કલ્પના અહીં મુકી છે.

વિજ્ઞપ્તિ-ચિત્રની, કે શાસ્ત્રીય હકિકતોની અશુદ્ધિ વગેરે હોય, તો તે સુધારીને વાંચવા તથા નિહાળવા નમ્ર વિજ્ઞપ્તિ છે.



"બન્ને ચિત્રો એકંદર સુંદર અને ભાવોત્પાદક બન્યા છે."

"શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર વાળા ચિત્રમાં એક ત્રિપદીના દોરનું અનુસંધાન સૂચવાયું હોય તો તે વિશેષ સ્ફૂરણાજનક થાત."

"શ્રી તત્ત્વાર્થનું પ્રથમ સૂત્ર પણ જે શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર છે તે સ્થળે ચિત્રમાં લખાયું હોય તો સારૂં લાગત."

લિ૦ પં. ધુરંધરવિજય ગણી

પ્રકાશકીય નિવેદન

પહેલા ભાગ પછી થોડાક જ મહિના બાદ **શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર** જેવા અધિકૃત અને સર્વત્ર પ્રતિષ્ઠિત જૈનશાસનના મહા શાસ્ત્રગ્રંથ ઉપરના વિવેચનનો બીજો ભાગ વાચકોના હાથમા પહોંચતો કરવાથી અમારો અંતરાત્મા પ્રમોદ અનુભવે એ સ્વાભાવિક છે હકીકત એ છે, કે–આખો ગ્રંથ સળંગ એક જ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાના વિચારથી પૃષ્ઠોના અંકો સળંગ રાખવામાં આવેલા છે. પરંતુ વજનદાર થવાથી વાંચનારાઓની અનુકૂળતા જળવાશે નહીં. અને સંભવ છે, કે–વાંચતાં-વાંચતાં જ બાઇન્ડીંગ તૂટી જાય, તેથી બે ભાગમાં વ્હેંચી નાંખવામાં આવેલ છે. પહેલા ભાગમાં આઠ અધ્યાય અને બીજા ભાગમાં વિસ્તારથી છેલ્લા બે અધ્યાય આપવામાં આવેલા છે આથી કિંમત કાંઈક વધારે પડવા જાય છે, પરંતુ પુસ્તકનું રક્ષણ થાય છે, એ લાભ છે.

શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રની મહત્તા વિષે કાંઇપણ લખવું એ અમારે માટે અનધિકાર ચેષ્ટા સમાન છે. પ્રસ્તાવના વગેરેમાં પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ મહાત્માઓએ તથા અન્ય વિદ્વાનોએ જે જે નિર્દેશો કરેલા છે, તેથી સંતુષ્ટ રહેવાની વિજ્ઞપ્તિ કરવી એ જ અમારા માટે સમુચિત છે. ઉપરાંત પઠન-પાઠન, ચિંતન-મનન વગેરે દ્વારા ગ્રંથનું સાદ્યંત અવલોકન જ ગ્રંથની અદ્ભુતતા વિષે હૃદયમા જે પ્રકાશ પાડશે, તે જ તેની મહત્તાનો સચોટ પૂરાવો બની રહેશે, **હાથકંકણને:આરસી** આથી વિશેષ શું કહી શકીયે ?

આપણા વડિલોના હૃદયમાં ઉંડે ઉંડે એવી કાંઇક ચિંતા પ્રવેશી હતી અને કાંઇક ખટકતુંયે હતું, કે–" વિશ્વવત્સલ જગદ્વન્દ્ય મહાપુરુષોએ વિશ્વોપકારી એવો એક મહામાર્ગ પ્રવૃત્ત કરેલો છે, કે–જેને લીધે આધિ-વ્યાધિ-ઉપાધિથી ભરેલા સાંસારિક જીવનમા પણ શાંતિની લહરીઓ અનુભવી શકાય છે. અને સાચી વિશ્વશાંતિનો એકધારો પ્રવાહ વિશ્વમાં સદા વ્હેતો રહે છે. ભયંકર ગરમીમાં પાણી વિના જેમ માછલા તરફડે તેમ તેના વિના સંસારસ્થ જીવો અશરણભાવે નિરવધિ દુઃખાનુભવોથી તરફડતા હોત. જગત્માં તે મહામાર્ગના સદા પ્રવર્તનની મુખ્ય જવાબદારી ભારતની આર્ય મહાપ્રજાઃ ને તેમા યે જૈન શાસનના મુખ્ય સંચાલનો ઉપર ચાલી આવે છે.

તેમાં આજે ક્યાંક ક્યાંકથી મોટી ખામી શરૂ થઇ છે. ક્યાંકથી કોઇ ને કોઇ રીતે અનિષ્ટ, પરિણામે મહાહાનિકર કોઈ ને કોઈ તત્ત્વો પ્રવેશ કરી રહ્યા છે. ઇરાદાપૂર્વક પ્રવેશ ક્યાંકથી કરાવાતા હોય, એવો ભાસ થાય છે, જે ખુદ ભારતના મહામહાજનોના

વારસદાર અને તેઓના પ્રતિનિધિ જેવા મહાજનોને પણ સામાન્ય જનતાની સાથે સાથે ધીમે ધીમે પણ મક્કમતાપૂર્વક પથભ્રષ્ટ કરે છે, જીવનનાવને ક્યાંક બીજી તરફ-ઘાતક ખડક તરફ ઘસડી જવાતી હોય છે.

આ બધું કેમ અને કેવી રીતે બને છે? તે ઘણે ભાગે વૃક્ષના અને નદીના મૂળની જેમ સામાન્ય રીતે અદ્દશ્ય અને અગમ્ય જેવું છે. પરિણામે શું બનશે? તે કહેવું અશક્ય છે કેમકે-ભાવિના ગર્ભમાં શું છુપાયેલું છે? તે તો વિશિષ્ટ જ્ઞાની ગમ્ય છે, એટલે ખરી રીતે તો મહાજ્ઞાનીઓનું દીઠું જ બનશે.

એક તરફ તેની ભભક અને ચમક સર્વ કોઇને કાંઇ ને કાંઇ રીતે આકર્ષે છે, ત્યારે બીજી તરફ પ્રજાના જીવન ઉપર થતી તેની ગૂઢ અને ઘાતક અસર દિવસે ને દિવસે હિતસ્વિઓને સચિંત બનાવે છે, એટલું જ નહીં પરંતુ હતાશ અને ઉદ્વિગ્ન પણ બનાવે છે. કેમકે-તે મહા કલ્યાણ માર્ગના અસ્તિત્વ અને પ્રકાશકતા ઉપર પણ કાતિલ અસર કરે છે કેમ જાણે કે વિશ્વરણક્ષેત્રમાં પ્રકાશ અને અંધકારનું અગમ્ય રીતે ખૂનખાર દ્વન્દ્વ યુદ્ધ ચાલી રહ્યું હોય!

તેનાથી રક્ષણ આપનાર તે મહાસન્માર્ગને સદા સ્થિરપણે પ્રવૃત્ત રાખવા માટે વિશિષ્ટ પ્રયત્નો કરવાની પરમ આવશ્યકતા ઉભી થઇ છે તેથી મહામાર્ગના ગહન-ગહનતમ રહસ્યો જેમ બને તેમ અધિકૃત પાત્રો દ્વારા સદા અધિગત રહ્યા કરે, તેનો પ્રકાશ પ્રસંગે પ્રસંગે પોતાનો અદ્દભુત પ્રભાવ બતાવ્યા કરે, તો જ તે મહાકલ્યાણમાર્ગની અબાધિત અવિચ્છિન્ન પરંપરા જીવંત અને જાગ્રત્ ભાવે ટકી રહી શકે, અને તો જ ભવિષ્યમાં પણ વિશ્વ પ્રાણીગણ અવાર-નવાર કલ્યાણમિત્રોનો સંસર્ગ પ્રાપ્ત કરી મહા આશ્વાસન મેળવવા ભાગ્યશાળી બની શકે."

એવી કોઇ ગૂઢ દૂરગામી મહા આશાઓના બળે મ્હેસાણા નિવાસી સદ્દગત **શેઠ વેણીચંદ સુરચંદે** પોતાની યથાયોગ્ય સમજ અનુસાર પોતાના મહામૂલા માનવજીવનનો મોટો ભાગ સહૃદયતા અને ઉલ્લાસપૂર્વક સમર્પિત કરી દીધાનુ વિદિત છે.

તે મહા ઉદ્દેશને ધ્યાનમાં રાખીને તેના અનુસંધાનમા—

"સહરાના અફાટ રણમેદાન સમાન અનેકવિધ તાપથી ધીખતા સંસારરણમાં શીળી છાંયડી યુક્ત રણુરથ બેટ સમાન નિર્દોષ અને ગુણનિધાન જૈનશાસનનું અસ્તિત્વ સમગ્ર વિશ્વનું મહાશરણભૂત છે, નિષ્કામ વિશ્વ હિતાકાંક્ષાઓ અને તેના સચોટ ઉપાયોના મહામૂલા ખજાનાઓથી ભરેલું સૂર્ય કરતાં યે અતિશય મહાતેજસ્વી અને ગંભીર તેજઃપુંજ રૂપે તે સદા ચમકતું રહે છે. તેની ઉપેક્ષા ન થતાં, તેની અગાધતાનો કાંઈક ખ્યાલ આવી શકે તેવા શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર દ્વારા-કરાયેલા રહસ્યોદ્દઘાટનોનો પથ્ય અને સ્વાદિષ્ટ રસવતીનો મનોહર રસથાળ તથાપ્રકારના અધિકારી આત્માઓ સન્મુખ યથાશક્તિ પીરસી શકવા બદલ અમો અમારી જાતને સદ્દભાગ્યશાળી માનીયે, એ સ્વાભાવિક છે અમારી કલ્પનામાં પણ જે નહોતું, તે સામે નિહાળી અમારું માનસ આહ્લાદ

અનુભવી આનંદ પુલકિત થાય, તેમાં અભ્યાસીઓ અને વાચકોને પણ સહભાગીદાર બનાવવાની અમારી ભાવના રોકી શકતા નથી કેમકે આટલા મોટા કદમાં અને વિદ્વાનોમાં વિચારોનો પ્રેરક એકપણ ગ્રંથ આજ સુધીમાં અમારી સંસ્થાદ્વારા બહાર પડયો નથી."

અમારા દિલમાં મોટામાં મોટું એજ આશ્વાસન છે, કે—

"જગત્‌મા ગમે તેટલા વિચારોના વાવંટોળોની ભલે ગમે તેટલી અંધકારમય આંધીઓ ચડે, અને કદાચ એક વખત ગાઢ અંધકારેય છવાઈ જતો પણ જણાય, માનવોના જીવન નાવ કદાચ કોઈ વખત ગમે તેટલા માર્ગભ્રષ્ટ થઇ પણ જાય, તો પણ સ્થિર એવા દિવ્ય પ્રકાશથી જળહળતી જૈનશાસનરૂપી દીવાદાંડી સન્માર્ગે લાવ્યા વિના રહે તેમ નથી ગભરાયેલા જગત્‌ને તેને શરણે આવ્યા વિના રહેવાનું નથી. અને ભારતની મહા મહાજનોની વફાદાર મહા આર્ય પ્રજાનું વિશ્વનેતૃત્વ સદા અસ્ખલિત રહેવાનું છે ×

તેથી અમારી સદા મનોકામના એ જ રહે છે, કે—" થોડા પણ અધિકૃત આત્માઓ મહાપુરુષોના એ મહાજીવન માર્ગને યથાયોગ્ય સાચી સમજપૂર્વક નિખાલસ વફાદારી સાથે સચોટપણે વળગી રહેનારાઓનો વારસો જગત્‌માં ચાલુ રહેવાથી ,કવચિત્-કવચિત્ વચ્ચે પસાર થતી અંધકારમય કાળરાત્રિઓ પછી પ્રાતઃકાળના મનોહર બાળસૂર્યના કિરણોના ચેતનવંતા પ્રકાશનો અને આહ્‌લાદક ખુલ્લી હવાનો અનુભવ જગત્‌ને થતો રહેશે. કેમ કે તેને માટેનું અદ્‌ભુત સાધન જૈનશાસન જગતમાં સ્ફૂરાયમાન કલ્પવૃક્ષ સમાન જગત્‌માં અસ્તિત્વ ધરાવે છે" અમને અમારા સર્વ પ્રયાસોમાં એ જ ખ્યાલ અદ્‌ભુત ઉત્સાહ પ્રેરે છે, અને તેથી આ પ્રકારની સંસ્થા ચલાવી તદ્‌યોગ્ય પ્રયાસોમા સદા જીવંત રસ રહ્યા કરે છે.

"જુદા જુદા અન્ય શાસન અંગો દ્વારા અને સ્વતઃ શ્રી જૈનશાસન જગત્ ઉપર પોતાના પ્રકાશની સુખદ પ્રભા પાથરી સર્વને સુખ-સ્વપ્નાઓમાં કેવી રીતે આરામમાં રાખી શાંતિ અનુભવાવી શકે છે." તેનો આ ગ્રંથના તલસ્પર્શી અભ્યાસ બાદ દશમા અધ્યાયને અંતે મૂળગ્રંથકારશ્રીના અંતિમ ઉપસંહારના અનુસંધાનમાં જે કાલ્પનિક પણ ભવ્ય ચિત્ર દોરવામા આવેલું છે, તે ઉપરથી એક મહાશ્રમણ જગત્‌ને કેવી રીતે સન્માર્ગે દોરવવામા પુરૂષાર્થ પાથરી શકે છે? તેનો તથા વિશ્વવંદ્ય જગદ્‌ગુરુ યુગપ્રધાન શ્રમણ ભગવંતોની વિશ્વોદ્ધારકતાનો યત્કિંચિત્ ખ્યાલ વાચકોને આવી શકશે.

સાચી વિશ્વશાંતિ કેવી હોય? આજનું જગત્ ભ્રામક વિશ્વશાંતિની પાછળ દોડી રહી કેવી રીતે અને કેટલી હદ સુધી અટવાઇ રહ્યું છે? તેનો પણ તુલનાત્મક ખ્યાલ આવી શકશે

× "ભાવિ ભારત કેવું હશે?" તેની અનેકવિધ કલ્પનાઓ ઘણા લેખકો કરતા રહે છે. પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન રાહુલ સાંકૃત્યાયનજીએ પણ પોતાના '**બાવીસવીં સદી**' પુસ્તકમાં ભાવિ ચિત્ર દોર્યું છે. પરંતુ તે સર્વ ભારતના અન્તરાત્માના આંતરિક પૂરા ખ્યાલ વિના દોરાયા હોવાનું જણાઇ આવશે.

પ્ર. બે. પારેખ

એ સઘળો મહિમા અને મહાપ્રભાવ ત્રિલોકપૂજ્ય સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર પરમાત્માઓના આત્માઓમાં સહજભાવે અનાદિકાલીન તથાભવ્યતારૂપે વહેતી–' સવિ જીવ કરૂં શાસન રસી ' એ વિશ્વવત્સલ મહાભાવનારૂપી ચન્દ્રની ચારેય તરફ ફેલાયેલી નિર્મળ ચન્દ્રિકા સમાન અપ્રતિહત જૈનશાસનરૂપ વિનિયોગ–મહાવિધાનનો હોય છે

શ્રી તીર્થંકરોના મહાપ્રણિધાનની સિદ્ધિનો એ મહાવિનિયોગ-જૈનશાસન–અલૌકિક વિમા સંસ્થા છે. જગતની એક સ્થાયિ મૂડી છે. | પ્રશમરતિ પ્રકરણ ૩૧૩ | જે આજે પણ વિજયવંત છે. અને દીર્ઘકાળ પર્યંત વિજયવંત રહેશે.

પાંચ મહાવ્રતોના અભેદ્ય કિલ્લામાં સુરક્ષિત રહી, કામ, ક્રોધ, લોભ, મોહ, હિંસા, અસત્ય, ચોરી, મમતા, માયા, અસંતોષ, દંભ, પ્રપંચ, લુંટ, ખુન, વ્યભિચાર વગેરે સર્વ પ્રાણીઓને પીડતા મહાદોષ શત્રુઓને ધ્રુજાવી દઈ તેઓના આક્રમણોને ફોક બનાવી દેવા સાથે સાથે તન–મન–ધન અને જીવન સર્વસ્વને સર્વ પ્રકારે તે મહાશાસનની વફાદારીમાં સમર્પી દેવાપૂર્વક સ્વ–પર–હિતકર રત્નત્રયીના વ્યાપારમાં જે સદા રચ્યા–પચ્યા હોય છે, તે મહાનુભાવ મહાત્માઓ તે વિનિયોગના અસાધારણ પીઠબળથી નિર્ભય અને નિરપેક્ષ રહી જ્યાંસુધી શુદ્ધોપદેશરૂપ સિંહગર્જનાઓથી અનિષ્ટો અને ઉન્માર્ગો તરફ ઘસડી જનારા ક્ષુદ્ર જંગલી પશુઓ જેવા દુષ્ટ તત્ત્વોને જનતાથી દૂર ને દૂર નસાડી મૂકે છે, ત્યાં સુધી અશરણ જગત્ અનન્ય શરણયુક્ત અને સનાથ છે. ભલે અંદર પ્રવેશવા દૂર દૂરથી એ દુષ્ટ તત્ત્વો છિદ્રો શોધતા હોય !

સૂત્રકારશ્રીએ નવમા અને દશમા અધ્યાયમાં વર્ણવેલા વિષયો જૈનધર્મની સ્વતંત્ર અદ્ભુત સંપત્તિ છે. ૧૦ મા અધ્યાયમાં જીવનના અનુત્તર ફલનું વર્ણન છે. ત્યારે નવમા અધ્યાયમાં એવા જ અચૂક અનુત્તર કારણોનું વર્ણન છે. બન્નેય વચ્ચે નિકટનો કારણ–કાર્યભાવ સંબંધ છે. માટે સહજ રીતે તેનો વિસ્તાર જૈનધર્મની ખુબી જ માંગી લે છે. જૈનધર્મ સાગરના અગાધ તળમાં ભરેલા રત્નો ખરેખર ! આહ્લાદક બની રહે, તેમા કશું આશ્ચર્ય નથી.

છતાં, આશ્ચર્ય તો એ છે, કે પોતાની પાસે અન્નના કોઠારો ભર્યા પડયા છતા તેનાથી અજાણ ભારત અને જગજ્જનતા ભૂખના દુઃખથી મુંઝાય છે. અને સુખ–શાંતિ મેળવવા દોડાદોડી કરી અન્યત્ર ફાંફા મારે છે.

તન, મન અને વાણીને પવિત્ર કરનાર પ્રસ્તુત સ્વરૂપનો આ ગ્રંથ વાચકોના હસ્તનો શણગાર બનતાં પહેલાં તેના નિર્માણમાં કોનો કોનો કેવી કેવી રીતે સહકાર પ્રાપ્ત થયો છે, તે વિષેનો નિર્દેશ પ્રથમ ભાગના અમારા નિવેદનમાં સ્પષ્ટ કરવામા આવેલ છે, જેથી અહીં પુનરુક્તિ કરવાનું અસ્થાને ગણ્યું છે.

ત્રુટીઓ અને સ્ખલનાઓ વિષે લક્ષ્ય ખેંચવાથી બીજી આવૃત્તિમાં ઘટતું કરવા પ્રયાસ થશે

શંકા-સમાધાનો તર્જૂમો તથા સારબોધિનીકાર મારફત મેળવવા પુનઃ વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

કાગળો, છપાઇ વગેરેની વધતી જતી અસહ્ય મોંઘવારીને લીધે કિંમતમા પૂરતી રાહત આપવાની અમારી ભાવના જોઇએ તે પ્રમાણુમા બર લાવી શકાતી નથી. તે વિષે અમારા દિલમાં ઘણો અસંતોષ રહ્યા કરે છે, પરંતુ તેનો બીજો ઉપાય નથી તો પણ જૈનશાસનની સર્વોત્કૃષ્ટતાની ઝાંખી કરાવનાર એક વસ્તુ શ્રી સંઘને અર્પણ કરવા બદલ બીજી તરફ કાંઈક આહ્લાદક આશ્વાસનથી સંતોષ અનુભવાય છે.

" વિશ્વોપકારી મહર્ષિઓની વિશ્વકલ્યાણકારી ઉદાત્ત ભાવનાઓ એક યા બીજી રીતે સફળ થાઓ." એ પરમ આશા સાથે વિરમીએ છીએ.

લિ૦ શ્રી સંઘસેવકો,

ડો. મગનલાલ લીલાચંદ શાહ
વકીલ ચિમનલાલ અમૃતલાલ શાહ
ઓ. સેક્રટરીઓ
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મ્હેસાણા

મ્હેસાણા
વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬
ફા. સુ. ૧૫



सकल-लब्धि-संपन्नाय श्री-गौतम-स्वामिने नमः

પ્રસ્તાવના



વિશ્વમાં સમ્યગ્ જ્ઞાન અને મિથ્યાજ્ઞાન હોવાની વસ્તુસ્થિતિ:—

જ્ઞાનઃ અને અજ્ઞાનઃનું યુદ્ધ સનાતન છે. અજ્ઞાનઃ યદ્યપિ જ્ઞાનને દબાવે છે. પરંતુ, તેને નિઃશેષ નષ્ટ કરી શકતું નથી. ત્યારે, જ્ઞાનઃ અજ્ઞાનને નિઃશેષ નષ્ટ–સર્વથા નષ્ટ કરી પોતાની સંપૂર્ણ શક્તિ પ્રગટાવી શકે છે. એથી જ્ઞાનઃ અને અજ્ઞાનમાં જ્ઞાન નિર્વિવાદ બળવત્તર છે.

જ્ઞાન ચેતનનો ગુણ–સ્વભાવ છે. "પોતાનો એ ગુણ ખીલવવો." એ પણ ચેતનનો ધર્મ છે–સ્વભાવ છે–સમ્યગ્ ધર્મ છે.

જ્ઞાન એ સામાન્ય શબ્દ છે. અર્થાત્–બધાયે અવબોધોને **જ્ઞાન** કહેવામા આવે છે. તે વિષે વિશેષ સમજણ કેળવવા માટે તે જ્ઞાનને બે વિભાગમાં વ્હેંચવું જરૂરી છે.

૧. **સમ્યગ્જ્ઞાન:** અને (૨) **મિથ્યાજ્ઞાન:**

૨. ઉત્તમ: અને કનિષ્ઠ: જીવનના આધાર સ્તંભો—

સર્વ જ્ઞાનો જ્ઞાનસ્વરૂપ હોવા છતાં=જે પદાર્થ જે સ્વરૂપમા છે, તેને તે સ્વરૂપમા ન જાણવો ને જુદા સ્વરૂપમા જાણવો: એ **મિથ્યાજ્ઞાન:** અને જે પદાર્થ જે સ્વરૂપમા હોય તેને તે સ્વરૂપમાં જાણવો એ **સમ્યગ્જ્ઞાન:** આ સામાન્ય વ્યાખ્યાઓ છે.

સમ્યગ્જ્ઞાન: આત્માના શ્રેય માટે થાય છે, માટે પણ તે **સમ્યગ્જ્ઞાન:** કહેવાય છે અને **મિથ્યાજ્ઞાન:** આત્માના અશ્રેય માટે થાય છે. માટે પણ તે **મિથ્યાજ્ઞાન:** છે. મિથ્યાજ્ઞાનમાં અટવાયેલા અનંત આત્માઓ અનંતકાળથી પીડાયા કરતા હોય છે. તે પીડામાથી મુક્ત થઇ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું એ આત્માનુ પરમ કર્તવ્ય છે. 'સમ્યગ્જ્ઞાનની સ્થિતિની પરાકાષ્ઠા પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ ત્રિભુવનપૂજ્ય તીર્થંકર દેવો અને કેવળજ્ઞાની ભગવતોને હોય છે. તેથી, સાપેક્ષભાવે કહીએ તો– "ખરેખર સંપૂર્ણ **સમ્યગ્જ્ઞાન:** તેઓને જ હોય છે."

ક્રમશ નિર્મળ થતો આવતો આત્મા સમ્યગ્જ્ઞાન મેળવવાની જ્યારે સમ્યગ્ રુચિ ધરાવતો થાય છે; ત્યારે પરમાત્મા શ્રી જિનેશ્વર દેવોએ કથિત ભાવો રુચિપૂર્વક સમજવા તે પ્રયત્નો કરે છે. સમજ્યા બાદ આદરપૂર્વક યથાશક્ય પોતાના જીવનમા તેને ઉતારવા તે ઉદ્યત બને છે. તેથી જીવન સમ્યગ્ થાય છે ઉન્નત થાય છે, તે શિવાય જીવન કનિષ્ઠ–જઘન્ય રહે છે સમ્યગ્ આચરણ અને કનિષ્ઠ આચરણ: જીવની ઉત્તમતા અને કનિષ્ઠતાના આધાર સ્તંભો છે–પરીક્ષાઓ છે–કસોટીઓ છે

૩. શ્રી જિનાગમોની મહત્તા. અને પરંપરાગત ચાલ્યો આવતો અવિચ્છિન્ન પ્રવાહ—

શ્રી જિનેશ્વર દેવોએ અર્થથી કથિત ભાવો શ્રી **ગણધર ભગવંતોએ** યથાવસ્થિત સ્વરૂપે શ્રી **અંગ–આગમ** સૂત્રોરૂપે જે ગૂંથ્યા છે, તે અંગો બાર છે. તેથી એ અંગ-સૂત્ર-આગમો **દ્વાદશાંગી** કહેવાય છે. અર્થાત્ પૂર્ણશ્રુત બાર અંગોમાં વહેંચાયેલું છે.

દ્વાદશાંગી એટલે શ્રુતજ્ઞાનનો મહાસાગર

પૂર્વશ્રુતના સ્વરૂપનો જેને થોડો પણ પરિચય હોય છે, ને તે સ્વરૂપને જેણે પોતાના વિતર્કજન્ય વિકલ્પોથી વિરૂપપણે પરિણત કર્યું નથી, તેવો કોઇપણ સુજ્ઞ સજ્જન વિશ્વને સંબોધીને દ્વાદશાંગી શ્રુતને માટે નિ:સંદેહ ઉદ્ઘોષણા કરી શકે તેમ છે, કે—"શ્રી **દ્વાદશાંગી**માં શ્રુતજ્ઞાનવિષયક જે કાંઇ નથી, તે વિશ્વના કોઇ પણ બીજા શાસ્ત્રો કે સાહિત્યમાં નથી, અને વિશ્વના કોઈ પણ બીજા શાસ્ત્રો કે સાહિત્યમાં હોય છે, તે દ્વાદશાંગીમાં હોય જ છે."

અનંત અર્થોથી ભરેલી **શ્રી દ્વાદશાંગી** અગાધ ગંભીર છે. પ્રત્યેક સૂત્રની ચતુરનુયોગમયતા ગ્રહણ કરવા માટે ધીરતાપૂર્વકની અજબ આત્મ-સ્ફૂર્તિ આવશ્યક હોય છે. જ્યાં સુધી એ સર્વ સામર્થ્ય તત્ત્વો અખંડિત સ્વરૂપે ચાલ્યા આવતા હતા, ત્યાં સુધી દ્વાદશાંગીની અખંડ સ્થિતિ ચાલુ રહી હતી. તેમાં કાળદોષે ખામીઓ પ્રવેશતાં જ શ્રી દ્વાદશાંગીની અખંડ સ્થિતિ ખંડિત થતી ચાલી હતી. ધીરે-ધીરે ઉતરતા કાળમાં ખંડિત બારમા અંગનો અને બાકીના અગિયાર અંગનો પણ યથાર્થ અવબોધ દુષ્કર થવા લાગ્યો, ત્યારે "અંગસૂત્રોના પ્રમાણભૂત અર્થો સમજવા સરળ પડે." માટે **નિર્યુક્તિ: ભાષ્ય: ચૂર્ણિ: વૃત્તિ: ટીકા:** આદિ રચાયા.

આમ થવા છતાંયે, શક્તિ ઘટતાં, અંગ સૂત્રોના અર્થો પરિપૂર્ણ સમજવા સુકર ન રહ્યા. અંગ-સૂત્રોનું અવગાહન દુષ્કર થવાને કારણે **શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજાએ** અનુયોગોનું પૃથક્કરણ કર્યું. પ્રત્યેક સૂત્રોમાંથી યદ્યપિ ચારેય અનુયોગોમય અર્થો પ્રાપ્ત થાય છે, તેને તે-પ્રધાન અનુયોગના સૂત્રોને તે તે એક અનુયોગમાં વ્યવસ્થિત કર્યાં. તેઓશ્રીનો આ પ્રયાસ ભાવિ પ્રજાને મિથ્યાજ્ઞાનમાં અટવાઇ જતી બચાવવામાં અતિશય ઉપયોગી ને ઉપકારક બન્યો. જો એ મુજબની વ્યવસ્થા કરવામાં ન આવી હોત, તો ભિન્ન ભિન્ન અનુયોગોના અર્થોની ગુંચવણો એટલી બધી વધી જાત અને તથાપ્રકારની જ્ઞાન-શક્તિ વિના તેના ઉકેલ ન શોધી શકાવાથી અનેક આત્માઓ આગમ-શ્રુત ઉપર અશ્રદ્ધા ધરાવતા થઇ જાત

૪. શ્રી તત્ત્વાર્થ સૂત્રનો મૂળ આધાર શ્રી જિનાગમો—

આમ કરવા છતાં, કાળની કરાળતા દિનાનુદિન આગળ વધતી જ જતી હતી, તેથી "આગમ-શ્રુતાનુસારિ ભાવોનો બોધ ભવ્યાત્માઓમાં સ્થિર થાય: અને સ્પષ્ટાર્થ યુક્ત સમજાય: એ માટે કાંઇક પ્રાથમિક સાધન હોવું જોઇએ." એવી ઈચ્છા જન્માવનારા સંજોગો કાળક્રમે આવી રહ્યા હતા. એવા સમયમાં **ભગવાન્ શ્રી ઉમાસ્વાતિ વાચક મહારાજ** ઉત્પન્ન થયા, ને તેમણે **"શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર"**ની શ્રી આગમોને આધારે રચના કરી.

૫. શ્રી ઉમાસ્વાતિ વાચક મહારાજનો ટુંક પરિચય—

(૧) જેમનાં **વંશ:** અને **કુળ:** બન્નેય, **બન્નેય પ્રકારે વિશુદ્ધ** હતા.

(૨) જેમનો **જન્મ: ન્યગ્રોધિકા:** નગરમા થયો હતો.

(૩) જેમનુ **ગોત્ર: કૌભીષણ:** હતું.

(૪) જેમના **પિતાઃ** નામે "**સ્વાતિ**" હતા.

(૫) જેમના **માતા** નામે "**વાત્સી**" હતા.

(૬) જેમના **પ્રગુરુ** (ગુરુના ગુરુઃ) ઉજ્જવળ યશસ્વી **વાચકપ્રવરશ્રી શિવશ્રી** હતા.

(૭) જેમના **ગુરુઃ** એકાદશાંગના જાણ "**શ્રી ઘોષનંદિક્ષમાશ્રમણ**" હતા.

(૮) જેમના **જ્ઞાન-ગુરુના ગુરુઃ** વિખ્યાત કીર્તિવાળા **વાચકાચાર્ય શ્રી મૂળ** હતા.

(૯) જેમણે **કુસુમપુર** [પાટલીપુત્ર] નગરમા એ જ્ઞાનગુરુ પાસેથી જ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

એ જ્ઞાનઃ સમ્યગ્ હતું.

એ જ્ઞાન આર્હત્ હતું.

એ જ્ઞાનઃ સમ્યગ્ ગુરુપરંપરાથી પ્રાપ્ત થયું હતું.

(૧૦) જેઓની **શ્રમણ શાખા ઉચ્ચનાગરી** હતી

(૧૧) જેઓ પોતે. **સ્વયં વાચક** હતા.

પૃ૦ ૧૦૭૩ **પ્રશસ્તિ.**

આ પ્રમાણેનો તેઓશ્રીએ સ્વયં પોતે જ પોતાનો પરિચય ગ્રંથને અંતે પ્રશસ્તિમાં આપ્યો છે. તે પૃ૦ ૧૦૭૩ ઉપરથી જાણી લેવો.

ઉપર જણાવેલા પરિચયમા આવતા વિશેષ નામાભિધાનોનો વિશેષ પરિચય પ્રામાણિક પ્રમાણોથી શુદ્ધ અને સ્પષ્ટ કરવો એ ખાસ મહત્ત્વનું કર્તવ્ય છે. પરંતુ તે બીજા કોઇક પ્રસંગ ઉપર રાખીશું.

૬. જાણવા જેવો ઐતિહાસિક ખાસ મુદ્દોઃ—

પરંતુ અહીં જાણવા જેવો એક ખાસ ઐતિહાસિક મુદ્દો છે. તે એ છે, કે—શ્રી તત્ત્વાર્થકારે પોતે જ આપેલા પોતાના આ પરિચયમાંથી એ સ્પષ્ટ અને નિશ્ચિત. થાય છે, કે—"તેઓના સંયમમા અગિયાર અંગોનું શ્રુત તો વિદ્યમાન હતું જ. પરંતુ "પૂર્વધરને **વાચક** કહેવામાં આવતા હતા." એ પ્રમાણ ઉપરથી **વાચક** શબ્દનો પ્રવૃત્તિનિમિત્તક અર્થ જે રીતે **પૂર્વધરઃ** હોવાનો જણાવવામા આવે છે, તે ઉપરથી **પૂર્વશ્રુત** પણ તે વખતે પૂર્ણ નહીં તો અમુક અંશે પણ વિદ્યમાન હતુ."

આથી, **દિગંબર સંપ્રદાય** તરફથી કહેવાય છે, કે "પ્રથમની બાર દુકાળીમા બારેય અંગો વિચ્છેદ પામ્યા હતા." આ વાત અપ્રામાણિક ઠરી જાય છે. (કારણ કે ઉચ્ચનાગરી શાખાની શરૂઆત અને પ્રથમની બાર દુકાળી વચ્ચે ઓચ્છામા ઓચ્છા રહેજે ત્રણસો થી ચારસો વર્ષોનો ગાળો સંભવે છે.)

૭. તત્ત્વાર્થ સૂત્ર રચવાનું મહત્ત્વનું પ્રયોજનઃ—

તેઓશ્રીના સમયમાં આગમોના સાચા ખોટા અનેક પ્રકારે અર્થો કરવાનું ચાલુ થઇ ચૂકયુ હતું. ત્યાથી લોકોમા વ્યામોહ પ્રસરતો જતો હતો. "આ પરિસ્થિતિમાં ભવ્યાત્માઓને પ્રામાણિક અર્થો સમજાવવાનુ કાર્ય મહા-ઉપકારક થાય તેમ છે." એ પ્રકારની ઉચ્ચ ભાવનાથી પ્રેરાઇ તેઓશ્રીએ "**સભાષ્ય શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર-શાસ્ત્રની** રચના કરી એ હકીકત તેઓશ્રીના જ નીચે પ્રમાણેના શબ્દોથી જ઼ે જાણી શકાય છે—

* " दुःखा-ऽऽर्त्तं च दुरा-ऽऽगम-विहत-मतिं लोकमऽवलोक्य ॥ ४ ॥
इदमुच्चैर्नागर-वाचकेन सत्त्वा-ऽनुकम्पया दृब्धम् ।
तत्त्वा-ऽर्था-धिगमा-ऽऽख्यं स्पष्टमुमा-स्वातिना शास्त्रम् ॥ ५ ॥"

આપણી હાલની જાણ મુજબ એમ કહી શકાય કેઃ—

" શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં સંસ્કૃત ભાષામા સૂત્રબદ્ધ સ્વતંત્ર રચનાઓમા શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રનું સ્થાન પહેલું આવે છે."

૮. શ્રી તત્ત્વાર્થ સૂત્રની ખૂબીઓઃ—

આ એક અજબ પ્રકારનો **સંગ્રહગ્રંથ** છે. આમા શ્રી જિનશાસનસમ્મત ભાવોનો શક્ય એટલો બધો જ સંગ્રહ કરવામા આવ્યો છે. છતા " ગ્રંથનું કલેવર-કદ વધી ન જાય." એ માટે પૂરતી સાવચેતીઓ રાખવામાં આવી છે. છતા " અનંતઅર્થભર્યાં શ્રી આગમોની અપેક્ષાએ આ ગ્રંથમાં અતિ-અલ્પ સંગ્રહ થયો છે " આ પ્રમાણેની ગ્રંથકારશ્રીની માન્યતા સત્યઃ અને તથ્યઃ છે. પરંતુ " વર્તમાન કાળના જીવો માટે તો ગ્રંથમા આત્મહિત માટે જરૂરી ખૂબ ખૂબ ભર્યું છે." એ પણ એટલું જ સત્યઃ અને તથ્ય. છે.

" આ ગ્રંથની રચનામા ગ્રંથકારે પોતાની અનુગ્રહબુદ્ધિના સામર્થ્યનો સંપૂર્ણ ઉપયોગ કર્યો છે." એમ કહેવામાં લેશ માત્ર અતિશયોક્તિ નથી. આ ગ્રંથ વાચકપ્રવર **શ્રી ઉમાસ્વાતિ મહારાજનું** વિશ્વવત્સલ હૃદયઃ છે.

કાળક્રમે જૈન-શાસનમાથી અનેક આત્માઓ છૂટા પડયા અને પોતપોતાના મંતવ્ય પ્રમાણે તંત્ર (સંપ્રદાય) ઉભા કરી ચલાવવા લાગ્યા. એ દરેક તંત્રમા આ ગ્રંથની પ્રતિષ્ઠા એક સરખી જળવાઈ રહી છે. એ સ્થિતિ પણ એક અપેક્ષાએ આ ગ્રંથ અને ગ્રંથકારશ્રીનું વિશિષ્ટ પ્રકારનું ગૌરવ વ્યક્ત કરે છે.

જૈન-દર્શન જૈન-શાસન જૈન-ધર્મઃ જૈન-શાસ્ત્રોઃ નું હાર્દ સમજાવનાર **શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રની** વિશેષતાઓ બતાવવી હોય, તો નીચેના પાચ મુદ્દાઓ ઉપરથી કાંઈક બતાવી શકાય.—

(૧) ભારતીય સર્વ આસ્તિક દર્શનોમા **મોક્ષ** પુરુષાર્થ ધ્યેય તરીકે સર્વત્ર સ્વીકૃત થયેલ-સ્વીકારાયેલ છે તેની પ્રાપ્તિ માટે જે જે સફળ ઉપાયો આવશ્યક છે, તેના નિરૂપણથી **શ્રી તત્ત્વાર્થ સૂત્રની** શરૂઆત થાય છે. તે ઉપાયોમા પ્રથમ **સમ્યગ્દર્શન છે.** તે પ્રગટ થવાથી આત્માની ચેતના શક્તિને સદ્જ્ઞાન સંજ્ઞા પ્રાપ્ત થાય છે. તે પહેલાનું જ્ઞાન **મોક્ષમાર્ગ** તરીકે ઉપયોગી ન હોવાથી અજ્ઞાન-સંજ્ઞાને પ્રાપ્ત થયેલું હોય છે.

જ્ઞાન-વિજ્ઞાનના યથાર્થ ઉપયોગને જ **સમ્યગ્-જ્ઞાનઃ** અને તેથી વિપરીત ઉપયોગને **મિથ્યાજ્ઞાનઃ** કહેવાય છે. એ પહેલા જ જણાવ્યુ છે.

(૨) તત્ત્વાર્થ સૂત્રમાં પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ; રૂપે વાદ-વિવાદની દાર્શનિક શૈલીમા ખાસ કાંઈ લખાયું નથી. પરંતું ભગવાનની વાણીરૂપ દ્વાદશાગીના સાર તત્ત્વોનુ સીધેસીધું સંક્ષેપમા નિરૂપણ છે.

(૩) તત્ત્વાર્થ સૂત્ર પ્રમાણ પ્રમેય કે જ્ઞાનઃ જ્ઞેયની સમજુતી આપનારૂં કેવળ દર્શન શાસ્ત્ર જ નથી; અથવા માત્ર જીવનની શુદ્ધિ બતાવનારું ચારિત્ર-શાસ્ત્ર-**ચરણાનુયોગ શાસ્ત્રઃ** જ નથી. એ સર્વ

---

* **દુરાગમ-વિહત-મતિ** પદનો અર્થ " ઇતર ખોટા શાસ્ત્રોથી મુંઝવાયેલી બુદ્ધિવાળો લોક" એવો પણ સમજી શકાય, પરંતુ, પાચમાં શ્લોકમાં વપરાયેલા **" સ્પષ્ટ "** શબ્દ ઉપરથી ઉપર જણાવેલી અર્થ વ્યામોહની પરિસ્થિતિ પણ સમજી શકાય છે.

સાથ મોક્ષમાર્ગના સર્વ અંગ-પ્રત્યંગોનું યથાયોગ્ય રીતે મહત્ત્વ સમજાવી **અનેકાન્ત તત્ત્વની** સાક્ષાત્ પ્રતીતિ તેમા કરાવવામા આવી છે. અર્થાત્-તેના નામ પ્રમાણે-અનેકાંત દૃષ્ટિથી સંપૂર્ણ વિચારણાનો સંક્ષેપમા વ્યવસ્થિત નિર્દેશ છે.

મૂળ તત્ત્વોમા જીવ અને અજીવ રૂપ કેવળ **જ્ઞેય** તત્ત્વનું જ નિરૂપણ ન કરતાં આસ્રવ-બંધરૂપ **હેય** તત્ત્વનું. સંવર-નિર્જરારૂપ **ઉપાદેય** તત્ત્વનું અને મોક્ષરૂપ **આદર્શ ધ્યેય**-પ્રાપ્તવ્ય-ફળ તત્ત્વનું સાક્ષાત્ નિરૂપણ કરવામા આવ્યું છે.

પહેલા અધ્યાયમા પ્રમાણ-પ્રમેયનું સ્વરૂપ બીજા ત્રીજા અને ચોથા અધ્યાયમાં જીવતત્ત્વ. પાચમા અધ્યાયમા સાથે જ અજીવ-તત્ત્વ. છઠ્ઠા અને સાતમામા આસ્રવતત્ત્વ. આઠમામા બંધતત્ત્વ. નવમામાં સંવર અને નિર્જરાતત્ત્વ. અને દશમામા મોક્ષતત્ત્વ નિરૂપાયેલા છે. એ રીતે સુસંબદ્ધ આ ગ્રંથની અદ્‌ભુત રચનાનો સુંદર પરિચય મળે છે.

(૪) પહેલા અધ્યાયમા -સત્ સંખ્યા સ્પર્શના. ક્ષેત્ર કાળ અંતર: ભાવ: અલ્પ-બહુત્વ (૧-૮) તથા નિર્દેશ સ્વામિત્વ સાધન: અધિકરણ સ્થિતિ અને વિધાન (૧-૭) એમ બે રીતે અનુયોગ પ્રકારો બતાવેલા છે તથા દશમા અધ્યાયમા -ક્ષેત્ર કાળ ગતિ લિંગ તીર્થ: ચારિત્ર પ્રત્યેક બુદ્ધ: બોધિત જ્ઞાન અવગાહના અંતર સંખ્યા. અલ્પ-બહુત્વ: (૧૦-૭) આદિ દ્વારો બતાવેલા છે.

એ સર્વ અનુયોગો અને દ્વારો દ્વારા સર્વ દર્શનો કરતા વિલક્ષણ એવા જૈન-દર્શનને માન્ય ને સુસંગત: આત્મ-તત્ત્વનું વિશિષ્ટ પ્રકારનું નિરૂપણ કરેલું હોવાનું જોઇ શકાય છે.

દા૦ ત૦ " સત્ " કહેવાથી - " આત્મા અસત્ છે-આત્મા નથી જ. " એવી **ચાર્વાક દર્શનની** માન્યતા ખોટી ઠરી જાય છે

" સંખ્યા " કહેવાથી -" બ્રહ્મરૂપ એક જ આત્મા છે. " એ **વેદાંતદર્શનની** એકાંત માન્યતાનો નિરાસ થઇ જાય છે.

" ક્ષેત્ર " શબ્દથી:-" આત્મા એકાન્તે નિરાકાર છે. " કે " સર્વ વ્યાપક છે. " એ મત ખોટા ઠરી જાય છે

" સ્પર્શના " શબ્દથી -આત્માની નિષ્ક્રિયતાનો નિરાસ થાય છે.

" કાળ " થી:-" આત્મા કૂટસ્થ નિત્ય છે. " એ એકાંત મત ટકી શકતો નથી.

" અંતર " ઘટાવવાથી-આત્મા કેવળ નિત્ય જ છે. " કે " કેવળ ક્ષણિક જ. છે. " એ બન્નેય એકાંત માન્યતાઓ આપોઆપ લુપ્ત થઇ જાય છે.

" ભાવ " થી - એકાન્ત કૂટસ્થ નિત્યવાદ ટકી શકતો નથી.

" અલ્પ-બહુત્વ " થી " આત્મા એક જ છે. " કે " અનેક જ છે. " એવો એકપણ એકાંતવાદ ઉભો રહી શકતો જ નથી.

ઇત્યાદિ રીતે અનેક દૃષ્ટિ-બિન્દુઓથી આત્મા અંગેની જૈન-દર્શનની વિશિષ્ટ આત્મવિચારણા અને તત્ત્વવ્યવસ્થા વિષે અદ્‌ભૂત ખ્યાલ આપે છે.

(૫) કોઇ પ્રશ્ન કરે, કે -" જેમ **વેદાન્ત દર્શનમાં ૧.** ઉપનિષદો ૨. બ્રહ્મસૂત્ર. અને ૩. ભગવદ્ગીતા: એ **પ્રસ્થાનત્રયી** પ્રમાણભૂત મનાય છે. તે પ્રમાણેનું સ્થાન **જૈન દર્શનમાં** ક્યા

ગ્રંથોનું છે ?" ત્યારે સામાન્ય રીતે કહી શકાય, કે-" અનુક્રમે ૧. આગમ સૂત્રો ૨. તત્ત્વાર્થાધિગમ સૂત્ર અને ૩. આવશ્યક સૂત્ર છે."

પરંતુ વાસ્તવિક રીતે તો-સાંગોપાંગ આધ્યાત્મિક વિજ્ઞાનની નિશ્ચય વ્યવહારદર્શી સચોટ વ્યવસ્થાનુ સ્યાદ્વાદ પૂર્વકનુ નિરૂપણ એ ગ્રંથોની પરાકાષ્ઠાએ પહોંચેલી વિશિષ્ટતાઓ છે. જગતમાં નાની સંખ્યા છતા જૈનધર્મના અનુયાયિઓના જીવનની વિશિષ્ટતા અને સન્માનનીયતા અનોખી ચાલી આવે છે, તેનું કારણ તેને માન્ય શાસ્ત્રગ્રંથોની વિશ્વમા અતિ વિશિષ્ટતા છે. કેમકે-શ્રી આગમ-સૂત્રો: તત્ત્વાર્થસૂત્ર અને આવશ્યકસૂત્રો શ્રી સર્વજ્ઞકથિત પદાર્થોના સંગ્રહરૂપ હોવાથી: તથા પૂર્વધરોની રચનારૂપ હોવાથી. પોતપોતાનું સ્વતંત્ર વિલક્ષણ વૈશિષ્ટ્ય વિશ્વ સાહિત્યમા ધરાવે છે તે તે શાસ્ત્રોના ઉંડા મનન અને ચિંતન ઉપરથી સમજી શકાય તેમ છે. તો પણ સામાન્ય પ્રકારની એ સરખામણી સામાન્ય જિજ્ઞાસુની જિજ્ઞાસાને કાંઇક સંતોષવાની દૃષ્ટિથી કરવામાં આવેલી છે એમ સમજવુ

૯ તત્ત્વાર્થ સૂત્ર ઉપરના વિવેચનો-વિવરણો:—

આ ગ્રન્થ ઉપર ટીકાઓ વિવરણો વગેરે રૂપે પુષ્કળ સાહિત્ય રચાયું છે. એ સર્વમા-ગ્રંથકારના હૃદયનુ પ્રતિબિંબ પાડતા વિવરણો ગણત્રીના છે. બાકીના વિવરણોમા ગ્રન્થકારને નામે નિજમતાભિનિવેશો પુષ્ટ કરવાના પણ પ્રયાસો કરાયા છે.

શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર ઉપરના સર્વ વિવેચનો જોતા જે વચનો તેઓશ્રીએ શ્રી આગમોને ઉદ્દેશીને ઉચ્ચાર્યાં છે, તે વચનો આપણે તત્ત્વાર્થના વિવરણો વિષે પણ ઉચ્ચારી શકીયે, કે:—

"दुःखा-ऽऽर्तं च दुरा-ऽऽगम-विहत-मतिं लोकमऽवलोक्य ॥ ४ ॥"

અર્થાત્—" તત્ત્વાર્થાધિગમ સૂત્ર ઉપર પ્રામાણિક વિવરણો કરતા અપ્રામાણિક વિવરણોની સંખ્યા એટલી બધી છે, કે-એથી અનેક આત્માઓ **દુ:ખાર્ત:** ને **દુરાગમ-વિહત-મતિ:** થાય છે, ને થયા છે."

થયેલા અને પ્રાપ્ત વિવરણોમા તથા પ્રચલિત લોકભાષામાં થયેલા વિવેચનોમાં કેટલાક સંક્ષિપ્ત છે, કેટલાક દિગંબર સંપ્રદાયની માન્યતાઓ ને પુષ્ટ કરવા માટેના છે, કેટલાક નિશ્ચયનયની એકાંત વિચારણા તરફ ખેંચી જનારા છે, તો કેટલાકના કર્તા અપ્રામાણિક હોવાને કારણે દૂષિત છે.

૧૦ સારબોધિની: વિવરણથી થતી પૂર્તિ:—

એવા એક વિવરણની ખાસ જરૂર હતી, કે-" જે મૂળકારના આશયને પોતાના અસદાગ્રહથી ડહોળ્યા વગર જેમ બને તેમ પ્રામાણિકપણે ને યથાયોગ્ય રીતે ગ્રન્થના ભાવો સરળ ભાષામાં સમજાવે."

" પ્રસ્તુત વિવરણ એવા પ્રકારના પ્રયત્નનુ ફળ છે તેથી તત્ત્વાર્થ સૂત્રના અધ્યયનમા આ વિવરણ અભ્યાસીઓને ખૂબ ઉપયોગી થઈ શકશે. એ નિ:સંદેહ છે "

પ્રસ્તુત વિવરણની વિશેષતા ટુંકમા સમજાવવી હોય તો નીચેના પાંચ મુદ્દાઓથી સમજાવી શકાય.

૧ પ્રસ્તુત વિવરણમાં શ્રી જૈનશાસનમાના કઠિન એવા નયવાદને શક્ય તેટલી સરળમાં સરળ શૈલીએ સમજાવવાની ભૂમિકા રચી છે.

૨. જે વિષયો સંક્ષેપમા સૂચિત કરાયા છે, તેને લગતી વિશેષ હકીકતો તે વિષયના અન્યાન્ય ગ્રંથોમાથી લઇ સારી રીતે સમજાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હોય છે. ને સાથે સાથે તે તે વિષયના ગ્રંથોનું સૂચન પણ ઘણે ઠેકાણે કરેલું છે.

ક્ષ૦ ત૦ બંધતત્ત્વને લગતી હકીકત " કર્મગ્રંથોના માર્ગે [illegible]

૩. મૂળ ગ્રંથના નિરૂપણને બાધ ન પહોંચે તે રીતે આર્ય-સંસ્કૃતિની મહત્તા નિરૂપણમાં તેની ઉપયોગિતા તેમજ શ્રેષ્ઠતા બતાવવા અથાગ પ્રયાસો સેવાયા છે. એ વિષયમાં ધર્મ પુરુષાર્થની સ્થિરતાની મૂખ્ય ભૂમિકારૂપે-મુખ્ય પ્રાણરૂપે છે.

૪. સર્વાધાર જૈનદર્શનની-જૈનશાસનની વાસ્તવિક **સર્વોત્કૃષ્ટતા:** અનેક રીતે પ્રમાણ પુરઃસર સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

૫. શ્રી તત્ત્વાર્થસૂત્ર જેવા ગહન ગ્રંથને ગ્રંથકારના આશયને સચોટપણે જાળવી રાખીને સાદી, સરળ અને ઘર-ગથ્થુ ભાષામા સમજાવવા લેખકે કશી કમીના રાખી નથી.

૧૧. આ વિવરણકારનો સામાન્ય પરિચય—

આ વિવરણકાર પંડિત શ્રી પ્રભુદાસભાઈ જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી ચિંતક અને વર્ષોથી ધાર્મિક-સાહિત્યના કાર્યમા સતત રત: રહેલા છે.

૧૨ આ વિવરણમાં ધ્યાન ખેંચનારી વિશેષતાઓ—

ભારતવર્ષની આર્ય મહાપ્રજાની ચારેય પુરુષાર્થની ભૂમિકાઓ ઉપરથી ઉત્તરોત્તર થતી જતી પડતી માટેના કારણોમા પશ્ચિમની ભયંકર ને ઝેરી: હવા આતરિક તત્ત્વો તોડવા માટે યોજનાબદ્ધ રીતે કેવી કેવી રીતે ને કેટલી બધી હદ સુધી પ્રસારવામા આવી છે? એ સંબંધી એમની સ્વતંત્ર વિચારસરણિ છે.

એ વિચારસરણિ રજુ કરવા પાછળ તેમની પાસે પૂરતા કારણો છે પશ્ચિમની હવાથી રંગાયેલું માનસ એમના એ કારણોને ભલે ઉપેક્ષાભાવે તતકાળ હસી કાઢે, પરંતુ એમની કેટલીક તર્કણાઓ તો મૂર્ત સ્વરૂપ પકડતી જાય છે. એ રીતે " તેમની વિચારણા હસી કાઢવા જેવી નથી. " એ મંતવ્ય ધીરે ધીરે પણ જાગતું થયું છે.

બીજી રીતે કહીએ, તો—**આર્યાવર્તની આર્ય મહાપ્રજાના** જીવન-તત્ત્વોની ઉચ્ચતમતા દર્શાવવાનો એમનો **સદાશય** એટલો બધો પ્રબળ છે અને આર્ય સંસ્કૃતિમય જીવનમાં આવતી ઊણપો અને પ્રવેશતા દોષોથી આવવાના ભાવિ પરિણામો લક્ષ્યમાં લઇ એમને એટલા બધા પીડાકારક થાય છે, કે તે સંબંધિનું પોતાનું સ્વતંત્ર ચિંતન: આર્ય-પ્રજાના ભાવિ હિતોને ઉદ્દેશીને-તેઓ ગમે ત્યાં: ગમે તે રીતે રજુ કર્યા વગર રહી શકતા નથી. તેમનો એ એક સ્વતંત્ર પણ જરૂરી **નાદ:** (પડકાર, અવાજ, ઘોષણા) છે.

આ વિવરણમાં પ્રસંગે પ્રસંગે સંયમપૂર્ણ પણ એવા વિચારોનું દર્શન થશે, ને તેથી કોઇને એમ પણ પ્રશ્ન થશે, કે અહીં આ વિચારો શી રીતે આવશ્યક છે?" પરંતુ સાપેક્ષભાવે વિચાર કરનારાથી એની આવશ્યકતા જણાયા વગર રહેશે નહી સાથે એટલું તો નક્કી જ છે, કે-" આવા કોઇ વિચારોની રજૂઆતથી મૂળકારના આશયને ધક્કો ન લાગવો જોઇએ." તે વિષેની સંપૂર્ણ કાળજી સાથે મૂળકારના પ્રામાણિક અર્થોના અવબોધ માટે આવા ઉલ્લેખો યુક્ત આ વિવરણની ઉપાદેયતા સહેજ પણ ઘટતી નથી. અહીં પ્રસંગે એક હકીકત જણાવી દેવી જરૂરી છે, કે " એમની એ વિચારસરણિને કારણે **શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રના** અર્થો પ્રાપ્ત કરવા માટે આ વિવરણનું અધ્યયન કરવામા જરાપણ સંકોચ રાખવાની જરૂર નથી."

૧૩. મૂળ તત્ત્વાર્થ સૂત્રની મુખ્ય વિશેષતા:—

તત્વાર્થ સૂત્રની મુખ્ય ખૂબી "ટુંકમાં બહોળો અર્થ સમાવી દેવો" એ છે. શ્રી સૂત્રકારે તે ખૂબી કયા કયાં ને કેવી કેવી રીતે વાપરી છે ? તથા કોઇ વિષય અમુક સ્થળે કહેવો પ્રકરણથી સંગત જણાતો હોય છતા, તે ત્યા ન કહેતાં અન્યત્ર કહેવો અને એ રીતે ગ્રંથનું દળ વધી ન જાય અને શૈલિનો ભંગ ન થાય એની કાળજી કેવી કેવી રીતે રાખી છે ? તે શ્રી ગ્રન્થકારની રચનાશૈલીની ખુબીઓ પ્રસંગે પ્રસંગે આ વિચારણામાં જોવા મળે છે.

આ વિશિષ્ટતાઓને કારણે તો કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે "उपोमास्वाति सग्रहीतार." અર્થાત્ "સંક્ષેપમા સંગ્રહ કરવાની ખૂબી ધરાવનારાઓમા શ્રી ઉમાસ્વાતિ વાચક મહારાજનું સ્થાન સર્વોપરિ છે." એ વચન શ્રી સૂત્રકાર માટે યથાર્થ ઘટમાન ઉચ્ચાર્યું છે.

૧૪. વિવરણમાંના કેટલાક ખાસ મુદ્દાઓ:—

શ્રી આગમોની પરંપરાથી પ્રાપ્ત થતા અર્થોથી ભિન્ન અર્થો પણ સૂત્રકારે કોઈ કોઇ પ્રસંગે જણાવ્યા છે. છતાં "તે આગમ વિરુદ્ધ નથી." એ પણ યથાશકય આ વિવરણમાં સમજાવ્યુ છે.

દર્શન જ્ઞાન· ચારિત્ર· પ્રમાણ. નયઃ લોકસ્થિતિ નારકઃ દેવ તિર્યંચઃ મનુષ્યઃ ષડ્દ્રવ્યઃ સત્ સપ્તભંગી બંધ બંધતત્ત્વઃ આસ્રવઃ સંવર· નિર્જરાઃ ને મોક્ષઃ ઇત્યાદિ મુખ્ય વિષયોનું **વિશદ સ્વરૂપ-દર્શન** આ ગ્રથમાં છે. એ સર્વ સૂક્ષ્મ રીતે મનનીય છે. એનાપર જેટલું મનન કરવામાં આવે એટલુ ઓચ્છું છે, આ શાસ્ત્ર ને આ વિવરણ પ્રાથમિક અભ્યાસ માટે જેટલું ઉપયોગી છે, તેટલુ જ ઉપયોગી ઉચ્ચતમ કક્ષાના અભ્યાસ માટે પણ છે.

૧૫. તત્ત્વાર્થ સૂત્રની અખંડિત અપૂર્વતા:

જૈન દર્શન સમજવા માટે જિજ્ઞાસા અનેકને જાગે છે. એ માટે વારંવાર પૂછવામાં પણ આવે છે, કે "એવો કોઈ ગ્રંથ છે ખરો ? કે જેથી જૈન–દર્શન જૈન–શાસ્ત્ર જૈન–ધર્મ: જૈન–શાસનના મંતવ્યો સહેલાઇથી સમજી શકાય"

ત્યારે કેટલાક "એવો કોઇ ગ્રંથ નથી." એમ કહે છે. તો કોઇ વળી ભળતા ગ્રંથોના નામો આપે છે. ત્યારે કેટલાક "એવો ગ્રથ રચવો જોઇએ." એવી પણ સૂચનાઓ વારંવાર કરે છે, પરંતુ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર જોયા પછી "એ ગ્રંથ સ્વ–દર્શનીયોને અને અન્ય દર્શનીયોને જૈન પદાર્થોના અવબોધ માટે પર્યાપ્ત છે" એ સમજાતાં વાર નહી લાગે.

આ કક્ષાના બીજા સંકડો ગ્રથો છે. પરંતુ તે ગ્રથો આ ગ્રંથની સર્વ–સંગ્રાહકઃ વિશદઃ સરળઃ અને પ્રસન્ન શૈલીને પહોચી શકે તેમ નથી.

આ ગ્રંથ જ્યા સુધી જયવંત છે, ત્યાં સુધી એની બરોબરી કરી શકે એવી કોઇ રચના કરવી એ આયાસમાત્ર જ છે.

૧૬. લેખક અને પ્રકાશકની નિઃસ્વાર્થ પ્રવૃત્તિ.

જગતમાં અનેક પ્રકારના લખાણો લેખકો લખે છે અને પ્રકાશકો તેનું પ્રકાશન કરે છે. પણ તેમાનો મોટો ભાગ ઐહિક સ્વાર્થને પ્રધાન રાખીને પ્રવૃત્તિ કરે છે. અને એ રીતે લખાણમા અને પ્રકાશનમાં અનેક અક્ષન્તવ્ય દોષો પ્રવેશે છે, કે જે દોષો એ લેખન જે લાભ આપે છે તે કરતા વિશેષ નુકશાન કરે છે

આ લેખન અને પ્રકાશનમાં લેખક અને પ્રકાશકે [illegible] નથી તે એ પ્રશંસનીય, અનુમોદનીય અને અનુકરણીય છે.

<u>ઉપસંહાર:—</u>

આગમ શાસ્ત્રોનું અધ્યયન સર્વને માટે સુલભ નથી. તે [illegible] અને [illegible] અપેક્ષાઓ રાખે છે. તત્ત્વાર્થાધિગમ સૂત્ર એક એવો [illegible] છે, કે જેનું [illegible] સર્વ કોઇને સુલભ છે. તેના અધ્યયનથી આગમોક્ત ઘણા [illegible] જ્ઞાન [illegible] તેથી [illegible] વિશુદ્ધ બને છે. તથા આચરણમાં મૂકાતી પંચાચારની ક્રિયાઓમાં [illegible] સહજ ઉત્પન્ન થઈ વિકાસ પામે છે.


તત્ત્વાર્થાધિગમ સૂત્રના પઠન-પાઠનથી જ્ઞાન પક્ષ પ્રબળ બને છે. ને તે પ્રબળ [illegible] આચાર-વ્યવહારમાં અધિક શુદ્ધિ અને તેજ પ્રગટે છે. તેમ થવાથી "પઢમં નાણં તઓ દયા" અને "ज्ञान-क्रियाभ्यां मोक्षः" વગેરે સૂત્રોનું મહત્ત્વ સુંદર રીતે પ્રગટ થાય છે, ને [illegible] છે. એ કારણે મંત્ર જાપની જેમ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રના સ્વાધ્યાયનો-પઠન-પાઠનનો ઘરે ઘરે પ્રચાર થવો આવશ્યક છે. એ પ્રચાર સદાશયં અને યોગ્ય રીતે જેમ જેમ વધતો જશે, તેમ તેમ [illegible]. અને તદ્ભવના સંમિલિત અંત. પ્રકાશમાં આત્માર્થી ભવ્યાત્માઓનો જીવનરથ મોક્ષ-નગર તરફ વેગથી દોડતો થશે તેમાં લેશમાત્ર સંદેહને અવકાશ નથી.

"પ્રસ્તુત વિવરણ આ કાર્યમાં ઘણે અંશે સહાયક થાઓ." એવી સદ્ભાવનાપૂર્વક આ પ્રસ્તાવના પૂર્ણ કરીએ છીએ.

પં. ભદ્રંકરવિજય ગણી
પં. ધુરંધરવિજય ગણી



કાંઈક પ્રાસંગિક



नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।

શ્રી જિનમુખે ગણધર ભગવંતોએ સાંભળેલા અર્થસમૂહને આધારે ત્રિપદી ઉપરથી રચાયેલી શ્રી દ્વાદશાંગીના સંક્ષિપ્ત પ્રતિબિંબરૂપ **વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજશ્રી**એ રચેલા **શ્રી તત્ત્વાર્થાધિગમ-સૂત્ર**ની મહત્તાનો પૂરો ખ્યાલ આપવો, એ ઘણું જ મુશ્કેલ કાર્ય છે. તો પણ યથાશક્તિ કંઇક શુભ પ્રયાસ અહિં કરવામાં આવે છે.

શ્રી તત્ત્વાર્થાધિગમ-સૂત્ર પરંપરાગત [શ્વેતામ્બર] પરંપરા અને દિગંબર સંપ્રદાય એમ બન્નેયમાં માન્ય છે. ભાષ્યસહિત ૩૪૪ મૂળસૂત્રો ગ્રંથકારકૃત છે. દિગંબર સંપ્રદાયમાં ભાષ્ય વિના ૩૫૭ સૂત્રો માન્ય છે. કારણ કે-કેટલાક સૂત્રો નવા ઉમેરાયા છે. કેટલાક કમી કરવામાં આવ્યા છે. કેટલાકને સાથે જોડવામાં આવેલા છે. કેટલાકને યોગ-વિભાગ કરી છૂટા પાડવામાં આવેલા છે. આ સ્થિતિ ભાષ્ય સાથેની તુલનાથી સારી રીતે જાણી શકાય તેમ છે. ૩૪૪ મૂળ સૂત્રો ૧૯૮ શ્લોક પ્રમાણ છે. અને સ્વોપજ્ઞ ભાષ્ય ૨૨૦૦ શ્લોક પ્રમાણ છે.[1]

દશ અધ્યાયમાં રચાયેલા આ ગ્રંથમાં જૈનશાસ્ત્ર પ્રસિદ્ધ નવતત્ત્વોને સાત તત્ત્વોરૂપે સંક્ષિપ્તમાં અને કાંઇક વિસ્તારથી સમજાવ્યા છે.

ટૂંકામાં-વિશ્વના મૂળભૂત-તત્ત્વભૂત પદાર્થોનું જ્ઞાન કરાવી અધિગમ સમ્યક્ત્વ ઉત્પન્ન કરવામા સહાયક થઈ મોક્ષની સાધનામાં સહાયક થવાનો મુખ્ય ઉદ્દેશ સફળ થાય, તે રીતે ગ્રંથનું પ્રતિપાદન હોવાથી **તત્ત્વાર્થાધિગમ-સૂત્ર** નામ સાર્થક છે. તત્ત્વઃ અર્થઃ અને અધિગમઃ એ ત્રણેય શબ્દોનું નામમાં જોડાણ સહેતુક છે.

स्वल्पाक्षरमसंदिग्धं सारवद् विश्वतोमुखम् ।
अस्तोममनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥

સૂત્રની રચનાના આ સર્વ ગુણો આ સૂત્રોમાં બરાબર ઘટે છે. કારણ કે-આ ગ્રંથમાં અલ્પ અક્ષરોમાં ઘણા અર્થોના સંગ્રહો કરેલા છે. એ ચીવટપૂર્વક અભ્યાસ કરવાથી સમ-

---

१ मूल-सूत्र-प्रमाणं हि द्वि-शतं किञ्चिदूनकम् ।
भाष्य-श्लोकस्य मानं च द्वा-विंशतिः शतानि वै ॥

—શ્રી સિદ્ધસેનગણિ કૃત ટીકાની પ્રશસ્તિ.

જાશે. આ ગ્રંથના અભ્યાસથી જૈનદર્શનનું ઘણુંખરું જ્ઞાન બહુ સારી રીતે થઇ શકે છે. જૈન તત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુ જૈન કે યોગ્યપાત્ર જૈનેતરના હાથમાં પણ આપી શકાય તેવો આ ગ્રંથ છે.

આ. શ્રી હરિભદ્રસૂરિજી, આ. શ્રી વાદિદેવસૂરિજી, કલિકાલસર્વજ્ઞ આ. શ્રી હેમચંદ્રસૂરિજી, આ. શ્રી મલ્લિષેણસૂરિજી વગેરે પાછળના સંખ્યાબંધ આગાગોએ સ્વ-ગ્રંથોમાં તત્ત્વાર્થાધિગમ સૂત્રના અવતરણો ટાંકેલા છે.

આ ગ્રંથનું મહત્ત્વ વિચારી પૂર્વના વિદ્વાનોમાં એ પ્રસિદ્ધ હતી, કે-" આ સૂત્રનો એકવાર પાઠ કરવાથી એક ઉપવાસનું ફલ મળે છે." ૨

શ્રી ઉમાસ્વાતિ વાચક મહારાજનું તત્ત્વપ્રતિપાદન શાસ્ત્રીય પદ્ધતિપૂર્વકનું હોવાથી સહજ રીતે જ બુદ્ધિગમ્ય થઇ શકે છે. આધુનિક વૈજ્ઞાનિક શ્રી પ્રફુલ્લચંદ્ર રોયે History of Hindu chemistry Vol 2 p. 174 માં આ ગ્રંથના અવતરણો લઇ તેના ઉપર વિચાર કર્યો છે. તેથી દરેક પ્રકારના વિદ્વાનોના ચિત્તને આ ગ્રન્થ સારી રીતે આકર્ષે છે.

આ ગ્રંથની ઉપર સંસ્કૃત, હિંદી, ગુજરાતી, કર્ણાટકી, અંગ્રેજી, જર્મન, વગેરે ભાષાઓમાં અનેક ભાષ્યોઃ ટીકાઓઃ વૃત્તિઓઃ સારાંશોઃ વિવેચનોઃ સૂત્રાર્થોઃ વગેરે સારા પ્રમાણમાં રચાયા છે. એ ગ્રંથની ઉપાદેયતાના ખાસ પૂરાવા છે.

શ્વેતામ્બર શાસન અને દિગંબર સંપ્રદાયમાં નીચે મુજબ સંસ્કૃત ભાષામાં ટીકાઓ રચાયેલી છે.—

શ્રી શ્વેતામ્બરાચાર્યો આદિ કૃત ટીકાઓઃ આદિઃ

૧ તત્ત્વાર્થ સૂત્ર ભાષ્યઃ ૨૨૦૦ શ્લોક પ્રમાણ. કર્તા-વાચકપ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજ. ભાષ્યમાં સૂત્રોનો અર્થ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. ભાષ્યની વ્યાખ્યા નીચે પ્રમાણે—

सूत्राऽर्थो वर्ण्यते यत्र वाक्यैः सूत्रानुसारिभिः ।
स्व-पदानि च वर्ण्यन्ते भाष्यं भाष्य-विदो विदुः ॥१॥

અર્થ—" સૂત્રાનુસારિ વાક્યોનો ઉપયોગ કરીને જ જેમાં સૂત્રનો અર્થ સમજાવાય ઉપરાંત સૂત્રના પદોનું વર્ણન કરવામાં આવે તેને ભાષ્યની વ્યાખ્યા સમજનારા ભાષ્ય કહે છે."

---

૨ दशा-ऽध्याय-परिच्छिन्ने, तत्त्वाऽर्थे पठिते सति ।
फलं स्यादुपवासस्य, भाषितं मुनि-पुङ्गवैः ॥ १ ॥

અર્થ —" મહામુનિઓએ કહ્યું છે, કે-" દશ અધ્યાય પ્રમાણના આ તત્ત્વાર્થાધિગમસૂત્રનો માત્ર પાઠ કરવાથી પણ એક ઉપવાસનું ફળ મળે છે."

[આ શ્લોક ઘણે ભાગે દિગંબર સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.]

ઉપરોક્ત ભાષ્યમાં ભાષ્યના ઉપરોક્ત લક્ષણો બરાબર ઘટે છે. બહારનાં અને અંદરના પ્રમાણોથી આ ભાષ્ય સ્વોપજ્ઞ હોવાનું સ્વયં સિદ્ધ છે.

ભાષ્ય **શ્રી સિદ્ધસેનગણિની** ટીકા સાથે **દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ સુરત** તરફથી, ને **શેઠ મનસુખભાઈ ભગુભાઈ** તરફથી છપાયેલા છે. માત્ર ભાષ્ય સાથે સૂત્રગ્રંથ **મોતીલાલ લાધાજી પુના** તરફથી પ્રસિદ્ધ થયેલ છે.

૨ **ગન્ધહસ્તિ મહાભાષ્ય:** હાલમાં ઉપલબ્ધ નથી.

૩ **શ્રી દિન્નગણિ ક્ષમાશ્રમણના શિષ્ય શ્રી સિંહસૂરિના** પ્રશિષ્યઃ શ્રી ભાસ્વામિના શિષ્ય **શ્રી સિદ્ધસેનગણિ કૃત ભાષ્યાનુસારિણી** ૧૮૨૮૨ શ્લોક પ્રમાણ[3] **ટીકા** છે. આનો રચનાકાળ વિક્રમની આઠમી-નવમી સદીનો છે.

૪ **શ્રી હરિભદ્રસૂરિ પ્રણિત ભાષ્યાનુસારિણી** ૧૧૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા. આ વૃત્તિ સાડા પાંચ અધ્યાય સુધી આ. શ્રી **હરિભદ્રસૂરિજી** રચિત છે ત્યાર પછીનો ભાગ આ **શ્રી યશોભદ્રસૂરિજી** રચિત છે. દશમા અધ્યાયના અંતિમ સૂત્ર ઉપરના ભાષ્યની ટીકા આ. **શ્રી યશોભદ્રસૂરિજીના શિષ્યે** બનાવી છે. આ ટીકા **શ્રી ઋષભદેવજી કેસરીમલજી** સંસ્થા રતલામ તરફથી છપાયેલી છે.

૫ **ન્યાયવિશારદ–ન્યાયાચાર્ય–મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી વાચક** વિરચિત **ભાષ્યતર્કાનુસારિણી ટીકા:** આ ટીકાનો માત્ર પ્રથમ અધ્યાય મળે છે તે **શેઠ માણેકલાલ મનસુખલાલ અમદાવાદ** તરફથી છપાયેલો છે ઉપલબ્ધ પ્રથમ અધ્યાય પર્યંતની ટીકામાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રનાં દોષ રહિત લક્ષણોઃ વ્યાખ્યાઓઃ જીવાદિ સાત તત્ત્વોનું યુક્તિપુરસ્સર વિવરણઃ નિક્ષેપાઓનાં સ્વરૂપઃ તથા અનુગત લક્ષણોઃ–નયોનાં અનુગત લક્ષણોપૂર્વક વિવેચનઃ પ્રમાણ અને નયોનો ભેદઃ નયના ભેદ–પ્રભેદો આદિ અનેક બાબતો ઉપર અદ્‌ભુત વિવેચન કરેલું છે. પૂ. ઉપાધ્યાય મહારાજ વિક્રમથી સત્તરમી શતાબ્દીમાં જન્મ્યા છે અને ૧૮ મી શતાબ્દીના પૂર્વાર્દ્ધ સુધી વિદ્યમાન હતા.

૬ **શ્રી મલયગિરિસૂરિકૃત ટીકા:** આ ટીકા ઉપલબ્ધ નથી[4] શ્રી મલયગિરિજી મહારાજ વિક્રમના બારમા–તેરમા સૈકામાં થયા છે. કલિકાલસર્વજ્ઞ આ૦ શ્રી હેમચન્દ્રસૂરિજી મ. ના સમકાલીન છે. તેઓશ્રીની ઘણી કૃતિઓ વિદ્યમાન છે.[5]

---

૩ अष्टादश–सहस्राणि द्वे शते च तथा परे ।
अशीतिरऽधिका द्वाभ्यां टीकायाः श्लोकसंग्रहः ॥ १ ॥

શ્રી સિદ્ધસેનગણિકૃત ટીકાની પ્રશસ્તિ

૪ પૂ૦ શ્રી મલયગિરિજી મહારાજે **શ્રી તત્ત્વાર્થસૂત્ર** ઉપર ટીકા લખી હતી, તે તેમની **પ્રજ્ઞાપના સૂત્ર**ની વૃત્તિમાંના "यथा च प्रमाणबाधितत्व तथा **तत्त्वार्थटीकायां** भावितमिति ततोऽवधार्यम् ।" ॥ ઉલ્લેખ ઉપરથી સમજાય છે.

૫ જુઓ '**ધર્મસંગ્રહણી**' ની પ્રસ્તાવના.

૭ **તત્ત્વાર્થ ટિપ્પણ:** કર્તા-ચિરંતન મુનિ: તેઓશ્રી વિક્રમની ચૌદમી સદી પછી થયેલા છે કારણ કે-તેઓશ્રીએ ૫-૩૧ સૂત્રના ટિપ્પણમાં જણાવ્યું છે, કે—

" अत एव हेमचन्द्राचार्यपादाः—
अ-पर्ययं वस्तु-समस्यमान-मद्रव्यमेतच्च विविच्यमानम् ।
आदेश-भेदोदित-सप्त-भ-मङ्गदीदृशत्वं बुध-रूप-वेद्यम् ॥
इति स्याद्वादमञ्जर्याम् ॥ "

આથી તેઓ કલિકાલસર્વજ્ઞ આ૦ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ૦ રચિત અન્યયોગ વ્યવચ્છેદિકા દ્વાત્રિંશિકાની સ્યાદ્વાદમંજરી નામની ટીકાના રચયિતા આ૦ શ્રી મલ્લિષેણસૂરિજી પછી થયા છે. આ ટિપ્પણ શેઠ માણેકલાલ મનસુખભાઈ અમદાવાદ તરફથી છપાયેલું છે.

૮ **તત્ત્વાર્થ વિવરણ ગૂઢાર્થ દીપિકા:** કર્તા-ન્યાયવાચસ્પતિ શાસ્ત્રવિશારદ આ. શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ. પૂ૦ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વાચક કૃત-તત્ત્વાર્થસૂત્રના પ્રથમ અધ્યાયની ટીકા ઉપર ૧૭૦૦૦ શ્લોક પ્રમાણ આ ટીકા છે. પૂ૦ ઉપાધ્યાયજી મહારાજના વિવરણનો ભાવ અત્યંત સ્પષ્ટ કરી બતાવ્યો છે. આ દીપિકા છપાઇ ગયેલી છે

૯ **ગણી યશોવિજયજી વિરચિત-ગુજરાતી ટબો:** આમાં સર્વાર્થસિદ્ધિમાન્ય દિગંબરીય સૂત્ર-પાઠ લઇને તેના ઉપર સૂત્રના અર્થ પૂરતો જ ટબો લખેલો છે. જ્યાં જ્યાં શ્વેતાંબર અને દિગંબર માન્યતા અંગે મતભેદ આવે છે. ત્યાં શ્વેતામ્બર-પરંપરાને અનુસરીને અર્થ કરેલો છે. ટબાની ભાષા જોતાં વિક્રમના ૧૭-૧૮ મા સૈકાની જણાય છે. પૂ૦ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વાચકથી આ ગણિ યશોવિજયજી જુદા છે. પૂ૦ શ્રી યશોવિજયજી ગણિએ દિગંબર માન્ય સૂત્ર-પાઠ લીધો પણ તેઓ શ્વેતામ્બર હતા, તે ટબાના અંતના ઉલ્લેખ ઉપરથી જાણી શકાય છે.[૬]

આ સિવાય, પં૦ ઠાકુરદાસ શર્માકૃત હિંદી અનુવાદ, ડો. જેકોબી કૃત જર્મન-ભાષાનુવાદ તથા ગુજરાતી વગેરે ભાષાઓમાં બીજા ઘણા અનુવાદો, વિવેચનો અને સંક્ષેપમાં અર્થો વગેરે બહાર પડયા છે.

શ્રી દિગંબરાચાર્યો આદિ કૃત ટીકાઓ:

૧ **શ્રી સમન્તભદ્રસ્વામિકૃત ગન્ધહસ્તિમહાભાષ્ય:** ૮૪૦૦૦ શ્લોક પ્રમાણ હોવાનું કહેવાય છે. આ કૃતિ હાલમાં ઉપલબ્ધ નથી.

---

૬ इति श्वेताम्बराचार्य-श्री-उमास्वामिगण (णि) कृत-तत्त्वार्थसूत्रं, तस्य बालावबोधः श्री यशोविजयगणिकृतः समाप्तः ।

—પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મ. ના શાસ્ત્રસંગ્રહમાંની લિખિત ટબાની પોથી.

૨ શ્રી પૂજ્યપાદસ્વામિ વિરચિત-સર્વાર્થસિદ્ધિ ટીકાઃ ૫૫૦૦ શ્લોક પરિમાણઃ આ ગ્રંથ મુદ્રિત છે. ટીકાકાર વિક્રમના ૫-૬ ઠ્ઠા સૈકામાં થયેલા છે.

૩ શ્રી અકલંકદેવ વિરચિત-તત્ત્વાર્થ રાજવાર્તિકઃ ૧૬૦૦૦ શ્લોક. આ ટીકા પણ મુદ્રિત છે. આનો રચના સમય વિક્રમની આઠમી-નવમી શતાબ્દિ છે. આ ટીકાની અંદર ભિન્ન ભિન્ન સંપ્રદાયના વિદ્વાનોએ અનેકાંતવાદ ઉપર મૂકેલા આક્ષેપો અને અનેકાંતવાદની જે ત્રુટીઓ બતાવેલી તે બધાનું નિરસન કરવામાં આવેલું છે. અને અનેકાંત-વાદનું વાસ્તવિક સ્વરૂપ બતાવ્યું છે.

૪. શ્રી વિદ્યાનન્દસ્વામિ વિરચિત-તત્ત્વાર્થ શ્લોકવાર્તિકઃ ૧૮૦૦૦ શ્લોક. આ ટીકા પદ્યબંધ છે. આ ટીકામા તેઓશ્રીએ મીમાંસકોએ જૈનદર્શન ઉપર કરેલ પ્રચંડ આક્રમણનો સબળ ઉત્તર આપેલ છે. તેઓશ્રીએ અષ્ટસહસ્રી ટીકા વગેરે ઘણા ગ્રંથોની રચના કરી છે.

૫ શ્રી શ્રુતસાગરસૂરિ કૃત શ્રુતસાગરી ટીકાઃ ૮૦૦૦ શ્લોક. તેઓ વિક્રમની સત્તરમી સદીમા થયેલા છે. તેમણે યશસ્તિલકચમ્પૂ કથાની યશસ્તિલકચંદ્રિકા નામની ટીકા કરી છે.

૬ શ્રી શ્રુતસાગર નામના દિગંબર પંડિતે તત્ત્વાર્થસૂત્ર ઉપર સુખબોધિની ટીકા રચી છે.

૭ શ્રી વિબુધસેનાચાર્ય કૃત તત્ત્વાર્થ ટીકાઃ ૩૨૫૦ શ્લોક પ્રમાણ છે.

૮ શ્રી યોગીન્દ્રદેવ કૃત તત્ત્વપ્રકાશ ટીકા.

૯ શ્રી યોગદેવ કૃત તત્ત્વાર્થવૃત્તિ.

૧૦ લક્ષ્મીદેવ કૃત તત્ત્વાર્થ ટીકા.

૧૧ શ્રી અભયનન્દિસૂરિ પ્રણીત તાત્પર્ય તત્ત્વાર્થ ટીકાઃ તેમણે જૈનેન્દ્રવ્યાકરણની મોટી ટીકા રચી છે.

૧૨ તત્ત્વાર્થસારઃ આ ગ્રંથ શ્લોકબદ્ધ છે.

આ સિવાય શ્રી લક્ષ્મીસેન ભટ્ટારકે કરેલ વિવેચન કર્ણાટકી ભાષામાં છે. તેમજ જુગમંદરલાલ જૈનીએ અંગ્રેજી ભાષામાં કરેલ વિવરણ છે. તે સિવાય હિન્દીભાષામાં પણ ઘણા વિવેચનો બહાર પાડેલા છે.

સ-ભાષ્ય સૂત્રકારશ્રીનો સંક્ષિપ્ત પરિચય

वाचक-मुख्यस्य शिव-श्रियः प्रकाश-यशसः प्र-शिष्येण ।
शिष्येण घोष-नन्दि-क्षमणस्यैकादशाङ्ग-विदः ॥ १ ॥
वाचनया च महा-वाचक-क्षमण-मुण्डपाद-शिष्यस्य ।
शिष्येण वाचकाऽऽचार्य-मूल-नाम्नः प्रथित-कीर्त्तेः ॥ २ ॥

न्यग्रोधिका-प्रसूतेन विहरता पुरवरे कुसुम-नाम्नि ।
कौभीषणिना स्वाति-तनयेन वात्सी-सुतेनाऽर्घ्यम् ॥ ३ ॥

अर्हद्-वचनं सम्यग् गुरु-क्रमेणा-ऽऽगतं समुपधार्य ।
दुःखा-ऽऽर्तं च दुरा-ऽऽगम-विहत-मतिं लोकमवलोक्य- ॥ ४ ॥

इदमुच्चैर्नागर-वाचकेन सत्त्वानुकम्पया दृब्धम् ।
तत्त्वाऽर्थाऽधिगमाऽऽख्यं स्पष्टमुमा-स्वातिना शास्त्रम् ॥ ५ ॥

વાચક મુખ્ય **શિવશ્રી**ના શિષ્ય ઘોષનન્દિ ક્ષમણના શિષ્યઃ અને મહાવાચક (પૂર્વધર) **ક્ષમણમુંડપાદના** શિષ્ય વાચકાચાર્ય **મૂળ** નામના આચાર્યના વાચના શિષ્યઃ

ન્યગ્રોધિકામાં કૌભીષણિ ગોત્રમાં **સ્વાતિ**ના અને **વાત્સી**ના પુત્ર તરીકે જન્મેલાઃ **ઉચ્ચૈર્નાગર** શાખાના **ઉમાસ્વાતિ વાચકે કુસુમપુર** (પાટલીપુત્ર) માં વિચરતા શ્રી **તત્ત્વાર્થાધિગમ** નામનું **સ્પષ્ટ શાસ્ત્ર** રચ્યું. અથવા ભાષ્યરૂપ **સ્પષ્ટીકરણ સાથે શાસ્ત્ર** રચ્યું અથવા શાસ્ત્ર રચ્યું કે જેને પોતે જ **ભાષ્યદ્વારા** સ્પષ્ટ કર્યું: વગેરે મુખ્ય હકીકતો તરી આવે છે.

ગ્રંથના અંતે ગ્રંથકારશ્રીની આ પ્રશસ્તિ અતિમહત્ત્વના એક પ્રામાણિક દસ્તાવેજ સમાન છે. તે ઉપરથી કેટલાંક સત્યો તરી આવે છે, કે—

૧ (૧) ગ્રંથકારશ્રીનું નામ **ઉમાસ્વામિ** નહીં, પરંતુ **ઉમાસ્વાતિ** જ હોવાનું નક્કી થાય છે.

(૨) **સ્વોપજ્ઞભાષ્ય** દ્વારા વ્યાખ્યાન કરાયેલા સૂત્રો જ ગ્રંથકારશ્રીના જ છે. તેનાથી વધઘટ પ્રામાણિક નથી.

(૩) स्पष्टमुमास्वातिना—એ શબ્દો પણ ' ભાષ્ય પોતેજ રચેલું છે. ' એમ નક્કી કરી શકાય છે. ભાષ્યને બહુ વજનદાર મનથી માનીને **રાજવાર્તિક**માં ભાષ્યના ઉલ્લેખો કરાયા છે.

(૪) अ. ગ્રંથકાર વાચક શ્રી **દિગંબરાચાર્ય** શ્રી **કુંદકુંદસ્વામિ**ના શિષ્ય નથી પરંતુ **ઉચ્ચૈર્નાગર** શાખાના શ્રી **ઘોષનંદિક્ષમણ**ના શિષ્ય છે.

आ उच्चैर्नागरशाखा શ્રી તીર્થંકરપ્રભુ સ્થાપિત જૈનશાસન-તીર્થ-સંસ્થાની મૂળ શ્રમણપરંપરાની એક શાખા છે.

इ જે મૂળ શ્રમણ પરંપરાએ દિગંબર શબ્દના પ્રચાર પછી **અંબર** શબ્દ ઘટિત પોતાનું **શ્વેતામ્બર** એવું નામ ધારણ કરેલું છે. તેથી **સભાષ્ય તત્ત્વાર્થ-સૂત્ર**માંના વિધાનો કોઈક અતિસામાન્ય અપવાદ સિવાય લગભગ મોટેભાગે **શ્વેતામ્બર** પરંપરાની માન્યતા પ્રમાણે છે.

(૫) अ **ઉચ્ચૈર્નાગરશાખા** લગભગ વિક્રમ સંવતની શરુઆતમાં નીકળેલી હોવી

જોઈએ. જેથી તેમાં થયેલા શ્રી **ઉમાસ્વાતિ વાચક** મહારાજ લગભગ વિક્રમ સંવત્‌ના પહેલા કે બીજા સૈકામાં વિદ્યમાન હોવા જોઈએ.

આ "શ્રી **માઢરગોત્રના આર્યશાંતિશ્રેણિક આચાર્ય મહારાજ**થી ઉચ્ચૈર્નાગર શાખા નીકળી" એવો સ્પષ્ટ ઉલ્લેખ શ્રી **પર્યુષણા કલ્પસૂત્રની સ્થવિરાવલી**માં છે.

ડ ઉચ્ચૈર્નાગરશાખા **શ્વેતામ્બર પરંપરાની** એક શાખા છે. તેથી તેમાં થયેલા આચાર્ય પોતે પોતાને મૂળ પરંપરાના હોવાનું પાંચમા શ્લોકથી બહુ જ સ્પષ્ટ રીતે જણાવે છે. તેથી તે વિષેની બીજી ચર્ચા નકામી કરે છે.

ઈ ભલે **દિગંબર સંપ્રદાય** ઉત્પન્ન થયા પહેલાં વાચકશ્રી થયા છે, પરંતુ તે મૂળ પરંપરાની શાખામાં થયા છે, કે જેનું જ નામ પાછળથી **શ્વેતામ્બર** પડયું છે.

આ ઉપરથી વાચકશ્રીની મૂળ શ્રમણપરંપરા નિર્વિવાદ રીતે નક્કી થાય છે.

૨ (૧) પોતાના શ્રુત-વિદ્યા-ગુરુ તરીકે શ્રી **મૂળ** નામના વાચકને વાચકાચાર્ય તરીકે જણાવે છે. તો પોતે પણ **વાચકાચાર્ય** હોવા જોઇએ. પાછળના ઘણા આચાર્યોએ તેઓને **આચાર્ય** તરીકે જણાવ્યા છે.

(૨) પ્રભુ શ્રી **મહાવીરદેવ**ના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે **શ્રી આગમોને** પુસ્તકારૂઢ કરનારા **શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ** એકપૂર્વધર હોવાના ઉલ્લેખો પ્રસિદ્ધ છે. તો તેમની પહેલા બસો-ત્રણસો વર્ષ પહેલા થયેલા **વાચકશ્રી** સવિશેષ પૂર્વોના જ્ઞાતા હોવાનું સંભવિત છે. તેમ જ જૈન તત્ત્વજ્ઞાન પ્રમાણે "દશ પૂર્વ ઉપરાંતનું જ્ઞાન ધરાવનારાઓના સૂત્રો અવશ્ય પ્રામાણિક ગણાતા હોય છે." તેથી **શ્રી તત્ત્વાર્થસૂત્રના** રચનારની પ્રામાણિકતા સાડાનવ પૂર્વ ઉપરાંતના જ્ઞાની તરીકે માનીને, તેમને **દશ પૂર્વધર** માનવામાં આવતા હોય. એ વિષે ચોક્કસ સંશોધન કરવું જરૂરી ગણાય.

(૩) આમ છતાં વાચકશ્રીના સત્તા સમય વિષે ચોક્કસ વર્ષોનો નિર્ણય બહારના કે અંદરના કોઈપણ પૂરાવાથી હજી નક્કી થઇ શકતો નથી.

મૂળ સૂત્રો ઉપરના ભાષ્ય પછી મૂળ સૂત્રો ઉપરની **દિગંબરાચાર્ય શ્રી પૂજ્યપાદસ્વામિની** સર્વાર્થસિદ્ધિ ટીકા પાંચમા-છઠ્ઠા સૈકાની આસપાસ રચાયેલી ચોક્કસ રીતે નક્કી છે. એટલે તેના પહેલા **તત્ત્વાર્થસૂત્ર**ની રચના થયાનું નક્કી જ છે.

એટલે લગભગ વિક્રમ સંવત્‌ના પહેલા અને બીજા સૈકાની આજુબાજુનો વાચકશ્રીનો સત્તાસમય નક્કી થાય છે ન તેનાથી પહેલાનો કે ન તેનાથી પછીનો છે. આમાં વિશેષ શોધને હજુ અવકાશ છે.

વાચક શ્રી ઉમાસ્વાતિ મહારાજની કૃતિઓ

૧ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર

૨ " ભાષ્ય

૩ પ્રશમરતિ પ્રકરણ[૭]

૪ જંબૂદ્વીપસમાસ પ્રકરણ.

૫ પૂજાપ્રકરણ

૬ શ્રાવક પ્રજ્ઞપ્તિ[૮]

૭ ક્ષેત્રવિચાર (આના ઉપર શ્રી હરિભદ્રસૂરિ મહારાજની ટીકા છે.)

શ્રી ઉમાસ્વાતિ વાચકવર્યે પાંચસો પ્રકરણ રચ્યાનો ઉલ્લેખ **શ્રી જિનપ્રભસૂરિ કૃત તીર્થકલ્પમાં** અને ગૂજરાતના રાજા સિદ્ધરાજજયસિંહના સમયમાં થઇ ગયેલા આ. **શ્રીહરિભદ્રસૂરિ કૃત પ્રશમરતિની ટીકામાં** છે. તેમજ આ **વાદિદેવસૂરિ** વિરચિત **સ્યાદ્વાદરત્નાકરના** પ્રથમ પરિચ્છેદના ત્રીજા સૂત્રમાં જણાવ્યું છે કે—

"पञ्चशती-प्रकरण-प्रणयनप्रवीणैरऽत्र-भवद्भिरुमास्वाति-वाचकमुख्यैः"

આથી શ્વેતામ્બર પરંપરામાં તેઓશ્રીની ૫૦૦ પ્રકરણના પ્રણેતા તરીકેની પ્રસિદ્ધિ છે તેઓશ્રીના ગ્રંથોના કેટલાક અવતરણો પૂર્વાચાર્યોના ગ્રંથોમાં મળે છે **શ્રી સ્થાનાંગસૂત્રની શ્રી અભયદેવસૂરિ કૃત ટીકામાં, પંચાશકની શ્રી અભયદેવસૂરિ કૃત ટીકામાં, શ્રી ભાવવિજયજીકૃત ઉત્તરાધ્યયનની ટીકામાં, શ્રી શાન્ત્યાચાર્યકૃત ઉત્તરાધ્યયનની ટીકામાં** તેમજ **તત્ત્વાર્થાધિગમની સિદ્ધસેન ગણીકૃત ટીકા** વગેરેમાં કેટલાંક અવતરણ જોવામાં આવે છે, તે તેઓશ્રીના ઉપલબ્ધ ગ્રંથોમાં આવતા નથી પ્રો હીરાલાલ રસીકલાલ કાપડીઆ જણાવે છે જે મુજબ ઉપલબ્ધ શિવાયના અનુપલબ્ધ ગ્રંથોની સૂચના મળે છે, પરંતુ નામનિર્દેશ વગરના અવતરણો ઉપરથી ગ્રંથો નક્કી કરી શકાતા નથી.

સારબોધિનીની ઉપયોગિતા

સારબોધિની વિષે કાંઇપણ લખવું અસ્થાને છે. કારણ કે તે વાચકોના હાથમાં જ છે. ગૃજરાતી ભાષામાં થયેલા **શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર** ઉપરના વિવેચનોમાં વિસ્તૃત અને ઘણી રીતે જુદું પડતું વિવેચન છે ઘણી ઘણી મુખ્ય બાબતો આગળ કરીને જૈન-

---

૭ ધર્મરત્ન પ્રકરણકાર શ્રી શાન્તિસૂરિજીએ તે પ્રકરણની 'ગાથા ૧૦૩ ની સ્વોપજ્ઞવૃત્તિમા કહ્યુ છે કે— पूर्वगतवेदिना **चोमास्वातिवाचकेन** प्रणीतप्रवचनोन्नति-हेतु-**प्रशमरति तत्त्वार्थाद्यनेकमहाशास्त्रेण** ।

૮ ધર્મબિન્દુની શ્રી મુનિચન્દ્રસૂરિકૃત ટીકામાં નીચે મુજબ ઉલ્લેખ છે—

"**उमास्वाति**-विरचित **श्रावकप्रज्ञप्तौ तु "अतिथि"** शब्देन साध्वादयश्चत्वारो गृहीता:, "ततस्तेषां संविभाग: कार्य" इत्युक्तम् । तथा च **तत्पाठ:** " अतिथिसंविभागो नाम अतिथय साधव: साध्व्य: श्रावका श्राविकाश्चैतेषु भक्त्याऽभ्युत्थानासनदानपादप्रमार्जन-नमस्काराऽऽदिभिरऽर्चयित्वा यथाविभवशक्ति अन्न-पान-वस्त्रौपधाऽऽलयादिप्रदानेन संविभाग कार्य इति ।"

શાસન, જૈનદર્શન, જૈનતત્ત્વજ્ઞાન અને જૈન જીવનની અત્યુત્કૃષ્ટ મહત્તાઓ તરફ લક્ષ્ય ખેંચ્યું છે. તે વિષેની ઘણી ગેરસમજુતીઓ અને અજાણપણું દૂર કરવાના સચોટ પ્રયત્નો થયા છે. અભ્યાસકોની મુશ્કેલીઓ ધ્યાનમાં રાખીને જુદા જુદા દૃષ્ટાંતો અને સ્પષ્ટીકરણો સમજવાની સરળતા કરી આપી છે. સૂત્રની રચના, ક્રમ અને ખાસ સ્થાન પરત્વે સારબોધિનીમાં પ્રસગે પ્રસંગે જે આકર્ષક ચર્ચાઓ કરી છે, તે સૂત્રકારની રચનાની ખુબીઓ સમજવામાં બહુ રસપ્રદ જણાશે. વિવેચનમાં ભાષ્ય અને ટીકાને ઘણે ઠેકાણે સામે રાખ્યાનુ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે

સારબોધિનીમાં ગુંથેલાં કેટલાક વિચારવા યોગ્ય વિષયોનો ટુંકામાં ખ્યાલ આપવામાં આવેલી ખાસ અનુક્રમણિકા ઉપરથી આવી શકશે.

દશમા અધ્યાયને અંતે-**વિશ્વકલ્યાણકર મહાશાસન ધર્મ વ્યવસ્થા**ના સાતમા પ્રકરણમાં-ચાર પુરુષાર્થના પાયા ઉપર રચાયેલી માનવજીવન સંસ્કૃતિનું સ્થાયિ મહત્ત્વ સમજાવવા માટે ભાવિમાં થનારા મહાપુરુષના પ્રતિનિધિ આચાર્ય શ્રમણ મહાત્માની કલ્પના કરી વિવિધ વાર્તાલાપો યોજી ૪૦૦ વર્ષોથી જગતમાં સંસ્કૃતિની છિન્ન-ભિન્નતા કેવી રીતે કરાતી આવી છે? અને ભવિષ્યને માટે કેવી રીતે ગોઠવણો કરાય છે? તેનો ખ્યાલ આપવા સાથે તેના પુનરનુસંધાનમાં માર્ગદર્શનો આપેલાં છે, જો કે તેથી ગ્રંથનું કદ વધ્યું છે, પરંતુ ભવિષ્યમાં ઉપયોગી થાય તેવા સત્યોની સમજ તત્ત્વાર્થાધિગમ સૂત્રના મુખ્ય ઉદ્દેશ અને વિષયના અનુસંધાનમાં આપવામાં આવેલ છે. જે વિચારકોએ અને હિતચિંતકોએ ખાસ વિચારવા જેવી છે.

જુદા જુદા વિદ્વાનોના ગ્રંથોમાંથી અહિં મેં લીધેલા કેટલાક અવતરણો વિષે આ તકે તે સર્વનો આભાર માનું છું.

અત્રે એ નોંધ લેવી જરૂરી છે, કે—છાપકામમાં પ્રેસના માલીક શ્રી અમરચંદભાઈ બેચરદાસ મહેતાની પૂરતી સહાનુભૂતિ વિના આ ગ્રંથના બન્નેય ભાગો આટલા વખતમાં બહાર પડવાની શક્યતા જ નહોતી.


કલકત્તા જેટલા દૂરના સ્થળેથી લેખકશ્રી તરફથી આવતા મેટર તથા પ્રૂફો વગેરે તપાસી છપાઈ જવા સુધીની તમામ જવાબદારી મારે શિરે સંસ્થાએ રાખેલી હતી. એટલે સંભવિત છે, કે-આટલા મોટા ગ્રંથમાં ઘણી સ્ખલનાઓ રહી જવા પામે, તેથી લેખકશ્રી, સંસ્થા, શાસ્ત્રકારો વગેરેના આશયથી વિરૂદ્ધ જે કાંઈ આવી જવા પામ્યું હોય તથા સજાગપણે કાળજી રાખવા છતાં પણ બીજી જે જે સ્ખલનાઓ રહી જવા પામી હોય, તે સર્વની નમ્રભાવે ક્ષમા યાચી વિરમું છું.

પાલીતાણા
ફાગણ સુદિ ૧૫
વિ. સં. ૨૦૧૬

લિ. સંઘસેવક
કપુરચંદ રણછોડદાસ વારૈયા
અધ્યાપક,
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ.

ભૂમિકા

૧ તત્ત્વ: અર્થ: અધિગમ:



[૧] વિશ્વ: જગત્:

૧ બહાર નજર ફેંકતા જ અનંત અનંત નાના-મોટા પદાર્થો આપણી સૌની નજરે ચડે છે. ગઇકાલના કેટલાયે આજે જોવામાં આવતા નથી. ત્યારે કેટલાક આજે જ નવા-સવા જોવામા આવતા હોય છે. છતાં તેઓનાયે દેખાવમાં-સ્વરૂપમાં કાંઇ ને કાઇ ફરક જરૂર દેખાતો હોય છે.

૨ કેટલાક કોઇના બનાવેલા હોય છે, ત્યારે કેટલાક વાદળાં વગેરે પોતાની મેળે જ એટલે કે આજુબાજુના પવન-હવા-પ્રકાશ વગેરેના સંયોગોને લીધે જુદા જુદા આકારો ધારણ કરતા હોય છે. એ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે.

[૨] સચેતન: અચેતન: વિશ્વ

૧ અ આપણી નજરે ચડતા પદાર્થોમાયે કેટલાક ઉદ્દેશપૂર્વક-હેતુપૂર્વક-સમજણપૂર્વક-પોતાની હિલચાલ કરતા હોય છે.

આ ત્યારે કેટલાક એમ ને એમ પડ્યા હોય છે, કયારેક તેમાંના પણ સીધી રીતે કે આડકતરી રીતે અન્યની પ્રેરણાથી હિલચાલ કરતા હોય છે, તેમા હિલચાલ ચાલતી હોય છે.

[૩] સચેતન-વિશ્વ

૧ સમજપૂર્વક હિલચાલ કરનારાઓમાં સુખ-દુ:ખની લાગણી જણાતી હોય છે, તે ઉપરાંત બીજી પણ ઘણી જાતની લાગણીઓ હોવાનું યે જણાતું હોય છે. આવા પદાર્થો-સચેતન પદાર્થો કહેવાય છે કેમ કે-બહારથી જગત્માંના તમામ પદાર્થોમાં એક જાતનું સરખાપણું જણાવા છતા, કેટલાકમા સચેતનતા-લાગણી હોવાની પ્રતીતિ-ખાત્રી થાય છે. તેથી, તે બીજા પદાર્થો કરતાં જુદી જ જાતના પદાર્થો હોવાની સૌ કોઇને ખાત્રી થાય છે. જો કે સચેતન પદાર્થો પણ પાછા કોઈવાર અચેતન થઇ જતા જોવામા આવે છે. પછી તે કદી સચેતન રૂપમા દેખાઇ શકતા જ નથી. કરોડો-અબજો-વર્ષે પણ તે પ્રથમ દેખાતો સચેતન પદાર્થ: બરાબર અચેતન દેખાયા પછી સચેતનપણે કદી જોવામા આવતો નથી. જોવામા આવી શકે જ નહીં કારણ કે તેની લાગણીઓ અનુસાર પ્રેરણા કરનારું પ્રેરકતત્ત્વ-ચેતનતત્ત્વ તેમાંથી ચાલ્યું ગયું હોય છે. તેથી એક વખતનું સચેતન શરીર અચેતન જણાય છે.

૧ અચેતનનું દષ્ટાંત-ચાવી આપ્યા વિનાનું ઘડિયાળ, પુસ્તક, કબાટ.

૨ બીજાની પ્રેરણાથી હિલચાલ કરનાર અચેતન. સચેતન માણસે ચાવી આપેલું ઘડીઆળ સ્વયં સંચાલિત યંત્ર વગેરે.

૩ સચેતન સ્વયં હિલચાલ કરનાર માણસો· પશુ· પક્ષી· કીડીઃ મચ્છરઃ વગેરે.

૪ ચેતન રહિત શરીરઃ-ગાય-માણુસ વગેરેના શબો.

[૪] આત્મા

૧ આ સચેતન શરીરમાંથી ચેતન પદાર્થ જાય છે, ને શરીર પડયા રહે છે.

આ તથા, નવા નવા સચેતન પદાર્થો રોજે રોજ જન્મ લઇ જગત્ના પ્રવાહમાં દાખલ થતા જોવામા આવે છે. એટલે કે-નવા નવા સચેતન શરીરો હાજર થાય છે, ને તે શરીરો મોટાયે થાય છે.

૨ આ બે ઘટનાઓ પણ થતી આપણે સૌ જોઇ શકીયે છીએ. અજ્ઞાનપણાથી ભલે કોઇને તે ન સમજાય પરંતુ "એમ બન્યા જ કરે છે." એમાં સંદેહ રાખી શકાય તેવું કોઈપણ કારણ નથી. "એમ કેમ બને છે?" તે ભલે ઘણાંને ન સમજાતું હોય. પરંતુ આ જાતના બનાવો બને છે, એ તો નિર્વિવાદ જ છે.

૩ આ સચેતન પદાર્થો. **પ્રાણીઓ-જીવો** કહેવાય છે. અને દરેક વ્યકિત **પ્રાણીઃ કે જીવઃ** કહેવાય છે. પ્રાણીઓનું જગત્માં અસ્તિત્વ કયારથી શરૂ થયું? અને કયારે એ પ્રવાહ બંધ પડશે? તેનો બીજા કોઇની પાસે આજે તો ચોક્કસ જવાબ જ નથી. "અનાદિકાળથી એ પ્રવાહ ચાલ્યો આવે છે, અને અનંતકાળ સુધી સદાને માટે તે પ્રવાહ ચાલતો જ રહેશે." આ તેનો સાચો જવાબે ય ચાલ્યો આવે છે.

૪ કેમ કે-"તેની શરૂઆત અમુક વખતથી થઇ છે." એમ કહેવા જતાં "તેની પહેલા એ પદાર્થો કેવા સ્વરૂપમાં હતા?" "કોઈ ને કોઇ સ્વરૂપમાં હતા." તો 'એ સ્વરૂપે પણ વિદ્યમાન તો હતા.'

'અમુક વખતે અંત આવી જશે' એમ કહેવા જતાં-'પછી શું થશે?' 'આ બધા પદાર્થો ક્યા જશે?' 'કેવું સ્વરૂપ પામશે?' 'જે સ્વરૂપ પામશે, તે સ્વરૂપે તેઓ વિદ્યમાન રહેવાના જ કે?' અર્થાત્ તેનો 'પ્રવાહ અટકવાનો તો નહીં જ ને?' માટે 'અનંત ભૂતકાળ અને અનંત ભવિષ્યકાળની જેમ પ્રાણીઓના ઉત્પત્તિ· નાશ· અને જીવંત સ્થિતિ· હોવાનો પ્રવાહ કદી અમુક જ વખતે શરૂ થયો નથી. અને કદી વિરામ પામવાનો નથી.' આ સિવાય બીજો કોઇ તેનો સાચો જવાબ નથી.

૫ સચેતન શરીર અચેતન-શબરૂપે-મૃતક તરીકે જ્યારે બની જાય છે, ત્યારે-શરીર વિદ્યમાન હોવા છતાં તે હીલચાલ કરતું નથી. તેથી નક્કી થાય છે, કે-"તેમાંથી કાંઇક ચાલ્યું ગયું." 'કાંઇક ચાલ્યું ગયું છે, એટલે કે ચેતના જ ચાલી ગઇ છે.' શિવાય તો બધું એમ ને એમ છે.

૬ "ચેતના ગઇ છે." ચેતના-લાગણીઓ અનેક પ્રકારની હોય છે. તે સર્વ ચાલી ગઇ છે. તે સર્વનો સમૂહ ચાલ્યો ગયો છે. તે સર્વના સમૂહાત્મક એક પદાર્થની સંજ્ઞા-આત્મા રાખીયે, રાખેલી છે, તે ચાલ્યો ગયો છે.

૭ **આત્મા** પદાર્થની કદી જગત્માં નવી આવક થઇ નથી; તેમાથી કદી એક પણ આત્મા નથી ઘટતો. જેમ જગત્માં જેટલા પરમાણુઓ-અણુઓ છે, તેટલા જ સદાને માટે કાયમ હોય છે. તેમાં એક પણ નવા અણુની કદી વૃદ્ધિ ન થાય, ન તો કદી એક પણ અણુનો ઘટાડો થાય. જેટલી સંખ્યા છે, તેટલી કાયમ જ હોય છે. કેમ કે-વધે તો આવે કયાંથી? અને ઘટે તો જાય કયાં? આ પ્રશ્નના ઉત્તર અનુત્તર રહી જાય છે, માટે 'ઘટવધ ન જ થાય' એ જ નિર્ણય બરાબર છે

૮ તે પ્રમાણે-આત્માઓમા પણ ઘટવધ થતી જ નથી. દરેક આત્મા-ઓ નવા નવા શરીર ધારણ કરીને નવા નવા સ્વરૂપો ધારણ કરતા દેખાય, અને તેથી વિવિધ પ્રકારની પ્રાણીસૃષ્ટિ આપણને પ્રત્યક્ષ પણ થાય.

[૫] માનવો

૧ તેમા પણ-માનવજાતિના પ્રાણી સૌથી કાંઇક જુદા જ તરી આવે છે. ને તે પણ બીજાઓની જેમ અનાદિકાળથી જ પોતાનું અસ્તિત્વ ધરાવતા આવે છે બીજા કેટલાક વિદ્વાનોના આ બાબતમાં ભલેને ગમે તેટલા મતભેદો-વિચારભેદો હોય, છતા અહીં જણાવેલી હકીકત તદ્દન નિર્વિવાદ અને વસ્તુ-સ્વરૂપે છે. અને સિદ્ધ હકીકત રૂપે છે. બીજા વિચારભેદો એક વિચારણારૂપે છે. નિર્ણયરૂપે નથી.

૨ સચેતન જણાતા શરીરમાંથી મુખ્ય સચેતન આત્મા ચાલ્યો જાય છે, ત્યારે અચેતન શરીર અચેતન સ્વરૂપમા પડ્યું રહે છે માટે શરીરમા એક બીજો કોઇક સ્વતંત્ર પદાર્થ છે, કે જે સચેતન છે.

૩ તે જ સચેતન આત્મા પોતાની કોઇ પણ શક્તિઓથી અચેતન પરમાણુઓ ખેંચીને તેનું પોતાનું શરીર બાંધે છે, ને જન્મ લે છે. ને તે જ શરીર છોડીને ચાલ્યો જાય છે, ત્યારે તે જ શરીર શબ રૂપે રહી જાય છે.

૪ પરમાણુઓ અને તેના જત્થા એટલા બધા સૂક્ષ્મ હોય છે, કે-આપણી ઇન્દ્રિયો તેનું પણ જ્ઞાન સીધી રીતે કરી શકતી નથી.

૫ પરંતુ જ્યારે-આત્મા-જીવ-તેને ખેંચીને પોતાના શરીરરૂપે બનાવે છે, ત્યારે તેને જુદા જુદા રંગ સ્વાદ ગંધ સ્પર્શ શબ્દ આકાર. વગેરે રૂપે આપણી ઇન્દ્રિયો ઠીક રીતે ઓળખી શકે તે રીતે પ્રગટપણામાં આવે છે. કોઇ પણ પદાર્થોને દૃષ્ટાંત તરીકે લઇને આ વાતનો બરાબર સૂક્ષ્મતાથી વિચાર કરી જુઓ.

૬ આત્માએ શરીરરૂપે ગ્રહણ કર્યા પછી, આત્મા સહિત કે આત્મા રહિત તે પદાર્થોનો કે તેના જત્થાનો જુદો જુદો ગમે તે ઉપયોગ કરો, તેને અનેક રૂપો ધારણ કરાવો તે જુદી વાત છે. પરંતુ, તેનું અસ્તિત્વ ખાસ કરીને મોટા ભાગે આ પ્રમાણે જ આત્માદ્વારા થયું હોય છે. આત્માઃ પરમાણુઓને ગ્રહણ કરીને પોતાનુ શરીર બનાવે છે અને એ રીતે બાહ્ય પદાર્થો જગત્મા દેખાય છે.

દા૦ ત૦ કપડું જે સુતરમાથી અને સુતર જે રૂમાથી બન્યુ છે, તે રૂ કપાસના છોડરૂપ શરીરમાના કોઇ પણ આત્માએ તે ખેતરમાંથી રસકસરૂપે પરમાણુઓથી ખેંચીને છોડ અને છેવટે કપાસના છોડમાંથી સફેદ પરમાણુનું રૂ રૂપે પોતાનું શરીર બાંધ્યું હોય છે, સુતરઃ અને તેમાથી કપડુ. ભલે થયું હોય. ઘડીયાળનો કાટો જે લોખંડમાથી બન્યો, તે લોખંડ પૃથ્વીકાયના કોઇ જીવે જમીનમા પોતાનું શરીર લોઢા રૂપે બાધ્યું, તેને જુદું પાડીને તેમાથી ઉત્તરોત્તર આ કાટો બન્યો છે. હજી પણ તેમાથી ભલે રૂપાંતર થયા કરે, પરંતુ લોખંડની મૂળ ઉત્પત્તિ જીવે બાધેલા પરમાણુઓના જત્થારૂપ શરીરમાંથી થાય છે. આ નક્કી છે.

૭ જે આત્માઓએ રૂ કે લોઢા રૂપે પોતાનું શરીર બાધ્યું હતું. છતા, "તે છોડી દીધા પછી છોડેલા તે શરીરને તે કે બીજા આત્મા કદી ધારણ કરતા જ નથી. કેમ કે-દરેક આત્મા પોતાનુ નવુ નવું જ શરીર બાધે છે" આ નક્કી છે. પાણીમાં પોરા જુદા જીવોરૂપે હોય છે તે તેના સ્વતંત્ર શરીર હોય છે પાણી તો તેઓને રહેવાનું સ્થળમાત્ર હોય છે મનુષ્યના શરીરમાં કરમીયા જુદા જ શરીરધારી જીવો હોય છે

[૬] આત્માઃ અને તેની હિલચાલોઃ

૧ 'અમુક સચેતન પદાર્થ છે-પ્રાણી છે' એમ આપણે તેની સચેતન તરીકેની હિલચાલો ઉપરથી ઓળખી શકીએ છીએ. સચેતન-શરીર ચેતન વિના-આત્મા વિના બંધાઇ જ ન શકે. આત્માએ પોતાની ઘણી ચેતનાઓનો શરીર બાધવામા ઉપયોગ કર્યો હોય છે. તે ઉપરથી "તે શરીર પદાર્થ સચેતન છે, એટલે કે તેમા આત્મા છે" એમ જાણી શકાય છે. જો તે આત્મા પોતાની શક્તિઓનો ઉપયોગ ન કરે, તો આપણાથી શરીરમા આત્માની જુદી જુદી થતી હીલચાલો ઉપરથી જુદા આત્માને તે રીતે જાણી શકાય જ નહિં.

૨ તેમજ, બીજાને જાણનાર આપણે પણ, આપણામા રહેલી ચેતનાનો-લાગણીઓનો ઉપયોગ ન કરીએ, તો આપણે પણ 'શું છીએ' તે બીજા પણ કોઇ ન જ જાણી શકે. ન જ જાણી શકાય.

૩ એટલે કે ચેતન ઓળખવાની નિશાની પોતાની ચેતનાનો તેણે (આત્માએ) કરેલો ઉપયોગ જ છે. અને જાણનાર પણ પોતાની ચેતનાનો ઉપયોગ બીજાને જાણવા માટે કરે છે. તેથી, તે દ્વારા જ જાણી શકે છે અર્થાત્ પોતાની ચેતનાનો જાણવા માટે ઉપયોગ કરનાર-જાણનાર પણ સચેતન છે, અને જણાનારા સચેતનો પણ પોતાની ચેતનાનો ઉપયોગ કરતા હોય છે, ત્યારે જ જણાતા હોય છે, જાણી શકાતા હોય છે. એટલે કે આપણે જાણનારા-તેને જાણી શકીએ છીએ માટે ચેતનાનો ઉપયોગ એ ચેતનને-આત્માને ઓળખવાની મુખ્ય નિશાની છે.

૪ ચેતના-લાગણીઓ ઘણી જાતની હોય છે. તેમાં જ્ઞાન મુખ્ય છે. માટે જ્ઞાનનો ઉપયોગ એ ચેતનને ઓળખવાનું મુખ્ય સાધન છે. જ્ઞાન ભલે સામાન્ય કે વિશેષ એમ બે પ્રકારમાં વહેંચાયેલું હોય તે બન્નેય પ્રકારનું આત્માને ઓળખવાનું સાધન છે. "ચેતનાનો ઉપયોગ કરતા આત્માને ચેતનાનો ઉપયોગ કરતો આત્મા ઓળખી શકે છે." આમ સામાન્ય સમજની ભાષામા કહી શકાય.

[૭] આત્મામાં થતા વિકાસઃ

૧ દરેક પ્રાણીઓના-ખાસ કરીને માનવોના યોગ્ય કે અયોગ્ય કર્તવ્યનો પણ વિચાર કરી જોતાં આપણને ઘણો સચોટ બોધ મળી જાય તેમ છે.

૨ કારણ કે-ઇન્દ્રિયાદિકના વિકાસની સાથે પ્રાણીઓના શરીરમાં રહેલા આત્માઓમા થતા આધ્યાત્મિક વિકાસ કે હ્રાસ પણ થતા હોવાનું દેખાઇ આવે છે.

૩ જેમ-ઘાતકી પ્રાણીઓ કે માણસો જોવામા આવે છે, તે પ્રમાણે-નિર્દંભ કે સ્વાર્થવૃત્તિ વિનાના પણ બીજા કોઇની તરફથી પ્રાપ્ત થતા કષ્ટો સહન કરનારા લોકો પણ મળી આવે છે. કષ્ટ આપનારા કે અપકાર કરનારા તરફ પણ ક્રોધ ન કરતા-દ્વેષ ન રાખતાં-ઉલટો તેઓના ઉપર ઉપકાર કરનારાયે મળી આવે છે. એટલુ જ નહિં, પરંતુ બીજાઓ ઉપર ઉપકાર કરવા માટે ઇરાદાપૂર્વક પોતાની જાત ઉપર કષ્ટો વેઠનારાયે મળી આવે છે. જો કે તેવા માનવો. કે પ્રાણીઓ. બહુ જ વિરલા હોય છે.

૪ માદા પ્રાણી-માતારૂપે, બાળક-બચ્ચા-નામના બીજા પ્રાણી ખાતર કષ્ટો વેઠતી હોય છે. તેના હિતને માટે-તેના રક્ષણ માટે અનેક ભોગો આપીને પ્રયત્નો કરતી હોય છે અરે! ઘણી વખત તો તેને માટે પ્રાણ પણ આપી દેતી હોય છે આ તો લગભગ ઘણાની જાણમાં છે. ને સામાન્ય બાબત છે. પરંતુ તેથી પણ આગળ વધીને કેટલાક માનવો નિઃસ્વાર્થપણે કષ્ટો- ઉઠાવીને પણ પરોપકાર કરતાં જોવામાં આવે છે અને નિઃસ્વાર્થપણે પ્રાણાર્પણ કરી દેતા હોય છે.

૫ આ સધળી વિચિત્ર પરિસ્થિતિઓ આત્મામાં શના આધ્યાત્મિક વિકાસનો પરિણામ આપે જ છે. જેનો કોઇથીયે ઇન્કાર કરી શકાય તેમ નથી.

૬ અજ્ઞાન બાળક હોય, તે ઉમ્મરમા આવતા મહાજ્ઞાની બનતો જોવામાં આવે છે ત્યારે કેટલાક માણસો જીંદગી પર્યંત મહામૂર્ખ અને જડ જ રહે છે. આગે આની એક બાબતને જોતાં કે, કે-જેની જડતા અજબ છે. કેટલાક સારા સમજદાર પણ પાછળથી ગાંડા અને જડ બની જાય છે, સજ્જન ગણાતાં દુર્જન બની જાય છે, દુર્જન જણાતા સજ્જન બની જાય છે.

૭ એમ જ્ઞાન-શક્તિનો પણ જેમ ઓચ્છે વધતે અંશે વિકાસ ને અણુવિકાસ જોવામાં આવે છે, તે પ્રમાણે બીજી ઘણી લાગણીઓમાં પણ વિકાસ-અણુવિકાસ જોવામા આવે છે. સ્વાર્થવૃત્તિ અને પરોપકારવૃત્તિમા પણ વધઘટ થાય છે. એક વખતનો આકરા સ્વાર્થી કે ભયંકર ગુંડો મહાપરોપકારી અને સંત બની જાય છે. એમ પ્રયત્નો વિના-કુદરતી રીતે થતું ઘણી વખત જણાવા આવે છે. કદાચ કોઇને નાનું કે મોટું ભલે નિમિત્ત મળી ગયું પણ હોય.

૮ પરંતુ, જો આત્મા નામના પદાર્થમા મૂળથી જ ગુણો કે દોષો ન હોય અને તેઓના વિકાસ કે હ્રાસને સ્થાન જ ન હોય, તો એ જાતના દાખલા મળી શકે જ નહિં, કદી પણ એવા દાખલા સંભવે જ નહિં.

૯ એ દાખલા મળે છે, એ આત્માના ગુણોના હ્રાસ અને વિકાસના સાદા છતા સચોટ પૂરાવા છે.

[૮] નાનાઃ મોટાઃ અને અન્તિમ મોક્ષઃ

૧ આ વિકાસોઃ નાનાઃ મોટાઃ એમ વિવિધ પ્રકારના દરજ્જાના હોય છે. અને અન્તિમ વિકાસ રૂપે પણ હોય છે. એમ અનેક પ્રકારના વિકાસો હોય છે.

૨ અ વિકાસનો અર્થ જ અણુવિકાસમાંથી મુક્ત થવું વિકસિત થવું.

આ મુકત થવુંઃ એટલે મુક્તિ પામવી.

ઈ છુટા થવું મોક્ષ પામવો-વગેરે શબ્દોના અર્થ સરખા જ છે. અથવા કોઇ કોઇ વિદ્વાનોએ એ જ પદાર્થને લક્ષ્યમા રાખીને, તેના જુદાં જુદા ગમે તે નામો ભલે આપ્યા હોય, તે નામ-ભેદથી ઘણીવાર પદાર્થ જુદો થતો નથી હોતો.

૩ અર્થાત્-નાનાઃ મોટા· અનેક મોક્ષોનો અંતિમ સરવાળોઃ તે સંપૂર્ણ મોક્ષ. મુખ્ય મોક્ષ· અત્યન્ત મોક્ષ. કે મહામોક્ષઃ મોક્ષ તરીકે પ્રસિદ્ધ છે. સામાન્ય રીતે-મોક્ષ શિવઃ નિર્વાણઃ મુક્તિ· વગેરે શબ્દોથી તેનો વ્યવહાર થાય છે.

૪ પૂર્ણ મોક્ષ. એ આત્માની અંતિમ અને સંપૂર્ણ વિકસિત અવસ્થા છે. ઘણી બાબતોથી નાના· મોટાઃ મોક્ષો થાય છે. માટે તે સર્વના સરવાળારૂપ એ અંતિમ મોક્ષ પણ થાય છે, હોય છે, સંભવિત છે જ.

[૯] ધર્મોઃ મોક્ષોઃ તથા અંતિમ મોક્ષઃ

૧ કોઇ પણ એક આત્માનો તે વિકાસ જ્યારથી યોગ્ય સ્વરૂપમા શરૂ થાય છે, ત્યારથી તે ઉત્તરોત્તર ઉંચા ઉંચા બીજા નવા નવા વિકાસના કારણ તરીકે બનતો જાય છે, ને નવા નવા વિકાસો થતા જાય છે વધતા જાય છે, વિશાળ બનતા જાય છે. ચોથી ચોપડીમાં પાસ થયેલો પાંચમી માટે લાયક બનવાથી આગળ આગળ તેનો વિકાસ વધતો જાય છે. પહોળો થતો જાય છે, તેનું જ્ઞાન વિકાસ પામતું જાય છે, તેનો આત્મા અજ્ઞાનમાંથી છુટો થતો જાય છે, મુક્ત થતો જાય છે.

૨ એ પ્રમાણે કારણ તરીકે બનતી જતી વિકાસની પહેલીવહેલી ભૂમિકાઓનું નામ **"ધર્મ"** રાખવામા આવેલું છે. પ્રથમની વિકાસભૂમિકામાથી ઉત્પન્ન થયેલી બીજી ઉપરની વિકાસભૂમિકા પછીના વિકાસનુ કારણ બને છે. તેથી પહેલીવહેલી દરેક ભૂમિકાનું નામ **ધર્મ:** અને પછીપછીનીનું નામ વિકાસ એટલે **મોક્ષ:**

૩ આમ ધર્મો અને મોક્ષો ની પરંપરા ચાલતી હોય છે. એમ નાના નાના ધર્મોમાથી નાના નાના મોક્ષો થતા જાય છે. અને છેલ્લે અંતિમ સંપૂર્ણ ધર્મથી અંતિમ મોક્ષ થાય છે.

૪ **ધર્મ:** શબ્દનો આ વાસ્તવિક અર્થ છે.

૫ એટલા માટે નય–ભેદે જુદી જુદી અવસ્થાઓને ધ્યાનમા લઇને સ્યાદ્વાદી–શાસ્ત્રોમા ધર્મના ઘણા ઘણા અર્થો કરવામાં આવેલા છે. અને અપેક્ષાવિશેષોને આધારે તે સઘળા સુસંગત છે. [પ્રતિમાશતક ટીકા]

૬ **ઉપચારથી** તે ધર્મમા સહાયક સંસ્થાઓ. આચારો સંચાલકો. શાસ્ત્રો: અનુષ્ઠાનો અનુષ્ઠાનોની ક્રિયાઓ· તેના અનેક વિધિઓ તેમાં ઉપયોગમાં આવતા સાધનો: ઉપકરણો: મિલ્કતો: સ્થાવર જંગમ તીર્થો. વગેરે સર્વકાંઇ તદુપયોગી હોય–તેમાં સહાયક હોય, તે સર્વ **ધર્મ** શબ્દથી વાચ્ય થાય છે.

[૧૦] અધ્યાત્મ શાસ્ત્ર

જ્યારે આત્માનો વિકાસ થાય છે, એમ નક્કી છે, તો તે વિકાસ અને અણુવિકાસ કેવી રીતે અને કેવા કેવા સ્વરૂપે થાય છે? વગેરે જાણનાર શાસ્ત્રનું નામ **આત્મવિજ્ઞાન શાસ્ત્ર** છે, અધ્યાત્મ શાસ્ત્ર છે. એટલે કે આત્માના વિકાસનુ શાસ્ત્ર–આત્માના વિકાસને ઉદ્દેશીને–અનુલક્ષીને રચાયેલું શાસ્ત્ર તે **"અધ્યાત્મશાસ્ત્ર"** કહેવાય છે. અથવા તેનું જ બીજું નામ **ધર્મશાસ્ત્ર** પણ છે. જેમાં સર્વ પ્રાણીઓના વિકાસની જુદી જુદી ઠેઠ સુધીની ભૂમિકાઓનો પદ્ધતિસર વિચારસંગ્રહ કરવામાં આવેલો હોય છે. તથા તે ભૂમિકાઓ પ્રાપ્ત કરવાના ઉપાયો અને ક્રમ બતાવેલા હોય છે.

૨ આત્મા સાથે કર્મ· તેની સાથે મન: જ્ઞાનતંતુઓ મગજ. ઇન્દ્રિયો: શરીર: વાચા: આરોગ્ય. ભાષા શબ્દ· વિચારો. ઘર કુટુંબ ધંધા: વિષયોપભોગ જ્ઞાતિ. સમાજ: પ્રજા: રાજા.શિલ્પ· જ્યોતિષ: કળા સંગીત. ભૂમિ મિલ્કતો: કૃષિ વાણિજ્ય અર્થતંત્ર. નાણા પ્રકરણ વગેરે વગેરે ઘણા ઘણા પ્રકારના પદાર્થોના સંબંધ હોય છે. તેથી તે સર્વના જ્ઞાનો કરાવનારાં બીજા પણ સખ્યાબંધ શાસ્ત્રો હોઇ શકે છે. અને છે. અને તે સર્વ પરપરાએ અધ્યાત્મશાસ્ત્ર સાથે જોડાયેલા હોય છે.

૩ તે સર્વમા અધ્યાત્મશાસ્ત્ર સર્વોપરિ: સૌથી વધારે ઉપયોગી· સૌથી વધારે મહત્ત્વનું· અને સૌથી વધારે હિતકર છે માટે જીવનના તમામ પ્રકારોમાં તે મુખ્ય અને કેન્દ્રસ્થ શાસ્ત્ર છે.

૪ આ વિકાસક્રમ પણ વિશ્વમા અનાદિ–અનંત–કાલીન છે. તેથી તેને લગતું અધ્યાત્મશાસ્ત્ર પણ અનાદિ અનંત–કાલીન છે. છે. છતાં તે તે વખતે તેના જુદા જુદા પ્રણેતાઓ– ઉપદેશકો વગેરે હોવાથી, તે જુદા જુદા અને નવા નવા પણ ગણાતા હોય છે. ખરી રીતે તો એક અપેક્ષાએ તે એક સનાતન શાસ્ત્ર છે.

[૧૧] મોક્ષ: અને ધર્મ:

૧ મોક્ષ અનાદિ–અનંતકાલીન શાશ્વત પદાર્થ છે. તેના કારણભૂત ધર્મ પણ અનાદિ–અનંત–કાલીન શાશ્વત પદાર્થ છે.

૨ તે બન્નેય કર્યાંયથી નવા આવતા નથી તે બન્નેય કદી નષ્ટ થતા નથી. તે બંન્નેયનો કદી

અભાવ હોતો નથી.તે બન્નેયને કોઇ ઉત્પન્ન કરતા નથી માટે આગમ શાસ્ત્ર પણ અનાદિ-અનંત કાલીન છે. તેનો પણ કદી અભાવ હોતો નથી.

[૧૨] જિનોપદિષ્ટ ધર્મ:

૧ સંપૂર્ણ-વિકસિત સંપૂર્ણ વિજયી. આત્માઓ **જિન** કહેવાય છે કર્માદિક અંદરના અને બહારના બંધનો ઉપર વિજય મેળવનાર તે **જિન:** અર્થાત્ રાગ દ્વેષ મોહ: વિષય. કષાય વગેરે ઉપર સંપૂર્ણ વિજય મેળવનાર હોય, તે અધ્યાત્મશાસ્ત્રની પરિભાષાને આધારે સાચા વિજયી કહેવાય છે. તેનો બીજો શબ્દ **જિન** પણ છે.

૨ ઉપરોક્ત શાશ્વત: સનાતન સદાતન: ધર્મ જિને બતાવેલો હોવાથી. ઉપદેશેલો હોવાથી· જિનોપદિષ્ટ ધર્મ કહેવાય છે. ટુંકામાં-જિનોક્ત-જિનોએ કહેલો તે જૈન અને જૈન એવો ધર્મ તે-**જૈન ધર્મ** એ પ્રમાણે એ શબ્દ બને છે.

૩ અર્થાત્ એ ધર્મને જિનો નવો બનાવતા નથી. નવો રચતા નથી પરંતુ અનાદિ-અનંત-કાલીન મોક્ષની શાશ્વત સીડીરૂપ-નિ:સરણિ રૂપ ધર્મને માત્ર ઉપદેશે છે. બતાવે છે. માટે **જૈન-ધર્મ** કહેવાય છે. " તે ધર્મ તેઓની માલિકીની કોઇ ચીજ છે " એમ નથી. તેઓ બનાવતા નથી પણ બતાવે છે.

૪ તેઓ વસ્તુત. અને અધ્યાત્મશાસ્ત્રના પાયારૂપ વિશ્વનું સમગ્ર સ્વરૂપ સંપૂર્ણપણે જાણીને બીજા, પણ વિજયેચ્છુ આત્માઓ સમજી શકે, તે રીતે તેના જે નિર્દેશો કરે છે, ને તે નિર્દેશો અધ્યાત્મશાસ્ત્રમા પ્રતિબિમ્બિત હોય છે. માટે તે શાસ્ત્રનું નામ-દ્વાદશાંગી-બાર અંગમાં વહેંચાયેલું છે.

૫ એ પરમ શાસ્ત્રમાં બતાવેલા વિશ્વના સમગ્ર પદાર્થો: તેના પરસ્પરના સંબંધો કાર્યકારણ ભાવો વગેરેથી માંડીને કોઇપણ આત્માના વ્યકિતગત આધ્યાત્મિક વિકાસના ક્રમો: વગેરે તેમા સમજાવ્યા હોય છે, એટલે કે તે જિનોપદિષ્ટ ધર્મને વ્યાપકપણે સમજાવે છે.

[૧૩] તત્ત્વાર્થાધિગમ સૂત્ર

૧ વિશ્વમાં અનંત પદાર્થો છે. છતાં તે દરેકના મૂળભૂત તત્ત્વભૂત-પદાર્થો કયા કયા છે? તે તત્ત્વનો વિચાર આ સૂત્રમાં છે.

૨ તે દરેક તત્ત્વનું અર્થ-ક્રિયાકારિત્વ શું શું છે? અર્થાત્ તે દરેક તત્ત્વો વિશ્વમાં શા શા ભાગ ભજવે છે? તે **અર્થો** પણ તેમાં બતાવેલા છે.

૩ ગમે તેટલાં તત્ત્વો હોય, અને ગમે તે પ્રયોજનો-અર્થક્રિયાઓ તે સફળ કરતા હોય, તેથી શું? તેનો પ્રત્યેક આત્માને ઉપયોગ શો? તે જાણવાની: સમજવાની· તેને જરૂર પણ શી? ભલે જેમ હોય, તેમ વિશ્વ અને વિશ્વના પદાર્થો હોય, તેમાં આપણે શું? પરંતુ તે પદાર્થો આપણા આત્માના વિકાસ વગેરેમાં કેવી રીતે ઉપયોગી કે નિરુપયોગી થાય છે? એટલે કે કયારે અને કેવી રીતે ઉપાદેય અને હેય· હોય છે? તે વિચાર વાસ્તવિક **તત્ત્વાર્થ** છે માટે તત્ત્વોના અર્થ પ્રયોજનો-અર્થક્રિયાત્વ જાણવાની જરૂર રહે છે

૪ કેટલાક આત્માઓને કુદરતી રીતે ખાસ બાહ્ય નિમિત્તો વિના અને કેટલાકને બાહ્ય નિમિત્તોની સહાયથી તત્ત્વબોધ થાય છે. તત્ત્વબોધ થયા વિના તેઓનો મોક્ષ માર્ગજ પ્રવૃત્ત થઇ શકતો નથી. જેમ કેટલાકના કેટલાક રોગ ખાસ ઔષધ કર્યા વિના ઉપશાત થતા જ નથી, તેમ કેટલાક જીવોના કર્મોજ એવા હોય છે, અથવા તેઓની **તથાભવ્યતા** એવી હોય છે, કે ખાસ પ્રયત્ન વિના તેના કર્મો તુટી શકતા નથી તેઓની **તથાભવ્યતા** વિકાસ પામી શકતી નથી. તથાભવ્યતાનો પરિપાક થઇ શકતો નથી.

૫ તેવા આત્માઓને મોક્ષની પ્રાપ્તિ કરતા પહેલા તત્ત્વોના અર્થોનો બોધ મેળવવો પડે છે. તેવો બોધ ટુંકામા મેળવવાનુ સાધન આ **તત્ત્વાર્થાધિગમ** શાસ્ત્ર છે.

૬ **અધિગમ** એટલે બોધ બાહ્ય નિમિત્ત ઉપદેશઃ વાચન. મનનઃ વગેરે તેના અર્થ થાય છે. અધિગમોરૂપે પરિણમીને મોક્ષની સાધનામા ઉપયોગી થાય, તેવો તત્ત્વાર્થબોધ કરાવે તે **અધિગમ** કહેવાય છે.

૭ ભલે તમામ તત્ત્વોનુ અને તેના અર્થોનું જ્ઞાન થાય પરંતુ તે જ્ઞાન **અધિગમ** રૂપ ન બને ત્યાસુધી મોક્ષ તરફ પ્રયાણ થઇ શકતુ નથી, એથી આ સૂત્રના નામમા **અધિગમ** શબ્દ જોડવામા ખાસ સંકેત છે.

૮ એટલે આ ગ્રન્થ તત્ત્વો અને અર્થોનો બોધ કરાવે છે. તે થવા ઉપરાંત, અધિગમ પણ કરાવે છે. "तन्निसर्गादधिगमाद्वा" ૧-૩ આ સૂત્રમાં મોક્ષમા પ્રધાન બીજભૂત સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું કારણ **અધિગમ** બતાવેલ છે.

૯ તે **અધિગમ** કરવાનું સામર્થ્ય આ ગ્રંથ ધરાવે છે. તે ભાવ બતાવવા માટે પણ આ ગ્રન્થના નામની સાથે **અધિગમ** શબ્દ ખાસ જોડવામા આવેલો છે.

૧૦ **તત્ત્વજ્ઞાનના** ગણાતા બીજા ઘણા ગ્રંથોના નામોમા આ જાતની વિશિષ્ટ ખુબી હોતી નથી. **તત્ત્વજ્ઞાનઃ તત્ત્વબોધઃ** વગેરે નામો હોય છે. પરંતુ "જ્ઞાન કે બોધથી અધિગમ થાય જ એમ ચોક્કસ કહી ન શકાય." અને **અધિગમ** વિના તેવા ગ્રંથોની રચનાનુ પ્રયોજન સિદ્ધ ન થાય.

૧૧ પરંતુ "આ ગ્રંથ એ પ્રયોજનની સફળતા માટે રચવામા આવેલો છે" તેથી તથાપ્રકારના જીવો માટે જેમ બને તેમ આબાદ રીતે પ્રયોજન સફળ કરી આપનાર છે તે સૂચન કરવા માટે ગ્રંથના નામમા **અધિગમ** શબ્દ ખાસ કરીને જોડવામાં આવેલો છે.

૧૨ મહાઅધ્યાત્મશાસ્ત્ર અને સકળ વિશ્વજ્ઞાન દ્વાદશાગીના સંક્ષિપ્ત પ્રતિબિમ્બરૂપ હોવાથી આ ગ્રંથ પણ અધ્યાત્મ અને વિશ્વજ્ઞાનમય શાસ્ત્રનો ગ્રંથ છે. આ રીતે નામમાં ગોઠવાયેલા **તત્ત્વઃ અર્થઃ** અને **અધિગમ** ત્રણે શબ્દો સંપૂર્ણ રીતે સાર્થક છે

[૧૪] અન્ય ધર્મો અને તેનાં ધર્મશાસ્ત્રો:

૧ આ ઉપરથી એ પણ સમજવાનું છે, કે-આ જગતમા બીજા પણ જે જે એક યા બીજા શબ્દમાં મોક્ષ માનનારા અને એક યા બીજા શબ્દમાં આત્મા પદાર્થનો અને તેના વિકાસનો સ્વીકાર કરનારા ધર્મો-એટલે ધાર્મિક પરંપગાની સંસ્થાઓ છે, તેને માન્ય ધર્મશાસ્ત્રો પણ થોડેઘણે અંશે-સ્પષ્ટરૂપે કે અસ્પષ્ટરૂપે-પણ તે તે ભૂમિકા ઉપર રહેલા આત્માઓના વિકાસમા થોડેઘણે અંશે સહાયક થઇ મોક્ષના માર્ગ સુધી લાવવામા સહાયક થતા હોય છે. અને પછી તે આત્મા પોતાની શક્તિથી બીજા સાધનોની મદદથી મોક્ષ સુધી પહોચી જાય છે. માટે તેઓના ધર્મશાસ્ત્રોનો પણ સમાવેશ સામાન્ય-રીતે અધ્યાત્મશાસ્ત્રમા થતો હોય છે.

૨ તેથી-તે ધર્મશાસ્ત્રો ભલે મુખ્ય અધ્યાત્મ વિજ્ઞાનમય શાસ્ત્રો ન જણાય-એટલે કે ઓછે-વધતે અંશે જણાય, કે મિશ્રરૂપે જણાય, છતાં-તેનો પણ મુખ્ય ઉદ્દેશ તો આત્માઓને આત્મવિકાસ તરફ દોરવવાનો હોય છે. અને એ રીતે દરેક ધર્મોમાં આ એક જાતની સમાનતા પણ હોય છે. છતાં ઘણી બાબતોમાં જુદાપણું પણ હોય છે

[૧૫] હાલના કેવળ ભૌતિક વિજ્ઞાને માનવોને કરેલી ભયંકર હાનિ:

૧ ઉપર જણાવ્યા પ્રમાણે-આત્મા અને તેના વિકાસ ક્રમના ઉપાયો અને છેવટના પરિણામો સુધીની જે ઉત્તમ વિચારણાઓ થયેલી છે, તેના અનુસંધાનમા-(૧) વિશેષ શોધો અને વિચારણાઓ ન કરતા, હાલના વિજ્ઞાને (૨) તે સર્વને બાજુમા જ રાખીને-છોડીને-સ્વતંત્ર રીતે વિચારો વિચાર કરવાની શરુઆત કરી છે (૩) સ્વતંત્ર રીતે જ ભૌતિક અને વિજ્ઞાનના આ તમામ નવા વાદો રચવા માંડ્યા છે (૪) ત્યા સુધી તો કદાચ ઠીક પણ (૫) તે અપૂર્ણ અને અધકચરી શોધોના આધાર ઉપર (૬) માનવી જીવન વ્યવસ્થાએ મર્જી છે, (૭) ને મર્જાવાય છે. અને (૮) તેનો મોટા પાયા ઉપર મોટા ખર્ચે પ્રચાર કરાય છે. (૯) કરાવાય છે એટલેથી ન અટકતા- (૧૦) આત્મવાદ ઉપરના-પ્રાચીન કાળથી રૂઢ થયેલા-પરંપરાગત ચાલ્યા આવતા-જીવનધોરણોને માનવોના જીવનમાથી (૧૧) કાઢી નખાવવા-(૧૨) અબજો રૂપિયાનો ખર્ચ કરવામા આવે છે. અને (૧૩) તે કામમાં કરોડો માનવીઓને તે કામે ગોઠવામા આવેલા છે. તથા (૧૪) બીજા અનેક પ્રપંચોમય સાચા-ખોટા આકર્ષક અને ભયભીત કરાવનારા કે લલચાવનારા પ્રયાસોયે કરવામા આવે છે (૧૫) તેજ નવા જીવનધોરણોને (૧૬) વ્યવહારુ (૧૭) ઉપયોગી અને (૧૮) પ્રાગતિક કહેવામા આવે છે. (૧૯) તેને શિક્ષણ કાયદા રાજ્યતંત્રો. શોધો યંત્રો વગેરેનું પીઠબળ આપવામા આવે છે. (૨૦) લોકશાસન ગણતંત્ર (૨૧) ધારાસભાઓ (૨૨) ચુંટણી (૨૩) બહુમતવાદ (૨૪) બહુમત પ્રાપ્ત કરવા-સત્યાસત્યમિશ્ર વર્તમાનપત્રોનો બહોળો ફેલાવો (૨૫) મતાધિકારની પદ્ધતિ ઉભી કરવી. (૨૬) નાટક-સીનેમા-મનોરંજન-વગેરે પ્રચારક સાધનોઃ (૨૭) સત્યાસત્ય મિશ્રિત ભાષણો-વક્તવ્યો ફેલાવવા ને (૨૮) તેનું ખોટી રીતે પ્રવચન નામ આપવુ વગેરે ધમધોકાર ચાલે છે (૨૯) બીજી અનેક લાલચો દ્વારા જનતાને તે તરફ આકર્ષવામા આવે છે. એટલુ જ નહીં, પરંતુ (૩૦) ધંધા અને આજીવિકાઃ તથા આર્થિક મુશ્કેલીઓ મા મૂકી તે દૂર કરવા માટે જનતાને ન છૂટકે લલચાવું પડે (૩૧) તેવી સ્થિતિ ઉત્પન્ન કરવા માટે (૩૨) જુદા જુદા નિમિત્તોથી (૩૩) વંશપરંપરાગત ધંધાઓ તોડાતા જાય, (૩૪) લોકો મુશ્કેલીમા મૂકાતા જાય, (૩૫) પ્રાગતિક જીવન-ધોરણને પાટે જે લોકો ન ચડે ત્યા સુધી તેઓને નવા ધંધા કે આર્થિક સગવડો આપવામા ન આવે. અથવા અતિ કરકસરથી અપાય, અથવા ઢીલ કરવામા આવે (૩૬) મોંઘવારી (૩૭) કરો વધારાય (૩૮) પરંપરાગત સાધનોનો અનેક અભાવ કે દુર્લભતા ફેલાવાય (૩૯) નવાજુના વિચારોના ઘર્ષણો (૪૦) ધર્મ (૪૧) અર્થ (૪૨) કામ પુરુષાર્થના સાંસ્કૃતિક સાધનો અને (૪૩) તેના આધાર ઉપરના જીવનધોરણોમા (૪૪) જુદી જુદી દિશાએથી (૪૫) સુધારા (૪૬) પરિવર્તન (૪૭) યુગાનુસારતા (૪૮) બાળવિકાસ (૪૯) સ્ત્રીસ્વાતંત્ર્ય (૫૦) પ્રજા સ્વાતંત્ર્ય (૫૧) દેશનો ઉદય (૫૨) જુનવાણીને વિદાય વગેરે જુદા જુદા નિમિત્તો આગળ કરીને કાપ મૂકવાની યોજનાઓ કરાય. (૫૩) નવનિર્માણને અનુરૂપ પાંચ પાંચ વર્ષીય યોજનાઓ મોટેભાગે બહારના સાધનથી અમલમા મૂકાવાય. (૫૪) ભાષા પરિવર્તન (૫૫) પ્રજાના રોજીંદા વેશમા પરિવર્તન (૫૬) તોલ-માપમા પરિવર્તન (૫૭) સિક્કા-પરિવર્તન (૫૮) કાળ અને વખતના પારિભાષિક શબ્દોમા અને (૫૯) વ્યવહારોમા પરિવર્તન (૬૦) શિલ્પમા અને તેના ઉપયોગમા પરિવર્તન (૬૧) ખાનપાનમા પરિવર્તન (૬૨) આરોગ્ય અને (૬૨) શારીરિક ચિકિત્સા પદ્ધતિમાં પરિવર્તન. માત્ર શારીરિક જ ચિકિત્સા પદ્ધતિનો આશ્રય. (૬૩) વ્યાપાર (૬૪) ખેતી મા પરિવર્તન (૬૫) માલિકી હક્કોમા પરિવર્તન (૬૬) રાજ્યનીતિ (૬૭) અને તેના આદર્શોમાં પરિવર્તન (૬૮) મોટા મોટા કારખાના (૬૯) બહારના ધન અને માલિકો દ્વારા નખાવવાથી (૭૦) સ્થાનિક ધંધાદારીઓના ધંધાનો નાશ (૭૧) અથવા થોડાઓને ધંધા ને ધન મળે, મોટી સંખ્યાના લોકો ધંધારહિત થાય (૭૨) કારખાનાઓને ક્રમે ક્રમે જરૂરીયાત પ્રમાણે દેશમાની પ્રજાના ધન-બુદ્ધિ-કુશળતા અને આવશ્યકતા પ્રમાણે ઉભા કરવાને બદલે, એકદમ આગળ વધવાના બ્હાના નીચે જલ્દી જલ્દી મોટા

પાયા ઉપરના વિદેશીય બુદ્ધિ ધન સંચાલકો નિષ્ણાતોને આધારે બહારનાઓની સલાહ અને યોજનાઓઃથી પરિણામે તેઓના જ મુખ્ય હિત માટે જ સ્થાપિત કરી દેવા. (૭૩) ભારતના આર્યો પોતાનું બીજું પ્રસિદ્ધ નામ "હિંદુ" શબ્દ પણ ન વાપરી શકે, તેવા ઉપદેશનો પ્રાથમિક પ્રચાર જેથી એક વિશિષ્ટ પ્રજા પોતાનું વ્યક્તિત્વ અને અસ્તિત્વ ભવિષ્યમા ટકાવી ન શકે (૭૪) પ્રજાકીય ઇતિહાસની વ્યવસ્થાની મૂળભૂમિકારૂપ વહીવંચાની જાતિઓ અને તેના ચોપડાઃ રહેવા ન પામે. તેથી તે જાતિઓના કાર્યને નિષ્ફળ બનાવી દેવામાં આવેલ છે. (૭૫) એકંદર આત્મવાદ ઉપરની જીવન-સંસ્કૃતિ (૭૬) સ્વતંત્ર પ્રજા તરીકેનું અસ્તિત્વ વગેરે ઉપર અસાધારણ માઠી અસર ઉત્પન્ન કરનારા અને (૭૭) બહારની પ્રજાને ભવિષ્યમા આ દેશના વતની તરીકે સ્થાયિ વસવાટ મળે, તેને માટે સેંકડો પ્રાગતિક દૃષ્ટિથી રચનાત્મક અને સાંસ્કૃતિક દૃષ્ટિથી મંડનાત્મક બાબતો શરુ કરવામા આવેલી છે. (૭૮) અણવિકસિત દેશ કહીને સંતતિ નિયમન મારફત ભવિષ્યમા એક સરકારી પ્રજાને ક્રમે ક્રમે ઉચ્છિન્ન કરવાની કરાયેલી ગોઠવણ ધીમે ધીમે આગળ વધતી જાય છે. (૭૯) અને વિકસિત દેશોને મોટી સંખ્યામા પ્રજા ઉત્પન્ન કરવાનો હક્ક હોવાનો માની લઇને તેના સંતાનોને, બીજા દેશોના વિકાસમા આર્થિક વગેરે મદદ કરવાને બ્હાને વિકસિત કરી ત્યાં ત્યાં (૮૦) બીજા નિમિત્તોથી મોકલી. વસાવીઃ (૮૧) સ્થાયી નાગરિક તરીકે–કાયમ વસવા માટેના (૮૨) સ્થાનિક કાયદાઓ કરાવી લેવરાવવામા આવ્યા છે. (૮૩) એક પત્નીપણાનો કાયદો વગેરેથી પરંપરાગત જીવનમા સંયમ વગેરે ઉપર કાપ ઉત્પન્ન કરીને, વસતિ વધવાનો માર્ગ ખુલ્લો કરી આપીને (૮૪) તેના ઉપર પછી કાયદાથી અંકુશ મૂકવાની અને (૮૫) સ્ત્રી–પુરુષના જનન અવયવોને કપાવી નાંખવાની ગોઠવણને વેગ આપવામા આવે છે. (૮૬) જન્મ થાય તેના ઉપર કર કે ફી કે દંડ નાખવાની ગોઠવણોના પ્રયાસો (૮૭) પરિણામે સ્વતંત્ર અને વિશિષ્ટ વ્યક્તિત્વવાળી એક પ્રાચીન પ્રજાને વિનાશ તરફ ધકેલવાની ગોઠવણને વેગ અપાઇ રહ્યો છે. જો આ જાતના મહા-પરિણામ તરફ પ્રજાને ન ધકેલવી હોય, તો પ્રજાહિતનો કોઇપણ જરૂરી કાયદો થાય, તેમા વાધો લેવાને કારણ હોતું નથી. (૮૮) પ્રજાનો મોટો ભાગ–સાધુ–સંત–ત્યાગી બનતો હતો. તેની આજીવિકા યદ્યપિ "બીજા ઉત્પાદકો ઉપર નિર્ભર છે." એમ કહી, તેની સંખ્યા પર કાપ મૂકવામા આવે છે. પરંતુ તે વર્ગમાના લાખો ત્યાગી સ્ત્રી–પુરુષોના સંતાનો ૫૦ વર્ષમાં કરોડોની સંખ્યામાં આવી જાય અને તેનો બોજો બીજાના ધધાઓ ઉપરના કામમા–ભાગ પડાવવામા કે પ્રજા ઉપર બીજી રીતે આવે તેને ધ્યાનમાં લીધા વિના તે વર્ગને ઘટાડવાના પ્રયાસો થાય, અથવા તેમા લોકો દાખલ ન થાય, તેવા પ્રયાસો થાય. પરિણામે–વસતિના વિશેષ વધારાને એક તરફથી મદદ આપો, અને પછી બીજી તરફથી વસતિ વધારા ઉપર નિયમનો યોગ્યાયોગ્ય રસ્તે મૂકવામા આવે (૮૯) સ્ત્રીજાતિના જન્મના સ્વાભાવિક વધારાને લીધે એક પુરુષને અનેક સ્ત્રીઓ હોવાથી પણ વસતિના વધારા ઉપર અંકુશ રહી શકતો હતો. કારણ કે–સંયમનુ તત્ત્વ મુખ્ય હતું. દશ સ્ત્રીએ જુદા જુદા પુરુષ પતિઓ મારફત–૫ ને હિસાબે અંદાજ ૫૦ સંતાનોને જન્મ આપી શકે ત્યારે એક પુરુષ પાસેની ૧૦ સ્ત્રીઓ ૧૦ થી ૧૫ સંતાનોને કે થોડાઘણા વધારેને કદાચ જન્મ આપી શકે. ૫૦ ને જન્મ ન આપી શકે એમ સંયમદ્વારા પણ સંતતિ નિયમન ભારતમા જળવાતું હતું. વિધવા વૈધવ્ય પાળતી હતી, જેથી સંતતિ નિયમન રહેતુ હતું. તે દરેકને છૂટ આપીને સંતતિ વધે, તેવો માર્ગ ખુલ્લો કરીને હવે તેના ઉપર અંકુશો ખાનપાનની તંગીનું નિમિત્ત આગળ કરીને, ઓપરેશનની સગવડ કરી આપીને વિકૃત સંજોગો ઉભા કરવામા આવે છે. જેમ બને તેમ સ્ત્રી-જાતિને છૂટ આપીને, સંતતિ વધવાના માર્ગો ખુલ્લા કરવામાં આવે છે. ને સંયમને તોડવામાં આવે છે. (૯૦) ને પછી તોડાતું આરોગ્ય અને જીવનમા આર્થિક મુશ્કેલીઓ વધારીને પરિણામે પછી પ્રજા જ ધીમે ધીમે ઘટી જાય, તેવો પ્રબંધ શરૂ કરવામાં આવ્યો છે. આવી આવી નાની–મોટી બન્નેય તરફની (સાંસ્કૃતિક તત્ત્વોને અદૃશ્ય કરવા. અને પ્રાગતિકને વિકસાવવા) હજારો બાબતો છે. પ્રથમ પ્રવેશેલી નવી બાબતો આજે પરાકાષ્ઠાએ પહોંચતી જાય છે કેટલીક મધ્યમ હદે પહોંચી છે. કેટલીક શરૂ થઇ છે.

કેટલીક હવે પછી પ્રવેશાવવાની છે. ને દિવસે ને દિવસે નવી પેસતી જાય છે. (અ) બહારની પ્રજાઓના સંતાનો વધતા જાય અને (આ) સ્થાનિક પ્રજાના સંતાનોને પોતાના જ આ દેશમા રહેવું ભારે પડતું જાય. સાંસ્કૃતિક જીવન જીવવુ ભારે પડતું જાય. અને તેથી વિનાશ તરફ ધકેલાતી જ જાય–ધકેલાતી જ જાય. (૯૧) માત્ર કૃત્રિમ લાલચોથી અને બહારની આશાઓ વચનોથી કે આશ્વાસનોથી પ્રજા પોતાને શાંત અને સુખી માનતી રહે, ને વાસ્તવિક રીતે પરાશ્રિત બની જાય. "નબળા બનેલી પ્રજાનાં જીવનમા કેટલી ભયંકર અસર થશે." તેનો ખ્યાલ આવવા જેવા. તે દૂર ન કરતાં તેના ઉપાય તરીકે સાથે જ "ગરીબ પ્રજા માટે સસ્તી ચીજો મળે, તેવી દુકાનો સરકારે ખોલવાની" ભલામણો સ્પષ્ટ શબ્દોમા થતી રહે છે. તે ઉપરથી ગરીબો તરફ ધારાસભ્યોની સહાનુભૂતિ દેખાઈ આવે, પરંતુ તેમાં એક દોષ મોટામા મોટો એ દાખલ થતો હોય છે, કે–પ્રજા આશ્રય સ્થાનો ઉપર જીવતા એક માનસ જેવી બનતી જાય છે–બનાવાતી જવાય છે. પોતાના બાવડાના બળ ઉપર પ્રજા સૂકો રોટલો ખાય તોપણ તેનું ખમીર ટકી શકે છે પરંતુ જેમ જેમ આશ્રયો ઉપર જીવન જીવતી થાય, તેમ તેમ તેનો નાશ વ્હેલો જ થાય. એટલે કે પ્રજાને એક તરફથી નિર્બળ બનાવીને બીજી તરફથી સહાય આપીને આશ્રયે જીવતી રાખવાની તો પરદેશીઓની મૂળભૂત નીતિ છે જ. તેને ધારાસભ્યો ટેકો આપતા હોય છે. એ પ્રજાના અહિતમા જતું હોય છે. બહારથી ભલે પ્રજા તરફ દયા અને સહાનુભૂતિ દેખાતા હોય આનાથી બીજી કઇ ઘટના ભયંકર હોઇ શકે ? જુદા જુદા નિમિત્તો આગળ કરીને કામ કાર્ય સરકારી અંકુશો દરેક બાબતોમા નિયંત્રણ અને બીજી તરફથી વિશાળ પાયા ઉપર આશ્રયખાતાઓના ઉદ્દઘાટનો આ પ્રક્રિયા જ પ્રજાના ખમીરના નાશની સ્પષ્ટ રીતે જ નિશાની કેમ ન ગણી શકાય ? દુનિયાભરનું નાણાકેન્દ્ર હોવાથી ભારતમાં પ્રાચીન કાળમા પ્રજા પાસે ધન ઘણુ દેખાતું નહોતું. પરંતુ દરેક પોતાના રળેલા રોટલા ઉપર કુટુંબના જીવનનો પાયો ટકાવતા હતા. કોઇના ઓશીયાળા રહેવાનું પસંદ કરતા જ નહીં. એટલે પ્રજાનું જીવન સાદુ સંયમી છતા આશ્રયી હતું. આજે તે તત્ત્વ તુટતુ જાય છે. (૯૨) બોર્ડીંગો જેવો હોસ્પીટાલોઃ આશ્રમો અનાથાશ્રમો. હોટેલો. સસ્તા અનાજની દુકાનો સ્ત્રીઓના આશ્રમો. વગેરે રૂપે આશ્રયસ્થાનો વધતા જ જાય છે, વધતા જ જાય છે. એ એક સ્વતંત્ર ને શક્તિશાળી પ્રજાની અવનતિના સચોટ પૂરાવા છે. ક્વચિત્ એવા સાધનો હોય, તે જુદી વાત છે. પરંતુ તેમા વધારો થતો જાય, એ મહાદોષ વધતા જવાનો સચોટ પૂરાવો છે. (૯૩) ભારતની સ્થાનિક પ્રજા ધંધા દેશમા ન મળવાથી બહાર તેને જવું પડે જ. અને બહારનાઓને કારખાના કરવાની–ધંધા કરવાની–મુડી રોકવાની–નિષ્ણાતતા બતાવવાની સગવડ અહીં વધતી જાય છે. ને કોઇ કોઇ અહીના વતની બનતા જાય છે. બહાર ખેચાઇ જવાની આંતરરાષ્ટ્રીય યોજનાના બીજરૂપે અમેરિકાએ પ્રથમ ૧૦૦) સો ભારતીયોને વસાવવાનો નિયમ રાખ્યો હતો. હવે પ્રે૦ આઇકે તે સંખ્યામા વધારો કરવાની પ્રવૃત્તિ શરૂ કરી છે. એ ભારતની આર્ય પ્રજાને વેરવિખેર કરવાની યોજનાના બીજો છે. (૯૪) વળી આશ્રમ શબ્દે ભારે ગોટાળો ઉભો કર્યો છે. આશ્રમ શબ્દ પ્રાચીન ઋષિઓના તપોઆશ્રમોનો અથવા જીવનની ચાર ક્રમિક આધ્યાત્મિક વિકાસની કક્ષાઓને પણ–બ્રહ્મચર્યાશ્રમઃ ગૃહસ્થાશ્રમઃ વાનપ્રસ્થાશ્રમ. અને સન્યસ્તાશ્રમ નો સૂચક છે. તે શબ્દ આજના આશ્રયસ્થાનની સંસ્થાઓને લાગુ પાડીને તેની પ્રતિષ્ઠા ઉભી કરવામા આવી છે. (૯૫) મુંબઇ. કલકત્તા કરાચીઃ અને મદ્રાસ આ ચાર પશ્ચિમની પ્રજાની પ્રગતિના તથા ધંધાના કેન્દ્ર શહેરોએ દેશના ગામડા અને બીજા શહેરોના સંગઠિત સાંસ્કૃતિક જીવનનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો છે. અને બીજા નવા મોટા શહેરો રચવાની ગોઠવણો ચાલુ થઈ ગઇ છે ગામડા નવેસરથી વસાવી ત્યાં પણ પાશ્ચાત્ય પ્રગતિ લઇ જવા માટે આધુનિક પ્રાગતિક આદર્શના ગ્રામ્યોદ્ધારની વાતો કરવામા આવે છે. (૯૬) પ્રથમની મહાજન સંસ્થાની ગ્રામ્ય પંચાયતને ઉત્તેજન આપવાને બ્હાને તેને સ્થાને કહેવાતા લોકશાસનની ખરી રીતે સરકારી કાયદા મુજબની પંચાયતો સ્થાપી દીધી છે. ને તેઓ મારફત આધુનિક પ્રગતિને આગળ વધારવા સત્તાઓ. અને સગવડો પ આપવામા આવેલ છે. ને તેમા વધારો કરાતો જશે. જેથી ગામડા-

ઓના સાંસ્કૃતિક સ્વાશ્રયી જીવન તૂટશે અને પરાશ્રિત તથા બહારના ધનથી પ્રાગતિક પરાશ્રિત જીવન ખૂબ વિકસિત થશે મોસાળ વિવાહ અને મા પીરસનારઃ જેવો ઘાટ થયો છે.

આમ હરેક રીતે આત્મવાદના પાયા ઉપરનું જીવન ધોરણ તોડાઇ રહ્યું છે, જે આપણી પ્રજાના અણવિકાસઃ અવનતિ· પાછળપણા વગેરેના કારણરૂપ છે. અને એ જ વિદેશીઓના વિકાસ· ઉન્નતિઃ આગળ વધવાપણા ના કારણરૂપ છે. એવા નાના મોટા હજારો પ્રયાસો ચાલુ થયા છે. તે સર્વને **યોજનાનું** રૂપાળું નામ અપાયુ છે. અને મોટી મોટી યોજનાઓમા બીજી રીતે નાની મોટી હજારો યોજનાઓનો સમાવેશ થતો હોય છે. આનું નામ ક્રાંત મહા પરિવર્તન· નવસર્જન છે. આથી વિશેષ અહી લખવાને સ્થાન નથી

[૧૬] સ્વાર્થઃ અન્યાયઃ અને અપ્રામાણિકતાઃ વગેરે

૧ અહી ખાસ વિચારવાનુ તો એ છે, કે—આ રીતે એક જ પ્રજાની ખાસ ઉન્નતિઃ અને બીજી મુખ્ય ત્રણ મોટી પ્રજાઓની અવનતિ માટે આધુનિક વિજ્ઞાનને ઉત્તેજિત કરવામા આવે છે. અને તે રીતે તેનો ઉપયોગ કરવા ને કરાવવા.માં આવે છે. તેમા ન્યાયઃ કે પ્રામાણિકતા કઇ રીતે સંભવી શકે ? તેને સત્ય પણ કેમ કહી શકાય ? સારો કે મોટો કોઇ પણ બનાવ બને, બની જાય, તેને સત્ય કહી શકાય ?

૨ " આત્મા " નથી જ. અને " તેના હ્રાસ કે વિકાસ કે મોક્ષ નથી જ. " એમ નક્કી થઈ ગયા પછી, કેવળ ભૌતિકવાદના આધાર ઉપર જીવનધોરણ ઉપસ્થિત કરવામાં પ્રામાણિકતા હતી. પરંતુ, તે નક્કી થયા વિના જ, કેવળ ભૌતિક વિજ્ઞાનના આધાર ઉપર રચાયેલા જીવનધોરણો શરૂ કરી પ્રચારવામાં આવે છે. ને બળ ધન તથા યુક્તિ–પ્રયુક્તિથી માનવોના જીવનમાં ઉતારવામાં આવે છે. માટે તે " ઇરાદાપૂર્વકના સ્વાર્થ પ્રયુક્ત છે " એમ પૂરવાર થાય છે.

૩ કારણ કે-વૈજ્ઞાનિકો પણ " કેવળ ભૌતિક જ જગત્ છે. " છાતી ઠોકીને પુરવાર કરી શકતા નથી. કરી શકવાના નથી. એમ પ્રો૦ આઇન્સ્ટાઇન જેવા સમર્થ વૈજ્ઞાનિકને પણ એ ભાવાર્થનુ કહેવુ પડયું છે, કે " ભૌતિક વિજ્ઞાન કદી સારી કીડી બનાવી શકશે નહીં. " તેથી રાજ્યદ્વારી લોકો મારફત જ ભૌતિકવાદનો પ્રચાર પણ કામચલાઉ રીતે માત્ર બીજી પ્રજાઓના શાંત જીવનની આધાર શિલારૂપ જ આત્મવાદ અને તેના જીવનધોરણો· તેની સંસ્થાઓ અને બીજા સાધનોઃને તોડવા માટે કરાવવામાં આવે છે. માટે એ વધારે ભયંકર બનાવ આજે જગતમા ચાલી રહ્યો છે. તે મુખ્ય વાધાભરેલી બાબત છે. તેમાં જ્યાં સુધી ધરમૂળથી પરિવર્તન ન થાય, ત્યાં સુધી સાચી શાંતિની આશા આકાશ–કુસુમ સમાન છે.

[૧૭] હાલના વૈજ્ઞાનિકો અને આત્માઃ

અ મગજ અને આત્માનો સંબંધઃ એક જર્મન વિજ્ઞાનીની માન્યતાઃ

આધુનિક તબીબી વિજ્ઞાનમાં હવે મનુષ્યના આત્મા તરફ તબીબી વિજ્ઞાનીઓ ધ્યાન આપવા લાગ્યા છે, કારણ કે તબીબો હવે માને છે, કે " રોગો માનસશાસ્ત્રીય રીતે મટાડી શકાય છે. અને માનસિક કારણોને લીધે રોગો ઉત્પન્ન થાય છે " આ કારણો વિષે વિજ્ઞાનીઓ મગજ અને આત્મા વિષે વધુ ઉંડા વિચાર કરવા લાગ્યા છે.

મગજ. અને આત્મા· વિષે અનેક સિદ્ધાંતો પ્રવર્તે છે. પરંતુ જ્યારે પ્રયોગો કરી સાબીતી મેળવવા પ્રયાસો થાય છે, ત્યારે જણાય છે, કે—" આવા ઘણાખરા સિદ્ધાંતો પોકળ છે. "

મનુષ્યના શરીરમા મગજ એક સારે [illegible] કામ કરે [illegible] તે વિષે આપણું જ્ઞાન અલ્પ છે મગજના [illegible] શરીરના [illegible] હલન-ચલન થાય છે. માણસ બોલે એ [illegible] મગ[illegible] જના નકશાએ દોરવામા આવ્યા છે અને [illegible] છે? તે જણાવવામા આવ્યું છે. પરંતુ એક જર્મન વિજ્ઞાનિના [illegible] " આ [illegible] નથી. મગજના આ વિવિધ ભાગો વિજળીના ગોળા જેવા [illegible] આવે છે."

મગજની કામગીરી સમજાવવા તેના આંતરમગજ અને બાહ્ય મગજ એવા બે ભાગો પાડવામા આવ્યા છે. અને તેને લીધે માણસમા બે પ્રકારની [illegible] છે. બાહ્ય મન [illegible] બાબતોનો વિચાર કરે છે, જ્યારે આંતરમન સંસ્કારોને [illegible] છે. આ આંતરમનમાં [illegible] વૃત્તિઓ જ માનવીનું ઘડતર કરે છે. અને એમાથી [illegible] છે.

પરંતુ મગજના આવા ભાગો કે જુદી જુદી શરીરની ક્રિયાઓ [illegible] કેન્દ્રોનો સિદ્ધાંત [illegible] કલ્પના જ છે.

મગજની સરખી જ રચના ધરાવતા બે માનવીઓ લઈએ, તો એક બનાવ એ બન્નેના મગજ પર જુદી જુદી અસરો પાડે છે. મગજનો અમુક ભાગ માનવીની બુદ્ધિ સાથે સબંધ ધરાવે છે, એમ અત્યારસુધી માનવામાં આવ્યું હતું. પરંતુ તાજેતરમા એક દર્દીના મગજનું ઓપરેશન કરી મગજનો આ ભાગ કાઢી નાંખવામા આવ્યો હતો. છતા પણ એ દર્દીની બુદ્ધિને કશી જ અસર થઈ ન હતી હા, એ માણસનો સ્વભાવ કરકસરિયો થઈ ગયો હતો પણ એ બાબતને આ ઓપરેશન સાથે કશો જ સંબંધ ન હતો.

આને લીધે માનસશાસ્ત્રીઓ હવે માનવા લાગ્યા છે, કે શરીરની અમુક ક્રિયાઓને મગજના અમુક ભાગ સાથે નહિ પણ અનેક ભાગો સાથે સબંધ છે.

મનુષ્યના મગજના આંતરમન અને બાહ્યમન એવા જે બે ભાગો પાડવામા આવે છે. તે બન્ને એક બીજા પર અસર કરે છે. અને હવે માનવામા આવે છે, કે-મનમા જે ગજગ્રાહ ચાલે છે, તે વાત બરાબર નથી. અને મગજ સમગ્રપણે જ વિચાર કરે છે.

મગજની બાબતોમાં સંશોધન કરનાર પ્રખ્યાત જર્મન વિજ્ઞાની **લોએન્થલ** માને છે, કે-'આત્મા જેવી કોઈ ચીજ હયાતી ધરાવે છે. પરંતુ મગજના સંશોધનની વૈજ્ઞાનિક પદ્ધતિથી આપણે તેનો પાર પામી શકીશું નહિં. આવો આત્મા હયાતી ધરાવે છે. પરંતુ એની હયાતી સુક્ષ્મ છે. આવો આત્મા શરીરમાં શો ભાગ ભજવે છે? તે વિષયમા ભારતીય તત્ત્વજ્ઞાન ઘણુ જ આગળ વધ્યું છે, અને અનુભવ, પ્રયોગો, નિરીક્ષણ વગેરેને પરિણામે તેને વિષે ચોક્કસ ખ્યાલો બાંધવામા આવ્યા છે.

" આ આત્માને સમજવા માટે સ્થૂલ ભૌતિક વિજ્ઞાન પુરતુ નથી "

આ " માનવના વ્યક્તિત્ત્વ વિષે વિચાર કરતાં હાલનું ભૌતિક વિજ્ઞાન ઇન્દ્રિયો મગજ અને મન સુધી પ્રથમ પહોંચેલું હતું, હવે તે વૈજ્ઞાનિકો પણ મનનેય જડ માનતા થયા છે ને કહે છે કે- "મનની પાછળ વિચારોનુ એકીકરણ કરનાર બુદ્ધિ જ્ઞાન-શક્તિ કામ કરી રહેલી છે. ઉપરાંત બુદ્ધિની-જ્ઞાનની સંગતિઓ કરનાર-પ્રેરક-જ્ઞાતા કોઇ હોવો જોઇએ જ્ઞાન **વ્યાપારઃ** છે. જ્ઞેય જ્ઞાનનો વિષય છે. અને જ્ઞાન દ્વારા જ્ઞેયનો કોઇ **જ્ઞાતા**-જાણનાર હોવો જ જોઇએ પરંતુ જેના સ્વરૂપનો ખ્યાલ હજી તેઓને આવતો નથી પરંતુ કહે છે કે-" કાંઈક છે, જે અગમ્ય છે. Some thing irrational "

અહીં સુધી તેઓની બુદ્ધિ પહોંચેલી છે. અર્થાત્ તેઓ પણ માત્ર "બુદ્ધિ સુધી જ પ્રાણીઓના વ્યક્તિત્વનું મૂળ છે" આટલેથી અટકી જઇ, ત્યા જ સ્થિર થઇ શકતા નથી. પાછી અનેક શંકાઓ તેઓને ઉદ્‌ભવે છે આત્મા શબ્દનો ઉપયોગ કરીને "તે એક સ્વતંત્ર પદાર્થ છે." એમ સ્પષ્ટ હજી બોલતા નથી. અને તેથી આગળ વધીને "દરેક આત્માઓ અને વિશ્વના બીજા પદાર્થોની વચ્ચે પણ પરસ્પર કોઇ સંબંધો છે, તથા ઉત્પાદ સ્થિતિ અને વ્યયાત્મક એક મહાસત્તા વિશ્વવ્યાપક સંચાલનના કારણભૂત છે." ત્યા સુધી પહોંચેલા નથી. ઝાખું ઝાખું "**કાંઇક**" તેઓની વિચારણામા ભાસે તો છે જ. પરતુ કાઇ સ્પષ્ટ કહી શકતા નથી તેઓએ વિચારણાઓ ઘણી ઘણી કરી છે, ને કરે છે, તેના અનેક રીતે વિશ્લેષણો કરે છે પરંતુ હજી બધું અદ્ધર બાજીએ-કામચલાઉ વિચારણારૂપે-અચોક્કસ સ્થિતિમાં ચલાવે છે, ચલાવ્યે રાખે છે.

"આજના વૈજ્ઞાનિકો હજુ **આત્મા-પદાર્થ** વિષેના જ્ઞાનમાં ખાસ કરીને આગળ વધી શકયા નથી. પરતુ ભૌતિક પદાર્થોમાં ઘણું ઘણું શોધી શકયા છે" એમ આજના ઘણા સામાન્ય સમજના માનવો બોલી રહ્યા છે. પરંતુ કુદરત એટલી બધી અગાધ છે, કે-"હજુ પાશેરામાં પહેલી પૂણી પણ કંતાઈ નથી." એમ ખુદ વૈજ્ઞાનિકો જ માને છે, ને લખે છે. વૈજ્ઞાનિકો આજે લગભગ સો જેટલા (કાંઇક ઓચ્છા) જગતના મૂળભૂત પદાર્થો માને છે. પરતુ તે તો સર્વ પુદ્‌ગલ-પરમાણુઓના જુદા જુદા સ્વરૂપના સખ્યાતીત પરિણામોમા જ સમાવેશ પામી જતા હોય છે. એટલે આધુનિક વિજ્ઞાનના સર્વ તત્ત્વોનો માત્ર પુદ્‌ગલ દ્રવ્યમા જ સમાવેશ થઈ જાય છે. કારણ-ભૌતિક પદાર્થો પુદ્‌ગલ દ્રવ્યમા સમાય એ સ્વાભાવિક છે.

[૧૮] પ્રાચીન આત્મજ્ઞાનીઓ: અને શાસ્ત્રો:

ત્યારે ભારતના સર્વજ્ઞ મહાજ્ઞાની પુરુષોએ "આત્મા" ઇન્દ્રિયોથી અગ્રાહ્ય પરતુ સ્વાત્માના સ્વસવેદનથી ગ્રાહ્ય પદાર્થ છે. તથા અન્ય આત્માઓ જે સંવેદનો: કરતા હોય છે, અને તત્પ્રયુક્ત ચેષ્ટાઓ કરતા હોય છે, તે ઉપરથી તે બીજા આત્માઓ પોતાના જ્ઞાનાદિકનો ઉપયોગ કરે છે, જ્ઞાનાદિકને આધારે પ્રવૃત્તિ-નિવૃત્તિ કરે છે. તેના જ્ઞાનરૂપ હેતુની મદદથી એટલે કે જ્ઞાનના સ્વઉપયોગની સહાયથી અનુમાન કરીને અન્ય આત્માનું પણ અસ્તિત્વ હોવાનું સમજી શકાય છે" એમ કહ્યુ છે. તથા-"પ્રત્યેક પ્રાણીના જ્ઞાન શ્રદ્ધા સારા-ખોટા વર્તન ઇન્દ્રિયોના જુદા જુદા વપરાશ: મનની જુદી જુદી સ્થિતિ: બુદ્ધિમા થતી જુદી જુદી અસરો વગેરે ઉપરથી પ્રત્યેક આત્મા પણ પોતપોતાના જુદા જુદા ગુણો ધરાવે છે" એમ બતાવ્યુ છે. તે સર્વમા બાહ્ય વધ-ઘટ કરનાર કર્મનુ "**સાંચા કામ**" કેવી રીતે કામ કરી રહ્યુ છે? તે પણ વિસ્તારથી બતાવેલું છે.

"તેને આધારે આખી જીવન વ્યવસ્થા ચાલે છે અને તેના સારા યા નરસાપણાના વિકાસ તથા હ્રાસના પૃથક્કરણો સમજી શકાય, તેવો વિકાસ-હ્રાસ કરી શકાય છે" વગેરે સદ્‌ભૂત વસ્તુસ્થિતિઓ બહુજ સ્પષ્ટ રીતે સમજાવી છે."

રત્નત્રયી-સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમય-વ્યવસ્થા, હેયોપાદેય વ્યવસ્થા તથા ઇહલોક પરલોક. પરમાત્મતત્ત્વ" વગેરે સમજાવ્યા છે. એ જ વિચારણાઓને વધારે ઉડી લઇ જઇ "જડ-ચેતન પદાર્થો. તેઓનો પરસ્પર સબંધ તે સર્વમા ઘણી ઘણી વિષમતાઓ છતા ઘણી ઘણી સમાનતાઓ: દ્રવ્યત્વ. ગુણત્વ પર્યાયવત્ત્વ નિત્યત્વ અનિત્યત્વ એકત્વ અનેકત્વ પરિણામિત્વ અપરિણામિત્વ સ્વ-સ્વામિત્વ: પર-સ્વામિત્વ મૂર્તત્વ અમૂર્તત્વ વ્યાપકત્વ અવ્યાપકત્વ ભિન્નત્વ અભિન્નત્વ અસ્તિત્વ નાસ્તિત્વ ચેતનત્વ: અચેતનત્વ પૃથક્ત્વ અપૃથક્ત્વ અન્યત્વ અનન્યત્વ: વગેરે" સમજાવેલ છે. તેથી આગળ

"इन्द्रियाणि पराण्याहु ०" પૃ૦ ૭૮૫

વધીને ઉત્પાદ–વ્યય–સ્થિતિત્વ અને તેથી જ જુદા જુદા રૂપે પરિણામમાં ગતિ અને સ્થિરતા આદિની વિચારણા કરી છે. સ્થિતિ સમજાવી છે. આ બધું જ્ઞાન માનવ જાતને કામ કરે તેવી સમજણ આપી જાય છે. આજના વૈજ્ઞાનિકો ફાંફા મારે છે. અને ધન શક્તિ તથા સમયનો દુરુપયોગો ને નાશ કર્યા કરે છે, ને માનવજાતને હેરાન કરે છે, હિંસામા વધારો કરે છે.

[૧૯] આત્મા હોવાની અમૂક પ્રતીતિઓ:

૧ ગમે તેવું નાસ્તિકમાં નાસ્તિક માનસ ધરાવની વ્યક્તિને યોગાનુભવ–આત્માના આધ્યાત્મિક વિકાસનો અનુભવ–આત્મા પદાર્થનું અસ્તિત્વ કબુલ કરાવ્યા વિના રહે તેમ નથી જ. " શરીરમાં આત્મા નામના સ્વતંત્ર પદાર્થના અસ્તિત્વ વિના આધ્યાત્મિક કામ–વિરામ પ્રેમ સ્નેહ પરોપકાર રાગ દ્વેષઃ રાગ-દ્વેષાભાવ. સંતોષ સહન કરવાની વૃત્તિ ત્યાગ તપ ચિંતન મનન ઇત્યાદિ સ્વાર્થથી નિરપેક્ષતા. વગેરેઃ કોઇપણ રીતે સંભવિત નથી જ." આ નિશ્ચિત સત્ય છે. આત્માને ન માનનારા બાહ્ય સમજથી જ વિશિષ્ટ અનુભવ કર્યા વિના જ આત્માના અસ્તિત્વનો ઇન્કાર કરતા હોય છે. શ્રદ્ધા-રથી જ " તે ન હોવાના " ગુલબાંગો ઉડાડતા હોય છે. ઘણા અજ્ઞાન જીવો તેઓની જાળમાં ફસાઈ પણ જાય છે. કારણ કે આત્માઓ પણ કર્મોની ચાલિક જેવી જાળમાં ગુંથાયેલા હોવાથી જ્ઞાન અને અજ્ઞાન અવસ્થાઓમાં પસાર થતા હોય છે તેથી અજ્ઞાન અવસ્થાની વખતે ખોટી વાતોને પણ સાચી મનાવી દેવા તરફ તેઓને લલચાવી જાય છે, ને ફસાવી દે છે.

૨ આત્માને સ્વતંત્ર પદાર્થરૂપે દરેક આત્મવાદી દર્શનોએ માનેલ છે શિવાય કે બૌદ્ધદર્શન આત્મવાદી છતાં, તેણે આત્માને પાંચ સ્કંધોમય સાયોગિક પદાર્થ માન્યો છે. સર્વ આત્માઓને સ્થાને એક પરમ બ્રહ્મની માન્યતા ધરાવનારા વેદાંતિઓને અલગ અલગ જીવનવ્યવસ્થા ઘટાવવા પાછા ભેદો તો કલ્પવા પડે જ છે. સાંખ્યાદિક ૨૫ (પચ્ચીશ) તત્ત્વો માને છે. તેમા પુરુષ અને પ્રકૃતિ વિષે ઘણી ઉલટી–સુલટી કલ્પનાઓ કરવી પડે છે, ને અસંગતિઓની ખીણમાં ઉતરી પડે છે.

જેમકે-તેમણે માનેલા પાચ ભૂતોમાં (૧) પૃથ્વી, (૨) પાણી, (૩) તેજો. (૪) વાયુ, (૫) આકાશ-માંના પહેલા ચાર તો જીવોના પુદ્દગલદ્રવ્યના જ શરીરરૂપે જુદા–જુદા પરિણામો છે. મૂળ દ્રવ્ય તરીકે જુદા જુદા નથી. આકાશ સ્વતંત્ર વિશ્વના આધારભૂત પદાર્થ છે.

૩ " અનુક્રમે ગતિસહાયક અને સ્થિતિસહાયક ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે લોક વ્યવસ્થાના હેતુભૂત છે." જૈન શાસ્ત્રકારોએ બીજા સર્વ દર્શનો કરતા વધારાના પદાર્થો માનેલા છે. શિવાય જુદા–જુદા દર્શનકારોએ કે તત્ત્વચિંતકોએ માનેલા તમામ પદાર્થોના આત્મદ્રવ્ય અને પુદ્દગલ-દ્રવ્યના વિવિધ સ્વતંત્ર કે સાંયોગિક સ્વરૂપોમાં સમાવેશ પામી જાય છે

૪ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય માટે ઇતર વૈજ્ઞાનિકોયે નીચે પ્રમાણે સમ્મત થાય છે

" प्रथम Parmonides Zeno वगैरह दार्शनिक धर्म अथवा Principle of motion स्वीकार नहीं करते थे। परतु इसके बाद न्यूटन जैसे विद्वानोंने गतितत्त्वका सिद्धात स्थापित किया। *ग्रीसके

---

* ગ્રીસના સોક્રેટીસ વગેરે તત્ત્વજ્ઞાની ગણાતા વિદ્વાનો આરફિકમતના વિદ્વાનો ગણાય છે ભારતના જૈન વેપારીઓના પરિચયથી સંભવ છે કે તેઓ આર્હત્દર્શનનું તત્ત્વજ્ઞાન જાણી શકયા હોય, આર્હતિકનું જ આરફિક શાબ્દિક રૂપાન્તર કેમ ન હોય? છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર વર્ધમાન સ્વામી પછી થોડાક જ દશકા બાદ ગ્રીક તત્ત્વજ્ઞાની સોક્રેટીસ થયાનો ઇતિહાસ છે. સમભાવ અને આત્મયોગમાં આનંદ પામવાનું ઉંડું શિક્ષણ મળ્યા વિના ઝેરનો પ્યાલો પી જવો એ સહેલું કામ

.Heraclitus जैसे दार्शनिकने अधर्म तत्त्व माननेसे इनकार किया। principle of rest इनको मान्य नहीं था। परंतु इसके बाद Perfect equilibrium मे अधर्मतत्त्व नामान्तरसे भी मान्य हुआ" "परतु इसके बाद रसेल जैसे आधुनिक दार्शनिकने space की तात्त्विकता मान्य की। आकाश एक सत् की भाँति सत्य पदार्थ है। इस बात को अधिकतर rinst ein भी मानते है।"

—हरिसत्य भट्टाचार्य का "जैनकथा" निबधका श्री ऋषभदास डागाकृत "जैन विज्ञान" हिन्दी अनुवाद.

કાળની બાબતમા તત્ત્વાર્થકાર સ્વતંત્ર દ્રવ્ય તરીકે માનવામા સમ્મત નથી. કેમકે પાચમા અધ્યાયના બીજા સૂત્રમાં દ્રવ્યો ગણાવતી વખતે કાળને દ્રવ્ય તરીકે ગણાવ્યો જ નથી. છતા ભાષ્યમાં છ દ્રવ્ય શબ્દનો પ્રયોગ કરીને કાળદ્રવ્ય માનેલ છે તે ઉપરથી તે પર્યાય છતા તેને ઉપચારથી દ્રવ્ય માની લીધુ છે. કેમકે આગમોમાં બન્નેય માન્યતા છે. અને તે જણાવવા કાળના ઉપકારો બતાવ્યા છે. તથા कालश्चेत्येके સૂત્ર કહીને મતાન્તરથી પણ તેની દ્રવ્યતા ઉપચારથી સ્વીકારી છે. "गुणपर्यायवद् द्रव्यम्" એ સૂત્રમાં સૂચિત લક્ષણ કાળમાં ઘટતું નથી. એ સ્પષ્ટ જ છે. તેથી જુદું સૂત્ર રચવું જ પડ્યું છે, દિગંબર સંપ્રદાય માન્ય સૂત્રોમાં પણ कालश्च એવું સૂત્ર રચીને દ્રવ્યપણું સૂચવ્યું છે. જો ઉપરના સૂત્રથી લક્ષણ ઘટતુ હોત તો જુદું સૂત્ર રચવાની જરૂર હતી જ નહીં. તથા દ્રવ્યની ગણના કરાવતા ૫-૨ સૂત્રમા પણ काल શબ્દ નથી. આગમોમાં કાળને જીવ-અજીવરૂપ કહેલ છે. તેથી તે બન્નેયના પર્યાય છે. એ વાસ્તવિક સ્થિતિ છે તો પણ બીજા દર્શનકારો કાળને એક જુદા પદાર્થ તરીકે માને છે, તેમજ વ્યવહારમાં જુદા પદાર્થ તરીકે હોય તેવી રીતે તેનો ઉપયોગ કરાય છે, માટે કાળને અપેક્ષાએ દ્રવ્ય તરીકે ગણાવેલ છે.

फ्रान्सके एक सुप्रसिद्ध दार्शनिक Bergson ने तो यहा तक कह दिया है कि—काल वास्तव में Dynamic reality है.

ઉપરોક્ત "જૈન કથા" નો "जैन विज्ञान" હિંદી અનુવાદ.

૫ જીવસૃષ્ટિ આ પૃથ્વી સિવાય બીજે પણ હોવાનુ હાલના વૈજ્ઞાનિકો માનતા થયા છે.

"વિજ્ઞાનીઓ કહે છે, કે—વિશ્વના જીવનને પોષી શકે એવા ઓચ્છામા ઓછા દશ કરોડ ગ્રહો છે. અને તેમાથી ઘણામાં માણસ જેવા જ કે એનાથી ચડિયાતા જીવંત અને વિચાર કરતા જીવો વસતા હોય એવો સંભવ છે."

પૃષ્ઠ ૮. "મુંબઇ સમાચાર" સાપ્તાહિક ૩-૪-૬૦

આ રીતે દેવસૃષ્ટિ માનવા સુધી વૈજ્ઞાનિકો પહોંચતા જણાય છે.

૬ આધુનિક વૈજ્ઞાનિકો કહે છે, કે—"વિશ્વ ત્રણ નિહારિકાઓથી વ્યાપ્ત છે. દરેકે દરેકમા ગ્રહો તારાઓ વગેરે દેખાતા આ સૂર્ય કરતાયે ઘણાં મોટા હોય છે વગેરે." જૈનદર્શને પણ ઉર્ધ્વલોકઃ અધોલોકઃ અને તિર્યગ્લોકઃ એ ત્રણ ભાગમાં વિશ્વને વહેંચે છે

૭ અલોકમાં લોક-વિશ્વ એક બિન્દુ સમાન છે. અલોકમા માત્ર આકાશ જ છે. કેમકે—અભાવરૂપ પદાર્થ તો સંભવી શકે જ નહીં. લોક-વિશ્વની-બહાર જે કાંઇ છે, તે ભાવાત્મક પદાર્થ છે. અને તે માત્ર આકાશ જ છે.

નથી. બહુ જ મજબુત મનોબળથી એ કામ બની શકે છે આરફિક મતના મંદિરમાં તે વખતે પણ હિંસા બંધ હતી. તેમના શિષ્ય પ્લેટોના નિબંધમાં સપ્તભંગી એટલે કે સ્યાદ્વાદના સિદ્ધાંતો મળે છે. અને પેથેગોરસના લખાણમા પ્રતિક્રમણ જેવા અનુષ્ઠાનની સ્થિતિ મળી શકે છે.

૮ લોકમા અનંત પરમાણુઓ, અનંત આત્માઓ, અને તે બન્નેના સંયોગથી બનેલ અનંત શરીરાત્મક પદાર્થો એ શરીરનાં સંયોગોથી કે વિભાગોથી કે વિભાગોના સંયોગોથી ભિન્ન થયેલા અનંત પદાર્થો છે. એમ અનંત પદાર્થાત્મક દ્રષ્ટિગોચર આ વિશ્વ છે. તેની સાથે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એમ કુલ પાંચ પદાર્થો છે. તે સિવાય બીજો પદાર્થ નથી

૯ વિશ્વ કેવડું છે? તે વિષે બીજા કોઈ દર્શન કહી શકતા નથી. "કલ્પના શક્તિ કરતા વિશ્વ ઘણું વિશાળ છે." એમ તો પ્રાચીન અર્વાચીન દરેક તત્ત્વવિચારકોને કહેવું જ પડે છે. તેથી સર્વ તીર્થંકરો કથિત ચોક્કસ સ્વરૂપ-યુક્ત વિશ્વને માનવું એ જ આધારે પ્રામાણિક ઠરે છે. કેમ કે તેઓ વિશ્વની વ્યવસ્થા ચોક્કસ શબ્દોમા ગણિતપૂર્વક કહે છે. "ચૌદ રજ્જુલોક પ્રમાણ વિશ્વ છે. અને કયા કયા પદાર્થો કયાં કયાં છે? તે બરાબર ગણિતના હિસાબપૂર્વક કહે છે. ત્યારે બીજા અનિશ્ચિત સ્થિતિમા એ વાતો કરે છે. તીર્થંકરોની ઘણી વાતો ભલે આપણને ન સમજાતી હોય તે અનાભોગ છે. પરંતુ તેમણે જે અને જે રીતે ચોકસાઇપૂર્વક વિગતથી કહ્યું છે તે અને તે પ્રમાણે કોઈએ કહ્યું નથી અને કોઇ કહેતા પણ નથી

૧૦ (૧) આત્મા વિષે પણ જૈન-દર્શન ચોક્કસ જ સમજુતી આપે છે. સમૂહાત્મક તમામ આત્માઓમા અમુક-અમુક સમાનતાઓ તો હોય જ છે. છતાં દરેકનું વ્યક્તિત્વ-**તથાભવ્યતા** જુદું-જુદુ હોય છે. (૨) આત્મા રૂપ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ રહિત છે. શરીરની આકૃતિ પ્રમાણે નાની મોટી આકૃતિ ધારણ કરનાર છે, વધારેમાં વધારે ચૌદ રજ્જુ લોકમા વ્યાપક થઇ શકે છે. સાંકળના અંકોડાની માફક તેના પ્રદેશો કદી છુટા ન પડે તેમ જોડાયેલા રહે છે. નાનો-મોટો થઈ શકે છે સંકોચાઇ શકે છે પહોળો થઈ શકે છે. તેમાં જ્ઞાન, ક્ષમા, ત્યાગ, સંયમ, સુખ-દુઃખ, શરીર ધારણ કરવુ, ક્રોધાદિક રૂપે પરિણમવું, તેથી મુક્ત થવું વગેરે સ્વભાવો છે.

(૩) સંસારમા રહેતી વખતે અનાદિકાળથી પ્રત્યેક જીવ, જે જે પરિસ્થિતિનો અનુભવ કરતે પસાર થાય છે, તે સર્વ પરિસ્થિતિઓમા પસાર થવાના અને તેના અનુભવ કરવાના તેમા અનંત સ્વભાવો હોય છે જેથી અનંત વિવિધ સાંસારિક સ્થિતિમાં તે પસાર થઇ શકે છે. ઉપરાંત, મોક્ષ અવસ્થાના વિકસિત સ્વભાવોનો અનુભવ કરવાના અનંત સ્વભાવો તેમા હોય છે. નહીતર, તે તે અવસ્થાઓનો અનુભવ આત્મા કદી કરી શકે જ નહીં. આધ્યાત્મિકદૃષ્ટિથી ૧ વૈભાવિક સ્વભાવો, ૨ સ્વાભાવિક સ્વભાવો એમ જુદા જુદા નામો છે.

(૪) આત્મા માનવ જીવનમા વિકસિત અવસ્થાની પરાકાષ્ઠાઓ સુધી પહોચી શકે છે તેનાથી ઉતરતી કક્ષાઓમા ઓછો વધતો વિકસિત હોય છે, પશુ પક્ષિ કીડીઃ કીડા જંતુઓની અવસ્થામા અલ્પ વિકસિત હોય છે, તેથી નીચી કક્ષાના પૃથ્વી પાણી અગ્નિ વાયુ વનસ્પતિઃ જીવોઃ અને જીવ સમૂહો ઘણાં જ અણુવિકસિત સ્થિતિમા હોય છે

(૫) તેથી પણ વધારે સૂક્ષ્મ જીવો હોય છે. તેથી પણ વધારે અણુવિકસિત સ્થિતિવાળા સૂક્ષ્મ બાદર નિગોદના જીવો હોય છે.

(૬) એ રીતે વિશ્વ સમસ્ત સર્વત્ર જીવ સૃષ્ટિથી વ્યાપક છે. આ વસ્તુસ્થિતિ જૈન-દર્શન સિવા કોઇપણ તત્ત્વચિંતકોએ કહી નથી. તેમજ કહી છે, તે પણ વ્યવસ્થિત રીતે સમજાવેલ નથી.

(૭) ગ્રહો, નક્ષત્રો, તારાઓ, દેવવિમાનો, આવાસો, નરકો વિગેરે પણ એક યા બીજી રીતે જીવ સૃષ્ટિ જ છે. તેમજ તે સ્થાનોમા પણ જીવો રહેતા હોય છે.

૧૧ આ રીતે વિશ્વઃ જીવસૃષ્ટિ અને આધ્યાત્મિક વિકાસરૂપ વ્યવસ્થિત જીવન-ધોરણ અને તદનુકુળ વ્યવહારો વગેરેથી જૈન-દર્શન ત્રૈકાલિક વ્યવસ્થિત અને સંપૂર્ણ વિશ્વનું દર્શન કરાવે છે. આ તેની વિશેષતાઓ છે.

- ૧૨. **જૈનધર્મે સભ્ય જીવનધોરણો જગતમાં સ્થિર કર્યા છે.**

ચાર પુરૂષાર્થની જીવન-સંસ્કૃતિમાં સભ્ય માનવોના સર્વ પ્રકારના જીવન વ્યવહારો વ્યવસ્થિત કરવામા આવેલાં છે. જેમાં સામાજિક, આર્થિક, ધંધાદારી, રાજકીય, પ્રજાકીય, વ્યક્તિગત, કૌટુંબિક, સ્ત્રી-પુરૂષને લાયકના જીવનધોરણો વગેરે સર્વ સદ્‌વ્યવહારોઃનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ દરેક સદાચાર· નીતિઃ ન્યાયઃ અને ધાર્મિક-તત્ત્વોથી ગુંથાયેલા હોય છે, તે સર્વે ઓચ્છે-વધતે અંશે આધ્યાત્મિક વિકાસમાં મદદગાર થાય, તેવી રીતે વ્યવહારુ સ્વરૂપમાયે ગોઠવાયેલા હોય છે. તેની સાથે સબંધ ધરાવતા વિજ્ઞાનોના શાસ્ત્રો અને વિજ્ઞાનો પણ ગોઠવાયેલા હોય છે. જેના સંક્ષિપ્ત અને વિસ્તૃત સૂચનો દ્વાદશાગી—આગમોમા હોય છે.

આટલું વ્યાપક જૈન-શાસન છે

[૨૦] પ્રાચીન શાસ્ત્રોનાં મંતવ્યો સાથે મળતાં બીજા પણ કેટલાંક પ્રમાણો

મોક્ષમા જનારા મનુષ્યના શરીરની અવગાહના (ઉંચાઇ) પાંચશે ધનુષ્ય ઉપરાંતની બે-થી-નવ ધનુષ્યની ઉંચાઇના મનુષ્યો મોક્ષે જવાની વાત શ્રી મરુદેવા માતાનો દાખલો આપીને બતાવી છે. [પૃષ્ઠ ૭૫૪] એ તો ઘણા જ પ્રાચીન કાળની વાત છે.

૧

" મનુષ્યની આવડી મોટી અવગાહના (ઉંચાઇ) સંભવે કે ? " એમ સામાન્ય રીતે શંકા આજે કરવામા આવે છે પરંતુ, **જગન્નાથપુરી** પાસેથી ૭૫ ફૂટનું મનુષ્યનું હાડપિંજર મળ્યાની હકીકત " અમૃત બજાર પત્રિકા " માં પ્રસિદ્ધ થઈ હતી. (તેનું અવતરણ ક્યાક ગૂમ થઇ ગયેલ હોવાથી અહીં આપી શકાયું નથી.)

૨

તેવું જ " અમૃત બજાર પત્રિકા " નવેબર ૧૯૫૯ નું એક અવતરણ નીચે પ્રમાણે છે·—

" 100 Feet Long Dinosaurs, Bones Found in Gobi Desert "

Hangkong, November 24

Bones of the Giant dinosaur and the Sauropod the largest land animals known th have lived on the earth have been faund in the Gobi Desert by a Sino-Soviet scintific expedition, the new China news agency reportad from Peking.

The largest sauropod was about 100 fit long and weighed abort 50 tons The dinosaurs were estimated to have lived about ten million years ago.

(Reuter)

અર્થ:—

"એકસો ફુટ લાંબો ડીનોઝર્સ: ગોબી પ્રદેશમાંથી
મળી આવેલાં હાડકાં."

ન્યુ ચાઇના ન્યુઝ એજન્સીએ પેકીંગથી જાહેર કર્યું છે, કે—ચીની સાયન્સ [illegible] વૈજ્ઞાનિક ટુકડીને ડીનોઝર્સ અને સોરોપોડ નામના ગદ્ધણી પ્રાણીઓ કે જેઓ [illegible] પાણી [illegible] પાણી જેવા [illegible] કહેવાય છે તેઓના હાડકાંઓ ગોબી પ્રદેશમાંથી મળી આવ્યા છે.

સૌથી મોટા એ પ્રાણી સોરોપોડની લંબાઇ ૧૦૦ (સો) ફીટની હતી. અને વજનમા ૫૦ (પચાસ) ટન હતો. તે લગભગ એક કરોડ વર્ષ પૂર્વે ડીનોઝર્સ જેવા [illegible], [illegible] શાખ છે. (૩૩)"

૩

"દશ લાખ વર્ષનું જુનું મળી આવેલું હાથીનું હાડપિંજર."

મોસ્કો, તા. ૧૬ નવેંબર, ૧૯૫૯

"પૂર્વ જ્યોર્જીયામા દશ લાખ વર્ષનું જુનું હાથીનુ હાડપિંજર મળી આવ્યું છે. તે પંદર ફીટ લાબું છે, એ ટન વજનનું છે."

(મુંબઇ-સમાચાર)

૪

બલુચિસ્તાનમાથી મળી આવેલ કેટલાક હાડકા ઉપરથી તેની કલ્પિત રચના મનુષ્ય કરતા છ ગણી ઉંચાઇની કલ્પવામા આવી છે. જેનું નામ **બલુચી થેરીયમ** પાડવામા આવ્યુ છે.

(કુમાર-માસિક ઉપરથી નોંધ)

૫

"પૃથ્વી સૂર્યથી જુદો પડેલો ટુકડો છે" આ વિજ્ઞાનની એક સમયની દૃઢ માન્યતાનો આજે વૈજ્ઞાનિકોમા વિરોધ થઇ રહ્યો છે.

"પૃથ્વીની ઉત્પત્તિ સંબંધી કોઇ ચોક્કસ સિદ્ધાત ઉપર હજુ વિજ્ઞાન આવ્યું નથી."

૬

"આજે એવું મનાય છે, કે—ઓછામા ઓછી દશ લાખ પૃથ્વીઓ એવી હશે, કે જેના પર જીવનનું અસ્તિત્વ (Life) સંભવિત છે"

૭

"વૈજ્ઞાનિક શોધો માન્યતા છે પ્રમાણ નથી. એક દૃષ્ટિબિન્દુ છે. સંપૂર્ણ સત્ય નથી."

૮

"It will indeed be interesting to see how of the many thing which astronomers have learned during this last century, will have t be unlearned in the next"

R L. Waterfield
(A hundred years of Astronomy)

અર્થ:—

" અર્વાચીન ખગોળશાસ્ત્રીઓએ, આ સદીમાં જેટલી માન્યતાઓ રચી છે, તેમાંથી ન જાણે કેટલીયે માન્યતાઓમા, ધરમૂળનો ફેરફાર, આવતી સદીમાં કરવો પડશે. "

Dr. Harlow Shapley

૯

" છેલ્લા વીશ વર્ષમાં ખગોળ સબધી આપણું જ્ઞાન કદાચ બમણું થયું છે. પરંતુ આપણા પ્રશ્નો (problemes) ત્રણ-ચાર ગણા બન્યા છે. અને આ રીતે, અપેક્ષાએ, આપણું અજ્ઞાન પહેલા કરતાં વધ્યું છે. "

(કલ્યાણ-તા. ૧૬-૯-૫૯ પૃ૪ ૭૨૧-૭૨૨)

૧૦

એક અમેરીકન વિદ્વાને, **મી. ડાર્વીનની** વાદરામાંથી માણસોની ઉત્પત્તિની પ્રક્રિયા ખોટી પાડી છે. અને જણાવ્યું છે, કે–" કોઈપણ પ્રાણીની ઉત્ક્રાન્તિ તેની સજાતીય જાતિમાંથી થઇ શકે છે. વિજાતીયમાથી થાય નહિં. " એ મતલબની વાત ઘણા પ્રમાણોથી સિદ્ધ કરી છે. તે વાત " છઠ્ઠા આરામાં મનુષ્યો–વૈતાઢ્ય પર્વતના બિલોમા આશ્રય લઇને રહે છે, ને પાછા ઉત્સર્પિણીકાળે તેમાંથી જ વિકાસ પામીને–બધી જાતિઓના માનવો–ખુલ્લામાં રહેતા અને વસતા થાય છે. તથા સંસ્કારી બની, ધર્મપ્રધાન સાસ્કૃતિક જીવન જીવતા થાય છે. " એ શાસ્ત્રીય વાત સાથે મેળ ખાય છે.

[૨૧] કઠિનતાની પરાકાષ્ઠા

યદ્યપિ આ હિતકારી રહસ્યો સાંભળવા આજે કોઇ તૈયાર નથી. તો સમજવાની તો વાત જ શી ? કદાચ કોઇ સમજે, તો તેને અમલમા મૂકવાની અશકયતા ઓચ્છી થતી જાય છે. કેમકે કરોડોઃ ને અબજોઃ માનવોના ધધા અને આજીવિકાનો આધાર નવા અર્થતત્ર અને આર્થિક સાધનો ઉપર ગોઠવાઇ ગયો છે ને ગોઠવાતો જાય છે. કોઇ સારો વકિલ કદાચ આ સમજે. પરંતુ પોતાનો ધધો શી રીતે છોડી શકે ? કોઇ બુદ્ધિશાળી મિલમાલિક સમજે, પંતુ તેને તે શી રીતે છોડી શકે ? મોટર અને બંગલા શી રીતે છોડી શકે ? આ પરિસ્થિતિ છે. તેથી સંસ્કૃતિ જેટલી અક્ષત રહી છે, તેનું એટલેથી પણ રક્ષણ કરવાને બદલે અથવા રક્ષણ કરવાને બ્હાને પણ જમાનાને અનુસરવાને નામે પ્રગતિમા આગળ વધવાની વાતને જ સૌ ટેકો આપે છે. કેટલાક ધર્મગુરુઓને પણ તે વિચારના ગૃહસ્થોને અનુસરવું પડે છે અને આજે ત્રીજી ચોથી પેઢીના ધર્મગુરુઓના ખ્યાલમા પણ મૂળ વસ્તુઓ રહી હોવાની સંભાવના ઓછી થતી જાય છે. કદાચ રહી હોય, તો તેવી પણ કોઇક જ વ્યક્તિ મળી શકે આમ વિષમતા વધી ગઇ છે. ચારેય તરફ પ્રાગતિક તત્ત્વોનો ઘેરો ઘલાયેલો છે આ અસાધારણ કઠિનતા છે. કુવે ભાંગ પડી છે.

ભારતના નવા બધારણમાં પરંપરાગત અને શાસ્ત્રોક્ત ચારેય પુરુષાર્થોનો જીવન–આદર્શ લુપ્ત કરવામાં આવ્યો છે. તેને સદંતર દૂર કરવા માટે ગૂઢરીતે જમાનાને નામે પ્રાગતિક જીવન વ્યવહારના આદર્શને તેમા સ્થાપિત કરવામા આવ્યો છે. ને તેને જીવનમા દાખલ કરવા માટે સાસ્કૃતિક જીવન જીવતા લોકોના જીવનમા નીચલી ટોચ સુધીના પરિવર્તનો કરી નાખવા માટે તમામ પ્રકારે નવરચના કરાઇ રહી છે અને તદનુકુળ કાયદા કરવામા આવ્યા છે. " પછી તે ગમે તેવું ઉત્તમ તત્ત્વ કેમ ન હોય. પરંતુ તેમાં પરિવર્તન થવુ જ જોઇએ, આ જાતનો આજે આગ્રહ સેવાય છે.

યા 'જૈન' શબ્દ આવે ત્યા 'બૌદ્ધ-વિશેષ' [illegible] યુરોપીયન લોકોએ પ્રથમ તો આડા દોરવાઈ ગયા હતા [illegible] 'જૈનધર્મ' એક સ્વતંત્ર તત્ત્વજ્ઞાન ધરાવતો ધર્મ છે [illegible] ધર્મની બાબતમા ઘણે અંશે ઘણી ઘણી ભ્રમણાઓ [illegible] તેઓએ પણ ફેલાવી છે. તેનું પરિમાર્જન થયું નથી [illegible] 'હિંદુ-ધર્મ' અને 'જૈન-સમાજ' એ બે શબ્દો પકડી રાખી અન્નેય ધર્મોને અને આપણી હિન્દુ-પ્રજા [illegible] રહેલ છે. ઉપરાંત,

(૧) "જૈનધર્મના અનુયાયીઓ નાની સંખ્યામાં [illegible] કસીના પ્રવાહમા જીવવાનો અધિકાર નથી." એમ એક યા બીજી રીતે જાહેર કરાય છે.

(૨) "જૈનધર્મ સર્વ ધર્મનુ મૂળ છે. તેનો સંઘ અને તેની સંસ્થાઓ [illegible] ભારતની હિન્દુ-પ્રજાની મહાજન સંસ્થા આ જગતમાં એક કલ્યાણકર [illegible] સંસ્થા તરીકે ચાલી આવે છે. તેથી તેને નિર્બળ બનાવ્યા વિના પાશ્ચાત્ય પ્રજાના સ્વાર્થો આ દેશમા સફળ થાય તેમ નથી." એમ તેઓ જાણે છે. એટલે જેમ બને તેમ તે વર્ગની શકિતને તોડવાના પ્રયાસો ગૂઢ રીતે [illegible] થાય છે. તેની લાગવગ આર્થિક શક્તિ કાર્યકુશળતા પ્રજા ઉપરનો પ્રભાવ: આમપ્રજામાં આગળ પડતો ભાગ: તેનુ જગતમાં મુખ્ય નેતૃત્વ વગેરે તોડવાની પ્રક્રિયા તેઓએ ચાલુ કરેલી છે.

(૩) એટલા જ માટે-બીજા તેનાથી નીચેના બજાને: તેનાથી જુદા પાડીને: તેની સામેના પક્ષ તરીકે. ગોઠવવામા આવે છે અને બહુમતને નામે શિક્ષિતોને નામે તે બજાને આગળ આવવા દઈ જગતની સર્વ પ્રજાઓના હિતચિંતક અને વ્યાવહારિક રીતે આગળ પડતી શક્તિ ધરાવનાર આ વર્ગને નિર્બળ બનાવવામાં આવે છે. જેમાં જગતનું અહિત સમાયેલું છે.

(૪) આમ છતાં-ભારતમાં કોઈપણ નવીન યોજના કે ભાવના મૂકતા પહેલા-બીજા લોકોને પણ પ્રથમ જૈનધર્મના ઘણા આગેવાન અનુયાયીઓને રાજી રાખવા પૂર્વકની આકર્ષક યોજનાઓ મારફત દોરવામાં આવે છે. અને તેને માટે જૈનધર્મની સાથે રચનાત્મક રીતે કામ લેવામાં આવે છે.

(૫) ખ્રીસ્તી ધર્મને વિશ્વનો એક ધર્મ બનાવવા માટે જૈનધર્મને નબળો પાડ્યા વિના, એ શક્ય ન હોવાનું જાણીને; તેને પણ પ્રચારની હરિફાઇમા દોડાવીને-બહુ સંખ્યા કરવાની લાલચમા પાડીને તેમા યુરોપ-અમેરિકાના તથા બીજા લોકોને દાખલ કરી દઇ છેવટે-વિશ્વધર્મ કરવાની ભાવી સભામા લઘુમતી તરીકે હાર કબુલ કરી, તેને અદશ્ય કરવાની ચાલી રહેલી તરકીબને વેગ આપવા જૈનધર્મના મિશનરી પદ્ધતિના પ્રચારને દૂર દૂરના દોરી સંચારથી વેગ આપવામા આવે છે. અને સાથે જ તેને લઘુમતી તરીકે બીજા ધર્મમાં ભેળવી દેવાની ગોઠવણો પણ ચાલુ કરવામા આવી છે. જેથી તેનું અસરકારક વ્યક્તિત્વ ખ્રીસ્તીધર્મને વિશ્વનો એક ધર્મ બનવામા આડખીલી રૂપ ન થઇ શકે.

આ બધા સંજોગોથી જૈનધર્મ વિષે બહુ વિચાર કે શોધ થઈ નથી. અને જે થઈ છે, તે ઘણી જ વિકૃત સ્વરૂપમાં થઇ છે. એટલે આજે પ્રામાણિક ઐતિહાસિક ઘણા પ્રમાણો ચાલુ સાહિત્યોમા આપણા જોવામા ન આવે, તેથી આશ્ચર્ય પામવાને કારણ નથી.

ઉપરાંત, જૈન પ્રમાણોની બહુ સૂક્ષ્મતા હોય છે. તેટલી સૂક્ષ્મ સમજ સુધી જૈન-જૈનેતર ભારતીય તથા ભારતીયેતર સંશોધકો પહોંચ્યા પણ નથી.

૧૦ વળી, વૈદિક સાહિત્યના ચાલુ વાચનમા એટલા બધા ઘણા પૂરાવા લોકોના વાચવામાં ન આવે, એ પણ સ્વાભાવિક છે. અને તેથી સામાન્ય જનસમાજ મોટે ભાગે તેથી અજ્ઞાત હોય, એ

સ્વાભાવિક છે. ભારતમાં બ્રાહ્મણ વિદ્વાનોની મોટી સંખ્યા છે તેથી નિશાળોના પાઠ્યપુસ્તકો વગેરેમાં પણ સરકારી અમલદારોમાં મોટી સંખ્યાને લીધે વૈદિક સાહિત્યને લગતી બાબતો: અને તેના દૃષ્ટિબિંદુઓની બાબતો: મુખ્યપણે આવે અને જૈનધર્મને નજીવું સ્થાન અપાય એ સ્વાભાવિક છે.

૧૧ છતાં-જો કોઇ વૈદિક સાહિત્યનો. બીજા તેની બહારના અનેક સ્વતંત્ર પ્રમાણોનો: વિચાર કરવામાં આવે, તથા જૈનધર્મની અંદરના પ્રમાણોનો સૂક્ષ્મ અભ્યાસ કરવામાં આવે, તો એટલી બધી સામગ્રી વિદ્વાનોની સામે રજુ થાય તેમ છે, કે-જૈનધર્મને જગતનો વ્યાપક પ્રાચીનતમ ધર્મ: મૂળ ધર્મ શ્રેષ્ઠ ધર્મ: ને વ્યાપક વિશ્વ ધર્મ: તરીકે સ્વીકાર્યા વિના કોઇનોય છુટકો થાય તેમ નથી. અર્થાત્-વૈદિક સાહિત્યમાંથી પણ જૈનધર્મને માટે પુષ્કળ પ્રમાણો મળી આવે છે. જે કાંઇ મળી આવ્યા છે, તેના કરતાં હજી ન મળી આવેલા પણ ઘણા ઘણાં પ્રમાણો છે. જૈનધર્મની પ્રાચીનતમતા વિષેની આ વાત અમે જ કહીએ છીએ એમ નથી. પરંતુ ભારતીય-ભારતીયેતર-જૈનેતર વિદ્વાનો પણ કહે છે તેમાંના થોડાકના જ વાક્યો અહીં અતિ સંક્ષેપમા ટાંકીયે છીએ.

(૧) " સ્યાદ્વાદ પૂરી રીતે ઉપયોગી તથા સાર્થક છે. "

સ્વ. પ્રો. આનંદશંકર ધ્રુવ

ø ø ø

(૨) " મોહન-જો-ડેરો: પ્રાચીન શિલાલેખો: ગુફાઓ: અને બીજા અનેક અવશેષો: ના સંશોધનથી જૈનધર્મની પ્રાચીનતા જ સિદ્ધ થાય છે. સૃષ્ટિના પ્રારંભકાળથી જ જૈનધર્મ પ્રચલિત થયો છે. મારી માન્યતા છે કે-જૈન ધર્મ વેદાંત [વૈદિક ?] દર્શનથી પણ વધારે પ્રાચીન છે. "

સ્વામી રામમિશ્રજી શાસ્ત્રી
પ્રો. સંસ્કૃત મહાવિદ્યાલય-બનારસ

ø ø ø

(૩) જૈનધર્મની ઉત્પત્તિ અને તેનો ઇતિહાસ સ્મૃતિશાસ્ત્રો અને ટીકાઓથી પણ વધારે છે. જૈનધર્મ હિંદુધર્મથી [વૈદિક ધર્મથી ?] સર્વથા અલગ અને સ્વતંત્ર છે. "

શ્રી કુમારસ્વામી શાસ્ત્રી
પ્રધાન ન્યાયાધીશ-મદ્રાસ

ø ø ø

(૪) " જૈનધર્મ સર્વ આદિ ધર્મોમાં પોતાનું સ્વતંત્ર સ્થાન પ્રાપ્ત કરવા માંગ્યો છે.

પ્રો. સી. વી. રાજવાડે
એમ. એ. બી. એસ. સી.

ø ø ø

(૫) " ઉચ્ચ આચાર અને ઉચ્ચ તપશ્ચર્યા જૈનધર્મમાં છે. જૈનધર્મનો પ્રારંભ જાણવો અસંભવ છે."

મેજર ફરલાંગ

ø ø ø

(૬) આધુનિક ઐતિહાસિક શોધોથી એ પ્રગટ થયું છે, કે-ખરી રીતે બ્રાહ્મણ ધર્મ સદ્ભાવ: અથવા એના હિંદુધર્મરૂપમાં પરિવર્તન પામ્યો તેનાથી ઘણા પૂર્વે જૈનધર્મ આ દેશમાં વિદ્યમાન હતો."

ન્યાયમૂર્તિ શ્રી રાંગણેકર

(૭) "જૈનધર્મ બહુ જ ઉંચી પંક્તિનો છે. એના મુખ્યતત્ત્વો વિજ્ઞાનશાસ્ત્રના આધાર ઉપર રચાયેલા છે.

ડા. એલ. પી. ટેસીટોરી. ઇટાલીયન વિદ્વાન.

ø ø ø

(૮) "પ્રાચીન ધર્મ· પરમધર્મઃ સત્યધર્મ. રહ્યો હોય, તો જૈનધર્મ હતો. જેના પ્રકાશનો નાશ કરવા માટે વૈદિક ધર્મ, છ શાસ્ત્રો અને ગ્રંથકારો ઉભા થયા હતા. વૈદિક વાતો ક્યાંક ક્યાંક એ વેદોમાં આવી છે, કે જે જૈન શાસ્ત્રોમાથી નમુના એકઠા કરીને લીધી છે એમા સંદેહ નથી."

યોગી જીવાનંદ પરમહંસ

ø ø ø

(૯) "જૈનધર્મ એક એવો પ્રાચીન ધર્મ છે, કે જેની ઉત્પત્તિ તથા ઇતિહાસનો પત્તો લગાડવો એક ઘણી જ દુર્લભ વાત છે."

મી. કનુલાલ જોધપુરી.

ø ø ø

(૧૦) "ઈર્ષ્યાઃ દ્વેષને કારણે ધર્મનો પ્રચાર રોકનારી મુશ્કેલીઓ હોવા છતા, પણ જૈનશાસન ક્યારેય પણ પરાજિત થયા વિના સર્વત્ર વિજયી જ રહેતું આવ્યું છે.

ઉપરોક્ત અર્હત્ પરમેશ્વરનું વર્ણન વેદોમા પણ મળી શકે છે."

સ્વામી વિરૂપાક્ષવડિયર
ધર્મભૂષણઃ પંડિતઃ વેદતીર્થઃ વિદ્યાનિધિ એમ. એ
પ્રોફેસર, સંસ્કૃત કોલેજ, ઇંદોર સ્ટેટ.

ø ø ø

(૧૧) "જૈનો અવૈદિક ભારતીય આર્યોનો એક વિભાગ છે."

ટી. પી. કુપ્પુસ્વામી શાસ્ત્રી. એમ. એ.

ø ø ø

(૧૨) "અમારા હાથથી જીવ-હિંસા ન થઇ જાય, એમ જૈનો જેટલા ડરે છે, તેટલા બૌદ્ધો ડરતા નથી."

એક સમય હિંદુસ્થાનમાં જૈનોની બહુ જ ઉન્નત અવસ્થા હતી, ધર્મ, નીતિ, રાજકાર્યમાં ધુરંધરપણું, શાસ્ત્રદાન, સમાજની ઉન્નતિ વગેરે બાબતોમાં એનો સમાજ બીજા લોકોથી ઘણો જ આગળ હતો."

વાસુદેવ ગોવીંદ આપ્ટે, બી. એ.

ø ø ø

(૧૩) "જૈનદર્શનમાં જીવનતત્ત્વની એવી લાંબી વિચારણા છે, કે એવી બીજા કોઇપણ દર્શનમાં નથી"

અમ્બજાક્ષ સરકાર, એમ. એ. એલ. બી.

ø ø ø

(૧૪) " જૈનધર્મનો અભ્યાસ કરવાની મારી હાર્દિક ઇચ્છા છે. કેમ કે—હું ખ્યાલ કરી શકું છું કે—વ્યાવહારિક યોગાભ્યાસને માટે એ સાહિત્યમાં સૌથી પ્રાચીન છે.

એમા હિંદુધર્મ [વૈદિક ધર્મ: ?] થી પહેલાની આત્મિક સ્વતંત્રતા વિદ્યમાન છે."

રાયબહાદુર પૂર્ણેન્દુ નારાયણસિંહ, એમ. એ.

ø ø ø

(૧૫) સ્યાદ્‌વાદ એ જૈનધર્મનો અભેદ્ય કિલ્લો છે. વેદાંત [વૈદિક ?] આદિ બીજા દર્શન–શાસ્ત્રોની પહેલા પણ જૈનધર્મ વિદ્યમાન હતો. એ બાબતમાં મને રતિભાર પણ સંદેહ નથી."

પંડિત રામમિશ્રજી આચાર્ય.

ø ø ø

(૧૬) " જૈનધર્મનો પહેલો પ્રચાર શ્રી ઋષભદેવે કર્યો."

શ્રી વરદકાંતજી એમ. એ.

ø ø ø

(૧૭) " જૈનસંસ્કૃતિ એ માનવીય સંસ્કૃતિ છે જૈનદર્શન દૈવી દર્શન છે."

" ભારતીય દર્શનોમાં જૈનદર્શનને અતિગૌરવમય સ્થાન પ્રાપ્ત છે "

" જૈનધર્મ આ સંસારનો પ્રાચીનથી પ્રાચીન ધર્મ છે."

" ભારતવર્ષની જે સંસ્કૃતિ પુરાતત્ત્વના શાસ્ત્રીઓને આશ્ચર્યથી ચકિત કરે છે, તે સંસ્કૃતિનો સંપૂર્ણ અને સાચો ઇતિહાસ જાણવો હોય તો તે જૈન સંપ્રદાય [જૈનશાસન) ના અભ્યાસ વિના બની શકશે નહિં."

પ્રોફેસર–હરિસત્ય ભટ્ટાચાર્ય,
એમ. એ એલ. એલ. બી. પી. એચ. ડી.

ø ø ø

(૧૮) જૈન ધર્મની સ્થાપના–શરૂઆત–જન્મ ક્યારે થયો તેનો પત્તો લગાડવો અસંભવિત છે. હિન્દુસ્થાનના ધર્મોમાં જૈનધર્મ સર્વથી પ્રાચીન છે."

જે. જે. આર. ફરલાંગ.

ø ø ø

(૧૯) " આ વાતથી જૈનધર્મની પ્રાચીનતા સિદ્ધ થાય છે."

સ્વ. લોકમાન્ય ટિળક.

ø ø ø

(૨૦) " અહિંસાધર્મના સૌથી મોટા પ્રચારક મહાવીરસ્વામી હતા."

સ્વ. શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી.

ø ø ø

(૨૧) વૈદિક સાહિત્યમાં–વૃષભઃ–નેમિ. વગેરે નામ સુપરિચિત છે."

ડા. વિમલચંદ હીસ્ટોરીકલ ગ્લાનીંગ્ઝ.

(૨૨) "ઈસ્વી સનની પહેલા [illegible] હતા. એ વાતને પ્રાચીન [illegible] અનેક પ્રમાણો મળી શકે છે. ખાસ **યજુર્વેદમાં** [illegible] તીર્થંકરોની [illegible] આવેલી [illegible] **ભાગવત** પુરાણમાં તેની પુષ્ટિ મળે છે. [illegible] જૈનધર્મ ચાલ્યો આવે છે."

ડૉ. રાધાકૃષ્ણન ઉપ-રાષ્ટ્રપ્રમુખ, ભારતવર્ષ.

ø ø ø

(૨૩) "વેદાંત (વૈદિક) દર્શનથી પહેલા જ જૈનધર્મ પ્રચારમાં હતો. એ બાબતોમાં મારા મનમાં જરા પણ શંકા નથી. સૃષ્ટિના આરંભથી જૈનધર્મ પ્રચારમાં છે. જૈનધર્મ અને [illegible] એની શરૂઆત એક સાથે જ થઈ

ડૉ. સતીશચંદ્ર પ્રીન્સીપાલ, સંસ્કૃત કોલેજ, કલકત્તા.

ø ø ø

(૨૪) "મનુષ્યની ઉન્નતિ માટે જૈન ધર્મનું ચારિત્ર બહુ લાભકારી છે. આ ધર્મ બહુ જ અસલી, સ્વતંત્ર, સાદો, બહુ કિંમતી તથા બ્રાહ્મણોના મતોથી જુદો છે."

ડૉ. એ. ગિરનાટ પેરિસ

ø ø ø

(૨૫) "જૈનધર્મ પૂરી રીતે સ્વતંત્ર ધર્મ છે. આ ધર્મે કોઈ ધર્મનું અનુકરણ કે નકલ કરી નથી."

ડૉ. હર્મન યાકોબી એમ. એમ. પી. એચ. ડી. (જર્મની)

ø ø ø

(૨૬) "હું મારા દેશવાસીઓને બતાવીશ, કે—કેવા ઉંચા નિયમો અને ઉંચા વિચારો જૈનધર્મ અને જૈનમાર્ગમા છે? જૈનોનું સાહિત્ય બૌદ્ધો કરતા ઘણું ચડીયાતું છે."

ડૉ. જોન્સ હર્ટલ જર્મની.

ઉપર જણાવેલા વિદ્વાનોના અભિપ્રાયોમાથી અમોએ **પૂ. પં૦ મ૦ શ્રી સુશીલવિજયજી** ગણિ **કૃત** "जैनधर्म और उसका प्राचीनत्व" એ પુસ્તકમાથી હિંદી ઉપરથી ગુજરાતી ભાષાંતર કરીને જરૂર પૂરતા જ કેટલાક વાકયો લીધા છે.

અહીં [ ] આવા કૌંસમા લખાયેલા શબ્દો અમારા પોતાના સમજવા.

હવે આપણે વૈદિક સાહિત્યના થોડાક જ એવા પ્રમાણો આપીશું કે-જેથી વૈદિક ધર્મ કરતાયે પહેલાનો જૈનધર્મ હોવાનો વાચકોને સ્પષ્ટ ખ્યાલ આવી શકે. એ પુસ્તકમા વૈદિક ધર્મગ્રંથોના ૨૬ અવતરણો આપેલા છે, જેમાં **ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ,** તથા **બૃહદારણ્યક, મનુસ્મૃતિ, શિવ-પ્રભાસ-સ્કન્દ-નાગ-અગ્નિ** વગેરે પુરાણો, યોગવાશિષ્ટ વગેરેના અવતરણોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત, પદ્મ-પુરાણ વગેરેમા પણ જૈનધર્મને લગતા ઘણા અવતરણો છે.

ઋગ્વેદમાં-વૃષભ અને **ઋષભ** નામ વારવાર આવે છે. ઉપરાંત **અર્હન્ઃ** અર્હંતો અર્હતો. શબ્દો પણ વારંવાર આવે છે.

(१) अर्हन्ता ये सुदानवो नरो.......अ. ४ अ. ३ वर्ग ७ (ऋग्वेद) ।

(२) अर्हन् बिभर्षि सायकानि धन्वार्हन्निष्कं यजतं, विश्वरूपं अर्हन्निदं दयसे* विश्वं भवभुवं "—इत्यादि स. अ. २-अ. ७. ५-२७ ऋग्वेद.

(३) "इम स्तोम अर्हते जातवेदसे"—इत्यादि

१० ऋ. प. ८६. १-६-३०

(४) ॐ नमो अर्हतो ऋषभो ॐ ऋषभः पवित्रं पुरुहूतमध्वरं यज्ञेषु नग्नं परमं माह संस्तुतं वरं शत्रुं जयतं पशुरिन्द्रमाहुरिति स्वाहा ॥

ॐ ज्ञातारमिन्द्र वृषभ वदन्ति अमृतारमिन्द्रं हवे सुगत सुपार्श्वमिन्द्रमाहुरिति स्वाहा ॥

ॐ नग्नं सुवीरं दिग्वाससं ब्रह्मगर्भं सनातनं उवेमि वीरं पुरुषं महातमादित्यवर्णतमसः पुरस्तात् स्वाहा ॥

याजस्यनु प्रसव आवभूवेमा च विश्वभुवनानि सर्वतः । स नेमिराजा परियाति विद्वान् प्रजां पुष्टिं वर्धयमानो अस्मै स्वाहा ॥

यजुर्वेद अ. १९ मंत्र २५

(५) आतिथ्यरूपं मासरं महावीरस्य नग्नहु ॥ रुपामुपास दामेत तिथौ रात्रौः सुरा सुताः ॥

यजुर्वेद अ. १९ मंत्र १४

(६) स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः-। स्वस्ति नस्तार्क्ष्यो अरिष्ट-नेमिः बृहस्पतिर्दधातु ॥

यजुर्वेद अ. २५ मंत्र १९

(७) ॐ त्रैलोक्यप्रतिष्ठितान् चतुर्विंशतितीर्थकरान् । ऋषभाद्यावर्धमानान्तान् सिद्धान् शरणं प्रपद्ये ।

ॐ पवित्रनग्नमुपविप्रसामहे एषा नग्ना (नग्नये) जातियेषां वीरा । येषा नग्नसुनग्नं ब्रह्मसुब्रह्मचारिणं उदितेन मानसा अनुदितेन मनसा देवस्य महर्षयो महर्षिभिर्जहेति याजकस्य च सा एषा रक्षा भवतु शान्तिर्भवतु तुष्टिर्भवतु शक्तिर्भवतु स्वस्तिर्भवतु श्रद्धा भवतु निर्व्याजं भवतु (यज्ञेषु मूलमन्त्र एष इति विधिकन्दल्याम्)

(८) ऋषभं पवित्रं पूरुहूतमध्वरं यज्ञेषु यज्ञपरम पवित्रं श्रुतधरं यज्ञं प्रतिप्रधानं ऋतुय-जनपशुमिन्द्रमाहवेति स्वाहा ॥

ज्ञातारमिन्द्रं ऋषभं वदन्ति अतिचारमिन्द्रं तमरिष्टनेमि भवे भवे सुभवं सुपार्श्वमिन्द्रं हवेतु शक्रं अजितं जिनेन्द्रं तद् वर्द्धमानं पुरुहुतमिन्द्रं स्वाहा ।

—बृहदारण्यके

(९) ऋषभ एव भगवान् ब्रह्मा भगवता ब्रह्मणा स्वयमेवाचीर्णानि ब्रह्माणि तपसा च प्राप्तः परं पदम् ॥

—आरण्यके

*આ વાક્ય વિનોબાભાવેએ વેદો કરતા જૈનધર્મની પ્રાચીનતાના પૂરાવા તરીકે ખાસ ટાંક્યું છે. આ પાઠોના અર્થ કરવાથી પ્રામાણિક હકીકત સમજી શકાય.

બીજા પુરાણો વગેરેના અવતરણો લંબાણના ભયથી અહીં આપ્યા નથી. આ ગ્રંથોમાં તીર્થંકરને **સર્વજ્ઞ** કહેવામાં આવ્યા છે **નાભિરાજા** અને **મરુદેવીના** પુત્ર તરીકે શ્રી **ઋષભદેવ** ભગવાનનું વર્ણન છે. **ભરત ચક્રવર્તિ**ની હકીકત આવે છે રૈવતાચલ અને **નેમિનાથ પ્રભુના** નામો આવે છે **વિમલાચલ શત્રુંજય** તીર્થનું નામ પણ આવે છે. **મનુસ્મૃતિ**માં સાત કુલકરના નામો આવેલા છે. વગેરે.

આ પ્રમાણે **વૈદિક સાહિત્ય**મા જૈનધર્મના ઘણા ઉલ્લેખો સ્પષ્ટ રીતે આવે છે.

[૨] આંતરિક બીજા પ્રમાણો:

વેદનો અને **આગમનો** શબ્દાર્થ લગભગ સરખો છે. વેદ એટલે જ્ઞાન આપનાર અને આગમ એટલે પણ જ્ઞાન આપનાર એવો પણ અર્થ થાય છે. **ભગવાન મહાવીરપ્રભુને वेयविऊ-वेदविद** તરીકે ઓળખાવ્યાના પ્રમાણો શ્રી આગમોમાં મળે છે

છતાં, તે બન્નેય ધર્મોની રચના અને ઉદ્દેશ' મા ઘણું જુદાપણું છે. **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** પોતાના વીશવીશી ગ્રંથમા વેદમાં ધર્માધર્મ જણાવે છે ત્યારે આગમોને પરમાર્ગ શાસ્ત્રો તરીકે કહ્યા રાખે છે.

ઘણા વિદ્વાન્ બ્રાહ્મણોની માન્યતા છે, કે " મોક્ષાભિલાષી ઋષિઓ હોય, તેઓના રચેલા વેદોમા આ રીતે હિંસાને ઉત્તેજન આપનારી વાતો કેમ હોય ? માટે ઋષિઓના શાંતરસપ્રધાન અધ્યાત્મ-પ્રધાન ધર્મશાસ્ત્રોનો જુદો જ કોઇ ભાગ હોવો જોઇએ, ને તે આપણા જોવામા આવતો નથી. કદાચ લુપ્ત થયો હોય. "

તેથી, વેદનાયે જુદા જુદા પ્રાચીન દર્શનો જુદા જુદા અર્થો કરે છે એ જ પ્રમાણે-આર્યસમાજીસ્ટો અને શ્રી અરવિંદ ઘોષ વગેરે પણ કેટલેક અંશે જુદા જ અર્થો કરવાના અભિપ્રાયો ધરાવે છે. ને તે પ્રમાણે અર્થો કરે છે. જૈન કથાઓ પ્રમાણે-વર્તમાનના વેદોનો પ્રચાર નવમા અને દશમા તીર્થંકરોના શાસનની વચ્ચે થયો. ત્યારથી કેટલાક રાજકુટુંબોમાં પણ માંસાહાર વગેરેનો પ્રવેશ શરૂ થયો. તે બે તીર્થંકરોના વચ્ચે ઘણો લાંબો વખત પસાર થવાથી જૈનશાસન લગભગ લુપ્તપ્રાય સ્થિતિમા મૂકાઇ ગયુ હતું. તે પહેલા માસાહાર વગેરે રાજ્યકુટુંબોમા નહોતો. શ્રી આદીશ્વર પ્રભુના ઉપદેશ પ્રમાણે શ્રાવકો માટે ભરત ચક્રવર્તિએ શ્રાવકોના કર્તવ્યો સમજાવનારા ચાર **શ્રાવકપ્રજ્ઞપ્તિ** વેદ રચેલ, અને તેના નામો.-(૧) **સંસારદર્શન** (૨) **સંસ્થાપન પરામર્શ** (૩) **તત્ત્વાવબોધ** (૪) **વિદ્યાપ્રબોધ** હતા. તેમાં શ્રાવકોને લગતું આચારજ્ઞાન હોવાથી તેને **વેદ** એવી પણ સંજ્ઞા હતી. જેમા દેશવિરતિ, સમ્યક્ત્વ ધારી અને માર્ગાનુસારીના કર્તવ્યો સાથે ધર્મનિયંત્રિત અર્થ કામ પુરુષાર્થ રાજ્યનીતિઃ વગેરે ધર્મપ્રધાન છતા ગૃહસ્થજીવનને ઉપયોગી બીજી ઘણી બાબતોનો વ્યવસ્થિત સમાવેશ કરવામાં આવ્યાની સંભાવના ઘણે અંશે માની શકાય છે-કેમકે જુદા જુદા પ્રકારના ગૃહસ્થના જીવનની અનેક જરૂરિઆતો-માર્ગાનુસારી માર્ગનુ દર્શન આપનારું સાહિત્ય તો હોવું જ જોઇએ અને તે **વેદ** શબ્દ પાછળથી નવા નવા વેદોએ પણ ધારણ કર્યો હોય બીજું કેટલાકની એ પણ ધારણા છે કે-જૈનધર્મ ભારતમા ચાલુ હતો અને વૈદિક ધર્મના અનુયાયીઓ વેદો સાથે બહારથી આવ્યા અને અહીં રહેતા થયા. પહેલાં દ્રાવિડો ભારતમાં જુના વખતથી હતા અને વૈદિક આર્યો પાછળથી આવ્યા.

જૈન કથાઓ પ્રમાણે-ભારતના જુદા જુદા દેશોના **અંગ-બંગ-કલિંગ** વગેરે નામો **શ્રી ઋષભ-દેવ પ્રભુના** સો પુત્રોમાના પુત્રોના નામો પ્રમાણે હતા તેઓને પ્રભુએ જુદા જુદા દેશો પ્રથમ વ્હેંચી આપ્યા હતા ત્યારે તેઓના નામો ઉપરથી તે તે દેશના નામો પડ્યા હતા જેમાના કેટલાક લુપ્ત થયા છે અને હજી ચાલુ છે તે પ્રમાણે-સોમા એક પુત્રનુ નામ **દ્રવિડ** પણ હતું. જેના વંશજો દ્રાવિડીઅન કહેવાતા હતા તેમાના કેટલાક શ્રી શત્રુંજય તીર્થ પર મોક્ષે ગયાની વાત જૈન શાસ્ત્રોમા

આવે છે. **દ્રાવિડ ને વારિખીલયજી** એ વાકયમાં-દ્રવિડના પુત્ર દ્રાવિડનો ઉલ્લેખ છે. **ભરત** ઉપરથી **ભારત** નામ પડ્યું. એ તો પ્રસિદ્ધ જ છે.

આ ઉપરથી પણ જૈનધર્મ ભારતનો અને જગતનો સૌથી પ્રાચીનતમ ધર્મ હતો, એમ કહી શકાય તેમ છે. વિદેશીય શોધોની **દરમ્યાનગીરી વિના** તેને લગભગ દૂર રાખીને, સ્વતંત્ર રીતે ભારતીય પ્રામાણિક શોધ-પદ્ધતિ શરૂ થવી જોઇએ અને તેના અનુસંધાનમા ભલે તેઓની પાસેના પણ ઉપયોગી પૂરાવાઓનો પ્રમાણ તરીકે ઉપયોગ કરાય તો તે વાધા ભરેલું નથી. પરંતુ તેઓએ ઇતિહાસને ય ગુંચવી જ નાખ્યો છે. કેમકે-પોતાના હેતુઓની દૃષ્ટિથી દુનિયાભરના ઇતિહાસમા ઘણી ઘણી અવ્યવસ્થા અને ઉન્માર્ગ: દાખલ કરી દીધા છે. જેથી સત્ય તારવવું વધારે મુશ્કેલ બન્યું છે.

[૩] જૈનધર્મ–નામ: અને કારણ:

વાસ્તવિક રીતે-કોઇપણ નામ વગરનો મોક્ષાનુકૂળ આધ્યાત્મિક વિકાસ-માર્ગરૂપ **શાશ્વતધર્મ** તો અનાદિ અનંતકાલીન છે. તેની રચના કોઇએ કરી નથી માત્ર તે શાશ્વત ધર્મ જ તે તે વખતે જિનોપદિષ્ટ થાય છે. કેમકે-એમ ને એમ તે જનતાની જાણમા આવી શકતો નથી. તેમજ તેને માટેની જિનસ્થાપિત અનુશાસનયુક્ત સંસ્થાદ્વારા તેનું પાલન જ્યારે જ્યારે સુલભ થવાનું શરૂ થાય છે, આરાધના પ્રથમથી સુલભ થવા માડે છે,–ત્યારથી "જૈનશાસન સ્થપાયું ને ધર્મ શરુ થયો." એમ કહેવાય છે. તેથી શાસનસંસ્થા શ્રી સંઘ શાસ્ત્ર અને ધાર્મિક સંપત્તિઓ પણ બળવાન્ સહાયક હોવાથી ધર્મ કહેવાય છે.

એ શાશ્વત ધર્મ જિનોપદિષ્ટ હોવાથી જ **જૈન-ધર્મ** કહેવાય છે. જૈનધર્મ નામ પડવાનું બીજું કોઇપણ કારણ નથી કોઇ વ્યક્તિના નામ સાથે તેને સંબંધ નથી. એ દૃષ્ટિએ તેની શાસનસંસ્થાની પ્રાચીનતા મૌલિકતા વગેરે કહેવામા આવે છે.

ત્રિલોકપૂજ્ય યથાર્થવક્તા અને વિષય-કષાયો, રાગ-દ્વેષ વગેરે ઉપર સર્વથા વિજય મેળવનાર–વિજયી-જિન પોતાના સર્વજ્ઞપણાથી જાણીને, વિશ્વના કલ્યાણ માટે તેનો ઉપદેશ આપે છે. માટે તે જિનોપદિષ્ટ હોવાથી જિન-ધર્મ કે જૈન-ધર્મ નામ પામેલ છે. બીજુ કોઇ કારણ નથી.

એટલા જ માટે-જૈનધર્મની આરાધના દ્વારા મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાઓ માટે દેવ ગુરુ અને ધર્મ:ની આરાધના કરવી એ ટુંકામાં ટુંકો-બાળક પણ સમજી શકે તેવો ઉપાય છે. તેમાં—

૧. **દેવ તરીકે**—તદ્દન રાગ-દ્વેષ-મોહ વગરના સર્વજ્ઞ ત્રિલોકપૂજ્ય: વિશ્વવત્સલ. અને યથાર્થ ઉપદેશ આપનારા તીર્થંકર ભગવાનને જ ઉપાસ્ય દેવ તરીકે-માનવા અને મોક્ષ પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી પોતાના આત્માને વીતરાગ કરવા માટે જ તેની સાલંબન ઉપાસના કરવાની હોય છે.

૨. ત્યાગી તપસ્વી. સંયમી શુદ્ધ પ્રરૂપક છએ ય જીવનિકાયોના રક્ષક: ઉપર જણાવ્યા તે દેવના વફાદાર ભક્ત ઘરબાર કુટુંબકબીલા-લાડી-વાડી-ધન-સંપત્તિ-નોકરચાકર વગેરે વગરના જેમ બને તેમ દોષરહિત ભિક્ષા ઉપર જીવન ચલાવનારા વાહન-જોડા વગેરેનો ઉપયોગ ન કરનારા અપ્રમાદી પાંચ મહાવ્રતધારી; રાત્રિભોજન કદી ન કરનાર. મુનિવેશધારી હોય, તેને **ગુરુ તરીકે** માનવા.

૩. પાપનો જેમાં ત્યાગ કરવાનો હોય, અને સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રની જેમા આરાધના કરવાની હોય, એવો ધર્મ અને ધર્મસંસ્થા પસંદ કરી, તે આશ્રયે તેનું આચરણ કરવું. તે ધર્મની આરાધના છે. આ ત્રણેય તત્ત્વોની આરાધના મોક્ષનો ઉપાય છે. એમ ટુંકામાં સમજાવી શકાય. **પાપો** એટલે પાપસ્થાનકો તે અઢાર છે. (૧) હિંસા (૨) જુઠ (૩) ચોરી (૪) મૈથુન (૫) પરિગ્રહ (૬) ક્રોધ (૭) માન (૮) માયા (૯) લોભ (૧૦) રાગ (૧૧) દ્વેષ (૧૨) કલહ (૧૩) અભ્યાખ્યાન (જુઠું આળ

દેવું) (૧૪) પૈશુન્ય (ચાડી ખાવી) (૧૫) રતિ-અરતિ (ખુશી-નાખુશી) (૧૬) પરપરિવાદ (પારકી નિંદા) (૧૭) માયા મૃષાવાદ (કપટ સાથે જુઠાણું) (૧૮) મિથ્યાત્વશલ્ય (ખોટી માન્યતાઃ અજ્ઞાનઃ સંસાર પર ખુબ મમતાઃ નાસ્તિકતાઃ વ્યામોહ· પાપપ્રિયતા વગેરે)

આ અઢાર પાપસ્થાનક જેમ જેમ છુટતા જાય તેમ તેમ રત્નત્રયીની આરાધના વધતી જાય, અને તે વધુ ને વધુ પ્રકાશમાં આવતા જાય.

૧૫. વ્યવહારમાં—**જૈનધર્મઃ** એ નામ જૈનશાસનનું છે. અને એથી તેના વિશેષણ સંબંધી જિનોપદિષ્ટ શાશ્વત્ ધર્મનું નામ પણ **જૈનધર્મ** થઈ શકે છે. અપેક્ષા વિશેષે બન્નેય નામ ગૌણ મુખ્યતાએ વપરાય છે. બીજા ધર્મોના નામો પણ તે તે શાસન-સંસ્થાની અપેક્ષાએ હોય છે. **અન્ય તૈર્થિક** શબ્દનો અર્થ પણ **અન્ય ધર્મશાસનો** એવો થાય છે. તેથી તેણે પસંદ કરેલી તત્ત્વ વ્યવસ્થા, આધ્યાત્મિકવિકાસ અને આચાર વ્યવસ્થાઃ પણ તે તે ધર્મને નામે ઓળખાય છે.

૧૬. અઢાર પાપસ્થાનકમાંની હિંસા અને તેની વિરોધિ અહિંસાનો વિસ્તૃત વિચાર આગળ કરીશું.

૩ ધર્મતત્ત્વોનો અભ્યાસ

[૧] પ્રાચીન ધર્મોના અભ્યાસની દૃષ્ટિઓ:

આજે પ્રાચીન ધર્મોના અભ્યાસ ચારેક દૃષ્ટિથી કરવામાં આવતો હોવાના દાખલા મળે છે.

૧ કેટલાંક પોતાના આત્માની ઉન્નતિ માટે અનુકૂળ માર્ગ શોધવા ખાતર, જુદા જુદા ધર્મોના અભ્યાસ કરતા હોય છે. ને આત્મકલ્યાણમાં તેનો ઉપયોગ કરવાના હોય છે. જો કોઈ પણ એક ધર્મને માને· પાળેઃ આદરેઃ તે અંશથી પણ સર્વ ધર્મોને માનતો પાળતો· અને આદરતો· હોય છે. આ મનોવૈજ્ઞાનિક સત્ય છે.

૨ કેટલાક દરેક ધર્મના માત્ર મંતવ્યો જાણવાની બુદ્ધિથી ધર્મોનો અભ્યાસ કરતા હોય છે.

૩ કેટલાક પોતે માનેલા સંપ્રદાય અથવા પરંપરાગત ધર્મનું આવશ્યક ઉંડું જ્ઞાન મેળવવાની દૃષ્ટિથી બીજા ધર્મોનો પણ અભ્યાસ કરતા હોય છે.

૪ કેટલાક અભ્યાસકો-જેમની સંખ્યા આજે ઠીક ઠીક પ્રમાણમાં સરકારી તંત્રની શાળાઓ તેમજ કોલેજોમાં વધતી જાય છે. તેઓ તુલનાત્મકદૃષ્ટિથી સર્વ ધર્મોનો અભ્યાસ કરવાના આદર્શ નીચે તે તે ધર્મમાંથી સ્વમતિ-કલ્પના અનુસાર દોષો શોધી કાઢી તે તે ધર્મના અજ્ઞ અનુયાયીઓને તે તે ધર્મ તરફ શંકિત બનાવીને ધર્મ-માર્ગથી ચ્યૂત કરવા માટે ય (સર્વ ધર્મનો) અભ્યાસ કરતા હોય છે. કેમ કે તેઓને તે રીતે આજે અભ્યાસ કરાવાતો ય હોય છે. "સર્વ ધર્મને માનવાનું કહેનાર ખરી રીતે એકે ય ધર્મને માનનાર નહીં" એટલે કે—"ધર્મને જ-ધર્મ જેવી વસ્તુને જ માનનાર નથી હોતા." આ વાસ્તવિક પરિસ્થિતિ હોય છે.

[૨] આજના ધાર્મિક અને વ્યાવહારિક શિક્ષણની અનિષ્ટતા

આજે એક તરફથી ભૌતિકવાદી વ્યાવહારિક શિક્ષણ ખૂબ વ્યાપકરૂપે અપાય છે. તેથી જાહેર-જીવનમાં ધર્મની પ્રધાનતા ઘટતી જવાની સાથેસાથ દુન્યવી અને ભૌતિક જીવનની પ્રધાનતા મુખ્ય-તયા વધતી જ જાય છે. તેથી ધાર્મિક જ્ઞાન પણ હવે 'ભૌતિક સ્વાંગ ધરતું' જાય છે. ધાર્મિક પાઠશાળાઓને એક સ્વતંત્ર સંસ્થાઓ માનીને તે દ્વારા વિદ્યાર્થીઓના પ્રવાસઃ સંવાદોઃ અને બીજી પ્રવૃત્તિઓ

જોડીને તે તરફ માનસ વાળવામાં આવે છે, કારણ કે—" ધાર્મિક સૂત્ર-પાઠો માત્રથી ધાર્મિક જ્ઞાન સંતોષકારક ન મળે," એ સ્વાભાવિક છે. પરંતુ આજુ-બાજુની પૂર્તિ શાસન અને સંઘની પ્રવૃત્તિઓ કરતી હોય છે, જેથી તે પૂરેપૂરૂં સૌંદર્ય ધારણ કરતું હોય છે. તેનું અસ્તિત્વ હવે પછીના વખતમા વિદ્યમાન રહેવાનું કબુલ ન રાખીને ધાર્મિક પાઠશાળાઓમાં રહેતી ખામીઓની પૂર્તિ કરવાના બીજા પ્રયાસો થાય છે. તેના સ્વતંત્ર ફંડો. જુદા સ્વતંત્ર મેળાવડાઃ આધુનિક રીતે સ્વતંત્ર સંચાલનઃ ગુરુઓ કરતા શિક્ષકોની મહત્તા વધારવાના પ્રયાસો વગેરે ધર્મના પ્રભાવની ઘાતકતાના મૂળમા જણાવ્યા પ્રમાણેની ગૂઢ પ્રક્રિયાઓ શરૂ કરાયેલી છે.

[૩] મહાજીવન સંસ્કૃતિના બે ચીરા

ધાર્મિકઃ અને વ્યાવહારિક શિક્ષણને જુદા પાડીને, ધર્મના પાયાવાળી ચાર પુરુષાર્થની સંસ્કૃતિના જ આજે બુદ્ધિકૃત બે ભાગ-બે ચીરા કરવામાં આવ્યા છે.

શરૂઆતમાં વ્યાવહારિક રૂપ પહેલા એક ચીરાને મોટા પાયા ઉપર ખીલવવામા આવેલો છે. પરંતુ "વ્યાવહારિક ચીરાનું શિક્ષણ કે જે આજે વધતું જાય છે તે ભારતીય આદર્શો અને તત્ત્વો ઉપર વિકાસ પામે છે" કોઇ એમ સમજી લેવાની ભૂલ ન કરે. એ ખાસ ધ્યાનમાં રાખવું. પરંતુ તે પણ આધુનિક ભૌતિક આદર્શોને સર્વથા અનુરૂપ રીતે આર્ય માનવોને બીજી રીતે ઘડવાની-આર્યત્વ ભાંગી નાંખવાની-વ્યાવહારિક જીવનમા સમગ્ર પ્રજાની બીજી પ્રજાની ગુલામી સર્જવાની દૂરંદેશીભરી ચાલ મુજબ જ અપાય છે અને ધાર્મિક જાહેર જીવનને બદલે જાહેર જીવન પણ તે જ જાતનું ગોઠવાતું જાય છે. એટલે વર્તમાનકાળે અપાતા વ્યાવહારિક જ્ઞાનમાં આશા રાખવી, તે રેતીમાથી તેલ કાઢવાની આશા સરખી જ ગણાય.

ધાર્મિક ચીરાના શિક્ષણમાં-

ધર્મ અને વ્યવહારમય અહિંસક સંસ્કૃતિથી ધર્મને છૂટો પાડી દઇને તે દ્વારા સ્વતંત્ર રીતે પોત-પોતાના ધર્મશાસ્ત્રોના અભ્યાસમા ધાર્મિક શિક્ષણને વેગ અપાય છે. પરંતુ, તે ચીરો સંસ્કૃતિથી છૂટો પડી જવાથી તેમજ આધુનિક વ્યવહારથી વિપરીત હોવાથી તેની અત્યારે વધતી જતી નિસ્તેજતા પ્રતિ અવારનવાર આગળી ચીંધવામા આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ તો-એ ચીરાને પણ પ્રતિષ્ઠિત બનાવવા માટે ભૌતિક આદર્શોમા ફેરવીને છેવટે ધાર્મિક શિક્ષણ ઘટાડી દઈ, ધર્મથી ફલિત ન થતુ જુદા જ પ્રકારનું નૈતિક શિક્ષણ આપવાનો છે. જેની શરૂઆત પણ થઇ ગઈ છે. કેમકે ભારતના નવા ગણાતા બંધારણમાં જ્યારે ધર્મ અને મોક્ષ નો માનવજીવનના આદર્શ તરીકે સ્વીકાર થયો નથી, એટલે ભૌતિક જીવનમાં પણ વ્યવસ્થાની દૃષ્ટિથી માત્ર નૈતિક શિક્ષણ આપવાનો જ આદર્શ બાકી રહે છે. ધાર્મિકને આજે થોડો ટેકો છે, પણ તે ભારતની પ્રજાને માત્ર ભ્રમણામાં નાખવો પૂરતો જ છે. એટલા જ માટે ધાર્મિક શિક્ષણ આપવાની છૂટ રાખીને પ્રજાના ખર્ચે નિશાળો કન્યાશાળાઓઃ બોર્ડીંગો હાઇસ્કુલોઃ વગેરે વ્યાવહારિક સંસ્થાઓ પહેલા કઢાવી ને તે કાઢવા પણ દીધી ભોળા શ્રીમંતોએ ધાર્મિક શિક્ષણની લાલચે કાઢી પણ ખરી. પછી આટ લેની શાળાઓમાં ધાર્મિક શિક્ષણ બંધ કરવાનો હુકમ કરી બંધ કરાવ્યું છે. હવે સર્વ ધર્મોનું ધાર્મિક શિક્ષણ સરકારી શાળાઓમા આપવા સરકારે કમીટી નીમી છે. પરંતુ તેનો ઉદ્દેશ તો ઉપર જણાવ્યા પ્રમાણે પરિવર્તન કરી અથવા ઘટાડી નાંખવાનો જ છે. શરૂઆતમાં એટલા જ માટે હાલની કેળવણીને વેગ આપવા પાઠશાળાઓ સંસ્કૃત પાઠશાળાઓ. મદ્રેસાઓ વગેરે કઢાવેલા હોવાનો ઇતિહાસ મળે છે. કેમકે તે પગથિયાનો આશ્રય લીધા વિના ભારતની પ્રજા એકાએક હાલનું શિક્ષણ લેવા દોરવાય તેમ નહોતી.

આપણી પણ પાઠશાળાઓ પહેલા તો મુંબઈ, [illegible] અને પછી [illegible] વગેરેમાં શરૂ થયેલ છે. કેમકે તે વખતની ધર્મચુસ્ત પ્રજાના માનસમાં પરિવર્તન લાવવાનો એ જ પ્રાથમિક ઉપાય હતો. અને તે વખતના ધાર્મિકોમાંના પણ જે કોઈ કાંઈક સામાન્ય વિચારના હતા, તેઓ એ કામમાં આગળ પડતા થતા હતા. તેને બહારથી આડકતરો મદદગાર ટેકો પણ હતો. જો કે તે વખતના પરંપરાગત ધર્મતંત્રના સંચાલકોનો અને આગેવાનોનો તેના વિરોધ [illegible] પ્રમાણો મળે છે "કેવું કેવું પરિણામ આવશે ?" તેની સ્પષ્ટ કલ્પના તે વિરોધ કરનારાઓને જો કે નહોતી જ. પરંતુ "કાંઈક વિપરીત અને અનિષ્ટના તરફ જવાય છે" એવા [illegible] તેઓનો સખ્ત અને પ્રામાણિક વિરોધ હતો જ.

[૪] નિશાળોમાં નૈતિક અને ધાર્મિક શિક્ષણ

હમણા હમણા નૈતિક અને ધાર્મિક શિક્ષણ સ્કૂલોમાં આપવાની નીતિ નક્કી કરવા માટે સરકારે એક સમિતિ નીમી હતી. તેનું નિવેદન બહાર પડી ગયેલ છે. તેનો ઊંડાણથી અભ્યાસ કરનારને સ્પષ્ટ રીતે સમજાય છે, કે-જો તેનો અમલ થશે તો તેથી સાચી નીતિ અને ધાર્મિક જ્ઞાન જોખમમાં મૂકાઈ જશે જ.

જો કે-સીધી રીતે વાચતા "નીતિ અને ધર્મને ઉત્તેજન આપવાનું જ તેમાં જણાઇ આવે છે તથા ભારતના જુદા જુદા ધર્મોની સમજ અને સમન્વયનો લાભ દેખાઇ આવે છે. તેમજ નીતિ અને ધાર્મિક શિક્ષણ વિના ભાવિ પ્રજાના જીવન વિષે ચિંતા વ્યક્ત કરવામા આવેલી છે. તેમજ ભારતની પરંપરાઓ તરફ કશોયે કટાક્ષ કરવામા આવેલો નથી પરંતુ ગર્ભિત રીતે સહાનુભૂતિ બતાવાતી હોય તેવી રચનાત્મક અને પ્રોત્સાહક ભાષા રાખવામા આવેલી છે" એમ જણાશે. પરંતુ ભારતના મહાત્માઓની આ બાબતમા કેવી સુંદર રચના ચાલી આવે છે? અને તેની સચોટતા કેટલી હિતકારક છે? તેની સાથે બરાબર ઉંડાણથી તુલના કરી જોતા તે નિવેદનની પોકળતા બરાબર તરી આવે તેમ છે.

૧. દ્વારકા શારદાપીઠના શ્રી શંકરાચાર્ય મહારાજના જણાવ્યા પ્રમાણે "ધર્મ વિના નીતિ ક્યાથી હોય ?" એ વાત સાચી છે. નીતિ ધર્મમાથી જન્મેલી છે. તેમાથી જન્મે છે. તેનું મૌલિક ઉદ્દભવસ્થાન તે છે. ત્યારે આજે ધર્મરહિત માત્ર વ્યવસ્થા પૂરતી કાયદાની નીતિને સ્થાન આપવા માટે નીતિનું શિક્ષણ આપવાની સરકારી નીતિ છે નહીંતર, નૈતિક અને ધાર્મિક શિક્ષણ એ શબ્દમા નૈતિક શબ્દને જુદો પાડવાની જરૂર જ નહોતી. જો કે તેના સમાધાનમા કેટલાક ધાર્મિકોની અનીતિમત્તાને આગળ કરીને દલીલો કરી શકે તેમ છે, પરંતુ એ દલીલો વાસ્તવિક નથી હોતી. કેમકે ધાર્મિકોને કૃત્રિમ રીતે અનીતિમાન બનાવવાના પ્રયાસો થતા હોય છે. પરંતુ લંબાણના ભયથી તેની ચર્ચા અહીં કરીશુ નહિ.

૨. ધાર્મિક શિક્ષણમા પણ પ્રચલિત ધર્મોને-ધર્મ-સંસ્થાઓને લુપ્ત કરવાના આંતરરાષ્ટ્રીય ઉદ્દેશની સફળતા કરવાના ધોરણે શિક્ષણ આપવાની નીતિને એવી ખુબીથી સ્થાન આપવામાં આવેલું છે, કે-જેથી કરીને ધાર્મિક શિક્ષણ લેતી જાય તેમ તેમ ભાવિ પેઢી પોત-પોતાના પરંપરાગત ધર્મોથી અને તેની સંસ્થાઓથી દૂર દૂર જ થતી જાય.

જો કે શરૂઆતમા—

અ દરેક ધર્મને માન્ય સિદ્ધાતો, આચારોનું જ્ઞાન આપવાની ગોઠવણ એક જ જાતના પાઠ્ય-પુસ્તકોમા રહેશે

બા તથા દરેકના મહાપુરુષોના જીવનચરિત્રો શિખવવાને પણ સ્થાન રહેશે. પરંતુ તે એવી રીતે હશે કે જેનું જ્ઞાનમાત્ર થશે પરંતુ જીવનમાં પ્રબળ પ્રેરકરૂપે બનશે નહી. ને તે જ્ઞાન જીવનમાં અમલી બનશે નહીં. એટલે તે વિના પરંપરાગત ધર્મો પોતાની જવાબદારી ટકાવી શકે જ નહી. અને મહાપુરુષો

તેના મૂળ ઉદાત્ત સ્થાને ન રહેતા એક સારા અને સદ્‌ગુણી માનવો તરીકેની યાદીરૂપે રહેશે. ભગવાન્ પરમાત્મા તરણુ-તારણુરૂપે ભાવિપ્રજાના ખ્યાલમાંથી ઉતરી જશે અને બીજા જ લોકોના નામો તે ધર્મપ્રવર્ત્તકોને સ્થાન લોકોનાં મોઢામાં મૂકાઇ ગયા હશે.

૩. ધાર્મિકશિક્ષણુ શબ્દને બદલે ઠામ ઠામ આધ્યાત્મિક વિજ્ઞાનનુ શિક્ષણુ શબ્દો નિવેદનમા મૂકવામા અદ્‌ભુત ખુબી છે. આધ્યાત્મિક જ્ઞાનમાત્રથી કે દરેક ધર્મોને માન્ય આધ્યાત્મિક વિજ્ઞાનોના સંગ્રહના જ્ઞાનમાત્રથી ધાર્મિક કે ધર્માત્મા થઇ શકાતુ નથી. આધ્યાત્મિક જ્ઞાનને જુદા જુદા આચારો મારફત જીવનમાં ઉતારવા માટે જુદા જુદા નામે પરંપરાગત ચાલી આવતી ધર્મસંસ્થાઓરૂપે વ્યવહારુ સાધનોરૂપ ધર્મોની ને સંપ્રદાયોની આવશ્યકતા પડે છે. તો જ જુદા જુદા સંપ્રદાયોમાં રહેલા લોકોને ધર્મનુ સેવન સુલભ સ્થાયિ અને રસમય બની શકે છે. એટલા માટે ધાર્મિક ઉત્સવોઃ પર્વો ધર્મસ્થાનો વ્રતોઃ નિયમો વગેરેની ગોઠવણુ હોય છે, પરંતુ આધ્યાત્મિક વિકાસનુ જ્ઞાન આપવાની વાતને આગળ કરવામાં પરંપરાગત ધર્મોને લુપ્ત કરવાની ગંભીર ગોઠવણુને ગૂઢ રીતે છુપાવવામા આવતી હોય છે. આધ્યાત્મિક વિજ્ઞાનનુ કોરું જ્ઞાન આપવાનો આદર્શ એ જ પરંપરાગત ધર્મોને લુપ્ત કરવાનુ હથિયાર. આ વસ્તુ સૂક્ષ્મદષ્ટિ વિના સમજાશે નહીં.

૪. એક તરફ આધ્યાત્મિક જ્ઞાન આપવાની વાત આગળ કરવામા તો આવી છે. ત્યારે બીજી તરફથી "ધર્મની ક્રિયા વિના તો ચાલે નહીં." ત્યારે ધર્મની ક્રિયાઓ પણુ શિખવવાનો ક્રમ તેમાં સૂચિત કરવામા આવ્યો છે. તેમાં પ્રાર્થના, જાપ તથા ધ્યાનને સ્થાન આપવામા આવેલુ છે. એ ત્રણેયને સ્કુલોમા શિખવવામા આવે એટલે પોત-પોતાના ધર્મસ્થાનોમા જઇ, પોત-પોતાના ધર્મની ક્રિયા કરવાનુ ભાવિ પેઢીને રહે જ નહી. એ રીતે તે તે ધર્મની ક્રિયાઓ લુપ્ત થતી જાય, ધર્મસ્થાનો શૂન્ય બનતા જાય, પછી પરંપરાગત ધર્મો શી રીતે જગતમા પોતાનુ અસ્તિત્વ ટકાવી શકે ? કેમકે આચરણા-ક્રિયા જ ધર્મોને ટકવાના જીવનપ્રાણુ છે. તે જ રૂંધાઇ જાય.

પ્રાર્થનાક્રિયા એ મુખ્યપણે ખ્રીસ્તીધર્મની છે તેને આજે વ્યાપક કરાતી જવાય છે. અને તે સ્કુલો મારફત વ્યાપક થવાથી તેને વિશાળ સ્થાન મળી ગયા પછી પ્રતિક્રમણ-સંધ્યા કોણુ કરે ? નિમાજ કોણુ પઢે ? દેવદર્શન-પૂજા-ગુરુવંદન-ભક્તિ વગેરેને કયાં સ્થાન રહે ? આ બધુ આપણે વિચારવાનુ છે.

૫ ગુરુઓને સ્થાને શિક્ષકો મૂકવાના છે. અને ત્યાગી તપસ્વી ગુરુઓના જેવુ જ તેઓને માન આપવાનુ અને તેઓનુ મહત્ત્વ વધારવાની ભલામણુ તો એ સમિતિના નિવેદનમા સ્પષ્ટ શબ્દોમાં જ છે.

૬. કહો દેવ-ગુરુ-ધર્મની આરાધના, શાસન, સંઘ, સાત્તક્ષેત્રાદિકને ભવિષ્યમા કયાં સ્થાન રહે તેમ છે ? સર્વ કાંઇ કુલંકુલા સરકાર, શિક્ષણસંસ્થા, શિક્ષકો અને ધાર્મિક તરીકે નક્કી કરેલા આધ્યાત્મિક જ્ઞાન આપનારા પુસ્તકો સિવાય કઇ વસ્તુને સ્થાન છે ?

૭. અને "નિશાળોમાં ધાર્મિક શિક્ષણુ આપણા બાળકોને મળે છે" એમ સમજીને મા-બાપો અને ધર્મગુરુઓ સંતોષ પકડીને બેસી જાય. ધીમે ધીમે સરકારી કાયદાઓના અંકુશો મારફત ધાર્મિક સંસ્થાઓ વગેરેના કબજા લેવાઇ તેનો ઘટતો બીજો ઉપયોગ કરવાની ગોઠવણો ચાલતી હોય. ધર્મનુ શિક્ષણુ આપવાની સચોટ યોજનાઓ રૂપ પર્વો ઓચ્છવોઃ મહોચ્છવો તીર્થયાત્રા વિશિષ્ટ અનુષ્ઠાનો પ્રતિષ્ઠાઓઃ વરઘોડા વગેરે લુપ્ત થતા જાય, તેમાં થતો ખર્ચ ગર્હ્ય દુર્વ્યય ગણાતો જાય પાઠશાળાઓ અને તેના શિક્ષકો સ્કુલના અનુસંધાન સાથે જોડાતા જાય, આ ભય અમે મુંબઇ જૈન ધાર્મિક શિક્ષણ સંઘ સ્થાપતી વખતે સૂચવ્યો હતો પરંતુ જે વાણીયાઓ એક વખત અગમબુદ્ધિ ગણાતા હતા, તે હવે પશ્ચિમબુદ્ધિ અથવા તરતબુદ્ધિ થતા જાય છે. કોનો દોષ કાઢવો ?

આ રીતે નૈતિક અને ધાર્મિક શિક્ષણની સરકારી નીતિનું અમુક પરિણામ છે. આ સ્થિતિમા શ્રી **દુપ્પસહસૂરિ** મહારાજ સુધી જૈનશાસન ચાલુ શી રીતે રાખી શકાશે ? એ પણ છે. પરંતુ કામ તો રહેતું જશે. તેથી તેમા શંકા નથી.

આ નીતિ કોઇ ભારત સરકારે ઘડી છે, એમ માનવાને કારણુ નથી. આ નીતિના સૂત્રધારો કે એવી બહારની કોઇપણ સંસ્થા વ્યક્તિ કે તત્ત્વો તરફથી સીધી રીતે કે સરકારી દફતર મારફત પ્રાપ્ત થયેલ હોવામાં કશી શંકા રાખવાને કારણુ નથી. કેમકે ૧૯૪૨ માં ૯ મિત્ર રાજ્યોના શિક્ષણખાતાના પ્રધાનોએ મળીને ઈંગ્લાંડમાં આ વિષે ચર્ચા-વિચારણાઓ કર્યાની હકીકત મળે છે. જેમાં ભારતના નવા બંધારણની મૌલિક નીતિ ઘડવામાં અગ્રેસર ભાગ લેતા લોર્ડ સ્ટેફર્ડ સ્ક્રીપ્સનો પૂરેપૂરો સહયોગ હતો. એમ એક અહેવાલ ઉપરથી સ્પષ્ટ રીતે કહી શકાય તેમ છે. અને ભારતની કેન્દ્ર સરકારે નીમેલી સમિતિના હેવાલ ઉપરથી આ પ્રશ્ન શિક્ષણ ખાતા સાથે જોડવાનો હોવાનું સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. અને ધાર્મિક શિક્ષણ આપનારી દરેક ધર્મની છેલ્લા ૧૦૦ વર્ષમા સ્થપાયેલી દરેક નાની-મોટી સંસ્થાઓને સરકારી શિક્ષણ ખાતા સાથે ભવિષ્યમાં જોડી દઈ તેના અંગ તરીકે તે ખાતા તરફથી તેના ઉપર નિયમન રહેશે. આ વાત આજથી ૨૦ વર્ષ પહેલાં અમુક સંસ્થાના સંચાલકોને જણાવી હતી, જે આજે પ્રત્યક્ષરૂપે સામે આવી છે.

આપણી સરકાર જે હોય અને તે જે કરે તેમાં વાંધો લેવાને કારણુ ન જ હોય, પરંતુ આજે તો વિદેશીઓએ આપણા ઉપર લોખંડી ચોકઠું ગોઠવ્યું છે. અને તેની પાછળ ત્યાંના હેતુઓને ખીલવવાના ચક્રો ગતિમાન હોય છે. તેનો અમલ કરાવવા માટે આપણા જ દેશબાંધવોને આગળ રાખવામાં આવ્યા હોય છે. એટલે તેમના હુકમ માથે ચડાવવાનો લાભ પાછળવાળા મેળવી જઇ આપણી પ્રજા, ધર્મો અને સંસ્કૃતિ વગેરેને ભયંકર નુકસાનો પહોંચી જાય, તેવી સ્થિતિ શરૂ થઇ ગઇ છે. તે અતિ વિચારણીય પ્રશ્ન છે.

આથી મહા જીવનસંસ્કૃતિના કરવામાં આવેલા બે ચીરાનું રહસ્ય વધારે સ્પષ્ટ રીતે સમજાશે.

૧ વ્યાવહારિક ચીરાનું પરિવર્ત્તન તો પ્રત્યક્ષ થઇ ચૂક્યું છે અને તેનો વેગ આગળ ને આગળ વધતો જઈ સર્વથા પરિવર્ત્તન તરફ ધસી રહેલ છે.

૨ ત્યારે ધાર્મિક ચીરામાં પરિવર્ત્તનનાં બીજ અને અકૂરા તો ફૂટી નીકળ્યા છે તેનો સર્વથા પરિવર્ત્તન થવાની દિશા તરફ વેગ કેવી રીતે વધી જશે ? તે હવે બરાબર સમજાશે.

સ્કુલોમાં સરકારી નીતિ મુજબ નૈતિક અને ધાર્મિક શિક્ષણ દાખલ કરવામા આવે અને ધાર્મિક સંસ્થાઓના સંચાલન તથા હિસાબોની ચોખવટ વગેરેને આગળ કરીને અંકુશ સ્થાપિત કરવામાં આવે એટલે પછી ઘણું કરવાનું રહેતુ નથી.

[૫] એક સૂચક પ્રસંગ

ગૂજરાતનું નવું રાજ્ય થતા તેના વડાપ્રધાને પોતાના શરૂઆતના કોઇ પ્રસંગના ભાષણમા "ધર્માંધતા" ન રાખવાની ભલામણ કરી છે. ધર્માંધતા સારી નથી તે જ રીતે અધાર્મિકતા પણ સારી નથી. પરંતુ ધર્માંધ તો કોઇક જ વ્યક્તિઓ હોય. ધાર્મિકો બધા જ ધર્માંધ કહેવાય એવો જો વડાપ્રધાનશ્રીનો ખ્યાલ હોય તો આશ્ચર્ય થાય છે અને ધર્માંધતા છોડવા દ્વારા તેઓ ધર્મ છોડવાની ભલામણ કરતા હોય એમ જણાઇ આવે છે.

વળી-નીતિ અને આધ્યાત્મિકતાના વિકાસની ખુલ્લા શબ્દોમાં હિમાયત કરી છે. તે ધર્મોને જગતમાંથી વિદાય આપવાની રામબાણ દવા છે. એમ સ્પષ્ટ કરવામા આવ્યું છે. પાચ અંગોમાં ધર્મ-

સંસ્થા અંગ આધ્યાત્મિકતાના વિકાસ માટેનું પાત્ર છે. તેના વિના આધ્યાત્મિકતા ખીલે કે ન ખીલે, પરંતુ ધર્મોને વિદાય આપવાનો એ ઉપાય છે.

વળી શ્રી ગાંધીજીએ બતાવેલા ધર્મની હિમાયત કરી છે, તેમજ 'ધર્મ' શબ્દને વ્યાપક અર્થમા ઘટાવવાની ભલામણ કરી છે. પરંતુ ગાંધીજીએ કોઇ ધર્મપંથ શરુ કર્યો નથી. પરંતુ તે હોય કે ન હોય, પણ તે શિવાય બીજો ધર્મ નથી એમ સૂચિત થાય છે. ધર્મના તો બહોળા અને મર્યાદિત દરેક અર્થો ઘટતા સંયોગોમાં સૌને માન્ય હોય છે.

તેમના વક્તવ્ય ઉપરથી ધ્વનિ એ સમજાય છે કે–પરંપરાગત દરેક ધર્મો ઉપર ભય ઉત્પન્ન થયાનું સમજાય છે. જો કે સીધા આક્રમણનો ભય રાખવાને કારણ નથી. પરંતુ ધર્મસહિતતાને અનુત્તેજન અને ધર્મરહિતપણાને ઉત્તેજન એ જાતની રાજ્યનીતિ તો રહેવાની જ. રાજ્યે તો પોતે જ આધુનિક આદર્શોની સામાજિક અને આર્થિક ઉન્નતિ કરવાની ભાવના બતાવી છે. રહી વાત ધાર્મિકની. તેને વિષે પહેલેથી જ ઉપર જણાવ્યા પ્રમાણે નિર્દેશ કરવામા આવેલ છે.

[૬] સાચો રસ્તોઃ

સાસ્કૃતિક વ્યાવહારિક જીવન સાથે ધાર્મિક જીવન અવિચ્છિન્નપણે ગૂંથાયેલું રહે, એ જ મોક્ષના આદર્શવાળા જીવનનો સાચો રસ્તો છે.

સાંસ્કૃતિક વ્યાવહારિક જીવન સાથે ધાર્મિક જીવન ગૂંથાએલું રહેતું હતું, તેમાં પરસ્પરની પૂરતી શોભા હતી. ઉભય જીવન બનતાં હતાં. વ્યાવહારિક જીવન ધર્મનિયંત્રિત હોવાથી શોભી ઉઠતું હતું, જ્યારે ધાર્મિક–જીવન વ્યાવહારિક જીવનમાં આગળ પડતાં લોકો પણ જીવતા હોવાથી તે પણ શોભી ઉઠતું હતું. અને એ રીતે ચાર પુરુષાર્થમય અહિંસક જીવન સંસ્કૃતિ પણ શોભી ઉઠે, ને પ્રજા પણ શોભી ઉઠે, એ સ્વાભાવિક છે.

ધાર્મિક શિક્ષણ અને વ્યાવહારિક શિક્ષણ એમ બે ચીરા થયા પછી ધાર્મિક ચીરાનું શિક્ષણ ગમે તેટલું વધવા છતાં, ધર્મનું બળ અને પ્રભાવ ઘટતાં જ જાય છે. તેનું મૂળ કારણ ઉક્ત વિઘાતક નીતિનો અમલ છે. આ રહસ્ય પરંપરાગત મહાધર્મ પરંપરાઓના ધુરંધર રક્ષકોએ ખૂબ ધ્યાનથી સમજી, વિચારી, ધર્મની રક્ષાના સક્રિય સદ્‌પાયો વહેલામાં વહેલી તકે કામમાં લેવાની જરૂર છે.

ધર્મપ્રધાન જીવન સંસ્કૃતિના પક્ષપાતી સર્વ ધર્મોના આગેવાનોએઃ ને ધર્મના પેટા સંપ્રદાયોના આગેવાનોએ પોતાનાઃ અને બીજાના એમ દરેક ધર્મના પ્રવાહને રક્ષણ આપવાની ઘડી આવી ગઇ છે. પોતાના ગામ ઉપર ધાડ આવે ત્યારે દરેક ઘરવાળા એકસંપે તે ધાડનો ઉપાય કરે છે. તે રીતે ભૌતિકવાદી જીવનધોરણોની આજે સર્વ ધર્મો ઉપર જે ધાડ આવી છે, તેનો પરંપરાગત મહાધર્મપરંપરાઓના ધુરંધરોએ–રક્ષકોએ એકસંપે ઉપાય કરવો જોઇએ. અને તેનો સાચો ઉપાય એ છે, કે–દરેક ધર્મના અનુયાયિ પોત–પોતાના ધર્મનું યથાશક્ય ધર્મશાસ્ત્રોની આજ્ઞા મુજબનું ધર્મનું પાલન આગ્રહ અને દઢતાપૂર્વક કરે. બસ એમાં ધર્મનો સર્વ પ્રકારનો વિજય છુપાયેલો છે, તેમ કરવાથી આજના કાયદાની ડખલનો ગજ બઇ વાગી શકશે નહીં. આ શિવાય અંદરના અને બહારના એમ બન્નેય વિઘ્નો ઉપર વિજય મેળવી શકાશે નહીં. ધાર્મિક આચારો ઉપર પ્રહારઃ એ આજનો આદર્શ છે. તેથી બચવું એ ધર્મ–રક્ષણ છે.

[૭] શોચનીય મનોદશા

જૈનધર્મ. વિશ્વના સમગ્ર પ્રાણીયોના કલ્યાણ માટેની વસ્તુ છે, માટે તેના વાત્સલ્યનો પ્રવાહ નાનામાં નાના સૂક્ષ્મ જંતુ સુધી પહોંચવો જોઇએ. એટલા માટે મિથ્યાદષ્ટિ પણ જો ભદ્રપરિણામી જીવ હોય તો

તેનામાં સમ્યગ-દર્શનનો આરોપ કરીને પણ વીતરાગધર્મની દીક્ષા આપવા સુધીની ભલામણ જૈન-શાસ્ત્રોમા છે.

૨. તેની જ સાથે ધર્મ જેવી ઉત્તમ ચીજનો દુરુપયોગ થાય, તો મહા અનર્થ થાય. માટે આગમો અને ધર્મનાં રહસ્યો જેમ બને તેમ ગુપ્ત રાખવા, પાત્રની પરીક્ષા વિના આપવા નહીં. આપવામા આવે તો તેના પ્રાયશ્ચિત્તો બતાવેલા છે, કારણ કે ઉત્તમ વસ્તુનો દુરુપયોગ એ તેનું અપમાન છે અને તેથી સ્વ-પર ઘણા જીવોને નુકશાન થાય તેમ હોય છે, ન આપવામાં સંકુચિત દૃષ્ટિ માનવી યોગ્ય નથી, ઉત્તમ વસ્તુઓનું અનેક ભોગો આપીને પણ એવી સારી રીતે રક્ષણ કરવું જોઇએ, કે-જેથી કરીને સુપાત્રોને તે મળી શકે, સારી રીતે મળી શકે, અને તેઓ દ્વારા પણ વિશ્વના પ્રાણીઓનું હિત થતું રહે માટે તેમ કરવામાં ઉદારતા છે, સંકુચિતતા નથી.

૩ પરંતુ આજની પરિસ્થિતિ જ જુદી છે, પૂર્વકાળમા અન્ય ધર્મીઓનું કે નાસ્તિકોનું આક્રમણ આવે, અને તે ધર્મના કોઇક ભાગને નુકશાન કરી જાય, એટલે કે ધર્મનું તેજ ઝાંખું પડે, અથવા કેટલાક અનુયાયિઓનું મન ફેરવી ધર્મથી વિમુખ કરે, પરંતુ તેથી વધારે નુકશાન થવાનો અવકાશ નહોતો, કારણ કે માનવ-જીવનના તમામ વ્યવહારો વ્યાપક રીતે સર્વત્ર અમલમા હોવાથી તે દ્વારા ધર્મનાં મૂળ ઘણાં જ ઉંડા હોવાથી તેના ઉપર ખાસ મહત્ત્વની કોઇ અસર થતી નહી. તમામ વ્યવહારો "આત્મા છે" ઇત્યાદિ ૭ સ્થાનક ઉપર રચાયેલાં છે.

૪ ત્યારે આજે ધર્મના મૂળ જ ઉખેડી નાખવા માટે માનવ-જીવનના તમામ વ્યવહારો 'આત્મા નથી' વગેરે વિપરીત ૭ સ્થાનોની માન્યતા ઉપર રચવામા આવ્યા છે, તે પ્રાગતિક વ્યવહારો જેમ-જેમ વ્યાપક થતા જાય તેમ તેમ આત્મવાદના વ્યવહારો અદૃશ્ય થતા જાય, તેની સાથે આત્મવાદ જ તુટી પડતો જાય છે, આ રહસ્ય છે.

૫ તે પ્રાગતિક વ્યવહારોનો આશ્રય આપણે આપણા ધર્મની ઉન્નતિ માટે લેતા હોઇએ છીએ. એમ કરીને ધર્મકલ્પવૃક્ષને ખોદી નાખવાના આકર્ષક ઉપાયોને ધર્મની ઉન્નતિ કરનારા માનીને તેની લશ્કરી છાવણીમા આપણે જ ભરતી થઇએ છીએ, આપણે જ તેમાં ભળીયે છીએ; આપણે જ તેને આવકારીયે છીએ. જે ધર્મકલ્પવૃક્ષના મૂળ ઢીલા કરી તેમાં નિર્બળતા દાખલ થાય છે તે જોઇ કાઢીને પછી વ્યવસ્થા, કાયદો વગેરે બ્હાને નાના-મોટા ખુલ્લા આક્રમણોનો કાર્યક્રમ શરૂ છે તે આગળ વધતો જાય છે.

૬ આજે એમ કહેવાય છે, કે—"અમેરિકામાં ભારતના ધર્મોનો અભ્યાસ કરવાનો ભારે રસ જાગ્યો છે." વાત તદ્દન સાચી છે. પરંતુ "એ રસ શા માટે જાગ્યો છે?" તેની ઊંડી તપાસ કરવી જોઇએ શું આત્મકલ્યાણ માટે એ રસ જાગ્યો છે? કે જુદી જુદી પ્રજાઓની સ્પર્ધાના કાર્યક્રમ તરીકે એ રસ જાગ્યો છે? જો આત્મકલ્યાણ માટેના રસથી એ અભ્યાસ થતો હોય, તો તેમા જો આપણે સાથ ન આપીયે તો અંતરાયકર્મ બાંધીયે એ સ્પષ્ટ જ છે. પરંતુ બીજી પ્રજાઓ ઉપર સરસાઇ મેળવવા આક્રમક પ્રવૃત્તિમાં સહાય મળે માટે જે પ્રજા ઉપર આક્રમણ કરવું હોય, તેના ઊંડા અભ્યાસીઓ એક તરફથી ઉભા કરવા, અને તેઓ મારફત તમામ વસ્તુસ્થિતિનો અભ્યાસ કરી લેવાની સગવડ મેળવી લેવી, એ ઉંડા અભ્યાસીઓ કદી આક્રમણ ન કરે એ નીતિનું રક્ષણ કરવામા આવે, તે પાર્ટી તો માત્ર ઉંડા રહસ્યો અને તેને લગતા હેવાલો જ બહાર પાડે, પરંતુ સાથે જ બીજી પાર્ટી તૈયાર રાખી હોય છે, બહાર પડેલા હેવાલો ઉપરથી છિદ્રો શોધી કાઢે, અને તે દ્વારા આક્રમણો થાય, બંનેય પાર્ટીઓને તૈયાર કરનાર ત્રીજી જ શક્તિ હોય છે. આ સ્થિતિ જો સાચી હોય, તો અમેરિકામાં જાગેલા

ભારતના ધર્મના રસને ઉત્તેજન આપ્યા બાદ તેમાંથી જન્મતાં આક્રમણના પ્રસંગો જ્યારે આવે, ત્યાર પછી તેનાથી ગભરાવાની કે આક્રંદ કરવાની સ્થિતિમાં ન મૂકાવું જોઇએ.

૭ ખરી વાત એ છે, કે-ખ્રીસ્તી યુરોપીય પ્રજાઓના સંતાનો એક તરફથી નમ્રતાપૂર્વક ઊંડો અભ્યાસ કરતા હોય છે, અને બીજી તરફથી તેના ઉપર પોતાની સરસાઇ જમાવવાના પ્રયત્ન ચાલુ હોય છે. આ પ્રમાણેનો તેઓનો કાર્યક્રમ ઘણો જ જુનો છે.

૮ પરંતુ બ્રીટીશો ભારતમાંથી બહાર જવા છતાં તેમણે જે ભૂમિકા રચી છે તેને આગળ વધારવાનું કામ અમેરિકાને સોપાયું છે અને અમેરિકાએ તે હાથ ધર્યું છે, ભલે સ્વરાજ્યની સરકાર ચલાવનારા આ દેશના ભાઇઓ છે, પરંતુ મુદ્દાની બાબતોમા અમેરિકાની ઇચ્છા પ્રમાણે થતું હોય છે. ને સરકાર તેમના ભાવિ આદર્શોની સફળતા થાય તેવી તેઓના આદર્શ પ્રમાણેની અહીં ગોઠવાય છે.

એટલા માટે તે દેશ પોતાના મોટા લોકશાસનવાળા ભાઇમ ધને વધારે મદદ આપે છે, અને તેના વિકાસમાં વધારે રસ લે છે. આ વાત આપણે આટલે વખતે પણ ન સમજી શકીયે, તો આપણી બુદ્ધિ કુંઠિત થઇ ગઇ છે, એમ જ માનવાનું રહ્યું.

૯. આથી એ દેશના ભાવિ આગેવાનોને આ દેશમાં પ્રજાજીવનના અંશેઅંશમાં કાબુ જમાવવો હોય તો આ દેશના ધર્મોનો ઉંડામાં ઉંડો અભ્યાસ કરવો જોઇએ. કારણ કે હાલમાં ખેતી અને ધર્મમાં પરિવર્તન કરાવવાનો આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ છે.

૧૦ જો કે હાલમાં તો જૈન સિવાયના બીજા ધર્મોનો અભ્યાસ કરવામા તેઓ પડ્યા છે. કેમકે જૈનધર્મ માનવજીવનની સર્વ બાબતોમા દૂર-દૂરનું કેન્દ્ર છે. તેમાં એકાએક હાથ નાંખવો આજે શક્ય નથી. તેમ જ જોખમ પણ છે. એમ સમજીને હાલમાં બીજા ધર્મોનો અભ્યાસ કરી આજુબાજુની પરિસ્થિતિ હાથમાં આવ્યા પછી કેન્દ્રભૂત જૈનધર્મ હસ્તગત કરી શકાય, માટે હજી તેને હસ્તગત કરવાનો કાર્યક્રમ દૂર છે. તેથી તેના તરફ ઉપેક્ષા છતા ધીમી શરુઆત તો ઘણા વખતથી થયેલી છે. તેને વેગ તો અપાઇ રહ્યો છે.

૧૧. તેની સાથે તેઓ રાહ એ જુએ છે, કે-"જૈનો આમંત્રણ આપે, તેઓ આપણે માટે સગવડો કરે, આપણને સાધનો આપવા દોડી આવે તો જવુ, ત્યાંસુધી ખામોશ રાખવી." કેમકે તેઓ સમજે છે, કે-કેટલાક જૈનો. કેટલીક સંસ્થાઓઃ અને કેટલાક મુનિઓ પણ એટલા ઉતાવળીયા છે, કે-ઉપર પ્રમાણે કરવા દોડાદોડી કર્યા વિના રહેવાના નથી.

૧૨. આપણા ભાઇઓનો સહકાર મળવાથી પ્રવેશ સ્થાયિ ગાઢ અને મજબૂત બની જાય એ સ્વાભાવિક છે. બરાબર પ્રવેશ થયા પછી તે જાતનું પરિવર્તન કરવું-કરાવવું હોય તે સુલભ થઇ પડે છે.

૧૩. જો કે કોઇક પણ માર્ગાનુસારી આત્માર્થી જીવો તેમાં ન હોય, એમ માનવાને કારણ નથી. કોઇ જીવ તેવા હોય પણ ખરા. પરંતુ તેનું ગૌણ સ્થાન હોય છે. તો તેટલા ખાતર આપણે આપણા ધર્મશાસનને જોખમમા મૂકવું ? પાઇના લાભ માટે રૂપીયો ગુમાવવો ? કેમકે આજે તો પ્રજાએ પ્રજાની હરીફાઇની રેસમાં વિજય મેળવવા માટે અભ્યાસ કરવામાં આવે છે. ને તેમાં સાધનો આપવા દોડી જવું !

૧૪. જો એ પ્રજાની કાર્યનીતિ એ જાતની ન જ હોય તો આપણે દોડી જવું તે ઉભયને માટે હિતકર છે. પરંતુ તે પ્રજાની કાર્યનીતિ એ જાતની છે તેમા શંકા રાખવાને કારણ નથી જ. માટે સાવચેત રહેવા જેવું છે નહીંતર તેની સાથે મહામાનવીહિંસા અને ઘણા જીવોનું અહિત સંકળાયેલ છે

૧૫. સદંતર રહસ્યો આપવાનું આજે સર્વને માટે બંધ કરવામાં શાસનની સલામતી છે. કારણ કે તેને હાનિ પહોંચાડવામાં દુન્યવી સ્વાર્થો સફળ થવાનો ખ્યાલ આવવાથી તેમ કરવાની તૈયારી છે. માટે સાવચેત રહેવાની પૂરી આવશ્યક્તા છે. તે સ્થિતિમાં ત્યાંની પવિત્રતાના ગૂઢ રહસ્યો સમજ્યા વિના આપણા ઘણા આગેવાનો અને ભાઇઓ તેઓના માયાવી રોચક વર્તનથી આવર્જિત થઇને મહાપુરુષોની ઉત્તમ વસ્તુઓ આપવા બિનજવાબદાર રીતે લાભાલાભનો વિચાર કર્યા વિના દોડી જતા હોય છે, અને શાસનના અગ્રેસર વિજ્ઞપુરુષો એ બાબત તરફ ખ્યાલ નથી આપતા તેથી મનમાં દુઃખ ધારણ કરતાં હોય છે. તે ખરેખર તેઓની શોચનીય મનોદશા છે. શાસનનું હિત વિચારવું જોઇએ.

૪ ભારત અને બહારના ધર્મો:

[૧] ધર્મનું ધ્યેય:

જો કે ધર્મ તો આધ્યાત્મિક વિકાસમાર્ગરૂપ હોવાથી શાશ્વત છે, તેનો કદી નાશ થતો નથી, થવાનો નથી, થયો નથી. પરંતુ તે શાશ્વત ધર્મમાંથી તે તે માનવ–પ્રજાઓને પાળવાના શક્ય સિદ્ધાંતો અને તદનુકૂળ આચારો ગોઠવી લઇ, ધર્મના પાલનને સુલભ બનાવનારીઃ મહાસંતો–મહાત્માઓ વગેરેએ તે તે કક્ષાના જીવોનું કલ્યાણ કરનારા આધ્યાત્મિક વિકાસ માટે સ્થાપેલી. જુદી જુદી ધર્મસંસ્થાઓ જ જુદા જુદા ધર્મોને નામે ઓળખાતી આવે છે. જેમકે **જૈન ધર્મ=જૈનશાસનઃ વૈદિકધર્મ=વૈદિક શાસનઃ બૌદ્ધધર્મ=બૌદ્ધશાસનઃ** વગેરે. એમ દરેક વિષે સમજી લેવું. દરેક ધર્મસંસ્થાઓના સિદ્ધાંતો આચારોઃ વગેરે બહારથી ગમે તેટલા જુદા જુદા દેખાવા છતાં, મોક્ષને માનનાર દરેક આત્મવાદી ધર્મોનો **સ્યાદ્વાદની** મદદથી યોગ્ય સમન્વય થયેલો છે, તેથી ભિન્નભિન્ન નયની દૃષ્ટિથી તે તે અપેક્ષાએ દરેકની યોગ્ય ધાર્મિકતા સંગત હોય છે.

ચાર પુરુષાર્થની સંસ્કૃતિને માનનારી કોઇપણ પ્રજા ધર્મને માનતી જ હોય છે. માટે તે ઓછે-વધતે અંશે માર્ગાનુસારી હોય છે. એ રીતે માર્ગને અનુસરવાપણું પણ મોક્ષના માર્ગ તરફ અને તે દ્વારા મોક્ષ તરફઃ ધીમે ધીમે કે જલદી લઇ જતું હોય છે.

ધર્મ માનવામાં આવ્યો એટલે " આત્મા અને તેના વિકાસને-મોક્ષને માની લીધો જ હોય છે." એમ સમજવું જ જોઇએ. પછી તેના સ્વરૂપના ઉલ્લેખોમાં ભલે ગમે તેટલી શાબ્દિક વગેરે ભિન્નતાઓ કેમ ન હોય?

[૨] ધર્મના આધારભૂત મુખ્ય તત્ત્વજ્ઞાન

દા૦ ત૦ બૌદ્ધ-દર્શન આત્માની માન્યતા વિષે બહુ સ્પષ્ટ નથી છતા " (૧) દુઃખ છે, (૨) તેના કારણો છે, (૩) તેનાથી મોક્ષ-મુક્તિ-છુટાપણું થાય છે, તેનો (મોક્ષનો) ઉપાય છે." એ ચાર **આર્ય સત્યો** માને છે. પરંતુ " એ ચાર આર્ય સત્યો શામાં છે? તે ચારેયનું એક સ્થાયિ અધિષ્ઠાન કોણ છે?" તેનો જવાબ તેઓની પાસે બરાબર નથી. છેવટે તેઓને પણ પાંચ સ્કંધમય **આત્માને** માનવો પડે છે. ત્યારે જૈનધર્મ " ૧ આત્મા છે અને ૨ તે નિત્ય પરિણામી છતાં નિત્યઃ સ્વતંત્રઃ પદાર્થ છે." એ બે સત્યો વધારે બતાવે છે. જેથી એ ચારનું અધિષ્ઠાન મળી રહે છે. અને છ સત્ય તત્ત્વો વ્યવસ્થિત વસ્તુસ્થિતિ પૂરી પાડે છે.

એ રીતે છ–આર્ય સત્યઃ કે સમ્યગ્દર્શનના છ મૂળ આધારભૂત સ્થાનોઃ ભૂમિકાઃ તત્ત્વ. સિદ્ધ થાય છે. તે પાયા ઉપર આધ્યાત્મિક વિકાસ માર્ગનીઃ અને તેની સંસ્થાનીઃ ઇમારતો–ખડી છે.

જેમાં (૫) મોક્ષ છેઃ અને (૬) તેનો રત્નત્રયીમય ઉપાય છે. એ બે સત્યો તો બૌદ્ધોની સાથે શબ્દ સામ્યથી પણ મળતા આવે છે. વચલા બે "(૩) આત્મા સ્વકર્મનો કર્તા છે અને (૪) તેના સારા-નરસા ફળોનો ભોક્તા પણ તે જ છે." તે બૌદ્ધોના પહેલા બે સત્યો "(૧) દુ ખ છે. (૨) દુઃખના કારણો છે." તેની સાથે મળતા આવે છે. અર્થાત્ "આત્મા સ્વતંત્રપણે રહી શકતો પણ નથી. તેથી તેને કર્મના ફળરૂપ દુ.ખ ભોગવવાં પડે છે. તેથી તે દુઃખરૂપ ફળનો ભોક્તા છે." એ એક સત્ય થયું. અને "તેના કારણરૂપ-આત્મા સ્વકર્મોનો કર્તા છે." એ ત્રીજું (આશ્રવ અને બંધઃ) આમ છ શુદ્ધ સત્યો સ્વાભાવિક રીતે જ તરી આવે છે. આ છ વસ્તુઓ વિષેની માન્યતા વધતે-ઓછે અંશે કે રૂપાંતરથી જગતના કોઈપણ આત્મવાદી-મોક્ષવાદી ધર્મની માન્યતાના મૂળમા હોય જ છે. તેથી જ દરેક ધર્મ-સંસ્થા ઓછે-વધતે અંશે આત્મ-વિકાસમાં સહાયક થાય છે. નહીંતર, ધર્મનું અસ્તિત્વ જ અસંભવિત ઠરી જાય છે.

[૩] એ ધર્મ સંસ્થાઓની વિશિષ્ટતાનો ક્રમઃ

આત્મવિકાસમા સહાયક થતી હોવા છતાં, બીજી ઘણી બાબતોમાં ધર્મસંસ્થાઓ વિષે મોક્ષમાર્ગની આરાધનામા જીવને સહાયભૂત થવાની તેમની વિશિષ્ટતાઓ અંગેનો ભેદ પણ હોય છે.

દા૦ ત૦ એક શહેર તરફ લઈ જનારા-ગાડું. ઘોડાગાડી મોટર રેલ્વે. વહાણ વિમાનઃ વગેરે, વાહનોના વેગ અને સગવડો વગેરેમા ભેદ હોય છે તેવી જ રીતે એક આખી કાપડ બજારમાં કાપડની દરેક દુકાનેથી કાપડ મળતું હોય છે, પરંતુ કયાકથી જાડું તો કયાકથી પાતળુંઃ કયાંકથી રેશમીઃ તો કયાંકથી જરીયન અને કયાકથી વળી દરેક પ્રકારનું. એમ જુદી-જુદી દુકાનેથી જુદું-જુદું કાપડ મળતુ હોય છે ઉપરાત, દરેક દુકાનના દેખાવ રીત-રીવાજ પ્રતિષ્ઠા સગવડ વગેરે જુદા જુદા હોય છે. છતા, તે સર્વ કહેવાય છે કાપડની જ દુકાનો. અથવા પ્રાથમિક-શાળા માધ્યમિકશાળાઃ ઉચ્ચ શિક્ષણની શાળા અને કોલેજ એ ચારેયનું સામાન્ય રીતે શિક્ષણ આપવાનું જ સમાન કાર્ય હોય છે અને ચારેય **શાળાના** નામથી જ ઓળખાય છે. તેમ છતાં પ્રાથમિકશાળામા પ્રાથમિક શિક્ષણ જ મળે, માધ્યમિક શાળામાં માધ્યમિક શિક્ષણ જ મળે, ઉચ્ચ શાળામાં ઉચ્ચ શિક્ષણ જ મળે, અને કોલેજમા તેનાથી પણ ઉચ્ચ શિક્ષણ મળે. એ રીતની વ્યવસ્થા હોય છે. તે રીતે, કેટલીક ધર્મ-સંસ્થાઓ આધ્યાત્મિક વિકાસની પૂર્વ ભૂમિકારૂપ-પ્રાથમિક કોટિના માર્ગાનુસારિ ગુણોના વિકાસનું શિક્ષણ માનવોને આપે છે. કેટલીક તેનાથી સહેજ ઉંચા નૈતિક પ્રકારના આધ્યાત્મિક સ્તરોનું અને કોલેજરૂપી મહા-ધર્મ-સંસ્થાઓમાં દાખલ થયા પછી જ માનવોને મોક્ષની છેલ્લી પદવીના આત્મવિકાસના ઉચ્ચમાર્ગો મળી શકે છે.

બધી ધર્મ-સંસ્થાઓ ધર્મ સહાયક તરીકે સમાનઃ સરખીઃ છતા વિશિષ્ટ વિશિષ્ટ વિશેષતાઓને લીધે જુદી જુદી વિશેષતાઓથી પણ ભરપૂર હોય છે. તે રીતે, જીવની મોક્ષમાર્ગની સાધનામાં સહાય-ભૂત થવાની ક્ષમતા અનુસાર ધર્મસંસ્થાઓની વિશિષ્ટતાઓનો ક્રમ ગૂઢ રીતે તો ગોઠવાયેલો છે. ઘણા અથવા ઓછા અનુયાયિઓની સંખ્યાને આધારે બહુમતી કે લઘુમતીને આધારે. ધર્મોની યોગ્યતા ગોઠવાયેલી નથી.

આ રીતે ભારતની બહાર ઉત્પન્ન થયેલ ધર્મોનો પણ મુખ્ય આધાર ભારતમાન્ય આત્મવાદી સંસ્કૃતિ હોવાથી તેઓને પણ અમુક અપેક્ષાએ આત્મવાદી ધર્મો કહેવામાં વાંધો નથી.

[૪] ધર્મસંસ્થાની લાયકાતની કસોટી

ધર્મ સંસ્થાઓની લાયકાતોનો પુરો નિર્ણય નીચે જણાવ્યા મુજબ ચાર રીતે કરી શકાય છે—

(૧) જે ધર્મસંસ્થાની પાસે "જીવનમાં શું કરવા યોગ્ય છે? અને શું કરવા યોગ્ય નથી? એટલે કે શું કરવું? ને શું ન કરવું?" તેની વ્યવસ્થિત બુદ્ધિગમ્ય અને હિતકારી. વ્યવસ્થા હોય જેમ કે—"હિંસા ન કરવી જુઠ ન બોલવું ચોરી. ખૂન. વ્યભિચાર. કપટ. વગેરે ન કરવા યોગ્ય છે. અને દયા, દાન, સત્ય, સરળતા, પરોપકાર, સંતોષ વગેરે કરવા યોગ્ય છે તે તત્ત્વોના નિયમોની સુવ્યવસ્થિત નોધ ધરાવતી હોય, તેમા પરસ્પર વિરોધ અવ્યવસ્થા અસંગતતા અસંબદ્ધતા આદિ દોષો ન હોય તે ધર્મ પહેલી કસોટીમા લાવી શકાય, પાસ થયો ગણાય. તેમાં અવ્યવસ્થા જેટલે અંશે હોય તેટલે અંશે ન લાવી શકાય. પાસ થયો ન ગણાય

(૨) "કરવા યોગ્ય વિધિઓ અને ન કરવા યોગ્ય નિષેધો" એની પાછળ જીવો આચરણા કરી શકે અમલ કરી શકે તે રીતે દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ વગેરેના વિધિમાં ઉત્સર્ગ–અપવાદની વ્યવસ્થા બરાબર હોય, તે જ પ્રમાણે નિષેધોમા પણ ઉત્સર્ગ–અપવાદની વ્યવસ્થા બરાબર હોય.

દા૦ ત૦ "કોઇ પણ જીવની હિંસા ન કરવી." એ ઉત્સર્ગ નિષેધ થયો પરંતુ "મુનિએ એક જ સ્થળે રોકાઇ ન રહેતા વિધિપૂર્વક વિહાર કરવો જોઇએ. તેથી હિંસાદિક થાય, પરંતુ બીજા ગુણો વધતા હોવાથી તે હિંસાદિક દોષરૂપ નથી." એ તેનો અપવાદ થયો. "વિધિપૂર્વક વિહાર કરવો." તે ઉત્સર્ગ પરંતુ "વૃદ્ધ. ગ્લાન માંદા: મુનિ વિહાર ન કરી શકે, તો યોગ્ય સ્થાને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે નિયતવાસ કરીને રહે." તે અપવાદ ને સાથે ઉત્સર્ગ. પરંતુ નિયતવાસ કરતા છતા "મકાનનો ખૂણો બદલીને પણ માસકલ્પ સાચવવો." એ અપવાદ. "માસકલ્પ સાચવવા અન્યત્ર વિહાર કરવો." તે ઉત્સર્ગ, પણ શારીરિક અશક્તિને કારણે તે જ મકાનનો છેવટે ખૂણો પણ બદલવો." એ અપવાદ. એમ ઉત્સર્ગના અપવાદ અને અપવાદના પણ ઉત્સર્ગ રૂપ અપવાદ. ઉત્સર્ગ અને તેના પણ અપવાદ એ પ્રકારની વિવિધ વ્યવસ્થિત વ્યવસ્થા ધરાવતી હોય તે બહુ જ વ્યવસ્થિત ધર્મસંસ્થા ગણાય.

(૩) પરંતુ, આ વિધિ–નિષેધો અને તેના ઉત્સર્ગો અને અપવાદો વગેરે વ્યવસ્થાની પાછળ પદાર્થોનું વ્યવસ્થિત વિજ્ઞાન. વિશ્વવિજ્ઞાન: તત્ત્વજ્ઞાન હોવું જોઇએ. જગતની સદ્ભૂત વ્યવસ્થા સાથે જો તે સર્વ વિધિનિષધો વિગેરેનો સંબંધ સંગત રીતે ન હોય, તો તે માત્ર આકાશ ઉપરના ચિત્રામણ સમાન ગણાય. હવાઇ મહેલ ગણાય. માત્ર શાબ્દિક ચિત્રો ગણાય વિશ્વ વ્યવસ્થાની ભૂમિકા ઉપર આધ્યાત્મિક વિકાસ અને તેમા ઉપયોગી થાય તેવા વિધિ–નિષેધો ને તેના ઉત્સર્ગ–અપવાદો હોવા જોઇએ.

(૪) જેમ સોનાની પરીક્ષા પહેલા કસોટીથી થાય છે, પછી કાનસ કે છીણીથી કાપ–છેદ મૂકીને થાય છે. અને તે પછી વિશેષ પરીક્ષા અગ્નિમાં તપાવવાથી થાય છે. અને છેવટે ટીપવાથી થાય છે. તે પ્રમાણે ધર્મ–સંસ્થાઓની પણ પરીક્ષા ચાર રીતે કરી શકાય છે. ત્રણ રીતો ઉપર બતાવી છે, તે. અને ચોથી શક્ય રીતે તર્ક અને હેતુવાદ:ની કસોટી ઉપર ધર્મસંસ્થાઓની બાબતોને ચડાવવી, તે તાડન-ટીપવાનું થાય.

એ ચારે ય કસોટીમાથી પૂરી સફળતાપૂર્વક પસાર થાય, તે ધર્મ–સંસ્થા ઊંચી કક્ષાની સમજી શકાય.

આ કસોટીઓ ઉપર ધર્મ–સંસ્થાઓની એટલે ધર્મોની પરીક્ષા કરવાથી, તેમના ચડતા–ઉતરતા દરજ્જા ઠરાવી શકાય તેમ છે. જેમ–કષ. છેદ તાપ: અને ટીપ પછી સોનાના જુદા–જુદા ટચ નીકળી શકે છે, તેમ.

ધર્મના આચારો અચૂક રીતે, અચૂક પરિણામ, આપનારા હોવા જોઇએ. જેમકે દશ રૂપિયાની કિંમતનો ધોતીજોટો ખરીદવો હોય, તો જેની પાસે દશ રૂપિયા પૂરા હોય, તે જ તે ખરીદી શકે. નવ રૂપિયા અને પંદર આનાવાળાથી તે ન ખરીદી શકાય. એક શહેરથી બીજા શહેર સુધી પહોંચાડનારા વાહનનું ભાડું રૂપિયા પંદર થતું હોય, તો ચૌદ રૂપિયા ને પંદર આનાવાળો પણ તેમાં ન બેસી શકે. તે પ્રમાણે દરજ્જાવાર જેના આચાર-સ્થાનો-ભૂમિકાઓના અમુક પ્રમાણો અમુક જ ફળ આપે જ. તે જ વ્યવસ્થિત ધર્મ-સંસ્થા કહેવાય. એ પ્રમાણે, જે ધર્મ-સંસ્થાની વ્યવસ્થા અને સાધના ઠેઠ મોક્ષ સુધી અવશ્ય સીધી રીતે લઇ જવાની શક્યતા ધરાવે, તે ઉચ્ચ કક્ષાની સગવડોવાળી ધર્મ-સંસ્થા કહેવાય. ધર્મ કહેવાય.

[૫] શ્રદ્ધા અને પ્રજ્ઞા

જૈનધર્મના વિધિ-નિષેધો મોક્ષને ઉદ્દેશીને બરાબર વ્યવસ્થિત છે. તથા ઉત્સર્ગ-અપવાદની તેની વ્યવસ્થા પણ એટલા જ ઊંચા પ્રકારની છે. તેનું તત્ત્વજ્ઞાન સંપૂર્ણપણે સુવ્યવસ્થિત છે. યોગ્ય તર્કવાદની કસોટી પર પાર ઉતરવામાં તે અનન્ય છે. કારણ કે-તેની અંદર યથાવસ્થિત સદ્‌ભૂત પદાર્થ નિરૂપણરૂપી સંપૂર્ણ શુદ્ધ સુવર્ણ જ છે.

તેમ છતાં, આરાધક પાત્ર જીવોને ઉદ્દેશીને તર્ક અને શ્રદ્ધા ઉભયના આધાર ઉપર ધર્મની વ્યવસ્થા રહેલી છે. કેટલાક શ્રદ્ધાથી ધર્મ કરતા હોય છે, કેટલાક પ્રજ્ઞા-સમજપૂર્વક કરતા હોય છે, ત્યારે કેટલાક તે બન્નેયથી કરતા હોય છે.

જૈન-ધર્મનો નયસાપેક્ષ તર્કવાદ અજોડ અને અનન્ય છે. ઉતરતી કક્ષાની શક્તિ ધરાવતા પાત્ર જીવો માટે શ્રદ્ધાગમ્ય રીતે કહેવાયેલી બાબતો પણ વિશિષ્ટ પ્રકારની શક્તિ ધરાવનારાઓને પ્રજ્ઞાગમ્ય-તર્કગમ્ય કરવામા વાંધો આવતો નથી. અને એટલા જ માટે ચૌદ પૂર્વધરોમા છ સ્થાનો પડી જતા હોય છે, ઉપરાત આ વિષયમા **ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ** પૂર્વાચાર્યોના વિધાનોને વધુ સ્પષ્ટ કરવા સાથે ખૂલાસો કર્યો છે. જે નીચે મૂજબ છે —

૧. "સંસારના કારણો સામાન્ય રીતે જાણવાઃ ને તે કારણો દૂર કરવા માટે મહાગુણી,-મહાપુરુષની આરાધના કરવી જોઇએ. સંસારથી છૂટા પડી કલેશોથી મુક્ત થઈ શકાય. બસ તેથી લાંબા-લાંબા વિચારોની સાધકોને જરૂર નથી." પ્રાચીન કાળના **કાલાતીત** નામના વિદ્વાનના મતનો એ વ્યવસ્થિત આશય છે.

૨. આ મત વિશેષ વિચાર કરવાને અશક્ત આત્માને પ્રાથમિક કક્ષાના સામાન્ય ધર્મ-માર્ગમાં-યોગમાર્ગમા-પ્રવેશાવતા પહેલાં તેણે પકડેલાં દુરાગ્રહોને તેના મનમાંથી દૂર કરવા પૂરતો ઉપયોગી છે. અને તેથી અમારા પૂર્વાચાર્યોને તે સમ્મત પણ છે.

૩. પરંતુ, તેનો એ અર્થ નથી, કે-"તત્ત્વસંબંધી વિશિષ્ટ વિચાર કોઇએ પણ ન જ કરવો." પરંતુ દુરાગ્રહ વગરની આત્માર્થી વ્યક્તિ સંસાર તેના કારણો. મોક્ષ અને તેના કારણોઃ વગેરે વિષે શાસ્ત્રાનુસારે વિશેષ અને સૂક્ષ્મ વિચારો કરે, તો તેથી તેના કર્મોની ઉંચા પ્રકારની નિર્જરા થાય છે. ને તેથી તે પ્રયાસ સફળ થાય છે. "તે પ્રયાસ તદ્દન નકામો છે" એમ સમજવું ભૂલ ભરેલું છે. કારણ કે-એવા જીવો વિશિષ્ટ ગુણવંત પુરુષવિશેષના-ભગવાનના-ઉંચા પ્રકારના ઉપાસકો હોય છે. તેથી તેઓનો અશ્રદ્ધારૂપી મેલ તો ઘણો જલ્દીથી કપાઇ ગયો હોય છે, તથા મોક્ષની સાધનાની ભૂમિકારૂપી તેમનો વૈરાગ્ય દુઃખ કે મોહગર્ભિત હોવાને બદલે આત્માનુભવરૂપ, તત્ત્વજ્ઞાનગર્ભિત-જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી સુવાસિત હોય છે. માટે તથાપ્રકારના વિશિષ્ટ સાધકોને માટે વિશેષ વિચાર સફળ થાય છે." આત્માર્થિ જીવોએ આત્મકલ્યાણના ઉદ્દેશથી અભ્યાસ કરવો એ ઉત્તમ પ્રકાર છે.

[૬] જૈનધર્મ સમજવાની આવશ્યકતા

યદ્યપિ જૈનધર્મ: જૈનશાસન જૈનદર્શન જૈનતત્ત્વજ્ઞાન જૈનમાર્ગ જૈનાચાર્યો જૈનાગમો જૈન સ્થાવર અને જંગમ મીલ્કતો જૈનધર્મના પાલકો જૈનધર્મના અનુયાયીઓ જૈનધર્મના પાંચ પરમેષ્ઠિઓ જૈનધર્મના આદર્શો. જૈનધર્મના સિદ્ધાંતો જૈનીઓની ક્રિયા જૈનધર્મની વિશાળતા જૈનધર્મમુનિ જીવનવ્યવસ્થા વગેરે, અને તે દરેકના અંગ-પ્રત્યંગો, વગેરેની પૂરી સમજ મેળવવી તે ઘણું કઠીન કામ છે. ગમે તેટલો વિસ્તાર કરવામા આવે, તો પણ જૈનધર્મનું સાચું સમજવાનું: તે બીજા કોઇપણ વિષયનુ જ્ઞાન કરવા-કરાવવા કરતા ઘણી રીતે અઘરૂં છે અગત્યનું પણ છે.

अ तत्त्वज्ञाननी દૃષ્ટિથી:

તેનુ કારણ એ છે, કે-આ જગત્‌માના અન્ય મહાન દર્શનો શાસ્ત્રો અને પ્રયોગોની માન્યતાઓ સહેલાઇથી સમજી શકાય તેવાં છે, જ્યારે જૈનધર્મ એક જ એવી વસ્તુ છે, કે-જે સમજવામાં બીજી અધિક કઠણ પડે તેમ છે. છતાં બરાબર કોઇ વિરલાને જ સમજાય છે. તેથી જ તેને સમજવામા પણ એ જ મુશ્કેલી નડે છે જેનો ગ્રંથકારશ્રીએ પણ શરૂઆતની ૨૩ થી ૨૬ સુધીની ચાર કારિકાઓમા ઘણા જ ભવ્ય શબ્દોમા એજ વાતનો બીજી રીતે નિર્દેશ કરેલો છે.

તેનુ કારણ એ છે, કે બીજા દર્શનોના વિષયનિર્દેશો અમુક પરિમિત પદાર્થોથી કરેલા હોય છે.

દા૦ ત૦ વેદાંત:-તે એક પરબ્રહ્મનો સ્વીકાર કરે છે.

વૈશેષિકદર્શન: ૭ પદાર્થો માને છે.

નૈયાયિકો-સોળ: **સાંખ્ય:**-પચ્ચીશ. **યોગ**-આઠ યોગાંગો. હાલનું વિજ્ઞાન સોની અંદર અમુક મૂળ પદાર્થો માને છે. તે તે દર્શનના તે તે પદાર્થોના વિવેચનની સાથે જ તે તે દર્શનનું જ્ઞાન પૂરૂં થઇ જાય છે. જ્યારે જૈનદર્શન જ એવું છે, કે-જેને વિષે એમ નથી.

તે વિશ્વનું પૃથક્કરણ એક બે ત્રણ ચાર: પાંચ છ વગેરે અનેક રીતે કરે છે. તે દરેકમાં પણ જુદા જુદા વિકલ્પો હોય છે. જેમકે-

૧. જગત્ એક સત્‌રૂપ છે.

૨. अ જીવાજીવરૂપ. आ શબ્દ અને અર્થરૂપ इ જ્ઞેય અને જ્ઞાનરૂપ. ई લોક અને અલોકરૂપ: उ નિત્ય અને પરિણામિરૂપ. ऊ દ્રવ્ય અને પર્યાયરૂપ ऋ રૂપી અને અરૂપીરૂપ: ऌ જડ અને ચેતનરૂપ. વગે એમ બબ્બે પ્રકારમા પણ અનેક વિકલ્પો છે.

૩. **ત્રણ પ્રકારનું પૃથક્કરણ:**—अ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ: आ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ इ જ્ઞાન જ્ઞેય-ચારિત્રરૂપ

૪. **ચાર પ્રકારનું પૃથક્કરણ:**—अ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવરૂપે. आ જ્ઞેય-હેય-ઉપાદેય अ ઉપેક્ષ્યરૂપે

૫ **પાંચ પ્રકારનું પૃથક્કરણ:**—अ પાંચ અસ્તિકાયરૂપે: आ ઔપશમિકાદિ પાંચ ભાવની અ ક્ષાએ પાચ પ્રકારે.

૬. ૭ દ્રવ્યરૂપે ૭ પ્રકારે, નવતત્ત્વરૂપે નવ પ્રકારે, એ રીતે વિશ્વવ્યવસ્થા અનેક પ્રકારે સમજ છે. એમ અનેક પ્રકારે વિશ્વનું દર્શન કરનારું-કરાવનારું એ એક જ દર્શન છે.

તે દરેકના વિગતવાર જુદા જુદા ગ્રંથો અને પ્રકરણો છે. જેમકે જ્ઞાન માટે શ્રી **નંદીસૂત્ર:** જીવા જીવરૂપે શ્રી **જીવાભિગમસૂત્ર.**

તેમ જ દરેકના પારિભાષિક શબ્દો અને ભેદ-પ્રભેદો: પણ ઠેઠ સુધી વ્યવસ્થિત રીતે હોય છે. તેમ જ તે દરેકનો પરસ્પર સમન્વય પણ હોય છે. એ રીતે એ દર્શનની નાની કે મોટી કોઈપણ વાત સમજવામાં સ્યાદ્વાદની વ્યવસ્થાનો ઉપયોગ કર્યા વિના ચાલી શકે તેમ હોતું જ નથી. જરાક તેને દૂર રાખો એટલે સાચી વાત બરાબર સમજાય જ નહીં. જુદાણું જ આગળ આવી જાય. સાચી લાગતી વાત પણ જુદી હોય.

આથી જગત્મા એક જ જૈનદર્શન સંપૂર્ણ તત્ત્વજ્ઞાનમય દર્શન છે. તેથી તેને એક જ ગ્રંથથી કે એક રીતે સમજવું કે સમજાવવું અશક્ય છે.

બીજા દર્શનો જ્યારે તત્ત્વજ્ઞાનના અંગરૂપ છૂટા છૂટા વિજ્ઞાનોરૂપે છે, ત્યારે જૈનદર્શન સર્વ વિજ્ઞાનોના સરવાળારૂપે વિશ્વવ્યવસ્થાના સાંગોપાંગ વિજ્ઞાનરૂપ અને તેમાંથી હેયોપાદેય તત્ત્વની તારવણીરૂપે **તત્ત્વજ્ઞાનરૂપ** છે. તેથી તત્ત્વજ્ઞાનદર્શન તરીકેનું તે એકને જ નામ આપી શકાય તેમ છે. તે એક જ તત્ત્વજ્ઞાન જગત્માં છે. માટે તે સર્વથા ગહન છે. અજાણ વાચકોને આ નિરૂપણને અતિશયોક્તિરૂપ ન સમજી બેસવા ખાસ ભલામણ કરવી તે અસ્થાને નથી.

હેય· ઉપાદેય જ્ઞેય અને ઉપેક્ષ્યનો વિચાર અને હાન· ઉપાદાન. જ્ઞાન અને ઉપેક્ષા તત્ત્વજ્ઞાનનો મેરુદંડ છે. કેમકે જીવનમા ઉતારી મોક્ષપ્રાપ્તિનો તેની સાથે સીધો સંબંધ છે.

આ આચારોની દૃષ્ટિથી:

આ પ્રમાણે જૈનધર્મમાં બતાવેલી આચાર વ્યવસ્થા પણ એક બે: ત્રણ: ચાર: પાચ: ૭ સાત આઠ નવ: દશ. અને એમ અનેક રીતે સ્વતંત્ર સ્વતંત્ર અને પોત-પોતાના ભેદ-પ્રભેદો સાથે છે. તે દરેકનું વિવરણ કરતા સ્વતંત્ર ગ્રંથો અને પ્રકરણો પણ સ્વતંત્ર સ્વતંત્ર મળી શકે છે.

૬ સ્યાદ્વાદ વિના સમજવું-સમજાવવું અશક્ય:

ઉપરાત તે દરેકનો પરસ્પર સમન્વય સ્યાદ્વાદની મદદથી જ નિરૂપિત થઇ શકતો હોય છે.

[૭] સ્યાદ્વાદની સામાન્ય સમજ

આથી "તે અનિશ્ચિત અવ્યવસ્થિત· ડામાડોળ· દર્શન છે" એમ માનવાની કોઇએ કદી પણ ભૂલ કરી ભ્રમણામા પડવાની જરૂર નથી. કેમકે અપેક્ષાઓના દૃષ્ટિભેદે એ સઘળી વ્યવસ્થા સુસંગત હોય છે.

દા૦ ત૦ એક માણસ બાપ છે અને તે જ દીકરો પણ છે. બાપ પણ નથી ને દીકરો પણ નથી. જેનો બાપ છે તેનો જ તે બાપ છે, બીજાનો નથી. બાપ બીજાનો છે ત્યારે એ જ માણસ દીકરો બીજાનો છે. જેનો બાપ છે તેનો દીકરો નથી. બીજાનો દીકરો છે. એમ જ્ઞાન એ જ આચાર, અને આચાર એ જ જ્ઞાન એમ અનેક અપેક્ષાએ પણ પદાર્થો નિરૂપાયેલા હોય છે.

આ વિશ્વમાં આવું આ અતિગહનતમ દર્શન છે, શાસ્ત્ર છે, શાસન છે, ધર્મ છે કેમકે વિશ્વની વસ્તુસ્થિતિ પણ આ પ્રકારની છે.

આ જૈનદર્શન સર્વ દર્શનોનો સર્વ જ્ઞાનમાત્રાઓનો સમન્વય કરનાર છે તેમજ તેમાંના નિર્દેશોની સંપૂર્ણતાનો અને પરસ્પર સંબંધોનો ખ્યાલ પણ બરાબર આપનાર છે કોઇએ તે સમજી જવાનુ: જલ્દી જલ્દી સમજી લેવાનુ અભિમાન કરવુ નહી. પહાડ ઉપર ચડનારા શરૂઆતમાં દોડતા માલુમ પડે છે. પરંતુ માઇલો સુધીના ચઢાણ આવતા પછી ધીરે ધીરે પગ માંડવા પડે છે.

જૈનધર્મ આધ્યાત્મિક વિકાસની તમામ સાધનાઓનું કેન્દ્ર તે આધ્યાત્મિક યોજનાઓનું મધ્ય બિંદુ છે. સર્વોપરિ જીવનધોરણને પરાકાષ્ઠાએ પહોંચવાની સમગ્ર શક્તિ તેનામાં છે. તે સર્વ ધર્મોનો આત્મા છે. સર્વ ધર્મોનો મુલભૂત આધાર છે. તે સ્યાદ્વાદની મદદથી બરાબર સમજી શકાય છે.

[૮] પ્રો. આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદઃ

તે માત્ર કેટલાક ભૌતિક પદાર્થોમા ઘટાવ્યો છે ત્યારે જૈનદર્શનનો સાપેક્ષવાદ ભૌતિક અને આધ્યાત્મિકઃ એમ દરેક પદાર્થોમા ને દરેક જીવનવ્યવહારોમા અવિચ્છિન્ન રીતે ઘટાવાયેલો છે. કંઇક કંઇક ભિન્નતા છતાં સાપેક્ષવાદ અનેકાંતવાદઃ વગેરે સામાન્ય નામો પ્રસિદ્ધ છે. તેના વિના કોઇનો વ્યવહાર પણ ચાલી શકતો નથી. બાળકો સ્ત્રીઓઃ અને જંગલમાં રહેતા માનવોઃ અજાણતા પણ તેનો ઉપયોગ કરતા હોય છે. તે વિના ચાલેજ નહીં ને.

૫ જમાનાને નામે તદન આંધળી દોટો

[૧] યુગઃ જમાનો એટલે શું ?

આજે જમાનાને નામે, યુગને નામે ઘણી ઘણી બાબતો કહેવામાં આવે છે. પ્રાચીન શાસ્ત્રોની જમાનાની સાથે તુલના કરીને સમજવાની ભલામણ કરવામાં આવે છે. જ્યારે આજના જમાનાવાદીઓ કોઇ દલીલ કે તર્કમાં સ્થિર થઇ શકતા નથી, અને ઘટતો યથાર્થ જવાબ આપવાની શક્તિ ગુમાવી બેસી ગભરાટ અને મુંઝવણ અનુભવતા હોય છે, ત્યારે ઝટ દઇને "જમાનાને અનુસરો, યુગને અનુસરતી સમાજને અનુસરો" વગેરે વગર-વિચાર્યે માત્ર ગતાનુગતિકતાથી પોપટની માફક એ શબ્દો બોલી નાખે છે, ને છૂટકારાનો દમ ખેંચે છે. પરંતુ તેઓને ખબર નથી, કે "જમાના" જેવી કે "યુગ" જેવી કોઇ વસ્તુ યા ચીજ જ આ જગત્ ઉપર અસ્તિત્વ ધરાવતી નથી. मूल नास्ति कुत. शाखा ? એ ન્યાયે જમાનો જ કાંઇ કરતો નથી, તો પછી તેને અનુસરવાની વાત જ કયાં રહે ?

જગતના ખ્રીસ્તી ગોરા મુત્સદ્દીઓએ પોતાના સ્વાર્થો સાધવા માટે ખૂબ વ્યાપક જે ઇંદ્રજાળ બીછાવી છે, અને "તેને પરિણામે જગત્ના અન્ય માનવ બંધુઓને જે નુકશાનો થઇ રહ્યાં છે, તેના દોષોનો ટોપલો પોતાને માથે ન આવે, ને કુદરતી કાળને માથે જાય" માટે પોતે બીછાવેલી જગત્વ્યાપી ઇન્દ્રજાળ ઉપર "જમાનાનું" "યુગનું" લેબલ તેઓએ લગાડયું છે. તેને અજ્ઞાની લોકો સાચું માની લઇ તેની પાછળ પડે છે, દોડે છે. જેને પરિણામે જગત્માં છેલ્લા સાડાચારસો વર્ષથી ચાલી રહેલા મોટા પાયા ઉપરના પરિવર્તનોને જગત્ના અન્ય માનવો "**કુદરતી-યુગ-બળ-જનિત**" સમજીને અનુસરે છે અને મુશ્કેલીઓમાં ફસાય છે તે મુશ્કેલીઓના મૂળ યોજકો તે ગૌરાંગ મુત્સદ્દીઓ પ્રત્યે તેઓને જરાપણ વ્હેમ કે અવિશ્વાસ આવતો નથી. જેથી પડદા પાછળ રહી, તેઓ પોતાના ષડ્યંત્રો નિરાંતે ચલાવી શકે છે. "જમાનાને અનુસરો" એ એક વાકય જ તે ષડ્યંત્રનું હેંડલ=હાથો છે. "જમાના" "યુગ" વગેરે શબ્દોનો આજની રીતનો પ્રયોગ કરવામાં વાસ્તવિક રીતે આપણા "ગાઢ અજ્ઞાન" અથવા વધુ સ્પષ્ટ શબ્દોમા કહીએ તો એક જાતની "નરી મૂર્ખતા" સિવાય બીજુ શું છે ?

[૨] તો પડતા કુદરતી કાળને ઉન્નતિનો કાળ કેમ કહેવાય ?

શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે ચાલી રહેલો અવસર્પિણી કાળઃ કલિયુગ કુદરતી રીતે આધ્યાત્મિક સુશક્તિઓ અને સુસામગ્રીઓના હ્રાસનો પડતો કાળ છે. એ રીતે વિચારતા "સમગ્ર માનવોની પડતી થાય છે" એ વાત બરાબર છે. પરંતુ તે પડતી બહુ જ ધીમે ધીમે થતી હોય છે. ત્યારે આજે તો એકદમ મોટા મોટા પરિવર્તનો થાય છે, જે **કૃત્રિમઃ ને માનવકૃતઃ** છે. છતાં તે "જમાનો"

શબ્દને આગળ કરીને કરાય છે. માટે ભયંકર છે. લોકોને ભ્રમણામા પાડીને નુકશાનીમાં ઉતારે છે. આ ઠેકાણે ભગવાને પડતો કાળ કહ્યો છે" આ વાતને લાગુ ન કરાય. ભગવાને પડતો કાળ કહ્યો છે, તે વાત બરાબર છે, પરંતુ એક પ્રજા વિકાસ પામે અને બીજી પ્રજાઓ અણુવિકસિત બને એ સ્થિતિમાં તે લાગુ ન કરાય.

આજના કાળને તો **"પ્રાગતિક કાળ"** "પ્રગતિનો-ઉન્નતિનો કાળ" કહેવામાં આવે છે, તો પછી પડતા કાળને ઉન્નતિનો કાળ કેમ કહેવાય? તેને "ગોરી પ્રજાના વર્તમાન ભૌતિકવાદી પ્રાગતિક જીવનની અપેક્ષાએ તેઓની ભૌતિક ઉન્નતિનો કાળ છે" એમ જરૂર કહી શકાય. કેમકે-બીજી પ્રજાઓની અવનતિ: અને તે પ્રજાની ઉન્નતિ. વધતાં જતા સ્પષ્ટ દેખાય છે. એટલે કે-ગૌરાંગ સિવાયની પ્રજાઓ માટે તો વધુ ને વધુ "પડતી" ચાલી રહી છે. બહારથી જે ઉન્નતિ દેખાડાય છે, તે પણ તેઓને આશ્રયે રહેલાઓની કામચલાઉ ઉન્નતિ પણ તેઓની પોતાની જ ઉન્નતિ માટે છે. સ્થાનિક અગૌરાગ પ્રજાઓની તો પરિણામે અવનતિ જ છે. તો એક પ્રજાની ખૂબ ઉન્નતિ અને બીજી પ્રજાઓની ખૂબ અવનતિ. કરનારને કુદરતી **કાળ:** યા **જમાનો:** અથવા **યુગ:** કેમ કહી શકાય? આ દરેકે ખાસ વિચારવા જેવું છે.

જમાનાને અનુસરતા ગણાતા આજના વ્યવહારો પણ વાસ્તવિક રીતે ખોટા વ્યવહારો છે. કૃત્રિમ વ્યવહારો છે. અરે સાચા વ્યવહારો છે જ નહીં. કુવ્યવહારોમાં વ્યવહારનો આરોપ કરી જનતાને ભ્રમણામા નાખવામા આવેલ છે.

શબ્દ માત્ર જમાનાના આ જાદુએ ભારતના ધાર્મિક ક્ષેત્રમાં પણ મૂળ પરંપરાઓની સામે પણ એક એક આધુનિક નવી પરંપરાઓ દરેક ધર્મમા ઉભી કરી છે. તેને આધારે તેને "ધાર્મિક" ને નામે પ્રગટ થતું જમાના-મિશ્રિત સાહિત્ય પણ લોકોને ખૂબ ખૂબ આડે રસ્તે દોરવી જાય છે. તેઓ ઉત્પન્ન કરી પ્રચારમા મૂકે છે, અને પછી દેશીઓ તેને ઉપાડી લે છે, ને તેને પ્રતિષ્ઠિત બનાવે છે. પડદા પાછળના પ્રેરકો લોકોની નજરે ચડતા નથી.

[૩] શાસ્ત્રોમાં આવતા દ્રવ્ય: ક્ષેત્રાદિ: ને અનુસરવાનું રહસ્ય:

કોઇપણ ધર્મસંસ્થા પરંપરાગત પોતાના સાધક દ્રવ્ય ક્ષેત્ર કાળ. અને ભાવ:ના સંગ્રહને આધારે, અને તેને બાધક દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ ને જેમ બને તેમ દૂર રાખીને ચાલે, તેમાં જ તેની સલામતી છે.

જૈનશાસ્ત્રોમાં સમ્યક્ત્વના આલાવામાં સમ્યક્ત્વને પોષક દ્રવ્યક્ષેત્રાદિકનો સંગ્રહ કરવાનું उवसंपज्जामि શબ્દથી જણાવ્યું છે. આમ ભેદ પાડેલો છે. જે દ્રવ્ય-ક્ષેત્રાદિક સામે આવે તેને વળગી પડીને તેને અનુસરવાનું કથન છે જ નહી.

[૪] 'જમાના' શબ્દના પ્રચારનો હેતુ:

જ્યારે આજે તેની સામે જમાનાને નામે બાધક એવા દ્રવ્ય ક્ષેત્ર: કાળ અને ભાવો ને પણ સાધક તરીકે વર્ણવીને અથવા સાધક નહીં બાધક તેવી ભુલ-ભૂલામણી ઉભી કરીને, મજબૂત પરંપરાગત ધર્મસંસ્થારૂપ ધર્મોને નષ્ટ કરવાના ભળતા જ ગીદાજે પાડવામાં આવેલા છે. અને તે હેતુને લક્ષ્યમાં રાખીને, તે તે ધર્મના તત્ત્વોના **આજની દૃષ્ટિથી** શાળાઓ ને કોલેજોમાં ઉંડા અભ્યાસો કરવા-કરાવવામા આવે છે તે તે ધર્મોના રીત-રીવાજોના યે ત્યાં ઉંડા અભ્યાસો કરવા-કરાવવામાં આવે છે. અને પછી, તેમાથી સારૂ પરંપરાને મળતાં અને આજના આદર્શો તરફ ઢળતા એવા પ્રયોગો તે તે

ધર્મના કોઇ ને કોઇ વિદ્વાનોઃ કે સંસ્થાઓ ને પ્રતિનિધિ બનીને-આગળ કરીને તેની મારફત ગીતમય ધાર્મિક કવરમા આધુનિકતા વીટીને તેને ફેલાવવામા આવે છે. તેનું લક્ષ્ય તે તે ધર્મના અનુયાયિઓને તે તે ધર્મને જ નામે, તે તે નવા રિવાજો તરફ દોરવી જવા માટે, તે સિદ્ધાંતોને આગળ કરવામા આવે છે. તે દ્વારા દોરવાયેલા લોકોને આડે રસ્તે દોરવી જઈ, મૂળના પરંપરાગતથી દૂર પાડી દઈ, તે મૂળભૂત પરંપરાને કાયદાઓ વગેરે દ્વારા અદૃશ્ય કરી દેવાનું ધ્યેય પાર પાડવા તરફના પ્રયોગો કરતા હોય છે. અને ભવિષ્યમાં છેવટે એ નવી દોરવણીને બહારના ગૂઢ રીતે ઉભા કરેલ તેવા આવિષ્કારો અને યોજનાઓમાં મેળવી દઈ પરંપરાગતને છેવટે લુપ્ત કરી દેવાનું લક્ષ્ય હોય છે. આવી એક બાજુ આવી આ પ્રક્રિયાના સેંકડો ગમે સચોટ દાખલા આપી શકાય તેમ છે. તેનો સંક્ષિપ્ત નિર્દેશ અહીં કરવામા આવેલો છે.

અર્થાત્—**"આજના જમાનાને અનુસરવું: એટલે મહાવિનાશ તરફ જવું"** આ તેનો પ્રવૃત્તિ-નિમિત્તક પ્રામાણિક અર્થ છે. જે અર્થ દિવસે ને દિવસે વધુ ને વધુ આગળ ઉપર માટે પણ સ્પષ્ટ થતો જાય છે.

[૫] ત્યારે લોકોને આજે જમાનાની વાત કેમ ગમે છે?

તેમા લોકોના તાત્કાલિક સ્વાર્થો ગુંથાયેલા છે. કેમકે સેંકડો વર્ષોના શોષણને પરિણામે લુંટાઈ ગયેલા ધંધાઃ અને જીવનમા મૂકાયેલી મુશ્કેલીઓનો ઉકેલ વિદેશીઓ તરતક જ જાણે પહોંચ્યો છે. તેઓ સ્ટીલ ફ્રેમની સત્તાઓ મારફત પ્રજાના જીવનના પ્રત્યેક અંગો ઉપર પકડ જમાવીને પોતાના ભાવિ હિતો અને સ્વાર્થો માટે પોતાની રીતે અનેકોને ધંધા અને સ્વાર્થો આપે છે. અનેકોને મુશ્કેલીઓમાંથી છુટા કરવાની યોજનાઓ વ્હેતી મૂકે છે, જેમાં ભાવિનો લાંબો વિચાર કર્યા વિના જનતા ગોઠવાઈ જાય છે. તેની પ્રગતિ—જમાનાનું અનુસરણ—વ્યવહારુતા—સમયની ઓળખ વગેરે રૂપાળા નામો આપવામા આવે છે અને પ્રશંસા કરી ફૂલાવવામા આવે છે. આ રહસ્યો આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીઓ બરાબર જાણતા હોય છે. ગરજવાન લાંબુ ભાવિ વિચારી શકે નહીં માટે 'જમાનો' શબ્દ લોકોને મીઠો લાગે છે. જમાનાનું આ રહસ્ય છે. તેઓની ઇંદ્રજાળ લાખો રૂપે ફેલાયેલી છે. તેમાથી સામાન્ય પ્રજા છુટી શકે જ નહીં. વિદ્વાનોઃ અને ધનવાનોઃ રાજાઓઃ અને ધર્મગુરુઓ. સામાન્ય મધ્યમ અને મજુર પ્રજાઃ સૌ ફસાયેલા છે.

युगे भवति યુગમાં થાય છે. આજના બનાવો વિદેશીઓ ઉભા કરે છે. અને તે યુગમા—કાળમા—જમાનામા થાય છે. એ વાત ખરી છે.

પરંતુ युगेन भवति "યુગવડે થાય છે" એ સમજ ખોટી છે. યુગ કરતો નથી. માણસો કરે છે. માણસો યુગમાં કરે છે. તેથી દોષના પાત્ર માનવો છે, યુગ નથી. કેમકે તે કાંઇ ખાસ કરતો નથી. તેમાં થાય છે. મકાનમાં ચોરી થાય તો તે ચોરી માણસ કરે છે. મકાનમા થઇ, માટે મકાને કરી એમ ન કહેવાય.

નાટક જોવા બેઠેલાની સામે યુદ્ધના દૃશ્યો આવે છે, અને લડવા ઉતરી પડવાનું શૂરાતન ચડી આવે છે. તે શૂરાતન તે વખતમાં થાય છે. પણ તે વખત કરતો નથી. નાટક ભજવનારા પાત્રોનાં શબ્દો વિભાવો. અનુભાવોઃ અને અભિનયો લડવા ઉતરી પડવાની પ્રેરણા ઉભી કરે છે. પરંતુ નાટક પૂરું થતા નાટકશાળામાથી ઉભા થતાં ને બહાર નિકળતા રણભૂમિનો ભાસમાત્ર પણ જોવામા આવતો નથી. આ પ્રમાણે ગૌરાંગ પ્રજાએ ધન. વિજ્ઞાન. યાંત્રિક સગવડોઃ પરસ્પર અંદરોઅંદરની એકસંપીઃ સમગ્ર ગોરી પ્રજાના સ્વતંત્ર સ્વાર્થો વગેરેના બળથી વિશ્વવ્યાપક ઇંદ્રજાળ બીછાવી છે. બીછાવી શકેલ છે. પરંતુ તે વાસ્તવિક કુદરતી કાળ નથી. જો તેમ હોય તો જે જે ત્યાં થાય, તે જ વખતે બીજા દેશોની પ્રજાઓમા

પણ તે પ્રમાણે થવું જોઇએ તે બધુ તેઓની પ્રેરણાથી કાળાંતરે બને છે. એજ સાબિત કરે છે, કે- "કુદરતી કાળ કે યુગની અસર નથી. તે કાંઇ કરતો નથી."

[૬] કેટલીક નવી સંસ્થાના યુગને અનુસરવાના વાકયો

૧ ગ્રંથભંડારોનો નવા યુગની દૃષ્ટિએ ઉદ્ધાર કરવો.

૨ નવા યુગની માંગણી પ્રમાણે મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોમાં ઉપયોગી થઇ પડે...વગેરે.

૩ સમાજમાં પ્રચલિત કુપ્રથાઓને દૂર કરવી અને સમયને અનુરૂપ આચાર-વિચારની દિશામાં લોકમત જાગ્રત કરવો.

૪ નવાયુગની માગણીને...યથાશક્તિ પૂરી પણ કરી શકે છે.

૫ આજ વિશ્વના પ્રયાણની સાથે ભારતવર્ષ નવનિર્માણના માર્ગ પર પગલા માંડી રહેલ છે.

આ નમુના ઉપરથી જોઇ શકાશે કે-નવયુગઃ નવનિર્માણ. વિશ્વનુ આજનુ પ્રયાણ. સમયને અનુરૂપઃ વગેરે શબ્દો વ્યાપક થતા જાય છે અને તે માત્ર શબ્દોરૂપે જ રહ્યા નથી. તેને લાયકની રચનાઓઃ વગેરે મોટા પ્રમાણમાં ચાલે છે.

પરંતુ થોડોક જ વિચાર કરતાં તે યુગઃ નવયુગઃ નવરચનાઃ શું છે? પશ્ચિમીય લોકોએ કરેલી બાબતોના અનુકરણ સિવાય બીજું શું હોય છે? તેઓ એક રચના કરે, તેને યુગનું નામ આપવામાં આવે તેનુ અનુસરણ કરવુ તેને યુગાનુસરણ કહેવામા આવે છે. એ કેટલું મોટામાં મોટું જુઠાણુ છે? તે અમે અહીં સમજાવવા ઇચ્છીએ છીએ. પરંપરાગત સંસ્કૃતિ પ્રમાણે વર્તનારા રૂઢિચુસ્ત· અને આધુનિકતા પ્રમાણે આંધળું અનુકરણ કરનારા સુધારકઃ ક્રાંતિકારી· પ્રગતિશીલઃ આ જ માત્ર વસ્તુસ્થિતિ છે. યુગ· જમાનોઃ વગેરે શબ્દો તો વચ્ચે ઘાલવામાં આવેલા છે.

એટલે કે શાસ્ત્રોક્ત કાળ પણ નથી. અને તેના સિવાયનો કોઇ જુદો કાળ પણ નથી. માનવોની કૃત્રિમ કૃતિને યુગનું નામ આપવામા આવેલું છે, અને આપણા લોકો પડી ગયેલી રૂઢિથી 'યુગ' શબ્દ વાપરતા થયા છે. તે ઝેર કેટલી હદ સુધી ઉંડે ઉતર્યું છે? તેના ઉપર પ્રમાણે દૃષ્ટાંત આપ્યા છે.

૬ પ્રવૃત્તિઃ નિવૃત્તિઃની આજની ભ્રાંત સમજ

સાવદ્ય યોગોથી સુનિવૃત્તિમાં સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રમય ક્ષમાદિક ક્ષાયિક ધર્મોમાઃ સુપ્રવૃત્તિરૂપ સત્પ્રવૃત્તિમાઃ તથા દુનિયાદારીમા રહેલી જનતા માટે પાશવતા કે જંગલીપણાની અસત્પ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ માર્ગાનુસારી એવા ન્યાય· નીતિ· અને સદાચારયુક્ત અનુક્રમે રાજ્યતંત્રયુક્ત અર્થ. અને કામ પુરુષાર્થ પ્રધાન સત્પ્રવૃત્તિમાંઃ માર્ગદર્શક અને નિયામક પણ એજ મહા જૈનશાસન છે. આથી કરીને પ્રવૃત્તિઃ અને નિવૃત્તિ ની યોગ્ય રીતે સાચી સમતુલા જાળવનાર જૈનશાસન હોવાનું સ્પષ્ટ થાય છે છતાં આજની ઉન્માર્ગાનુસારી અસત્પ્રવૃત્તિના પ્રેરક તરીકે ધર્મપ્રધાન ચાર પુરુષાર્થની સંસ્કૃતિના આદિ દર્શક એવા શ્રી આદિ-ઇશ્વર-શ્રી ઋષભદેવસ્વામિ· અને તેના સન્માર્ગના પ્રચારક તેના પુત્ર **ભરત-ચક્રી**ના દૃષ્ટાંતો આગળ કરવા દ્વારા આજની ઉન્માર્ગાનુસારી અસત્પ્રવૃત્તિઓના પ્રેરક તરીકે શ્રી જિનશાસનને ગણાવીને, આધુનિક જડવાદી વ્યવહારોની પ્રવૃત્તિના પ્રેરકની કોટિમા મૂકીને તે શાસનને એકામ મહાહિંસક આધુનિક પ્રગતિની પ્રવૃત્તિના દર્શન તરીકે સ્થાપવાની ચેષ્ટાઓ કરવામાં આવે, એટલે કે-ઇરાદાપૂર્વક આ જાતનું પાપ· ઘોર પાપ કરવામા આવે તો તે કેટલું ભયંકર ગણાય?

માર્ગને અમાર્ગઃ શરણ્યને અશરણ્યઃ સત્યને અસત્યઃ અને અસત્યને સત્યરૂપે સ્થાપિત કરવુ. મહાપુરુષોના કાર્યોને ઉલટા સ્વરૂપમાં મૂકવાઃ તેઓના નામનો દુરુપયોગ કરવો. એ ભયંકર હિંસા વગેરે

મહાપાપો કરતા પણ અતિઘોર મહાપાપ તરીકે તેને જેમ શાસ્ત્રકાર મહર્ષિ-સંતપુરુષોએ એ પ્રમાણે તેને સત્તર પાપના પિતા તરીકે અઢારમું પાપસ્થાનક ગણાવેલું છે. આવા અમલ [illegible] કરનારા અને પ્રચારનારાઓને શી રીતે સમજાવી શકાય? તેઓની દયા ખાવા સિવાય સજ્જનો પાસે બીજો ઉપાય જ નથી.

એ વાત સ્પષ્ટ છે, કે—સર્વ માનવો, ધર્માત્મા, ત્યાગી, અને સંન્યાસી તરીકે બનવાનો સંભવ જ નથી. આજીવિકા માટે ધંધા અને ઇન્દ્રિયોના ઉપભોગો કરવાના છે. તે કાર્યો તેઓ બેફામ રીતે કરે, તેના કરતાં ન્યાય. નીતિ અને સદાચાર ને આધીન રહીને કરે, તેની વ્યવસ્થામાં શું ખોટું છે? જેથી નિયંત્રિત અર્થ નામના પુરુષાર્થની પ્રવૃત્તિઓને એકાંગી નિવૃત્તિ કહી નિંદવામાં આવે છે? તેને પણ અંશથી સત્પ્રવૃત્તિ કહેવામાં શો વાંધો આવે છે? અને અનિયંત્રિત અર્થ કામ ને પ્રવૃત્તિ કહી શિર ચઢાવવામાં આવે છે? તેનું કારણ સમજી શકાતું નથી. નિયંત્રિત અર્થ-કામમાં પણ ઉદ્યોગ, ધંધા, યુદ્ધ, સ્પર્ધા, આત્મભોગ, પરોપકાર, સેવા ભક્તિ, દાન, માન, સત્કાર વગેરેને અસાધારણ રીતે યોગ્ય સ્થાન હોય છે જ. છતાં તેની નિંદા શા માટે? તે પ્રવૃત્તિઓમાં અમર્યાદ બેફામપણું નથી હોતું, એ જ તેનો દોષ છે? કે બીજો કોઈ? માત્ર અજ્ઞાન, દૃષ્ટિદોષ અને દૃઢ વ્યામોહ સિવાય અમને બીજું કોઈ મહત્ત્વનું કારણ જણાતું નથી.

ન્યાય નીતિ સદાચાર રહિત તથા ધર્મથી અનિયંત્રિત ઉન્માર્ગાનુસારી આજની પ્રવૃત્તિની હિમાયત કરવામાં માનવજાતનું એકંદર અનિષ્ટ થઇ રહ્યું છે, તેને બદલે તેના ભલાની તેમાં શી શક્યતા છે? ક્ષણિક લાલચ સિવાય તેમાં શું રહસ્ય છે? તે તપાસીને ભલામણ થતી હોય તો ઠીક, માત્ર એક બોલે એટલે તેનું અનુકરણ બીજાએ કરવું, આ સિવાય તેમાં બીજી કોઇ વસ્તુ જ જણાતી નથી.

આવી હિંસક અને ઘાતક વિચારશ્રેણીથી બચવા-બચાવવામાં શ્રેય. છે.

૭ શ્રમણ પ્રધાન શ્રી ચતુર્વિધ સંઘ

[૧] શ્રી તીર્થંકરનો પ્રતિનિધિ

શ્રી તીર્થંકરોએ પ્રાપ્ત કરેલા ઉત્તમાર્થની પ્રાપ્તિ બીજા આત્માઓને કરાવવા માટે પોતે પ્રાપ્ત કરેલા ઉત્તમાર્થનો બીજાઓમાં વિનિયોગ કરવા માટે બીજાઓમાં લ્હાણી કરવા માટે. તીર્થરૂપ-જૈન-શાસનરૂપ, મહાવિશ્વસંસ્થા પ્રથમ સ્થાપીને તેના સંચાલન માટે પોતાના અનુયાયિઓમાથી પોતાના પ્રતિનિધિ તરીકે શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. પોતાનું મુખ્ય પ્રતિનિધિત્ત્વ મુખ્ય ગણધર પ્રભુથી માંડીને ઉત્તરોત્તર ઠેઠ ગામના સ્થાનિક સંઘપતિ સુધી ધાર્મિક પ્રતિનિધિત્વ અનુસ્થાપિત હોય છે. શ્રી ગણધરો અને પ્રધાન આચાર્યો દ્વારા રાજ્યતંત્રનું પ્રતિનિધિત્વ ચક્રવર્તિમાંઃ જગત્ શેઠ દ્વારા સ્થાનિક મહાજનના આગેવાનમાંઃ અર્થ પુરુષાર્થમાં ધંધાવાર નીતિના નિયમોના રક્ષણ માટે પ્રતિનિધિત્વ શરાફ સુધી અને કામ પુરુષાર્થમાં સદાચારના રક્ષણ માટેનું પ્રતિનિધિત્વ વર્ણ, જાતિ, જ્ઞાતિ, કુટુંબ અને માર્ગાનુસારી વ્યક્તિ સુધીમાં ગોઠવાયેલું રહે છે. બીજા દેશો અને તેમાં રહેતી સાંસ્કૃતિક જીવન જીવતી માર્ગાનુસારી પ્રજાઓમાં પણ જુદા જુદા ધર્મના ધર્મગુરુઓ પ્રતિનિધિ તરીકે હોય છે. આ રીતે હાલના કૃત્રિમ લોકશાસન પહેલાં જગતમાં ન તો પ્રજાશાસન હતું; ન તો રાજ-શાસન હતું પરંતુ વિશ્વ-વત્સલ મહાસંત મહાજન પુરુષોનું જ શાસન આખા જગત ઉપર હતું અને ભારત તેનું કેન્દ્ર હોવાથી ભારતમાં ખાસ કરીને તે શાસન કેન્દ્રભૂત હતું. આજે પણ ઘણા અંશે ચાલુ જ છે અને તેઓનું પ્રતિનિધિત્વ ઉપરથી નીચે-નીચે ફેલાયેલું રહેતું આવેલું છે. અર્થાત્ સૌએ

યથાશક્ય તેઓની આજ્ઞા પ્રમાણે વર્તવાનું હોય છે. જેથી સન્માર્ગથી ચ્યુત થઇ ઉન્માર્ગે જનતા ન ચડી જાય એ તેનો પરોપકારી હેતુ છે.

[૨] મહા-મહાજનોની મહાજન સંસ્થા

તીર્થંકર મહાજનોના પ્રતિનિધિ ધર્મગુરુ મહાજનોના સ્થાનિક આગેવાન મહાજનો પણ પરંપરાએ તેઓના જ પ્રતિનિધિઓ હોય છે.

સમગ્ર મહાજન સંસ્થાનું કામઃ પ્રણિધાનપૂર્વક તીર્થંકરોએ કરેલા ઉત્તમાર્થનો-ઉત્તમ જીવન તત્ત્વોનો-સર્વત્ર વિનિયોગ કરવો જગતને તે ઉત્તમાર્થનું દાન આપવુ એ હોય છે. તેથી તેમાના આગેવાનો પણ પોતાની જાતે ધર્મની આરાધના કરે, અને બીજાઓને ધર્મ પ્રાપ્ત કરાવે, ધર્મમા સ્થિર રાખે, તેઓના ધર્મમાના વિઘ્નો દૂર કરે-કરાવે, અર્થાત્ આજ્ઞાપૂર્વક ધર્મારાધનઃ અને ધર્મોનો વિનિયોગઃ એ બે મુખ્ય ફરજો તેઓનીયે હોય છે, સર્વના કલ્યાણ માટેના ઉત્તમ જીવનતત્ત્વોના વિનિયોગ માટે જ સ્થાનિક મહાજન સંસ્થામાં પણ તીર્થંકરોના સધર્માંના અનુયાયિઓનુ મુખ્યપણે આગેવાનીપણું ચાલતું આવ્યું છે. કારણ કે—તે વિના, નિઃસ્વાર્થ ભાવે હિતબુદ્ધિથી કરુણાબુદ્ધિથી. અન્ય આત્માઓનું હિત કરવાનું બની શકે જ નહીં. આ ઉત્તમ બુદ્ધિથી જ તેઓ સ્થાનિક શ્રી સંઘ જાતિઃ જ્ઞાતિઃના મુખ્ય આગેવાનો તરીકે રાજ્યોમા મંત્રીઓ તરીકે રહેતા આવ્યા છે. જેથી સર્વના ધાર્મિક. સામાજિક રાજ્યકીયઃ આર્થિકઃ કૌટુંબિક સ્ત્રી-પુરુષના વ્યક્તિગતઃ શારીરિકઃ વગેરેને લગતાં હિતો કરી શકાય છે. અહિતોથી બચાવી શકાય છે, જેથી હિંસા, સ્વાર્થ, આપઘાત, અવ્યવસ્થા, શાન્તિનો ભંગ, અનારોગ્ય, પરાશ્રિતપણું, નિરાધારતા, વગેરે ઉપર રીતસર અંકુશ રહેતો આવ્યો છે. બીજા દેશોમાના અન્ય ધર્મના ધર્મગુરુઓ અને તેની સાથે જોડાયેલા બીજા નીચે નીચેના બળો પણ એક યા બીજી રીતે મહા મહાજનોના વિશ્વકલ્યાણનો જ યથાશક્ય વિનિયોગ કરનારા પ્રતિનિધિઓ સમજવા જોઇએ. "તે રક્ષકતત્ત્વો વિદ્યમાન નથી; અથવા તેની શક્તિને હત-પ્રહત કરવાપૂર્વક આજે સત્તાતંત્ર હિંસા વગેરે ઉપર જણાવેલા વિઘાતક તત્ત્વોથી સત્તા રક્ષણ આપે છે." એવો ભાસ ઉભો કરવામાં આવ્યો છે.

[૩] તંત્ર વ્યવસ્થાઃ

આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ, મુનિ, સ્વામિ-સામી, વગેરે રીતે ધાર્મિક પ્રતિનિધિઓ ઉપર ઉપરથી નીચે નીચેના ગોઠવાયેલા છે. તીર્થંકરના પ્રતિનિધિ ગણધરો અને તેના ગચ્છપતિ શાસનપતિ મુખ્ય આચાર્યની આજ્ઞામાં સર્વ ધાર્મિક તંત્ર હોય છે.

સામણ-સ્વામિની, સાધ્વીજી, પ્રવર્તિનીજી દ્વારા મુખ્ય આચાર્યશ્રીની આજ્ઞામાં સર્વ ધર્મારાધિકાઓ હોય છે.

પટેલ, શેઠ, નગરશેઠ, જગતશેઠ દ્વારા મુખ્ય પૂ૦ આચાર્યોની આજ્ઞામાં સર્વ સ્થાનિક મહાજનોના પ્રતિનિધિઓ હોય છે. તેની આજ્ઞામા રાજ્ય તંત્ર, આર્થિક તંત્ર, સામાજિક તંત્ર વગેરે હોય છે. ને ધર્મના પણ તે સેવકો હોય છે. રાજા, માંડલિક, ચક્રવર્તીની આજ્ઞામા સર્વ રાજ્ય તંત્રના સર્વ પ્રતિનિધિઓ હોય છે. જે પરંપરાએ પૂ૦ આચાર્યોની આજ્ઞામાં હોય છે. રાજ્યની રાજ્યતંત્ર પૂરતી આજ્ઞામાં જ પ્રજા હોય છે. વર્ણના પ્રતિનિધિઓની આજ્ઞામા જાતિ પ્રતિનિધિઓ, તેની આજ્ઞામા જ્ઞાતિ પ્રતિનિધિઓ, તેની આજ્ઞામાં કુટુંબપ્રતિનિધિઓ, અને તેમની આજ્ઞામા કુટુંબની વ્યક્તિઓ હોય છે. વગેરે વગેરે રીતે ઉપર ઉપરથી નીચે નીચે પ્રતિનિધિત્વ ગોઠવાયેલું હોય છે. અને દરેક સુવ્યવસ્થિત હોય છે. ઉપર ઉપરની આજ્ઞાઓ નીચે નીચેનાઓને પાળવાની હોય છે. દરેકના અધિકારો નિયત છે. દરેકની નિમણુંકો ઉપર ઉપરથી કરવાના નિયમો છે. અને નીચેવાળાઓએ આજ્ઞામાં કેમ

રહેવું ? તેનાયે નિયમો છે. વ્યક્તિઓને હિતકારી અધિકારો આપવાનાયે નિયમો હોય છે. કોઈને મતાધિકાર નથી હોતો. નીચે નીચેથી પ્રતિનિધિત્વ નથી હોતું. કોઈને મરજી પ્રમાણે વર્તવાનો અધિકાર નથી હોતો. કોઇને પણ બહુમતથી કોઈનુંયે અહિત કરવાનો અધિકાર નથી હોતો. હિત કરવાની જ જવાબદારી અને જોખમદારી સૌના ઉપર વ્યક્તિ તરીકે હોય છે. સંજોગ વિશેષમાં કેમ વર્તવું ? તેને માટે ઉપર ઉપરના જવાબદારોની આજ્ઞા માન્ય કરવી હોય છે. આગળ વધીને છેવટે તે તે વિષયના નિષ્ણાતોની સલાહ તેના ઉપર ધર્મશાસ્ત્રાનુસારની આજ્ઞાઓના આગ્રહીઓની સલાહ હોય છે. છેવટે ધર્માચાર્યોની આજ્ઞા મુખ્ય હોય છે.

તેઓને શાસ્ત્રો માર્ગદર્શન આપતા હોય છે. શાસ્ત્રો મહાત્યાગી અને બુદ્ધિશાળી પુરુષોએ અગાધ જ્ઞાન અને અનુભવથી રચેલા હોય છે. તેઓ પણ મહાજ્ઞાની તીર્થંકરો જેવા સર્વજ્ઞ તરફથી ઉપદેશ અને પ્રેરણાઓ મેળવીને શાસ્ત્રો રચવામાં તત્પર થતા હોય છે. તેથી શાસ્ત્રો તેઓના સર્વજ્ઞપણાને આધીન હોય છે. સર્વજ્ઞ તીર્થંકરોએ પોતાના અનુભવો અને ઉદાત્ત ચરિત્રો તથા સર્વ-કલ્યાણકારક વિશ્વવત્સલ ભાવનાથી શાસન સ્થાપ્યું હોય છે. ઉપદેશ આપેલો હોય છે. માર્ગદર્શન આપ્યું હોય છે. માર્ગદર્શન કરાવ્યું હોય છે. અર્થાત્ સર્વજ્ઞની આજ્ઞામાં વિશ્વના સર્વ પ્રાણીઓના હિતો ગોઠવાયેલા હોય છે. તે દરેક આગેવાનો માલીક કે સત્તાધીશ હોતા નથી. પરંતુ વાલી-હિતચિંતક-હિતકર, વાત્સલ્ય યુક્ત જ હોય છે. આ સ્થિતિમાં મતાધિકાર વગેરેની જરૂર પડતી નથી. એ તો વાસ્તવિક રીતે એક ઉલટો રસ્તો છે.

આ રીતે ભારતમા સુવ્યવસ્થા તે આદર્શ પ્રમાણે બીજા દેશો અને તેની પ્રજાઓમા પણ સુવ્યવસ્થા ચાલુ રહેતી આવેલી છે. દરેક કાર્ય મર્યાદાથી જ ચાલતું હતું.

રાગદ્વેષમય સાંસારિક જીવનમાં કોઇ કોઇ તોફાની તત્ત્વો ઉભા થઇ જતા, તો દરેકને કાબુમા લેવાની વ્યવસ્થિત ગોઠવણો હોય છે. યુદ્ધો પણ નીતિપૂર્વક અને મર્યાદાપૂર્વક થતા હતા. દરેકની નીમણુકો કરવાના નિયમો અને વિધિઓ **આચાર દિનકર વગેરે ગ્રંથોમા** વિસ્તારથી જોઇ શકાય છે. આ રીતે ધર્મે માનવોની ઉપર મહા ઉપકાર કર્યો છે, ને કરી રહેલ છે, તથા કરશે. જે કાંઈ તેમાં વચ્ચે કોઈ તરફથી ખરાબી થઇ હોય, તો તેમા વ્યક્તિના કે વ્યક્તિઓના રાગદ્વેષ કારણભૂત હોય છે. ધર્મ તો નહીં જ. એ જડવાદને પોતાના સ્વાર્થો ખાતર આગળ લાવવા ધર્મ ઉપર ખોટા આરોપો મૂકાય છે. જે તદ્દન ખોટી રીતે છે.

[૪] બહુમતની ચુંટણીની ઘાતક પ્રક્રિયા

આજે એમ કહેવામા આવે છે, કે-" બહુમતના આધાર ઉપર ચુંટણી એટલા માટે કરવામાં આવે છે, કે-આગેવાનો શી રીતે પસંદ કરવા ? અને તેઓના અધિકારો શી રીતે નક્કી કરવા ? માનવો રાગ-દ્વેષથી ભરેલા છે. પક્ષાપક્ષથી ભરેલા છે. તેથી હિતાહિતનો નિર્ણય કરવાનું બીજું કોઇ સાધન જ નથી. આ સંજોગોમાં બહુમત અને નીચેથી ચુંટણી એ સિવાય બીજો ઉપાય જ નથી. રાગદ્વેષ રહિત સર્વજ્ઞો હોય, તો આવી ચુંટણી વગેરેની જરૂર ન રહે. પરંતુ તે નથી. માટે તે સિવાય બીજો ઉપાય નથી."

આ દલીલ ખોટી છે. કેમકે-સર્વજ્ઞ વીતરાગોની વ્યવસ્થા જ સર્વ મંગળમય છે. જગતભરમા એ જ ફેલાયેલી છે. પરંતુ જગતની ગોરીપ્રજાએ બીજી પ્રજાઓ કરતા જુદા પડીને ઇ. સ. ૧૪૯૨ થી જ્યારે પોતાના જ વિશિષ્ટ સ્વાર્થો માટેની યોજનાઓ અમલમા લાવવાની ગોઠવણો કરવા માંડી ત્યારથી પોતાને ત્યા તે આંતરિક રીતે આજ્ઞાપ્રધાન પરંપરા ચાલુ રાખવા સાથે, બીજી પ્રજાઓમાંથી આજ્ઞા-પ્રધાન વ્યવસ્થાને નકામી કરી નાખી ઉડાડી દેવા માટે બહુમતઃ અને ચુંટણી નો પ્રચાર કર્યો છે. તે પહેલા પોતાને ત્યાં બહારથી દેખાવ પૂરતા ને કામચલાઉ બહુમતઃ અને ચુંટણીપ્રધાન વ્યવસ્થા નો

દેખાવ રાખી બીજા દેશોની પ્રજામાં તે ફેલાવવામાં આવેલ છે. કેમકે–એ શસ્ત્રથી આજ્ઞાપ્રધાન વ્યવસ્થાને છિન્ન–ભિન્ન કરી નાંખવા બહુમત, ચુંટણી મતાધિકારઃ વગેરેના મોટા મોટા ગ્રંટો ઉભા કરવા–કરાવવામાં આવ્યા છે. પછી તો–આજ્ઞા–ઓર્ડરને તેઓ પણ પ્રાધાન્ય આપે છે. જ્યાં સુધી મહાપુરુષોની આજ્ઞાનું તંત્ર તુટે ત્યાં સુધી જ મતાધિકાર વગેરે છે. તેમાં સ્થાનિક વકિલવર્ગ વગેરે કે જે તેને તેઓ દ્વારા અનુસરતા કાયદાઓનાં નિષ્ણાત છે, એ વર્ગને જોરદાર બનાવી, આજ્ઞાપ્રધાન આગેવાનોઃ સંસ્થાઓઃ તેના બંધારણીય તત્ત્વો વગેરેને નકામા જેવા બનાવી દેવામાં આવતા જાય છે. તે સંસ્થાઓના સમ્મેલનોમાયે આડકતરા અંતરાયો નંખાવી, હવે તો લગભગ તેને બંધ જેવા જ કરાવી નંખાતા જાય છે. જેથી આગળની પેઢીઓ તેને તદ્દન ભૂલી જ જાય, તથા તેના વિજ્ઞાન અને પરંપરાગત અનુભવથી વંચિત થતા જાય. ઉલટા મતાધિકારની પદ્ધતિથી પરિચિત થતી ગઈ હોય. કારણ કે–તેનો અનુભવ આપવા માટે નાના નાના મંડળોઃ સભાઓ. સોસાઈટીઓઃ એસોસીએશનોઃ સમિતિઓઃ વગેરે સ્થાપવાને વેગ આપ્યો હોય છે. તેના કાયદેસરપણાનો ટેકો ઉભો કર્યો હોય છે. તે નવી સંસ્થાઓ અન્યાયી રીતે પણ મૂળભૂત સંસ્થાઓ સામે શિંગડા માડે, તેને આડકતરો મુગો ટેકો હોય છે. આવી આવી વિરુદ્ધ પ્રક્રિયાઓથી પરસ્પર ઘર્ષણ કુસંપો દરેક વર્ગોમાં વધતા જતા હોય છે. અને છેવટે સત્તાના ટેકાથી નવી સંસ્થાઓને ઉત્તેજન અને પ્રધાનતા આપવામાં આવતા હોય છે.

પ્રથમની પરંપરાગત સંસ્થાઓને જુદા જુદા બ્હાનાથી નિયંત્રણમાં લઇને તેના ઉપર કાયદાના દબાણો અને આડકતરી મુશ્કેલીઓ મૂકાતીઃ અને પછી ક્રમે ક્રમે વધારતા જવાતીઃ હોય છે. આ બધા પ્રજાની ધર્મભાવનાની અને ધાર્મિક સામાજિક બળોની નિર્બળતાના મુખ્ય કારણો છે. આર્થિક અને પ્રજાકીય બળોની પણ એ જ દશા છે.

[૫] ઘાતકરૂપે પરિણમતી કેટલીક વિચાર–સરણીઓ

(૧) યદ્યપિ પ્રાચીન ધર્મોના એટલે ધર્મશાસનના અંગભૂત જુદા–જુદા ધર્મ શાસનોના, ધર્મ સંસ્થાઓના, પાયા એટલા બધા દૃઢ અને ઉંડા છે, કે–તેઓને કેવળ ઝનુન કે સીધા બળથી ઉખેડી શકાય તેમ નથી. કારણ કે–લોકોના જીવનમાં તે એટલી બધી રીતે, એટલી બધી હદ સુધી વણાઇ ગયેલા હોય છે, કે–જન્મતાંની સાથે જ–અરે ! ગર્ભથી જ નવી પેઢીના જીવનમાયે તે થોડાઘણા વણાતા જતાં હોય છે.

(૨) તેને ઢીલા કરવા માટે પ્રથમ આડકતરા વિવિધ પ્રયાસો આદરવા પડે છે. તે તરફ જનતાને આકર્ષવી પડે છે. તેમા અનેક યોજનાઓ મોટા મોટા ખર્ચે, અનેક લાલચો અને સાથે જ પરંપરાગતથી નુકશાનો થવાની ધમકીઓ, અનિષ્ટ અસરો અને તેના નાશથી લાભોઃ વગેરે બતાવવા પડે છે. તેને અનુકૂળ કાયદા કરવા અને લોકમતના ટેકા લેવા પડે છે. અને એ રીતે નવરચના તુટી પડતાં, ધર્મો તુટી પડે એ સ્વાભાવિક છે. થાભલાનો ટેકો ખસી જતા ગમે તેવી મજબૂત ઇમારત પણ કડકભૂસ કરતી તુટી પડ્યા વિના રહેતી નથી.

આજના આ પ્રયાસોના લગભગ પ્રકારો નીચે પ્રમાણે છે —

અ સૌથી પહેલા મૂળ પરંપરાઓને "રૂઢીચુસ્ત" નામ આપી તેની નિંદનીયતા પ્રચલિત કરી હોય છે.

આ નવી પરંપરાને "પ્રગતિશીલ" નામ આપીને તેની ભવ્યતા અને પ્રશંસનીયતા ઉન્ની કરવામાં આવી હોય છે.

ઇ વર્તમાન શિક્ષિતોના મગજમાં આ બે બાબતો શિક્ષણ સાથે જ ઠસાવી હોય છે. અને તેઓ અંધશ્રદ્ધાથી તેને વળગી રહેતા હોય છે

ઈ જો કે આ બન્નેય શબ્દોનો વપરાશ ખોટા અર્થમાં કરવામાં આવ્યો છે. કેમકે–ઉન્નતિઓની રૂઢતા પાછળ ચાર પુરુષાર્થની આર્દ્રિક મહા સંસ્કૃતિ અને તેના નિત્ય આધાર છે તેને રૂઢિચુસ્તતાનું નામ આપવું એ જ સૂર્યને અંધકારનું નામ આપવા બરાબર છે એ જ પ્રમાણે આજ પ્રજાના આર્યમાંથી માત્ર અદ્ધર બાજુએ અને અવ્યવસ્થિત રીતે કેવળ ભૌતિક વિજ્ઞાનના આધાર ઉપર સનાતન આત્માઓના યે જીવન માટે ઉભી કરેલી નવી વ્યવસ્થાને પ્રગતિશીલનું નામ આપવું એ પણ એટલું જ બેહુદું અને વસ્તુસ્થિતિ સાથે અણુબેસતુ છે. માત્ર તે કલ્પના ઉપર રચાયેલ છે આ સત્ય ઉંડા ઉતર્યા પછી કોઇને પણ સમજાય તેમ છે.

ઉ આ રીતે ખોટા અર્થમા વપરાયેલા બીજા ઘણા શબ્દોની માફક લોકોને ઉન્માર્ગે દોરાય છે સોમલને સાકર માનીને લોકો ખાય છે અને સાકરને સોમલ માનીને છોડી દે છે.

ઊ એટલે કે "નવી પેઢી નવી નવી બંધારણની સંસ્થાઓમાં દાખલ થાય. પોતાની પરંપરાગત સંસ્થાઓમાં દાખલ તો ન થાય, પણ તેનાથી છૂટવા મહેનત કરે." તેવી તેના તરફ ધૃણા ઉત્પન્ન કરવામાં આવી હોય છે.

ઋ આમ પ્રજામા જ મૂળથી જ બે ભાગ પડતા જાય. પ્રજા બે વિભાગ બની જાય. અને બે પ્રકારના સંસ્થા જુથોમાં વ્હેંચાતી જાય. ડીવાઇડ ઍન્ડ રૂલની જેવી તેવી નીતિ નથી ભારે અસરકારક નીતિ છે.

[૪] પ્રગતિશીલ નામધારી નવી ધર્મપરંપરાઓ ઉભી કરાઈ છે.

અ તે તે ધર્મસંસ્થાઓના મળ ઉખેડી નાંખવા તે તે ધર્મને નામે–પોતાના આદર્શો મુજબની નવી નવી ધર્મ સંસ્થાઓઃ તે તે ધર્મના અનુયાયિઓ પાસે જ તે તે ધર્મની આધુનિક ઢબે ઉન્નતિને નામે ઘણા વખતથી ઉભી કરાવી છે હજુ પણ તે પ્રવાહ ચાલુ છે.

આ તેને વ્યાપક અને લોકપ્રિય બનાવવા માટે તે તે ધર્મની ઉન્નતિની વાતો પ્રથમ આગળ રાખવામાં આવવાથી, ઘણા ઘણા અજ્ઞાન લોકોમાના કેટલાક ભૂલથીઃ કેટલા માનપાનથી કેટલાક સારી આશાથી નિ.સ્વાર્થભાવેઃ કેટલાક બીજી અનેક રીતે તેમા દાખલ થયે જતા હોય છે. ને તેની સાથે તેઓનું મહત્ત્વ બધાતું જાય છે. પછી તેના અનિષ્ટો જાણવા છતા પણ તેનાથી તેઓ છૂટી શકતા નથી. ઉલટા તેના વિરોધીઓની સામે લડવા મેદાને પડતા હોય છે.

તે સસ્થાઓના શિક્ષિત ગણાતા આગેવાનોની મહત્તા વધારવા તેઓની માગણીથી કેટલીક સગવડે અને કામો કરી આપવામાં પણ આવતા હોય છે. તેથી તે સંસ્થાઓની પ્રતિષ્ઠા વધતી જાય અને તે સંસ્થામા લોક સંખ્યાનું જુથ વધતું જાય–ત્યારે સામા પક્ષમાં ઘટતું જાય

ઈ નિશાળો, કોલેજોમા ભણીને ડીગ્રીધારીઓ મોટે ભાગે તેમાં જ દાખલ થતા જાય. જેમ જેમ આધુનિક શિક્ષણનું ક્ષેત્ર વધતું જાય, તેમ તેમ એ વર્ગની નવી સંસ્થાઓમા સંખ્યા વધતી જાય ને તે સસ્થાઓ પુષ્ટ થતી જાય છે.

ઉ આમ થવાથી નવી સંસ્થાઓને વેગ આપી સહાય કરી આધુનિક પ્રગતિને માર્ગે ઘસડાતી જવાય છે જેમ જેમ વખત જતો જાય, તેમ તેમ ઉચ્છરતી પ્રજાને બંધબેસતી નવી નવી ભાવનાઓ, નવા નવા કાર્યક્રમો ઉમેરાતા જાય, જુના સુધારકો જુનવાણી ગણાઇને તે છૂટા પડતા જાય, ને નવા નવા વધુ પ્રગતિશીલ તેમાં દાખલ થતા જાય એમ પરિવર્તન થતું જાય, પરંતુ સસ્થા તો અખંડ રહી વધુ ને વધુ પ્રગતિશીલ થવા તરફ જાય, આ ગોઠવણ હોય છે.

ઊ એ મજબૂત બનાવ્યા પછી પરંપરાગત સંસ્થાઓને તોડી પાડતા કે અદશ્ય કરતાં શી વાર લાગે? કેમકે અનુયાયિઓનો મોટો ભાગ મૂળ સસ્થાઓથી જુદો પડી દૂર દૂર ધકેલાતો ગયો છે.

ક આ કાર્યક્રમ આજે સર્વ ધર્મના પ્રચારને કાયદેસરની છૂટ આપવાથી વધારે વેગબંધ અમલમા રહ્યો હતો. એ નવી સંસ્થાઓ એ કાયદાનો લાભ લેવા દોડાદોડી કરી મૂકે છે. પોતાના ધર્મના ભાવિ અહિતો થવાનો તેઓને ખ્યાલ જ રહેતો નથી.

ૠ પ્રથમ–તે તે ધર્મના પ્રાચીન-શાસ્ત્રોના અભ્યાસીઓ યુરોપ–અમેરિકામાં પોતપોતાના દેશોમા ઉભા કરવામાં આવ્યા હતા તે તે ધર્મની પરંપરામા સીધી રીતે તો પ્રવેશ મળી શકે તેમ નહોતો જ, તે તે ધર્મોમાં નવી રીતના અભ્યાસીઓ ઉભા કરવાની લાલચ આપવા દ્વારા નવી પરંપરાના પાયા નાંખી, તેને ઉન્નત કરીને તેને નવી સંસ્થાઓ દ્વારા વેગ આપવામાં આવ્યો.

ૠ પ્રથમ ઐતિહાસિક સંશોધનોને નામે યુગ–જમાનો સમય–સમયધર્મ–કાળઃ ને નામેઃ પરિવર્તનને નામે તેનો પાયો નાખવામા આવ્યો છે. નવી સંસ્થાઓ યુગને અનુસરીને વર્તવાનો પોતાનો ઉદ્દેશ ઘડે. એમ મૂળથી જ પરંપરાગત સંસ્થાઓથી સ્વતંત્ર રહે.

ઌ ઈ. સ. ૧૮૫૯ પછી બ્રિટીશ પાર્લામેન્ટે સીધી રીતે પોતાનો રચનાત્મક સાર્વત્રિક કાર્યક્રમ ભારતમાં અમલી બનાવવાની જાહેર રીતે શરુઆત કર્યા પછી એ જાતના પ્રયાસોનો અમલ વેગ પકડતો ગયો જેમાં પ્રો० હર્મન જેકોબીઃ પ્રો० લોયમેનઃ પ્રો० ગ્લાઝેનાપ. મી. હર્બર્ટ વોરન બંગાળ એશિયાટિક સોસાઇટીના એક વખતના સંચાલક અને શ્રી **ઉપાસક દશાંગ** સૂત્રના સંપાદક યુરોપીય સ્કોલર મી० હોર્નલી સાહેબ વગેરેએ તે નવી જૈન પરંપરાનો પાયો નાખ્યો છે. બીજા ધર્મોમાં બીજાઓએ નવી પરંપરાઓ શરુ કરાવ્યાના પ્રમાણો છે. તેમા મીસીસ એનીબેસેંટ, મેડમ બ્લેવેસ્કી, સિસ્ટર નિવેદિતા દેવી (યુરોપીયન બહેને હીંદી નામ ધારણ કર્યું હતું.) વિગેરે નામો પ્રસિદ્ધ છે.

ૡ એ સંસ્થાઓ આજ્ઞાના પાયા ઉપર નહીં પરંતુ બહુમતવાદના પાયા ઉપર ડેમોક્રેસીના કૃત્રિમ પાયા ઉપર ઉભી કરવામાં આવી છે

ए " નવી પરંપરાના જાહેરમાં પાયા રોપનાર યુરોપીય સ્કોલરોએ માત્ર પોતાના વિચારો જ બતાવ્યા છે." એમ નથી. તેઓએ સંસ્થાઓ ઉભી કરી છે, ઉપરાંત આડકતરી રીતે રાજ્યસત્તાની સહાયથી પ્રચાર દ્વારા સંસ્થાઓ ઉભીઃથવા દઇ ભવિષ્યમાં તે આદર્શો ઉપર કાર્યો થાય અને પોતે માન્ય રાખેલી ઉન્નતિને વેગ આપી શકાયઃતે રીતે લોકો તેમાં દાખલ થાય. તેવા પ્રયાસોને પણ વેગ મળવાના બીજો રોપ્યા છે. જે આજે ફાલીફૂલી રહ્યા છે.

ऐ એ જ આદર્શો ઊપર શિક્ષણ આપીને તૈયાર કરાયેલો શિક્ષિત વર્ગ તેનું સંચાલન કરે માટે શિક્ષણ અને ડીગ્રીઓ આપી તેને સંપત્તિ અને પ્રતિષ્ઠાસંપન્ન બનાવતા રહે છે. તેમાં પણ વકીલ–વર્ગને વધારે ઊંચું સ્થાન પ્રાપ્ત કરાવાતું રહ્યું છે. જેના બળથી પ્રજાના જાહેર જીવનમાથી પરંપરાગત વર્ગને દૂર હડસેલાવી શકાય, નવા ધંધાથી સંપન્ન થયેલ વ્યાપારી વર્ગ પણ વકીલ વર્ગની દોરવણીમાં આકર્ષાતો રહે તે તેના ટેકાથી પણ પરંપરાગત આગેવાનોને સ્થાન ભ્રષ્ટ કરી શકાય. પરંપરાગત નગરશેઠનું સ્થાન તોડી પાડવા મિલમાલિકો કે મોટા શહેરના ઉદ્યોગપતિઓને વધારે મહત્વ મળે તેવા પ્રયત્નો થતા રહ્યા છે.

ઓ વકીલ વર્ગનું માનસ અર્ધું ભારતીય ને અર્ધું વિદેશીય આદર્શોથી વાસિત કરવામા આવેલું હોય છે. ભારતીય સંસ્કારો પણ મોટે ભાગે ભારતની જીવન પ્રણાલીના અભ્યાસી યુરોપીય સ્કોલરોના એક તરફી વિધાનોથી ઉત્પન્ન થયેલા અર્ધદગ્ધ સાહિત્યમાંથી લેવામાં આવેલા હોય છે. તેથી તેઓના વિચારોમાં પણ અર્ધ–દગ્ધતા હોય એ સ્વાભાવિક છે ધર્મગુરુઓ પાસે ધર્મશાસ્ત્રોનું બળ હતું, તેમ વકીલ વર્ગને કાયદાના પુસ્તકોનું બળ આપવામાં આવ્યું છે.

વકીલ વર્ગ વિદેશીય સત્તા સામે ગમે તેટલો વિરોધ બતાવે તેનો વિરોધોને નામે ન હતો જ તેથી તે વર્ગની લોક-પ્રિયતા વધતી હતી અને તે લોક-પ્રિયતાને લીધે તે વર્ગનું બળ વધતું જતું હતું. જે પરંપરાગત વ્યવસ્થાઃ સંસ્થાઓઃ અને તેના મૂળ આશયોને જાહેરમાંથી દૂર કરવામાં વિદેશીયોને બહુ જ સહાયક થતું હતું. વિદેશીઓનું આ મુખ્ય લક્ષ્ય નવશિક્ષિતો દ્વારા સારી રીતે સિદ્ધ થતું હતું. નોવેલોની રચનાઓઃ જાહેર કાર્યો વગેરે તેઓની આગેવાની નીચે કાનાફૂંસીના રૂપે મે

સૌ સાથે જ વકીલ વર્ગનું માનસ આધુનિકતાથી વાસિત તો હતું જ વાતવાતમાં તે યુરોપ અમેરિકા અને ઈંગ્લાંડના દાખલા આપતા રહેતા હોય છે. ભલે તેઓ બહારથી તેનો વિરોધ કરતા હતા પરંતુ માનસ તો તેઓના તે આદર્શથી જ ભરપૂર રીતે રંગાયેલા હતા. તેથી તેઓના વિરોધનો વાસ્તવિક અર્થ તો એ હતો, કે—" ભારતમાં બહારના આદર્શોને હાલમાં જે ગૌણતરનું સ્થાન વિદેશીયો તરફથી અપાય છે, તેને બદલે વધારે સારી રીતે સ્થાન આપવું જોઈએ તો જ જલ્દી પ્રગતિ કરી શકાય. બરાબર પ્રગતિ કરી શકાતી નથી." તે બાબતનો વિરોધ તેઓ કરતા હતા. જે વિરોધ વિદેશીયોને ઇષ્ટ હતો અને એ વિરોધ પ્રજાની સામે તેઓ એ રીતે બતાવતા હતા, કે—" પરદેશીયોને આપણે બરાબર આદર્શો પૂરા પાડતા નથી. માટે આપણે આપણા ભારતીય આદર્શો વિકસાવવા જોઈએ." એ વાતોથી પ્રજા તેઓ તરફ આકર્ષાતી હતી. પરંતુ વાતો માત્ર ભારતીય આદર્શોની થતી હતી. પ્રજાને લક્ષ્યમાં લેવા પુરતી જ. અને પ્રજા જ્યારે ભારતીય આદર્શો વિકસાવવાનો પાકો આગ્રહ કરતી હતી ત્યારે " જુનવાણી રૂઢિચુસ્ત ક્યા સુધી રહેશો? સમયાનુસાર પ્રગતિ કરો, તે ખાતર સેવા કરો, અને સેવા ખાતર પ્રાણ પાથરો" એમ કહેવાય છે.

" આમ બેવડી રીતે બળવાન થયેલા તે વર્ગનો ઉપયોગ કરીને તે ભવિષ્યમા પ્રાગતિક આદર્શોને વેગ આપી શકાશે." એવો વિદેશીય આદર્શોના પાયા રોપનાર ને વિકસાવનાર વિદેશોને ખૂબ વિશ્વાસ હતો. કેમકે તે જાતની તૈયારી કરાવતા આવતા હતા. કેમકે–તેની પાછળ બ્રીટીશ પાર્લામેન્ટઃ ત્યાંની પ્રજાઃ અને સમગ્ર યુરોપ અમેરિકાની ગૌરાંગ ખ્રીસ્તી પ્રજાનો ટેકો હોવાનું તેઓ જાણતા હતા, કેમકે–તે પ્રજાની ઉન્નતિના નવા આદર્શો જગતભરમા આગળ વધે, તેમા પોતપોતાના રાજ્યના ભેદો છતા, સમગ્ર રીતે એકમતમા તે પ્રજા હતી, અને છે.

क પ્રગતિશીલ ગણાતી નવી ધર્મ પરંપરાના શિક્ષિતવર્ગ પાસે નવી નવી બહુમતના ધોરણની સંસ્થાઓ સ્થપાવી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અથવા પાચ આચારોની નવી નવી ક્રિયાઓ કરાવી તેના પ્રચાર માટે પાઠશાળાઓ મારફત શિક્ષણ પણ શરૂ કરાવ્યુઃ પ્રથમ તો-સામાન્ય રીતે પરંપરાગત દરેક બાબતોને વધારે સારો આકાર અપાતો દેખાય, પરંતુ આગળ જતા બન્નેયના સ્પષ્ટ રીતે પ્રવાહ ભેદો પડતા જ જાય, ને આધુનિક આદર્શોને જ ટેકો આપવાની ફરજ તે નવી સંસ્થાઓ બજાવતી જાય.

ख તેમાં કોન્ફરન્સોઃ યુવક મંડળોઃ યુવક સંઘોઃ સ્વયંસેવક મંડળોઃ નવી નવી પુસ્તક પ્રકાશક સંસ્થાઓ શ્રી મહાવીરસ્વામિના જન્મકલ્યાણકના ધાર્મિક પર્વને જયંતીને નામે રાષ્ટ્રીય જાહેર પર્વ બનાવવું[1]

૧ [જૈન તા. ૨૬-૩-૬૦ **સામાયિક સ્ફૂરણ** પૃષ્ઠ-૧૪૮ નું નીચેનું અવતરણ વાંચો.

" તે પહેલાં આ પર્વની રાષ્ટ્રીય પર્વ તરીકે ઉજવણી કરવામાં આવે એ રીતે અથવા તો મહાવીર જયંતિ એ કોઈ એક પંથ કે ધર્મનો નહીં પણ આખા દેશનો અહિંસાની પૂજા અને પ્રશંસા કરવાનો વિશિષ્ટ તહેવાર છે. એમ જનતાના લાગે એ રીતે કરવાનો કોઈ વિશિષ્ટ પ્રકાર આપણે શોધી કાઢવો જોઈએ.] એટલે કે આધુનિક ' અહિંસા ' શબ્દની પાછળ હિંસાને મળતા છુટા દોરના રૂપમા જૈન અહિંસાને પણ ફેરવી નાંખવાની ભલામણ આ સૂચનમા છે. આ રીતે ધાર્મિક-શુદ્ધ ધાર્મિક પર્વને રાષ્ટ્રીયરૂપમાં ફેરવી નાંખી અન્યથા યોજનાપૂર્વકનો ઉપયોગ શરૂ કરાવ્યો છે. જેમ અન્યગૃહીત પ્રતિમા-

તથા બીજા પર્વોને પણ એ આકાર આપવાની પ્રવૃત્તિઃ પર્યુષણા પર્વનો ઉપયોગ કરીને ગમે તે વિષયોની કરાતી વ્યાખ્યાનમાળાઓ· આધુનિક ધોરણની સ્વતંત્ર પાઠશાળા-સંસ્થાઓઃ ધાર્મિક શિક્ષણ સંસ્થાઓઃ શ્રી સાંવત્સરિક પર્વને વિશ્વમૈત્રી દિવસ બનાવી દઈ તેમા પણ પરદેશીઓએ એ બ્હાને ઘુસવાનો તેરાપંથ· સ્થાનકવાસીઃ દિગંબર ભાઇઓ· તથા કેટલાક આપણા ભાઇઓ મારફત માર્ગ મેળવવાની તરકીબ કરવી. જીવ-દયા મંડળીઃ શાકાહાર પ્રચારક સંસ્થાઓઃ વૈશાલીને પ્રભુ મહાવીરદેવનું જન્મસ્થાન મનાવવું. ધાર્મિક અનુષ્ઠાનો કરનારા ને કરાવનારા સભ્યોની આયંબિલશાળાઓ· સિદ્ધચક્ર આરાધકઃ નવપદ આરાધક મંડળો· વગેરે વગેરે શ્રી સંઘ કરતા સ્વતંત્રપણે ચલાવાતી સંસ્થાઓ વગેરે છેલ્લા ૧૦૦ વર્ષોમા હળવે હાથે પણ સારી રીતે પ્રચારમા મૂકાયેલ છે. અને તેમાં વધારો થતો જ જાય છે. અખિલ ભારતીય જૈન મહા-મંડળ. જૈન ધર્મ પ્રચાર મિશનઃ પોસહ સમિતિ સામાયિક સમિતિઃ એજ્યુકેશન બોર્ડ. વગેરે વગેરે સંખ્યાબંધ સંસ્થાઓ ઉભી થઈ છે. જેનો શ્રી સંઘ અને શ્રી શાસન સાથે બંધારણીય રીતે કોઇ સંબધ નથી, છતાં શ્રીસઘના ચાલતા આવતા વહીવટમાં હરેક પ્રકારે સૌની બનતી રીતે ડખલ હોય છે. અને બીજે પાટે શ્રી સંઘના વહીવટને ચડાવી દેવામાં સહાયક થાય છે. જેથી તેનુ અનાત્મવાદી આદર્શો પ્રમાણે રૂપાંતર થતું જાય.

બ્હારથી ધાર્મિક જણાતા અને નામ ધરાવતા જુદા જુદા નિમિત્તોનો આશ્રય લઇ તે સંસ્થાઓ ઉભી કરાતી હોવાથી, ધાર્મિકો પણ તેમા નિસકોચપણે ધર્મની ઉન્નતિની આશાથી જોડાઇ જતા હોય છે. પરિણામમા તો દિવસે ને દિવસે અવનતિ જ જોતા હોય છે. ને નિરાશ થતા હોય છે. ત્યાં તો નવી પેઢીના યુવાનો જુદા-જુદા ઉદ્દેશો આગળ કરીને નવી નવી સસ્થાઓ કાઢતા હોય છે. અને પૂજ્ય પુરુષો પણ તેવા નામધારી ઉદ્દેશોથી લલચાઇને કે પોતાની ધારણાના કાર્યોને વેગ આવશે, એવી આશાથી નવી નવી સંસ્થાને પ્રોત્સાહન પણ આપતા હોય છે, કે-સ્વયં સ્થપાવતાયે હોય છે. સ્નાત્ર-સમિતિ· ને ભક્તિ સમિતિ· જેવી શુદ્ધ ધાર્મિક દેખાતી બાબતો દ્વારા પણ એ તત્ત્વો ઘુસતા હોય છે. તેનો ખ્યાલ ન રહે એ સ્વાભાવિક છે. વળી, તેવી સંસ્થાઓથી આજે કામ કરવાની અનુકૂળતા વધતી હોય છે, અને સરકારીઃ અર્ધ સરકારીઃ તત્ત્વોનો સીધો· કે આડકતરો તેને ટેકો પણ હોય છે. કેમકે-તે ઉદ્દેશથી તો આડકતરી રીતે એવી સંસ્થાઓ કઢાવાતી હોય છે. આકર્ષક ગોઠવણો· ખુરશીઃ ટેબલ પંખાઃ બત્તીની સગવડો આકર્ષક જાહેરાતોઃ યુગબળઃ જમાનાને અનુસરીને વિગેરે આકર્ષક શબ્દો પણ વેગ આપતા હોય છે

આમ **"કોયલનાં ઈંડા કાગડી સેવતી"** હોય છે. પરંતુ જ્યારે પાંખો આવ્યા પછી કોયલના બચ્ચાં ઉડી જાય, ત્યારે બિચારી કાગડી મો વિકાસીને માથું હલાવતી જોઈ રહે છે. ને નિરાશ થાય છે. પરંતુ પછી શો ઉપાય?

ક હવે તો શ્રી તીર્થંકરોએ સ્થાપિત જૈનશાસન અને શ્રી સંઘના બધારણોથી જુદા પડતા આધુનિક ઢબના પોતાના સ્વતત્ર નવા નવા બંધારણો ઘડીને તેનાથી કેટલાક ગામના સઘો પોતાના સઘોને આધુનિક ઢબના બનાવીને તદ્દન સ્વતંત્રપણે શ્રી સકળસઘથી જુદા પાડી રહ્યા છે. તીર્થંકરક

છનો ત્યાગ થાય, તેમ મિથ્યા બનતા પર્વનો ત્યાગ કેમ ન થાય? તેમા રાજ્યના અમલદારો વગેરે પ્રમુખસ્થાને આવે છે, અને બોલાવવાનો રીવાજ પડતો જાય છે. કેમકે-તેને વર્તમાન રાજ્યના કાર્યક્રમોમાં સ્થાન છે. માટે તે ફેરવવામાં રાજ્યને રસ છે. અને તેનું મુખ્ય બીજ ૧૮૯૨ પછી બહારથી રોપાયું છે. વિસ્તારભયથી તેનો ઇતિહાસ અમે અહીં આપતા નથી. આ ધર્મને એક ઘાતક પગલું બહારની પ્રેરણાથી શરૂ થયું છે. એમ અમે ઘણા વખતથી કહેતા આવ્યા છીએ પરંતુ તે તરફ લક્ષ્ય જતું નથી. ઉલ્ટો વેગ અપાય છે.

મોટી સમિતિ બોર્ડો જુદી જુદી ધાર્મિક વહીવટની બેઠકોને નામે ... એ જ પ્રક્રિયા ચાલી રહી છે, અને પૂજ્ય પુરુષો પણ તેમાં વાંધો લેતા નથી. કારણ કે તેઓ પણ તે દ્વારા કામ થઇ શકતા હોવાનું જોઇ આતરિક સહાનુભૂતિ ધરાવતા હોય છે.

ख બહારથી સુંદરતાથી ભરપૂર છતા પરિણામે ભયંકર પરિણામો નિપજાવનારી આ નીતિરીતિ પરંપરાગત ધર્મની પરંપરાના મૂળભૂત પ્રતીકો તોડવાના ક્રમિક હેતુઓ પૂર્ણ કરી છે. તેને જેટલો ટેકો તેટલો મૂળભૂત વસ્તુઓને અચૂક ધક્કો છે કેટલાક કહે છે કે—" માત્ર ઉપયોગી તરીકે ઉપયોગ કરીએ છીએ. પછી તેને છોડી દેવાના હોય છે. તેથી ધાર્મિક કાર્યો અને ઉન્નતિ સરળતાથી કરી શકાય છે. પરંતુ મૂળ પ્રતીકો અને બાબતોને કશો વાંધો આવવા દેવાનો નથી એ અમારું લક્ષ છે." આ પણ સ્વાર્થી વિદેશીયોની જ દલીલો છે, જે આપણા લોકોને મોઢેથી બોલાવવી પડે છે, તેમણે જ ઘડી કાઢીને આપણે મોઢે ચડવા દીધી છે. પરંતુ મૂળમાં જ આગ ચાંપવા માટે જ આ બધી નવી પરંપરાઓ ઉભી કરવામા આવી છે. માટે જ વાંધા ભરેલી વસ્તુ છે. મૂળને ધક્કો ન લાગતો હોય, અને લાભ મળતો હોય, અથવા થોડો મળતો હોય, અથવા લાભ ન મળતો હોય, પરંતુ ગેરલાભ ન થતો હોય તો પણ તેનો વિરોધ કરવાનુ કાંઇપણ કારણ નથી. માટે નવી પરંપરાની સંસ્થાઓ અને કાર્યોથી: ધાર્મિક શિક્ષણની પરીક્ષાઓ વગેરેથી શાસન ધાર્મિક શિક્ષણ: અને ધર્મની ઉન્નતિ દેખાતી હોય છે, તે તદ્દન ઠગારી અને ભ્રામક વસ્તુ છે. પરિણામે તે કાંઇ ને કાંઇ મૂળમાં નુકશાન જ કરે છે. આ માત્ર કલ્પના કે મનની ધૂન નથી પરંતુ વાસ્તવિક સત્ય છે.

ग જમાનાને નામે દરેક બાબતો કરવામા આવે છે. વાસ્તવિક રીતે જમાના જેવી કોઇ ચીજ જ નથી. બહારના આદર્શો ઉપર જમાનાનું લેબલ લગાડવામાં આવ્યુ છે. **"દવાનું પાર્સલ"** એવા લેબલ મારફત રામપુરીયા છરાઓનો પ્રચાર એક વખત થતો હતો. તેવુ આમા છે. જમાનાને અનુસરવાની વાતના પ્રચારો દ્વારા યુરોપીય આદર્શોને અનુસરવાની યુક્તિમાત્ર છે. જમાનો એક કલ્પિત વાત છે. એ અમે આગળ સ્પષ્ટ કરેલુ છે.

घ પ્રથમના વખતમા ધર્મોમાં નવા નવા સંપ્રદાયો નીકળ્યા છે પરંતુ તે તો અમુક અમુક બાબતમાં અમુક અમુક મતભેદ કે વિચારભેદ થી ઉત્પન્ન થયા છે, ત્યારે આજે તો તીર્થંકરોની રચના સામે જ તદ્દન જુદા પ્રકારની રચનાનો ફેલાવો કરવાની તૈયારી માટે સંસ્થાઓ ઉભી થઇ હોય છે તે જ જુદે જુદે વખતે ધીમે ધીમે જીવનમા ગોઠવાતી જાય છે, અને તેને વેગ મળતો જાય છે. હજી આટલેથી જ અટકે તો પણ ઠીક છે, પરંતુ ધીમે ધીમે તદ્દન મૂળ ઉખેડી નાખવા સુધી આ પ્રક્રિયાને ૧૦૦ વર્ષોમાં પહોંચાડવાનું ધ્યેય છે. અર્થાત્ જમાનાને અનુસરવું એટલે જ બહારના આદર્શોને વેગ આપવો આ વાસ્તવિક રહસ્ય છે.

ङ આટલા જ માટે **પબ્લીક ટ્રસ્ટ એક્ટ** વગેરે ધાર્મિક બાબતોના કાયદા કરતાં પહેલા આવી પ્રગતિશીલ ગણાતી સંસ્થાઓના અભિપ્રાયો લેવાનું ખાસ રાખવામાં આવ્યું હોય છે. અને હમણાં કેન્દ્ર તરફથી નીમાયેલ ધાર્મિક વહીવટ તપાસ કમીશને (પંચે) પણ તેવી સંસ્થાઓને નિવેદન કરવા આમંત્રણ આપ્યું છે. કેમકે–તે સંસ્થાઓ તેમની જ છે. તેથી "અરધું–પરધુ કે તેથી વધારે તેમના તરફથી તેવું જ વલણ લેવાનું હોય છે." એમ વર્તમાન સ્ટીલ ફ્રેમની સરકાર જાણે જ છે. એટલે શ્રી સંઘ કાયદાના વિરોધમા રહે, છતાં આવી સંસ્થાઓના નામ આગળ કરીને પણ પોતાની ધારણા બર લાવી શકાય, તેમ હોય છે. આવી સંસ્થાઓ તરફથી કરવામા આવતાં નિવેદનોમાં વકીલ, બેરીસ્ટરોની સલાહ મુખ્ય હોય છે. એટલે તેઓ કાયદાના મૂળમા રહેલી સરકારી સત્તાઓને ખ્યાલમા રાખીને સલાહ આપતા હોય છે પરંતુ, શાસન અને શ્રી સંઘના મળભૂત બંધારણીય તત્ત્વો: આદર્શો. વગેરેથી તો લગભગ

સર્વથા તેઓ અજ્ઞાત જ હોય છે. તેથી "મૂળમાં ક્યા આગ ચંપાય છે?" તેનો તો તેઓને લેશમાત્ર ખ્યાલ રહી શકતો જ નથી. ધંધાના લાભનો સંબંધ બાજુએ રાખનારા સેવાભાવી ધાર્મિક વૃત્તિના વકીલ–બારીસ્ટરોની પણ મનોદશા લગભગ આ જાતની હોય છે. તેથી તેઓના ધાર્મિકપણાથી પણ ઘણી વખત ભ્રમણા તરફ દોરવાઇ જવાય છે. શેઠ આ. ક. અને જૈન એસોશીએશન ઓફ ઇંડિયા: જેવી જુના વખતમાં સ્થપાયેલી સંસ્થાઓ પણ એ દુષિત તત્ત્વોથી સારી રીતે વાસિત છે. માટે જ આજના વાતાવરણમા તેની મહત્તા ટકી છે. અને રાજ્યતંત્ર દરેક બાબતમાં તેને ઇરાદાપૂર્વક આગળ રાખવાની તક લે છે. જો કે–તેમાં એ તત્ત્વો બહુ જ ઓચ્છા રૂપમાં શરૂઆતમા હતાં, પાછળથી ક્રમે ક્રમે વધતા ગયાં છે. છતાં બીજી સંસ્થાઓ કરતાં ઘણાં ઓચ્છાં છે વિદેશીયોએ એ રીતે પ્રાથમિક શરુઆત કરાવી છે. નહીંતર, શ્રી સકળ સંઘની સમ્મતિથી ખાસ ખાસ ગૃહસ્થો જ તીર્થો વગેરેના વહીવટો પૂર્વના વખતમાં કરતા હતા. તેને બદલે પેઢીઓ સ્થપાવીને, ટ્રસ્ટીઓ ઉભા કરાવીને, શરુઆતમા આધુનિકતાનુ રૂપ આપવાની એ રીતે વિદેશીયોએ આડકતરી રીતે શરુઆત કરાવેલી છે. અને નવી છતાં પ્રથમ નીકળવાથી જુની થયેલી સંસ્થાઓને વધારે મજબૂત રાખે છે. જેથી કરીને ધર્મગુરુઓ તથા પરંપરાના ગૃહસ્થ આગેવાનો વગેરેને દૂર રાખી શકાય છે. આવી સંસ્થાઓ અને સરકાર જ પરસ્પર સંબંધમા રહી શકે, ને શ્રી સંઘને અંધારામાં રાખી "કુલડીમાં ગોળ ભાંગી–ભંગાવી" શકાય છે * એટલે "મૂળને ધક્કો લાગતો નથી." એ માત્ર વાહિયાત વાતો છે અણસમજથી ભરેલી છે. આ વાસ્તવિક રહસ્ય છે.

એવી સંસ્થાઓ મારફત ધાર્મિક સ્થાનોના વિવાદો ઉભા કરાવીને તેના સમાધાનો અને કે સલાઓમા સરકાર ત્રીજી પાર્ટી તરીકે–તેમાં માલિક તરીકે અને સત્તાધીશ તરીકે–ઘુસી શકે, તેવી ગોઠવણ કરી લીધી હોય છે. કેમકે–બન્નેય પક્ષો પોતપોતાના હેતુઓ સફળ કરવા માટે અરજીઓ જ એવી કરે, અને વકીલ. બેરીસ્ટરો અરજી જ એવી ઘડે, કે જેથી ઇચ્છાપૂર્વક બન્ને ય પક્ષોએ ત્રીજી પાર્ટીના ધર્મસ્થાનો ઉપર પણ અધિકારો કબુલ રાખેલા હોય તટસ્થ પંચ તરીકે સમાધાનો, કરારો કે સલા અપાયેલા નથી હોતા. આ વસ્તુ સૂક્ષ્મતાથી અભ્યાસ કરનારને બરાબર જણાઇ આવે તેમ છે જ. તે વખતના આપણા આગેવાનો એટલું સૂક્ષ્મ વિચારી શક્યા નથી. કેમકે–વિદેશીયોની ૧૦૦ વર્ષો બાદ ખુલતી કરવાની ગૂઢ યુક્તિઓની કલ્પના પણ કેમ કરી શકાય? એટલા જ માટે એ આગેવાનોને શ્રી સંઘમાં પ્રતિષ્ઠિત બનાવી રાખવામા આવતા હતા. કેમકે–સરકાર તેમની મારફત કામ લેતી હતી અને "તેઓ સરકારની સામે હિતો માટે બરાબર લડે છે" એવો દેખાવ પણ થવા દેવાતો હતો. જેથી શ્રી સંઘ તેઓ ઉપર અટલ વિશ્વાસુ બનતો હતો. પછી સરકારી તંત્ર અધકચરા નિર્ણયો એવા આપે, કે ન પૂરતો સંતોષ લઇ શકાય, ન પૂરતો અસંતોષ જાહેર કરી શકાય, અને ભવિષ્યમાં વધારે લડત ચલાવી સંતોષકારક નિર્ણય લેવાની આશામાં "મેરી બી ચૂપ અને તેરી બી ચૂપ" નભાવી લેવાની આવતી હોય છે.

વળી, નવા નવા પ્રસંગો ઉભા કરીને લડત ઉપડે ને મૂળથી જ બધો પૂરો સંતોષ લેવાની હીલચાલ ઉપાડાય, પરંતુ પરિણામે સરકાર પોતાના હેતુઓમા એક ડગલું આગળ વધી ગઇ હોય તે રીતે સમાધાન થાય. આમ વખતો વખત ઉપડની હિલચાલો સરકારને આશીર્વાદરૂપ બનતી ગઇ હોય છે. અને હવે તો એ સ્થિતિ ઘણી જ આગળ વધી રહી છે મુખ્ય આગેવાનો ભૂતકાળમાં મળેલા થોડા આલ લાભોથી

* એટલા જ માટે ભવિષ્યમાં સત્તાની ધારણા પ્રમાણેની શરતો કબુલ કરાવી શકાય, માટે ભૂતકાળની સરકારે એવી સંસ્થાઓ સ્થપાવીને તેને લોકપ્રિય અને વિશ્વાસપાત્ર બનાવી છે, કે તેની સાથે એકાંતમા ખાનગી વાત કરીને દસ્તાવેજો ઉપર સહી કરાવી શકાય અને શ્રી સંઘમાં બધું જાહેર કરવાની જરૂર ન પડે, ને સંપ વિશ્વાસમાં રહે.

દબાઇ રહી, યોગ્ય પ્રયત્ન કરી શકતા જ નથી હાનીના ફેરમાં આગળી ...ને પગેશ... કાગડાની છેવટે થઇ તેવી ભાવિદશા તરફ શ્રી સંઘ આગે ... જાય છે

છ આપણા ભાઇઓની ઈચ્છા ધાર્મિક હિતોને હાનિ પહોંચાડવાની હોતી નથી. એ તદ્દન ખરુ છે. પરંતુ, એ સંસ્થાઓ વગેરે સાધનો જ વિદેશીઓએ આપણને કારણ... ...ના હાથે ઊભા કરાવી લીધા છે, કે-તેને ટેકો એ જ ધાર્મિક હિતોને પહોંચાડે છે. તે સંસ્થાઓ જ આપણી સંસ્કૃતિને ઉખેડી નાખવાની તેઓની મિનશઓની ફંડી લશ્કરી ... છે. તેમાં જ આપણા બંધુઓ ભાગી થઇને સીધી રીતે નહીં, પરંતુ આડકતરી રીતે ધાર્મિક હિતોને હાનિ પહોંચાડે છે. આ એક એવો કોયડો ગોઠવાયો છે, કે-બહુ ઉંડાણથી સમજ્યા સિવાય સમજાય તેમ નથી,-કે-" આપણે પોતે જ આપણને બેસવાની ડાળ ભાંગી રહ્યા છીએ."

જ આ ઘાતક પ્રક્રિયા દરેક ધર્મો, સમાજો વગેરે સાથે જોડવામા આવેલી છે. પરંતુ સર્વના કેન્દ્રભૂત જૈનધર્મ સાથેનું તેનું જોડાણ અશક્ય છતા ખુબીથી શક્ય બનતું હોવાથી ખાસ જ ભયંકર ગણાય, ગણાવું જોઇએ. તેઓ જૈનધર્મમા થતા નવીન પરિવર્તનોથી મોથી વિશેષ ખુશી હોય છે. કેમકે-કેન્દ્ર ઉપરના ઘા વધારે ફાયદાકારક તેઓને જણાય, એ સ્વાભાવિક છે.

ઞ જો કે જૈનધર્મને નવીન પરંપરાની યોજનાઓ ધીમે ધીમે શાન્તિથી રચનાત્મક રીતે અને ઘણી જ ખૂબીથી લાગુ કરાય છે. સહાનુભૂતિપૂર્વક લાગુ પડાય છે. અજબ કુનેહપૂર્વક લાગુ પડાય છે. પૂર્વ પરંપરાથી રંગાયેલા પુરુષો જેમ જેમ પરલોકવાસી થતા જાય, તેમ તેમ એક પછી એક ગોઠવણો બહાર મૂકાતી જાય છે. તેમા સહકાર આપનારાઓને યુગવીર યુગબળ પીછાણનારા વગેરે વિશેષણોથી નવાજતા જવાય છે.

ટ "તીર્થંકર ભગવંતો વીતરાગ સર્વજ્ઞ ન હોતા. તેઓ માત્ર તેવખતના હિતકારી સાધુ-પુરુષો હતા. તેઓ પણ ચાર: કે બે: જ થયા છે. બાકી બધી કલ્પિત કથાઓ છે." એવા એવા પ્રચારોને વેગ આપણામાના તરફથી જ મળતો જાય છે. તેથી ત્યા તીર્થંકરોને નામે પણ મૂળભૂત રક્ષણ કરવાની નીતિ ઉપર ફટકો પડતો જાય છે. તથા એ આદર્શ ઉપરના શ્રી તીર્થંકરોના ચરિત્રો પણ લખાતા જાય છે. ત્યારે સામેથી આધુનિકતાપ્રિય આજના પુરુષોને એટલું બધું મોટું સ્થાન આપવામા આવે છે, કે જેથી પાછળનો ઇતિહાસ અને તેની ભવ્યતા ભાવિ પ્રજા ભૂલી જાય. માટે વર્તમાનયુગના પુરુષોને સીમા પુરુષો તરીકે પ્રતિષ્ઠિત કરવા-કરાવવામા આવે છે. આ બધાં અતિ સૂક્ષ્મ રહસ્યો છે.

અલબત્ત, જૈન-દર્શન સૂક્ષ્મ વિચારક હોવાથી તે આવા વિચારો કરવામા અને સમજવામાં સહાયક થઇ શકે છે, બીજાનું તો શક્તિ બહારનું આ કામ છે.

[૫] શ્રી સંઘમાં ગૂઢ રીતે પડી રહેલા જુદા જુદા વર્ગો:

ક શ્રી સંઘમાં નીચેના મુખ્ય વર્ગો પડે છે—

૧ લો વર્ગ:—આપણા શ્રી સંઘમાં આજે પણ મૂળ પરંપરાને જેમ ને તેમ વળગી રહી, તેના મૂળભૂત સ્થાયિ પ્રતીકો તરફ વફાદારી રાખી, ધર્મમા સહાયક એવા કુદરતી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવો અનુસાર વર્તવામાં અને બાધક દ્રવ્યક્ષેત્ર કાળભાવોને દૂર રાખવામા ધર્મનું રક્ષણ કરવામાં માનનારો એક ખાસ કેન્દ્ર જેવો મુખ્ય વર્ગ વિદ્યમાન છે. પરંતુ તેય ક્રમશ: ઓછો થતો જાય છે. ને તેવો મજબૂત નવો વર્ગ ઉત્પન્ન થતો નથી. એ જગતને, માનવ જાતને, ભારતની પ્રજાને, મોટામા મોટી હાનિ થતી જાય છે, ને તે મોટામાં મોટી કમનસીબી છે.

૨ જો વર્ગ:—આજે જે વિષમ સંજોગો બહારથી ગોઠવાતા જાય છે. તેમાથી માર્ગ મેળવવા માટે—

અ કેટલાક આત્માઓ વધારે ઉંચા પ્રકારના ધાર્મિક પ્રતીકોનું પાલન કરતા થાય છે. અને—

આ કેટલાક ચાલુ સ્થિતિમાં ઉંચા પ્રકારે પાલન કરવાનુ અશકય માનીને તેના કરતા કાંઇક ઉતરતા પ્રકારનું પાલન કરતા હોય છે.

એક પક્ષ વધારે ધાર્મિક શુદ્ધિની અને બીજો પક્ષ ચાલુ ધાર્મિક પ્રતિકોના પાલનની અશકયતાની કલ્પના કરીને બન્નેય જુદી જુદી દિશા તરફ દોરવાય છે. જૈનશાસનના જાહેર પ્રતિકોમાં પણ એ જાતના ફેરફારો બન્નેય ઇચ્છતા અને અમલમા મૂકતા હોય છે.

વાસ્તવમાં કુદરતી રીતે વર્તમાનકાળે પ્રાપ્ત જે મધ્યમ સ્થિતિ છે, તેનાથી અ અને આ બન્નેય ચ્યૂત થતા હોય છે. એક છાબડું બહુ ઊંચે જતું હોય છે ત્યારે એક વધારે નીચે જતું હોય છે. સમતુલા ન જળવાતા શ્રી સંઘમાં બુદ્ધિભેદ અને વિષમતા થાય છે. એક ઊંચા પ્રકારને લાંબો વખત અમલમા ટકાવી શકે તેમ હોતો નથી કેમ કે—ઉચો પ્રકાર આજે અશકય છેઃ ત્યારે બીજો વર્ગ નાહક ઉતરતી કક્ષામા ઉતરી પડવાનો દાખલો બેસાડે છે. એ રીતે બન્નેય શકય સ્થિતિને હરકત પહોંચાડવામાં મદદગાર થાય છે. જે કરવાની વિદેશીયોની પોલીસી છે. એક કહે છે, કે—"બે ઘડીમાં પ્રતિક્રમણ પુરું કરતાં શુદ્ધ. વિધિ મુદ્રાઓઃ રાગ અને ટબસર સૂત્રો બોલવા વગેરે સચવાતા નથી તેથી પ્રતિક્રમણ વધારે વખત લગાડીને પણ શુદ્ધ કરવું જોઇએ" બીજો કહે છે, કે—"આજે બે ઘડી જેટલો પણ વખત કાઢવાની ફૂરસદ કોને છે? માટે જેમ બને તેમ ટુંકામાં થોડીક જ મીનીટોમાં પતે તેવી ગોઠવણ શોધી કાઢવી જોઇએ." એક કહે છે, કે—"પ્રભુનુ જન્મકલ્યાણક શાસ્ત્રોક્ત વિધિપૂર્વક બરાબર ઉજવવુ જોઇએ" જ્યારે બીજો કહે છે, કે—"હવે ધર્મની વાત કોઇ સાંભળવાનું નથી. માટે તેને ધાર્મિકતા છોડીને રાષ્ટ્રીય આદર્શોથી ઉજવવું જોઇએ" ઇત્યાદિ.

ત્યારે પૂર્વાચાર્ય મહારાજાઓ જણાવે છે, કે—"જેમ બને તેમ શકય રીતે વિધિનો ખપ કરવો પરંતુ સારૂં પણ અશકય હોય તે રીતે પકડવું નહી. તેમજ શકય હોય તેટલી તો ઉપેક્ષા ન જ કરવી." આ વચલો આજનો માર્ગ છોડાવીને તેને ચુંથવામા વિદેશીયોને પોતાના હેતુઓની સફળતા દેખાય છે કેમ કે—ઉચી કક્ષા ટકવાની નથી છતા મધ્યમ કક્ષાને તોડવામા સહકારી બને છે. અને નીચી કક્ષાના દાખલાથી દિવસે દિવસે વધારે ને વધારે નીચે લઇ જવાના પ્રવાહને ટેકો મળે છે. એટલે પતન તરફ જવાનું સુલભ બને છે. એમ બન્નેય રીતે તેઓને લાભ મળે છે ને યુગાનુરૂપ બન્નેયની પ્રવૃત્તિઓ ગણાય છે

૩ જો વર્ગ:—એકદમ જમાનાને અનુસરતા ગણાતા સંજોગો સાથે બંધબેસતો થવા ધસમસતો હોય છે. તેમા દેખાતા ક્ષણિક લાભોને તે સારી એવી ઉન્નતિ માની લેતો હોય છે, કે જે વધારે અવનતિરૂપે પરિણમવાની છે. તેનો તેને ખ્યાલ રહેતો નથી.

૪ થા વર્ગ:—(બહારની દષ્ટિથી) બહારના દષ્ટિબિંદુઓથી તાત્કાલિક મોટા મોટા પરિવર્તનો કરી નાખવા ઇચ્છતો હોય છે. ત્રીજા વર્ગનો કેટલોક ભાગ તેની વધારે નજીકમાં અને સહાનુભૂતિમા હોય છે. તેથી કાંઇક પરંપરાગત અને વધારે ભાગ આધુનિક પ્રાગતિક. એમ ઉભયના મિશ્રણપૂર્વક ધર્મની આરાધના અને જૈન-શાસન તથા સંઘનું સંચાલન કરવામા માનતા હોય છે અને શક્ય તેટલુ પરિવર્તન એ દિશામા કરવાના આગ્રહવાળા હોય છે. આવી મૂળ વસ્તુના ખ્યાલથી પણ તેઓ ઘણે ઘણે દૂર નીકળી ગયા હોય છે. છતા "પોતે જગતને જ મદદ પહોંચાડે છે" એમ પ્રામાણિકપણે માનતા હોય છે. પરંતુ વસ્તુસ્થિતિ તેમ હોતી નથી

આજે શ્રી સંઘમાં ધર્મારાધનની પ્રવૃત્તિઓના સંચાલનો તથા શ્રી શાસન અને શ્રી સંઘના વહીવટી સંચાલનો મુખ્યપણે ત્રીજા વર્ગના હાથમા સવિશેષ છે. જે ચોથો વર્ગ ભવિષ્યમાં તમામને પોતાની તરફ ખેંચી જવા માટે તેના સહકારમા રહે છે. અને બીજો વર્ગ ચોથા વર્ગનો સહકાર મળવાથી ખુશી રહે છે. મોટા ભાગના વહીવટ કરનારાઓ ટ્રસ્ટી વગેરે આજે આ ત્રીજા વર્ગના છે હવેથી ચોથા વર્ગના તેમાં દાખલ થતા જાય છે. જેથી પાચમા વર્ગની ધારણાઓ જલ્દી સફળ થઇ શકે. આ જાતના સંક્રમણો ચાલી રહ્યા છે.

પાંચમો વર્ગ:—પ્રચારમા મૂકાયલા બહારના જ આદર્શોમા ધર્મને મળી જવામાં તેના જ ચોકઠામાં ધર્મને બંધબેસતો કરવામાં માનનારો વર્ગ વધતો જાય છે. જે જમાનાને અનુસરતા દરેક પ્રકારના પરિવર્તનમાં માને છે. હજી તો તે વર્ગની માત્ર ગૂઢ તૈયારી જ ચાલે છે. તેના અંકુરો ફૂટી ચૂક્યા છે. તે વર્ગ બહાર આવતો જાય છે.

"દરિદ્રનારાયણની પૂજા એ જ ભગવાનની પૂજા" "માનવતા ધર્મ એ જ સાચો ધર્મ." "આપણા હાથ જગન્નાથ" "માનવોને ભોગે બીજા પ્રાણીઓને બચાવી શકાય નહીં." "નવી પેઢી સારી ઉત્પન્ન કરવા માટે સંતાનોની સંખ્યા ન વધારતા ઉત્તમ બાળકો જ જન્મે તેવા પ્રયાસો કરવા જોઇએ." વગેરે વગેરે ઘણી બાબતો છે. તેથી "ભગવાનની પૂજા કરવામા વખત અને ખર્ચ કરવો નકામો છે." "ગરીબોના–ગરીબ માનવોના રક્ષણમાં ધર્મ છે. બીજી ધાર્મિક ક્રિયા કરવાની જરૂર નથી" "હાથથી મહેનત–મજુરી કરો, એ જ ભગવાન છે. તે જ રોટલો આપશે. બીજા કોઇ ભગવાન બગવાન નથી." "અણુવિકસિત પ્રજાની સંતતિ ઘટાડવી અને વિકસિત દેશોની પ્રજાની સંતતિ વધવા દેવી." એ પ્રમાણે ઉત્તમ આર્ય પ્રજાની સંતતિ ઘટાડી નાખી તેના વ્યક્તિત્વને અટકાવવા અને નષ્ટ કરવા તરફ ગતિ કરાવાતી જાય છે. જેથી વિકસિત દેશોના સંતાનોને ભવિષ્યમા સરળતાથી વસવાટ કરવા માટે પ્રદેશો મળી રહે." વગેરે વગેરે તત્ત્વો ગૂઢ રીતે ગોઠવાયેલા હોય છે. એવી હવા કોઇ ને કોઇ ભારતીય આગેવાન કરાયેલી વ્યક્તિઓ તરફથી પ્રથમ પ્રચારમાં મૂકાવાય છે અને આ વર્ગ તેને શીઘ્રતાથી અપનાવી લે છે. નાટક. સીનેમા: મનોરંજન વર્તમાન પત્રો. વગેરે આમા પ્રેરક હોય છે. ધર્મના પ્રચાર ખાતર ધાર્મિક કથાઓના અભિનયો ભજવવા માટેના સ્થાયી રંગમચ પણ ઉભા કરાતા હોય છે. આ વર્ગને માત્ર આડકતરો ટેકો જ આપવા પૂરતું કામ બહારનાઓએ કરવાનું હોય છે. તથા નવી નવી બહારની હવા વખતે વખતે આપીને જાહેરમા ફેલાવી જવાનુ હોય છે. પછી તો આ પાચમો વર્ગ તેના પ્રચાર માટે તૈયાર જ હોય છે. દેશની સમાજની ધર્મની ઉન્નતિ તેમા તેને દેખાડવામા આવી છે. જેમ જેમ આ પ્રતીકો બહાર આવી વેગ પકડતા જાય તેમ તેમ પરંપરાગત સારા પ્રતીકો અદૃશ્ય થતા જાય પરંતુ તે આ પાંચમો વર્ગ સમજી શકતો નથી.

આ રીતે પાચમો વર્ગ ચોથાને ઘડવામાં, ચોથો ત્રીજાને ઘડવામાં, ત્રીજો બીજાને ઘડવામા અને બીજો પહેલાને ઓચ્છા કરવામાં ઉપયોગી થતા હોય છે. ને એ રીતે નુકશાન થતું જાય છે. એટલે કે પહેલાથી ચોથા સુધીનાનું બળ ઓચ્છું કરવામાં પછી પછીના વર્ગો મદદગાર થતા હોય છે. અને શિક્ષણમાં તે તે જાતનાં તત્ત્વો ઉમેરાતા જતાં હોય છે. પ્રથમ પ્રથમ તે વધારે સાંસ્કૃતિક હોય છે અને પછી પછી તે વધારે પ્રાગતિક હોય છે.

આ આ જાતની ગોઠવણોથી આવનારા પલટાઓને બહારના અભ્યાસીઓ બરાબર જાણતા હોય છે. તે જાતની સહાયક સંસ્થાઓ અહીં અને ત્યાં એમ બન્નેય ઠેકાણે હોય છે, તે મારફત જાણી શકતા હોય છે. એટલું જ નહીં પરંતુ ગતિમાન તેના દરેક ચક્રો ઉપર મોટર ડ્રાઇવરની નજર જેમ સ્ટીઅરીંગ ઉપર દૃઢ રીતે સ્થિર હોય છે, તેમ તેઓની નજર બરાબર સ્થિર અને સાવચેતી ભરી હોય છે. તેથી

કેટલી યોજનાઓ બંધબેસતી થઈ, સ્થિર થતા થતામાં તો બીજી નવી યોજનાઓ ગતિમાં મૂકાવી દે છે. એમ એ ક્રમથી ઉત્તરોત્તર ભારતીયતા તોડાતી જવાતી હોય છે. ક્રોગઝમઃ અનોપમંડળ કે આગળ આગળના ક્રાંતિકારી તત્ત્વો બહાર આવે, અદશ્ય થાય પાછા બહાર આવે એમ લાંબે કાળે પચી જવા જેવા જાહેરમા રોજીંદા બનતા જાય આ જાતનો ઇતિહાસ પહેલેથી મળશે. એ જ રીતે તેઓ આજ સુધી કામ કરતા આવ્યા છે ક્રમે ક્રમે ભારતીય માનસને બંધબેસતી થાય તેવી રચનાનું ગૂઢ રીતે પ્રથમ ઘડતર કરીને સ્થાયી પરિવર્તનો કરાવી નાંખવાની અજબ ખૂબીઓ તેઓ વાપરતા હોય છે. જેને આપણા લોકો "સ્વાભાવિક રીતે થતા ફેરફાર" તરીકે ઓળખતા હોય છે. "કાળને લીધે ફેરફારો થતા હોય છે" એમ માનતા હોય છે. એમ મનાવવામા પણ તેઓની કુશળતા હોય છે. આના સરળ દાખલામાં–સ્ત્રીઓના વેશ–પહેરવેશ ને કામગીરીમાં થયેલા અજબ ફેરફારો મકાનોના બાંધકામમા થયેલા ફેરફારો મનોરંજનના પ્રકારોમાં રોજબરોજ થતાં જતાં ફેરફારો વાહન–વ્યવહારો શિક્ષણઃ વગેરેમાં થતા ક્રમિક ફેરફારો. ને બતાવી શકાય તેમ છે.

૬ આ સ્થિતિમાઃ—

પહેલા વર્ગ ઉપર એક તરફથી સત્તાતંત્ર તરફથીઃ દરેક ધાર્મિક બાબતોમાં મદદની લાલચઃ અને બીજી તરફથી અંકુશોને ધોરણે કેટલાક કાયદા લાગુ કરાતાઃ હોય છે. જેથી તેઓનીઃ અને ધર્મની ધાર્મિક સ્વતંત્રતાઃ જોખમમા મૂકાતા હોય છે તે વર્ગ ન છુટકે તાબે થાય છે. તે તાબેદારીનો વારસો પાછળના વર્ગોને મળે છે એક તરફથીઃ ચોથા કે પાચમા વર્ગના આક્રમણોથી બચવા–બચાવવા પહેલાં વર્ગને કાયદાઓની મર્યાદાઓ સ્વીકારવા લલચાવાતો હોય છે. ત્યારે બીજી તરફથી ચોથા ને પાંચમા વર્ગની એવા કાયદા કરવામા સહાનુભૂતિ લેવાતી હોય છે. બીજો ને ત્રીજો વર્ગ મૌન રહે છે. આ વિચિત્ર ખુબી જોવા જેવી છે. જેના પ્રતિકો તરીકે પબ્લીક ટ્રસ્ટ એકટ, કોઇપણ સ્વરૂપના પૂજા બિલનો કાયદો, ધાર્મિક મિલ્કતોના રક્ષણનો ખાસ કાયદો હિન્દુ કોડ બિલ વગેરે વગેરે ઘણાને ગણાવી શકાય તેમ છે. જો કે—તે કાયદા કરવામા જે નિમિત્તો આગળ કરવામાં આવતાં હોય છે, તે બધાં ખરા જ હોય છે, તેમજ તદન ખોટા જ હોય છે. એમ નથી હોતું, પરંતુ તેવા કાયદાને બદલે બીજી જાતની યોજનાઓ કરવા યોગ્ય હોય છે, તે ન કરતાં, જુદી જ જાતના કાયદા કરવામાં આવે છે. કેમ કે—ધાર્મિક સામાજિકઃ મળભૂત રક્ષક પ્રતીકોને ને સિદ્ધાંતોનો હલબલાવી ઢીલા કરી નાખવાનો ઉદ્દેશ હોય છે કાયદા તો પ્રાચીન કાળમા પણ હતા. પરંતુ તે ધાર્મિક સિદ્ધાતો અને પ્રતીકોને હરકત કરનારા નહોતા, ત્યારે આજે વ્યકિતઓની ભૂલોના રીપોર્ટો લઈ તેને આગળ કરી, સિદ્ધાંતો વગેરેને હરકત કરે તેવા કાયદા થતા હોય છે.

આ ઉપરાંત એક છઠ્ઠો વર્ગ પણ ગર્ભમા પોષાઇ રહ્યો છે, કે—જે એમ સમજાવવા પ્રયત્ન કરી રહ્યો હોય છે, કે—"જે આજના કેવળ ભૌતિકવાદી આદર્શો પ્રતીકો વગેરે છે, તે જ આત્મવાદી પ્રાચીન શાસ્ત્રકાર પુરુષોના આદર્શો અને પ્રતીકો છે, એમ કહીને બન્નેયનો આકાશ–પાતાળ જેટલો ભેદ છે, તે ભૂલાવી દેવા ઇચ્છે છે એ તેની અજબ ખૂબી છે. અર્થાત્–આજના મિશ્રણને પણ મટાડી દઇ છેવટે જે પરિણામ લાવવાનું છે, તેની જ પૂર્વભૂમિકા રચવામા તે વર્ગ તન્મય બનો જાય છે. પછી કોઇ વર્ગ જ જુદા રહેવા ન પામે. બધુ એકાકાર જ જણાય.

[૬] સર્વોપરિ સત્તાધારી ધર્મ: તેના ઉપર અને તેના મૂળમાં જ સચોટ આઘાતો:

ઉક્ત પ્રકારના પબ્લીક ટ્રસ્ટ એક્ટ આદિ કાયદાઓ કરી ગમે તે સજ્જન આજે પોતાની માલિકીના ધર્મદેવના [illegible] સુધી ન [illegible] તે રીતે પહોંચાડી દે છે. તેથી નીચે કહેલા [illegible]

૧૩ * પ્રજામાંથી દરેક ધર્મના ધર્મગુરુઓના પ્રતિનિધિઓના [illegible] નીચે એક [illegible] રાખવામા આવ્યું હોત, તો હજી કાંઈક [illegible] પરસ્પર [illegible] વિરુદ્ધ છે. રાજ્યતંત્રનું એ અંગ જ નથી તેથી [illegible] કોર્ટ "તેની [illegible] રાજાના [illegible], કામમા ન ખર્ચવાનું ઠરાવ્યું છે."

૧૪ બ્રીટીશોએ પોતાની હયાતી સુધી ધર્મમાં [illegible] ન કરવાની નીતિ ઉપર-ઉપરથી અને બહારથી કામચલાઉ રીતે જાળવી હતી પરંતુ [illegible] પોતાનું [illegible] [illegible] ફેંકતા ગયા, અને તેમના વિચારના દેશીઓના હાથમાં તે મુકતા ગયા. જેઓના માનસને શિક્ષણથી પહેલેથી જ ધર્મની સામેના વિરોધ પક્ષમાં [illegible] [illegible] જ તેઓ ધર્મની વાત આવતાં જ તેની સામે ધૃણાદૃષ્ટિથી જોતા હોય છે. અને તેને માટે કાંઈ કરવું પડે, તો તેઓ આગની જેમ સળગી ઉઠતા હોય છે.

૧૫ છેલ્લા હજાર વર્ષોમાં વિદેશીઓએ ઇરાદાપૂર્વક ભારતના [illegible] છિન્નભિન્ન કરવામાં ભાગ ભજવ્યો છે, તેથી ધર્મોને વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ થવામાં સહાનુભૂતિપૂર્વક સહાયક થઈ, દરેક વર્ષની મુદત રાખવી જોઈએ. તેમ ન કરતાં, છિન્નભિન્ન શિસ્તની સ્થિતિમાં જ આવા કાયદા વચ્ચે જ દાખલ કરવામાં આવ્યા, જે ધર્મક્ષેત્ર તરફની અસહાનુભૂતિ જ સૂચવે છે. ને તેવું આંતરિક [illegible] હાલના રાજ્યતંત્રનું ન હોત તો, આ જાતના કાયદા કરવાનો અવકાશ જ ન હતો. કેમકે-દરેક પોત પોતાના ધર્મો માટે રક્ષણ: પ્રચાર· શુદ્ધ વાતાવરણ: પ્રતિષ્ઠા· વગેરે ઇચ્છતા જ હોય છે. અને યથાશક્તિ કરતા પણ હોય છે. તેમા ઘણા આત્માઓ પોતાના હાર્દિક ભોગો પણ આપતા હોય છે. તો જ તે તે ધર્મો જગતમાં ટકીને અસ્તિત્વ ધરાવી રહ્યા છે. તેથી માત્ર કોઈ વિઘ્નસંતોષીઓ ધાર્મિક હિતોમાં ડખલ કરે, અને ધાર્મિક તથા સામાજિક બળોથી અંકુશમા ન આવે, ને છેવટે રાજ્ય પાસે બાહ્યબળોથી રક્ષણ કરવાની માંગણી કરવામા આવે, ત્યારે જ ધર્મસેવક રાજ્ય સેવા આપી શકે છે. શિવાય દરમ્યાનગિરી કરવાની જરૂર જ હોય નહીં. ત્યારે હાલના કાયદા સીધી જ દરમ્યાનગિરી કરે છે. ગંભીર ગેર સમજણ તો ત્યાં છે, કે ધાર્મિક ક્રિયા વિનાની બાબતોને તેઓ ધર્મ કે ધર્મના અંગ તરીકે માનતા જ નથી, એ જ મોટામા મોટી ન્યાયવિરુદ્ધની વસ્તુ છે પાંચેય અંગોમય ધર્મ છે. માત્ર એક જ અંગને ધર્મ માનવો અને બીજા ચાર અંગોને ધર્મ ન માનવો એ કેટલું અયોગ્ય છે?

દા૦ ત૦ "કોર્ટ" એટલે શું? મકાન? કાયદા? ન્યાયાધીશ? ઓફીસ? ન્યાયતંત્ર? તેને લગતું નાણા પ્રકરણ? કામ ચાલતા દિવસો? કોર્ટના કામકાજનો વખત? વાસ્તવિક રીતે-તે અને બીજા અનેકરૂપે કોર્ટ છે. "સવારે કોર્ટ બંધ હતી." ત્યાં મકાન: "કોર્ટે કેસ ન લીધો" ત્યાં લેવાનો કાયદો ન હોવાથી કોર્ટના કાયદે ન લીધો "કોર્ટ લંચ માટે ઉઠી" મુખ્યપણે ન્યાયાધીશ લંચ માટે ઉભા થયા: "આખી કોર્ટ હસી પડી." ત્યાં-કોર્ટના મકાનમા બેઠેલા હજારો માણસો. "કોર્ટમાંથી દંડની રકમ પાછી મળી." ત્યાં તેના નાણા ખાતામાથી પાછી મળી. "કોર્ટ આગળ કાંઈ ચાલી શક્યું નહીં." ત્યાં ન્યાયતંત્ર પાસે કાંઈ ચાલી શક્યું નહીં વગેરે જુદા જુદા સંબંધ અને અભિપ્રાયોથી "કોર્ટ" શબ્દ જુદા જુદા મુખ્ય અને લાક્ષણિક અર્થો ધરાવે છે. તે જ પ્રમાણે ધર્મની બાબતમા છે તે પ્રમાણે ધર્મના પાંચે ય અંગો પણ એક એક મુખ્ય અને બાકીના નામો ચાર ગૌણરૂપે હોય છે તેથી એક-બીજાના નામો એક-બીજાને લાગુ પડે છે એમ ૨૫ ભેદો થઈ જાય છે.

* જે અંગત વ્યક્તિનું ન હોય, તે પબ્લીકનું. એવો અર્થ કરીને, તેને સરકાર પોતાના હસ્તક કેમ લઈ શકે? તેને માટે પબ્લીક-જાહેર પ્રજા ગોઠવણ કરે પબ્લીક ઉપર માત્ર રાજ્યતંત્રને લગતી બાબતો સિવાય રાજ્યનો અધિકાર શી રીતે સ્થાપિત થાય છે? તો તો પછી અંગત પણ રાજ્યનું જ ગણવું રહ્યું? અને ધર્મક્ષેત્રમા ધર્મગુરુઓ પબ્લીકનું સાચવે. રાજ્ય શા માટે દરમ્યાનગિરી કરે?

૧૬. સત્તાને નાણા જોઇએ છે? માટે આવા કાયદા કરે છે? કે–ધર્મતંત્રમા સુવ્યવસ્થા સ્થાપવી છે. માટે આવા કાયદા કરે છે? એ બેમાંથી એકેય આશય આજના રાજ્યનો હોવાનો નિર્બાધ રીતે કોઇપણ રીતે પૂરવાર કરી શકાય તેમ નથી. પરંતુ "જુદા જુદા નિમિત્તો આગળ કરીને પ્રજાના સ્થાયિ ટકાવના પ્રાણભૂત ધર્મક્ષેત્રમાં પ્રવેશી, તેના ઉપર ધીમે ધીમે કબજો મેળવી, તેને છિન્નભિન્ન કરવાની વિદેશીયોની ઈચ્છા એક યા બીજા રૂપે અમલમાં આવી રહેલી છે, તેને ટેકો આપવો." એ મુખ્ય રહસ્ય છે. તે શિવાય વાસ્તવિક રીતે બીજુ કાંઇપણ સાબિત કરી શકાય તેમ નથી.

૧૭. જૈનધર્મના દેવદ્રવ્યાદિક ક્ષેત્રોઃ તેની વહીવટી ઝીણવટઃ વપરાશ–બિનવપરાશ વગેરેની એટલી ઝીણવટ છે, કે–ભલભલા વકીલોનાં મગજ તેમાં ચાલી શકે તેમ નથી. માત્ર નિષ્ણાત જૈન ધર્માચાર્ય શિવાય બીજા માટે તેમાં માર્ગદર્શન પામવું જ લગભગ અશક્ય જેવું છે. તેને સદંતર બાકાત જ રાખવાની જરૂર છતાં તેના ઉપર પણ નિયંત્રણ અને શિખોને બાદ રાખ્યા છે. જેના ધાર્મિક–નાણા–પ્રકરણમાં કશી ખાસ બહુ બારીકીઓ નથી. જ્યારે જૈનધર્મમાં સંખ્યાબંધ બારીકીઓ છે.

આવા આવા સેંકડો દોષો અને ધાર્મિક હિતોને નુકશાનો જેમાં સંકળાયેલા છે તે જાતના કાયદાથી ધર્મને કેટલી હાનિ થાય? તેનો વિચાર કરવામાં આવતો જ નથી. હજી તો શરુઆત છે અને કાયદાનો અમલ પણ આજે સરકાર તરફથી ઘણો ધીમો અને હજી ઉપરચોટીયો હળવે હાથે જ થાય છે. જ્યારે કલમવાર સંગીન રીતે અમલ થવા માંડશે, ત્યારે અસાધારણ ફટકા ધર્મક્ષેત્રને થશે. કદાચ તે વખતના ધાર્મિકોના ધ્યાનમાં તે આવશે નહીં. છતાં, ધર્મને થવાની હાનિ તો થયા વિના રહેશે જ નહીં. જેને પરિણામે તેઓનાં આર્થિક નૈતિક ધાર્મિક પવિત્ર જીવન વગેરે આજ કરતાંયે ઘણી જ કફોડી સ્થિતિમા મૂકાઈજ ગયા હશે. તેમાં શંકા જ નહીં.

૧૮. ધાર્મિક ખાતાઓના વહીવટદારો નીમવાની પરંપરાગત અને સુયોગ્ય રીત એવી છે, કે–અનુભવી જે ધાર્મિકો વહીવટ કરતા હોય, અને તેઓની સાથે જોડાઇ ભક્તિભાવથી જેઓ વહીવટમાં સહકાર આપતા હોય, નવા નવા અનુભવીઓમાથી પસંદ કરીને, નવા વહીવટ કરનારાઓ તેઓ તરફથી નીમવામા આવતા હોય છે. જેથી ઉત્તરોત્તર તે બાબતના અનુભવી વહીવટદારોના હાથમાં વહીવટ સમજપૂર્વક સલામત અને સંતોષકારક રહેતા આવે આ મૂળ પદ્ધતિ હવે વધારે વખત ચલાવવામાં ન આવવાથી વહીવટો ખર્ચાળ અને તુમારી પદ્ધતિના તથા કલાર્કોમય બની જવાના જ. જેથી તે એકઃ કે મ્યુનિસીપાલીટીઃ જેવો એક સરકારી વહીવટ બની જાય. જેથી ધામિર્ક આરાધનાના તત્ત્વો નજીવા જ રહેવા પામે. તેને પોષણ મળે જ નહીં. વહીવટ ખર્ચમાં જ આવકનો મોટો ભાગ ખર્ચાઇ જાય.

૧૯. ખૂબ સૂક્ષ્મતાથી ઉંડા ઉતરીને અભ્યાસ કરી જોતા કોઇનેય માલુમ પડે તેમ છે, કે—"ગોરીશોએ ધર્મપ્રધાન સંસ્કૃતિને નષ્ટ કરવાના ઉદ્દેશથી, હવે તેના આધારભૂત ધર્મને પણ છિન્નભિન્ન કરવા માટે ધર્મ સાથે અણબંધબેસતા પારિભાષિક શબ્દો ઉભા કર્યા છે. તેના આધાર ઉપર કાયદા રચ્યા છે. તેવી રીતે સરકારી તંત્રના દફતરોની અને ડીપાર્ટમેન્ટની રચના કરી છે. તેમજ માહિતીઓ અને હેવાલોના સંગ્રહ રાખેલા છે. એક જ વાતમાં લોકો સમ્મત થાય તો આખી મશીનરી ગેંચાઇને લાગુ પડી જાય, પાડી દેવાય. આ જાતની ખુબી ગોઠવી છે. જેનો બીનઅનુભવી સંચાલકો કાયદાશાસ્ત્રનો ઉપયોગ કરી કડક હાથે અમલ કરે હરીફ માનીને એક ગોરે અન્જાનતાં પોતાના નોકરાનું જ કાટલું કાઢી નાંખ્યુ હતું તેમ થઈ રહ્યુ છે

[૭] જૈનાચાર્યો વિષેની વિકૃત સમજઃ

૧ **શ્રી પાર્શ્વનાથ ચતુર્યામ** પુસ્તકમાં **બૌદ્ધભિક્ષુ** તરીકે ગણાતા **ધર્માનંદ કોશાંબીજીએ** જૈન સંપ વિષે કેટલુંક આગંતેમ વગર સમજ્યે ભરડ્યું છે. અને કેટલાક મહાન આચાર્યોની ગંભીર

ટીકાઓ કરી છે. ને આજના [illegible] પોતાનો [illegible] મુશ્કેલીની વાત જ ક્યાં છે, કે [illegible] ઐતિહાસિક મુદ્દાઓને લક્ષ્યમા રાખીને તેને [illegible] આગળ લાવી [illegible] કોના અજ્ઞાન વિષે જેટલો ખેદ કરીએ તેટલો [illegible] ઇતિહાસ લખ્યો છે. જ્યારે વાસ્તવિક રીતે તો [illegible] ઉપર ક્રમે મુખ્ય પુરુષો જ ઐતિહાસિક પુરુષો છે અને [illegible] તેના તે તે [illegible] વિદેશીયોએ રાજાઓને જ મુખ્ય તરીકે [illegible] રાજાઓના ઉતારી- કારી એવા પોતાની સર્વોપરિ [illegible] અને પ્રજાના ઘડતર કરનારા સંસ્કૃતિના ઉત્પાદક અને સંરક્ષકના [illegible] ગૌણ બનાવી રાખવામાં આવ્યા કેમ કે—એ ઉદ્દેશથી તેઓએ સ્વતંત્રપણે ઇતિહાસો [illegible] આધાર ઉપરના પાઠ્યપુસ્તકો નિશાળોમા ચાલે છે. એટલે લાખો-કરોડોના મનમા [illegible] જ છે.

ભારતના ઇતિહાસનો પાયો " ક્યા મહાપુરુષ પોતાના ત્યાગ-તપથી પ્રજાના સંસ્કાર ઘડનાર બનાવ્યા? અને તેમના વખતમા કયા કયા રાજાઓ હતા?" એ [illegible] છે. ત્યારે આધુનિક ઇતિહાસ-લેખકો રાજ્યતંત્રનો ઇતિહાસ મુખ્ય રાખે, અને " કયા કયા રાજાના વખતમા કયા કયા સંતો અને પવિત્ર પુરુષો હતા?" એમ કરીને તેઓના નામો અને કામોને ગૌણ સ્થાન આપે છે. આથી આર્ય પ્રજાની દૃષ્ટિ પોતાના દેશો મહાપુરુષો અને પરંપરાગત પ્રજા વિષે વિકૃત સ્વરૂપમા જ ઘડાતી જાય, પરિણામમા બન્યુ પણ તેમજ છે.

કૌશાંબીજીએ **શ્રી બપ્પભટ્ટીસૂરિ, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય: શ્રી વિજયહીર- સૂરિજી** વગેરે ઉપર આરોપ એવી મતલબના મૂકયા છે કે–" તેઓ તો માત્ર રાજાઓની ખુશામત કરતા હતા. ને પોતાની મહત્તા સ્થાપતા હતા ભારતના રાજાઓને એકસંપીમા લાવીને ભારતને પરદેશીયોના આક્રમણોથી બચાવી શકયા નહી ને હિંસાને રોકી શકયા નહીં" અને સાથે જ તેમણે એ વાતની ખુશી બતાવી છે, કે–" આજે કોગ્રેસ અને તેના નેતાઓના પ્રયાસથી આખું ભારત એક છત્ર નીચે વિદેશી યોની ધુંસરી વિના લગભગ હજાર વર્ષે આવી ગયુ છે. અને અહિંસાનો વિજય થયો છે "

પરંતુ તેઓશ્રીના આ બંનેય વિધાનો સદંતર વસ્તુસ્થિતિના અજ્ઞાન-મૂલક છે. અમારે આ બાબતમાં અહીં ચર્ચામાં ઉતરવું નથી. તેથી માત્ર સક્ષેપમા જ પરિસ્થિતિનો નિર્દેશ કરીને આ બાબત વિશે સત્ય જણાવી દઇશુ.

૩ ખરી વાત એ છે, કે—(૧) રાજ્યતંત્ર એ ધર્મનું અંગ છે. માટે રાજ્યતંત્ર પહેલેથી જ ધર્મ અને ધર્મગુરુઓની મર્યાદામા રહેતું આવેલુ છે.

(૨) એટલા જ માટે ધર્મના પ્રતિનિધિ તરીકે રાજા અને રાજ્ય ઉપર નિયંત્રણ રાખનાર પુરોહિત અને તેની સંસ્થાની પ્રાચીન રાજ્યનીતિમાં વ્યવસ્થા જોવા મળે છે. તેવા પુરોહિતોની ગોઠવણ ચાલી આવતી હતી. ને પુરોહિતોના નેતા ધર્મગુરુઓ રહેતા આવ્યા છે, આગળ આગળનું સાસ્કૃતિક હિત વિચારે તે પુરોહિત તે રાજાની દૃષ્ટિમા પૂજ્ય વ્યક્તિ હતી.

(૩) વખત જતાં રાજાઓના અંગત જીવનમા કેટલાક દોષો પ્રવેશતા ગયા. પ્રજામાં પણ કાળક્રમે નબળાઇઓ પ્રવેશતી ગઇ. જો કે રાજા પણ એક પ્રકારનો ઋષિ છે. એક ઇન્દ્રિયો ઉપર કાબુ રાખી સ્વકર્તવ્ય કરનાર જોખમદાર અને હિતકર વાલી છે. એમ આપણુને મહાભારત તથા શ્રી રાજપ્રશ્નીય ઉપાંગમાની પ્રદેશી રાજાની રમણીયતાની હકીકત વગેરે વાચતા જણાઈ આવે છે.

(૪) તેમ છતા, પ્રજાના લગભગ તમામ તત્ત્વોમાં એકંદર પ્રવેશેલા દોષો અને શિથિલતા પણ પોતાનું કામ કરતા જ હતા. પુરોહિતનું તેજ નબળું પડતું જતું હતું. આ સ્થિતિમાં–જૈનાચાર્યોએ નૈતિક અને આદર્શોનુ ઊંચું ધોરણ જેમ બને તેમ પોતાના પ્રભાવથી ટકાવી રાખી મહાઉપકાર કર્યો છે. છતા, તેને દોષરૂપ જણાવવામા દૃષ્ટિની વિકૃતિ અથવા અજ્ઞાન શિવાય બીજું કાંઇ નથી.

ઇતિહાસ ને તાત્કાલીન પરિસ્થિતિ· વગેરેના ઉંડા અભ્યાસથી આ વસ્તુસ્થિતિ બરાબર સમજાશે.

(૫) મુસલમાની રાજ્યકાળે પણ જે જે દેશી રાજાઓ પોતાનું ખમીર ટકાવી રહ્યા છે, તેની ઉંડી તપાસ કરવામા આવશે તો તેમાં પણ (૬) જૈન મંત્રીઓ, જૈન યતિ–મુનિઓ·, મહાજનના જૈન આગેવાનોઃ જૈન વેપારીઓ· વગેરે પ્રબળ તત્ત્વોની સલાહ· દોરવણી ધનની સહાયઃ મંત્રણાશક્તિઃ વગેરે હોવાના સ્પષ્ટ રીતે જણાઈ આવશે.

૪ (૧) બ્રીટીશોએ એ સઘળા તત્ત્વોને રાજાઓની આજુબાજુથી ધીમે ધીમે હઠાવી દીધા અને ભારતીયતાના બીનઅનુભવી જેવા બી એ. એલ. એલ. બી. વિગેરે ડીગ્રીધારી દિવાનો· અને અમલદારો મોકલી તથા બીજી રીતે ગોઠવતા જઇ પોતાના આદર્શો પોષવાના બીજારોપણ કર્યા. જેને પરિણામે એકે એકને અયોગ્ય ઠરી, ઇચ્છાએ કે અનિચ્છાએ દરેકે દરેક દેશી રાજાઓને સદંતર ઉઠી જવું પડ્યું. તે તો ઠીક. પરંતુ ઋષિમુનિપ્રણીત ભારતની સર્વોપરિ પરંપરાગત રાજ્યનીતિ પણ તેની સાથે ઉઠી ગઇ. ધર્મગુરુ મહાજનનું અને સ્થાનિક મહાજનનું બળ હઠાવવા દેશનેતાઓઃ અને કોંગ્રેસ સંસ્થાને તેઓએ તટસ્થ રહીને ઉત્પન્ન કર્યા. ને તેઓએ જ તેને આડકતરો વેગ આપ્યો. જેથી તેઓના આદર્શો જ મુખ્ય કર્તવ્ય તરીકે આજે બની ગયા છે. તેથી આજે **એકછત્રીય વ્યાપક સ્વરાજ્ય** સિદ્ધ થયું છે.

(૨) તે પણ શ્રી **કૌશાંબીજીના** મન ઉપર થયેલી તાત્કાલીન અસરનું પરિણામ છે. વાસ્તવિક રીતે "બ્રીટીશોની સ્ટીલ ફ્રેમ જ એક છત્રરૂપ ગોઠવાઇ ગઇ છે. અને પાર્લામેન્ટે કાયદો કરીને સ્વરાજ્ય આપ્યું છે. તેથી તેનુ સાર્વભૌમત્વ ગયું નથી. આ હેગની અદાલતના તાજેતરના ચુકાદા પછીના પોર્ટુગલના વિદેશપ્રધાન મી. નિગોરાના નિવેદનથી સ્પષ્ટ થાય છે. અલબત્ત આ રહસ્યનો પૂરો સ્ફોટ હજી નજીકના ભવિષ્યમા ગોરી પ્રજા કરવાની નથી.

"આપણે તદ્દન સ્વતંત્ર થયા છીએ" એવો જ ભાસ ભારતની પ્રજાના મનમાં રહેવા દેવાનો તેઓનો ઇરાદો છે. કેમકે યોજનાઓ અમલી બનાવી લેવાનો તબક્કો હજી પસાર થાય છે. તે પછી સ્ફોટ કરી શકાય. માટે તે જાતના દસ્તાવેજ પૂરાવા ઉભા કરવામા હેગનો ચૂકાદો તેઓને ઉપયોગી છે. કોમનવેલ્થ સંસ્થામા ભારત યુ. એન ઓ. નું સભ્ય ભારતઃ તે દ્વારા આટલાંટિક ચાર્ટર અને તેની મૂળ ઉત્પાદક બ્રીટીશ પાર્લામેન્ટ વગેરેનો તથા પરંપરાએ ઇ. સ. ૧૪૯૨ ના બુલનો વિચાર કરી જોતાં, ભારત–ભારતની પ્રજા વિદેશીયોનુ આર્થિકઃ સામાજિક, ધાર્મિક, રાજ્યકીય, બૌદ્ધિક વગેરે રીતે પ્રથમ કરતા વધારે ગુલામ થયેલ છે

(૩) સ્ટીલ ફ્રેમનું તંત્ર સ્વરાજ્યને નામે આપવાની પૂર્વ તૈયારી રૂપે જ પાર્લામેન્ટે સ્થપાવેલી કોંગ્રેસ સંસ્થાદ્વારા સ્વરાજ્યની માગણી પ્રજા પાસે કરાવવામા આવી હતી. અને એવી માંગણી કરનાર નેતાઓ તેઓને પ્રજાનો સાથ મેળવી આપવા ભલે જેલમા લઇ જવાનો દેખાવ કરવામાં આવતો હતો, પરંતુ છેવટે તેમના જ હાથમા પોતાના ભાવિ હિતોનુ તંત્ર સોંપીને જવાની ગુપ્ત પૂર્વ તૈયારી તેઓએ કરી રાખી હતી, તે પ્રમાણે બધું કરીને ચાલ્યા ગયા જેથી, શ્રી શ્યામપ્રસાદ મુકરજીના કહ્યા પ્રમાણે "હવે બહારની પ્રજાઓ માટે ભારત સ્વર્ગ બનતું જાય છે, અને દેશીયો માટે ભારત કારાગૃહ બનતુ જાય છે."

(૪) આથી સ્વરાજ્ય આપ્યા પછી તેની માગણી કરનારા અને [illegible] સ્વરાજ માગવાની ટેવ-

ચાલ ઉપાડી પ્રજા પાસે તેની માંગણી કરાવનારાઓની વિદેશીઓને અન ગારે ગણના હતી. અને તે આજ સ્વરાજ્ય આપ્યા પછી ભૂતકાળના. અને નવા નેતાઓ તરફ તેઓ પૂરા સન્માનની નજરે છે

(૫) આ પરિવર્તનમાં હિંસામૂલક-અહિંસા શબ્દનો પ્રચાર કરી પ્રજાને કેવી અંધારામાં રાખવામાં આવી છે? તે તો આ ભૂમિકાનો હિંસા અહિંસાનો વિભાગ જાણનારાઓ બરાબર સમજશે

(૬) શ્રી કૌશાંબીજી થોડાક દીર્ઘાયુષી રહ્યા હોત તો તેમની નિષ્પક્ષ બુદ્ધિ જ્યારે આ સત્ય જાણી શકત, કે-" કદી ન બનેલી એવી રીતે ભારતની પ્રજા આજે શાંતિ માણી રહી છે." આજના યંત્ર અને વૈજ્ઞાનિક સાધનોથી ભારતની પ્રજાની શાન્તિ ભયકારી બનશે તેમાં શંકા નથી. પરંતુ તે યંત્ર પરાશ્રિતતાનું પ્રતીક હોવાથી, રાજી થવા જેવી ન જ ગણાય.

૫ આજની અપેક્ષાએ મહાવિચક્ષણ જૈનાચાર્યોએ ભારતની પ્રજાના સત્ય સંસ્કૃતિ સાથી અહિંસા વગેરેનું ખૂબ રક્ષણ કરેલું છે. જ્યારે ઊંડા ઉતરીને જોતાં આજે લગભગ મહત્તર તે બધું આપણે ગુમાવી બેઠા છીએ ને તે મહાત્માઓના પ્રતાપે થોડું આપણને વારસામાં મળ્યું છે, તે રહ્યું સહ્યું પણ ગુમાવરાવવાના પ્રયત્નોથી ગુમાવવાની તૈયારીમા છીએ. કારણ કે આજની આખી મશીનરીના ચક્રો ઉલટી ગતિથી જ ચાલે છે. તેનો ઘણા વિચારકો જાહેરમાં બળાપો પણ કરતા હોય, તેમ જાણી શકાય છે.

શ્રી કૌશાંબીજી સોવીયેટ નીતિઃ તથા વિશ્વશાન્તિની આજની નીતિ થી પ્રભાવિત થયેલા જણાઇ આવે છે. તેમાં પણ ખાસ કાંઇ તથ્યતા નથી. કેમકે તે પણ કૃત્રિમ અને એકપક્ષીય છે. **શ્રી પાર્શ્વનાથના** ચાર યામને પણ તેઓ વિકૃત અર્થમાં સમજ્યા હોવાનું સ્પષ્ટ રીતે જણાઇ આવે છે.

[૮] આજનું મોટામાં મોટું કર્તવ્યઃ

જુદી જુદી વિચારસરણીઓથી વિચાર સ્વાતંત્ર્યને આજે વેગ મળવાનું માનીને ભલે કેટલાક અદીર્ઘ-વિચારી બંધુઓ ખુશ થતા હોય, પરંતુ જુદા જુદા વર્ગો પડી જવાથી શ્રી સંઘ કુસંપનો અખાડો બની જાય, એ જેવું તેવુ નુકશાન માની શકાય તેમ નથી.

આ પરિસ્થિતિ ભૂતકાળના કોઇપણ વખત કરતા વધારે જાગ્રત ભાવે વધારે કર્તવ્યનિષ્ઠા વધુ આત્મભોગઃ શાસન ખાતર વધુ સમર્પણની તૈયારી. વગેરે માંગી લે છે. જૈનધર્મના પૂર્વાચાર્યોએ રોપેલા મૂળભૂત પ્રતીકોનો ઊંડાણથી અભ્યાસ તેના રક્ષણની હાર્દિક અને સમજપૂર્વક પરિણામજનક તત્પરતાઓ મહા જૈન-શાસનના પરંપરાગત સાચા હિતો સમજવાઃ તેમાં વ્યામોહ ન થાયઃ શાસનને પરિણામે હાનિકર બાબતો શાસનપ્રભાવનાની ન ગણાઇ જાય, તેની સાવચેતી જૈનધર્મની રક્ષામાં સર્વ ધર્મોની રક્ષા સમાયેલી છે વગેરે સમજઃ વગેરેની પૂરતી આવશ્યકતા છે. ધર્મારાધન કરતાં પણ શાસનરક્ષા વધારે મહત્વની છે.

સમ્યક્ત્વ ગુણને લાવનાર સ્થિર કરનારઃ સતેજ કરનાર તે છે. દર્શનભ્રષ્ટને ધર્મની પ્રાપ્તિ થતાં વાર લાગે છે, ત્યારે દર્શનમા દૃઢ ભલે કદાચ પાપોદયે ચારિત્રથી ભ્રષ્ટ થાય, તો પણ જલદી આરાધના પ્રાપ્ત કરી શકે છે. કદાચ બહારથી આરાધના ચાલુ હોય અને બીજી રીતે શાસનના પ્રતીકો છિન્નભિન્ન થતા જતા હોય, ને તેમાં સાથ અપાતો હોય તો તેના પરિણામો આવે, ત્યારે એકાએક આરાધના અટકી પડવાના પ્રસંગો આવી જાય. કદાચ આરાધના ચાલુ રહે, છતાં, એ સ્થિતિમાં તેના મૂળ અંદર ઉતરતા નથી. આ શાસ્ત્રસિદ્ધઃ અનુભવસિદ્ધઃ અને સદ્બુદ્ધિ ગમ્યઃ હકીકત છે. છેલ્લા ૫૦ (પચાસ) વર્ષોમાં મોટા પાયા ઉપર થતી આરાધનાઓ વધતી જતી જોઇ આપણને આનંદના ઉમળકા આવે, એ

સ્વાભાવિક છે. કેમકે-તે જ ધર્મના ટકાવનો પ્રાણ છે. પરંતુ પાછલે બારણેથી *આગમો: ધર્મગુરુઓ: ધર્મસ્થાનો: પરંપરાગત રક્ષક પ્રતીકો: સાતક્ષેત્રો: વગેરે મૂળભૂત બાબતોમાં આડકતરા આક્રમણો આવતા જાય છે, નવા આવવાની પૂર્વ તૈયારી થતી જોવાય છે. ને ભાવિમાં નજર નંખાય છે, ત્યારે મન ચિંતાથી ઘેરાઇ જાય, એ સ્વાભાવિક છે.

॥ श्री श्रमणसंघस्य शांतिर्भवतु ॥

૮ અનન્યતમ શ્રી દ્વાદશાંગી પરમ મહાશાસ્ત્ર:

[૧] અપૂર્વ મહત્તા

૧ સદ્‌ભૂત ગહન તાત્ત્વિક અર્થોથી ભરપૂર શ્રી દ્વાદશાગી અનન્યતમ મહાશાસ્ત્ર છે. આ જગત્‌માં તેની એક વખત ચોક્કસ વિદ્યમાનતાના ઘણા સચોટ પૂરાવા અને પ્રમાણો મળે જ છે. છતાં હાલમાં તે શાસ્ત્ર પૂરેપૂરાં વિદ્યમાન નથી.

૨ દ્વાદશાંગીનું સામાન્ય સ્વરૂપ:

अ તે ખુદ વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્માના શ્રીમુખે ઉપદેશાયેલ છે.

आ પ્રભુમુખે સાક્ષાત્ સાભળવા ઉપરથી શ્રી ગણધર ભગવંતોએ તેની રચના કરેલી છે. માટે તે શ્રુતજ્ઞાન પણ કહેવાય છે.

इ તે અતિ વિશાળ બાર ભાગોમાં-બાર અંગોમાં રચાયેલ છે. માટે દ્વાદશાગી કહેવાય છે.

ई તેની રચનાપદ્ધતિ જગતના બીજા કોઇપણ ગ્રંથ કરતા અત્યદ્‌ભુત અને અતિવિલક્ષણ છે. જેની રચનાની પદ્ધતિ સમજાવવા માટે શ્રી અનુયોગદ્વાર જેવો સ્વતંત્ર સૂત્રગ્રંથ છે.

उ તેમા ઘણા ઘણા પદાર્થો: વિષયો: અને અનુયોગો: ની વિશિષ્ટકોટિની સ્પષ્ટતા છે. તે અનંત જ્ઞેયપદાર્થોની અગાધ ખાણ છે. આપણી તો કલ્પનામાંયે ન આવી શકે તેવો વિસ્તૃત છતાં, ઘણો જ સંક્ષેપ ધરાવે છે.

ऊ આ ગહન શાસ્ત્ર કોઇ ત્યાગી: તપસ્વી સંયમી: મહામુનિવરો: જ ભણી શકે તેમ હોય છે. જીંદગીભરનાયે પરિશ્રમથી કદાચ કોઇ કોઈ મહાનુભાવો યાદ રાખી શકે છે. યાદ રાખીને તદનુસાર યથાશક્તિ વર્તન કરી શકે છે બીજાનું ગજુ નથી હોતું.

ऋ તે મોક્ષનગરમાં પ્રવેશ કરવાના મુખ્યમાં મુખ્ય દ્વાર સમાન છે. અધિગમ સમ્યગ્દર્શનનું યે મહત્ત્વનું કારણ છે.

ॠ તેના પરિણત જ્ઞાનનુ ફળ મતો અને ઉંચા પ્રકારના ચારિત્રમય જીવનરૂપે આવ્યા વિના રહેતું નથી. તે પ્રકારના ફળો પ્રાપ્ત થાય, તેવી અનુપમ પ્રભાવકતા તેના શ્રવણની છે.

ऌ સંગીત: વ્યાયામ અને યોગસાધના ના શાસ્ત્રોની માફક તે મુખ્યપણે **વર્તન શાસ્ત્ર** છે. મન-વચન અને કાયાની સુપ્રવૃત્તિની તાલીમનુ શાસ્ત્ર છે ચારિત્રશાસ્ત્ર છે. ઇતિહાસ. કે કાવ્ય ની

---

* આ જેસલમેરના જૈન સંઘના જ્ઞાનભંડારો વિષે "આમ વ્યવસ્થા કરવી અને તેમ વ્યવસ્થા કરવી" વગેરે ગોઠવણો કરવાનો અધિકાર રાજસ્થાન સરકારને શી રીતે પ્રાપ્ત થાય છે? તેમની યોગ્ય વાત વિચાર કરતા યોગ્ય લાગે તો જૈન સંઘ યોગ્ય જણાય તો પોતાની રીતે તે પ્રમાણે વર્તુ કરે. એ જુદી વાત છે અને રાજસ્થાન સરકારનો તેના ઉપર અધિકાર હોય અને તે મુજબ વર્તવો એ જુદી વાત છે આ આપણા ધર્મસ્થાનોના ભાવિ [illegible] મોટો ભય જ મહત્ત્વનો અને મુદ્દાનો પ્રશ્ન છે

ગ્રંથો ઉંચા ઉંચા અભ્યાસક્રમોમાં હોય છે [illegible] કરવી પડે નત ? વગેરે કરવા પડે છે ?

૩ ખાસ મહાત્માઓનો જ તેના ઉપર અધિકાર છે, ને તેઓનો જ તેના ઉપર અધિકાર હોવો જોઇએ. બીજાનો નહીં. તેઓનું જ તેના ઉપયોગ ઉપર નિયંત્રણ ચાલ્યું આવે છે, અને હોવું જ જોઇએ, ને સદા ચાલુ રહેવું જોઇએ. તેની રક્ષા અને સદુપયોગ કરવાનો ભાર પણ તેઓની જ ઉપર છે. [illegible] વત્સલ ખુદ મહાપુરુષોએ તેઓને જ તે સોંપેલ છે. તેનો સર્વ [illegible]નો ભાર તેઓની ઉપર જ તેઓએ મૂકેલો છે.

૪ બીજાઓને માટે તો માત્ર તે પૂજનીય વંદનીય સત્કારણીય છે ઉપદેશ શ્રવણીય અને યથાશક્તિ તદુક્ત આચરણીય છે તેના દરેક પ્રકારના રક્ષણ કરવાના મહાત્માઓના પ્રયત્નોમાં સર્વ પ્રકારનો હાર્દિક સહકાર અને સહયોગ બીજાઓએ-દરેક માનવોએ [illegible] આપવાનો હોય છે. પ્રાણાર્પણાદિ સર્વસ્વ સુધી પણ તેના રક્ષણને માટે ભોગ આપવાની સૌના ઉપર ફરજ છે.

૫ શ્રી તીર્થંકર સ્થાપિત શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘના રક્ષણ વહીવટ, સાર-સંભાળ સંચાલન નીચે જ તે રહેવા જોઇએ કેમકે—શ્રી તીર્થંકરપ્રભુસ્થાપિત મહાશાસન સંસ્થાની તે પરંપરાગત અનન્ય મિલ્કત છે જ્યારથી તેની ઉત્પત્તિ થઈ છે, ત્યારથી તે જૈનશાસનની મિલ્કત છે, માટે તેના સંચાલક શ્રી સંઘના સર્વાધિકારમાં જ તેનું સર્વ પ્રકારનું વહીવટી સંચાલન પણ હોય, ને રહેવું જોઇએ. આ સ્વભાવિક છે.

૬ આજ કારણે તે શાસ્ત્ર સાથે સંબંધ ધરાવતું જે કાંઈ કોઈની પાસે પાસે જગતમાં જ્યાં કોઈ પણ ઠેકાણે હોય, તો તે ન્યાયસર તો જૈનશાસનની જ અનન્ય મિલ્કત છે, માટે તે તેને જ સોંપાવું જોઇએ એ જ ન્યાય્ય છે. બીજાનો તેમાં અધિકાર નથી, ને હોઇ શકેય નહીં. એ સમજી શકાય તેવી સીધી અને સર્વગ્રાહ્ય બાબત છે. બીજાને તેમાં દરમ્યાનગિરી કરવાનોયે અધિકાર નથી હોતો. જેમ ભૂલાઇ ગયેલી, ચોરાઈ ગયેલી, ખોવાઇ ગયેલી, કોઇનીયે કોઈ પણ ચીજ-વસ્તુ. કોઇનેય પણ મળે, કે કોઈના પણ હવાલામાં ગઈ હોય, કે વેચાણથી લેવાયેલી હોય, તો પણ તે જેમ મૂળ માલિકની જ છે, તેની જ ગણાય છે, તેને જ છેવટે ન્યાયને ધોરણે સોંપાય છે, ને સોંપાઇ જવી જોઇએ. તે જ પ્રમાણે શ્રી આગમો અને તદનુસારિ શ્રુતજ્ઞાનના શાસ્ત્ર પુસ્તકો શ્રી સંઘને જ સોંપાઇ જવા જોઇએ. ભલે, બીજાએ મૂલ્ય આપીને તે ખરીદેલું હોય, પરંતુ બીજાઓએ ખરીદવા લાયકની તે વસ્તુ જ નથી. તેથી બીજાની માલિકી નિષ્ફળ ગણાવી જોઇએ. કદાચ તે રીતે તેનું રક્ષણ કરવાનું મહેનતાણું માગે, તે સન્માન બુદ્ધિથી આપવું ઠીક છે. આ રીતે જોતાં, શ્રી આગમો વગેરે ગમે ત્યાં હોય, પરંતુ, શ્રી જૈન સંઘના સંચાલન નીચેની શ્રી જૈનશાસનની અનન્ય માલિકીની જ મિલ્કત ગણાય. એ પ્રમાણે સર્વ ધર્મોના પવિત્ર ધર્મશાસ્ત્રો વિષે પણ સમજવું જોઇએ. ન્યાય સર્વત્ર સમાન જ રીતે લાગુ પડે. આ શિવાય જે કાંઇ ચાલતું હોય તે સર્વ ન્યાયઃ અને પ્રામાણિક વ્યવહારથી વિરુદ્ધ ચાલે છે. એમ સ્પષ્ટ રીતે સમજવું જોઇએ

૭ આ ઊપરથી એ પણ સમજવાનું સહેલું થઇ પડશે કે શ્રી આગમો ગુરુ-આજ્ઞા શિવાય વાચવા ભણવા તે પણ એક જાતની ચોરીમાં જ ગણાય, તો પછી ગુરુઆજ્ઞા વિના તેને કબજે પણ કેમ રાખી શકાય? સ્થાનકવાસી તેરાપંથીઃ સંપ્રદાયો કે જે પરંપરાગત ગુરુઆજ્ઞા વિના જુદા પડ્યા છે, જુદા પડીને જેઓએ પરંપરાગત શ્રી શાસનમાં ભેદઃ અને પરંપરાગત શ્રી સંઘમાં ભેદ ઉત્પન્ન કર્યા છે, અથવા જેણે જેણે તેમ કરેલું હોય, તથા પરંપરાગત ગુરુઆજ્ઞા વિના આગમોની પ્રતો વેચાણથી કે લખાવી લઇને મેળવી હોય, તો તે સર્વ એક પ્રકારની શ્રુતની આશાતના જ ગણાય, અને શ્રુતજ્ઞાનનું

સ્તૈન્ય ગણાય તો પછી " આટલા જ આગમો માનવા આ પ્રમાણે અર્થ ન કરવો " વગેરે બોલવાનો અધિકાર કેવી રીતે પ્રાપ્ત થાય ? ન જ થાય. એ ન્યાયસરની વસ્તુસ્થિતિ છે. સુવિહિત ગીતાર્થ પૂર્વાચાર્યોએ માન્ય કરેલા આગમો અને તદનુસારી શાસ્ત્રોને માન્ય રાખનાર સાથે તેમને માન્ય આગમોમાથી પ્રમાણ આપીને વાત કરવામાં પણ ૩૨-૩૩ શિવાયના શાસ્ત્રગ્રંથોનું અપમાન કરવા બરાબર થાય છે. તેથી પાછળથી નીકળેલા સંપ્રદાયોની અસ્ત-વ્યસ્ત માન્યતાઓની ચર્ચા પણ શાસનની અપ્રતિષ્ઠાકર થાય. તે જવાબદાર પૂજ્ય પુરુષો માટેય સમજવી જોઇએ.

" પરંપરાગત પુરુષો દુરુપયોગ કરતા હતા. માટે સદુપયોગને માટે અમોએ તે હાથમાં લઇને ઉત્કૃષ્ટ સાધુપણું પાળવાના પ્રયાસો કરીને શ્રી આગમો તરફ અમે વધારે ભક્તિ બતાવી છે " આ બચાવ પણ પ્રામાણિક ન ગણાય, કેમકે પરમાત્માનું શાસન હજી વિચ્છેદ પામ્યું નથી, ચાલુ છે. આથી કોઇપણ સુવિહિત શુદ્ધ પ્રરૂપક સતચારિત્રી મહાત્મા પરંપરાગત હોય જ. તેમની આજ્ઞા મેળવી હોત, તો પણ કાંઇક બચાવ રહી શકત. પરંતુ આજ્ઞા વિનાના ગમે તેટલા ઉત્કૃષ્ટ ચારિત્રની કે ચારિત્રપાત્રની જૈનશાસનમા કિંમત ગણાતી નથી. તેને પણ એક જાતની શાસનની આશાતના ગણવામાં આવેલી છે. છે. અને ત્યા ભૌતગુરુને હણનાર ભિલ્લરાજાની ગુરુને પગ ન લાગવા દેવાની સાવચેતીનું દૃષ્ટાંત અપાયેલુ છે પરંતુ આ વિચાર જૈનશાસનના ન્યાયને અનુસરીને તેની વફાદારીપૂર્વક વિચાર કરે, તેને સમજાય તેમ છે. બીજાને રહસ્ય સમજાય તેમ તથી મૂળ પરંપરામા રહીને ઉત્કૃષ્ટ ચારિત્ર પાળવામાં કશોયે નિષેધ નથી હોતો. આજ્ઞાનુસાર વર્તન રાખીને ઉત્કૃષ્ટ ચારિત્રપાત્ર જીવો તો જૈનશાસનમાં આદરપાત્ર ગણાય છે. જૈનશાસનના શણગારરૂપ-શોભારૂપ ગણાય છે જુદા પડીને ખાસ કાંઇ વિશેષતા કરી શકાતી નથી. થોડો વખત ચમક દેખાડાય છે, પરંતુ વધારે વખત એ સ્થિતિ ટકતી નથી. ને પછી તો અરાજકતા ફેલાય છે કેમકે નિરંકુશતા વધે છે.

૮ અહિં એક પ્રશ્ન એ વિચારવો જોઇએ, કે-" ગમે તે વ્યક્તિ લહીઆઓ તથા બીજા ગૃહસ્થો. વગેરેના ઘરમા શ્રી જૈન આગમો વગેરેના પુસ્તકો હોય, અને તેઓ તેને વેચતા હોય, તો પૂરી કિંમત આપીને ખરીદ્યા પછી કે તેની નકલ કરાવી લીધા પછી પોતાની માલિકીના થયેલા શાસ્ત્રગ્રંથો વાંચવામાં શો દોષ ? વળી સરકારી સંસ્થાઓ. યુરોપ-અમેરિકાની સરકારી સંસ્થાઓમા જે પુસ્તકો ગયા છે. તે તેઓની માલિકીના જ ગણાય છે ને ? "

એ વિદેશીય લોકોનો દાખલો લેવો વ્યાજબી નથી. કેમકે તેઓ તો આખી દુનિયાના જમીનઃ જલ આકાશ. ખનીજો માનવો વગેરે પ્રાણીઓ જંગલો પહાડો વગેરે જે કાંઇ છે, તે સર્વ પોતાની માલિકીના જ ગર્ભિત રીતે માની બેઠા છે. ૪૫૦ વર્ષોથી તેઓએ આ નિર્ણય લીધેલો છે. એટલે તેઓની વાત પ્રામાણિક અને ન્યાયસર ન હોવાથી તેઓના દાખલા આપવા ન્યાયી લોકોને માટે યોગ્ય નથી

તેમ છતા વેચાણની કિંમત તરીકે નહી, પરંતુ ભેટ કરવાની દૃષ્ટિથી કાંઇક આપીને તે વસ્તુઓને આપણે શ્રી સંઘ અને શાસનના હવાલામાં લાવીને રાખવી જોઇએ. યુરોપ અમેરિકા તથા ચીન તિબેટ સિલોન વગેરે જે જે દેશોમા જેની જેની પાસે [illegible] દાક્ષિણ્યને અનુસરતું કાંઇપણ પૂર્વાચાર્ય વિરચિત સાહિત્ય હોય તે તમામ મેળવી લેવું જોઇએ છેવટે તેની નકલો કરાવીને પણ મેળવી લેવુ જોઇએ. સ્તવનો સ્તુતિઓ અને સજ્ઝાયો તેવું ભાષાસાહિત્ય પણ શ્રી આગમના જ એક જાતના અર્થો અને રહસ્યરૂપ સાધનો હોય છે માટે તે પણ મેળવી લેવામાં સંકોચ ન કરવો જોઇએ

૧૦ શ્રી આગમો અને આગમાનુસારી સાહિત્યનું સંશોધન તેના ઉપર ટીકા ટીપ્પણ વિવેચન ભાષાંતરો અપેક્ષાએ સંક્ષેપ કે વિસ્તાર વગેરે સર્વ કાર્ય મા કરવું મહાત્માઓની આજ્ઞા નીચે જ [illegible] સંઘની મર્યાદામાં જ રાખવા જોઇએ આ સામી [illegible] [illegible] ઉદ્ધારક ઓને [illegible] [illegible]

[illegible] તો [illegible]
વિદ્વાનોની આવશ્યકતા પડે, તો તેઓ તેઓની જરૂર [illegible] સામાજિક [illegible] બહાર [illegible]
મહાત્માઓને હાથે જ થાય, અને તેઓની [illegible] સામાજિક [illegible] છે. દરેક કાર્ય
જાગવા પૂર્વક જ થાય, તે જ યોગ્ય અને [illegible] અને [illegible] છે.
તેમના દ્વારા રજીષ્ટર થવું જોઈએ જ.

૧૧ "તમામ જ્ઞાનભંડારો કે [illegible] ગમે [illegible] ગમે [illegible] છે" એમ
મિલકતો છે. અને તેના ઉપર પણ [illegible] જૈન ધર્મના [illegible] વ્યક્તિને પોતાની [illegible]
સમજીને કોઈપણ સ્થાનિક સંઘ કે ત્યાગી કે ગૃહસ્થ જૈન ધર્મના [illegible] વ્યક્તિને પોતાની [illegible] પ્રમાણે
શાસ્ત્રોનો ને શાસ્ત્રભંડારોનો ગમે તેમ ઉપયોગ કરવાનો કે કરવા દેવાનો અધિકાર નથી. રાજ્ય કે
સામાજિક બળોનો પણ વાસ્તવિક રીતે અનિવાર્ય સંજોગોમાં [illegible] તરીકે રક્ષણ કરવાનો અધિકાર
છે, નહિ કે પોતાની માલિકી માનીને કબજે લેવાનો. અને રક્ષણને [illegible] કબજે લીધા પછી તેના ઉપર
પોતાનો માલિક હક્ક કે સર્વોપરિ સત્તા સ્થાપિત કરી દઈ, ગમે તેમ ઉપયોગ કરવાનો કે કરવા દેવાનો
કે કરાવવાનો અધિકાર છે તેવો કોઈ અધિકાર છે જ નહીં. [illegible] કરે, કે રક્ષણ માટે કામચલાઉ
વખત માટે કોઈ વસ્તુ કબજે રાખે, માટે તેની માલિકી કે ગમે તેમ તે [illegible] કરવાનો અધિકાર તેને
થતો નથી. તેમ ગુરુઆજ્ઞાનિષ્ઠ શ્રમણ ભગવંતો સિવાય બીજાઓમાટે આ પ્રમાણે સમજવું જોઈએ.
શ્રી શ્રમણ ભગવંતો પણ ગીતાર્થમાન્ય આજ્ઞાવિરુદ્ધ વર્તવાનો ઉપયોગ કરવાનો કે વહીવટ કરવાનો
અધિકાર ધરાવતા નથી. આ ન્યાયપૂર્વકની વ્યવસ્થા છે.

૧૨ જુદા જુદા નયની અપેક્ષાએ જ્ઞાનદ્રવ્ય. જ્ઞાનક્ષેત્ર: જ્ઞાનધર્મદ્રવ્ય: આદિથી એકત્ર થયેલું દ્રવ્ય, આ દ્વાદશાંગીના રક્ષણ વર્ધન વહીવટ: વગેરે કાર્યોને માટે જ છે. જિનદેવ તત્ત્વ સિવાય બીજા કોઈપણ કામમાં આ દ્રવ્યનો ઉપયોગ થઈ જ ન શકે. એટલે દ્વાદશાંગી શાસ્ત્ર–જ્ઞાન: અને દેવતત્ત્વ એ બેમાં જ ઉપયોગ થઈ શકે. બીજે ઉપયોગ કરવાથી કે તેની સારસંભાળ ન રાખવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. અને જ્ઞાનાચારના અતિચારો લાગે છે. ઉપરાંત જો આ જ્ઞાનક્ષેત્ર મજબૂત કરવા જેવું હોય, ને તે પ્રમાણે ન કરવામાં આવે, તો અતિથિ સંવિભાગ વ્રતના અતિચાર લાગે છે. ઉપરાંત દર્શનાચાર તપાચાર તથા વીર્યાચારના પણ અતિચારો લાગે છે આ સિવાયનું કે તેની સાથે અનુસંધાન ધરાવતું ન હોય, તેવું કોઈપણ જ્ઞાન જ્ઞાનરૂપ નથી. આધુનિક શિક્ષણ તો અજ્ઞાન અને ઉન્માર્ગગામી જ્ઞાન છે.

૧૩ કોઈ કહેશે, કે–"માત્ર શ્રમણ ભગવંતો જ વાંચે, વિચારે, સુધારે, સંશોધન કરે. બીજા તો આગમોને સ્પર્શ પણ કરી શકે નહી, વાંચી શકે નહી, વિચારી શકે નહી, તે વિષેના સંશોધન કરી શકે નહીં, માત્ર પૂજા–સત્કાર જ કરે, એ કેટલી બધી સંકોચિતતા કહેવાય? કેટલી બધી અનુદાર મનોવૃત્તિ?"

આ પ્રશ્ન ગાઢ અજ્ઞાનમાંથી જન્મેલો ગણાવો જોઈએ. અશક્ત કે અયોગ્ય પાત્રોને હાથે ચઢીને વિશ્વના કલ્યાણ માટેની ઉત્તમોત્તમ ચીજનો દુરુપયોગ ન થાય, ન કરાય, ન કરવા દેવાય. પરંતુ તેનો સદુપયોગ જ થાય. અથવા છેવટે રક્ષણ તો થાય જ. જે વિશ્વના કલ્યાણમાં કાયમી ઉપયોગને માટે ટકી રહેવા પામે આ મુખ્ય હેતુ છે. તેની પાછળ અનેક ભોગો આપવા પડે છે. અનેક જાતની જાગૃતિ રાખવી પડે છે. તપ અને કષ્ટો સહન કરવા પડે છે. એ મહાઉદારતા: અને હૃદયની મહાવિશાળતા છે ઉદાઉ કે બાળક પુત્રથી પિતા તિજોરીમાંનું ધન સુરક્ષિત રાખે, અને તેનો ઘટતો જ ઉપયોગ કરે જેથી સુપાત્ર હોશીયાર પુત્ર તેનો સદુપયોગ કરી ભવિષ્યમાં તે ધનને વધારી શકે, અથવા યોગ્ય ઉપયોગ કરી તેનો લાભ કુટુંબને અને જગતને આપી શકે, તે માટે કરકસર અને રક્ષણ માટે પ્રયાસો કરવા તેને ડાહ્યો માણસ તો સંકોચિતતા કે અનુદારતા ન કહેતા, મહાઉદારતા અને વિશાળ મનોવૃત્તિ કહે વિના ન જ રહે. વ્યસની પુત્ર ધનનો દુરુપયોગ કરે અને મૂર્ખ કશીયે કિંમત સમજ્યા વિના ગમે તે વેડફી નાખે. તે ન થવા દેવામાં સંકોચિતતા?

સ્વારીને મળેલો હીરો બકરીની ડોકે બાંધે છે, કે પથરો સમજીને કાગડો ઉડાડવાના કામમાં ફેંકી દે છે. માટે યોગ્યના હાથથી યોગ્ય ઉપયોગ અને રક્ષણમાં મહાવિશાળતા અને ઉદારતા છે. કઇ વસ્તુનો ક્યારે ને કેવો ઉપયોગ કરવો ? તે તેના નિષ્ણાતો જ જાણતા હોય છે. પરંપરાગત મુનિ-મહાત્માઓ કે જેઓ ગીતાર્થનિશ્રિત હોય, કે પૂર્વના ગીતાર્થ મહાપુરુષોના વફાદાર અનુયાયિઓ તરીકે વર્તતા હોય, તે જ ખાસ કરીને તેના ઉપયોગ. તથા વ્યવસ્થા વગેરેમાં નિષ્ણાત હોય છે. અપેક્ષાએ વિચાર કરતા શ્રી આચારાંગ સૂત્રના કોઈ સૂત્ર ઉપર માત્ર વિવેચન કરનાર ગૃહસ્થ કરતા એક દિવસ તો શું ? એક ઘડીનું પણ છજીવનિકાયનું રક્ષણ કરનાર ચારિત્ર પાળનાર ચડી જાય તેમ હોય છે. સરકારી અમલદારની આજ્ઞા વિના કોઇપણ યોગ્ય કામ કર્યું હોય, તો પણ તે ફોક ગણવામા આવે છે. માત્ર ધાર્મિક કાયદાનો ભંગ કરવાની-તેનું અસ્તિત્વ જ નથી તેમ માનવાની સૌને છૂટ અને તેની સામે વાંધો લેવાય તો તેમા અનુદારતા અને સંકોચિતતાની બૂમો ! વાહ !

૧૩ આ શાસ્ત્રો સાર્વજનિક લાઇબ્રેરીના વિષયભૂત કે જાહેર જ્ઞાનમંદિરના જ્ઞાનભંડારના વિષયભૂત પણ નથી તેનો સંગ્રહ ઉપાશ્રય આદિ ધર્મસ્થાનોમા જ રહેવો જોઇએ. જેમ બને તેમ તે શ્રમણોના નિકટ નિયંત્રણમા રહેવો જોઇએ તે જાહેર પ્રજાની વસ્તુ નથી સર્વ કોઇના ભલા માટે જ છે. પણ યોગ્ય અધિકારીઓ સિવાય સર્વ કોઇના નિયંત્રણમા રાખી શકાય નહિં. હિતોનું વિશાળ ક્ષેત્ર હોવું: એ જુદી વસ્તુ છે, અને વહીવટી સંચાલન ક્ષેત્ર એ જુદી વસ્તુ છે. જેમ બને તેમ તે ખાસ વ્યક્તિઓના હાથમા જ રહેવું જોઇએ. રાજ્ય સૌના હિત માટે હોવા છતા, તેનું તંત્ર સંચાલન અમુક જ નિષ્ણાત વ્યક્તિઓના હાથમા જ રાખવામા આવવું જોઇએ. આગમો એ "ખોડીબામણીનું ખેતર" નથી, કે ગમે તે તેની સાથે ગમે તે પ્રકારના ચેડા કરી શકે. કાંઇપણ બહુ વિચારપૂર્વક જ થવું જોઇએ.

[૩] આજે શ્રુત ઉપર આક્રમણો:

આપણું અજ્ઞાન: અને વ્યામૂઢપણું: એ અંદરના આક્રમણ છે. બહારનાઓનું સ્વાર્થીપણે આક્રમણ છે.

૧ યુરોપ: અમેરિકા ના લોકો અને તેઓના વિચારોના અનુયાયિઓ હોય તેવા આ દેશના લોકો તેઓની દેખાદેખીથી આપણા દેશના શાસ્ત્રો અને ધાર્મિક તથા બીજા જુદા જુદા પ્રકારના સાહિત્યની ભલેને ગમે તેટલી પ્રશંસા કરતા હોય, તેનાથી જરાપણ આપણે ફુગાવાની કે દોરવાઇ જવાની જરૂર નથી. કારણ કે તે પ્રશંસા તો માત્ર ઉપરછલ્લી અને સ્વાર્થ પૂરતી કામચલાઉ જ હોય છે.

૨ ૧૮ મી સદી ૧૯ મી સદીમા કેટલાક યુરોપીય સ્કોલરોએ પણ ઘણી ઘણી પ્રશંસાઓ કરી છે. આપણા સાહિત્યના ગ્રંથોને ખોળી કાઢવામા અને તેના સંશોધન પાછળ ઘણી ઘણી મહેનત ઉઠાવેલી છે. અને તેમ કરીને એક જુદી જ તે વિષેની સ્વતંત્ર પરંપરા પણ ઉભી કરી લીધી છે પરંતુ તેનો મુખ્ય હેતુ તો એ વખતે એ રહ્યો હતો, કે-તેઓ પોતાના ભાવિ સ્વાર્થો માટે આપણી ઉપર કાયમ બેસાડવાની વહીવટી સ્ટીલફ્રેમ તૈયાર કરતા હતા. તેને તૈયાર કરી મજબૂત બનાવી સેવાનો વખત મેળવી લેવા માટે આપણી પ્રજાનું લક્ષ્ય બીજી બાજુ કેન્દ્રિત કરવા આકર્ષણ જમાવવાના પ્રયાસોમાં હતા આપણો સાથ મેળવવાનો હતો અને ક્રમન્તે ... હતો.

૩ ધર્મશાસ્ત્રો ધર્મગુરુઓ [illegible] સંપ્રદાયો [illegible] વગેરેની [illegible] કરીને અનુષ્ઠાનાદિ [illegible] સર્જી, માત્ર તે [illegible] [illegible] [illegible] અનુકૂળ [illegible], બીજી બાજુથી પ્રજાના [illegible] તત્ત્વોના [illegible] [illegible]

પડેલા હતા. જે ચોકઠા તૈયાર કર્યા મજબૂત રીતે [illegible] પણ [illegible]. રાજાજીના નામે તેને જ આગળ વધારવાનું કામ સોંપીને [illegible] છે

૪ જ્યારે હવે તો વાસ્તવમાં ધર્મ વગેરેની [illegible] તેને ભારતના [illegible] ધોરણોથી પ્રતિકૂળ વિચારનો અને પ્રાગતિક જીવનયોજનાનો [illegible] લીધો છે. અને બીજી જ બાજુથી ધર્મ વગેરે ભારતની પ્રજાના ઉપર [illegible] પાસો તેની સાથે જ ગોઠવાયેલા છે. તથા સાથે તૈયાર કરેલી ગ્રીલફેમના [illegible] ઉપર બાંધી પણ બાજુએ તટસ્થ રહી તેઓએ જ ભારતીયો પાસે કરાવી [illegible]. અને [illegible] જે માંગણી કરનારાઓ માટે લાઠીચાર્જ અને જેલના સળિયા તૈયાર હતા, તેઓને જ [illegible] અને તેઓની ચિતાના સ્થાન વગેરે ઉપર ભાવપૂર્વક ફૂલ ચડાવવામાં આવે તેમાં આનંદ માને છે. કેમકે લાઠીચાર્જ અને જેલ દેખાવ પૂરતા હતાં. તથા ગ્રીલફેમના છુટા છુટા ગાંઠીયા જેવા પ્રગમ પ્રગમ છુટા છુટા કાયદાઓ હતા, તેને પછી એક કડીમા જોડી દેવા માટે વાઇસરોય લોર્ડ વેવેલે ભારતીયો પાસે જ પોતાના આદર્શોના સ્વરાજ્યનું ભારતનું નવું બંધારણ ઘડાવી લીધું. જેમાંથી ચાર પુરુષાર્થના માનવજીવનના મજબૂત આદર્શને જ ઉડાવરાવી દેવામાં આવ્યો છે. અને તેના પોષક ધર્મગુરુ વગેરે ઉપર જણાવ્યા તે સર્વ જવાબદાર પ્રજાના રક્ષક તત્ત્વોને પણ નિરુપયોગી જેવા-નિષ્ફળ જેવા બનાવી દઈ, દૂર હડસેલી દેવાની ગૂઢ ગોઠવણો પણ સાધી લીધી છે, જેથી ભારતની પ્રજાનું મજબૂત આત્મિક બળ સદાને માટે છિન્નભિન્ન થતું જાય છે. કેમકે ધર્મગુરુઓ. રાજાઓ. મહાજનો બ્રાહ્મણો વગેરેને નિસ્તેજ અને નકામા ઠરાવાતા જવાય છે. તેને બદલે ચપોચપ બહારની વસ્તુઓ આદર્શો જીવનધોરણો વગેરે વિકસિત જીવનમા ઉપયોગી સામગ્રીઓ તરીકે ગણાવીને ગોઠવાતા જાય છે. અને તેના કરતા અનેકગણા ભવિષ્યમાં ગોઠવાતા જશે. માટે જ દેશનેતાઓ વગેરેને ખૂબ ખૂબ ઉચું સ્થાન પરદેશીઓ દેશી પાસેથી પણ અપાવે છે

એ પ્રજાની રીતજ-ઓડવેથી કામ કરવાની વિશાળ માર્ગોની સફળતાઓ મેળવી લેવાની હોય છે. જેની બીજાથી કલ્પના પણ ન કરી શકાય. તેઓની કુશળતા એ છે, કે-જે હોડી ડુબાડવાની હોય, તેમાં જ તેમાંના કેટલાક સૌની સાથે પ્રથમ બેસીને તેને હંકારવામાં જાતે જ સહાય કરવા લાગી ગયા હોય છે. અને ડૂબાડતી વખતે પોતે ખૂબીથી ખસી જાય છે, ને એમ પોતાના ભાવિ હેતુઓનો વિજય કરી લે છે પરંતુઃ—

૫ આપણે તેથી ફુલણશી થઈ ફૂલાઇ જઇ તેઓની પ્રશંસાથી "આપણો વિજય થાય છે" એમ માની લઇ, તેમા એટલા બધા ચકચૂર થઇ જઇએ છીએ કે-ભાવિ હિતાહિતનો વિચાર કરવાનું ભાન જ ભૂલી જઇએ છીએ. આને આપણી ભારોભાર મૂર્ખાઇ નહી તો બીજુ શુ કહી શકાય ?

૬ જેની તેઓ એક વખત ભારોભાર પ્રશસા કરતા હોય છે. ખુશામત કરતા જણાતા હોય છે. તેની શક્તિથી ચકિત થવાનો દેખાવ કરતા હોય છે પરંતુ કામ પૂરું થયે આપણે જ હાથે દૂર એક તેને જ ફેંકાવી દેવાની કળા તેઓ જાણે છે. અને તરત જ નવી જ રચના નવા જ કાર્યક્રમોઃ નવી જ ભાવનાઓઃ નવા જ આગેવાનો અને નવા જ કામ કરનારાઓ [ત્યાં તો] જાહેરમા આવી જતા હોય છે. જેની પૂર્વ તૈયારી ગુપ્તપણે તેઓએ કરી રાખેલી જ હોય છે. અહી પણ ૫૦ વર્ષે ભારતમા કેવા આગેવાનોથી કામ લેવાનુ છે ? તેની તૈયારી તેઓએ આજથી જ શરૂ કરેલી છે. આજના આગેવાનો તો ભૂતકાળની મહેનતનુ ફળ છે.

૭ દાo તo આંતરરાષ્ટ્રીય પોતાના હસ્તકનો મૂળ વેપાર ખીલવવા ભારતના દેશી વેપારીઓને દેશ-દેશાવરોમાં અને મોટા શહેરોમા આકર્યા મોટર અને બંગલાવાળા ક્રોડાધિપતિ પણ બનાવ્યા. પરંતુ સાથે જ આ દેશનો મૂળભૂત સમગ્ર વેપાર સમગ્ર વેપારનીતિઃ નાણાતંત્રીય ભારતીય મૂળભૂત નીતિ

વગેરે દેશી વેપારીયોના હાથમાથી સરકી ગયા છે. સરકાવી લીધા છે. જે કાંઈ રહ્યા-સહ્યા બાકી છે, તે પણ મોટી મોટી આતરરાષ્ટ્રીય આર્થિક પરિષદો ભરી, તેમા આપણી સરકારનો સહકાર લઇ, સરકાવાઈ રહ્યા છે, ને આપણે સાભળવું પડે છે, કે-"ફલાણી વિદેશીય વ્યાપારી કંપની સાથે કે સરકાર સાથે આપણી સરકારે વેપારી કોલ-કરાર કર્યા" શું દેશના વેપારીઓ મારફત એ કામ ન લઇ શકાય? ખરી રીતે દેશી વેપારીઓને દેશની મૂળભૂત વ્યાપારી નીતિ મુજબ પગભર કરીને તેનાથી કામ લઇ શકાય તેમ હોય છે. અને તેમજ કરવું જોઇએ. પરતુ ગ્રીલફ્રેમનુ તંત્ર તેમ કરવા દે જ શી રીતે?

એક વખત દેશી વેપારીઓની જરૂર હતી, તેથી માનપાન. સુખ સગવડો પૂર્વક તેઓને દેશાવરોમા પણ ત્યાના વેપારો હાથ કરવામા ઉપયોગી બનાવવા લઇ જવામાં આવતા હતા. ભારતના વેપારીઓ એટલે કે શી વાત? જે વ્યાપારીઓ એક વખત ગળ્યા સાકર જેવા લાગતા હતા, તે ભારતના દેશી વેપારીયો આજે કડવા ઝેર જેવા ગણાય છે. આજના કાયદાથી ફલિત થવા છતા કાળાબજાર ચલાવનાર કાળાબજારીયા લુંટારાઃ ભયંકર સજાને પાત્રઃ ગણાવા લાગ્યા છે. ગુન્હા કરવા પ્રેરાય તેવી પરિસ્થિતિનુ સર્જન તેઓ પાસે ગુન્હા કરાવે જ ને પછી દોષારોપણ દેશી વેપારીઓ ઉપર થાય. હલકુ લોહી હવાલદારનું, કેટલાક અજ્ઞાનભાવે ભારે ગુન્હા કરી પણ બેસે તેના દાખલા સર્વત્ર અપાય. પરંતુ તેઓને ઉત્તેજવાની આજે નીતિ જ રાખવાની નથી, નહીંતર, ગામડા અને નાના નાના શહેરોના ચાલુ વેપારમાથી દેશી વેપારીઓને ઓચ્છા થવાનું પરિણામ આવે જ કેમ? તેઓના સતાનોને મોટા શહેરો તરફ ધધા માટે ધસારો કેમ લઇ જવો પડે? પરંતુ તેમ કર્યા વિના વેપારના ક્ષેત્રમાથી દેશી વેપારીયોના મોટા ભાગને ઓચ્છા કરવાનું પરિણામ શી રીતે લાવી શકાય? એ બધું પૂર્વયોજિત છે. વર્તમાન સંચાલકોના અજ્ઞાન શિવાય, તેઓને દોષ દેવો વધારે પડતુ છે. અથવા આપણું અજ્ઞાન છે

એ જ સ્થિતિ અબજો રુપિયા ધીરીને ખેતીનો વિકાસ કરી, ખેતીના ક્ષેત્રમાથી દેશી ખેતી અને દેશી ખેડુતોને કમી કરવાના લક્ષ્યો સફળ કરવાના શરૂ થયા છે. પરંતુ દેશી ખેડુતો પાસે તેને લગતી પ્રાથમિક યોજનાઓ કબુલ કરાવવાનોઃ ખેતીના તત્ર ઉપર કબજો કરવાનો તેથી શરુઆતમા તેઓને ખુશી રાખવાનો ને તેઓમાના કેટલાકને ત્યા મોટર બગલા થાય તે જાતનો કાર્યક્રમ ચાલુ થયો છે, ગોરી પ્રજાના તથા તેમના સહમારી નાના-મોટા અનેક રાષ્ટ્રો ભારતને નાણાંની મદદ આપવા દોડી આપવા લાગ્યા છે, આ બધી રચનાત્મકતા આપણી પ્રજાની રચનાત્મકતાની ખડનાત્મકતારૂપે વિસ્તરી રહેલી છે. તે સૂક્ષ્મતાથી આપણે સમજવુ જોઇએ.

છેલ્લા ૨૫ પચ્ચીસ વર્ષમા હજારો-અબજો રુપિયા અન્નના પ્રશ્નમા સ્વાયત્ત થવા ખેતી પાછળ આપણા દેશમાથી ખર્ચાવા છતા, મોટા પાયા ઉપર "શાતિ અન્ન" આપીને, ભારતને હાલનું સ્વરાજ્ય આપવામા ખાસ સહાયક અમેરિકા ખડા થાય છે (તો) કલ્પના કરો, કે ભારતને માટે તેઓએ કેવી ગૂઢ યોજનાઓ અમલમા આણી હશે?

આવી સેંકડો, શરુઆતમા આકર્ષક અને પરિણામે ઘાતક નિવડનારી બાબતો છે. વિદેશીના [illegible] નીતિઓ સંપિને [illegible] વિશ્વશાંતિ અલ્પમન્નિત્વ. પંચશીલ, શસ્ત્રનિયંત્રણ વિગેરે [illegible] હોય છે અને તેના ભણતા-ગણતા સામાન્ય શબ્દો દ્વારા નવી નીતિ અને નવી ધર્માનુ-નીતિનો અમલ થતો હોય છે, આ સામી પરિસ્થિતિ આપણે ન સમજી શકીયે, તો આપણી [illegible] નાશથી [illegible] [illegible] [illegible] [illegible]

તેવામા નવી હવા અને નવા રસમો તે [illegible] ... પરદેશીઓ તેઓ પાસે ખેંચાવતા હોય. આમ ક્રમ [illegible]

૭ એ જ પ્રમાણે આપણું સાહિત્ય તેઓને [illegible] નથી [illegible]. તો પણ તેઓને આજે હવે કામનું નથી. કેમકે તે સાહિત્ય અને તેના [illegible] માનસિક માન્યતાઓ તેઓની પ્રગતિમા આડે [illegible] તેના [illegible] તેઓની આંતરિક સહાનુભૂતિ પણ ન જ હોય. [illegible]

૮ તેઓએ જે આધુનિક સાહિત્ય ઉત્પન્ન કર્યું છે, અને [illegible] કરવાના છે. તેનો ફેલાવો છેવટે મફત પણ દુનિયાભરમા ઘેર ઘેર કરવા તેઓ [illegible] છે. દરેક દેશની ભાષામા અને દરેકને સમજ પડે તે રીતેઃ અને તેમની પસંદગીની ભાવનાઓ પમાણે [illegible] તે તે દેશના પસિદ્ધ લેખકોને આકર્ષીને તેઓ દ્વારા તૈયાર કરાવીને પરોસાડવા [illegible]. અને તેની પ્રાથમિક શરૂઆત તો મજબૂત પાયા ઉપર ઘણા વખતથી શરૂ થઇ ગયેલી છે. તે [illegible] પૂરેપૂરં [illegible] સફળ થાય કે જે ભારતનું સાસ્કૃતિક પ્રાચીન સાહિત્ય વચ્ચે નડે છે, તે જ્યે દૂર થાય. તેને [illegible] કરવાની પ્રાગતિક અને આકર્ષક રચનાત્મક જે તરકીબો છે, તેને આપણે આપણા ધાર્મિક સાહિત્યની ઉન્નતિના કારણો તરીકે માની લઇએ છીએ. "પરદેશીયો પણ આપણા સાહિત્યના વખાણ કરે છે" એમ માની લઇને તેઓએ ભવિષ્યમાં તેના નાશ માટે ઘડેલી યોજનાઓની જાળના ચોકઠાઓમા આપણે આપણા મૂળભૂત સાહિત્યને પણ ફસાવી દઇએ છીએ. સુંદર છપાઇ વિ. આકર્ષક કાર્યક્રમો એટલા માટે રાખે છે કે—"પ્રગતિ કરતા રોકનાર બળોનો વિરોધ પ્રજામાંના જ કેટલાક કરે" એટલા માટે હોય છે

૯ આપણા શાસ્ત્રગ્રંથોને આપણા ભક્તિભાવ પૂર્વકના જેવા તેવા પણ હાર્દિક રક્ષણમાથી એની લેવા વખત જતા જેમ બને તેમ આપણાથી તેને દૂર દૂર લઇ જવા અને તેનો પણ પોતાના હેતુઓમા ઉપયોગ થાય તો કરી લેવાઃ અને છેવટે બિન જરૂરી ઠરાવી દઇ, નકામુ નિરુપયોગી ગણાવી તેને જગતમાથી અદૃશ્ય કરવા ખંડનાત્મકતા–ગર્ભિત રચનાત્મક યોજનાઓ આજે વહેતી મૂકાયેલી છે. કે જેને આપણે હોશે–હોશે અપનાવીયે છીએ.

આધુનિકઢબથી–છપાવવાઃ વિવેચન કરવાઃ જ્ઞાનમંદિરો વગેરે બધાવીને રક્ષણ કરવા સંશોધનો કરાવવા આપણે ખર્ચે પ્રબંધો કરીએ છીએ.

[૪] સ્થાનિક સાહિત્યનું ભાવિમાં વિસર્જન કરવાનો કાર્યક્રમ.

૧. પહેલું પ્રાચીન શોધખોળોનું ખાતું ભભકબંધ શરૂ કરવું.

૨. ઐતિહાસિક પ્રાચીન સાધનોની લોકપ્રિયતા વધારવા હાર્દિક પ્રશંસા, પ્રચાર ને તેને કબજે લેવાના કાયદા કરવા.

૩. ખોદાણકામ. શિલાલેખો વગેરેનો સંગ્રહઃ વાચન પ્રાચીન ગ્રંથોની તપાસ તેના સૂચિસંગ્રહો–લિસ્ટો તૈયાર કરાવવા.

૪. પોતાની માલિકીના ગર્ભિત રીતે માનેલા હોવાથી આડકતરી રીતે કબજે મેળવવાના તદ્દન હળવા અને લોકપ્રિય થાય તેવા પ્રયાસો કરવા અને થોડોઘણો કબજો મેળવવો.

૫. સરકાર છપાવવાની શરુઆત કરી આદર્શ ઉભો કરે દેશી રાજ્યો પાસે પણ પોતાના દેશના સાહિત્ય તરફના હાર્દિક પ્રેમથી છપાવવાના પ્રયાસો શરુ કરાવવા. અને એ ધોરણે ધર્મો અને સંપ્રદાયોના લોકો પણ નવી નવી પ્રકાશક સંસ્થાઓ ઉભી કરીને ધમધોકાર છપાવવાના પ્રયાસોને વેગ આપે.

૬. ઠામ ઠામ વાચનાલયો અને લાઇબ્રેરીઓ ઉભી કરાવવી. જેથી તે દ્વારા છપાયેલા પુસ્તકોના વેચાણને ઉત્તેજન મળે· તથા પ્રાચીન તથા અર્વાચીન એમ બન્નેય પ્રકારના વાચન કરવાની મિશ્ર સગવડ લોકોની સામે પ્રથમ ઉપસ્થિત થાય, અને પ્રજાના મનમા બુદ્ધિભેદ શરૂ થાય. લાઇબ્રેરીઓ બુદ્ધિભેદ ઉભું કરવાનું પ્રબળ સાધન છે.

૭ પછી અદ્યતન પદ્ધતિથી છપાવવાના ક્રમ સાથે અદ્યતન હેતુઓ અને આદર્શને અનુકૂળ પરિવર્તનો વિચારો વગેરે પ્રાચીન સાહિત્યોમાંજ દાખલ થતા જાય.

૮ પ્રતોના ફોટા લેવાય અનેક નકલો કરાવાય.

૯ તેમાથી શાળા કોલેજોઃમાં પાઠ્ય પુસ્તકો તરીકેની પસંદગી. અને અદ્યતન દૃષ્ટિથી પઠન-પાઠન તેમાથી જનતાની બુદ્ધિમા ભેદ કરનારા સંશોધનોઃ થાય.

૧૦ પછી-ભાષાંતરો કરવા કરાવવા નો ક્રમ શરૂ થાય. જેથી મૂળ વસ્તુઓ જનતાની નજરથી દૂર થતી જાય

૧૧ પછી, સારાંશો તારવવાના પ્રયાસો કરાવાય.

૧૨ પછી. વિષયવાર સમગ્ર અર્થસંગ્રાહક નિબંધો તૈયાર કરાવાય, કરાય.

૧૩ છેવટે, અદ્યતન આદર્શોના સાહિત્યના બહોળામા બહોળા પ્રચારથી ભાવિ ઉચ્છરતી પ્રજા જેમ જેમ પ્રાચીન ધાર્મિકઃ અને આધ્યાત્મિકઃ સાહિત્ય તરફ જાહેર રીતે ઉદાસીન બનતી જવાથી મૂળભૂત સાહિત્ય લગભગ પ્રજાના તે વખતના ચાલુ જીવન સાથે અસંબદ્ધ થતું થાય. ને તેથી તેના નિરુપયોગી ગણવાના વિચાર-વાતાવરણનો પ્રચાર થતો જાય. તેમા સુધારા વધારા પરિવર્તન જમાનાને અનુસારે ઘટવધ ના સૂચનો થાય.

૧૪ અને છેવટે-વિસર્જન જગતમાથી અદશ્ય કરવાનો કાર્યક્રમ દરેક પ્રાચીન સાહિત્ય સાથે જોડાયેલો છે. પ્રાચીન શોધખોળ ખાતાની વસ્તુઓ તરીકે રાખવાનો અર્થ જ એ છે, કે—" ચાલુ જીવનમા તે ઉપયોગી નથી થવાનુ કે કરવાનું."

૧૫ આ કાર્યક્રમના પ્રાથમિક પ્રચારવખતે રાજ્ય તરફથી મોટો સારો એવો ખર્ચ કરવામા આવે, લોકો પણ ખર્ચ કરે છે.

૧૬ લાઇબ્રેરીઓ અને જ્ઞાનમંદિરો વગેરે રૂપે તે પ્રાચીન સાહિત્ય જાહેરમા મૂકાતુ થાય, અને જાહેર સંસ્થાઓ તરીકે પબ્લીક ટ્રસ્ટ એક્ટ અને એવા બીજા કાયદાઓને આધારે તેના ઉપર સરકારી કબજો ખુબીથી વધતો જાય ભવિષ્યમા સંપૂર્ણ કબજો થાય

૧૭ હમણા વ્યક્તિઓ પાસે કે પ્રાચીન સંસ્થાઓ પાસે પડી રહેલી પ્રાચીન સાહિત્યની હસ્ત-લિખિત પ્રતો અને પુસ્તકો વગેરેનો છેલ્લે છેલ્લે પત્તો મેળવી લેવા માટે કેન્દ્ર સરકાર તરફથી ઘણી જ આકર્ષક જાહેરાત થઈ છે તેથી ઘણા લોકો પોતાની પાસેના હસ્તલિખિત પ્રાચીન પુસ્તકો સારી કિંમત મળવાની લાલચે વેચવા તૈયાર થાય પણ છેવટે ‘ તમામ પ્રાચીન સાહિત્ય સત્તાની માલિકીનુ થઈ જાય" તેવા પ્રયાસો શરૂ થયા છે તેનો અર્થ આપણે તો એમ સમજાય, કે "કેન્દ્રની સરકાર દેશના પ્રાચીન સાહિત્યનો ઉત્તમ પ્રકારે નાશ [illegible] પ્રકારે સંરક્ષણ [illegible] પ્રકારે પ્રસિદ્ધિ [illegible] પ્રકારે પ્રચાર [illegible] પાસ કર્તવ્યતરીકે ઉપાડી લેવું જ" આપણે તો એમ જ સમજાય છે. [illegible]

૧૮ એક તરફથી "આધુનિક પ્રગતિમાં આગળ વધેલા રાષ્ટ્રમાં, [illegible] માનવા અને તે [illegible] વર્તમાન પ્રગતિશીલ દુનિયાના કામ સાથે [illegible] અને તે [illegible]

સ ત્યાથી [illegible] મકાનોમાં [illegible] આવા સંગ્રહોના [illegible]

કેમકે—પ્રાચીન [illegible] અને [illegible] મનોરથો જ ગયા પછી અને દેશના ધાર્મિક [illegible] હોય તે નિષ્ફળ ગયા પછી, તેને [illegible]

આ ધર્મગુરુઓ મુનિરાજો અને [illegible] રક્ષણ સારી રીતે થતું દેખાયા અને [illegible] વાચવાની આવડત અને ટેવ છૂટી જવાથી [illegible] થવાથીઃ તે વિષે બેદરકાર જ બની જાય, એ સ્વાભાવિક છે.

ઙ એ પરિસ્થિતિ બરાબર જન્માવવા સુધી તો બરાબર સંગ્રહ બરાબર પ્રકાશન બરાબર રક્ષણ, વગેરે ચાલુ રાખવાનો કાર્યક્રમ ચાલુ રાખવાની નીતિ [illegible] છે પરંતુ, છેવટે વિસર્જન સિવાય બીજો ઉપાય જ ન રહે.

ઈ વિસર્જનના ઘણા દાખલા છે. રાજ્યસત્તા હાથ થયા પછી ૧૮૫૮ નો બળવો જગાડી દેશી સુનંદા સૈનિકોનુ વિસર્જન કંપની સરકારનું વિસર્જન ભારતથી લંડન લઇ જવાયેલા કેટલાક બહુ પ્રાચીન ભારતીય ઐતિહાસિક સાધનોનું લગભગ સન ૧૮૯૨–૯૩ કે તેની આસપાસના સમયના કેટલાકનું વિસર્જનઃ થયાનુ સાભળ્યું છે. તપાસ કરવાથી વિશેષ ખાત્રી થશે.

ઉ જે કાંઇ બચેલ છે, તેને ત્યાંથી ખસેડવાની નીતિ શરૂ છે.

ઊ દેશી રાજાઓનું વિસર્જન

ઋ વ્યાપારના ક્ષેત્રમાથી દેશી વેપારીઓની મોટી સખ્યાનુ વિસર્જન

ૠ નવી સરકાર થતા જુના અમલદારો વગેરેનું વિસર્જનઃ વગેરે વિસર્જનો કાંઇ આજે નવા નથી. જગજાહેર છે ભવિષ્યને માટે પણ એ કાંઇ નવીન તરીકે રહેવાનું નથી.

ૡ બહુમતને ધોરણે એક વિશ્વધર્મ કર્યા પછી **લઘુમતી ધર્મોનું વિસર્જન** પણ આજના પ્રાગતિક કાર્યક્રમમા ગોઠવાયેલ છે જ

ૡ એ વિસર્જન માટે જ આજે ભભકાબધ સંગ્રહ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. "દમડે ઉંટ" ની કહેવત આજે બીજી ઘણી રીતે લાગુ પડાઇ રહી છે "લોકો પાસે એક પણ પૈસો ન રહેવો જોઇએ." એ દૃષ્ટિથી કોઇ લોભી બાદશાહે ઉંટને સોનારૂપાના સાજથી શણગારીને એક પૈસામાં વેચવા માટે ગામડે ગામડે જાહેરમા ફેરવવા માંડ્યો. પરંતુ કોઇની પાસે પૈસો જ નહીં, કોણ લે? પરંતુ એક છોકરાએ હઠ કરવાથી તેની માએ બતાવ્યુ કે–"તારા બાપા મરી ગયા, ત્યારે તેના ગોદામાં એક પૈસો મૂકેલો હતો તે કબરમાથી ખોદી લાવે તો તને આ ઉંટ મળી શકે." છોકરે તેમ કર્યું. ઉંટ મળી ગયો. પરંતુ છોકરા પાસેથી કબરમાથી પૈસો મળવાની બાતમી અમલદારો દ્વારા બાદ-

શાહને મળવાથી તમામ કબરો કઢાવી તેમાંથી પણ મળતા પૈસા-ધન બાદશાહે એકઠું કરાવી લીધું." આ એક વાત ચાલી આવે છે. તે પ્રમાણે આજના દરેકે દરેક વલણ મૂળ વસ્તુઓનું પરિણામે વિસર્જન કરવા-કરાવવાના ઉદ્દેશથી હોય છે. તો જ દેશ અને પ્રજાનું નવસર્જન સફળ કરી શકાય તેમ હોય છે.

૨૦ આ ભાવિ રહસ્ય આજે આપણા કેટલાક ઉત્સાહી. અને વ્યુદ્ગ્રાહિત ક્રોડાધિપતિઓને શી રીતે સમજાવી શકીયે ? કેટલાયે પુસ્તકો છપાયા છે અને સરળ ભાષાતરૂપે પણ છપાયા છે, તેમાંના તેમણે અને તેમના કુટુંબીજનોએ કેટલા વાચ્યા ? વિચાર્યા છે ? તેની પરીક્ષા લેવા બેસીયે તો કોઇક જ અપવાદ સિવાય લગભગ મોટો ભાગ નોવેલો અને એવું જ સાહિત્ય વાંચતો હોય છે. એકાદ પણ પૂર્વાચાર્યના ઉત્તમ ગ્રંથનું રીતસર વાચન કે કોઇની સહાયથી સાંગોપાગ શ્રવણની તો આશા જ શી ? અરે ! પ્રતિક્રમણ સૂત્રોના મુખપાઠ પણ મધ્યમ વર્ગ સિવાય દુર્લભ બનતા જાય છે.

૨૧ પ્રાચીન સાહિત્યના સંગ્રહ અને પ્રકાશનની હિમાયત કરતા આપણા રાષ્ટ્રપ્રમુખને પણ આપણે પૂછીએ કે-" ઢગલાબંધ બહાર પડતા પ્રાચીન શાસ્ત્રગ્રંથોમાના આપ નામદારે કેટલા વાચ્યા-વિચાર્યા ? અને તેમાંના ઉપદેશ અનુસાર પ્રજામાં વર્તન કરાવવા શા શા પગલાં લીધાં ?" પગલાં ભરવાની તો વાત જ શી ? પરંતુ પ્રજામાંનો કેટલોક ભાગ તે પ્રમાણે વર્તતો હોય, તેને પણ પ્રગતિમાં આગળ વધવા અને જુનવાણીપણું છોડવાનો ઉપદેશ અપાતો હોય છે, પરંતુ સંગ્રહ કરનારા સરકારી ખાતાને લોકપ્રિય બનાવવા અને જાહેરાત આપવા માટે આવા મોટા અધિકારસ્થાનેથી કાંઇક બોલવા ખાતર તેઓને બોલવાનું હોય છે લોકો સમજે કે, 'સરકારી મોટા કેન્દ્રસ્થ અમલદારોને ભારતના પ્રાચીન ધાર્મિકઃ અને આધ્યાત્મિક સાહિત્ય પ્રત્યે કેમ જાણે કે હાર્દિક પ્રેમ ઉભરાઇ જતો હોય !! પરંતુ વસ્તુ-સ્થિતિમા એવું કાંઇ હોતું નથી

સરકારી ખાતાઓ ગોઠવાયેલી રીતે પોતાના કામકાજ ક્રમેક્રમે કરતા હોય છે સારા વકીલ તરીકે કોઇપણ વાતને સરસ રીતે ઠસાવવાની ભાષણપદ્ધતિનો તેઓને સારો અભ્યાસ હોય છે એટલે કોઇપણ વિષય ઉપર બોલી શકતા હોય છે. અને પ્રજામાના પણ એ વિચારના ત્યાગી કે ગૃહસ્થો એવી વાત ઉપાડી લે છે તેમ જ સરકારી ખાતા તરફથી સારો ખર્ચ થતો હોય છે. તેમા ઘણાને એ કામની કુદરતના માટે આર્થિક સગવડો પ્રાપ્ત થતી હોય છે પ્રતિષ્ઠા પણ મળતી હોય છે. બસ

જો જગતમા-આધુનિક પ્રગતિનો જન્મ ન થયો હોત, તે ફેલાવવાનો આદર્શ ન ઉભો થયો હોત, તેમા પ્રજા ન લલચાઇ હોત, તો એ જ ઘટનાઓ કદાચ પ્રાચીન સાહિત્ય માટે આશીર્વાદ બનત. તેમાં બહુ શંકા રહેતી નથી કેમકે-તો તો એ જ આદર્શો અને તેને સમજાવનારુ તે જ સાહિત્ય સિવાય જગતને માટે બીજો કોઇ આધાર જ નથી માટે પ્રાણની જેમ તેની રક્ષા સદાકાળ કરવા સિવાય બીજો ઉપાય જ જગતને માટે નહોતો પરંતુ સામે તેને માટે પ્રગતિનો દાવાનળ કેવાઇ રહ્યો છે માટે ચિંતાનો વિષય છે

[૫] જૈન શાસનની દષ્ટિથી માઠાં પરિણામો

૧ શ્રી સંઘના અને શાસનના કબજામાંથી બહાર થતી ચીજો કોને ? ક્યારે ? અને કેવી રીતે ? આપવી કે ન આપવી ? તેના નિર્ણયો કરવામાં આવે છે તો હોય [illegible] પરંતુ શ્રી સંઘને [illegible] તેવી હવે પછી ન બની શકે, તેવા પ્રતિબંધો લાગુ થયે ત્યારે શું મહત્વનું ? જે પ્રતિબંધો શ્રી સંઘ [illegible] હતો. તેવા પ્રતિબંધો શ્રી સંઘને માટે પણ લાગુ પડતા થાય. કેમકે-શ્રી સંઘને બદલે તે વસ્તુ [illegible] બનાવી દેવાની જાય છે

• આધુનિક સંસ્થાઓ માટે તો [illegible]

ચારિત્રના વિકાસ માટે જેની ઉત્પત્તિ [illegible] તે તેને માટે તે [illegible] કે નહી ? એ પ્રશ્ન દિવસે દિવસે [illegible].

૩ સંશોધનોને નામે માત્ર આધુનિક [illegible] જૈન પરંપરાના વારસામાં જન્મેલા જૈનો કે દેશી વિદેશીય [illegible], કે, ત્યાં બીજાને અવકાશ મળવો જ દુર્ઘટ બનશે. અને--

૪ શોધો એવી રીતે થશે ને બહાર મૂકાતી જશે, કે ચારિત્ર અને [illegible] માટે તે સાધનોના વિશિષ્ટ ઉપયોગ કરતા, તેની વધારે મહત્તા જાહેરમાં [illegible] ?

૫ માતા-પિતા અને સન્માનનીય પુરુષોના માન-સન્માન [illegible] માનવામાં આવતા હોય છે પરંતુ જડવાદી માનસની દૃષ્ટિમા પૂજ્ય કે સન્માનનીય વ્યક્તિઓના શરીરો-શબો-મૃતકો પણ એક સામાન્ય પ્રાણીના જેવા જ હોય છે. તેનું **પોસ્ટમોર્ટમ** કરવામા આધુનિક તબીબોને વાર લાગતી નથી. કોઇ મહાત્મા દીર્ઘ કે ટુંકુ જીવન જીવે તેના [illegible] દર્શન કરી પાવન થવાનો આધ્યાત્મિક લાભ ઉઠાવાતો હોય છે. કેમકે તે લાભ બીજી રીતે મળતો નથી પરંતુ, "આટલું દીર્ઘ જીવન જીવનારના શરીરમા તે પ્રમાણે જીવાડનારા એવા કયા તત્ત્વો છે ?" તેની તપાસ માટે તેની કાપ કૂપ કરી, તપાસીને છેવટે, તે ટુકડા ફેંકી દેવામા આવે ને તે જ્ઞાનથી કદાચ જનતાને થોડો ઘણો લાભ થતો મનાય કે લાભ ન પણ થાય. પરંતુ ભક્ત એ રીતે પોસ્ટમોર્ટમ કરવા લાખોની રૂપિયાની લાલચે પણ એ શરીર સોંપે કે ? ન જ સોંપે. એ સમજી શકાય તેવી બાબત છે.

૬. એ જ પ્રમાણે પૂજ્યતમ આગમો વિગેરે પવિત્ર ધર્મશાસ્ત્રોનુ શોધખોળને નામે ભૌતિક દૃષ્ટિથી શોધખોળ એ એક જાતનું **પોસ્ટમોર્ટમ** છે. તે કરનારા ભૌતિકવાદીઓને ભૌતિક આદર્શની શોધખોળ કરવા શ્રી આગમો આપી શકાય કે ? ન જ આપી શકાય. તે રીતે તેને ચુંથે ફેંદે, તપાસે પૃથક્કરણો કરે તેમા પૂજ્ય આગમોનું અપમાન છે. પૂજ્યના શરીરના નિર્દયરીતે કરાતા પોસ્ટમોર્ટમ જેવું એ ભયંકર કામ છે. આજે તે કરાવવામા આપણામાના કેટલાક રાજી હોય છે.

૭. તેમ થવાથી તેની આધ્યાત્મિક પ્રેરણા-શક્તિ હણાઇ જાય છે. વિશ્વકલ્યાણકારકતા છિન્નભિન્ન થઇ જાય છે. કેમકે તેનો તે અન્યથા ઉપયોગ છે. સત્શાસ્ત્રોના અન્યથા ઉપયોગને પણ જૈન શાસ્ત્રોમા તે શાસ્ત્રોને મિથ્યા શાસ્ત્રો બનાવી દેવાના પ્રયત્ન સમાન કહેવામાં આવેલ છે. રોગ દૂર કરવા માટે જલ્દીથી સારી રીતે ઓપરેશન થઇ શકે તેવી તીક્ષ્ણ છરી જો કોઇ ખુનીના હાથમા જાય તો તે તેનાથી જલ્દીથી ખૂન કરી નાંખી શકે. તેથી તે છરીનો એ અન્યથા ઉપયોગ ગણાય અને યોગ્ય રીતે ઓપરેશનમાં તે છરી વાપરનાર ડોકટર પ્રશંસાપાત્ર ગણાય. એ તેનો યોગ્ય ઉપયોગ ગણાય. કેટલો બધો ફરક ?

૮ તે મહાશાસ્ત્રોનો પ્રભાવ નષ્ટ-ભ્રષ્ટ થયા પછી ભૌતિક સાહિત્ય અને જીવનધોરણને જગતમા ફેલાવવા માટેનો ખૂબ છુટો દોર મળે છે. અને આત્મવાદના પાયા ઉપરનુ જીવન નષ્ટ કરવાની સરળતા વધે છે. ત્યાગી તપસ્વીઃ દ્વારા આગમોના પઠન-પાઠન ઉપદેશ, વાચન, મનનઃ વિના બીજાની મારફત તે સર્વ થાય, તે સર્વ શ્રી આગમોનો અન્યથા ઉપયોગ છે. અને અન્યથા ઉપયોગથી તેની મૌલિક શક્તિ અને સામર્થ્ય વિકાસ પામી શકે જ નહી. અસર ઊપજાવવા જગતમા તેનુ અસ્તિત્વ છે. તે અસર ઉત્પન્ન કરી શકે જ નહી અને તેનું અસ્તિત્વ નિષ્ફળ જાય. જગતનું કલ્યાણ કરનારા મહાત્માઓ પછી તો તે ઉત્પન્ન કરી શકે જ નહી.

૯. વળી, ટ્રસ્ટ પબ્લીક ટ્રસ્ટ તેના કાયદા અને તેના બીજા નિયંત્રણો. વગેરે એવા વિચિત્ર છે, કે પરિણામે શ્રી આગમોની લાંબે કાળે દુર્દશા શિવાય બીજું પરિણામ કલ્પી શકાતું નથી. પરંતુ-

૧૦ તેઓને કબજે લેવા માટેની પ્રાથમિક ભૂમિકા એટલી બધી આકર્ષક હોય છે, તે આકર્ષણથી પ્રભાવિત થયેલા ભાવિક ભક્તો પણ એક તરફથી શ્રી આગમોને પૂજે, કેમકે-તેના તરફ તેઓની ભક્તિ હોય છે. તેને સુંદર કપાટો. દાભડાઓ. બંધનો. ખાસ મકાન વગેરેમા સુરક્ષિત. જોઇને ખુશી થવાય તેમ હોય છે. જ્ઞાનની ભક્તિ થતી જોઇ તેઓનું હૃદય પ્રફુલ્લિત થતુ હોય છે. પરંતુ પછી? વિસર્જન વિગેરે તો કબજે આવ્યા પછીના કાર્યક્રમો છે અને બીજાને કબજે હોય તેને માટે તેમને ફાવે તેમ કરે, તેમાં બીજા કાંઈ પણ ફેરફાર કરાવી શકે, નહી.

૧૧ આનો અર્થ એ નથી, કે "તેના ઉપર સંશોધનો. વિવેચનો. વગેરે ન થાય, તેના ગહન તત્ત્વોની શોધો ન થાય, તેનો અભ્યાસ ન થાય." એ બધું જરૂર થાય એ બધુ થવું જ જોઇએ. શ્રી શાસન અને શ્રી સંઘની મર્યાદા મુજબ તેના સંચાલન નીચે યોગ્ય પાત્ર ત્યાગી જીવો મારફત મુખ્ય મુખ્ય મહાત્માઓના સંચાલન નીચે ભલે:સર્વ કાંઈ થાય.

૧૨ તે શિવાય, તેના તરફ કુદરતી અવિહડ પ્રેમ ધરાવતા આજના ભક્ત લોકોના સંતાનો પણ શંકિત થઇ, તેની નિંદા કરતા જશે. ઘણા યુવાનો બોલે છે, કે-"જૈનશાસ્ત્રોમા છે શુ? ઢકોસલા શાસ્ત્ર છે ઢકોસલા" આવી ભાષા જૈન ધર્મ પાળતા કુળમા જન્મેલા યુવકો બોલતા થાય, પછી શું બાકી રહે છે?

૧૩. ભવિષ્યની પ્રજાના માનસમાથી શાસ્ત્રોનુ સ્થાન કાઢી નાખવાના લક્ષ્યને સફળતા મળી જાય, પછી શુ થઈ શકે?

કારણ કે ત્યાગી, મહાત્માઓ મારફત તેનો બોધ મળે તો જ તેના તરફ સન્માન ટકી રહે તેમ હોય છે અને ત્યાગી વર્ગ પણ જગતમા ત્યારે જ ઉત્પન્ન થતો રહે, કે, આગમોનો ઉપયોગ પોતાની રીતે ખરો ઉપયોગ થાય. માટે ત્યાગી વર્ગને દૂર રાખીને પ્રોફેસરો: સંશોધકો: ઐતિહાસિકોને વધારે વજન અપાય છે તે જ આગમોની શક્તિ નષ્ટ કરવાની પ્રક્રિયા સમજવી જોઇએ

[૬] ઘરમાંથી ઉઠતા ઘાનો શો ઉપાય ?

૧. જેઓ પરિણામે ખંડનાત્મક છતા વર્તમાનમા રચનાત્મક જણાતી યોજનાઓથી આકર્ષાઇને શ્રી આગમો અને શાસ્ત્રો માટેની આકર્ષક યોજનાઓમા ફસાઇને આજુબાજુના સંજોગોનો વિચાર કર્યા વિના "ધર્મ" સમજીને, શાસ્ત્રો તરફની ભક્તિ સમજીને, શુભેચ્છાથી સારી ભાવનાથી પોતાના નાણા મોટી સંખ્યામા તેની પાછળ આજે વાપરી રહ્યા છે, જો કે તેઓનો કોઈ દુરાશય નથી, પરંતુ અજ્ઞાન નદારોષો તરફ ઘસડી જાય છે તેઓને શી રીતે સમજાવી શકાય કે-"તમારી ભાવનામા દોષ નથી. પરંતુ દીલ્હી જવાની ઇચ્છાથી તમે મદ્રાસની ગાડીમા બેસી જાઓ છો. માટે દીલ્હીની ગાડીમાં બેસો નહીતર, પૈસા હેરાન થશે"

૨. વર્તમાનના અમાર્ગાનુસારી ધનવાનોની મોટા ભાગની મનોવૃત્તિ હોય છે કે “તે સન્માર્ગ તરફ જવામા વિઘ્નો નાખે, ને સન્માર્ગે જવા ન દે” એવા વલણો રાખનારાઓના હાથમા છે. તેથી તે ધન પણ એવા જ કર્તવ્યો તરફ દોરવી જાય.

૩. સલાહકારો પણ-પર-પ્રત્યય-નેય-બુદ્ધિ હોય છે. એટલે કે-તેઓ પણ બીજાઓની બુદ્ધિથી દોરાતા હોય છે. તેઓએ સ્વતંત્ર બુદ્ધિથી લાભાલાભનો અને પરિણામોનો વિચાર કરી નથી જોતો. એટલે તે સલાહકારોને પણ સમજાવવાનું અશક્ય જ હોય છે.

૪. ધનવાનોના એ સલાહકારો-જેઓના પ્રભાવથી દોરાય છે, તેઓના મગજ પણ બહારનાઓની વિચારસરણિથી દોરવાયેલા હોય છે. અને—

૫. બહારવાળાઓની દૂરગામી રચનાઓને સમજવી તો મુશ્કેલ હોય છે જ. કેમકે-તેઓ પોતાના ગૂઢ આદર્શો ને આશયો કદી સીધી રીતે ખુલ્લા કરતા નથી. બીજી રીતે ખુલ્લા જાહેર કરતા હોય છે, પરંતુ તે તરફ કોઇક અપવાદ સિવાય કોઇનું યે લક્ષ્ય ખેંચાતું નથી.

૬. ને પરિણામ આવ્યા પછી “રાણા પંડીનું ડહાપણ” ના કામનું ? જુના વખતના રાજા-મહારાજાઓ પોતડીઃ અંગરખી. પાઘડીઃ અને દેશી જોડા પહેરતા હતા. ત્યારપછી તેમના કુમારો પ્રીન્સ તરીકે જાહેર થયા તેઓને માટેના તોપોના માન-પાન નક્કી થયા અચકનઃ અંગરખાઃ સુરવાળ ચમ ચમતા બૂટ. ફગફગતા છોગવાળા ઝરીયન સાફાઃ મોટર બંગલા ધરાવતા થયા હતા ઉપરાંત, ઠાકોર કે ઠાકોરસાહેબને બદલે રાજા-મહારાજાને હિઝ હાઇનેસ તરીકેઃ તથા બીજી ઘણી ડીગ્રીઓ ધરાવનાર તરીકેઃ પ્રસિદ્ધ થતા રહેતા હતા. મોટા મોટા અંગ્રેજ અમલદારો ઝુકી ઝુકીને સલામો કરતા હતા. ને પોતે સત્તાના કેફમાં ચકચૂર રહેતા હતા. છતા માર્મિક લોકો અવ્યક્ત રીતે સમજી ગયા હતા, કે-“આ બધી ચમક એક દિવસ ભારે પડી જવાની છે.” અને થયું પણ એવું જ. કેમકે-તે અવાસ્તવિક ચમકમા જ વાસ્તવિક હાનિ છુપાયેલી હતી. હવે ગમે તેટલી સમજ આવે, તોપણ શું વળે તેમ છે? તે સારું થયું ? કે ખોટું થયુ ? તેની ચર્ચા અહીં કરવાની નથી પરંતુ જેઓ ટકી રહેવા માંગતા હતા. તેઓને ટકવા ન દેવાના તત્ત્વો આ રીતે જ તૈયાર થતા હતા. ઉપરની ચમક બધી ક્ષણિકઃ થોડા દશકા પુરતી જ. હતી. પરંતુ આ બધું તે વખતે તેઓને કોઇએ સમજાવવા કોશીષ કરી હોત, તો તેઓ તે વખતે માનત ? ન જ માનત.

૭. તે પ્રમાણે આજે આપણા શ્રીમંતોને સમજાવી શકાય તેવી સ્થિતિ નથી. આજે તેઓ પોતાના મનમા આવ્યા પ્રમાણે કરવાના આગ્રહવાળા હોય છે. અને પોતે પોતાને બહુ સમજદાર માનતા હોય છે

૮ જે લોકોની અર્ધદગ્ધ સલાહ ઉપર તેઓ ચાલતા હોય છે, તે સલાહકારોને પણ સમજાવવું મુશ્કેલ છે. કેમ કે-તેઓ પોતાની દેશ-વિદેશોમા આંતરરાષ્ટ્રીય વિદ્વાનો તરીકેની ખ્યાતિ ગુમાવવા જેટલી હિમ્મત ધરાવતા નથી હોતા, અને એક વખત સાચી માનીને આપેલી સલાહ ‘ખોટી હતી’ એટલી હદ સુધી સત્ય કબુલ કરવાની પણ હિમ્મત ભાગ્યે જ ધરાવતા હોય છે. ભૂલ કબુલ કરવામા ઘણી ઘણી નિખાલસતાની જરૂર પડે છે. તેની આધુનિક વિચારસરણીના લોકોમા આશા રાખવી આજે વધારે મુશ્કેલ છે.

૯ અહીં એક પ્રશ્ન એ થાય છે, કે-‘આજે પ્રેસો વગેરેની વૈજ્ઞાનિક સગવડો વધી ગઇ છે, તેથી છપાવવા વગેરેથી વધારે અનુકૂળતા અને વધારે લાભ લઇ શકાય છે. જ્યારે તે સાધનો ન હતા ત્યારની વાત જુદી હતી ’

આ પૂર્વાપરની પરિસ્થિતિની વ્યવસ્થિત સમજ અને વિચાર વિનાની વાત છે. આધુનિક, ભૌતિક વિજ્ઞાન અને સાધનો ની ઉત્પત્તિ માનવીના ક્યાયો સ્વાર્થવૃત્તિ: અને હિંસાવૃત્તિમાંથી–હિંસકભાવનાઃમાથી ઉત્પન્ન થયેલી છે. તે દોષોની શાન્તિ કરવા માટેની જ લાલચો પ્રચારીને, ' એ સાધનોને ઉપયોગી સમજીને પ્રજા સ્વીકારે. ' માટે તેનો પ્રચાર કરવામા આવ્યો હોય છે. ને ' સંસ્કૃતિ ધરાવતી જે પ્રજા છે તેની પાસે પણ તે સાધનોનો ઉપયોગ કરાવીને, તેને પોતાની રક્ષક જીવનસંસ્કૃતિથી ચ્યૂત કરવા માટે લલચાવવામા અને છેવટે તેના ઉપર બીજી રીતે આક્રમણ કરવામા એ સાધનો જ ઉપયોગી થાય તેમ હોય છે. ' એટલી દીર્ઘ–દૃષ્ટિથી તેનો બહોળો પ્રચાર કરવામા આવ્યો હોય છે આજે આ સૌ–કોઇ મર્મજ્ઞો સમજી શકે તેમ હોય છે.

આજે આત્મવાદના જીવન પોષક સાહિત્યની હજારો નકલો પ્રસિદ્ધ થાય છે. તે સંજોગોમાં સામા પક્ષના અનાત્મવાદ પોષક સાહિત્યની લાખો કે કરોડો અને પરિણામે અબજો નકલો પ્રચારમા આવી ચૂકતી હોય છે. એ જ તેના આક્રમણની મોટામા મોટી મુખ્ય સાબિતી છે. એ બધું કેમ થાય છે ? અને તેની શી શી યોજના છે ? તથા આજે કેટલી સ્થિતિ સુધી એ પહોચી શકી છે ? અને હજી પણ ભવિષ્યમા આથી વિશિષ્ટ કઇ સ્થિતિ સુધી તેને પહોંચાડવાનું છે ? તેને માટે ભૂતકાળમાં પાયો નાખવાની શરૂઆત કેવી રીતે કરવામા આવેલી હશે ? એ વિગેરે ઘણાં સૂક્ષ્મ વિચારનો વિષય છે. પરંતુ આજના પરિણામોનું બીજ પણ તેવી જ પ્રબળતાથી ભૂતકાળમા નખાયેલું હશે તે તો સૌ કોઇ સામાન્ય બુદ્ધિથી પણ સમજી શકે તેમ છે આજના ભૌતિક સાધનોથી આત્મવાદી પ્રજાએ અંજાવું. એ પગમાં કુહાડો મારવા બરાબર છે પરંતુ 'જમાનાને અનુસરો આગળ વધો.' વગેરે બૂમ–બરાડામા હિતકારી પીપુડીનો અવાજ ક્યાથી સંભળાય ?

૧૦ " તો પછી તમે આવા ગ્રંથો કેમ છપાવો છો ? ' આ પ્રશ્ન અમારી સામે આવે જ છે. તેનો સાચો જવાબ એ જ છે, કે–' કુવૃષ્ટિ ન્યાયે અમારે પણ સૌની સાથે ગાડા થવું પડે છે. ' પૂર્વાચાર્યોએ પણ લખ્યુ છે કે–' મ્લેચ્છોને સમજાવવા માટે તેની ભાષા બોલીને તેને સમજાવવું પડે છે. તેથી અનિચ્છાએ પણ તેની ભાષા બોલવી પડે છે. આવશ્યક કર્તવ્ય અને અનિવાર્ય સંજોગોમા કરવું પડે· તે બેમા મોટો ફરક હોય છે. અમારે અનિવાર્ય સંજોગોમા આ ખોટું કામ કરવું પડે છે.

કુવૃષ્ટિ ન્યાયની સમજ એ છે, કે–' એક વખત એવો વરસાદ થયો, કે–' તેનું પાણી જે પીએ, તે ગાડો થઈ જાય ' રાજા અને દિવાન શિવાય બધા લોકોએ તે પાણી પીધું તેથી સૌ ગાડા થયા. બન્ને બચી તો ગયા. પરંતુ સૌ તેને જ ગાડા કહેવા લાગ્યા અને ગાડાઓને શિક્ષા કરવા તૈયાર થયા. તેથી બચવા રાજા અને દિવાનને પણ પોતે ગાડા હોવાનો ઢોંગ કરવો પડ્યો. છેવટે પાછી સુવૃષ્ટિ થઇ ને સૌ ડાહ્યા થઇ ગયા.' આ એ ન્યાયનો ભાવાર્થ છે

[૭] શ્રી છેદસૂત્રો વિષેની ભ્રાંતિઓના નિરાસ

૧ કેટલાક બંધુઓ જૈન–છેદ આગમોથી ગભરાય છે. પરંતુ, તે પણ જૈન શાસ્ત્રોને સમ-જવાને યોગ્ય દૃષ્ટિના અભાવનું પરિણામ છે, કારણ કે–જૈનશાસ્ત્રો સાધક અને બાધક સર્વ કથન કરે [illegible] અને [illegible] સાધકનો ઉપયોગ કરવો અને બાધકનો ત્યાગ કરવો એ તેના હેતુ [illegible]

૨ જો કે, વર્તમાનમા કેટલાક આગમ ગ્રંથો પરિશિષ્ટમાથી જુદા-જુદા વિષયોને ઉદેશીને અધિકારી વિશિષ્ટ પૂર્વાચાર્યોકૃત **સંક્ષિપ્ત ઉદ્ધરણો** રૂપ છે, તેમા ગ્રંથોને ચીને લઈ-વિભાગ આજુ બાજુની ઘણી ઘણી વિશિષ્ટ બાબતો છોડી દેવી પડી હોય, એ બાબમા પણ છે. તેથી તેવા વિષયોના અનુસંધાનો આપણને પૂરા ન પણ સમજાય. તેથી ટીકાકારોને પરિશિષ્ટ આગમ પરંપરાના રૂપે ખાસ લખવું પડે છે. એટલા જ માટે ગીતાર્થ ગુરુ અને ગીતાર્થગુરુ નિશ્રિત સિવાય બીજાઓએ તે શાસ્ત્રો ન વાંચવાની મર્યાદાઓ અનર્થના નિવારણ માટે બાંધી પડેલી છે. આથી આગમો વિષેની કેટલીક બાબતોથી ચકિતઃ અને શંકિત થયા વિના, તેના તરફનો સદ્ભાવ જરાપણ ઓછો ન થવા દેવો જોઈએ. કેમ કે, જગતમા સાંસ્કૃતિક સુવ્યવસ્થાનો તે જ મુખ્ય અને મહત્ત્વનો આધાર સ્તંભ છે

૩. શ્રી છેદ શાસ્ત્રોનું લક્ષ્ય-સંયમ-ચારિત્ર-ગુણની છેવટમા છેવટની હદ સુધીની છૂટ આપી શકાય ત્યાં સુધી લઈ જવાનું હોય છે. તેમ છતા-મર્યાદાની છેવટની હદ ન ઓળંગાય તેમા ખાસ હદ હોય છે. છેલ્લી હદ-સીમા તુટી કે અનાચાર. એ જ પ્રમાણે જેમ બને તેમ ઉંચી સ્થિતિ ટકાવી રાખવા સુધીનો તેમાં આગ્રહ હોય છે. ઉંચી સ્થિતિમા ટકી ન શકનાર માટે તેને લાયકની સમજપૂર્વકની નીચી કક્ષા ગોઠવી આપી હોય છે. એમ કરતા કરતા છેકસુધી લઈ જવાનું હોય છે ત્યાસુધી પ્રસ્તુત ગુણ સંયમ ચારિત્ર વગેરેને અક્ષત ગણવામા આવે છેઃ કાંઈ ન આવડે, પરંતુ એકડો ઘુંટતા આવડે, ત્યાંસુધી પણ તેને વિદ્યાર્થી માનવાને હરકત ગણવામાં ન આવે. અર્થાત્ છેવટના હદના પ્રાયશ્ચિતની લાયકાત સુધી વ્યક્તિને પ્રસ્તુત ગુણ-પ્રસ્તુત ગુણધારક માનવામા હરકત લેવામા આવતી નથી. તેથી પણ આગળ વધી જાય, તો પછી તે વ્યક્તિ તે ગુણની કક્ષામાથી બહાર ગણાઈ જાય છે એકંદર, જેમ બને તેમ ધર્મઃ અને ચારિત્રના રક્ષણ કરાવવાનો તે શાસ્ત્રોનો ઉદ્દેશ હોય છે. એ જ પ્રમાણે, શાસન તે શ્રી સંઘની મર્યાદાઓના રક્ષણ માટે પણ છેલ્લામા છેલ્લી કેટલી હદ સુધી જઈ શકાય? તેની વ્યવસ્થા બતાવીને માર્ગદર્શન આપવાનો ઉદ્દેશ હોય છે.

મુશ્કેલીના અસાધારણ પ્રસંગોમા-અનિવાર્ય સંજોગોમા-ચારિત્રના પાલનની અપેક્ષા રાખીને કેટલી હદ સુધીનુ આપવાદિક પાલન કરી શકાય? તેના ઉપાયો બતાવ્યા હોય છે.

એકંદર આધ્યાત્મિક વિકાસ પામવાની અપેક્ષાવાળા આત્માના બોધિબીજનો નાશ ન થાય, અને તે ટકી રહે, સાથે સાથે વૃદ્ધિ પામવાનો પાછો અવકાશ રહે, એવા લક્ષ્યથી બધી વિચારણા તેમા આપવામા આવી હોય છે માટે આગમના કોઈપણ ભાગ ઉપર અણગમો એ પોતાને માટે, બીજાને માટે, ભવોભવને માટે, વંશપરંપરા માટે, જૈન-શાસન માટે, સંસ્કૃતિને માટે, જગતને માટે, સન્માર્ગને માટે, વિશ્વના કલ્યાણ માટે પણ મહા-મહા અનર્થનું કારણ છે.

એક પણ પદ ઉપરનો અવિશ્વાસ રાખનારની દૃષ્ટિ મિથ્યાઃ વિકૃત હોવાનું શાસ્ત્રોમા કહેલું છે છેદસૂત્રના વિષયો શાશ્વત ધર્મની મૂળ ઇમારત સાથે સંગત સંબંધ ધરાવતા હોય છે

[૮] છેવટેઃ—

૧ અમારું કહેવું એટલું જ છે, કે-"સર્વજ્ઞ વીતરાગ પ્રભુએ વિશ્વના કલ્યાણને માટે જે ઉપદેશ આપ્યો છે, અને આગમાદિક રૂપે તેના જ અવશેષો આપણી પાસે છે, તે જગતની એક અસાધારણ ચમત્કારિક વસ્તુ છે." તેના રક્ષણમા-"સાહિત્ય અને પુસ્તકોનુ જ રક્ષણ માત્ર છે." એમ નથી. તેની પાછળ મહાઅહિંસક સંસ્કૃતિનો જીવન પ્રાણ ધબકે છે. એ તેની અતિ મહાન્ મહત્તા છે. ભલે તે ગ્રંથોના કદ નાના છે, ભલે તેના ગંભીર વાક્યો નાના હશે, પરંતુ તે વિશ્વકલ્યાણનુ મહાસાધન છે. તેથી પાત્ર જીવોના જ કબજામા તે રહેવા જોઈએ. પાત્ર જીવોના જ તે મળવા જોઈએ. અને તેની

મર્યાદામાં જ તેના પઠન-પાઠન થવા જોઇએ. અને જગતને ત્યાગી સંયમી મહાત્માઓ તેના બળથી સતત મળતા રહે, અને તે દ્વારા જનતાના જીવનનું ઉચ્ચ સંસ્કારી ધોરણ જળવાઇ રહે, તો જ જગતનુ કલ્યાણ છે. અન્યથાયોજનથી-જુદી રીતે જ તેનો ઉપયોગ કરવાથી તેનું અપમાન છે. સંસ્કૃતિ નાશ છે. વિશ્વકલ્યાણમાં મોટામાં મોટા વિઘ્નો છે.

૨ જ્યારે વિશ્વના એક મહાન ધર્મની મળ પરંપરાના અનુયાયિ શ્રીમંતો અને કેટલીક વ્યક્તિઓને પણ જ્યારે સમજાવી શકાતું નથી. તો જેની પાસે યોગ્ય પરંપરા નથી "પૂર્વના પુરૂષોએ શાસનઃ ધર્મઃ સંઘઃ શાસ્ત્રોઃ અને બીજા ધાર્મિક પ્રતીકોના રક્ષણ માટે કેવા-કેવા ઉંડા મૂળ નાખ્યા છે? અને તે મૂળોનો ઉંડો અભ્યાસ કરી તેને ઉખેડી ફેંકી દેવા માટે પશ્ચિમની ગોરી પ્રજા કેવા-કેવા ખંડનાત્મક છતાં રચનાત્મક જણાતા પ્રયત્નો આપણી જ મારફત અમલમા મૂકાવી રહેલ છે! તેમા ભારતની પ્રાચીન રાજ્યકીય પરંપરાનો પણ કેવી કેવી રીતે તેઓ ઉપયોગ કરે છે? બીજા કયા કયા સાધનોનો ઉપયોગ કરી રહ્યા છે? આજની સ્થિતિ ઉત્પન્ન કરવામા ભૂતકાળના પાશ્ચાત્ય વિદ્વાનોએ અને તેઓની સરકારોએ કેવા કેવા દીર્ઘદૃષ્ટિભર્યા પ્રયત્નો કર્યા છે? તેને માટે કયા કયા તેઓએ કષ્ટો સહન કર્યાં છે?" તેની કલ્પના સ્થાનકવાસી કે તેરાપંથી ભાઇઓને તો શી રીતે આવી જ શકે? જેથી તેઓમાંના આગળ પડતા ગણાતા ત્યાગી કે ગૃહસ્થોને સમજાવવાનું તો ઘણું ઘણું જ અશક્ય બની ગયુ છે. તેઓને એ ખબર નથી, કે "આપણી આગમ તરફની ભક્તિને એવી રીતે વટેવડાવાય છે, કે જેમા તેના જ અપમાન અને પ્રાણહરણ થાય."

તે વિદેશીઓએ પોતાનું હિત સમજીને જે પરિપાટી પાડી છે, તેનુ આપણે બીજી ઘણી બાબતોમા જેમ આંધળું અનુકરણ કરવા લાગી ગયા છીએ અને એ રીતે "આપણે જ ઉભી કરેલી સંસ્થાઓને સાર્વજનિક કે પબ્લીકની કાયદાથી ગણી લઇ તેના ઉપરઃકબજો કરી ભવિષ્યમાં તેના મનમાનતા ઉપયોગ કરવાના પોતાના અધિકારની પૂર્વભૂમિકા તૈયાર કરાવે છે." તે આપણે ખ્યાલમાં જ લેતા જ નથી.

૩ આજે માત્ર જ્ઞાન અને આચારમયઃ શાશ્વત ધર્મનો આદર વધતો જાય છે, વધારતો જવાય છે, પરંતુ તે એવી રીતે વધતો જાય છે, ને વધારાતો જાય છે, કે જેથી તે શિવાયના તેના બીજા મુખ્ય અંગો જેવા કે-પ્રભુનું સ્થાપેલ શાસન પ્રભુનો સ્થાપેલો શ્રી સંઘ, શાસ્ત્રો, મુનિ-સંસ્થાની સર્વોપરિ પ્રતિષ્ઠા તીર્થો તથા બીજા ધાર્મિક પ્રતીકો અને ચાર પુરુષાર્થની જીવન સંસ્કૃતિની ભયંકર ઉપેક્ષા વધતી જાય છે, એટલું જ નહી, પરંતુ તે સર્વના મૂળમા આપણે જ હાથે આગ ચંપાતી જાય એટલી હદ સુધી પરિસ્થિતિ પહોચી છે. બહારનાઓને કરોડો-અબજો રૂપિયા ખર્ચવામાં એ પ્રકારનો રસ છે, કે કેન્દ્રભૂત ભારતીય પ્રતીકોને તણખલા જેટલો પણ ધસારો પહોંચે, તો તે કરોડો અને અબજોના ખર્ચને તેઓ આનંદપૂર્વક સફળ માનતા હોય છે અને તે સર્વને સ્થાને પોતાની રચનાઓ દાખલ કરાવતા હોય છે આ તેઓના માનસનું ગૂઢતમ રહસ્ય છે

૪ તે આગમો કાગળો ઉપર નહી પરંતુ મહાત્માઓરૂપે જ્યારે તેના પુસ્તકોરૂપે અવતાર પામે, ત્યારે જ તે જગતના કલ્યાણના અનન્ય સાધનરૂપે બની રહે તેમ છે તેઓના જીવનરૂપે આગમોની જીવંત આવૃત્તિઓ જંગમ આગમોરૂપે જગતનું કલ્યાણ પ્રમાણ રીતે કરી શકે છે

૫ ધર્મની કે જૈન-ધર્મની જ્ઞાન પરંપરાના પૂર્વ પુરુષોએ આજ સુધી આગમો સાચવી રાખ્યા છે, તેની પાછળ કેવા કેવા ભોગ [illegible] તેના સુવિદિત [illegible] જોઇએ

૬ જો તુચ્છ સંવાદો નાટક ગેરેમા પેટ [illegible] આગમોથી જ ધર્મ અને સંસ્કૃતિ ટકવાના હોત, તો જગતની કોઈપણ [illegible] અને [illegible] શ્રમણ મુનિઓની પરંપરા તીર્થંકર ભગવંતો સ્થાપિત ન કરત [illegible] નાટક ગેરે ભજવનારાઓના ટોળાંના ટોળા ઉભા કર્યા હોત. માટે [illegible] આગમો તેમના જ હવાલામાં રહેવા જોઈએ. આગમો [illegible] તેને [illegible] રીતે શણગારવામા તેનું અપમાન છે. સારી રીતે [illegible]

૭ રૂપસંપન્ન અને બુદ્ધિકુશળતાવાળા પૂજ્ય સાધ્વીજી મહારાજને કોઈ [illegible] કે સત્તા, નાટક કે સીનેમાની એક્ટ્રેસ બનાવવા લાખો શું કરોડો રૂપિયા આપે, તો [illegible] આપણે તેમને લઈ જવા દઈએ કે? જાતને ભોગે પણ તેમનું શ્રમણપણામાં [illegible] રહેવા માટેનું રક્ષણ કરીએ. તે પ્રમાણે પૂજ્ય આગમો વિષે પણ સમજવાનું છે.

૮ ટ્રસ્ટ કરવા પૂર્વક આપણે આધુનિક [illegible] સંસ્થાઓ ઉભી કરીને, [illegible] રીતે તો આપણે પૂજ્ય આગમોને પરંપરાએ બીજાને જ હવાલે કરીયે છીએ. ઉપાશ્રયમાંના મુનિઓ હસ્તકના જ્ઞાનભંડારો અને કબાટો પબ્લીક ટ્રસ્ટ એક્ટના દબાણથી વહીવટદારોને સોંપી દેવા પડે, અને તે મારફત પબ્લીક કમીશ્નરનો તેના ઉપર અધિકાર થાય, તેથી એ જ્ઞાનભંડાર મૂળ જોખમદારોના હાથથી છુટી જાય છે, અને પબ્લીકની મિલકત બનાવી દેવાય છે. એ રીતે પરિગ્રહ રહિત થવાની ભાવનાથી જે પૂજ્ય પુરુષો એવી રીતે સોંપી દેવામા સંમત થાય છે, તેઓ આગમો તરફની પોતાની જવાબદારી અને જોખમદારીથી છુટા થયા છે એ બિનવફાદારીનો મહાદોષ તેઓને માથે ન આવી પડે, તે ધ્યાનમા ખાસ લેવાની બાબત ઉપેક્ષા કરવા જેવી નથી જ.

આગમ શાસ્ત્રો અને તેના પુસ્તકો સાચા ત્યાગી મુનિઓ માટે પરિગ્રહ નથી, પણ તેના ચારિત્રના જીવન પ્રાણ છે. તેને ભણવાઃ પાત્રોને ભણાવવા જ રાખવાઃ સાચવવા. એ શાસનની રક્ષાનું મહાન કાર્ય છે. જગતના કલ્યાણનું અદ્ભૂત કર્તવ્ય છે. આ તેનું સાચું રહસ્ય છે. પ્રભુએ તે તે વર્ગને જ સોંપ્યા છે. શ્રાવકો તેની વતી રક્ષણ કરે છે.

૯ મંદિરોમાના પ્રતિમાજીના દર્શન બે રીતે થાય છે—(૧) ભાવિક ભક્ત તેની આધ્યાત્મિકતામા પ્રેરણા આપવાની શક્તિથી રાજી થાય છે. (૨) ત્યારે આધુનિક શોધકો તેની આકૃતિ શિલ્પ વગેરેથી રાજી થાય છે.

બન્નેય બહાર આવીને પ્રતિમાજીની અદ્ભૂતતાના વખાણ કરે છે. પરંતુ બન્નેયની દૃષ્ટિમાં મોટો ફરક હોય છે. અને તે વખાણની પાછળના હેતુ તથા પરિણામોઃમા પણ મોટો ફરક હોય છે. શિલ્પના વખાણ કરનારાઓ તેના મસ્તક કપાવીને પણ તે ખરીદતા હોય તેવા દાખલા બહાર આવતા હોય છે ત્યારે ભાવિક ભક્ત તેને પોતાના વસ્ત્રનો છેડો પણ સ્પર્શી જાય, તો કંપી ઉઠતો હોય છે. વિરહ-કાતર-પ્રેમી પત્નીની સાડીના કકડાને કે કાગળની ચબરખીને પણ પ્રાણ સમાન ગણી છાતીએ લગાડતો હોય છે તેમ પ્રભુની હાજરી વિનાના કાળમાં આગમો અને પ્રભુપ્રતિમાને વિરહ-કાતર-ભક્ત, પ્રાણ-કરતા પણ અધિક માનતો હોય છે.

તે પ્રમાણે આગમો અને શાસ્ત્રોની પ્રશંસા અને વખાણમા તથા પ્રસિદ્ધિમા પણ આજે બે હેતુઓ કામ કરી રહ્યા છે તે સમજવું જોઈએ. આજે વાહવાહથી દીર્ઘદૃષ્ટિ વિના આપણે ગમે તે કરી બેસીએ અને તેના ભાવિ પરિણામો જ્યારે વિપરીત આવવા લાગે, ત્યારે કોણ તેને રોકી શકે? આપણા સંતાનોમાં એ તાકાત ભાગ્યે જ રહી હશે. અને તે પહેલાં તો તેના ઉપર બીજાઓનો સાક્ષાત્ કબજો થઈ ચૂક્યો હશે. અને તેનો આધુનિક દૃષ્ટિથી જે ઉપયોગ કરવો હશે તે ચાલુ થઈ ગયેલ હશે. માટે આજથી જ

ઉલટો રસ્તો ન લેવાઈ જાય, તેની કાળજી આજના જ વિવેકીઓએ અને આગમોના સાચા ભક્તોએ રાખવાની છે.

૧૦ મોટી મોટી લાઈબ્રેરી કે પુસ્તકાલયો પાછળ ખર્ચ કરી લાખો પુસ્તકો સાચવવા જતાં, મૂળ વસ્તુઓ જ જો આવી રીતે ભવિષ્યમા ચાલી જાય, કે તે જોખમમાં મૂકાઈ જાય, તો આપણે બધું જ ગુમાવ્યું ગણાય. માટે લાખો સાચવવા કરતાં મૂળભૂત સોને જ બરાબર સાચવવામા વધારે હિત છે. આ રહસ્યમય બાબતો છે. ઉપર–ઉપરથી વિચારવાથી સમજાય તેમ નથી.

૧૧ જેઓ કેવળ ભૌતિકવાદના જ અંદરથી ભક્તો છે, તેઓ આવી આજની બાબતોને ઉત્તેજે, તેમ કરવાની સલાહ આપે, તેમાં તો તેઓનો ઉદ્દેશ સફળ થાય છે, કે–" આત્મવાદ એક વખત મરે અને ભૌતિકવાદ જીતે " તેથી તેવી બાબતોની પેટ ભરીને પ્રશંસા કરે અને સલાહ આપે, તેમા તેઓનું શુ જાય ? તેઓના ઉદ્દેશોની તો સફળતા થાય. પણ તે આપણને કેમ પોસાય ?

પૃથ્વી ચપટી અને વિશાળ હોવાના પ્રમાણો

આધુનિક પ્રચારોથી પ્રભાવિત થયેલા કેટલાક જૈન વિદ્વાનો પણ જૈનશાસ્ત્રોમા બતાવેલા ભૂગોળ અને ખગોળના વિષયોમા શંકિત થઈ ગયા હોય છે. એ વાત ખરી છે, કે–આ વિષયમા સંતોષકારક ખુલાસા આ વિષયના તલસ્પર્શી અભ્યાસીઓ જ આપી શકે.

એ તો નક્કી છે, કે–આજની શોધો સ્થિર નથી. લગભગ માત્ર અભિપ્રાયો જ હોય છે તેમા ફેરફાર થતા જ રહે છે. જેમ કે–

પૃથ્વીઓ એકને બદલે લાખો હોવાનું આજે જણાવાય છે પાંચ કરોડ પ્રકાશ વર્ષના માપ જેટલા તારા દૂર હોવાના હેવાલો બહાર આવ્યા છે. વગેરે ઘણું ઘણું આવતું જાય છે. કેટલાક પ્રમાણો આ ભૂમિકાના પૃષ્ઠ ૪૫થી બતાવેલા છે.

ઉપરાંત, કેટલીક વિશેષ બાબતો જાણવામાં આવવાથી અભ્યાસીઓની જાણ માટે કેટલાક વિશેષ પ્રમાણો સૂચિત કરવામા આવે છે.

[૧]

"ઓસ્ટ્રો લોજીકલ મેગેઝીન" ના ૧૯૪૬ ના જુલાઈ અને ઓગસ્ટના અંકમા મેકડોનલ્ડ નામના એક અમેરિકન વિદ્વાને લખેલા **"પૃથ્વી ગોળ નથી પણ ચપટી છે"** એ વિષય પર દલીલો અને પ્રમાણોથી ભરપૂર એક લેખ પ્રસિદ્ધ કર્યો છે.

પૃથ્વીનો વ્યાસ લગભગ ૮૦૦૦ માઈલનો છે, તે વાત ખોટી ઠરાવી છે ને જણાવ્યું છે કે–

૧ અ કેપ્ટન જે. રોસ ઈ. સ. ૧૮૩૮ માં કેપ્ટન ક્રોસીયરની સાથે દક્ષિણ તરફ એન્ટાર્કટિક સર્કલ સુધી ગયા અને ત્યાં તેમને ૪૫૦ થી ૧૦૦૦ ફૂટ સુધીની ઉંચી એક બરફની દિવાલ મળી આવી અને તેની ઉપરના સપાટ ભાગ ઉપર ૪૦૦૦૦ ચાલીસ હજાર માઈલ સુધી ચાર વર્ષ સુધી ચાલ્યા.

આ વાત " [illegible] " [illegible]

આ દિવાલ હોવાનું બીજું આધુનિક પ્રમાણ

ઓસ્ટ્રેલિયન વૈજ્ઞાનિક સર હ્યુબર્ટ વિલ્કીન્સ સન ૧૯૨૮-૨૯ માં દક્ષિણ ધ્રુવની સફરે ગયાં ત્યારે ૨૦૦૦ ફૂટની ઉંચાઇએ ઉડતા વાવાઝોડું અને હિમવર્ષા [illegible] ૫૦૦ ફૂટની ઉચાઇએ નીચે આવ્યો અને ત્યાં તેની સામે બરફની દીવાલ દેખાઈ અને અકસ્માત થતાં બચી ગયો."

જન્મભૂમિ-પ્રવાસી [illegible]
[illegible]

૨ પૃથ્વીને ગોળ સાબિત કરવા માટે "સમુદ્રમા દૂર જતા વહાણોનું તળીયું ન દેખાતાં તેનો ઉપરનો ભાગ દેખાય છે. માટે પૃથ્વી ગોળ છે." એમ [illegible] છે. તેના [illegible] જણાવ્યું છે, કે "જેમ રેલ્વેના સમાન્તર બે પાટા આગળ જતા સાંકડા થઇ જતા ભાસે છે, તે જેમ દૃષ્ટિભ્રમ છે, તે પ્રમાણે આમા પણ દૃષ્ટિભ્રમ થાય છે. દૂરબીનથી જેના [illegible] તળીયું પણ દૂરથી દેખાતું હોય છે. તેથી પૃથ્વીના ગોળાકારની પાછળ ઢંકાતો વહાણનો નીચેનો ભાગ દૂરબીનથી પણ કેમ દેખાય'"

૩ "૩૦-૮-૧૯૦૫ થયેલું સૂર્યગ્રહણ પશ્ચિમીય અને ઉત્તર આફ્રીકા, ઉત્તર અંધ મહાસાગર, ગ્રીનલેન્ડ, આઇસલેન્ડ, ઉત્તર એશિયા, સાઇબીરીયા, બ્રીટીશ અને અમેરિકાના સંપૂર્ણ ભાગોમાં સ્પષ્ટ દેખાયું હતું"

જો અમેરિકા પૃથ્વી પાછળની બાજુમાં જ હોય, તો એક જ સૂર્યનું ગ્રહણ એકી સાથે બધા દેશોમા કેમ દેખાય? આવા આવા ઘણા પ્રમાણો અને દલીલો આપેલી છે. આ લેખ "અહિંસાવાણી" વર્ષ ૫ અંક ૭ માથી વાચી શકાશે.

[૨]

મી. કાર્પેન્ટર વિલ્યમે "વન હંડ્રેડ પ્રુફ્સ એટ્ ધી અર્થ નોટ એ ગ્લોબ" 'પૃથ્વી ગોળ નથી તેના એકસો પૂરાવા એ નામનું પુસ્તક લખેલું છે.

[૩]

"ભૂ-ભ્રમણ-ભ્રાંતિ" પુસ્તકના ૧ થી ૪ ભાગ અલીગઢથી ૧૯૮૦ માં પ્રસિદ્ધ થયા છે. તેમાં ૮૦ વૈજ્ઞાનિકોના મંતવ્યો બતાવીને યુક્તિપૂર્વક ભ્રાંતિ સાબિત કરવામા આવી છે.

[૪]

૨-૫-૧૯૪૮ ના "સન્ડે ન્યૂઝ ઓફ ઈન્ડીયા" માં હેન્રી ફેસ્ટરના "હાઉ રાઉંડ ઈઝ ધી અર્થ?" એ લેખમા વિલ્યમ એડગલ વૈજ્ઞાનિકના મત પ્રમાણે પૃથ્વીના ચપટાપણું સિદ્ધ કર્યું છે.

—પરમપૂજ્ય એક વિદ્વાન મુનિમહારાજશ્રીની નોધપોથીમાંથી.

[૯] હિંસા: અહિંસા: સત્ય: અસત્ય: વગેરેનું રહસ્ય:

૧૮ પાપસ્થાનકમાંના પહેલા હિંસાપાપસ્થાનક અને તેના ત્યાગની ગંભીર વિચારણા:

૧ જંતુ-જાતથી ભરેલા આ સચરાચર વિશ્વમા સર્વથા હિંસાથી રહિતપણે જીવવુ. એ યોગિઓને માટે પણ દેખીતી રીતે સર્વથા અશક્ય જ છે. અને જો એમ જ હોય તો પછી-અહિંસાને ક્યાયે ય સ્થાન સંભવી શકે જ નહીં. અહિંસાની વાત કરવી તે પણ નકામી અને વાહીયાત જ ગણાય. પરંતુ એમ નથી અહિંસાની અનેક રીતો સંભવિત છે.

૨. અહિંસા બે રીતે સંભવે છે–૧. **વ્યવહાર નયથી**ં અને **નિશ્ચય નયથીઃ**

વ્યવહાર નયથીં—જેમ બને તેમ શુક્લ લેશ્યાની અભિમુખ જીવન જીવવું: એટલે ત્યાગઃ તપઃ સંયમ પૂર્વક દીર્ઘાયુજીવન જીવી શકાય તેવું જીવન રાખવુંઃ તે પણ **અહિંસા** છે.

નિશ્ચય નયથીઃ—આત્મભાનમાં પરમ જાગૃતિ અસ્ખલિત જાગૃતિ માટેની સાવચેતીઃ તે પણ **અહિંસા** છે. એટલે કે-રત્નત્રયીની સાધના એ મુખ્ય અહિંસા છે. તેનાથી નિરપેક્ષ એવા જીવનમા–હિંસા પણ હિંસા અને અહિંસાઃ પણ હિંસા રત્નત્રયી (સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર) ની સાધના સાપેક્ષ જીવનમા–હિંસા પણ અહિંસા અને અહિંસા પણ અહિંસા છે. એ જ પ્રમાણે–તેથી નિરપેક્ષ જીવનમા–સત્વ અને અસત્ય બન્ને ય અસત્ય છે. અને તેથી સાપેક્ષ જીવનમાં–સત્ય તે પણ સત્ય અને અસત્ય પણ સત્ય છે. એ પ્રમાણે બીજા દરેક ગુણો વિષે સમજવું. આ એક સૂક્ષ્મ બુદ્ધિથી સમજવા યોગ્ય તત્ત્વ છે. માટે, તથા–પ્રકારના અધિકારી પુરુષો પાસે હિંસા–અહિંસા તથા સત્ય–અસત્યનું રહસ્ય સમજવું જોઇએ. માત્ર–આધુનિક શબ્દોથી દોરવાઇ ન જવું જોઇએ.

प्रमत्त–योगात् प्राण–व्यपरोपणं हिंसा–७–८ । સૂત્રમા વ્યવહાર નયનીઃ અને નિશ્ચય નયની એમ બન્નેય પ્રકારની હિંસાનું વર્ણન થયુ છે. પ્રાણવ્યપરોપણ પ્રાણવિયોગ એ વ્યવહારથી હિંસા છે. અને પ્રમત્ત યોગ એ નિશ્ચયથી હિંસા છે. દેખીતી રીતે હિંસા ન કરવા છતા **પ્રમત્તયોગ**-હિંસારૂપે પરિણમે છે. અને હિંસા થઇ જાય, છતા **અપ્રમત્તયોગઃ** અહિંસાપણે પરિણમે છે. આ રહસ્ય છે.

૩ આ વિચાર કરવાની અહીં આજે એ મુદ્દા ઉપર જરૂર છે, કે–આજે માનવીઓની અને માનવેતર પ્રાણીઓની હિંસા છડેચોક અસાધારણ મોટા પાયા ઉપર વધી રહી છે. અસત્ય અને અપ્રામાણિકતા વધી રહ્યા છે. માનવતા અને સરળતાનો ઘાત વધી રહ્યો છે. માયાઃ પ્રપંચ વગેરે એક રોજંદા માત્ર વ્યવહાર જેવા બનતા જાય છે કેમકે–આજની પ્રગતિ એ પાયા ઉપર જ વિકસે છે. છતાં અહિંસા સત્ય માનવતા પ્રામાણિકતા નિખાલસતા સેવાઃ દયા નીતિ પ્રેમ વગેરે શબ્દોનો વપરાશ અને પ્રચાર ખૂબ ખૂબ મોટા પ્રમાણમા વધતો જ જાય છે. તો કે–આજે વાસ્તવિક રીતે ખંડનાત્મક છતાં રચનાત્મક રીતે એવા ઘણા ઘણા નૈતિક અને ધાર્મિક શબ્દોનો છૂટથી ઉપયોગ થાય છે. પરંતુ, તેના અર્થની પરિભાષા આજે તદ્દન જુદી જ ઘડવામા આવી હોય છે. તેથી, શબ્દો તે જ રહેવા, અને અર્થથી તેના જુદા અર્થો વ્યવહારમા ને રૂઢરૂપે પ્રચારમા આવતા જાય, ને પરિણામે પણ વર્તનમા જુદા જ આવતા જાય, તેવી મોટા પાયા ઉપર ગોઠવણો થઇ છે. આવી રીતે વિપરીત અર્થના હેતુથી વપરાતા જોતાં કે–દ્વિઅર્થી રીતે વપરાતા શબ્દોનો એક નાનકડો કોશ થાય તેમ છે. પરંતુ તે વિસ્તારથી સમજાવવાનો અહિં અવકાશ નથી, તેથી **પંચશીલઃ** વગેરે રચનાત્મક અને સુંદર શબ્દોથી બરાબર સમજ્યા વિના કોઇએ ભ્રાન્તિમા પડવાની જરૂર નથી.

છે. **નીતિ: અને સદાચાર:** વિનાની આર્થિક પ્રાપ્તિ અને વિષયોપભોગો તે અર્થ અને કામ કહેવાય. પરંતુ તેને પુરુષાર્થનુ નામ ન જ આપી શકાય.*

જો કે એ બન્નેય સ્વતંત્ર રીતે વાસ્તવિક રીતે પુરુષાર્થ નથી. પરંતુ મોક્ષ મુખ્ય પુરુષાર્થ છે. તેનું સાધન ધર્મયુક્ત જીવન. છે. માટે, મોક્ષના કારણ તરીકે-**ધર્મને પુરુષાર્થનું નામ** આપવામા આવેલું છે. અને નીતિ સદાચારઃ પણ ધર્મના અંગો હોવાથી પરંપરાએ ધર્મ વૃદ્ધિના કારણભૂત હોવાથી, તે યુક્ત અર્થઃ કામઃ ને પણ પુરુષાર્થનું નામ ઉપચારથી આપવામા આવેલ છે નહીંતર, આધ્યાત્મિક દૃષ્ટિથી તો તે લુંટઃ અને પાશવતાઃ ગણાય. ઉપદેશઃ આજ્ઞાઓ, જાહેર સદ્ભાવનાઓઃ વગેરેથી તેને નિયંત્રણમા રાખવા છતાં, ઉદ્દામ માનસિક વૃત્તિઓ ધરાવતી વ્યક્તિઓ જ્યારે અર્થઃ અને કામ પુરુષાર્થની વ્યવસ્થાના નિયમોમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરે, ત્યારે તેવા સંજોગોમાં જ્યારે તેને કાબુમા લાવવાના બીજા કોમળઃ અને રચનાત્મકઃ ઉપાયો. ન રહે, ત્યારે તેને નિયંત્રણમાં લાવી, ધર્મપુરુષાર્થને મદદ કરવા ન્યાયના પાયા ઉપર રાજ્યવ્યવસ્થાની ગોઠવણ અહિંસક મહાપુરુષોએ ગોઠવી આપી છે. જેનો સમાવેશ મુખ્યપણે **અર્થ પુરુષાર્થમાં** કરવામાં આવેલો છે. અર્થાત્-ચાર પુરુષાર્થની જીવન સંસ્કૃતિની મર્યાદામાં રહીને જીવવુંઃ તેનું નામ પણ અહિંસા છે. આ અહિંસાનો મુખ્ય પાયો છે. તે સિવાય જીવવુંઃ એ પણ જાહેર હિંસા છે.

આ અહિંસા કાયમ માટે જાહેર રીતે યોગ્ય ભૂમિકા ઉપર ટકી રહે, માટે મોક્ષાનુકૂળ ધર્માનુષ્ઠાનોની પ્રવૃત્તિ ચાલુ રહે, તે પણ અહિંસાને જગતમાં ને વ્યક્તિના જીવનમાં ટકાવવા માટેનું એક મોટામા મોટુ સાધન છે. માટે તે પ્રવૃત્તિઓ પણ અહિંસારૂપ છે. ને ચાલુ રહે, તો જ જગત્માં અહિંસા પોતે પણ વ્યાપક રીતે જીવી શકે, અર્થાત્—

(૧) અહિંસક મહાપુરુષોની મહાદયામાંથી ચાર પુરુષાર્થની જીવનવ્યવસ્થા જન્મી છે. તેથી તે અહિંસાત્મક કહી શકાય છે.

(૨) "તેની છાયામાં રહેલા આત્માઓની જેમ બને તેમ હિંસા ઓછી થાય." તેવી તેમા ગોઠવણ છે. માટે અહિંસાને વેગ મળે છે. તેથી તે પણ અહિંસા છે.

(૩) તેની છાયામાં રહેલા લોકો જેમ બને તેમ સાદું સ્વાભાવિક. અને તપ ત્યાગ સંયમ ને ઓછી જરૂરીઆતોથી જીવી તો શકે છે, છતાં તેના આરોગ્ય. અને દીર્ઘાયુષ્યઃ ઉપર ખોટી અસર ન થતાં ઉલટી સારી અસર થાય, તેવું જીવન જીવે. જેથી બીજા જીવોની જેમ બને તેમ ઓછી હિંસાથી-શુક્લલેશ્યાની અભિમુખ મનોવૃત્તિથી-જીવી શકાય. તેથી પણ અહિંસા જ પળાય છે. માટે, તે પણ અહિસા છે. અને—

(૪) જેમ બને તેમ બીજા જીવોનુ રક્ષણ કરવાની અહિંસક ભાવનાથી રક્ષણ કરવાના પ્રયત્નો કરવામા આવેઃ જાહેરમા તે જાતનું વાતાવરણ રાખવામા આવે. જાહેર જીવન તે જાતનુ ગોઠવવામા આવે. તે પણ અહિંસા છે.

(૫) આમ ધર્મપ્રધાન માનવી જીવન-સંસ્કૃતિ સાથે ચાર પ્રકારે અહિંસા ગુપ્તપણે-ગૂઢપણે જોડાયેલી છે. પ્રથમ તીર્થંકર પ્રભુએઃ તેનો પાયો રોપ્યો છે, અને પછીના તીર્થંકરોએ તથા તદનુસારી બીજા સંખ્યાતીત મહાત્માઓએ તેને વખતોવખત વેગ આપીને ટકાવેલી છે. જેને પરિણામે-કરોડો વર્ષ

---

* परित्यजेदर्थ-कामौ यौ स्याता धर्म-वर्जितौ।

"ધર્મ વિનાના અર્થઃ કામઃનો ત્યાગ કરવો જોઇએ." મનુસ્મૃતિ અ૦ ૪-૧૭૬.

પણ જેમ બને તેમ સદાચારપૂર્વક જીવનારો અને બીજાઓને દાખલા રૂપ બને તેવો એક નાનો પણ આદર્શ અહિંસક વર્ગ જગતમાં અસ્તિત્વ ધરાવતો આવે છે. એટલે કે-જૈનધર્મના અનુયાયિઓ જેમ બને તેમ અહિંસક રીતે જીવન જીવતા હોય છે. એટલું જ નહીં, પરંતુ તેઓની આજુબાજુમા પણ તેઓની એવી અસર પડી છે, કે-બીજા લોકો પણ જેમ બને તેમ અહિંસક તરીકે જીવવા કોશીષ કરે છે. કચ્છ કાઠીયાવાડ ગૂજરાત મારવાડ માળવાઃ મેવાડ ના પ્રદેશોમાં આ પરિસ્થિતિનાં સાક્ષાત્ દૃષ્ટાંતો છે. અને બીજા પ્રદેશોમાં પણ મહાજનના આગેવાન તરીકે રહી જેટલી અસર પહોંચાડી શકાય તેટલી અહિંસાની અસર પહોંચી હોય છે. જ્યારે જગતમા ચોમેર તરફ હિંસા-હિંસા જ દેખાય તેમ છે, ત્યારે ઉપર જણાવેલા પ્રદેશો અગાધ હિંસાના ખારા સમુદ્રમા શીતળ મીઠા પાણીના બેટો જેવા જણાશે. એ સઘળો અહિંસાનો વિજય છે. ને હિંસા ઉપર નિયંત્રણોના પ્રતીકો છે. આથી ગુજરાતઃ સૌરાષ્ટ્ર. ના માનવોના જીવન સંસ્કારને તોલે દુનિયાના કોઇપણ માનવોનું જીવન આવી શકતુ નથી. તેનું મુખ્ય કારણ આ છે છતાં, જગત્ના પ્રામાણિક અને સબળ નેતા ગણાતા જૈનોમાં છેલ્લા ૧૫૦ વર્ષોથી કેટલાક લોકોમા જે સ્થિતિ થઈ છે, તે તો બહારની હિંસાવૃત્તિ અને સ્વાર્થવૃત્તિના સંપર્કનુ પરિણામ છે.

(૬) આવું સાંસ્કૃતિક જાહેર જીવન રાખવાથી પ્રજાઃ અને પ્રજામાના વિશિષ્ટ લોકો જ્ઞાન. ધ્યાન. તપઃ સ્વાધ્યાય ત્યાગઃ પરોપકાર ચિંતન મનન મા લાગેલા રહે છે. સન્માર્ગને શુદ્ધ કરે છે સંસ્કૃતિના એવા આદર્શ પ્રતીકો જેવા દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવો ઉત્પન્ન કરવાનો અવકાશ મેળવી શકે છે. તે મોટામા મોટી અહિંસાઃ અહિંસક સંસ્કૃતિનુ મોટામા મોટું ફળ જગતને પ્રાપ્ત થાય છે

(૭) બીજા પ્રદેશોમા પણ "જેમ બને તેમ હિંસક જીવન ન જીવવું." એવો માનસિક સંસ્કાર નો કોઈપણ ધર્મના સંપર્કને લીધે હોવાથી, ઓછા-વધતા પ્રમાણમા અહિંસક ભાવના જગત્ભરમા જીવતી જાગતી સ્ફુરાયમાનપણે રહેતી હોય છે.

(૮) હિંસાથી જીવવામા ઘણાને સંકોચઃ લજ્જા માનસિક ક્ષોભ પણ રહેતા હોય છે. "કોઈ રીતે કે નઠરપણા શિવાય, હિંસા વિના જીવી લેવાય તો સારું." એવી મનોવૃત્તિ જાહેરમા જણાતી હોય છે તે પણ અહિંસાનો થોડોઘણો પણ વિજય તો સૂચવે જ છે

૧ યદ્યપિ હિંસાથી જીવનારાઓની સંખ્યા જગતમા કાયમ માટે મોટી હોય છે અને મોટી હોય, એ સ્વાભાવિક છે. છતા તેઓની મનોવૃત્તિ ઉપર એ જાતની મોટે ભાગે અસર રહ્યા કરતી હોય છે, કે-"આપણે જે કરીએ છીએ તે સારુ નથી. સારા લોકો તે પસંદ કરતા નથી તેઓની દૃષ્ટિમા આપણું કામ "નિંદનીય છે" અને વાસ્તવિક રીતે પણ આપણું કામ નિંદનીય છે." એવો અન્તઃ કે અવ્યક્ત સંસ્કાર મનમા લોકોને મોટે ભાગે રહ્યા કરતો હોય છે એને જ અહિંસાનો વિજય [illegible] સમજવો જોઈએ અને મહાવિશ્વવત્સલ મહાપુરુષોની અહિંસા ભાવનાનો પડઘો પણ એને સમજવો જોઈએ.

મર્યાદાઓમા પ્રવર્તતા હોવાથી ધર્મગુરુઓનો [illegible] અને ધર્મપ્રધાન નગરોના પ્રભાવમાં આવતી હોવાથી જેમ બને તેમ અહિંસાને વેગ મળતો આવેલો છે, અને હિંસા ઉપર નિયંત્રણ રહેતું આવ્યું છે

૯ આ રીતે જૈનશાસન એ વિશ્વવ્યાપક મહાશાસન તરીકે [illegible] રીતે કે ગૌણ રીતે પોતાનો વિજય ડંકો બજાવતું આવે છે એથી [illegible] તેને લોકો—મહાશાસનને સર્વ સદ્ શાસનોના મૂળ કેન્દ્રરૂપ કહેવામા આવે છે

૧૦ ભારતની બહાર પણ ધર્મપ્રધાન પુરુષોની સંસ્કૃતિની મર્યાદાઓનું પાલન ઓછેવત્તે અંશે થતું હોવાથી અહિંસાનો જ વિજય ચાલુ રહેતો આવ્યો છે [illegible] તેમા ભારતની જ પ્રજાનું નેતૃત્વ મનાતું આવ્યું છે

અને ભારતની પ્રજામાં નાની સંખ્યામા છતા કેન્દ્રભૂત જૈનશાસનના અનુયાયિઓની મુખ્ય અસર અને મહાજનના અગ્રેસર તરીકે તેઓનો જાહેર જીવન ઉપર કાબુ રહેતો આવ્યો છે. એ રીતે પણ જૈનશાસન સર્વોપરિ રીતે માર્ગદર્શક તરીકે પાયો-હિંસા ઉપર શાસન અને નિયંત્રણ કરતું આવ્યું છે. માત્ર ધર્માંધ વૃત્તિમાથીઃ કે પક્ષપાત વૃત્તિથી. જૈનશાસનના વિશ્વવ્યાપકપણાની આ અમર વર્ણનામા નથી આવતી. વસ્તુસ્થિતિ જ આ જાતની જગત્‌મા ચાલી આવે છે મુસલમાન સલ્તનકાળમાં પણ ધીમે ધીમે તેઓના માનસ ઉપર પણ જૈનશાસનની અહિંસક ભાવનાએ સવારી કરી હોવાના ઘણા ઘણા દાખલાઓ અને પુરાવા મળે છે. જેમાંના ઘણાખરા જગજાહેર છે, જેથી આજે પણ પરંપરાગત ઘણા તત્ત્વો અખંડ રીતે ટકી રહ્યા છે.

૧૧ પરંતુ ઇ. સ ૧૪૯૨ પછી આજની નવી પ્રગતિનો પાયો નંખાયો ત્યારથી બદલાયેલી પરિસ્થિતિએ ધીમે ધીમે કેન્દ્રમાં પણ માઠી અસર ફેલાવી જગત્‌માં હિંસાઃ ભયંકર હિંસા શરૂ થઈ, અને તેનો જુવાળ વધતો વધતો ભારત દેશમા આર્યપ્રજામાઃ અને છેવટે જૈન જેવા કેન્દ્રસ્થ જીવતના કિલ્લામાઃ યે પ્રવેશતો જાય છે. અર્થાત્ જેને આધુનિક નવસર્જન ક્રાન્તિ યુગપલટો કહેવામા આવે છે, તેની જ્યાં જ્યાં જેટલી જેટલી અસર પહોંચી છે, ત્યાં ત્યા તેટલી ગુપ્ત કે પ્રગટ રીતે હિંસા પહોચી છે. ને વધુ હિંસા ફેલાવવાની પૂર્વ તૈયારીઓ થઈ રહી છે. જેમા ભવિષ્યમા પ્રજાઓની પ્રજાઓના ઉચ્છેદની મહાહિંસા ગોઠવાયેલી છે—માનવી મહાહિંસા ગોઠવાયેલી છે

૧૨ તેમા પણ હજારોઃ લાખો કેટલાક અનાર્ય માનવોની હિંસા કરતા એક પણ સંસ્કારી આર્ય માનવની કૃત્રિમ હિંસા વધી જાય તેમ હોય છે એ રીતે ભારતીય શ્રેષ્ઠ આર્ય માનવની હિંસા બીજાની હિંસા કરતા વધી જાય તેમ હોય છે. જૈન શાસ્ત્રમા નીચેના ભાવાર્થનો લગભગ ઉલ્લેખ આવે છે, કે-

'હજાર મિથ્યાદૃષ્ટિ કરતા એક સમ્યગ્‌દૃષ્ટિ શ્રેષ્ઠ છે. હજાર સમ્યગ્‌દૃષ્ટિ કરતાં એક દેશવિરતિધર શ્રેષ્ઠ છે. હજાર દેશવિરતિધર કરતાં એક સર્વવિરતિધર, હજાર સર્વવિરતિધર કરતા એક આચાર્ય, હજાર આચાર્યો કરતા એક ગણધર મહારાજા અને હજાર ગણધર મહારાજાઓ કરતા એક તીર્થંકર-પ્રભુ શ્રેષ્ઠ હોય છે'

આ જ વસ્તુને બીજી રીતે વિચારીયે તો નીચી કક્ષાની ઘણી વ્યક્તિઓ કરતાં ઉચ્ચ કક્ષાની એક વ્યક્તિની હિંસા વધી જતી હોય છે. સામાન્ય બુદ્ધિથી પણ સમજાય તેવી વાત છે, કે—ઘણા સ્વયંસેવકો કરતાં એક નેતાની હિંસા મોટી ગણાય છે અને છે પણ તેમ. જો કે ગોરી પ્રજાની દૃષ્ટિમા ભારતીય આર્ય માનવની કૃત્રિમ હિંસાઃ અને તે સિવાયના માનવની હિંસામાં ભેદ ગણાતો નથી. પરંતુ એક ગૌરાંગ માનવની હિંસા સર્વથી વધારે ગણાતી હોય છે.

આ જ ધોરણે એકેન્દ્રિયાદિકની હિંસા કરતાં અધિક વિકસિત જીવોની હિંસા વધારે મોટી હોય છે. એટલા જ માટે પંચેન્દ્રિય જીવની હિંસામાં મોટી હિંસા વ્યવહારનયથી જણાવી છે.

"તો પછી કંદમૂળના જીવો નિગોદના જીવો હોવાથી ઘણા જ ઓચ્છા વિકસિત હોય છે. તેથી તેની હિંસા સૌથી ઓચ્છામા ઓછી ગણાવી જોઇએ ?"

"આ વાત બરાબર છે, છતા તેની હિંસા બીજા એકેન્દ્રિય જીવો કરતા વધારે છે. તેનું કારણ એ છે, કે-તેમા એક નાના શરીરમા અનંત અનંત જીવો હોય છે. તેથી તેની હિંસા વધી જાય છે. માટે તેનો ત્યાગ સૌથી પ્રથમ કરાવાય છે. સર્વ પાપોમાં પ્રધાન હિંસારૂપ પાપનો પ્રાથમિક કક્ષાનો ત્યાગ અનંતકાયનો કરાવીને ધર્મમાર્ગમા બાળજીવોને પ્રવેશ કરાવાય છે. અને સર્વ આરાધનાઓમા પ્રાથમિક આરાધના શ્રી જિનદેવના દર્શન-પૂજન દ્વારા શરૂ કરાવાય છે.

આજની પ્રગતિ ભવિષ્યમા ભારતીય આર્ય મહાપ્રજાના માનવોની કૃત્રિમ હિંસામાં પરિણમે. તો તે કેટલી બધી વાસ્તવિક મહાહિંસા ગણાય ? તે વાચક મહાશયો વિચારશે. કરોડો વર્ષ અને કરોડોના આત્મભોગે ઘડાયેલા સંસ્કારોથી સંપન્ન એક પણ પ્રજાજનની હિંસા કેટલી બધી હિંસા ગણાય ?

૧૩ "આવી મહાહિંસા ભવિષ્યમા મોટા પાયા ઉપર પ્રવર્તે, છતા જનતામા અને ભારતમા મોટો ક્ષોભ ન થાય" માટે ફરીથી જુદા જ ગૂઢ રીતે રાખેલા અર્થમા **અહિંસા** શબ્દનો વ્યાપક પ્રચાર કરવામા આવ્યો છે. જેથી જાહેરમા **અહિંસા** શબ્દનો રણકાર થયા જ કરે અને તેના પડદા પાછળ હિંસા અસત્ય વિગેરે ખૂબ ખૂબ જોરદાર રીતે આગળ આગળ વધતા જ જાય. સાચી અહિંસા સત્ય વિગેરેની હાસી મશ્કરી થતી રહે, તેની અપ્રતિષ્ઠા થતી રહે છે. સંજોગો અનુસાર હિંસા પણ અનિવાર્ય રીતે અહિંસારૂપે મનાતી જાય માટે તેવા સંજોગો પણ આર્થિક શોષણ વિગેરે દ્વારા ઊભા થાતા જવાય છે. જેમ કે શોષિત જનતા આજીવિકા અને બીજો જીવન વ્યવહાર મુશ્કેલ બનતા અનિવાર્ય સંજોગોમા તે હિંસાને પણ અહિંસા માનતા થાય

૧૪ એટલું જ નહી, પરંતુ "સાચી અહિંસાના પ્રણેતાશ્રી શ્રી ભગવાન મહાવીર પ્રભુ વિગેરેની પણ અહિંસા અને આજની અહિંસા એક જ છે" એવો ભ્રમ ઉભો કરીને તેઓના નામે પણ આજની અહિંસાને વ્યાપક કરવાના પ્રયાસો થાય છે એ તો અસત્યની ગજબની પરાકાષ્ઠા જ [illegible] અર્થાત્ "તે મહાપુરુષોને નામે પણ આજની જ હિંસામય અહિંસા પોષણ પામે" તેવી રચના કરી લેવામા, ગોઠવી લેવામા પાશ્ચાત્યોની વ્યવસ્થા શક્તિની પરાકાષ્ઠા ગણી શકાય, તે [illegible] શક્તિના વખાણ આપણે એટલા માટે કરી શકતા નથી કે તેના પરિણામે મહા મહાહિંસાના [illegible] રહી છે એ જ સહિત તેઓએ બે મહાપુરુષોની ઉપદેશેલી સાચી અહિંસાના પોષણમા વાપરી હોત તો આજે જગત્ ખરેખર અર્થમા અહિંસક સ્વર્ગ હોત

આજે સભાઓ મોટે ભાગે અજ્ઞાન જેવા [illegible] સંબંધી [illegible] પહીને [illegible] ના નામે યોજતા હોય છે જેમ, વર્તમાન [illegible] આજેવાન [illegible] પ્રમુખ [illegible] બોલાવે છે તેઓ પણ મહાવીર દેવની અહિંસાને વર્તમાન અહિંસાના [illegible] [illegible] પ્રભુને પાસે [illegible] અહિંસાને [illegible] [illegible] અહિંસાના તે ઉપદેશો, પ્રભુના [illegible] [illegible] તેવા જૈનોની [illegible] [illegible] હોય છે [illegible] [illegible] ઉપદેશ [illegible] હોય છે

૧૫ આ અહિંસા શબ્દના [illegible] પમાં દિગ્દર્શન કરાવવું આને જરૂરી [illegible] છે, તે તો અતિવિસ્તારપૂર્વક જ સમજાવી [illegible]

૧૬ આધુનિક પ્રગતિ [illegible] બાબતો કાયદા દ્વારા પ્રજા ઉપર [illegible]

પ્રકરણ ૩ જું : પ્રગતિની ભ્રામક કલ્પના:

" ઓગણીસમા સૈકાની મધ્યમાં યુરોપની [illegible] હિંદુ સમાજ [illegible] આવ્યો, અને તે સમાજના નેતાઓના મન જરા ડગમગવા લાગ્યા, [illegible] હિંદુસમાજમાં [illegible] એકપણ રીતરીવાજ જગતમાં મળશે નહીં, પરંતુ હિંદુસમાજમાં તે [illegible] કોઈ એક વિવક્ષિત સ્થળે દેખાય છે, સાર્વત્રિક રીતે નહી. હિંદુસમાજ આવા પ્રકારનો હોવાથી અને હિંદુઓના સર્વસાધારણ નિયમો ભૌતિક નહીં પણ આધ્યાત્મિક હોવાથી હિંદુજાતિઓના પરંપરાથી ચાલ્યા આવેલા આચાર જુદા જુદા છે. તેથી બધા આચારો ઉપર એકીસાથે આઘાત કરી શકાશે નહિ. પણ હિંદુના જેટલા શ્રેષ્ઠ ને અભિજાત[1] આચારો મનાયા હતા, તેના પર આઘાત થવા લાગ્યા."

" હિંદુએ પોતાની સમાજરચના જાતિ અને સમૂહના સ્વરૂપની બનાવી છે. તેવી રચના હિંદુ સિવાય બીજા કોઈપણ સમાજમાં દેખાતી નથી. તેથી "જાતિભેદવડે હિંદુસમાજનો નાશ થયો"[2] એવી અફવા ફેલાવા લાગી. શ્રેષ્ઠ આચારમાં "વિધવાવિવાહનો નિષેધ" કરેલો જોયો. ત્યારે વિધવા પુનર્વિવાહનો કાયદો પસાર કરાવી લીધો. **કનિષ્ઠ આચારોમાં શું વિધવા–પુનર્વિવાહ થતા ન હતા!**

" શારીરિક, માનસિક અને સામાજિક દૃષ્ટિએ અત્યંત હિતકારક [આ સિદ્ધાંત અમે ભરપુર પૂરાવા આપી સિદ્ધ કરવાના છીએ] એવું સ્ત્રીવિવાહનું વય તે સાહેબલોકોના સમાજમાં દેખાયું નહી." તેથી આ બે બાબતો પણ જંગલી છે, એમ નક્કી થયું.

" વિવાહિત સ્ત્રીએ અગર કોઇપણ શ્રેષ્ઠ સ્ત્રીએ જ્યાં એકાંતમાં કે લોકોમાં પરપુરુષ સાથે સંબંધ આવતો હોય, તેવા ઠેકાણે કોઇપણ પ્રકારનું કામ કરવા ઘરની બહાર જવું નહી." એવો હિંદુઓનો કડક નિયમ હતો. ત્યારે સ્ત્રીઓના આભાસિક હક્કોનો આશ્રય લઇ, તે નિયમ પર પણ આઘાત કરવામાં આવ્યો.

આવી રીતે બ્રાહ્મણોના નૈતિક મૂલ્યો બધે ત્યાજ્ય મનાયા, અને શૂદ્રોના નૈતિક મૂલ્યો પ્રધાન મનાવા લાગ્યા. અને તેનો ધીમે ધીમે પ્રસાર થવા લાગ્યો. હાલે–સ્પર્શાસ્પર્શ ભક્ષ્યાભક્ષ્ય પેયાપેય વગેરે એકેએક બાબતોમાં શૂદ્રોના અનિર્બંધ આચારો સમાજમાં પ્રધાન મનાવા લાગ્યા છે. અને "આને જ સમાજસુધારણા કહેવી" એમ સમાજસુધારક નામનો પ્રાણીવર્ગ આજ અમને કહેવા લાગ્યો છે.

અડિયલ મુસલમાનો માટે જે અશક્ય બન્યું, તે જ અંગ્રેજોએ માયાનો હાથ ફેરવી શક્ય કરવાની શરૂઆત કરી! અંગ્રેજો ધૂર્ત છે. "જ્યાંસુધી સમાજ નીતિશાસ્ત્રને છોડતો નથી, ત્યાંસુધી તે સમાજ અભેદ્ય છે." એ બાબત અંગ્રેજો સારી રીતે જાણતા હતા. તેથી "તેમના વિષે જ શંકા ઉત્પન્ન કરો, પછી એકવાર તેમના માનસ સંશયગ્રસ્ત થયા, કે એકપણ આચાર સ્થિર રહી શકશે નહિ અને સમાજનું વિઘટન પોતાની મેળે થશે. તલવારથી શરીરો જીતી શકાય છે, પણ મનો જીતી શકાતા નથી, તેથી મનો તો આ પ્રકારે જીતવા જોઇએ."

---

૧ યોગ્ય. ૨ નાશ થયો જ નથી માત્ર અફવા ફેલાયેલી છે.

પરંતુ, અંગ્રેજ થયો, તેથી શું થયું ? એના દેશમાં જે નીતિની કલ્પનાઓ પ્રચલિત હોય,[1] તે જ લઈ આવેને ? તે વખતે યુરોપના તત્ત્વજ્ઞોના મગજમા **પ્રગતિ**ની કલ્પનાઓનો સંચાર થયો હતો, તે જ **પ્રગતિ**ની કલ્પના તેઓ અહિં લાવ્યા અને અહિંના સ્વયમન્ય નેતાઓ–એટલે સર્વથી વધુ ખૂમરાણ કરનારાઓએ તે કલ્પના માન્ય કરી, અને હજુ પણ કરે છે! **પ્રગતિ** શબ્દ બધાની જીભ પર નાચવા લાગ્યો. અને હજુપણ નાચે છે. પરંતુ એ "પ્રગતિ" શબ્દથી આગળ કોઈએ વિચાર કર્યો જણાતો નથી. ..."

"પ્રગતિ થવાની છે તે કોની ?" "ધ્યેય કયું ?" કે "એકસરખી પ્રગતિ જ થતી જવાની ?" આજે જે પ્રગતિની વાતો થઈ રહી છે, તેને નથી દિશા કે નથી ધ્યેય ! 'તે પ્રગતિનો માર્ગ કયો ?' તે માર્ગથી ઇષ્ટસિદ્ધિ થશે જ, એનું પ્રમાણ શું ?

"જેટલું યુરોપના સમાજરચનાની પદ્ધતિને મળતુ, તેટલુ હિતકારક સુધરેલુ: અને પ્રગતિકારક" એવું સંભળાવા લાગ્યુ.

"સમાજના પ્રવાહમા જે તણાતો જશે, તે પ્રગતિપ્રિય !" તેની આજની પરિસ્થિતિ છે અને "તે પ્રવાહનો જે વિરોધ કરે તે **રૂઢિચુસ્ત:**" અથવા અર્થસૂચક દૂષણરૂપ મનાએલા શબ્દમા કહીએ તો "સનાતની છે."

"મનુષ્ય સુધર્યો" એટલે શુ થયું ? "શું એ શારીરિક દૃષ્ટિએ વધુ સુંદર અને સુદૃઢ બન્યો ? શું એના મગજની વૃદ્ધિ થઈ ? શું એની નીતિકલ્પનાઓની શક્તિ વધુ છે ?" વગેરે સર્વ દૃષ્ટિથી માનવનુ પરીક્ષણ થવું જોઈએ તેની સાથે "પ્રગતિ કોને કહે છે ?" "તેની કલ્પના શી હતી ? અને શી છે ? તે તત્ત્વચિંતકો પણ જાણે છે ખરા ?" એ બધું સમજી લેવુ જોઈએ ઉપરપર તો આજના સમાજમા જોઈએ તો કોઈ પણ વિષયના બે ચાર જંગી અને ભવ્યાભાસિ શબ્દો વાપરવા સિવાય વધુ વિચાર કોઈએ કર્યો જણાતો નથી

"કેવળ શારીરિક દૃષ્ટિએ પણ "આજનો માનવવંશ ૨૦૦૦૦ વર્ષો પહેલા [illegible] માનવ [illegible] કરતા વધુ સુંદર છે અને સુદૃઢ છે" એમ કહી શકાશે નહી"

'ભૌતિક સુધારણાથી અલંકૃત થએલા માનવની પંચેન્દ્રિયોની શક્તિ [illegible] માનવ [illegible] શક્તિ કરતા દેખાતી રીતે ઓછી છે"

૧ **પ્રાયશ્ચિત:**—મૂળ અને ઉત્તર ગુણોમાં થોડો પણ અતિચાર-દોષ લાગે તેની જે કાંઈ પણ અનુષ્ઠાન કરીને શુદ્ધિ કરવી તે.

પ્રાય:=મોટે ભાગે જેનાથી ચિત્ત=ચિત્તની શુદ્ધિ થાય, તે પ્રાયશ્ચિત્ત.

૨ **વિનય:**—મોક્ષાનુકૂળ જ્ઞાન અને ઉચિત પ્રવૃત્તિ, તેના આચરનારા અને તેના સાધનો તરફ બહુમાન, અને તે સૂચવનારી પ્રવૃત્તિઓ.

૩ **વૈયાવૃત્ય:**—વ્યાવૃત્તપણું, શાસ્ત્રના ઉપદેશે કરીને દોષોથી દૂર થઇ, સેવા-ભક્તિની પ્રવૃત્તિ.

૪ **સ્વાધ્યાય:**—યોગ્ય સમયે વિધિપૂર્વક પઠન-પાઠન વગેરે.

૫ **વ્યુત્સર્ગ:**—મહાત્યાગ.

૬ **ધ્યાન:**—મન-વચન-કાયાના યોગોની આગમવિધિપૂર્વક રૂકાવટ કરી-આત્મામાં નિશ્ચળતા-સ્થિરતા-આત્મપ્રદેશોમાં અચંચળતા સ્થાપિત કરવી.

તે દરેકના ભેદો:-

नव-चतुर्-दश-पञ्च-द्वि-भेदं यथाक्रमं प्राग् ध्यानात् ॥ ९-२१ ॥

ધ્યાનની પહેલા સુધીના પાંચ ભેદવાળું અભ્યંતર તપ અનુક્રમે નવ-ચાર-દશ-પાંચ અને બે ભેદવાળું છે. ૯-૨૧

[સા૦ બો૦] ધ્યાનના ચાર ચાર પેટા ભેદો સાથે મુખ્ય ચાર ભેદ આગળ ઉપર વિસ્તારથી કહેવાના હોવાથી અહીં ધ્યાનના ભેદોની સૂચના કરવાનું ખાસ હેતુપૂર્વક છોડી દેવામાં આવ્યું છે.

જો કે આગમોમાં પ્રાયશ્ચિત્તના પારાંચિત સાથે દશ અથવા બીજી રીતે વીશ ભેદો બતાવ્યા છે, તો પણ સૂત્રકાર મહારાજાએ ૯ મું અને ૧૦ મું સાથે ગણાવીને ૯ ભેદો બતાવ્યા છે. એમ ટીકાકાર મહારાજાએ જણાવ્યું છે.

પ્રકરણ ૧૩ મું: પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ:

आलोचन-प्रतिक्रमण-तदुभय-विवेक-व्युत्सर्ग-तपश्-छेद-परिहारोपस्थापनानि ॥ ९-२२ ॥

આલોચન, પ્રતિક્રમણ, તે બન્નેય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, પરિહાર, અને ઉપસ્થાપન, એ નવ ભેદે પ્રાયશ્ચિત્ત અભ્યંતર તપ છે. ૯-૨૨.

[સા૦ બો૦] પાપ આચારો એટલે કે સવ૦ અને નિ[illegible] દ્રવ્યથી અને ભાવથી થએલ દોષો કે જે આશ્રવ અને કર્મબંધન[illegible] હોય, તેની શુદ્ધિ માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, પાત્ર, [illegible], દોષ, [illegible] પૃથ્વીકાયાદિ કાય, જાતિ, ગુણો વગેરેમાં જે જાતની સંયમની [illegible] શક્તિ, શારીરિક શક્તિ, શરીર વગેરેને આધારે ગુરુ જે ઉપાય બતાવે [illegible] સેવવામાં આવે છે. પ્રાયશ્ચિત્ત આપનાર લેનાર કયા? તેની રીત [illegible] આપવું? તેના ઘણા બારીક નિયમો છે, પંચાશક, પંચવસ્તુ [illegible] અને છેદગ્રંથોમાં તેના વિસ્તૃત ઉલ્લેખો છે. [illegible] શાસ્ત્ર છે, તેની જુદી જુદી પરિભાષાઓ [illegible] લાયક હોય તેને જ પ્રાયશ્ચિત્ત આપવાને લાયક [illegible] ન આપી શકે. તેવા ગુરુના જોગ વિના પણ પ્રાયશ્ચિત્ત [illegible]

૨ **પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત્ત.**—અતિચાર દોષો ફરી ન લાગવા તેનાથી પાછા ફરવુ તે પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત્ત છે. કેટલાક દોષો એવા હોય છે, કે જે માત્ર આલોચનાથી શુદ્ધ થતા નથી પરન્તુ તે માત્ર પ્રતિક્રમણથી શુદ્ધ થઈ શકતા હોય છે, તેને માટે પ્રતિક્રમણ કરવું પડે છે.

પ્રતિક્રમણ એટલે "મે મારી ભૂલ-દોષ જાણ્યા છે, પરંતુ તે ખોટું કામ થયું છે," એમ પશ્ચાત્તાપપૂર્વક ભૂલની કબુલાત સ્પષ્ટ શબ્દોમાં કરવી અને 'તે ભૂલ શુદ્ધ થઇ જાઓ' એટલે 'મિથ્યા મે દુષ્કૃતમ્' અર્થાત 'મિચ્છા મિ દુક્કડં' બોલી ઇચ્છા કરવી તથા ભવિષ્યમા ફરીથી તેવી ભૂલ થવા દઇશ નહિ, એમ પચ્ચક્ખાણ કરવાની-તે ન કરવાની ખાત્રી ઉચ્ચારવી અને તેની શુદ્ધિ માટે ઇર્યાપથિકા પ્રતિક્રમણાદિનો કાયોત્સર્ગ, મન-વચન-કાયાને ધ્યાન-મૌન-આસનની સ્થિરતાપૂર્વક લોગસ્સ-નમસ્કારમંત્રાદિ સત્સ્મરણાદિ કરવા, તે કાયોત્સર્ગ. જેથી અતિચારની શુદ્ધિ થઇ જાય, એકલા પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્તમાં કાયોત્સર્ગ સુધી પહોંચવાનું હોય છે.

૩ **ઉભય-આલોચના અને પ્રતિક્રમણ**—કેટલાક દોષો એવા હોય છે કે-બન્નેય કરવાથી તે શુદ્ધ થઇ શકે તેવા હોય છે. તેની શુદ્ધિ માટે બન્નેય પ્રકારના પ્રાયશ્ચિત્ત કરવા પડતા હોય છે, પાંચેય પ્રતિક્રમણના વિધિઓમાં-આ બન્નેય પ્રકારના પ્રાયશ્ચિત્તોની વ્યવસ્થા રાખવામાં આવેલી છે. દેવસિઅં રાઇઅં આલોઉં ? થી આલોચના શરૂ થાય છે. અને સવ્વસ્સવિથી પ્રતિક્રમણ શરૂ થાય છે. તથા અબ્ભુટ્ઠિયોથી ગુરુને લગતા થએલા દોષોનું સ્વતંત્ર આલોચના પ્રાયશ્ચિત્ત થાય છે, તે ઠેઠ આયરિય ઉવજ્ઝાએ સુધી થાય છે, એ પ્રમાણે દેવસિક આલોચના પ્રાયશ્ચિત્ત પછી તુરત જ પાક્ષિક ચાતુર્માસિક અને સાંવત્સરિક આલોચના અને પ્રતિક્રમણ શરૂ થાય છે, તે પહેલા તે ક્રિયા શરૂ કરવાની પ્રસ્થાપના કરવા માટે, પક્ખી-ચાતુર્માસિક-સાવત્સરિક મુહપત્તિ પડિલેહાય છે. વડિલ મહાપુરુષોને વંદન અને અભ્યુત્થાન ક્ષમાપના થાય છે. પછી અતિચારોનુ આલોચન વિસ્તારથી થાય છે. પછી, પાચ મહાવ્રતાદિક-મુનિધર્મનું સ્વરૂપ ધ્યાનમા લેવા, મુનિઓ પાક્ષિકસૂત્ર બોલે છે, ને તે પ્રસંગે યાદ કરેલા અતિચાર દોષોનું પ્રતિક્રમણ, ત્યાર પછી પગામ સજ્ઝાય સૂત્ર બોલીને મુનિ મહારાજાઓ અને વંદિત્તુ સૂત્ર બોલીને શ્રાવક-શ્રાવિકાઓ પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કરે છે. અને પછી તુરત જ કાયોત્સર્ગ ૧૨-૨૦ અને ૪૦ લોગસ્સના આવે છે, પછી છેલ્લે મુહપત્તિ-વંદનાપૂર્વક સમાપ્ત ક્ષમાપના કરીને પાક્ષિકાદિક પ્રતિક્રમણાવશ્યક ત્યાં પૂરા થાય છે. અર્થાત્-દૈવસિક આલોચના પ્રતિક્રમણની સાથે જ પાક્ષિકાદિકનાં આલોચના પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્તો શરૂ કરી દેવામા આવેલા છે, દૈવસિક અભ્યુત્થાન ક્ષમાપના પણ પછી જ થાય છે એ પાક્ષિક આદિક પ્રતિક્રમણુમાં પણ ૬ આવશ્યકો તથા ત્રણ ગમ તેમા સચવાઇ જાય છે. ત્રણ ગમ તરીકે ત્રણ કરેમિ ભંતે આવે છે. ૧ પાક્ષિકસૂત્ર, સામાયિકરૂપ આવે છે. ૨ કાયોત્સર્ગ અને પછી ૩ લોગસ્સ-ચતુર્વિંશતિ સ્તવ આવે છે, ૪ પગામ સજ્ઝાય અને વંદિત્તુ પ્રતિક્રમણ તરીકે આવે. અતિચારોનું કથન આલોચન તરીકે આવે છે,

૫ વચ્ચે વચ્ચે આવતા વાંદણાથી ગુરુવંદનો થાય છે [illegible] પ્રત્યાખ્યાન તો કોઈ ને કોઈ તપરૂપે હોય જ છે, જે પાક્ષિકાદિકના પ્રાયશ્ચિત્તરૂપે કરવાના હોય છે. જે [illegible] કરવાથી "પડિક્કમણું" બોલવામાં આવે છે, આલોચના પ્રતિક્રમણ સાથે [illegible] દોષોની પણ પ્રત્યેક સાથેની ક્ષમાપના અને સકલ સંઘને મિચ્છામિદુક્કડ‌દાન [illegible] થઈ જાય છે. અને છેલ્લે ગુરુ-શિષ્ય-સંબંધનું પુનરુચ્ચારણ-ચાર ખામણા [illegible] થઈ જાય છે, આ રીતે દેવાસિક આલોચના પ્રતિક્રમણની લગોલગ પાક્ષિકાદિક છ આવશ્યક. [illegible] ગમ તથા બીજા જરૂરી પ્રસંગો સાથે થઈ ગયા બાદ દેવસિક ગુરુ-ક્ષમાપના [illegible] કાયોત્સર્ગો વગેરે પછી થાય છે, આમ પાંચેય પ્રતિક્રમણના વિધિઓમાં [illegible] પ્રાયશ્ચિત્તો જોડાજોડ થાય છે. ગમણા-ગમણે અને [illegible] બોલવા તથા મુનિઓના દૈવસિક અતિચાર વગેરે દેવસિક-[illegible] આલોચના [illegible]

આ ઉભય પ્રાયશ્ચિત-અધિક છતાં સમિતિ-ગુપ્તિમાં પ્રમાદ [illegible] કરી નાખનાર, વિનયમાં ખામી રાખનાર, ઈચ્છા-મિચ્છા-તહત્તિ વગેરે [illegible] સાધુ સમાચારી પાળવામાં ખામી રાખનાર, નાના [illegible] આચર્યા વિના બગાસા. ઉધરસ, છીંક, પવન છોડવો [illegible] વિકથાદિ કરી નાખનારને તે બન્નેય પ્રાયશ્ચિત્તો કરવાના હોય છે.

છે. કાયોત્સર્ગ ધ્યાનરૂપ હોવાથી દર્શન ... ત્યારે મનોયોગની શુદ્ધિ કરનાર છે, મન-વચન-કાયાનું જે નિગ્રહયોગમાં પરિણામરૂપ છે. ધ્યાનયોગરૂપ ચિત્ત જય રૂપ છે. અને ઉત્તમ સ્મરણરૂપ પરિણામ છે જેથી શુદ્ધિરૂપી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, અને પછી વિશેષ આરાધનારૂપ નિર્જરાયોગમાં મન [illegible] ખાસ જોડી શકાય છે. એટલા માટે સામાયિક-વંદના-ચૈત્યવંદના પડિલેહણા પ્રમાર્જના વગેરે પહેલાં ઇર્યા પથિકા પ્રતિક્રમણ યા ઇચ્છામિ ઠામિ [illegible] કાયોત્સર્ગો કરવાના વિધિ છે ઉપરાંત મુનિઓને-શ્રી સંઘને ખાસ ખાસ પ્રસંગોએ અનેક જાતના કાયોત્સર્ગો કરવા હોય છે. ગમનાગમન, [illegible] સ્વપ્નદર્શન, શ્રુતજ્ઞાનની શરૂઆત, વિહારના પ્રસંગોમાં હોડી-વહાણમાંથી ઉતર્યા પછી, સ્થંડિલ માત્રુ કરી આવ્યા પછી, ક્ષુદ્રોપદ્રવ-વિઘ્ન-અશાંતિ પ્રસંગે પણ કાયોત્સર્ગ કરાય છે.

કાયોત્સર્ગ જેમ દોષોની શુદ્ધિ કરે છે, તેમ ધ્યાનયોગ હોવાથી-સામાયિક-વંદના-ચૈત્યવંદના આદિ આરાધનારૂપ પણ બની શકે છે, અર્થાત્ કાયોત્સર્ગ વિરાધના દૂર કરવાનું અને આરાધના કરવાનો પણ એક યોગ છે. હવે પછીના પ્રાયશ્ચિત્તો પણ તે પ્રમાણે સમજવા.

૬ **તપ પ્રાયશ્ચિત્ત**–તપ પ્રાયશ્ચિત્ત સ્વયં અભ્યંતર તપ છે. વિશિષ્ટ દોષોની શુદ્ધિ માટે વિશેષ પ્રકારે ઉપવાસાદિક તપ કરવા તે તપ પ્રાયશ્ચિત્ત છે. તેથી તે બાહ્ય હોવા છતાં અંશતઃ અભ્યંતર તપરૂપ પણ બની જાય છે. તપ ત્રણ ઠેકાણે આવે છે, ક્ષમાદિક દશ ધર્મોમાં આવે છે. બાહ્ય અભ્યંતરરૂપ સંવર-નિર્જરામા આવે છે. અને અહીં ફરીથી પ્રાયશ્ચિત્તમાં આવેલ છે.

૧ ક્ષમાદિકમા મુનિ તરીકેના જીવનની ફરજ તરીકે તપ કરવાનુ આવે છે.

૨ સંવર-નિર્જરામાં-તમામ ધાર્મિક ક્રિયાઓમાં તે કર્મ રોકવા અથવા નાશ કરવાના સાધન તરીકે કરવામાં આવે છે.

૩ અને લાગેલા તીવ્ર અતિચાર દોષોની શુદ્ધિ માટે આવે છે.

ત્રણેય પ્રસંગોમા જુદા જુદા નિમિત્તોની ગૌણતા-મુખ્યતા હોય છે. તપ પ્રાયશ્ચિત્તની પદ્ધતિની લઘુ-ગુરુ વગેરે સંજ્ઞાઓ સમજવા જેવી છે. હાલમાં જિત વ્યવહારને આધારે મોટા દોષોમાં તપ પ્રાયશ્ચિત્ત અપાય છે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર-શાસન-સંઘ-દેવદ્રવ્યાદિ-યોગોદ્વહન વગેરેને લગતા અપરાધોમા આ પ્રાયશ્ચિત્ત અપાય છે અને તેના અનશનાદિ મુખ્ય છ ભેદો છે, તથા પરચુરણ **ચન્દ્રપ્રતિમાદિક** અનેક પ્રકારે છે.

૭ **છેદ પ્રાયશ્ચિત્ત**–વધારે મોટો દોષો કરનારને આ પ્રાયશ્ચિત્ત અપાય છે. જે તપથી ગર્વિષ્ઠ હોય, તપ કરવામાં અસમર્થ હોય, તપ ઉપર શ્રદ્ધા ન રાખતા હોય, તપથી જેના આત્મા ઉપર શુદ્ધિ થવાની અસર ન પડતી હોય, તેવા દોષની શુદ્ધિ માટે મુનિની

દીક્ષાના દિવસથી જેટલો દીક્ષા પર્યાય થયો હોય, તેમાં છેદ કાપ-ઘટાડો કરવામાં આવે છે. તે ઘટાડો પાંચ પાંચ વગેરે દિવસોનો, પાક્ષ-દશાદિ પક્ષોનો. મહિનાઓનો, વર્ષોનો કરવામાં આવે છે.

દા૦ ત૦ કોઇ મુનિનો દીક્ષાપર્યાય ૨૫ વર્ષ થયો હોય તો તેમાં ઘટાડો કરીને ૨૦ વર્ષ ગણવામા આવે તો તેનાથી બે ત્રણ ઓછા વર્ષના પર્યાયવાળા હોય, તે મોટા થઇ જાય અને તેથી જે પોતાને વંદન કરતા હતા, તેઓને પોતાને વંદન કરવું પડે વગેરે ઘણા બીજા પ્રસંગો પ્રાપ્ત થાય તેથી પણ દોષ ન કરતા ચારિત્ર્ય શુદ્ધિ રાખવા મુનિ પોતાની ઇચ્છાથી સાવધાન રહે, દંડનો ભય પણ સદાચારમાં ઘણો [illegible] [illegible] ગણે છે

હોય છે તેમજ આગમની પરંપરા વગેરે [illegible] કર્યો પછી જ તેને ફરીથી દીક્ષા વગેરે [illegible] નહિ.

પ્રાયશ્ચિત્ત શબ્દનો વ્યુત્પત્ત્યર્થ [illegible] ભાષ્યમાં આ પ્રમાણે સૂચવાયો છે. ચિત્ત ધાતુનો અર્થ [illegible] જ્ઞાન અને શુદ્ધિ થાય છે તેને ત પ્રત્યય કૃદન્તનો તથા ઉણાદિકનો લગાડવાથી ચિત્ત શબ્દ બને છે [illegible] તપથી ફરીથી [illegible] છે, ને ફરીથી દોષ કરતા નથી [illegible] કે "જો ફરી ભૂલ કરશો તો આનાથી પણ વધારે [illegible] શુદ્ધિ માટે કરવા પડશે." માટે તેનું નામ **પ્રાયશ્ચિત્ત**, અથવા [illegible] જેનાથી શુદ્ધ થાય છે તે પ્રાયશ્ચિત્ત.

આ ધાર્મિક ગુરુકુળવાસ સંસ્થાના દીવાની ફોજદારી કાયદા સમજવા, કે જે આત્મ શુદ્ધિ કરવામાં સહાયક થાય છે.

અપરાધમાં દીવાની શિક્ષા થાય છે ગુન્હામાં ફોજદારી શિક્ષા થાય છે. તે પ્રમાણે અહીં પણ અતિક્રમ–વ્યતિક્રમ–અતિચાર સુધી હલકા કાયોત્સર્ગ સુધીના પ્રાયશ્ચિત્તો કરવાના હોય છે પરંતુ અનાચાર–ગુન્હો થયા પછી શુદ્ધિ ઇચ્છનારને મોટા ઉગ્ર પ્રાયશ્ચિત્ત કરવા પડે છે. એમ સામાન્ય રીતે ખ્યાલ આપી શકાય. ૯–૨૨



પ્રકરણ ૧૪ મું : વિનયઃ

विणय–मूलो धम्मो.

"વિનય ધર્મનું મૂળ છે."

વિનય શબ્દનો સામાન્ય અર્થ—નમ્રતા· સન્માનવૃત્તિ· સત્કારઃ વગેરે પ્રચલિત છે. ભારતના પ્રાચીન લોકવ્યવહારમાં–**વિનય** શબ્દથી શિક્ષણ· તાલીમઃ કેળવણી· સન્માર્ગ શિખવાની તૈયારી· સન્માર્ગ શિખવનારા વડીલોની સેવા. તે તે વિષયનું જ્ઞાનઃ અને અનુભવ આપનારા જ્ઞાન વૃદ્ધોની સેવા–ચાકરીઃ તેઓનો સદ્‌ભાવ પ્રાપ્ત કરવોઃ તેઓની કૃપા મેળવી શકાય તેવું વર્તન રાખવું વગેરે ભાવ સમજાય છે. સભ્યતાઃ અને શિષ્ટાચાર· ભાવમાં પણ વિનય શબ્દ વપરાય છે. પશુ–પક્ષિઓ અને સામાન્ય માણસો પણ પોતાના વડીલો તરફ અથવા જ્યાંથી સ્વાર્થની સફળતા થાય, તેમની ખુશામત· તેના તરફ નમ્રતા તેને રાજી રાખવાની ચેષ્ટા ભક્તિપ્રેમ બતાવવાની ચેષ્ટા· સન્માન બતાવવાની ચેષ્ટા કરતા હોય છે.

જૈનશાસનમાં તે લૌકિક અર્થથી ઘણા જ આગળ વધેલા લોકોત્તર અર્થમાં **વિનય** શબ્દ વપરાય છે. મુખ્ય રીતે લોકોત્તર અર્થમાં વપરાયેલો **વિનય** શબ્દ ઉપચારથી તેવા જ લૌકિક અર્થોમાં વપરાયેલો છે.

૧ અધિકગુણી તરફ **ભક્તિઃ** એટલે બાહ્ય સેવા–ચાકરીઃ ૨ ગુણો અને ગુણી તરફ

હૃદયના સદ્‌ભાવપૂર્વકનું બહુમાન ૩ ગુણીની અને ગુણોની સ્તુતિ ૪ તેના અવગુણો ઢાંકવા ૫ ગુણ અને ગુણીની આશાતના-અનાદર-અપમાન-અપભ્રાજના-અવહેલના-અબહુમાન-તિરસ્કાર વગેરેનો ત્યાગ કરવો-કરાવવો.

આ પાંચ અર્થમાં- **વિનય** શબ્દ લોકોત્તર અર્થમાં મુખ્યપણે વપરાય છે, પરંતુ ઉપર **ધર્મના મૂળ તરીકે વિનયને** જણાવ્યો છે તેથી આ પાંચ કરતાં પણ વધારે [illegible] અર્થમાં **વિનય** શબ્દનો વપરાશ થાય છે કે જેમાં એમ કહી શકાય કે-સંવર અને નિર્જરાના મોક્ષસાધક સર્વ આચારોના કેન્દ્રભૂત પવિત્ર આત્મા [illegible] તેના સર્વ વિધિઓ વગેરે **વિનય** શબ્દના બહોળા અર્થમાં સમાવેશ પામી જાય છે [illegible] એ સર્વ આચારો તથા અનુષ્ઠાનો અને તેના વિધિઓમાં [illegible] વિનયરૂપ આત્મા ઓતપ્રોત પરોવાયેલો હોવો જોઈએ [illegible] પ્રકારો તે સર્વમાં વણાયેલા હોવા જોઈએ. તે સિવાય તે સર્વ [illegible] પૂરો [illegible] ધારણ કરી શકે નહીં

ઉપદેશના પ્રતિબિંબરૂપ-શ્રુતજ્ઞાનરૂપ-શાસ્ત્રો અને તેના પઠન-પાઠનમાં [illegible] પ્રકારના અતિચારના ત્યાગથી શુશ્રુષાદિ આઠ ગુણપૂર્વક-વિનય સાચવવો [illegible] [illegible] વિનયપૂર્વક ભણવું. અવિનય ન કરવો. બહુમાનપૂર્વક ભણવું. જ્ઞાનને [illegible] ઉપધાન-યોગોદ્વહન વગેરે તપપૂર્વક ભણવું. નિહ્નવપણું ન કરવું. જ્ઞાન આપનારને [illegible] નહીં. યોગ્યને જ્ઞાન આપ્યા વિના ન રહેવું. તેનાથી જ્ઞાન [illegible] નહીં. શુદ્ધ [illegible] શુદ્ધ અર્થ. તે બન્નેય પણ શુદ્ધ ભણવા-ભણાવવા પ્રયત્ન કરવો.

૨ **દર્શન વિનય**—શ્રી અરિહંત ભગવંતોએ સ્થાપેલા જૈનશાસનના [illegible] ભાવ-દીક્ષા કે [illegible] જેટલા આગમ-ગ્રન્થો હોય, [illegible] તેના અભ્યાસી હોય તેના અભ્યાસના નિયમો હોય તે [illegible] પ્રતિષ્ઠાન-[illegible]પૂર્વક અભ્યાસ અભ્યાસના [illegible] [illegible] પ્રભાવના [illegible] [illegible] વગેરે [illegible] આનો વિનય કરવો જેવા જૈનશાસન [illegible]

આ બધા કામો માટે–માગ્નમાગી જ પોતાના આદર્શો પ્રમાણેના એક શિક્ષિતવર્ગની જરૂર હતી. તે માટે ૧૮૫૮ મા જ મદ્રાસ, મુંબઈ અને કલકત્તાની યુનિવર્સીટીઓની સ્થાપના કરવામા આવી હતી અને એ રીતે રીતસર રચનાત્મક કાર્યની શરૂઆત બ્રીટીશ પાર્લામેન્ટે કરી હતી.

તેઓની કાર્યકુશળતા એવી હોય છે કે–પોતાના આદર્શોને પ્રથમ ભારતીયતાનું કવર ચડાવે છે, તથા જેમ બને તેમ બન્નેયનું એવું મિશ્રણ કરે છે કે પ્રથમ દર્શને બધું ભારતીયોને ભારતીય જ દેખાય, અને પ્રજાના વિરોધ વિના કામ શરૂ થઈ જાય, પરંતુ અગાઉથી જુદી જુદી રીતે આકર્ષીને તૈયાર કરી રાખેલા કામ કરનારાઓને સારા પગાર આપીને રોકી લેવામા આવતા હોય છે, એટલે ભારતીયો સમજે કે અમારા આદર્શ મુજબનું કામ થાય છે, પરંતુ કામ થાય બહારના ધ્યેયો અને આદર્શ મુજબનું.

આ વાત ૧૧–૫–૫૭ ના **માન્ચેસ્ટર ગાર્ડીયનમાં**ના એક લેખ ઉપરથી પણ સમજાય છે. તેમા લખ્યુ છે કે–" ભારતીય વિપ્લવે આધુનિક ભારતના પરિવર્તનની શરૂઆત કરી ન હોતી* કે એ પરિવર્તન અટકાવ્યું પણ ન હોતું× એ વિપ્લવે પરિવર્તનને વેગ આપ્યો હતો, વિપ્લવના વર્ષે–કલકત્તા, મદ્રાસ અને મુંબઈની યુનિવર્સીટીઓની સ્થાપના કરવામાં આવી હતી. એ વસ્તુ જ વિપ્લવ કરતા પણ વધુ સૂચક છે."

" બળવા પછી જ ભારતમા ઉદ્યોગો, કાપડની મીલો, અને ચા–રબ્બરના બગીચાઓ ઉભા કરવામા આવ્યા હતા. કે જે ભારતની આજની આર્થિક તાકાતનો પાયો બન્યા છે. આ રીતે વિકાસની જે પ્રક્રિયાઓ શરૂ થઇ ચૂકી હતી તેને બળવાના કારણે વેગ મળ્યો હતો. "⁺

" બળવાનું એક સારામાં સારૂ પરિણામ એ આવવા પામ્યું હતુ કે–ભારતીય જાહેર મત ઉપર તેની ભારે અસર થઇ હતી. બળવાનો આઘાત જ્યારે ઓસરી ગયો ત્યારે–રૂઢિચૂસ્તોને ભાન થયું હતુ કે " હવે તેઓ ભૂતકાળમા પાછા જઇ શકે તેમ

* પરિવર્તન કરવાનુ ઘણા વખતથી શરૂ થઈ ચૂક્યુ હતુ.

× તેના આગળના કાર્યક્રમને ચાલુ કરવાના જ હતા

⁺ પ્રગતિની પ્રક્રિયાને વેગ આપવા માટે બળવાની જરૂર હતી

નથી. "× ઉત્ક્રાન્તિવાદીઓ માનતા થયા હતા કે "ગ્રીસ અને ઇજિપ્તની [illegible] આખાની ભાષાઓ તેમની આદિ કરતાંથી આગળની હાલત નથી થઈ. આ તેને પૂર્ણ અને શક્તિમાને એક કરતા વિવિધ ભાષા કામે લાગી ગયા હતા."

આ ઉપરથી સ્પષ્ટ થાય છે, કે ભાષાએ તે ભાષા ન હોતા. પરન્તુ એ સર્વ કરવાના પરિવર્તનાઓના એક ગ્રીકોનો ભાષા માટેના પરિવર્તનની વૃદ્ધિ [illegible] કાર્યક્રમ જ હતો

મુનિવર્ગીઓની સ્થાપનાની સાધકોની દૃષ્ટિ [illegible] નીકળી છે. તેમા એક ગ્રીકમાં એવું વાક્ય આવ્યું છે, કે—

"ગાનિમો નરાઓ ગરક"

તેનો અર્થ એ છે, કે "આત્મામાંથી [illegible]
આશય એ છે કે "આધ્યાત્મિક જ્ઞાનમાં [illegible]

નથી હોતો, તેને [illegible] તો પણ નિરવદ્ય
મનઃ વચનની પ્રવૃત્તિનો [illegible] જોડવા
જતાં શબ્દ લાગો છે. [illegible] માટે ઉ-
લક્ષણાત્મક રીતે કાય શબ્દ [illegible] વચન અને મનનો પણ ત્યાગ
કરવાનો હોવાનું [illegible] સૂત્રમાં જ,
કાયોત્સર્ગના સ્વરૂપના સૂચક ભાગમાં "[illegible] वोसिरामि"

અર્થ:—"સ્થાનઃ મૌનઃ અને ધ્યાનઃ કરીને ત્યાં સુધી કાયરૂપ-મારો ઉત્સર્ગ કરું છું."

સ્થાને કરીને કાયાની પ્રવૃત્તિનો ઉત્સર્ગઃ **મૌને** કરીને વચનની પ્રવૃત્તિનો ઉત્સર્ગઃ અને **ધ્યાને** કરીને મનની પ્રવૃત્તિનો ઉત્સર્ગ સૂચિત કરેલ છે. "अप्पाणं वोसिरामि" માં જો કે એ ગર્ભિત રીતે સમાવેશ પામે છે છતાં અલ્પજ્ઞાન જીવો માટે તેની ઉપર પ્રમાણે ત્રણેયના ઉત્સર્ગની સૂત્રમાં જ સ્પષ્ટતા કરી આપી છે વિશેષમાં એ પણ સ્પષ્ટ થાય છે, કે-પ્રાથમિક સાધકો એકાએક મન-વચન-કાયાની સાવદ્ય-નિરવદ્ય સર્વ પ્રવૃત્તિઓને છોડી શકતા નથી. ક્રમે ક્રમે છોડી શકે છે. તેથી નિરવદ્ય પ્રવૃત્તિઓરૂપ કાયાને ન પ્રવર્તાવવારૂપ નિશ્ચલ સ્થિતિઃ વચનને ન પ્રવર્તાવવારૂપ નિશ્ચલતા સૂચક મૌન' અને મનને સ્થિર રાખવારૂપ નિશ્ચલતારૂપ ધ્યાનઃ ઉત્સર્ગના અંગ બને છે. તેથી કાયોત્સર્ગમાં કાય શબ્દ છે. તથા तात्र कायंમાં પણ **કાય** શબ્દ છે. છતાં કાયા-માત્રનો ઉત્સર્ગ નથી પરંતુ સાથે જ મન-વચનનો પણ ઉત્સર્ગ હોવાનું સૂચવાય છે એ ઉપરથી એ પણ સૂચિત થાય છે, કે-મોક્ષમાર્ગની જૈન પ્રક્રિયામાં ધ્યાન કરતાં ઉત્સર્ગતપનું વધારે મહત્ત્વ છે. ધ્યાનથી ઉત્સર્ગતપ પ્રાપ્ત થાય છે. ૧૪ મે ગુણસ્થાને પણ શુક્લધ્યાનનો ચોથો પાયો સર્વોત્સર્ગ પ્રાપ્ત થવામાં કારણભૂત બને છે.

માટે જ ઉત્સર્ગ-કાયોત્સર્ગ સર્વ ક્રિયાઓમાં બળવાન્ અનુષ્ઠાન છે. માટે જ **વીશ વિંશિકાની યોગ વિંશિકામાં** ઉત્કૃષ્ટ અનુષ્ઠાન **અરિહંત ચેઇઆણં**-કાયોત્સર્ગાત્મક ચતુર્વિંશતિ સ્તવ સૂત્રને ઉદાહરણ તરીકે લેવામાં આવેલ છે.

સર્વ ક્રિયાઓના જેમ જુદા જુદા અનુષ્ઠાનો છે, તે પ્રમાણે તે જ અનુષ્ઠાનથી સાધ્ય ફળ કાયોત્સર્ગથી પણ સિદ્ધ કરવાની ગોઠવણો હોય છે. જેમ કે-**ચૈત્યવંદના** જેમ દંડક સૂત્રો સ્તવનોઃ તથા બીજા સૂત્રોઃથી સિદ્ધ થાય છે તે જ પ્રમાણે-એક **નવકારમંત્રના** કાયોત્સર્ગથી પણ **ચૈત્યવંદના** થાય છે. અથવા બીજી રીતે કરવામાં આવતા અનુષ્ઠાનોમાં અનુષ્ઠાન કરનારની રહેલી ખામીની પૂર્તિ કાયોત્સર્ગથી કરી લેવાની ગોઠવણ હોય છે. એટલે "द्विर्बद्ध सु-बद्ध भवति" બે વાર બાંધેલું ઠીક બંધાય છે. એ ન્યાયથી બેવડી રીતે અનુષ્ઠાન ફળ આપવામાં સતેજ હથિયાર બની જાય છે. માટે દરેક ક્રિયાઓમાં ઠામ ઠામ કાયોત્સર્ગ આવે છે. જેથી આશ્ચર્ય પામવાને કારણ નથી, કે-"ઠામ ઠામ આટલા બધા કાયોત્સર્ગ કરવાના કેમ આવતા હશે?" માટે જ "સર્વ વિધિઓ-પૂર્વધરઃ કે મહાશ્રુત-

ધર્મ કે દેવગતાની: ભગવંતોથી ઉત્પન્ન છે " એમ સમજાય છે [illegible]
ભાવનાની એ યોજના આ છે.

માટે ઉત્સર્ગ: એ ધ્યાન કરવા પણ મહાનય છે ધ્યાન તેનું [illegible]
[illegible] આત્મિક ભાવના કરીને પણ પરિણામ [illegible]
[illegible] હોય છે. માટે કાર્યોત્સર્ગની પ્રભાવના [illegible] છે [illegible].

પ્રકરણ ૧૮ મું.

ધ્યાનનું સામાન્ય સ્વરૂપ લક્ષણોને ભેદો:

[illegible]
[illegible]

ધ્યાનનું સામાન્ય લક્ષણ

आर्त-रौद्र-धर्म्य-शुक्लानि ॥ ९-२९ ॥

આર્તધ્યાનઃ રૌદ્રધ્યાનઃ ધર્મ્યધ્યાન અને શુકલધ્યાનઃ (એમ સૂત્રમાં ગણાવવાથી ચાર ધ્યાનો છે.)

[સા૦ બો૦] ૧ **આર્તધ્યાન**—ઋત એટલે દુઃખ તેમાંથી ઉભું થએલું=તે આર્ત. આ ધ્યાન દુઃખમાથી ઉત્પન્ન થાય છે અને દુઃખની પરંપરા વધારે છે. અણગમતી પ્રાપ્ત થવીઃ તે દુઃખનું કારણ છે. આંખો દુઃખે છે ત્યારે વેદના થાય છે. તેથી વે પણ દુઃખરૂપ છે. વ્હાલી વસ્તુ ચાલી જાય, તો પણ દુઃખ થાય છે. નિયાણું પણ મનના કોઇ દુઃખમાંથી વિશેષ સુખ મેળવવાની ઇચ્છાથી જન્મે છે. માટે આ ધ્યાનમાં દુઃખ મુખ્ય છે.

૨ **રૌદ્રધ્યાન**—આ ધ્યાનમાંથી જન્મતા પરિણામો બીજાને રોવડાવે તેવા ભયંકર હોય છે. બીજાને દુઃખ આપવા કરેલુંઃ કે દુઃખ આપનારા ભયંકર કાર્ય વખતે મનની એકાગ્રતા તે રૌદ્રધ્યાન છે.

૩ **ધર્મ્યધ્યાન**=ક્ષમાદિક ઉત્તમ ધર્મોને અનુકુળ ધ્યાન. તે **ધર્મ્યધ્યાન.**

૪ **શુક્લધ્યાન**—સકળ કર્મના નાશના હેતુરૂપ હોવાથી આત્માને શુકલ-સફેદ-નિર્મળ બનાવનારું ધ્યાનઃ તે **શુક્લધ્યાન.** અથવા शुच्-शोक.-તે આઠ પ્રકારનું કર્મરૂપ આત્માનુ દુઃખ. તેને કરમાવે-નબળું પાડી દૂર કરે તે **શુક્લધ્યાન.**

જો કે-અહીં સવર. અને નિર્જરાઃ તત્ત્વનુ પ્રતિપાદન કરનાર અધ્યાયમાં આર્ત અને **રૌદ્ર**ની વાત કરવી અસ્થાને છે. **આર્ત**: અને **રૌદ્ર**: ને આશ્રવ તત્ત્વમાં જ સ્પષ્ટ રીતે ગણાવવાની જરૂર હતી. અહીં તો-**ધર્મ્ય** અને **શુકલ** ધ્યાનની જ સ્પષ્ટ વાત કરવી જરૂરની હતી. જેથી પ્રાયાશ્ચિત્તાદિ અભ્યન્તર તપના સૂત્રમા જ **સુધ્યાન** શબ્દ મૂકવો યોગ્ય હતો. જેથી ગેરસમજ ઉભો થવાનો પ્રસગ ન આવત અને પ્રકરણ સાથે અસંગતિની શંકા પણ ઉભી ન થાત. છતા, **આર્ત** અને **રૌદ્ર**ને અહીં મૂકવામાં સૂત્રકારશ્રીનું કાંઈ ખાસ પ્રયોજન જણાય છે.

૧ ધ્યાનનુ કેટલુક **સામાન્ય** સ્વરૂપ એકી સાથે સમજાવી શકાય, માટે લાઘવતાપ્રિય આચાર્યશ્રીએ એકી સાથે ખરા-ખોટા બન્નેય ધ્યાનની હકીકત સમજાવવાની તક લીધી

છે તથા બીજા શાસ્ત્રોમાં પણ પરંપરાગત એ જ વ્યવસ્થા ચાલી આવે છે [illegible] અને બીજા બન્નેય ધ્યાનો એમાં [illegible] હોય છે.

તથા **આર્તધ્યાન–પ્રમત્તસંયત** ગુણસ્થાનક સુધી; અને **રૌદ્રધ્યાન દેશવિરતિ** ગુણસ્થાનક સુધી સંભવે છે તેથી સમ્યગ્દર્શન દેશવિરતિ [illegible] ધર્મધ્યાનના અંશો છે પરંતુ સાથે જ આર્ત અને રૌદ્રના પણ કેટલાક અંશ સંભવે છે. તેથી તે આત્માઓ પોતાની અવસ્થામાં પણ ધર્મધ્યાનથી વિરુદ્ધ ધ્યાનથી [illegible] શકે. [illegible] ધર્મધ્યાન જેવા શુભધ્યાનના અંશો સાથે [illegible] તેનાથી [illegible] પણ [illegible] ૯-૨૯

परे मोक्षहेतू ॥ ९–३० ॥

પછીના બે ધ્યાન મોક્ષના કારણભૂત છે. ૯–૩૦

[આ૦ બો૦]—અને પ્રથમના બે ધ્યાનો [illegible] કારણભૂત છે " એમ અર્થાપત્તિથી સમજાય છે [illegible] સાક્ષાત્ કારણભૂત છે તેની પહેલાના ધ્યાનોના [illegible] પરંપરાએ મોક્ષના કારણભૂત છે [illegible]

[illegible]

આર્તધ્યાનના ભેદ [illegible]

[illegible] સૂત્રો [illegible] આર્તધ્યાન [illegible] ચાર [illegible] છે

आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्-

विप्रयोगाय स्मृतिसमन्वाहारः ॥ ९–३१ ॥

वेदनायाश्च ॥ ९–३२ ॥

विपरीतं मनोज्ञानाम् ॥ ९–३३ ॥

हिंसा-ऽनृत-स्तेय-विषयसंरक्षणेभ्यो
रौद्रमविरत-देशविरतयोः ॥ ९-३६ ॥

(૧) હિંસા માટે મનમાં મથામણ:
(૨) જુઠ માટે મનમાં મથામણ:
(૩) ચોરી માટે મનમાં મથામણ:
(૪) વિષયોને પૂરા કરવા માટેની સામગ્રી રાખી મૂકવા-સાચવી રાખવા માટે મનમાં મથામણ:રૂપ રૌદ્રધ્યાન:

અવિરત: અને દેશવિરત:ને હોય છે. ૯-૩૬

[સા૦ બો૦] ૧ કોઇને મારી નાંખવાની ઘટનાના વિચારમાં એકતાન થઇ લીન થવું: તે **હિંસાર્થ રૌદ્રધ્યાન.**

૨ કોઇ પાપ છુપાવવા કે બીજા કોઇ કારણે એક જુઠાણામાંથી અનેક જુઠાણા ઘડવાના વિચારમાં એકતાન થઇ લીન થવું: તે **અસત્યાર્થ-રૌદ્રધ્યાન.**

૩ કોઈનું ચોરી લાવવા: પડાવી લેવા: લુંટી લેવા: માટેની ઘટના ઘડતાં ઘડતાં વિચારોમાં એક-તાન થઇ લીન થવુ: તે **સ્તેયાર્થ રૌદ્રધ્યાન.**

૪ ઇન્દ્રિયોને તે તે વિષયો પૂરા પાડવા માટે સ્ત્રી આદિ મેળવવાના તથા ધન: ધાન્ય: અને મોજશોખની બીજી વસ્તુઓ: વગેરે મેળવવાના: તથા સંગ્રહ કરવાના: સાચવી રાખવાના: સુરક્ષિત રાખવાના વિચારોમાં એકતાન થઈ લીન થવું: તે **વિષય-સંરક્ષણાર્થ-રૌદ્રધ્યાન.**

હિંસાર્થ રૌદ્રધ્યાનીને હિંસા કરવામાં આનંદ આવે છે, ઝટ દઈને જીવને મારી નાંખવામા: બાંધીને મારવામા: હાથ-પગ-નાક-કાન-હોઠ-વૃષણ-પુરુષચિહ્ન વગેરે કાપી એટલે કે બીજાને દુઃખ દેવામાં: કે જીવોને મારી નાંખવામાં આનદ આવતો હોય છે. તેવી ઘટના ઘડવામાં એકતાન થઇ જવાય તેનો આનદ: તે **હિંસાનંદ.**

પ્રબળ રાગ-દ્વેષ-મોહની પ્રબળતાને લીધે કન્યા: જમીન: દ્વિપદ: ચતુષ્પદ: ધન: દાગીના· વગેરેની થાપણ ઓળવવી· ચાડી ખાવી: ખોટા આળ કોઇના ઉપર ચડાવવા: ખોટી સાક્ષી ભરવી: જુઠી નિંદા કરવી: વગેરેમાં ખૂબ આનંદ-રસ આવે છે. તે કામમાં એકતાન થઇ જવાય અને વિચિત્ર વિચિત્ર રીતે તેની ગોઠવણી-ઘટનાઓ મનમાં ને મનમાં ઘડી કાઢે: તે **અસત્યાનંદ.**

લોભના પ્રબળ આવેગથી કોઈની પરવા: કે શરમ રાખ્યા વિના પારકી ચીજ-વસ્તુ:

તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં [illegible] કેટલીક વિદ્વાનોને ઉદ્દેશીને–સામાન્ય રીતે [illegible] સૂક્ષ્મ ગણીને કરવામાં આવેલી છે. કારણ કે [illegible] સમજી શકે તેમ હોય છે. [illegible] ઉપર આવી પડેલી આફતો યતના અને [illegible] વિવેકપૂર્વક [illegible] પ્રસંગોમાં એકાદ ચલુ પડે તો તેનો સમાવેશ આર્ત અને રૌદ્રધ્યાનમાં [illegible] તેનો સમાવેશ દેવ-ગુરુ-ધર્મની ભક્તિરૂપ સમ્યગ્દર્શન ગુણના [illegible] થાય છે. બીજ પ્રકારે [illegible] કાર્યો માટે પણ તથાપ્રકારના પાત્ર જીવો માટે સમજવું. [illegible] રીતે શિકાર વગેરે ન કરવા છતાં માંસ-મચ્છી આદિ મહાહિંસાજન્ય ખોરાકો ખાવાનો ત્યાગ નહીં હોવાથી "[illegible] ભલે મારે" "હું ક્યાં પોતે મારું છું ?" પરંતુ તેમાં પોતાની અનુમોદના હોવાથી: પોતાની એવી જરૂરીઆતો ચાલુ રાખવામાં હિંસાદિકના પરિણામ હોવાથી રૌદ્રધ્યાન તેવા જીવોને પણ માનવામાં હરકત નથી. રૌદ્રધ્યાનના પરિણામ વિના પરંપરાએ પણ મહાહિંસા-મહાઆરંભ વગેરેમાં ભાગ લેવાનું બનતું નથી.

કાપોતઃ નીલઃ અને કૃષ્ણ એ ત્રણ લેશ્યાઓ રૌદ્રધ્યાનીને તીવ્રમાં તીવ્ર હોય છે તેથી રૌદ્રધ્યાન મોટામાં મોટો નરકનો દરવાજો છે.

આર્ત ને રૌદ્રધ્યાનમાં આવેલી ભરતીઃ

આજે જગતમાં અનેક ઉથલ-પાથલ ચાલી રહી છે. જ્યારથી યુરોપની પ્રજાના આગેવાનોએ યુરોપની બહારના તમામ પદાર્થો ઉપર પોતાની માલીકી માની લીધી, ત્યારબાદ એટલે કે લગભગ ૪૫૦ વર્ષોથી આ ઉથલ-પાથલો શરૂ થઈ છે. ત્યારથી જ યુરોપવાસી લોકો યુરોપથી બહારના પ્રદેશોમાં ફરી વળ્યા છે. અને ત્યારથી બહારના પ્રદેશો વગેરે ઉપર પોતાના વસવાટ શરૂ કર્યા છે. જ્યાં આજે વસવાટ કરી શકાયો નથી, તે પ્રદેશોમાં ભવિષ્યમાં યુરોપની પ્રજાના સંતાનો વસવાટ કરી શકે તે જાતની પૂર્વ તૈયારી તો સ્થાનિક લોકોનો સહકાર લઈને કરી-કરાવી રહ્યા છે. આથી દરેક દેશોની ઉન્નતિ થાય છે. પરંતુ સાથે જ સ્થાનિક પ્રજાઓ નબળી પડે છે. સ્વરાજ્ય અપાય છે, તે તો યુરોપીય આદર્શોના અપાય છે. અને તે ચલાવવા માટે પોતાનું શિક્ષણ આપીને તૈયાર કરેલા વકીલો વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી પ્રજાની મૂળ જીવન-પરંપરા તૂટે છે અને યુરોપીય આદર્શની જીવનપ્રણાલિકા સ્થપાય છે.


એ જ યુરોપીય આદર્શોને વ્યાપક કરવા અનાત્મવાદના પાયા ઉપરના યાંત્રિક સાધનો અને અનાત્મવાદપોષક વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી યુરોપ બહારની સ્થાનિક પ્રજાઓ અને તેઓની આત્મવાદના પાયા ઉપરની આધ્યાત્મિક જીવન-પ્રણાલી નબળી પડે, તેમ તેમ પ્રજા નબળી પડતી જાય એ સ્વાભાવિક છે.

તેમ તેમ તેમાં બેકારીઃ અનારોગ્યઃ અદીર્ઘાયુષિતાઃ આપઘાતઃ અનીતિઃ વગેરે દોષો

જુદા વાદોઃ ધન અને સંપત્તિને [illegible] વિરુદ્ધ [illegible] તેનુ [illegible] અને સંપત્તિને ન્યાયવિરૂદ્ધ દેશોદેશમાંથી આકર્ષી [illegible] પણ કાયમ રાખી તે વધારવાની કોશીશો ચાલુ છે. તે વિષમ [illegible] એમ આરેય પ્રકારના રૌદ્રધ્યાન મોટા પાયા ઉપર અસરો ઉપજાવી રહ્યા છે અને [illegible] પ્રજાઓના દિલમાં જગાતા અસંતોષરૂપ વિશ્વ-અશાંતિ ચાલી રહી છે [illegible] આ રૌદ્રધ્યાનની અને આર્તધ્યાનની સ્થિતિમા કેવો વિકાસ આવ્યો છે? તે ખાસ સમજવા જેવું છે તેમાંથી આધ્યાત્મિક બળ મેળવ્યા વિના બીજો ઉપાય નથી. અને તે મેળવવા તેના પરંપરાગત પ્રતીકો-સાધનો વગેરેનુ રક્ષણ કરી તેને શીતગર કામે લગાડવા. એ જ ઉપાય છે. ત્યારે આજની પ્રગતિ-કાયદા-પ્રચાર વગેરેથી તેને જ નષ્ટ કરવાની, તેના અનુયાયીઓના હાથે પણ નષ્ટ કરવાની તરકીબો થઈ રહી છે આજ આજની સશસ્ત્ર-અશસ્ત્ર લડાઈનું મૂળ કારણ છે.

આજે જગત્માં એક તરફ રૌદ્રધ્યાનના પ્રબળ પ્રવાહો ચાલી રહ્યા છે ત્યારે બીજી તરફથી એવાજ ગૃઢ રીતે રૌદ્રધ્યાનના પ્રવાહો ચાલુ થઈ ગયા છે. ત્યારે વચ્ચે આધ્યાત્મિક બળ ધરાવતો પણ એક પ્રવાહ છે પરંતુ તેને મોટા પાયા ઉપરની યોજનાઓ દ્વારા નબળો પાડવામા આવી રહ્યો છે.

રૌદ્રધ્યાન અને આર્તધ્યાનના પ્રવાહો જગતમા સદા ચાલતા જ હોય છે, પરંતુ હાલમાં તેમાં અસાધારણ વેગ આવી ગયો છે. આ એક સાચી હકીકત છે. આમ કેટલો વખત ચાલશે ? તે જ્ઞાની ભગવંતોએ દીઠું હશે તેટલો વખત. ૯-૩૬



પ્રકરણ ૨૧ મું : ધર્મધ્યાનઃ

ભેદોઃ લક્ષણઃ સ્વામિઃ

आज्ञा-ऽपाय-विपाक-संस्थान-
विचयाय धर्ममप्रमत्तस्य ॥ ९-३७ ॥

(૧) આજ્ઞાના પર્યાલોચન રૂપે પરિણામ પામતી—
(૨) અપાયના પર્યાલોચનરૂપે પરિણામ પામતી—
(૩) વિપાકના પર્યાલોચનરૂપે પરિણામ પામતી—
(૪) સંસ્થાનના પર્યાલોચનરૂપે પરિણામ પામતી—

એકાગ્ર ચિન્તાઃ તે ધર્મધ્યાન—અપ્રમત્ત આત્માને હોય છે. ૯-૩૭

[સા૦ બો૦] વિચય શબ્દનો અર્થ પર્યાલોચનઃ કરવામાં આવ્યો છે. તેને ચોથી વિભક્તિ તાદર્થ્ય અર્થમાં લગાડવામા આવી છે. જેમકે—" રોટલી માટે આટો

છે.—આટો રોટલીરૂપે બનવાનો છે એટલે કે આટાની રોટલી બનાવવી છે તેથી "રોટલી માટે આટો છે એમ કહેવાય છે." અહીં 'માટે' [illegible] વિભક્તિ સૂચિત થાય છે. તે તે પ્રમાણે કર્મસ્થાનમાં [illegible] ગ્રહણ અને સંપ્રદાનના પર્યાલોચનરૂપે પરિણમે છે [illegible] આ પ્રકારની વિચારણા—ગ્રંથમાં [illegible] પ્રસં- [illegible] છે.

જૈનશાસ્ત્રમાં [illegible] મતાં વગેરેના વર્ણનો તથા ત્રિલોક પ્રજ્ઞપ્તિ વગેરેમાં [illegible] વિસ્તારથી વર્ણન આવે છે. તેનું પ્રયોજન [illegible] ધર્મધ્યાનના [illegible] તરીકે પણ તત્ત્વજ્ઞાનીને [illegible] માટે વિચારવા જરૂરી [illegible] શાસ્ત્રકારોએ [illegible] આત્માર્થી જીવોને માટે તે પદાર્થો બતાવવા પડે જ [illegible] જૈનશાસ્ત્રોમાં તે વિષયોને મહત્ત્વતા સ્થાન પ્રાપ્ત થયેલા છે [illegible] જોવામાં આવ્યા નથી હોતા.

સામાન્ય સમજુ બાલક [illegible] ને આકાશમાં ચંદ્રઃ તારાઃ નક્ષત્રો આસમાની રંગત (કુદરતની [illegible] આકાંત વિશાળ) આકાશ-અવકાશઃ જોઈને અનેક તર્ક-વિતર્ક કરવું થાય છે ને તેમાંથી તેને અનેક પ્રશ્નો ઉઠે છે

"આ તારા પછી ? આ ચંદ્ર. પછી શું હશે ?" વગેરે. એમ કરતાં કરતાં અગાધ વિશ્વ વ્યયવસ્થા સુધી તેની જિજ્ઞાસા આગળ ને આગળ અગમ્ય રીતે વધતી જાય છે અને જ્યારે, નિશાળોમાં આધુનિક વિજ્ઞાનના સંશોધકોના આ દેશમાના અનુયાયિ-શિક્ષકો પાસેથી તેના ખુલાસા મેળવવા પ્રયાસ કરે છે, ત્યારે તેને સમજાય છે, કે—"હજારો વર્ષે પણ જેનો પ્રકાશ આપણા સુધી આવી શકે, તેવા મોટા મોટા તારાઓ છે. અને તેવા સંખ્યાતીત તારાઓથી ભરેલી નિહારિકા છે. જેમાં એવડા મોટા તારા એક બિંદુમાં હોય છે. એવી ત્રણ નિહારિકાઓ માનવામાં આવે છે." કેટલાકનું માનવું છે, કે—"આકાશમાં આપણી પૃથ્વી જેવી સાતસો ઉપરાંત પૃથ્વીઓ જોવામાં આવે છે," "બસો વર્ષોથી ઉડતી રકેબીઓનું ઉડાણ-ઉડ્ડયન બહુ વિચિત્ર હોય છે. તે એક દિશામાં ઉડતી ઉડતી બીજી દિશામા તુરત જ ફંટાઇ જાય છે. લાંબી લાકડીને આકારે પણ ફેર-વાઈ જાય છે. તે રકાબીઓમાં જે વૈજ્ઞાનિક તત્ત્વોનો ઉપયોગ થાય છે, તેવી વૈજ્ઞાનિક શોધો હજુ સુધી આ પૃથ્વી પરના હાલના વૈજ્ઞાનિકોએ કરી નથી. તેથી અનુમાન કરવાને કારણ મળે છે, કે—"ચન્દ્રઃ કે કોઈ ગ્રહઃ નક્ષત્રઃ તારાઃ ના લોકો જે આવી રકાબીઓ ફેંકે છે, તે ખરેખર આ પૃથ્વીના માનવો કરતા વિજ્ઞાનમાં ઘણા જ આગળ વધી ગયેલા હોવા જોઈએ." વગેરે વગેરે. આધુનિક વિજ્ઞાનના અભ્યાસીઓ આમ વિશ્વની વિશાળતા અને અગાધતા વિષે કલ્પના કરતા થયા છે. એમ ધર્મધ્યાની આત્મા પોતાને તથા-પ્રકારના વિશિષ્ટ જ્ઞાન વિના સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રોના આધારે ધ્યાન કરતી વખતે સદ્ભૂત વિશ્વ-વ્યવસ્થાનું ધ્યાન કરી શકે છે. જેથી "અગાધ વિશ્વમાં પોતાનું સ્થાન ક્યાં ?" "ચાર ગતિમાં રખડવા કરતાં પાચમી ગતિ પામીને સિદ્ધશિલા ઉપર અનંત સુખમય સ્થિતિમા સ્થિર થવું તેજ સર્વથી યોગ્ય કર્તવ્ય છે." એમ નિર્ણય ઉપર આવી શકે છે.

આ રીતે સંસ્થાનવિચયથી-વિશ્વઘટનાના પર્યાલોચનથી વિશ્વવ્યવસ્થાનું જ્ઞાન થાય તેથી, તેમાં ફરતા જીવોના કર્મ-વિપાકોથી થતી ત્રણ કાળની અવસ્થાઓ સમજાય, જેમાં સર્વ જીવો અને તેના કર્મવિપાકોનું વિશ્વવ્યાપક જ્ઞાન થાય. અને તે કર્મોના વિપાકને

લીધે સંસારનું બધું સ્વરૂપ-આપોઆપ સમજાય તેથી આત્મા [illegible] જિનેશ્વરદેવની આજ્ઞામાં સંતોષ પામે. અને પરિણામે મોક્ષ પ્રાપ્ત કરી [illegible] કરે

૧ આજ્ઞામાં—ત્રિભુવનના સર્વ દ્રવ્યના સર્વ જીવોના [illegible] તેના [illegible] તેના સર્વ ભાવો આદેશ પામી જાય છે.

૨ અપાયમાં—સર્વ જીવના સર્વ દુઃખોના [illegible] આવી જાય છે.

આ ભાવનાઓથી વાસિત આત્મા ધર્મધ્યાનને લાયક થઈ શકે છે. આ ભાવનાઓથી વાસિત ન હોય, તેના બીજા ગુણોની ગણના ગણાતી નથી.

મુખ્યપણે ત્યાગી મુનિ આ ધ્યાનના યોગ્ય પાત્ર છે. દેશવિરતિ વગેરે પણ યોગ્ય પાત્ર નથી. ઉપચારથી તેને પાત્ર ગણી શકાય. આ વાત ભગવદ્ ગીતામાં પણ કહી છે

અર્જુન—"હે કૃષ્ણ! મન ઘણું ચંચળ: ઘણું બળવાન અને બહુ ઉથલ-પાથલિયું હોય છે." તેથી હું માનું છું કે-"વાયુની માફક તેને વશ કરવું: તે ઘણી જ મુશ્કેલી ભરેલું કામ છે."

શ્રીકૃષ્ણ—"હે મહાબાહુ **અર્જુન**! ચપળ મન ઉપર કાબુ મેળવવો: તે ઘણું કઠણ કામ તો છે જ. પરંતુ, વૈરાગ્યપૂર્વક તેને વશ કરવાનો અભ્યાસ પાડવાથી, તેને વશ કરી શકાય છે" ને હું એ વાત પણ કબૂલ કરૂં છું કે-"અસંયમી આત્માઓને વશ કરવાનો **ધ્યાન–યોગ** મુશ્કેલીથી પ્રાપ્ત કરી શકે છે. ત્યારે સંયમી આત્માઓને તો યોગ્ય ઉપાયોથી પ્રયત્નો કરતાં કરતાં **ધ્યાન–યોગ** પ્રાપ્ત કરી લેવો શકય હોય છે." અધ્યાય ૬–૩૪–૩૫–૩૬.

આ શ્લોકોમા લગભગ ઉપરની ભાવનાઓને લગતી વાત આવી જતી સમજી શકાય છે. આ પ્રમાણે ઉપર જણાવેલી ચાર ભાવના એ ધર્મધ્યાન માટેની પૂર્વ ભૂમિકા રચે છે. અર્થાત્–તેનાથી જ મુનિ ધર્મધ્યાનના પાત્ર બની શકે છે.

૨ દેશ:

સામાન્ય રીતે જ્યારે સ્ત્રીઃ પશુઃ પંડક–નપુંસકઃ અને દુઃશીલ લોકોઃ ના સંપર્ક સિવાયના સ્થાનમાં જ મુનિએ રહેવાનું હોય છે. ત્યારે ધ્યાન પ્રસંગે તો ખાસ કરીને એવું યોગ્ય સ્થાન પસંદ કરવાનું રહ્યું કે જેમાં મનની પવિત્રતા અને શાંતિ ટકી રહે ને કશો ઉપદ્રવ ન નડે.

પરન્તુ, જેનો **ધ્યાન–યોગ** સ્થિર થઇ ગયો હોય, તેને તો ગામઃ બગીચાઃ કે જંગલમા ક્યાંયે ય જુદાપણું લાગતું નથી. તેથી તેણે જ્યાં શાંતિ મળે, ત્યાં ધ્યાન કરવા બેસી જવામાં વાંધો નથી. તે ગમે તે સ્થળે ધ્યાનસ્થ થઇ શકે છે. બીજાઓએ ધ્યાનને યોગ્ય પસંદગીનું સ્થાન શોધવાનું રહે છે.

૩ કાળ:

જે વખતે ધ્યાનમા સમાધિ–શાંતિઃ અને અનુકૂળતાઓઃ રહે, તે કાળ પસંદ કરી લેવો. "દિવસે જ" કે "રાત્રે જ" એવો કોઈ ખાસ નિયમ ધ્યાનને માટે નથી.

૪ આસન:

જે આસનથી ધ્યાન કરવામાં હરકત ન જણાય. [illegible] કે [illegible] પણ ધ્યાન કરી શકાય છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી. [illegible] આસનથી ધ્યાનયોગની સિદ્ધિ પ્રાપ્ત થાય, [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

" [illegible] " [illegible] શ્રી જિનેશ્વરદેવે કહી નહોતું તેમ નથી. [illegible] વાણીરૂપ [illegible] મોક્ષાભિલાષી [illegible] અનુસરીને માડીને સમ્યગ્-દર્શનાદિ [illegible] આજ્ઞા મુજબ વિધિઓ અને તેને [illegible] ધ્યાન કરવા યોગ્ય-ધ્યેય [illegible]

કર્મના દોષોથી તે [illegible] ન સમજી શકાય, તો [illegible] " આ જગતમાં તે જ [illegible] " [illegible] જિણેહિં પવેઇયં. " " તે સાચું છે, કે જિનેશ્વરદેવોએ જે પ્રરૂપ્યું છે. " [illegible] નિશ્ચયથી [illegible] ધ્યાન કરવું. કેમકે-રાગ-દ્વેષ રહિત, [illegible] તીર્થંકરોને [illegible] પ્રયોજન નથી. તેમનું કથન સત્ય જ છે, [illegible] અનેક દુઃખોમય સંસાર [illegible] શકીયે, માટે તેઓની આજ્ઞા સર્વાંગશાસન જ સત્ય છે [illegible] તારવાનું તેનામાં જ અપૂર્વ સામર્થ્ય છે [illegible] મોક્ષરૂપ કાર્ય પ્રત્યે નિયત કારણતાનો સંબંધ તો તે જ ધરાવે છે. એમાં જ સર્વ વિધેય-કર્તવ્યોનો સંગ્રહ થઇ જાય. અન્ય સર્વ ધર્મશાસનોએ માન્ય રાખેલા શાશ્વતધર્મમાંના ધર્મના સિદ્ધાંતો. વગેરે મોક્ષ સાધનામાં સહાયક થાય તેવો જે કોઇ પણ ભાગ હોય, તો તે પણ આ આજ્ઞામાં સમાય છે.

૨ **અપાય વિચય ધ્યેય:**—" શારીરિકઃ અને માનસિકઃ અનેક દુઃખોથી ભરેલો આ સંસાર છે. આ લોકમાઃ અને પરલોકમાં. પણ રાગ-દ્વેષથી ભરેલી મનોવૃત્તિને લીધે, જન્મઃ જરાઃ મરણઃના વિશાળ સમુદ્રમા સદા ભમ્યા કરવાથી કંટાળી જનારા જીવાત્માઓને પણ કેટલાક સાંસારિક સુખો ભોગવવાની લાલચ થઇ આવે છે. ત્યારે તેનાથી તેઓને સંતોષ તો થતો જ નથી, એટલે પરિણામે તો તે પણ દુઃખરૂપ જ નિવડે છે તો પછી આશ્રવદ્વારોમાં રાચી-માચીને રહેવાથી મિથ્યાત્વાદિના યોગે ખૂબ કર્મો બંધાય છે તેને યોગે નરકાદિગતિઓમાં ઘણો કાળ રખડવું પડે છે. કેટલાકને આ ભવમાંજ પરસ્પરના વેરભાવથી જીવવું પડે છે. મારકૂટ ખૂનઃ વગેરેથી હેરાન થવું પડે છે: આ જાતનો સંસાર ખરેખર ઘણા જ ઉદ્વેગનું કારણ છે. " એમ એકાગ્રતાપૂર્વક ચિંતન કરવાથી નિર્ણય થાય, કે-" સંસાર ઠામ ઠામ અપાયોથી-આત્મિક નુકશાનોથી ઘેરાયેલો છે. તેનો ત્યાગઃ એ સાચો માર્ગ છે. અને પ્રભુની આજ્ઞા એજ અનન્ય પરમ શરણ છે."

૩ **વિપાક વિચય ધ્યેય:**—આઠમા અધ્યાયમા જણાવ્યા પ્રમાણે કર્મના વિપાકોનું પર્યાલોચન કરવું, અને તે કર્મના વિપાકો કેવી કેવી આત્માની કદર્થના કરે છે? તેને ધ્યેય તરીકે રાખીને ધ્યાન કરવું-પર્યાલોચન કરવું. જેથી ત્રણ લોકમાં ફરતા સર્વ ગતિઓના

લોક [illegible]

સુખ [illegible] જોવા [illegible] લોક દેવોના [illegible]
માથે મુગટના જેમ [illegible] વિમાનો ભાસે છે [illegible]
શિલાનો ભાગ [illegible] શ્વેત સિદ્ધ-
અનાદિકાળના [illegible] અને [illegible] ભાસે છે આ રીતે

સમગ્ર લોક પૃથ્વી-[illegible] સૂક્ષ્મ શરીરોથી ભરેલો ભાસે છે
તેમા પણ અનંત [illegible] વનસ્પતિકાયના અસંખ્ય શરીરો
એક એક ગોળો: લોકમા અસંખ્ય [illegible] ભાસે છે કોઈપણ એવી જગ્યા
ખાલી નથી, કે-જ્યાં પૃથ્વીકાયાદિ ચાર [illegible] સૂક્ષ્મ જીવો નથી અને જ્યાં સૂક્ષ્મ
સાધારણ વનસ્પતિકાય નિગોદના જીવો નથી. [illegible] ઇન્દ્રિયવાળા: [illegible] ઇન્દ્રિયવાળા ચાર
ઇન્દ્રિયવાળા: જીવ-જન્તુઓ. કીડા વગેરે તથા પશુ-પક્ષી: જળચર: સ્થલચર: ભુજપરિ-
સર્પને પેટે ચાલનાર: અસંખ્ય પંચેન્દ્રિય જીવોથી ખદબદતો લોક ભાસે છે.

એ જ પ્રમાણે-ગ્રાહ્ય આઠ અગ્રાહ્ય આઠ તથા બીજી ૧૦ વર્ગણાઓ મળીને કુલ
૨૬ મુખ્ય પુદ્ગલ વર્ગણાઓની અનંત-અનંત પેટા વર્ગણાઓ અને તેમા સંખ્યાત
અસંખ્યાત: અનંત: અનંત-અનંત પરમાણુ-પ્રદેશોમય વર્ગણાઓ લોકમાં ભરી પડી છે
એક એક આત્મપ્રદેશ ઉપર અનેક પ્રકારની અનંત અનંત વર્ગણાઓ લાગેલી હોય છે
તેમાં કાર્મણ: તૈજસ: મન. ભાષા: શ્વાસોચ્છ્વાસ ઔદારિક વગેરે પ્રકારની લાગેલી હોય
છે. એ રીતે અજબ ઉથલ-પાથલો વિશ્વમા ચાલી રહેલી ભાસે છે.

તેમાં સમગ્ર ગતિઓમય ભયંકર **સંસાર સમુદ્ર** ભાસે છે. જેમાં અનંત જીવોના
જન્મ: જરા: મરણની પરંપરારૂપ **પાણી** ભરેલું જણાય છે મોહના મોટા મોટા ચકાવા
લેતા આવર્તો-**ભમરીઓ** ભાસે છે. કામ વાસનારૂપી ધૂંધવતા **વડવાનલો** ભાસે છે.
આશારૂપી મહાપવનથી ભરેલા કષાયોરૂપી **પાતાળ કળશાઓ**-ધુડાકીયા બાણો જેવા
ભાસે છે. તેમા કુવિકલ્પોરૂપી ઉદ્ધત **તરંગો** ઉછળી રહ્યા હોય છે. હૃદયમાં સ્રોતસિકા-
લાગણીઓના ઉભરારૂપી ભારે **ભરતી** આવવાથી તે સમુદ્ર અગાધ ભાસે છે યાચના-
પ્રાર્થનારૂપી લાંબા લાંબા **વેલાઓથી** ગુથાયેલો ભાસે છે ન પૂરી શકાય તેવા મોટા મોટા
વિષયોરૂપી ખાડાઓથી ગંભીરતા ધરાવે છે. અજ્ઞાન-**વરસાદ** દિનભર વર્ષ્યા કરવાથી
વર્ષાઋતુથી ઘેરાયેલો તે સંસારસમુદ્ર ધુંધલો ભાસે છે. મરણો અને કષ્ટોરૂપી **વિજળી**
પડવાના ભયોથી ભરેલો છે. કદાગ્રહરૂપી ઝઝાવાતથી હૃદય થથરાવી નાખતો હોય છે.
વિવિધ પ્રકારના વ્યાધિઓ: અને સંબંધો: રૂપી મોટા મોટા **માછલા: અને મગરમચ્છો:**
તેમા ભરેલા ભાસે છે. તેમા મોટા મોટા દોષોરૂપી ચાલતા બરફના પહાડો આમથી તેમ
ફર્યા કરતા હોય છે તેવા અગાધ સમુદ્રને તરી જવાની **સામગ્રી** પણ બીજી બાજુ
ઢગલાબંધ રીતસર ગોઠવાયેલી ભાસે છે તેની સામે પાર મોક્ષનગર દેખાય છે. ત્યાં જવાને
તૈયાર થયેલા મુસાફરો વહાણમા બેસવા તલપાપડ થઇ રહ્યા દેખાય છે. વચ્ચે અગાધ
સમુદ્ર પડેલો છે તેના ઉપર **સચ્ચારિત્રરૂપી** એક મોટામાં મોટું **વહાણ** તરતું દેખાય

છે. તે સમ્યક્ત્વના ૬૭ બોલોથી ભરેલું છે. ૨૮ [illegible] પાટીયાથી જડેલું છે. સર્વ ગાથાઓમાં એક સમ્યગ્જ્ઞાન વડે ગણાયેલી તેના ઉપર [illegible] છે. સંવેગના [illegible] તેના આશ્રવ–છિદ્રો [illegible] આઠેય તરફથી ગુપ્તિરૂપી લોખંડના પતરાથી [illegible] દેવામાં આવેલું છે. તેના ઉપર પંચાચારના [illegible] આંટા [illegible] છે. ઉત્સર્ગ તથા અપવાદના ઉપર બે ચાળ [illegible] બારણાંઓ [illegible] આઠેય તરફથી [illegible] એક મોટા મોટા અધ્યાત્મયત્નના [illegible] પવનને [illegible] સંવેગરૂપી [illegible] જાય છે, [illegible] પડે છે. [illegible] સુભાટો [illegible] નિર્વાણ [illegible] નિર્વાણ [illegible]

પુત્રઃ ની [illegible] મોક્ષરાજાને [illegible] તેમાંના ઘણું વેપારીઓ "જય! જય! [illegible]" બોલતા [illegible] અને ધર્મરાજાની કૃપાથી ભયની સુમ[illegible] [illegible] અને [illegible]પૂર્વક મોક્ષનગર તરફ પોતાનું નાવ [illegible] [illegible] અને [illegible] આ [illegible] જવાને લાગ્યા.

આ તરફ [illegible] [illegible] [illegible] [illegible] પુદ્ગલ પરાવર્તન નગરમાં આવીને વળી [illegible] [illegible] [illegible] મોહરાજાએ ચારેય તરફ પોતાની મહા-મહા-જાળો [illegible] રાખેલી છે. [illegible] ત્યાંથી ઉડાવી જવાને માટે મોહરાજાએ ચારેય તરફ પોતાની તરફની જાળીઓ નાખી દીધી છે. ખુશામત તથા રંગ-રાગઃ અને સંગીતના જલસા ગોઠવી દેવામાં આવ્યા છે. માંસ મદિરા-દારૂની દુકાનો ગોઠવી દીધી છે. હિંસાઃ ચોરીઃ જુગાર શિકાર ખુન મારામારી છળ પ્રપંચઃ જુઠ વગેરેના અખાડા ખોલી નાખ્યા છે. તેમાં [illegible] ઉત્પન્ન કરી આકર્ષે તેવા પ્રલોભનો ગોઠવી દીધા છે. મૈથુન સંજ્ઞાને છુટો દોર આપી વ્યભિચાર અને પરસ્ત્રીગમનનું હરણ કરવાના વ્યાપારના છુટા હાથે પરવાના અપાઈ ગયા છે. ધર્મોમાં અન્દરો અન્દર લડાઈ થાય તેવી રીતે કાન ફૂંકવાના સંદેશા ચલાવી દીધા છે. રોગ શોકઃ ઠઠ્ઠાઃ મશ્કરીઃ વગેરેના આકર્ષણોમાં આત્માઓને મુંઝવી નાંખ્યા હોય છે. ચારેય તરફ ફસાવનારી વિવિધ પ્રકારની જાળો બીછાવી દીધી જોવાય છે.

ત્યારે બીજી તરફ ધર્મરાજાએ મન્દિરો તેની પૂજા-ભક્તિઃ તેમાં કલામય શિલ્પઃ કલામય-સંગીતઃ સંગીતમય પૂજા પ્રબંધોના ગાન-તાનઃ નૃત્ય-વાદ્યોના, ધોંકાર-રણકારઃ ઝંકારપૂર્વક મહોત્સવોઃ રથયાત્રા તીર્થયાત્રા મુનિઓના વૃન્દો દેશનાના ધ્વનિઓઃ વ્રત.નિયમોઃ સમ્યગ્દર્શન માર્ગાનુસારિતાઃ ચાર પુરુષાર્થની જીવન સંસ્કૃતિઃ તપઃ ઉપધાન પઠનઃ-પાઠનઃ શાસ્ત્રાભ્યાસઃ મનોહર ધર્મોપદેશ જુદા જુદા ધર્મો તરફના ધર્મપ્રેમીઓના સદ્ગુણ-વિકાસના તનતોડ પ્રયાસોઃ ગુરુઓના ગામેગામ વિહાર-સામૈયાઃ સાધર્મિક વાત્સલ્યના જમણઃ સાધર્મિક ભક્તિઃ જુદા જુદા પદાર્થોની લાણીઃ પ્રભાવનાઃ સાત ક્ષેત્રોઃ ધંધામા નીતિ રાજ્યમા ન્યાયઃ લજ્જાઃ મર્યાદાઃ શીયળઃ સયમઃ સાંસારિક જીવનમા શીળ-સદાચારઃ દયાઃ દાન મૈત્રી, આદિ ભાવનાઓઃ ધર્મપ્રધાન રાજ્યનીતિઃ એટલી બધી આકર્ષક જાળો બિછાવી દીધી છે, કે તેનાથી આકર્ષાઇને ધર્મરાજાની રાજ્યધાની તરફ આવ્યા, કે-તેનો કબજો કરી લઇ મોક્ષનગર તરફ જવાની ચિઠ્ઠીઓ ફાડી આપવામા આવતી ભાસે છે. મોહરાજાના પંજામાથી છોડાવવા સૌથી પહેલુંઃ અને મોટા પાયા ઉપરનુંઃ ગામે ગામ, શહેરે શહેર, ચૈત્ય-જિનચૈત્ય-મન્દિરોનું આકર્ષણ ગોઠવવામાં આવ્યું છે. જુદા જુદા રૂપની પૂતળીઓઃ માનવોઃ પશુ-પક્ષીઓના આકર્ષક આકારો તેના ઉપર. અને અંદર. મૂકવામા આવ્યા હોય છે. બાળજીવો તેને જોઈ જ રહે. કળા-કારીગરીનો જાણે કે સાગર જ રેલાવી દીધો હોય, તેવી મન્દિરોની ભવ્ય આકૃતિ જોઇને જ ત્યાથી ખસવાનુ મન ન કરી શકાય. માંડ માંડ ખસવા જાય, ત્યાં તો મૃદંગના ધોકાર અંદરથી સંભળાય. વીણા-સારંગીના સૂર વાતાવરણમાં રેલાય. દીપમાળા અને

મક્ષ્મ થઈને રહી [illegible] આરિત્ર [illegible]

મોક્ષનગર તરફ [illegible] મહાગુરૂમાં [illegible]

પહોંચે તો તેને [illegible] પાછી [illegible]

પાછા જાય છે. તેઓને [illegible] અને તેઓ ઉઠાવીને

દોલતઃથી તરબોળ કરી નાખે [illegible] ગાડી ધન

શોકઃના જેલખાનામાં નાખીને, [illegible] નિગોદના [illegible] દારિદ્રયઃ રોગ

ત્યાં પણ ધર્મરાજાની [illegible] ત્યારે જો કે તેઓ

ધર્મરાજાની છાવણીમાં [illegible] મહાગુરૂકેળીથી

છે. અને અનુક્રમે મોક્ષનગર તરફ તેઓને [illegible] આપવામાં આવે

અને **ધર્મરાજાની** લડતો [illegible] આવે છે. આ રીતે **મોહરાજા**

બાજુ ઘુમી રહ્યા હોય છે. એક-બીજાના [illegible] આજુ

જાળ બીછાવી રહ્યા ભાસે છે. [illegible] તરફ આકર્ષણાની અનેક પ્રકારની

આ અને આ જાતના આગમને અનુસરતા અર્થો ધર્મધ્યાનમાં ધ્યાવાના હોય છે.

પ્રકરણ ૨૪ મું: ધર્મ-ધ્યાન: (૧૨ દ્વારો ચાલુ)

૮ ધ્યાતા:

મનઃ અને ઇન્દ્રિયોઃ ઉપર કાબુ જમાવી શાંતઃ દાન્તઃ અને નિર્વિકારીઃ સદ્બુદ્ધિશાળીઃ વ્યક્તિ ધ્યાતા સમજવા.

બીજા ધર્મના શાસ્ત્રકારોએ **સ્થિતપ્રજ્ઞના** જે લક્ષણ કહ્યા છે, તે પણ અહીં ઘટી શકે છે. જેમકેઃ—

"હે અર્જુન! મનની ઇચ્છાઓનો ત્યાગ કરીનેઃ આત્મા વડે કરીનેઃ આત્માઃ આત્મામાં સંતોષ પામે છે, ત્યારે તે આત્મા **સ્થિતપ્રજ્ઞ** કહેવાય છે. ૫૫

દુઃખોથી દુઃખી થતો નથી. સુખોથી ખુશી થતો નથી. એવો સ્થિર બુદ્ધિવાલો રાગ-દ્વેષ ભયઃ અને ક્રોધઃ રહિત હોય, તે આત્માઃ **મુનિ** કહેવાય છે. ૫૬

જેને કોઇના ઉપર સ્નેહ ઉપજતો નથી, શુભ આવે તોયે ખુશી થતો નથી, તેની બુદ્ધિ **સ્થિર** અને વખાણવા લાયક સમજવી. ૫૭

જેમ કાચબો પોતાના શરીરના બધાયે અંગો અંદર સંકોચી લે છે, તે પ્રમાણે વિષયોથી જે પોતાની ઇન્દ્રિયોને સંવરી લે છે-ખેંચી લે છે, તેની બુદ્ધિ **સ્થિર** અને અને વખાણવા લાયક સમજવી. ૫૮

ભગવદ્‌ગીતા અધ્યાય ૨ જો.

૧૨ ફળ.

શીળ અને સંયમયુક્ત ધર્મધ્યાનીને મહા પુણ્યાનુબંધિ પુણ્યયુક્ત થવાથી સ્વર્ગી ઋદ્ધિઓ પ્રાપ્ત થાય છે, જેથી ઉત્તરોત્તર પુણ્ય પ્રકર્ષ વધતો જ જાય છે અને પરંપરે તેને મોક્ષફળની પ્રાપ્તિ થાય છે

આ પ્રમાણેઃ ધર્મધ્યાનને લગતી આનુષંગિક સમજ **ધ્યાનશતકઃ** તથા **અધ્યાત્મસારઃ** વગેરેને આધારે અહીં એટલા માટે આપવામાં આવેલ છે, કે-ધર્મધ્યાન સ્વરૂપનો કાંઇક વધારે સ્પષ્ટ ખ્યાલ આવી શકે.

પ્રકરણ ૨૫ મું.

ધર્મધ્યાન (ચાલુ) ઉત્તમસ્વામિઃ અને પ્રકીર્ણક વાતોઃ

ધર્મધ્યાનના વિશિષ્ટ સ્વામિ—

उपशान्त–क्षीण–कषाययोश्च ॥ ९–३८ ॥

જેઓના કષાયો ઉપશાંત પામ્યા હોયઃ અથવા ક્ષય પામ્યા હોયઃ તેઓને ધર્મધ્યાન હોય છે. ૯–૩૮

[સા૦ બો૦] સાતમા ગુણસ્થાનકથી માંડીને બારમા ગુણસ્થાનક સુધી ધર્મધ્યાન હોય છે એમ આગળ કહ્યું છે સાતથી આગળ બે માર્ગ છે એક ઉપશમ તરફ લઇ જનારઃ કે જેમા ચારિત્રાવરણીય કષાયોનો ઉપશમ થતો જાય છે. અને બીજા માર્ગમાં એ જ કષાયોનો ક્ષય થતો જાય છે. ક્ષયનો માર્ગ નવમાથી બારમા ગુણસ્થાનક સુધી જાય છે. અને ઉપશમનો માર્ગ નવમાથી અગ્યારમા ગુણસ્થાનક સુધી જાય છે.

આઠમે ગુણસ્થાનકે નથી ઉપશમ થતો કે નથી તે ક્ષય થતો. પરંતુ એમાથી કોઇપણ એક પ્રકારની મજબૂત પૂર્વ ભૂમિકા તૈયાર થાય છે. તેથી ઉપચારથી ત્યારે પણ ઉપશામક

૩ રૂપસ્થ:– [illegible]
ધ્યેય તરીકે [illegible]

જેમકે—[illegible] માનતિને ઉદ્દેશે
ધ્યાન [illegible]
ધ્યેય તરીકે [illegible] મનિશયોના અમર્યાદ

તે સમયે સિદ્ધાન્તો [illegible] જિનેન્દ્ર પ્રભુ રૂ
દેશના દ્વારા પ્રાણીમાત્રના હિત માટે [illegible] ભાવદયાની નીચે [illegible]
યુક્ત મનની [illegible] મનોહર સૌંદર્ય
ચલિત થઈ ગયેલા [illegible] પરમ શોભા સમાન [illegible] પુણ્યના વ્યાપ
પુણ્યના સમૂહથી જેના શરીર [illegible] સંપત્તિઓના બીજરૂપ સ્વાભાવિક ૧૦૦૮ લક્ષણયુક્ત સર્વોત્
અનન્ય સાધન ઉત્તમ પ્રકારના વગેરેની રચના થઈ હોય. ભવ્ય જીવોને નિરંતર
પણ વંદન કરવા યોગ્ય અને અતુલ માહાત્મ્યવાળી દેવો. સિદ્ધો. અને યોગીઓ
એવું જિનેન્દ્ર પ્રભુનું રૂપ ધ્યેય તરીકે વંદન કરાતા "વરેણ્ય" શબ્દથી સંબોધવા લાયક
રાખીને ધ્યાન કરવું.

૪ રૂપાતીત—ધ્યાન બે પ્રકારના થાય છે. રૂપરહિત–અરૂપી, સિદ્ધ–પરમાત્માનું ધ્યાન
તે રૂપાતિત ધ્યેયનું ધ્યાન છે અથવા **નિરાલંબન-નિર્વિકલ્પ** ધ્યાન પ્રકટે
સકળ કર્માદિ ઉપાધિ રહિત: તદ્દન નિર્મળ અનંત જ્ઞાનાદિક અનંતગુણોથી યુક્ત
પોતાના આત્માને જ સિદ્ધ સમાન–ધ્યેય તરીકે રાખીને ધ્યાન કરવું.

આ ચારેય પ્રકારના ધર્મધ્યાનનું સ્વરૂપ **યોગશાસ્ત્ર:** અને તેની વૃત્તિમાંથી
વિસ્તારથી જાણવાના ઇચ્છુકોએ જાણી લેવું.

આ પ્રસંગે:–ધર્મધ્યાનના પ્રસંગમાં–યમ: નિયમ: આસન: પ્રાણાયામ: પ્રત્યાહાર:
ધારણા: ધ્યાન: સમાધિ: એ આઠ યોગના અંગોનું વર્ણન શ્રી યોગશાસ્ત્રમાં વિસ્તારથી
કરેલું છે તથા તેની સૂક્ષ્મ સમજ શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચયમા આપેલી છે. પરંતુ મુખ્ય
વર્ણન તો પતઞ્જલી યોગાચાર્ય કૃત **યોગસૂત્ર**મા છે.

૧ યમમાં—પાચ મહાવ્રતોનો સમાવેશ થાય છે.

૨ નિયમમાં—ઉત્તરગુણોનો સમાવેશ થાય છે.

૩ આસન—ધ્યાન માટેની અનુકુળ શરીર વ્યવસ્થામાં પર્યંકાદિક જુદા જુદા આસનોનો
સમાવેશ થાય છે.

૪ પ્રાણાયામમા વાયુને લેવો. પૂરક કરવો. સ્થિર કરવો. કુંભક કરવો અને રેચક
એટલે બહાર કાઢવો. આ ત્રણ ક્રિયાને પ્રાણાયામ કહે છે. બીજો અર્થ ધર્મ માટે
પ્રાણ આપવા સુધી મનોવૃત્તિ થવી, તે જ પ્રાણાયામ છે. આમા વાયુને ખેંચવા-
રોકવા અને કાઢવાની ક્રિયા કરવી પડે છે આ વિષયના જાણકાર ગુરુની સહાયથી
આ ક્રિયા કરી શકાય છે નહીંતર નુકશાન થાય છે. પ્રાણાયામની ક્રિયા સાથે અનેક

[illegible] ને પારિભાષિક શબ્દોના અર્થો

આ ધ્યાનના વર્ણનના [illegible] છે, ને તેમાં તેના ચાર ભેદો [illegible] ભેદોમાં આવતા પારિભાષિક શબ્દોના [illegible] તેને [illegible] તથા દરેકના ભેદનું સામાન્ય સ્વરૂપ સમજાવવામાં આવે [illegible]

ધર્મધ્યાનમાં સમજાવેલા [illegible] શુક્લધ્યાનમાં પણ [illegible] છે, તે સૂત્રોના અર્થ પછી સમજાવીશું. ઉપર ૯-૩૮ મા સૂત્રમાં ઉપશાંતકષાય અને ક્ષીણકષાય યોગીને જેમ વિશિષ્ટ પ્રકારનું ધર્મધ્યાન જણાવ્યું છે, તેમ તેને શુક્લધ્યાનના પહેલા બે ભેદ પણ હોય છે:—

शुक्ले चाऽऽद्ये ॥ ९–३९ ॥

પહેલા બે શુક્લધ્યાનો મોહ ઉપશમાવી ચૂકેલ: અને મોહનો ક્ષય કરી ચૂકેલાને હોય છે. ૯—૩૯.

[સા૦ બો૦] તે બન્નેય ભેદોના નામ—(૧) પૃથક્ત્વવિતર્ક સવિચાર શુક્લધ્યાન: અને (૨) એકત્વવિતર્ક અવિચાર શુક્લધ્યાન: છે ૯–૩૯.

पूर्व–विदः ॥ ९–४० ॥

શુક્લધ્યાનના એ પહેલા બે ભેદો માત્ર પૂર્વધરને જ હોય છે. ૯–૪૦.

[સા૦ બો૦] પૂર્વધર સિવાયના મોક્ષમાં જનારા જીવો ધર્મધ્યાનથી ઉંચે ચડે છે. શુક્લધ્યાન જેવા નિર્મળ ધર્મધ્યાનમાંથી પસાર થવાનું હોય તેમ જણાય છે. પરંતુ શુક્લધ્યાનની પ્રક્રિયા તેઓ પૂર્વધર ન હોવાથી જાણતા નથી હોતા. માટે ન હોય: પૂર્વધરોને તો શુક્લધ્યાન ૧૧ મે અને ૧૨ મે અવશ્ય હોય. ઉપચારથી ભૂમિકારૂપ પહેલા પણ હોય. ૯-૪૦

परे केवलिनः ॥ ९–४१ ॥

શુક્લધ્યાનના પછીના બે ભેદો શ્રી કેવળજ્ઞાની ભગવંતોને જ હોય છે. ૯–૪૧.

ચારેય ભેદોના નામો સૂત્રમાં બતાવે છે:—

पृथक्त्वैकत्व–वितर्क–सूक्ष्म–क्रिया–ऽप्रतिपाति–
व्युपरत–क्रिया–ऽनिवर्तीनि ॥ ९–४२ ॥

(૧) પૃથક્ત્વવિતર્ક–સવિચાર શુક્લધ્યાન:
(૨) એકત્વવિતર્ક–અવિચાર શુક્લધ્યાન:

(૩) સૂક્ષ્મ-ક્રિયા-અપ્રતિપાતિ-શુક્લધ્યાન.

(૪) વ્યુપરત-ક્રિયા-અ-નિવર્તિ: શુક્લધ્યાન. છે. ૯-૪૨

એ ચારેય ભેદ મન-વચન-કાયાના યોગો ઉપર ઘટાવી બતાવી યોગ-શુક્લ-ધ્યાન-સમાધિ: બતાવે છે:—

त्र्येक-काय-योगायोगानाम् ॥ ९-४३ ॥

એ શુક્લ ધ્યાનના ભેદો અનુક્રમે— (૧) ત્રણ યોગવાળાને (૨) કોઈ પણ એક યોગવાળાને (૩) માત્ર કાયયોગવાળાને (૪) અયોગી—યોગ રહિતને હોય છે. ૯-૪૩

પહેલા બે ભેદની સામાન્ય રીત.—

એ પ્રમાણે અર્થ ઉપરથી શબ્દ ઉપર વિચરણ, વળી એક શબ્દ ઉપરથી બીજા શબ્દ ઉપર વિચરણ, વળી શબ્દ ઉપરથી અર્થ ઉપર વિચરણ થાય આ પ્રમાણે મનને ધ્યેયાન્તરોમા લઈ જવામા પૂર્વગત શાબ્દિકશ્રુતની મદદ લેવાની હોય છે. તે કેઈ રીતે ? તે આપણે જાણતા નથી

મનોયોગ ઉપરથી કાયયોગમા અથવા વચન-યોગમા, કાયયોગ ઉપરથી મનોયોગ કે વચન યોગમાં, વચનયોગ ઉપરથી કાયયોગ કે મનોયોગમાં જવાનું હોય છે

જ્યા સંક્રમણ કરે, જે ઉપર વિચરણ કરે, ત્યા મનને રોકી રાખે છે. મનને નિરોધ કરે છે તે રૂપે ધ્યાન થાય છે

આ ધ્યાનમાં ખળભળાટ બહુ નથી હોતો શાંત દરિયાની માફક ઘણી શાંતિ હોય છે. છતાં દરિયામાં જેમ નાની નાની લહરીઓ ઉઠે, તેમ આમાં સામાન્ય વિકલ્પો ઉઠતા હોય છે.

દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ શબ્દઃ અર્થઃ અને નયઃ વગેરેના ભેદોનું જુદાપણું ભાસતું હોય છે. જુદા જુદા યોગો પણ કામ કરતા ભાસતા હોય છે. તેથી આ ધ્યાન **સવિકલ્પક** છે.

પૃથક્ત્વઃ વિતર્કઃ અને સવિચરણઃ એ ત્રણેય પ્રવૃત્તિઓ ધ્યાનમાં બનતી હોય છે પરંતુ ખરી રીતે, જેમ બને તેમ આત્માની સ્થિરતા વધતી જાય. રાગ-દ્વેષઃ કષાયઃ અને વિષયોઃ તરફ ધસતા યોગોની ચંચલતા વગેરેથી આત્મા દૂર દૂર થતો જઈને વધુ ને વધુ સ્થિરતા પ્રાપ્ત કરતો જાય છે. સંયમી બનતો જાય છે. આત્મા સ્વ-પર્યાયોમા પણ અભેદ ભાવ અનુભવવાની પૂર્વ તૈયારી તરફ જતો જાય છે.

૨ એકત્વ-વિતર્ક-અવિચાર-શુકલધ્યાનમાં ધ્યાતવ્ય

આ ધ્યાનમાં-કોઇપણ એક જ ધ્યેય રાખવાનું હોય છે. પરમાણુઃ જીવઃ જ્ઞાનાદિ-ગુણઃ કે ઉત્પાદાદિ પર્યાયઃ શબ્દઃ કે અર્થઃ ત્રણમાંથી કોઇપણ એક જ યોગઃ ધ્યેય તરી-કેનું હોય છે. **પૃથક્ત્વ**—ધ્યેયનું જુદા જુદાપણું હોતું નથી, પરંતુ **એકત્વ** હોય છે, એક જ ધ્યેય રાખવાનું હોવાથી **વિચરણ** હોતું નથી. **વિતર્ક** એટલે પૂર્વગતશ્રુતનો આશ્રય આમાં પણ આવશ્યક છે જ. પવન વિનાના સ્થાનમા મૂકેલ સુરક્ષિત સ્થિર દીવા જેવું-નિષ્કંપ આ ધ્યાન હોય છે.

આમાં એક યોગ રૂપથી બીજાની બદલીના કે વિતર્ક [illegible] રૂપ અર્થાન્તર-વિક્રમણ નથી હોતું તેથી અવિચાર કહેવાય છે


અર્થાત્- એક યોગ: પૂર્વગતશ્રુત હોય, અને વિક્રમણ ન હોય [illegible] સવિતર્ક, અવિચાર, શુક્લધ્યાન.

આ [illegible] [illegible] ધ્યાનમાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ધ્યાન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ધ્યાન [illegible] [illegible] [illegible] ધ્યાન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

યોગ[illegible] પણ [illegible] શરીર તદ્દન પ્રવૃત્તિ વિનાનું થતું [illegible] હોવાથી સૂક્ષ્મ કાયયોગ[illegible] ક્રિયા થવાની ન હોવાથી તે ધ્યાન **સૂક્ષ્મ ક્રિયાથી અપ્રતિપાતી** [illegible] અને યોગ રહિત આત્મા થતો જાય છે એટલે કે [illegible] છૂટતો જતો હોય છે. સર્વે કર્મો તૈજસ-કાર્મણ શરીર [illegible] પણ છૂટતા જતા હોય છે. નિર્મળ આત્મા શરીરથી જુદો પડતો જતો હોય છે.

સામાન્યથી કોઇપણ પ્રાણીનો આત્મા મરણ વખતે શરીર નાડીની પોતાની ગુંથણીમાંથી છુટો પડતો જાય છે, તેમ તેમ શરીરની પ્રવૃત્તિ રોકાતી જાય છે, અને છેવટે તદ્દન સૂક્ષ્મ પ્રવૃત્તિઓ ચાલુ હોય છે, તે પણ બંધ પડતા જાય છે. હૃદય અને જ્ઞાનતંતુઓના ધબકારા બંધ પડે છે. અને આત્મા ભવાન્તરમાં ચાલ્યો જાય છે. પરંતુ સાથે અનેક કર્મપ્રકૃતિઓ બંધાય છે, ઉદયમાં હોય છે, સત્તામાં હોય છે. કાર્મણ અને તૈજસ શરીર સાથે હોય છે. કાર્મણ કાયયોગ ચાલુ હોય છે. ત્યારે કેવળજ્ઞાની ભગવંતનો આત્મા તમામ કર્મોથી દૂર રહેતો જાય છે, શૈલેશી અવસ્થા થાય છે. આત્મા તમામ પૌદ્ગલિક બંધોથી છુટો પડી જવાની તૈયારી કરતો હોય છે.

૧૩ મે ગુણસ્થાને સંસારસ્થ જીવને ઘટતી યોગજન્ય ઘણી પ્રવૃત્તિઓ ચાલવા છતાં તે વીર્યાન્તરાય કર્મના ક્ષયને બાધક હોતી નથી. (ધર્મપરીક્ષા)



પ્રકરણ ૩૦ મું : ચોથો ભેદ

૪ વ્યુપરત–ક્રિયા-ऽ-નિવર્તિ–શુકલધ્યાનમાં ધ્યાતવ્ય

આ ધ્યાનમાં સ્થૂલયોગ ન હોવાથી સૂક્ષ્મ કાયયોગ માત્ર હોય છે. તે પણ અત્યન્ત સૂક્ષ્મ હોવાથી કશી અસર ન કરી શકતો હોવાથી, તેને ગણત્રીમાં લેવામાં આવતો નથી. તેથી આ સ્થિતિમાં **અયોગાવસ્થા** હોવાથી કર્મનો બધ તો સદંતર બંધ પડી જાય છે કેમકે–યોગ વિના વેદનીય કર્મ પણ બંધાતું બંધ પડી ગયું હોય છે. તેમના શરીરમાં અથડાઇને કોઇ મચ્છર વગેરે જીવ મરણ પામી જાય કે દુઃખી થાય, પરંતુ યોગપ્રવૃત્તિ ન હોવાથી તે નિમિત્તનું કર્મ બંધાતું નથી. અને તેથી આત્મામાં યોગ ન રહેવાથી આત્મપ્રદેશોમાં સ્હેજ સ્હેજ ક્રિયા ચાલતી હતી, તે પણ વ્યુપરત–બંધ પડી જાય છે. તેથી તે **વ્યુપરત ક્રિયા** કહેવાય છે.

મોક્ષમા આત્મા જાય ત્યાં સુધી તે ધ્યાન ચાલુ રહે છે. ત્યાં સુધીમાં જરા પણ તે અટકતું નથી. તેથી તે **અનિવર્તિ** કહેવાય છે. મોક્ષ સુધી જનારું: પાછું ન ફરનારું: આ એ શબ્દના અર્થો છે. બીજું નામ **સમુચ્છિન્ન–ક્રિયા–ऽ-નિવર્તિ** પણ છે. ભાવાર્થ એક જ છે.

[illegible] [illegible]

લેશ્યા–યોગ–ક્રિયા–બંધ–[illegible] [illegible] છે. [illegible] અલેશી–અયોગી–અક્રિય–અબંધ [illegible] છે.

છઠ્ઠાં મે ગુણસ્થાનકે—

માત્ર [illegible] ગણી ગમ-
વગરઆદિકમાં તીર્થંકર [illegible] ગુણોને સામાન્ય
રીતે વધારે ઉપકાર [illegible] મુદ્રામાં તીર્થંકરના પ્રતિમા
ચિત્રાદિક વધારે ઉપકારક [illegible] સામાન્ય મુનિઓનો માત્ર ભાગ કરાવે
છે, ત્રિલોકપૂજ્ય તીર્થંકર પ્રભુના [illegible] ભાગ કરાવી શકતી નથી.

શુક્લધ્યાન વિચાર સંપૂર્ણ

પ્રકરણ ૩૧ મું.

૧૨ તપના ભેદ: અને સંવર-નિર્જરાના ભેદોનો ઉપસંહાર.

અભ્યંતરતપ નવા કર્મો બાંધવામાં રોકાણ કરનારા હોવાથી સંવરરૂપે બને છે. અને જુના કર્મોની તીવ્રનિર્જરા કરનાર હોવાથી નિર્જરારૂપ પણ બને છે, એ રીતે એ અભ્યન્તરતપ નવાકર્મો બંધાતા અટકાવે છે, ને જુના કર્મ ખપાવે છે, તેથી મોક્ષ પમાડવામાં પ્રબળ, ઉત્તમ, મજબુત, સાધનરૂપ છે. ઉંચામાં ઉંચુ સાધન તે જ છે.

આ રીતે સંવર નિર્જરા તત્ત્વના સર્વ ભેદ-પ્રભેદોનું ઘટતી રીતે વર્ણન કરવામાં આવેલું છે. અને જૈનધર્મના ઉપદેશની મુખ્ય વસ્તુઓ તત્ત્વરૂપ હોવાથી, તેનું અમે પણ સંક્ષેપમાં છતાં કાંઈક વિસ્તારથી વર્ણન કર્યું છે. જેથી જૈનધર્મની આધ્યાત્મિક વિકાસની પદ્ધતિની વ્યવસ્થિતતા, વ્યાવહારિકતા, સશાસ્રીયતા, તત્ત્વવ્યવસ્થા, સિદ્ધતા, વિશ્વની અદ્ભુત પદાર્થતા, સચોટતા-કાર્યસાધકતા તથા આબાદ, સફળ સાધકપણાનો મુમુક્ષુ જીવોને સારી રીતે ખ્યાલ આપી શકે

પ્રકરણ ૩૨ મું.

ગુણશ્રેણી : પ્રાથમિક ભૂમિકા:

ભાષ્યમાં અવતરણ કરવામા આવ્યુ છે, કે:—

"આપે જણાવ્યુ છે, કે-પરિષહો જીતવાથી, બાર પ્રકારના તપના સેવનથી અને કર્મના ઉદયથી: એમ જુદી જુદી રીતે નિર્જરા થાય છે, તો તે સર્વ સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને સરખી હોય છે?" કે તેમા કાંઇ ફેરફાર હોય છે? તેના જવાબમાં નીચેનું સૂત્ર કહેવામાં આવ્યું છે:—

सम्यग्–दृष्टि–श्रावक–विरता–ऽन–ऽन्त–वियोजक–दर्शन–मोह–क्षपकोपशमकोपशान्त–मोह–क्षपक–क्षीण–मोह–जिनाः क्रमशोऽ–संख्येय–गुण–निर्जराः ॥ ९–४८ ॥

સમ્યગ્દૃષ્ટિઃ શ્રાવકઃ વિરતઃ અનન્તવિયોજકઃ દર્શનમોહક્ષપકઃ મોહોપશમકઃ ઉપશાન્તમોહઃ મોહક્ષપકઃ ક્ષીણમોહઃ જિનઃ આ દરેક અનુક્રમે અસંખ્યાત-ગુણી અસંખ્યાત-ગુણી નિર્જરા કરનાર હોય છે ૯–૪૮

[ભાષ્ય] [illegible]

અહીં [illegible]

[illegible]

ધોરણ ઠરાવતા નથી

શાસનના અનુયાયિઓ નહીં ગણાતા ગયા પછી, પાર્શ્વસ્થા–ઓસન્ન–કુશીલ–સંસક્ત–યથાછંદ–નિહ્નવ–શાસન અપભ્રાજક–સમકિત વમી ગયેલા વ... કેવું સ્થાન આપવું? તથા, જૈનેતર શાસનોમાં રહેલા સરળ સ્વભાવી–આત્માર્થિ માર્ગાનુસારી જીવોને તેઓની અપેક્ષાએ કેવું સ્થાન ગણવું? તેમાં પણ પોતાના ... આગ્રહીઃ અનાગ્રહીઃ સત્યના ખપીઃ વગેરેનું સ્થાન કયાં ગણવું? તેની તરફના વર્તાવ સમ્યગ્દષ્ટિ જૈનોએ કેવા રાખવા? તેઓ તરફની જૈનશાસનને રાખવાની મર્યાદાઓઃ ... થીએ રાખવાની મર્યાદાઓઃ આત્માર્થી જીવે રાખવાની મર્યાદાઓ વગેરેને લગતા ઘણા સૂક્ષ્મ ધોરણો છે.

૮ તેમા–જૈન–જૈનેતર શાસનમા કદાગ્રહીઃ અભવ્યો. ભવાભિનંદીઃ જીવો વગેરે હેય અને ક્રિયા પણ તે તે ધર્મની કરતા હોય, છતા તેઓનું સ્થાન કેવું ગણવું? વગેરેને વ્યવસ્થિત વિચાર જૈનશાસનમા કરવામા આવેલો છે. **નિશ્ચયનયથીઃ** વ્યવહારનયથીઃ તેમજ–લૌકિકઃ અને લોકોત્તરઃ વ્યવહારથી શી વ્યવસ્થા સમજવી? તેની પણ ઘણી વિચારણા છે

૯ આત્મા અનાદિકાળથી કર્મથી ઘેરાયેલો હોય છે, તે સૂક્ષ્મ નિગોદરૂપ અવ્યવ**હારરાશિ**માં અનાદિકાળથી હોય છે. તેમાથી જે જે જીવોની **તથાભવ્યતા** તથા કાળ**લબ્ધિ** પાકે છે, તેઓ તેમાથી **વ્યવહારરાશિ**માં આવે છે. અને તેમા ઘણો કાળ રખડે છે. તેમાંથી જેનો એક **પુદ્ગલ પરાવર્તન** સંસાર બાકી રહે છે, તે જીવોઃ છેલ્લા **પુદ્ગલ પરાવર્તન**મા આવે છે. તે **ચરમાવર્તિ જીવ** કહેવાય છે કેમકે–તે જીવો વધુમાં વધુ એક પુદ્ગળ પરાવર્તન પૂરો કાળ થતાં જ મોક્ષમાં અવશ્ય જવાના જ હોય છે. છેલ્લા પુદ્ગળ પરાવર્તનમા પ્રવેશ કરેલા તે જીવોને મોહનીયકર્મની ૭૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ કદી બંધાતી નથી તેથી તે જીવો **અપુનર્બંધક** કહેવાય છે. તેથી તેનામા ધર્મની પ્રાથમિક લાયકાત શરૂ થાય છે. તેથી તેને **આદિધાર્મિક** પણ કહેવાય છે.

अपुनर्बन्धकाद् यावद् गुणस्थानं चतुर्दशम् ।
क्रम-शुद्धिमती तावत् क्रियाऽध्यात्ममयी मता ॥४॥

અપુનર્બંધકથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીની અનુક્રમે વધતી જતી શુદ્ધિ વાળી ક્રિયાઃ ને અધ્યાત્મમયી કહેવાય છે. ૪

અધ્યાત્મસાર ૨

૧૨ ઉપાધ્યાયજી મહારાજશ્રી યશોવિજયજીએ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલાંના જીવોમાં નીચેના પ્રકારો બતાવ્યા છેઃ—

(૧) पृच्छोत्पन्न संज्ञा.—ધર્મ પૂછવાની મનમા સંજ્ઞા જાગી હોય તે.

(૨) पिपृच्छिपुः—પૂછવાની ઇચ્છા થઈ હોય, તે.

(૩) साधुपार्श्वे जिगमिपु—સાધુ પાસે જવાની ઇચ્છાવાળો–ધર્મ પૂછવા માટે જાય

(૪) धर्मपृच्छकः—ધર્મ પૂછનાર. પૂછે, સમજવા પ્રયાસ કરે.

(૫) ક્રિયામા દાખલ થયેલો. શક્તિ અને સમજ પ્રમાણે ધર્મ કરે, કાંઈપણ ધર્મ કરેજ.

(૬) સમ્યગ્દર્શન પામવાની ઇચ્છાવાળો, સમ્યગ્દર્શનની નજીક આવતો જાય.

(૭) સમ્યગ્દર્શન ઉત્પન્ન કરવાને અધિગમોની સહાયથી પ્રવાસ કરનાર, અને પછી

(૮) સમ્યગ્દર્શન પામેલો. એમ સમ્યગ્દર્શન પામ્યા પહેલાંની સાત ભૂમિકાઓ બતાવી છે.

એ વાત **વીશવીંશિકામા શ્રી હરિભદ્રસૂરિજી** મહારાજાએ **બીજઃ** ૧ **અંકુરઃ** ૨ **થડઃ** ૩ **ડાળાંઃ** ૪ **પાંદડાઃ** ૫ **ફુલઃ** ૬ અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિરૂપ **ફળઃ** ૭ સુધી ગણાવેલ છે. એજ વસ્તુ **યોગદૃષ્ટિ સમુચ્ચયમા ૧ મિત્રા ૨ તારા** ૩ બલા ૪ **દીપ્રા** એમ ચાર દૃષ્ટિરૂપે બતાવેલ છે અને પાંચમી સ્થિરાદૃષ્ટિ–સમ્યગ્દર્શન પ્રાપ્તિની દૃષ્ટિ છે

શ્રી જિનાગમો અને કર્મગ્રંથાદિકમા " અનંતવાર યથાપ્રવૃત્તિકરણ થાય છે. તેમાં **૧ સકૃત્ બંધકતા, ૨ અપુનર્બંધકતા,** ૩ **માર્ગાભિમુખતા, ૪ માર્ગાનુસારિતા, ૫ છેલ્લું યથાપ્રવૃત્તિકરણ, ૬ તેની વિશિષ્ટ વિશુદ્ધિ, ૭ ગ્રંથિપ્રદેશ સુધી આવવું,** ગ્રંથીભેદ કરવોઃ ૮ **અનિવૃત્તિકરણ અવસ્થા** અને ૯ **સમ્યગ્દર્શન**ની પ્રાપ્તિ વગેરે વગેરે રૂપે કહેવાય છે. **પૂર્વસેવી, માર્ગાનુસારીઃ માર્ગપતિત, માર્ગાભિમુખ** વગેરે નામે પણ **યોગબિન્દુ** આદિમાં એજ આત્માનું સ્વરૂપ જુદી જુદી અવસ્થાથી બતાવેલ છે

જંગલીઃ અને પશુઓઃ પણ આજીવિકા તો મેળવે છે. તથા ઇન્દ્રિયોના વિષયોને સેવે છે. કામભોગ પણ કરે છે. પરંતુ તેના તે અર્થઃ અને કામઃ પુરુષાર્થ કહેવાતા નથી. કારણ કે ધર્મ નિયત્રિત નથી. નીતિ સદાચાર અને ન્યાયના પાયા ઉપર નથીઃ ન્યાયઃ નીતિઃ અને સદાચારઃની વ્યાખ્યા પણ મોક્ષાનુકુળ આધ્યાત્મિક વિકાસાત્મક ધર્મથી જ નક્કી થાય છે.

આ રીતે ચાર પુરુષાર્થના પાયા ઉપરની સંસ્કારી માનવોની સર્વ સામાન્ય જીવન **સંસ્કૃતિઃ** તે **માર્ગાનુસારિતા** કહી શકાય છે અને તેને વફાદાર રહી, જીવનારા લોકો **માર્ગાનુસારી–સન્માર્ગાનુસારી** કહેવાય છે માટે ચાર પુરૂષાર્થની સંસ્કૃતિ–મહાપુરૂષોએ જીવોના મહા કલ્યાણના ઉદ્દેશથી સ્થાપિત કરી છે. તે દ્વારા આત્માઓમા ઘણી રીતે ધીમે ધીમે આત્મ–વિકાસ આગળ વધી શકે છે. તે પણ પ્રાથમિક જીવો માટે મોટામાં મોટું અવલંબન બને છે. અને ૧ આત્મા છે, ૨ તે નિત્ય છે. ૩ તે કર્મો કરે છે, ને ૪ ભોગવે છે ૫ તેનો મોક્ષ થાય છે અને ૬ મોક્ષના ઉપાયો પણ છે એ છ સ્થાનકોના તત્ત્વજ્ઞાન ઉપર ચાર પુરુષાર્થના નાના–મોટા તમામ વ્યવહારોની રચના થઈ છે, એ વ્યવહારના પાલનમાં જ એ તત્ત્વજ્ઞાનને સક્રિય ટેકો મળે છે. અને તેથી જ આગળનો વિકાસ પ્રાપ્ત થાય છે.

આ રીતે માર્ગાનુસારિતાના ઘણા ભેદ–પ્રભેદો છે. પરંતુ ૩૫ મુખ્ય ગુણોમા સર્વનો સમાવેશ કરી લેવામાં આવ્યો છે. એ રીતે **અસમ્યગ્દર્શની, સમ્યગ્દર્શની, દેશવિરતિ**

---

* चतुर्थ–पुरुषार्थ–श्री–विलास वितनोतु व । **શ્રી સકલાર્હત્** સ્તુતિ શ્લોક ૨૯ માં પુરુષાર્થ શબ્દનો પ્રયોગ પૂ૦ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજશ્રીએ કરેલો છે.

સમ્યગ્દૃષ્ટિ જીવનું સામાન્ય સ્વરૂપ તો આ [illegible]માં અહીં સુધી વાંચનારના ખ્યાલમાં આવી જ ગયું હોય, તેમ માની તેના [illegible] ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકારના સમ્યગ્દર્શનની [illegible] પ્રકારના સમ્યગ્દર્શનની સમજણ

આ જીવોની આત્મપરિણતિ-ભીના [illegible] ઉચ્ચ પ્રકારની હોય છે તેઓ શાંતઃ દુન્યવી ત્યાગી ને વૈરાગી [illegible] અને [illegible] હોય છે મોક્ષ તરફ તેઓની મીટ હોય છે. મોક્ષ જ તેઓનો [illegible] આદર્શ હોય છે આત્માનું સ્વરૂપ મન જવામાં મશગુલ હોય છે ને સારી રીતે સમજતા હોય છે ધર્મસ્થાનમાં પ્રાણ આપવા સુધીની મનોવૃત્તિ દૃઢ હોય છે 'ધર્મની પ્રભાવના ધર્મની મહત્તા જગતમાં ઉભી રહે' તેને માટે તેઓ જાગતા હોય છે 'અધર્મ ન ફેલાઈ જાય, લોકો અધર્મ ન પામે, અધર્મને પોષક પાપ કોઈપણ ખુણામાંથી ન ઉભું થઈ જાય, ઉભું થાય તો તેને કેમ દબાવી દેવું? તેની તકેદારી કેમ રાખવી?' વગેરે તરફ લક્ષ્યવાળા હોય છે. દેવઃ ગુરુઃ ધર્મઃના હાર્દિક ઉપાસક હોય છે. ઉપરાંત, ધાર્મિક લોકોનોઃ ન્યાયનોઃ નીતિનોઃ સદાચારનોઃ પક્ષ કરનારા હોય છે. ધાર્મિકોમાં સંગઠન રાખતા હોય છે. શાસનના બંધારણીય નિયમનની શિસ્ત જાળવતા અને જાળવાવતા હોય છે. ધાર્મિકોમાં ઉત્સાહપ્રેરક લ્હાણીઓઃ પ્રભાવનાઓઃ ભેટોઃ વગેરે આપવા-અપાવવા આ ભાવનાથી તત્પર હોય છે, "જેથી કરી કોઈપણ જીવ અનુબંધ ધર્મમાં આવે, ટકે કે આગળ વધે." સંઘઃ શાસનઃ મહાજનઃ જ્ઞાતિઃ કુટુંબઃ વગેરે સંસ્થાઓના સંચાલન બરાબર ચાલે તે માટે જાગ્રત રહે છે યાત્રાઃ પૂજાઃ ઉત્સવઃ રથયાત્રાઃ આકર્ષક-ધાર્મિક મહા સમારંભોઃ સદા ચાલુ રાખી, ધર્મનો પ્રભાવ ફેલાવતા હોય છે. ધંધા-રોજગાર, કુટુંબ-વ્યવસ્થા, રાજ્ય-તંત્ર વગેરે આદર્શ કેમ ચાલે? તેની તમન્ના ધરાવતા હોય છે. અને તેને માટે પોતાની તરફના પણ જુદા જુદા ભોગો આપતા હોય છે. કેમકે તેઓનુ લક્ષ્ય છ સ્થાનના તત્ત્વજ્ઞાનને જીવત રાખવાનું હોય છે. **દર્શનાચાર**ના આઠ અતિચારો દૂર કરી, આઠ પ્રકારે **દર્શનાચાર** પાળવા તત્પર હોય છે. વ્યામોહ કરનારા ભ્રામક પ્રચારો, દેખાવો અને લાલચોથી તેઓ પર હોય છે. 'ધર્મસ્થાનોની ઉજળામણુ રહે, ને સુંદર વહીવટોઃ કેમ ચાલેઃ' તેને માટે કશાયે દુન્યવી લાભની આશા વિના યથાશક્ય ભોગ આપવા તત્પર રહે છે.

એકંદર-સુવ્યવસ્થા' સુવ્યવસ્થાપકોઃનો લાભ જનતા ઉઠાવે, તેને માટે સમ્યગ્દૃષ્ટિ આત્મા જાગ્રત્ રહે છે. હાર્દિક પ્રયાસો ઉઠાવે છે. તેમ છતાં પોતાના અન્તરાત્માથી સંસારથી ન્યારા હોય છે. સંસારને ખોટો માનતા હોય છે તેના ભોગને ખોટા માનતા હોય છેઃ ભોગવવાની ઇચ્છાને ખોટી માને છે. વગેરે રીતે અંતઃકરણથી જાગ્રત હોય છે. આત્મા અને તેના મોક્ષ સાથેના સંબંધના રહસ્યોમાં ઘણી રીતે જાગ્રત્ હોય છે. ભલે સંક્ષિપ્તરુચિ જીવ કેમ ન હોય? તેને આધ્યાત્મિક સૂક્ષ્મ સમજ-બોધ સહજ રીતે જ

રાજ્યના ઘણા કાયદા [illegible] નથી હોતા. [illegible] કે [illegible] ફરજ નથી [illegible]
ધર્મનું અંગ છે ત્યારે [illegible] [illegible] [illegible] પરિણામ [illegible]
છે. કે–"અનુકંપાના નામ જૈના નામ છે, તેના [illegible] તો [illegible] જરૂર છે."

આ સામાન્ય શક્તિથી, આમાના આત્મવિકાસથી, શક્ય હતું નથી [illegible]
સમ્યગ્દર્શન સાથે દેશવિરતિ ગુણ પ્રાપ્ત થયો હોય, ત્યારે પ્રાપ્ત થાય છે અને તેથી
તેમા થતી નિર્જરા અસંખ્યગુણી હોય સ્વાભાવિક છે

૩ વિરત· એટલે સર્વવિરતિ· પાંચ મહાવ્રતધારી· મુનિપણામા અસંખ્યાત ગુણ
નિર્જરા થાય છે. દેશવિરતિ પામ્યા પછી, સંખ્યાત સાગરોપમે સર્વવિરતિપણું પ્રાપ્ત થાય છે

ઉપર જણાવેલા દેશવિરતિ શ્રાવક જ્યારે પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રીભોજનના
ત્યાગરૂપ વ્રતોનો સ્વીકાર કરી, સર્વસંગના ત્યાગી મુનિ થાય છે, ત્યારે તેની નિર્જરા
દેશવિરતિ કરતા અસખ્યાતગુણી હોય છે. મોહનીય કર્મના ક્ષયોપશમ ભાવના કે
ઉપશમ ભાવના સમ્યગ્દર્શન જે મુનિને હોય છે, તેની આ વાત છે. સાત પ્રકૃતિનો
સર્વથા ઉપશમ હોય, કે સમ્યક્ત્વ–મોહનીયનો ક્ષય માત્ર ચાલુ હોય, તેની વાત છે.

પાંચ મહાવ્રત તો ચારિત્રાચારની મુખ્યતા બતાવવા માટે મુખ્યપણે જણાવાય છે.
વાસ્તવિક રીતે, પાચ આચારમય મુનિજીવન હોય છે પાંચ આચાર મળતા એ આધ્યા
ત્મિક વિકાસમય હોય છે. અને પાચ મહાવ્રત ત્યાગરૂપ હોઈ વિકાસમાં સહાયક થાય છે.

(૧) **જ્ઞાનાચારમાં** રહી યોગોદ્વહન પૂર્વક આગમાદિકનો અભ્યાસ કરી પૂર્વધર
થવા સુધી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ કરતા હોય છે.

(૨) **દર્શનાચારમાં** રહી જૈનશાસન. મંદિરો: તીર્થો: શ્રમણ: શ્રમણી: વગેરે શ્રી
સઘના ભાવ–વૈયાવૃત્યમા નિષ્ઠ હોય છે. શાસનની પ્રભાવના કરવાના રસિયા હોય છે
જૈનશાસનની અપભ્રાજના નિવારવામા તત્પર હોય છે પ્રભુની સુવ્યવસ્થાના વિનિયોગને
સુરક્ષિત રાખવામા સાવધાન હોય છે.

(૩) **ચારિત્રાચારમાં રહી** પાચ મહાવ્રત, રાત્રિભોજન ત્યાગ, તથા ક્ષમાદિક દશ
ધર્મ વગેરેના પાલનમા નિષ્ઠ હોય છે

(૪) **તપાચારમાં રહી** બાર પ્રકારના તપોના અનુષ્ઠાનોમાં તત્પર હોય છે. અને

(૫) **વીર્યાચારમાં** રહી ઉપરના ચારેય આચારોના કર્તવ્યો તથા તેના દરેક
અનુષ્ઠાનો જાગ્રતભાવે–મન–વચન–કાયાની પૂરી શક્તિ જોડીને કરતા હોય છે. ઉપસર્ગ:
પરિસહ:થી હાર ખાધા વિના તેને સહન કરે છે આ સર્વવિરતિધર મુનિમાં–પ્રમત્તભાવમાં
રહેલા અને અપ્રમત્તભાવમા રહેલા એમ બે પ્રકાર હોય છે.

પ્રકરણ ૩૩ મું.

કેવળજ્ઞાની અને ત્રિભુવનપૂજ્ય શ્રી તીર્થંકર સયોગી કેવળી ભગવંત.

તેરમે ગુણસ્થાનકે ઘાતીકર્મથી ઉત્પન્ન થયેલા અઢાર દોષો નિવૃત્ત થવાથી માત્ર યોગ જ હોય છે, તેથી સયોગી કહેવાય છે. અને કેવળજ્ઞાની હોવાથી કેવળી કહેવાય છે. બારમા ગુણસ્થાનક કરતાં અસંખ્યાત ગુણી નિર્જરા કરે છે. (૧) સામાન્ય કેવળજ્ઞાની: અને (૨) શ્રી તીર્થંકર કેવળજ્ઞાની: એમ **સયોગી કેવળી** બે પ્રકારે હોય છે.

સામાન્ય કેવળજ્ઞાની: ભગવંતો સામાન્ય મુનિની જેમ વિચરતા હોય છે. દેવોએ રચેલા સુવર્ણકમળાદિકની રચનામાં સિંહાસનાદિ ઉપર બેસીને દેશના આપતા હોય છે. પ્રભુના સમવસરણમાં પધારે ત્યારે અનાદિ અનંત જૈનશાસનના પ્રતીક સમાન ચૈત્યવૃક્ષને: પ્રભુને તથા ગણધર ભગવંતો શાસનના જવાબદાર અધિકારીઓ હોવાથી તેઓને ત્રણ પ્રદક્ષિણા દઇ કેવળજ્ઞાની મુનિઓની પરિષદ્‌માં બિરાજે છે. કેવળજ્ઞાની ભગવંતો સમવસરણમા આવે. કેમકે-તેઓ જેમ કલ્પાતીત હોય છે, તે પ્રમાણે અમુક કલ્પો પ્રમાણે વર્તવાનું પણ હોય છે. કેટલાક કલ્પો તો શ્રુતવ્યવહાર પ્રમાણે પણ હોય છે.

ત્રિભુવન પૂજ્ય શ્રી તીર્થંકર—જેઓ તીર્થંકર હોય તેઓનો ત્રિલોકપૂજ્ય પ્રભાવ હોય છે મોહનીયકર્મનો ક્ષય કરવાથી વીતરાગ હોય છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલ હોવાથી સર્વજ્ઞ હોય છે. દેવો, ઇન્દ્રો, રાજા, મહારાજાઓ અને ચક્રવર્તિઓ અને બીજાઓને પૂજ્ય એવા ઋષિ-મહાત્માઓ વગેરે યોગીઓ પણ તેઓને પૂજતા હોય છે. આઠ મહા પ્રાતિહાર્યો યુક્ત હોય છે તથા ૩૫ ગુણ યુક્ત વાણીથી ધર્મદેશના આપતા હોય છે. એમ ૧ અપાયાપગમાતિશય: ૨ જ્ઞાનાતિશય: ૩ પૂજાતિશય: અને ૪ વચનાતિશય: એ **ચાર** મૂળ અતિશય અને બીજા ૩૦ એમ મળીને ૩૪ અતિશય યુક્ત અવશ્ય તેઓ હોય છે. તેમના ઉપદેશના મંડપરૂપે દેવો ખાસ સમવસરણ રચે છે. તેઓ અમોઘ ધર્મદેશના આપે છે. તે સાંભળીને ઘણા જીવો ત્યાગધર્મની દીક્ષા લે છે. કોઇ ગૃહસ્થ


સત્યઃ અહિંસાઃ પ્રામાણિકતાઃ ગુણેદ્‍ શાંતિ પરસ્પર સહાનુભૂતિ પરોપકાર વગેરેના વારસાનો પ્રવાહ ચાલે છે તે પણ પરંપરાએ ગીપી રીતે કે આડકતરી રીતે તીર્થંકરોના ભક્ત ધર્મગુરુઓ મારફત તીર્થંકરોના જ પ્રભાવના કિરણો પહોંચ્યા હોય છે. જીવો તેમની આજ્ઞા પ્રમાણે વર્તવાથી દેવલોક પણ પામે છેઃ તેનો ભંગ કરવાથી નરકાદિ પામે છે. આ રીતે તીર્થંકર પ્રભુઃ ઇશ્વર તરીકે કર્તા છે. પરંતુ સદાચાર અને ધર્મના. નહીં કે પાપ, ખુન, ચોરી, વ્યભિચાર વગેરેના. તીર્થંકર પ્રભુ સાક્ષાત્ આ લોકમાં કોઇ વખતે વિદ્યમાન હોય, કે અવિદ્યમાન હોય, મોક્ષમાં ગયા હોય તો પણ તેઓનો પ્રભાવ સાધુઃ ત્યાગીઃ જ્ઞાનગર્ભિત વૈરાગીરૂપેઃ શાસ્ત્રો અને શાસ્ત્રોના ઉપદેશરૂપેઃ સદાચારરૂપેઃ પાપીઓના દિલમાં પણ પાપ ન કરવાના જુદા જુદા ભયોરૂપે ત્રણ જગતમાં વ્યક્તાવ્યક્તરૂપે સદા સર્વત્ર વિસ્તરેલો છે. અને અનંત જીવો તેનાથી સુખઃ શાંતિ ઉપશમઃ બીજા લાભો ઉઠાવતાં હોય છે. આ રીતે તેનો લોકોત્તર અનન્ય ઉપકાર જગતના સર્વ જીવોને ઋણી બનાવે છે.

આથી તેના અનંત સ્વરૂપે વિસ્તરેલા પ્રભાવનાઃ કરૂણાનાઃ તપનાઃ સંયમનાઃ આત્મ-વિકાસનાઃ પરોપકારનાઃ બાહ્ય નાના પ્રતીકરૂપ મંદિર અને પ્રતિમા દ્વારા તેમના અગાધ ઉપકારથી ગદ્ગદ્ થયેલા વિવેકી ભકતો પોતાની કૃતજ્ઞતા દર્શાવી, ભક્તિ દર્શાવી, તેના જેવા થવાની કોશીષ કરે છે. એ તેઓની પૂજા છે. તથા તેમના જેવા ગુણો પ્રાપ્ત કર-વામાં તેમના ઉપદેશ પ્રમાણે વર્તવામાંઃ પ્રતિપત્તિ નામની પૂજા છે. પ્રતિપત્તિ પૂજા ન કરી શકનારા દ્રવ્યોથીઃ તથા વિવિધ ભક્તિભાવોથી પૂજા કરે છે.

સર્વોત્કૃષ્ટ ગુણોમય તે પ્રભુ છે. મોક્ષમાં ગયા બાદ પણ ત્યાંથીયે સૂર્યની માફક સર્વ જીવોને સ્વતઃ–કલ્યાણમય પવિત્રતાથી અનાયાસે ન સમજાય તેમ પાવન કરે છે. તેમના નામ–કામ–આકાર અને સાક્ષાત હોય ત્યારે, એમ અનેક રીતે તેઓ જગતનાં જીવોનું કલ્યાણ કરવામાં પ્રબળ નિમિત્તભૂત બને છે. આ આધારે તેના મંદિરો અને મૂર્તિઓનું અસ્તિત્વ છે. આ તીર્થંકરપણું અનંત આત્માઓમાંના કોઇકને જ પ્રાપ્ત થાય છે. કારણ કે—કોઇક જ આત્મામા સર્વ જીવોના કલ્યાણ કરવાની અચિંત્ય મહાભાવના રૂપે અનાદિકાળથી જ તથાભવ્યતા હોય છે. ગમે તે સ્થિતિમાં પણ તેના આત્મામાં સર્વનું હિત કરવાની સ્વતઃ ભાવના અવ્યકતરૂપે પણ જાગતી જ હોય છે. તેની લોક-પ્રિયતા વગેરે સર્વોપરિ હોય છે. એ જાતની તથાભવ્યતાને યોગે મોક્ષમાં જતા પહે-

સાથે તુલના કરતા તે તદ્દન સંભવિત જ છે, એમ જણાયા વિના રહેશે નહીં. પરંતુ જેમાં પુ... તીર્થંકરોના આત્માના સામર્થ્યના વિકાસનો ખ્યાલ જ ન આવ્યો હોય, તેને અતિશયની સ્વાભાવિકતા સમજવી મુશ્કેલ છે તેની બુદ્ધિમાં તે ઉતરે જ નહીં. તેની બુદ્ધિમા ન ઉતરે માટે તે ન હોય એમ કહેવાય નહીં, દેવોની સમવસરણની રચના વિષે પણ એમ જ છે, સમવસરણની રચના કાયમ થતી નથી. ખાસ પ્રસંગે જ થાય છે. જડ અને સરળ જીવો હોવાથી શ્રી આદીશ્વરપ્રભુના આઠ, અને વક્ર અને જડ હોવાથી શ્રી મહાવીરસ્વામીના ૧૨, તથા બીજા બાવીશ તીર્થંકરોના માત્ર બબ્બે સમવસરણો થયાનો ઉલ્લેખ મળે છે. કેમ કે સરળ અને સમજુ જીવો તેમના શાસનમાં હતા. આ રીતે સયોગી આત્માની અસંખ્યાતગુણી નિર્જરા હોય છે.

૧૦ **અયોગી–શૈલેશીસ્થ** આત્મા કે જે પાંચ હ્રસ્વાક્ષર બાદ જ મોક્ષમાં જનાર છે, તેની નિર્જરા સયોગી કરતાં અસંખ્યાત ગુણી હોય છે.



પ્રકરણ ૩૪ મું.

पुलाक–वकुश–कुशील–निर्ग्रन्थ–स्नातका निर्ग्रन्थाः ॥ ९–४९ ॥*

પુલાક: બકુશ: કુશીલ: નિર્ગ્રન્થ અને સ્નાતક નિર્ગ્રન્થો હોય છે. ૯–૪૯

[સા૦ બો૦] સુવિહિતઃ વિધિપૂર્વક જૈની દીક્ષા પ્રાપ્ત કરેલા સર્વ મુનિઓ નિર્ગ્રન્થો કહેવાય છે. અને તે સર્વનો સમાવેશ ઉપર જણાવેલા પાંચ પ્રકારના નિર્ગ્રન્થોમાં થાય છે. નિર્ગ્રન્થો એટલે ગાંઠ રહિત–નિષ્પરિગ્રહી મહાત્માઓઃ કે જેની પાસે રત્નત્રયીની આરાધનાના હેતુ સિવાયની સાંસારિક હેતુ માટેની કોઈપણ વસ્તુ હોતી જ નથી. અર્થાત્–માત્ર ધર્મની સાધનામાં સહાયક ધર્મોપકરણ **યથા–સંભવ** હોય છે. જેને આધારે તેઓ સમિતિ અને ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતાનું પાલન કરી શકે છે. ઉચિત ધર્મોપકરણ વિના આઠ પ્રવચન માતાનું પાલન થઈ શકે નહીં. ગ્રન્થ=

* अविचार द्वितीयम् એ વૃત્તિમા સભાષ્ય જણાયાથી સૂત્ર તરીકે ગણત્રીમાં લેવાથી ૪૯ મો આંકડો આપ્યો છે. પ્ર. બે. પારેખ.

પાંચ નિર્ગ્રન્થોનું સાત વિકલ્પોથી સ્વરૂપ સમજાવતું કોષ્ટક.

	નિર્ગ્રન્થના ભેદ	સંયમ	શ્રુતજ્ઞાન	પ્રતિસેવના	તીર્થ	લિંગ	લેશ્યા	ઉપપાત
૧	પુલાક નિર્ગ્રન્થ	(૧) સામાયિક ચારિત્ર (૨) છેદોપસ્થાપના ચારિત્ર	ઉત્કૃષ્ટ—દશપૂર્વ અપૂર્ણ જઘન્ય—આચાર વસ્તુ	મૂળ ગુણની પ્રતિસેવના. કોઇ આચાર્યના મતે મૈથુનની પ્રતિસેવના પણ હોય છે.	(૧) સર્વ તીર્થંકરોના તીર્થમા હોય છે (૨) બીજા મતે તીર્થમા નિત્ય હોય છે.	ભાવલિંગે હોય દ્રવ્યલિંગે ન પણ હોય.	[illegible]	[illegible]
૨	બકુશ (૧) શરીર બકુશ	(૧) સામાયિક ચારિત્ર (૨) છેદોપસ્થાપના ચારિત્ર	ઉત્કૃષ્ટ—દશપૂર્વ પૂર્ણ જઘન્ય—અષ્ટ પ્રવચન માતા	શરીર સંસ્કાર ખાતર દોષ સેવે તે પ્રતિસેવી	(૧) સર્વ તીર્થંકરોના તીર્થમા હોય (૨) તીર્થમા નિત્ય હોય.	,,	[illegible]	[illegible]
	(૨) ઉપકરણબકુશ	(૧) સામાયિક ચારિત્ર (૨) છેદોપસ્થાપના ચારિત્ર	ઉત્કૃષ્ટ—પૂર્ણ દશ પૂર્વ જઘન્ય—અષ્ટ પ્રવચન માતા	ઉપકરણ મારા મારા રાખવાના દોષ સેવે તે પ્રતિસેવી.	(૧) સર્વ તીર્થંકરોના તીર્થમા હોય. (૨) તીર્થમા નિત્ય હોય.	,,	[illegible]	[illegible]
૩	કુશીલ (૧) પ્રતિસેવના કુશીલ	(૧) સામાયિક ચારિત્ર (૨) છેદોપસ્થાપના ચારિત્ર	ઉત્કૃષ્ટ—દશ પૂર્વ પૂર્ણ જઘન્ય—અષ્ટ પ્રવચન માતા	મૂળ ગુણની વિરાધના ન કરે. ઉત્તર ગુણોમા કંઇક વિરાધના.	(૧) સર્વ તીર્થંકરોના તીર્થમા (૨) તીર્થમા નિત્ય હોય	,,		
	(૨) કષાય કુશીલ	(૩) પરિહાર વિશુદ્ધિ ચારિત્ર (૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર	ઉત્કૃષ્ટ—ચૌદપૂર્વ જઘન્ય—અષ્ટ પ્રવચન માતા	પ્રતિસેવના નથી	(૧) સર્વ તીર્થંકરોના તીર્થમા (૨) તીર્થમા—અતીર્થમા હોય	,,	[illegible]	[illegible]

(૭) તેના ક્રમશઃ [illegible] અધિક હોય છે

(૮) એ પ્રમાણે [illegible] સ્થાન સુધી સમજવું

(૯) એવા અસંખ્ય સંયમ સ્થાનોનું [illegible] થાય છે. તેનું બીજું નામ અન્તર કંડક પણ કહેવાય છે

(૧૦) એક કંડકમાં [illegible] સ્થાનો હોય છે એટલે કે કાળથી અસંખ્યાત ઉત્સર્પિણીના સમય જેટલા, અને ક્ષેત્રથી એક અંગુલના અસંખ્યાતમા ભાગમાં જેટલા આકાશ પ્રદેશો હોય તેટલા હોય છે.

હવે પાંચ નિર્ગ્રંથો ઉપર તેની ઘટના નીચે પ્રમાણે થાય છે.


૧ (૧) **પુલાક** અને કષાય **કુશીલ**ને સર્વથી ઓછાં સંયમ સ્થાનો હોય છે.
(૨) બન્નેય અસંખ્ય સંયમસ્થાન પ્રાપ્ત કરે છે. કેમકે અધ્યવસાયસ્થાન સરખા છે, માટે.
(૩) પછી **પુલાકઃ** અટકી જાય છે. કેમકે તેના પરિણામ હીન હોય છે.
(૪) પછી, કષાય કુશીલને તેથી આગળ અસંખ્ય સંયમ સ્થાનો હોય છે. કેમકે તેના પરિણામ વધતા હોય છે

૨ (૧) **કષાય કુશીલ–પ્રતિસેવના કુશીલઃ** અને **બકુશઃ** એ ત્રણેયના કષાય કુશીલમાં ઉપર જે મર્યાદા બતાવી, તેથી આગળ અસંખ્ય સ્થાનોને ત્રણેય એકી સાથે પ્રાપ્ત કરી ચડે છે.
(૨) પછી **બકુશઃ** અટકે છે.
(૩) તેથી અસંખ્યાત સંયમ સ્થાનોએ જઇને **પ્રતિસેવના કુશીલઃ** અટકે છે.
(૪) તેથી અસંખ્યાત સંયમ સ્થાનોએ જઇને **કષાય કુશીલ** અટકે છે.

૩ ત્યાર પછી, ઉપરના અકષાય સ્થાનોને **નિર્ગ્રન્થઃ** પ્રાપ્ત કરે છે. તે પણ અસંખ્ય સંયમ સ્થાનો સુધી જઇને અટકે છે.

૪ પછી **નિર્ગ્રન્થઃ**થી ઉપર **સ્નાતકઃ** એક સંયમસ્થાન પામીને નિર્વાણ પામે છે. તે **પુલાકાદિની** સંયમ લબ્ધિ ઉત્તરોત્તર અનંતગુણી હોય છે.

પાંચ નિર્ગ્રન્થોનું વિશેષ સ્વરૂપ–શ્રી અભયદેવસૂરિજી મહારાજે રચેલા સટીક **પંચનિર્ગ્રન્થી** પ્રકરણ તથા **શ્રી ભગવતી સૂત્રના** ૨૫ મા શતકના ૬ ઠ્ઠા ઉદ્દેશામાંથી સમજવું. **તત્ત્વાર્થભાષ્ય** તથા ઉપરના પ્રકરણ અને શ્રી આગમમાં કાંઇક કાંઇક ફરક આવે છે, તે ત્યાંથી સમજી લેવો. ૯-૫૦



૧૯ [illegible] તથા બીજા
નાના મોટા [illegible] સ્થાનિક હિતનો
છે તેથી તેને ([illegible]) [illegible] પણ ભાગ
તની જનતાનુ તથા [illegible] દેશોની [illegible] હિત છે સર્વનું
હિત છે. [illegible]

૨૦ [illegible] શાસ્ત્રો અને શાસ્ત્રપક્ષે
તાઓ. અને તેના [illegible] રીતે સિદ્ધાંતો [illegible] રીતે દેખાતાઓ છે.
માટે તેઓની પાછળ [illegible] અંધશ્રદ્ધા નથી પરંતુ દેખાતી શ્રદ્ધા છે જાગતી શ્રદ્ધા
છે. તેને માટે અંધશ્રદ્ધા શબ્દનો વપરાશ પણ "**સતીને વેશ્યા**" કહેવા બરોબર છે.
ગાળ દેવા બરાબર છે. તે દેખાતી શ્રદ્ધા સિવાયની રીતભાત વાસ્તવિક રીતે **અંધશ્રદ્ધા**
રૂપ છે. કેમકે-તેમાં સ્વાર્થોનો અને અનાધ્યાત્મિકપણાથી આધ્યાત્મિકતામાં અધોતી
પાછળ દોડવાનું હોય છે જેને આજે ક્રાંતિ કહેવામા આવે છે જેમા હિત નથી. આટલા
માટે ચુટણીઃ અને બહુમતઃની આખીયે પદ્ધતિની આવશ્યકતા જ નથી ઉભી થતી. કારણ
કે મહાપુરુષોએ ચલાવેલા કલ્યાણમાર્ગે જ સૌ ચાલતા હોવાથી તેમા ચુંટણીઃ બહુમતઃ
કે એવી કોઇ ધાંધલની જરૂર પડતી જ નથી. જેમાં જોહુકમી કે જુલમની કલ્પનાને પણ
સ્થાન નથી. તેવી કલ્પના કરવી એ ઇરાદાપૂર્વકનું તદ્દન જુઠાણું છે. મહાજુઠાણાનો પ્રચાર
કરવા બરાબર છે. જનતાને અહિત તરફ દોરી જવાના પ્રયાસ બરાબર છે.

૨૧ આજે કેટલાક ભારતવાસીઓ પણ ભારતીય જીવનવ્યવસ્થાની ભયંકર શબ્દ
પ્રયોગોથી ટીકા કરી રહ્યા છે. "અંધશ્રદ્ધાઃ કુરૂઢિઓઃ સ્થિતિચૂસ્તતાઃ વ્હેમોઃ જુનવાણી
પણુઃ" વગેરે અપશબ્દો તેને માટે વાપરી રહ્યા છે. ત્યારે "પુનર્રચનાઃ નવરચનાઃ પરિ
વર્તનઃ સુધારાઃ પ્રગતિઃ જમાનોઃ યુગના એંધાણઃ ક્રાંતિઃ" વગેરે શબ્દો બોલીને એક
તરફી સ્વાર્થી રચનાને બીરદાવે છે, ને તેનો પ્રચાર કરે-કરાવે છે. અને એ રીતે મહા-
વ્યવસ્થાનો વિરોધ કરે છે. તેને ઉથલાવી પાડવામા સહકાર આપે છે.

૨૨ તેમાં બે પ્રકારના ભયંકર અજ્ઞાનો કામ કરી રહ્યા છે—

(૧) ભારતીય જીવન પ્રણાલિકાના અદ્ભૂત રહસ્યોથી તદ્દન અજ્ઞાનપણું તો મુખ્ય છે જ. વળી, બહારની બીજી દૃષ્ટિઓથી જોતાં તેનુ રહસ્ય કોઇપણ રીતે સમજી શકાય તેમ નથી જ. તેને સમજવા માટે સૂક્ષ્મ બુદ્ધિ અને કલ્યાણની ભારતીય દૃષ્ટિ જ જોઇએ.

(૨) બહારની સ્વાર્થી પ્રજાઓએ દેશની સર્વ સ્થાવર-જંગમ-સંપત્તિઓના પોતે એકલા માલિક થવાઃ દેશમાં ભવિષ્યમા વસી જવાઃ તે માટે કબજો જમાવવાઃ અને તે ખાતર સ્થાનિક પ્રજાઓને ભયંકર અવનતિ તરફ ધકેલી દેવા આ જાતના શબ્દોનો પ્રચાર ઘણા વર્ષોથી ન સમજાય તે રીતે દૂર દૂરથી ગૂઢ રીતે કરવામાં આવ્યો છે. તેને આજીવિકાદિથી સંકળાયેલા ઘણા ઘણા ભારતવાસી-

"તેઓ પોતાના મૂળ [illegible] છે, ને બીજા દેશોના પણ જેનો સ્વીકાર કરીને [illegible] તેના [illegible] ગોઠવવામાં કેટલી કુશળતા [illegible] તેને [illegible] કરવામાં [illegible] તે દેશના લોકોનો કુશળતાપૂર્વક કેવી રીતે ઉપયોગ કરે છે? તેના રહસ્યો જાણવાથી જ રહસ્યો [illegible] ભારતીય આદર્શોના પણ બહારના હેતુઓ વીંટીને પ્રજામાં [illegible] મૂકવામાં આવતા હોય છે અને એમ કહેવામાં આવે છે-"ભારતીય આદર્શો ઉપર આધુનિક નવરચના કરવામાં આવી છે." અથવા "બન્નેયનું મિશ્રણ કરવામાં આવે છે" અથવા "આદર્શોને વિકસિત કરવા આધુનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે" આ દરેક રીતો વિદેશીઓએ પ્રચારેલી છે, અને દરેકમાં તેઓનો જ વિજય થાય છે. શરૂઆતમાં દાળપાણીને ભૂલાવો ખવરાવવાની આ નીતિ હોય છે. પછી જેમ જેમ ગોઠીઓ આગળ વધતી જાય, તેમ તેમ નવરચના જ કાયમ થતી જાય છે એટલેથી ન અટકતાં એક–એકની પાછળ નવી નવી નવરચના દાખલ થયે જ જાય. અને પાછળની પ્રેરણાથી દાખલ કરાતી–કરાવાતી જાય. શરૂઆતમાં બન્નેયનું મિશ્રણ થાય, પછી ભારતીયતા ઘટાડાતી જાય, વિદેશીયતાને તેઓની સાથે રહેવાને બહાને વધારે વધારે સ્થાન અપાતું જાય. તથા સાધન તરીકે ઉપયોગમાં લેવાયેલા વખત જતાં સાધ્ય તરીકે ગોઠવાઇ જાય, તેવી રીતે તેનો ઉપયોગ કરવા દેવામાં આવે છે. આ ત્રણેયના ઘણા દૃષ્ટાંતો છે. પરંતુ લખાણના ભયથી અહીં તે લખતા નથી. સમ્યગ્‌દૃષ્ટા માર્ગાનુસારીએ આ રહસ્ય સમજવા જ પડે તેમ છે

૨૭ ભારતમાં ન તો રાજાશાહી હતી કે છે. ન તો લોકશાહી હતી કે છે. ભારતમાં તો શું પરંતુ જગતભરની સંસ્કારી પ્રજાઓમાં **વિશ્વવત્સલ સંતશાહી** હતી; છે, અને હશે. તેને ઉથલાવી પાડવા ચુંટણીઃ લોકશાહીઃ પ્રગતિઃ પાર્લામેન્ટોઃ ધારાસભાઓઃ વગેરે સેંકડો જાતની હજારો સંસ્થાઓ શરૂ થઇ છે, જે ગોરી સિવાયની શેષ રંગીન પ્રજાઓ માટે ભયંકર રીતે ખતરનાક છે ક્ષણિક લાભો ઘણા મોટા મોટા મળે તેમ હોય છે, પરિણામે સર્વ નાશ સિવાય તેમાંથી બીજુ પરિણામ નથી. સંતશાહીને તોડી નાખવા જ રાષ્ટ્રવાદઃ સમાજવાદઃ સામ્યવાદ: કૃત્રિમ વિશ્વશાંતિવાદનો પ્રચાર કરવામાં આવે છે.

વિશ્વવત્સલ સંતશાહી આધ્યાત્મિક પાયા ઉપરના નિઃસ્વાર્થી વિશ્વકલ્યાણના ધ્યેયના આધાર ઉપર રચાયેલી છે, ત્યારે રાષ્ટ્રવાદાદિક પાંચેય અનાધ્યાત્મિકવાદ અને ભૌતિક વૈજ્ઞાનિક આધાર ઉપર કેવળ એક પક્ષીય સ્વાર્થી–પ્રગતિના પાયા ઉપર રચાયેલા છે, તેથી ક્રમે ક્રમે થોડે થોડે સંતશાહીને તોડવા–ક્રમિક શસ્ત્ર તરીકે એ વાદો ગોઠવવામાં, પ્રચારમાં મૂકવામાં અને લોકપ્રિય બનાવવામાં આવેલા છે. એ પાંચેય પરસ્પરના પૂરક છે. સંતશાહીના સખ્ત વિરોધી છે, તેને ઉખેડનારા છે. છતાં શરૂઆતમાં પ્રચાર માટે સેવા–ત્યાગ, સાધુતાના સ્વાંગ, પરોપકાર, ગરીબોની સેવા વગેરે આધ્યાત્મિક દેખાવોના પાયા ઉપર

સર્વ ધર્મગુરુઓમાં પણ મહાજન તરીકે પૂર્વના સંત મહાજનોના તેઓ પ્રતિનિધિ છે. અને તેઓના પ્રતિનિધિ સ્થાનિક મહાજનના આગેવાનો છે છતાં, આજે કોઈનાએ પેટનું પાણી પણ હાલતું નથી. સંતશાહીની રાજ્યનીતિનુ રાજ્યતંત્ર ઉડાડી દેવામાં આવ્યુ છે જ્ઞાતિવ્યવસ્થા ઉડાડી દઈ, સંતશાહી સામાજિક વ્યવસ્થા ઉડાડી દેવા માટે કાયદો કરવાની તૈયારીઓ ચાલી રહી છે સંતશાહી બંધારણને ખસેડી દેવા નવું બંધારણ ઘડાવી લેવાયું છે. તેમા સંતશાહીના જવાબદારોને દૂર રાખવાની લોર્ડ વેવેલે યુક્તિ રાખી હતી અને તેમાં તેને સફળતા મળી છે હવે સંતશાહીના જોખમદાર ધર્મગુરુઓને પોતાના સ્થાન અને પોતાની જવાબદારીથી ચ્યૂત કરવા **ભારત સાધુસમાજની** સ્થાપના અને એવી અનેક યુક્તિ પ્રયુક્તિઓ શરૂ થઈ ગઈ છે ધાર્મિક ઉત્સવો અને પરિષદો થાય, તેના ઉદ્દ્ઘાટનઃ આશીર્વાદઃ સંદેશાઃ વગેરે અનાત્મવાદી પ્રગતિની રાજ્યપદ્ધતિના પ્રધાનો કે અમલદારોને હાથે થાય. અને તેને સન્માનપૂર્વક ધર્મગુરુઓ અને તેના **અનુયાયિઓ** આમંત્રે, એ દાખલા ભાવિમાં આધ્યાત્મિક સંતશાહી માટે ખૂબ ખતરનાક છે. એ સ્પષ્ટ જ છે દુન્યવી સંસ્થાના પ્રધાનો અને અમલદારો કરતાં ધર્મગુરુઓનું સ્થાન ઉતરતું ગોઠવાવાના દાખલાની નોંધ રહે છે.

જો આધુનિક પ્રગતિ જ માનવ કલ્યાણની રીતસરની વીમાની પોલીસીની બાંહેધરી સમાન હોય તો પછી સંસ્કૃતિ, ધર્મ, ન્યાય, નીતિ, સદાચાર, આધ્યાત્મિક પ્રગતિ વગેરે શબ્દો અને તેના પ્રતીકોની વાતો કરવી વાહીયાત છે તે સર્વને છોડવા જ જોઈએ. અને પ્રજાને ખુલ્લી રીતે જાહેર કરી દેવુ જોઇએ કે-" હવે સંતશાહીને વળગી રહેવામા લાભ નથી. અને અનાધ્યાત્મિક આદર્શો ઉપરના વિદેશીય હિતના નવા બંધારણને ટેકો આપવા સૂચવી દેવું જોઇએ પ્રજાને એ બાજુથી મુંજવવી ન જોઇએ."

૨૯ " તો પછી જૈન મુનિઓ આ ભયંકર જાળથી જનતાનુ રક્ષણ કરવા કેમ આગળ પડતા નથી ?" આ પ્રશ્ન સહજ રીતે જ થશે. " આજ-કાલ સારું થશે કાલે તક આવશે. પરમ દિવસે આવશે " એમ ને એમ વખત ચાલ્યો જાય છે, અને દિવસે ને દિવસે સંતશાહીને ઉખેડીને તેને સ્થાને લોકશાહીને નામે સ્વાર્થી પ્રણાલીકાઓને પ્રજાના ખાનગી અને જાહેર જીવનમા મજબૂત પાયે સ્થાન અપાવતા જાય છે. લોકો રાજી થઇને ધન અને ધંધો મળવાની લાલચથી તેમા પ્રવેશતા જાય છે. પરંતુ " મૂળ ધન, ધર્મ ને ધંધો જાય છે ઝોળી-ઝબ્બો અને ઝંડો હાથમા આવતા જાય છે." એ વાત ખરી છે. પરંતુ તમામ ધર્મના ધર્મગુરુઓનો હાર્દિક સાથ આમાં જોઈએ. જે મેળવવામાં આજના પ્રાગતિક બળો વિઘ્નરૂપ થાય છે ત્યારે વખત જતાં નવી પેઢીના મુનિઓને પણ આધુનિકતાના કેટલાક અંશો પચતા જાય છે કેટલાક તેનો જ આશ્રય લઇને ધર્મની ઉન્નતિ કરવાના કાર્યક્રમો ઉપાડીને બહારની ભાવનાઓ અને આદર્શોને વેગ આપતા હોય છે. આ સ્થિતિમાં દરેકને આકર્ષી શકે તેવા કોઇ મહાન્ ત્યાગી મહાત્માની રાહ જોવાની રહે છે તેમ છતાં, એટલું તો જરૂર છે, કે-ધર્મગુરુઓ અને તેમાંએ ખાસ કરીને જૈન ધર્મગુરુઓ અને તેમાં પણ મૂળ પરંપરાના ખાસ જૈન ધર્મગુરુઓનો સંતશાહી ટકાવવામાં

પ્રકરણ ૬ ઠ્ઠું.

[illegible] આનંદઘનના આશય [illegible]

[illegible] મુનિ [illegible] વિશ્વ [illegible] છે. તે જીવન [illegible] આત્મિઓને [illegible] પ્રકાશનો પ્રવાહ [illegible] સમજાવવું [illegible] છે.

[illegible] આત્મિઓની શાંતિને [illegible] છે, તેમાં તે મુનિનું જીવન જ [illegible] ઓછી કરે છે. એક મુનિ પોતાના જીવનની [illegible]

આજુબાજુ પાડે છે. અને ઘણા તેના જેવા બનવા લાગી રહે છે [illegible] જૈનાગમના જીવનની અસર બીજા સંપ્રદાયના માર્ગો ઉપર [illegible] તેઓની [illegible] સદાચાર–નીતિ–ન્યાયના વર્તુલો વિસ્તારતા જાય છે માનવોના [illegible] જીવનમાં તેના અગમ્ય આંદોલનો પહોંચે છે. અને સંસ્કારહીન જીવોને સન્માર્ગે [illegible] સન્માર્ગ તરફ વળતા કરી દે છે વળેલાને ટકાવી રાખે છે એમ કેમ બને છે? તે [illegible] વિના સમજી શકાય તેમ નથી.

પિત્તળ પીળું છે. સોનું પણ પીળુ છે. કલઈ [illegible] છે. ચાંદી પણ [illegible] છે. હીરો ચમકે છે. કાચ પણ ચમકે છે. છતા તે જોડકામાના બન્નેયમાં આકાશ પાતાળ જેટલુ અંતર હોય છે કે ?

જૈન મુનિ એક માનવ હોય છે. અને એક મજુર પણ માનવ હોય છે તે બંનેય અકિંચન હોય છે. પરંતુ બંનેયના જીવન રહસ્યોમા આકાશ–પાતાલ જેટલું અંતર હોય છે. જેલનો કેદી પરતંત્ર અને ચારેય તરફથી નિયમનો અને નિયંત્રણોથી ઘેરાયેલ હોય છે, તે પ્રમાણે–જૈન મુનિની પણ એવી જ દશા હોય છે. કેદી કરતા પણ જૈન મુનિ ઉપર નિયંત્રણો ઘણા હોય છે. છતાં બંનેય જીવન રહસ્યોમાં આકાશ–પાતાલ જેટલું અંતર હોય છે. એક સરકારી અમલદારને ઘણી ઘણી જવાબદારીઓ ઉઠાવવાની હોય છે. તેના કરતાં વધારે, રાજ્યતંત્ર કરતાંયે કેટલાયે ગણુ સૂક્ષ્મ ધર્મતંત્રની જવાબદારીઓ જૈન મુનિને ઉઠાવવાની હોય છે એક વકીલને પોતાના અસીલના હિતો જાળવવાના હોય છે, તેના કરતા જગતના સર્વ જીવોના અસાધારણ વકીલ જૈન મુનિને અનેક રીતે જાગ્રત રહેવું પડતું હોય છે કેમકે તેને સર્વ જીવોના કાયદેસર હિતો પદ્ધતિસર જાળવવાના હોય છે. રાજાને પોતાની પ્રજાના રક્ષણ માટે પ્રાણ અર્પણ કરવા સુધી પહોચવું પડે છે. તે પ્રમાણે જૈન મુનિને સિદ્ધાન્ત અને સચ્ચારિત્રની રક્ષા માટે પ્રાણાર્પણ સુધી પહોચવું પડતું હોય છે. સાધુ–સંતોના વેશમા અનેક ત્યાગી અને તપસ્વીઓના દર્શન થાય છે. તેવા જ ત્યાગી તપસ્વી સાધુ–સતના વેશમાં જૈનમુનિઓના પણ દર્શન થાય છે પરંતુ તેઓની વચ્ચે આકાશ અને પાતાલ તથા મેરૂ અને સરસવ જેટલું અંતર હોય છે એક માનવ કેટલી હદ સુધી ઉચ્ચ કક્ષા ઉપર આજે પણ જઇ શકે છે? તેનુ જૈન મુનિ એક જ્વલંત દૃષ્ટાંત છે આ અતિશયોક્તિ કે કલ્પના નથી, પરંતુ વાસ્તવિક હકીકત છે. સાધુ સંતો જીવદયા–પ્રતિપાલક હોઈ શકે છે. પરંતુ જૈન સાધુની કક્ષાની તેઓને કલ્પના પણ ન આવે એટલી હદ સુધી જીવદયાના પ્રતિપાળ હોય છે. જૈન શાસ્ત્રમાં પાર્થિવ પદાર્થોઃ પાણીઃ અગ્નિઃ પવનઃ અને વનસ્પતિને પણ સજીવ પદાર્થ માનેલા છે. લોકોના જીવનના નિર્વાહના સૌથી મહત્ત્વના તેજ સાધનો છે. માટીઃ મીઠુંઃ જેવા પાર્થિવ પદાર્થો ઉપયોગમાં ઘણા આવે છે. પાણી વિના ચાલી શકે નહીં. અગ્નિ વિના ખાવાનુ રાંધી શકાય નહીં. પવન વિના ગરમીમા રહી શકાય નહીં. ફળઃ અન્નઃ વગેરે વનસ્પતિ, તે પદાર્થો વિના તો જીવનનો નિર્વાહ જ ન ચાલે.

ત્યારે ઉપર જણાવેલા પાચેય પદાર્થોને જૈન મુનિએ સ્પર્શ પણ કરવાનો નહિ.

શકે તો બીજી સ્ત્રીને માટે તો પુછવું જ શું? તેની [illegible] પણ સ્પર્શ ન કરી શકે કદાચ સ્પર્શ થઈ જાય, તો પ્રાયશ્ચિત્ત લેવાનું.

જ્ઞાન, દર્શન, ચારિત્રના પાલનમાં ખાસ જરૂરી ઉપકરણ સિવાય કોઈપણ ચીજ પોતાની પાસે પોતાની માલિકીની રાખવાની નહીં કોઈ કે બીજી [illegible] દુરુપયોગ કરી શકે નહીં.

રાત્રિભોજન કદી કરવાનું નહીં ભાવ હોય કે ગમે તે સ્થિતિમાં હોય.

ઘરઃ કુટુંબઃ કુટુંબની શાખ જ્ઞાતિ જાતિ સમાજ દેશ પ્રાંત, રાજ્ય ધનઃ માન્ય મિલ્કતઃ મા-બાપઃ પત્નીઃ પુત્રઃ-પુત્રી નોકરઃ-ચાકર ગાય ભેંસ ઘોડા હાથી રથઃ વાહનઃ પગમાં જોડાઃ છત્રીઃ હથીયાર, રાચ-રચીલા વગેરે સર્વનો ત્યાગ હોય છે. તેમનો કોઈ દેશ, કોઇ રાજ્યની હકુમતના પ્રજાજનપણું જ્ઞાતિ વગેરે હોતા નથી. ઉઘાડે પગે ચાલવું. માથેથી વાળ ચૂંટી કાઢવા. રાત્રે ૧૦૦ ડગલાથી બહાર જવુ નહી છત્રી રાખવાની નહી પોતાનો ભાર પોતે જાતે ઉપાડી લેવાનો ગામડામાં શહેરમાં કસ્બામાં અમુક દિવસ જ શાસ્ત્રાજ્ઞા મુજબ જ રહી શકાય ગુરુની આજ્ઞા વિના શરીર હલાવી શકાય નહી બોલી ન શકાય. વગેરે પ્રસંગ પ્રસગ ઉપર ગુરુ આજ્ઞાથી જ વર્તવાનું. વ્હેલા ઉઠવાનું વખતસર સુવાનુઃ દિવસે નહી સતત ધર્મધ્યાનમા રહેવું. મોટા દિવસોમાં ખાસ તપ કરવાનો ઉપરાંત પણ અનેક પ્રકારના તપ ચાલુ હોય છે. જૈનશાસનનો પ્રભાવ ઢીલો ન પડે પણ વધે તેવા પ્રયાસો કરવાના. છેવટે તેને ઝાખો તો પડવા દેવાય જ નહી. શાસ્ત્રાભ્યાસ, જૈન શાસ્ત્રની વિધિ પ્રમાણે સતત કરવાનો જ. અને જરાપણ આળસઃ અભિમાનઃ અકડાઇઃ કે ક્રોધઃ કરવાનો નહીં દુઃખ પડે, તો તેનો બચાવ કે ફર્યાદ કરવાની નહીં.

ગુરુકુળવાસ સંસ્થાના નિયમોને હસતા સુખે પાળવાના. જૈનશાસન તીર્થો મંદિરોઃ ધાર્મિક સ્થાનોઃ આગમો વગેરે શાસ્ત્રોઃનું સર્વોપરિ રીતે રક્ષણ કરવું. ધાર્મિક અનુયાયીઓની ધર્મભાવનાઃ શ્રદ્ધા-ભક્તિઃ સદા ટકાવી રાખવા, અને વધારવા, ઉત્પન્ન કરવા વગેરે વગેરે કેટલીયે જવાબદારીઓ સતત બજાવવાની હોય છે રોજ ધર્મોપદેશ કશી પણ આશાઃ લાલચઃ વિના કેવળ ઉપકારબુદ્ધિથી આપવો. “ભિક્ષા મળશે. મકાન ઉતરવા મળશે. માન-પાન મળશે.” એવી કોઇપણ લાલચથી ધર્મોપદેશ આપે, તો દોષ લાગે. આ સામાન્ય ઉડતો ખ્યાલ આપ્યો છે. આ દરેકે બાબતો નિયમબદ્ધઃ શાસ્ત્રીય નિયમાનુસારઃ પદ્ધતિસર જઃ રાખવાની હોય છે. એમ ને એમ કશી સમજ કે જાગ્રતી વિના ત્યાગ. તપ વગેરે રાખવાના નથી હોતા ફાવ્યું તેમ વર્તવાનું નથી હોતું

મુનિઓએ કેમ વર્તવું? તેને માટે સવારથી માંડીને રાત સુધીના કાર્યક્રમો હોય છે. રાતના કાર્યક્રમો જુદા હોય છે. પર્વદિવસના. મહાપર્વ દિવસનાઃ વિહારનાઃ ભિક્ષા ફરવાનાઃ તપ કરવાનાઃ ગુરુકુળવાસની વિવિધ જવાબદારીઓ વહન કરવાનીઃ ગુરુ પ્રત્યેની તથા નાનાઃ માંદાઃ વૃદ્ધઃ વગેરે મુનિઓ પ્રત્યેની જવાબદારીઓ વહન કરવાની હોય છે. તેના ઉત્સર્ગ અને અપવાદ નિયમો હોય છે. અપવાદના યે અપવાદ નિયમો હોય છે.

[illegible] લખ્યો [illegible] કરતા [illegible] કરતા [illegible] તેમના [illegible] તો વિધિપૂર્વક હાજર રહેતા હોય.

આત્માના [illegible] ટકાવવા અને તેના પોષ વધારો કરવો. ધર્મવાદ માટેની તૈયારી રાખવી તેમ અનેક રીતે વિશ્વના કલ્યાણ માટે શ્રી તીર્થંકરોએ સ્થાપેલી [illegible] અને વ્યવસ્થાઓ [illegible] રક્ષણ પ્રચાર સદુપયોગ વગેરે માટે સતત કાળજી રાખતા હોય છે.

મહાપર્વ: નવકારની [illegible] તીર્થયાત્રા મહા સંઘો મહા ઉત્સવો મુનિ રોગી ન

હવે તો આ આક્રમણ વધારે આગળ વધી ગયું છે. ધર્મગુરુઓ પણ પ્રજાપ્રજાને નામે ચાલતી વિદેશીય સર્વ સત્તાના નિયંત્રણ નીચે રહેવા માટે ધાર્મિક પરિષદો ધાર્મિક સમેલનોને ઉત્તેજવામાં આવે છે અને તેના ઠરાવો વગેરે પણ એ ગણતરીની ગણાતી પડતી વ્યક્તિઓને હાથે થાય છે. જેથી ધર્મના નામ આગે તેઓ ધર્મગુરુઓ વગેરેને પણ આધુનિક રીતનું કાંઈ ને કાંઈ પરિવર્તન સ્વીકારવો ગંભીરતાપૂર્વક ધાર્મિક જોખમ ભાગે છે જે-સાચા ધર્મગુરુઓને પણ સાંભળવો પડતો હોય છે. ધર્મગુરુઓ પોતાની પરિષદને તેવી વ્યક્તિઓ મારફત આજના માનસની જનતામાં વધુ લોકપ્રિય બનાવવા રાખતા હોય છે. ત્યારે આજના બળો એ રીતે આડકતરી રીતે ધર્મગુરુ ઉપર જ પોતાની છાપ પાડીને, ગર્ભિત આક્રમણ જમાવી, ભવિષ્યમાં ધર્મ ઉપર જ ધીમે ધીમે જુદી રીતનો કબજો જમાવવાની દૂરગામી ગોઠવણોને વેગ આપતા હોય છે. કેટલાક ધર્મગુરુઓ તો સીધી રીતે જ આવી બાબતોને ટેકો આપવા સંસ્થાઓ સ્થાપી મોટા મોટા પગારો ઉડાવી રહ્યા છે, અને તેમાં રાજકીય ગણાતા મુદ્દાસરના મુખ્ય સત્તાધીશોની ધર્મગુરુ ઉપર પણ સર્વોપરિતા સ્થાપતી હોય તેવી જણાતી હાજરી રાખવાનો રીવાજ શરૂ થઈ ગયો છે. આ સ્થિતિમાં "વાડ જ ચીભડાં ગળે" ત્યાં કોની પાસે બૂમ પાડવાની રહે ? સગી મા જ પોતાના રહેંસાતા સંતાનોની ઉપેક્ષા કરે, રક્ષણ કરવાની છાવણીનો સુભટ હુમલો કરનારી છાવણીમાં ભરતી થઈ વફાદારીપૂર્વક ત્યાં પોતાની નોકરી બજાવે, ત્યારે તેની પાસેથી રક્ષણની આશા શી રાખી શકાય ? મહા-વિશ્વવત્સલ ભગવંતોએ જે જવાબદારી સંભાળવાની જોખમદારી ત્યાગી ધર્મગુરુઓ ઉપર મૂકી છે, તેઓ જ એ સુવ્યવસ્થાને ઉથલાવી પાડનારું પ્રગતિના પ્રતીકોરૂપ આધુનિક શિક્ષણ વગેરેનો પ્રચાર કરીને તથા બીજી રીતે ટેકો આપે, ત્યારે કોના તરફથી રક્ષણની આશા રાખી શકાય ?

જો કે બધા ધર્મગુરુઓ માટે આ કહેવાનું નથી. પરંતુ, યુરોપના ૪૫૦ વર્ષોના પ્રગતિના પ્રચારથી કોઈ બે આનીઃ તો કોઈ ચાર આનીઃ કોઈ આઠ આનીઃ તો કોઈ બાર આનીઃ તેમાં ફસાયા છે, અને ઉત્તરોત્તર હવે પછી વધારે ને વધારે ફસાતા જાય તેવી સ્થિતિ જન્મતી જાય છે. ને પ્રસરતી જાય છે. કેટલાક મર્મજ્ઞ ધર્મગુરુઓ આ સ્થિતિ સમજે છે. પરંતુ સામાન્ય દૃષ્ટિથી કોઈ પણ ન સમજી શકે તેવી રીતે તેઓના માર્ગમાં અંદર અને બહારના વિઘ્નો ગોઠવી દેવામાં આવ્યા હોય છે. અને નબળાઈઓ ઉત્પન્ન કરવામાં આવે છે અને કદાચ તેઓ કઈક કરે, તો તે પ્રગતિને અનુકૂળ કરે, કે જે વધારે તેઓને વિપરીત હાલતમાં ફસાવે. નહીંતર દુનિયાભરના ધર્મગુરુઓ મળીને જગત-ભરની પ્રજાના મોટા ભાગ ઉપર કાબુ જમાવી શકે તેમ છે. ને જગતને ઉન્માર્ગે જતું રોકી શકે તેમ છે.

જો કે-તેમા પણ ખ્રીસ્તી ધર્મગુરુઓ પોતે જ કદાચ વિરૂદ્ધ પડે, અથવા કદાચ દંભથી, સ્વાર્થની બાજી મનમા રાખીને સહકાર પણ આપે. આવી બેવડી પરિસ્થિતિમાં તેઓ છે. કેમ કે તેઓ ખ્રીસ્તી પ્રજાઓના રાષ્ટ્રોના વર્તમાન મુત્સદ્દીઓના બીજી પ્રજાઓ તરફના સ્વાર્થી વલણથી જુદા પડે નહિં. જે વલણનું મૂળ ૧૪૯૨ માં એક ખ્રીસ્તી ધર્મગુરુ મારફત જ પડેલું છે.

તેમ, મમતાના ત્યાગના સાક્ષાત્ પ્રતીકરૂપ વિવિધ પ્રકારના અનુષ્ઠાનો છે. તેના આશ્રય એ જ શરણરૂપ છે, રક્ષણરૂપ છે, તેના સાન્નિધ્યથી જ વિનાશમાંથી રક્ષણ મળશે. બીજો ઉપાય જ નથી.

ન છુટકે જ કરવો. જેમ બને તેમ તેના ઉપયોગની [illegible] આત્મવાદી [illegible] અનાત્મવાદી ભૌતિક આદર્શો ખીલવવાના [illegible] આત્મવાદી આદર્શોમા ડખલ કરવા [illegible] ઉપયોગમા [illegible] છે. ત્યારે સર્વ પ્રાચીન ધર્મો જેમ બને તેમ [illegible] તેને તે મોટામા મોટા ફટકા મારે છે [illegible]

સ. ૧૪૯૨ થી દુનિયા ઉપર સ્થાપિત માનેલી પોતાની માલીકીને [illegible] કરવા જગત ઉપર ફરી વળેલી યુરોપીય પ્રજાના આગેવાન રાજ્યો અને [illegible] આધુનિક ભૌતિક વિજ્ઞાન અને યંત્રવાદને પોતાની મદદમા એવી રીતે લીધા છે, કે જેથી તેઓ પોતાની નાની સંખ્યા છતા, જગતની માનવજાતના તમામ સાધનો અને જીવનપોષકોને પોતાને કબજે કરી શકે. અર્થાત્-તેઓની મદદ વિના કોઇપણ માનવો પોતાનું જીવન ચલાવી શકે નહીં. ચા પીવાની ટેવ પડ્યા પછી, પ્રાઇમસની જરૂર ઉભી થાય જ શહેરમા રહેવાથી પખાની જરૂર પડે જ બ્રશ વાપરે એટલે દાતે ઘસવાના ચુર્ણ (પાઉડર)ની જરૂર પડે જ

પહેલાં ઐચ્છિક રીતે જીવન ધોરણ બદલાવવામા આવે, અને પછી-તે ચલાવવામા વર્તમાન વિજ્ઞાનના સાધનો તથા યાંત્રિક સાધનો અને તેથી ઉત્પન્ન થયેલી ચીજોની જરૂર પડે જ. લોકો પોતાની કામચલાઉ સગવડ સાચવવા પ્રથમ તેનો ઉપયોગ કરે, પરંતુ વખત જતાં તે વસ્તુ જીવનમા એક સ્થાપિત જરૂરીઆતની વસ્તુ બની જાય

કયા દેશની પ્રજાને કઇ કઇ વસ્તુઓની જરૂર પડે છે? તેનો અભ્યાસ કર્યા પછી તે તે ચીજો તેઓ બનાવે છે દા૦ ત૦ ભક્ત અને સાધુ સંન્યાસી પુરૂષો જાપ કરવાની માળા વાપરતા હોય, તે સાદી હોવાને બદલે પ્લાસ્ટીકની બનાવે. ને આગળ પડતા સાધુ-સંતો સારી ચીજ જોઇને તેનો ઉપયોગ કરે, પછી રાતમા દેખાય તેવી રેડીયમવાળી માળા બનાવીને બજારમાં મૂકાય. માળા બનાવનારા બહારનાઓને ઉત્તેજન મળે તેવા અને સ્થાનિક સાદી માળા બનાવનારાઓમાં કાંઇ ને કાંઇ વિઘ્નો મૂકાય તેવા આડકતરા કાયદા વગેરે પસાર કરવા-કરાવવામાં આવ્યા હોય છે. આ કામ તે તે માળા બનાવનારા દેશોના રાષ્ટ્રો કે તેના મિત્ર રાષ્ટ્રો વગેરે પોતપોતાની લાગવગ દ્વારા પસાર કરાવી લેતા હોય છે.

આથી કરી દેશ-દેશમાથી ખેચાઇ આવતા ધનથી જેમ જેમ તે પ્રજા સમૃદ્ધ થતી જાય, તેમ તેમ તેમાં આગળ વધતી જાય અને ઘાતક શસ્ત્રો પણ બનાવી શકે. અને તે શસ્ત્રોની સીધી કે આડકતરી ધાક-ધમકીથી થથરાવીને અને બહારથી રાજીખુશીથી બહારના દેશોની આધુનિક વિજ્ઞાનથી અને યંત્રોથી ઉત્પન્ન થયેલી ચીજો વાપરવાની ટેવ પાડવામા આવે, અને તેનો ઐચ્છિક સ્વીકાર કરાવવામાં આવતો જાય, તેમ તેમ પ્રજામાં એક પછી એક વસ્તુ પ્રવેશ પામતી જ જાય, તેમ તેમ તે પ્રજાઓનું બળ વધતું જાય અને એ રીતે આત્મવાદના જીવન ધોરણની સામે અનાત્મવાદનું જીવનધોરણ વધુ ને વધુ ફેલાતું જાય, તેમ તેમ તેના મૂળ મથકો વધારે બળવાન્ બનતા જાય. તેમ તેમ. આત્મવાદનુ જીવન-ધોરણ તુટતું જાય. તેમ તેમ આત્મવાદની જીવનસંસ્કૃતિ તુટતી જાય

સંવર–નિર્જરા ધર્મ [illegible] કહો. તે એક જ છે [illegible] જુઓ: વાદ: પાર્લામેન્ટ [illegible] રક્ષણ કરી શકે તેમ નથી જ [illegible] હશે. ત્યાંસુધી એ [illegible] કરી શકશે [illegible] ને પ્રવર્તશે

નવમા અધ્યાયનો ઉપસંહાર

૧. કોઇની નિંદા ન કરવી. (સમભાવપૂર્વક સદ્ - અસદ્‌નો વિવેક કરવો, તે નિંદા નથી)

૨. પાપીમાં પાપી જીવોને જોઇને તેના ઉપર પણ દ્વેષબુદ્ધિ ન રાખતાં તેના ઉપર ભાવ દયા રાખવી. અને સંસારની એ સ્થિતિ સમજવી.

૩. સમાન યોગ્યતા વાળા જીવોને મદદ કરવી

૪. અધિક યોગ્યતાવાળાના નમ્ર સેવક બનવું. ને તેઓનો યથા–યોગ્ય રીતે સત્કાર કરવો. તથા તેમાના યે વિશિષ્ટ પૂજ્ય પુરૂષોની પૂજા કરવી.

૫. થોડા પણ ગુણ તરફ પક્ષપાત ધારણ કરવો

૬. આગમાદિ સત્ શાસ્ત્રોના તત્ત્વનો વિચાર કરવો.

૭. લોકપ્રવાહમાં આંધળુકીયા કરીને તણાવાની મનોવૃત્તિનો ત્યાગ કરવો.

૮. મહાપુરૂષો ઉપરની શ્રદ્ધાપૂર્વક, જાગ્રત્ વિવેકપૂર્વક સર્વત્ર વર્તવું

૯. બાળક તરફથી પણ હિતકારી બોધ, સમજ, વગેરે ગ્રહણ કરવા.

૧૦. દુર્જન પુરૂષો સાથે જીભાજોડી કે એવા પ્રકારની વાતચીતથી તેમને આપણા દ્વેષી ન બનાવવા.

૧૧. પારકી આશાનો સદા ત્યાગ કરવો. **'પારકી આશા સદા નિરાશા'** પોતાની સર્વ શક્તિ ઉપર પગભર રહેવુ. ને દરેક કાર્યો હાથ ધરવા.

૧૨ સાંસારિક સારા–માઠા સંજોગો ફાસી જેવા સમજવા.

૧૩. કોઇ આપણા વખાણ કરે, તો પોરસમાં આવી ફૂલાઇ જઈ, ગર્વ ન કરવો.

૧૪. કોઇ નિંદા કરે, તો પણ તેના ઉપર દાઝે ન બળવું. ક્રોધ ન કરવો.

૧૫ ધર્માચાર્યની સેવાભક્તિ કાયમ ચાલુ જ રાખવી, કેમકે તેઓ જ આ કાળે તો મુખ્ય શરણભૂત છે. વિશ્વવત્સલ સર્વજ્ઞ વીતરાગદેવ હાલમા હાજર નથી ધર્મતત્ત્વો શાસ્ત્રોમાં છે. શાસ્ત્રો બોલતા નથી. તેમાથી હિતકારી માર્ગ ધર્માચાર્યો બતાવે છે. માટે તેઓ સાચા શરણરૂપ છે.

૧૬. હમ્મેશા તત્ત્વ જાણવાની ઈચ્છા જાગતી જ રાખવી અને યથાશક્તિ તે મેળવ્યા જ કરવું

[illegible]

[illegible] આ આત્માનુભવના હિતોપદેશ તરફ પુરુષોને વૈદ્યની માફક મહાહિતકારી થાય છે, તે થશે.

[illegible] આર્ય પ્રજાઓની સંસ્કૃતિને પોષક-સર્વ વ્યવહારો જ માર્ગાનુસારી વ્યવહારો છે. સિવાયના ઉન્માર્ગાનુસારી વ્યવહારો છે. માર્ગાનુસારી વ્યવહારોમાં થોડી-ઘણી અશુદ્ધિ પણ એટલી હાનિકારક નથી જેટલી ઉન્માર્ગાનુસારી વ્યવહારોમાં દેખાતી શુદ્ધિ પણ હાનિકારક છે.

૩૭. માર્ગાનુસારી વ્યવહારો જ આત્મા આદિ [illegible] ઉન્નતિના [illegible] વિરાભાસ છે. અને આત્મવાદને તોડી પાડનારા છે

૩૮. અજ્ઞાનતાથી રૂઢિને વશ થઈને અનાનુગામિકતાથી પણ ચાલતા માર્ગાનુસારી વ્યવહારો અજાણતાં પણ માર્ગમાં-આત્મવાદમાં-સન્માર્ગમાં-સ્થિર રાખે છે. તેથી આંખો [illegible] પણ તેને અનુસરવામાં જાગતાપણું છે કેમકે-આગળના મહાપુરુષોએ તે વ્યવહારો ગોઠવ્યા છે માટે આંધળા થઈને પણ તેની પાછળ જવું. એ ગુણદા છે

૩૯. ઉન્માર્ગના વ્યવહારોને અનુસરવામાં ખરી રીતે આંખો આંધળા થવા બરાબર છે. દીવો લઈને કુવામાં પડવા બરાબર છે. કારણ કે-તે વ્યવહારો સ્વાર્થાન્ધ માનવોએ પ્રચારમા મૂક્યા છે. માટે તેઓની પાછળ જવું એ ભયંકર અને નાશ આમંત્રક છે.

૪૦. તમારી ભાવિ યોનિસંબંધથી પ્રવર્તતી સંતતિને અથવા ધર્મસંબંધે પ્રવર્તતી સંતતિને સાચી શ્રદ્ધાના પ્રકાશે દોરવજો.

૪૧. મોક્ષસાધક મુખ્ય પ્રવૃત્તિઓને મન-વચન-કાયાથી કરવી, કરાવવી ને અનુમોદવી.

(અધ્યાત્મસારમાંથી સૂચિત.)

પ્રકરણ ૩૮ મું

જૈનશાસનની અદ્ભૂત વિશ્વ-કલ્યાણ-કારણતા

અને

ઐતિહાસિક સત્યના કેટલાક મધ્યબિન્દુઓ

૧ આ પ્રકરણનો સંબંધ

सर्व-मङ्गल-माङ्गल्यं सर्व-कल्याण-कारणम् ।
प्रधानं सर्व-धर्माणां जैनं जयति शासनम् ॥ १ ॥

અર્થ:—" સર્વ મંગળોમા પણ મંગળરૂપ, સર્વ પ્રકારના કલ્યાણોના કારણભૂત અને **સર્વ ધર્મ-શાસનોમાં અગ્રેસર એવું જૈનશાસન વિજયવંત હો. " ૧**

જગતમાં સદા શાંતિ ટકી રહે, અને દરેક માનવો સન્માર્ગે ચાલ્યા જઈ માનવ-જીવન સુખે-સમાધે વિતાવે અને પોતાના આત્માનો ઉત્કર્ષ સાધી શકે, તેનું પરમ નિમિત્ત જગતમાં જૈનશાસનનું અસ્તિત્વ છે.

તેના અનુસધાનમાં-' જગતમાં સર્વ આત્મવાદી ધર્મોના શાસનો, રાજ્યશાસનો, સામાજિક, કૌટુંબિક, આર્થિક અને ગૃહશાસનો તથા વ્યક્તિગત ઉત્કર્ષશીલ જીવન વ્યવહારો ચાલતા હોય છે. તે સર્વનું કેન્દ્ર જૈનશાસન છે. ' આ વાત આ ગ્રંથના વાચકોને ફરી ફરી સમજાવવી પડે તેમ નથી.

[illegible]

આ રીતે ભારતના અને બહારની [illegible] સદાચારી દેશો અને [illegible] સદાચારી પ્રજાઓના જીવનવ્યવહારો ગોઠવાયેલા છે અને [illegible] પશુ પંખીના [illegible] પણ તેની ઓથમાં-છાયામાં [illegible] હોય છે. એટલું જ નહીં, પરંતુ પશુ-પક્ષીઓ અને બીજા જીવજંતુઓને પણ તેના આનાથી પણ લાભ મળતો હોય છે.

આ રીતે મોક્ષપુરુષાર્થના કારણભૂત ધર્મપુરુષાર્થ અને અધ્યાત્મો માટે ધર્માનુકૂળ ધર્મથી આવિષ્કારિત અર્થ-કોટિએ ધંધા અને ગાર્હસ્થ્યાંગરૂપ પુરુષાર્થ તથા ધર્મનિયંત્રિત કામપુરુષાર્થ ગોઠવાયેલ છે

એ રીતે માનવજાતિ શાંતિપૂર્વક આ લોકનું અને પારલૌકિક સાધનામાં સત્ જીવન જીવી શકે છે જે જીવનનું નામ માર્ગાનુસારિ જીવન અથવા ~ ।

अमन्ता: [illegible] ।
दृष्यन्ते [illegible] ॥ १ ॥
अनभ्यासानि [illegible] ।
निरे निम्नोन्नतानीव [illegible] ॥ २ ॥

[illegible] ॥

અર્થ:—" આ જગત્‌મા [illegible] દેખાય છે. માટે પરીક્ષા કરવી જ જોઈએ. ૧

જેમ કુશળ ચિતારા લોકો ([illegible]) [illegible] ભાસ કરાવી શકે છે. તેમ [illegible] ([illegible]) [illegible] તરીકે બતાવી આપી શકે છે " ૨.

આર્યક્ષેત્ર ભારત અને તેમાં વસતી [illegible] ક્ષેત્ર-કાળ-ભાવના નિમિત્તો છે તેથી તેમાં [illegible] દાખલ થાય, તો સંવર-નિર્જરાના [illegible] નિમિત્તોને ગંભીર ધક્કો પહોંચે.

एसा जिणाणमाऽऽणा खेत्ताऽऽइया य कम्मुणो हुंति ।
उदयाऽऽइ-कारणं जं तम्हा [illegible] ॥ ११४ ॥

[illegible]वस्तु

" ક્ષેત્ર (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવ) વગેરે પણ કર્મના ઉદય (બંધ-ઉદય-ઉદીરણા-સત્તા-સંક્રમણ-ઉપશમાદિ) વગેરેના કારણભૂત થાય છે. માટે જ એ એ નિમિત્તો (ઉત્તમ ક્ષેત્રાદિક પ્રાપ્ત થાય) માટે પ્રયત્નશીલ રહેવું " આ જિનેશ્વરદેવોની આજ્ઞા છે.

आर्यक्षेत्र-सुजाति-सत्कुल-वपुर्निरोगता संपदो,
राज्यं प्राज्य-सुखं च कर्मलघुता-हेतोरवाप्नोत्ययम् ।
तत्त्वाऽतत्त्व-विवेचनैककुशलां बोधिं न तु प्राप्तवान ,
कुत्राऽप्यक्षय-मोक्ष-सौख्य-जननीं श्री-सर्वविद्देशिताम् ॥

બોધિદુર્લભભાવના.

[એકેન્દ્રિયાદિક ભવોમાં ભમતા મુશ્કેલીથી ત્રસપણું પામ્યા પછી] આ જીવ-આર્યક્ષેત્રઃ ઉત્તમ જાતિઃ ઉત્તમ કુળઃ સુંદર શરીર: સુંદર આરોગ્યઃ સંપત્તિઓ: વિશાળ સુખોથી ભરેલું રાજ્યઃ કર્મો હળવા થવાથી પામી શકે છે.

પરંતુ શ્રી સર્વજ્ઞ ભગવાને ઉપદેશેલું: શાશ્વત મોક્ષના સુખો ઉત્પન્ન કરનારું અને તત્ત્વ તથા અતત્ત્વનો વિવેક કરવામાં કુશળ એવું સમ્યગ્દર્શન ક્યાંય પણ પામ્યો નથી હોતો. ૧.

[illegible]

આધુનિક 'સાક્ષરોના' [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પરંતુ આધુનિક 'સાક્ષરો' [illegible] વિજ્ઞાનના જ [illegible] કે [illegible] દૃષ્ટિના વિજ્ઞાનના આ પ્રાચીન [illegible] અભિપ્રાયો પ્રામાણિક રીતે કેમ હોઈ શકે? [illegible]

[illegible] સર્વથા સમાન હોતા નથી માટે યોગ્ય સમાનતા અને યોગ્ય વિષમતા રૂપ વિશેષતા અને સમાનતાનો સ્વીકાર પ્રામાણિક હોય છે. ભારતની આર્ય-પ્રજાના વિશિષ્ટ પ્રકારે અમલમાં ચાલુ અને બીજી પ્રજાઓમાં સામાન્ય પ્રકારે અમલમાં ચાલુ વૈજ્ઞાનિક આધાર ઉપરના અને પ્રામાણિક ભેદો નષ્ટ કરાવી તે મહાપ્રજાની અદ્ભુત વિશિષ્ટતા [illegible] નાખવા માટે તથા બીજા કેટલાક હેતુઓથી દૂર દૂર રહી એ જાહેરનામું તૈયાર કરવામાં આવ્યું છે. એવા ઘણા કારણોથી તે પ્રામાણિક ઠરી શકતું નથી. તેનો વ્યાપક અમલ કરવાથી રંગીન પ્રજાઓનું અસ્તિત્વ જોખમમાં મૂકાય તેમ છે. કારણ કે ભેદો રાખવાના જ ઉત્તમ વ્યવસ્થાનું અને તે દ્વારા પ્રજાઓનું રક્ષણ તેમાં સમાયેલું છે.

પ્રભાવકતાનુ મુખ્ય ફળ એ છે, કે અહિંસક સંસ્કૃતિનો પ્રચાર થયો હતો. જમીન અને કુદરતી સાધનોનો ઉપયોગ ધર્મની અવિરુદ્ધ રીતે કરવાનો કોઈનેય અધિકાર અપાયો નથી જેઓ આ તત્ત્વ સમજપૂર્વક ન સમજી શકે, તેઓ પોતાની સમજ પ્રમાણે પોતાની આજીવિકા મેળવીને ભલે જીવે ને તેમ જીવતા હોય તો તે સિવાય બીજો ઉપાય નથી. પશુ-પક્ષિઓને કુદરતી સાધનોનો ધર્મપોષક ને ધર્મની અવિરુદ્ધ ઉપયોગ શી રીતે સમજાવી શકાય? પરંતુ તેવા પ્રાણીઓ પોતાની આજીવિકા સિવાય બીજી રીતે તો તે કુદરતી વસ્તુઓનો ઉપયોગ કરી શકવાનું જાણતા નથી હોતા. તેથી તે સિવાય બીજી રીતે તેનો દુરુપયોગ થવાનો સંભવ નથી.

મનુષ્યોને માટે-પોતપોતાના પ્રદેશોમાં આજીવિકા: ધંધા: આરામ: વગેરે માટે પણ ધર્મને પોષક રીતે કુદરતી પદાર્થોનો ઉપયોગ કરવાનું ઠરાવ્યું હતું. "દવા માટે ખાસ જરૂર ન હોય, તો વૈદ્ય ઝાડનું એક પાંદડું પણ ન તોડી શકે." તેવા પ્રતિબંધો મૂકેલા હોવાનું તે તે શાસ્ત્રોમાં માલૂમ પડે છે. નિમંત્રણ કર્યા વિના: વિધિપૂર્વક માંગણી કર્યા વિના: કુદરતની કોઈપણ વસ્તુનો વપરાશ કરી ન શકવાના પ્રમાણો મળે છે. વનસ્પતિઓને યે નોતરું આપવાના: સંતુષ્ટ કરવાના: ને પછી લેવાના વિધિઓ છે. તીર્થંકરઅદત્ત: ગુરુઅદત્ત: સ્વામિઅદત્ત: અને જીવઅદત્ત ન લેવાના-અદત્તાદાનના ભેદોમાં આ રહસ્ય સમાયેલું છે.

આ રીતે જમીનોનું વેચાણ નહોતું થતું. મકાન વેચી શકાતું હતું. કેમકે-વ્યક્તિએ પોતાની મિલ્કત ને મહેનતથી તે બાંધ્યું હોય છે. આજે પણ ભારતભરમાં અને ગામડાઓમાં લોકો જમીન મફત વાપરે છે. માત્ર એકાદ બે રૂપીયા રાજ્યસંસ્થાને વાર્ષિક વેરો આપતાં હોય છે. ખેતીની જમીન માટે પણ એમ જ ચાલ્યું આવે છે. રાજ્યને માત્ર ઉત્પન્નમાંથી અમુક ભાગ મળે. જમીનનું વેચાણ નથી. નજરાણું: સાકર: લઈને નબળા ખેડુત પાસેથી લઈને બીજા સારા ખેડુતને ખેતર રાજા આપી શકે. પણ તે વેચાતાં ન આપી શકે. ધર્માદા અપાય. તેના તો **ખત-પત્રો** એટલા માટે થાય, કે-બીજા કોઈ લોકો જમીન વગેરે અંગત ઉત્પાદન માટે કે અંગત ઉપયોગ માટે ન લઈ લે. તે ખાતર તેનો દાખલો રહે.

પરંતુ યુરોપીય પ્રજાજનોએ તો દુનીયાભરની જમીન વગેરેની માલીકી પોતાની ગર્ભિત રીતે ઠરાવી દીધી છે. (પોપ ૬ ઠ્ઠા એલેકઝાંડરના બુલથી) તેથી તેને પ્રગટ આકાર આપવા માટે પોર્ટુગીઝના રાજાએ ઇંગ્લાંડના રાજાને પુત્રી આપી ત્યારે **મુંબઈબેટ** દાયજામાં આપ્યો. એટલે બહારથી દરેક લોકો જાણી શકે તે રીતે ઇંગ્લાંડના રાજાની અંગત માલિકીનો એ બેટ થયો. એટલે તેની પોતાની જમીન વેચવાના કાયદા કરી શકે, ને તેણે કર્યા પણ ખરા. ધંધા માટે મુંબઈ ગયેલા: ને પછીથી ઈસ્ટ ઈંડિયા કંપની સાથેના ધંધાના સંબંધથી શ્રીમંત થયેલા: લોકોને સસ્તામાં વેચવા જમીન રાજ્યે કાઢી, લોકો તે લેવાયે લાગ્યા. તેના દસ્તાવેજો પણ સરકારદ્વારા કરી અપાયો. સનંદો અને લેખો અપાયા. આ રીતે-પોતાના દેશમાં મફત વાપરવાનો હક્ક ગુમાવી, વેચાણ જમીન લેવાની તે

પછી રેલ્વેના જમાને એક પ્રાણ ઉછાળીના શરૂ કર્યા. મોટા શહેરો અને કસબાઓના ખાસ ખાસ પરગણાંઓને એક પ્રાણ દસ્તાવેજો કરી આપ્યા તથા જમીનો વેચાવા માટે સરકારી વેચવા માટે તે વખતે પ્રજાજનોમાંથી પણ આ વસ્તુના લાભાલાભ પરત્વેના દેવજાત થયા હતા. ઓરડ. તેના સંતાનોને આ ઉંડા રહસ્યની માહિતી નહોતી. બીજી તરફ રાજ્યની સત્તા રાજાની વફાદારીની ભાવના અમલદારોના ફટાટોપ વકીલો કોર્ટો વગેરેથી ગભરાઈને જમીનની ખરીદી થઈ ગઈ જુના બાપદાદાના મકાનોની મલ્કારી રદ બાદીને નવી સરકારી દેવામાં પડાપડી થઈ રહી હશે. દેશી રાજ્યોમાં જેમ જેમ જુના રાજાઓ મરણ પામતા ગયા, તેમ તેમ મેનેજમેન્ટ ગોઠવી, બી એ એલ એલ. બી વગેરે નાની-મોટી ડીગ્રીધારી મેનેજરો અને કારભારીઓ. મોકલીને, તેઓ મારફત દસ્તાવેજો-સનંદો-લખત કરી આપવાની અને વેચાણ કરવાની શરૂઆત કરાવી દીધી. મેનેજમેન્ટની મુદત પૂરી થતાં તે મેનેજરોને સારા હોદ્દાઃ માન. ચાદ· ઉંચા પગારના આસનો આપતા રહ્યા. કારણ કે–મૂળભૂત મુદ્દામાં તેઓએ પરદેશી રાજ્ય દ્વારા બહારથી આવેલી કે આવનારી પ્રજાની અપૂર્વ સેવા બજાવી હતી.

ગામડાઓમાં જમીન વેચવાના [illegible]
સ્વરાજ્યના રાજ્યતંત્રે કરતા કે [illegible]
સહારીઃ ઇનામદારો વગેરેની જમીન [illegible]
ભૂમિ સુધારણાને નામે, જગતે [illegible]
નામેઃ એક યા બીજા નિમિત્તો [illegible] જમીનો [illegible]
ખુંચે તેમ ન હોય. ત્યા ખેડ કે વાવતર કે એવી બીજી રીતે [illegible] મૂકવામાં આવે
છે પરિણામે એક તસુ જમીન માટે પણ વર્તમાન [illegible]
જરાપણ ભવિષ્યમા હક્ક કે દાવો કરી શકે નહિ " [illegible] કરવામા વર્ત-
માન સ્વરાજ્યની યુરોપીયનોને મન ગમતી જ યોજના છે [illegible] જમીનો
" ઉત્પાદન વધારે તેની જમીન " એ કહેવત લાગુ કરીને [illegible] ખેતીના નિષ્ણાત વિદે-
શીઓના હાથમાં જમીનો સોંપશે, દેશી ખેડુતોને [illegible] ત્યારે આપાશે.
અનાજની તંગી આજે પણ રાખવાનો હેતુ " દેશી ખેડૂતો ઉત્પાદન વધારી શકતા નથી"
એવું વાતાવરણ ઉભુ કરવા માટે છે. ને યુદ્ધ વગેરેનો કૃત્રિમ [illegible] ઉભો કરી અનાજની
તંગી નિવારવા બહારનાઓને રાજ્ય જમીનો આપશે.

આ તરફ પ્રજાના હાથમાં કેટલાક વરસોથી જમીનો છે, અથવા વચલા કાળમાં બ્રીટીશો પાસેથી વેચાણ લેવાયેલી જમીનોમાંથી ભૂદાન પણ શરૂ કરાવવાથી, તે રીતે અપાતી જમીનો જેને દાનમા અપાય તેઓને રાજ્ય તરફથી દસ્તાવેજો કરી અપાય. અને દસ્તાવેજમાં રાજ્યતંત્રની ગર્ભિત માલીકી ઠરાવી હોય છે. જેથી જરૂર પડે ત્યારે કાયદેસર રાજ્યથી પાછી લઇ શકાય, વગેરે શરતો રહે છે તેથી વેચાણ લેવા છતાં કે દાનમા મળવા છતા, તે લેનાર યાવચ્ચદ્રદિવાકરૌ પૂરો માલિક બનતો નથી જ

આ રીતે, ઐચ્છિક રીતે અપાયેલી જમીનોના દસ્તાવેજો થઈ જાય, એટલે જે જે પ્રદેશોમા રાજ્ય તરફના દસ્તાવેજો નથી કરી શકાયા, એવી જમીનો જેના કબજામા છે, તેવા લોકો પછી થોડા રહે. એટલે તેઓને પણ દસ્તાવેજો વગેરે કરાવી લેવા માટે ભવિષ્યમાં ફરજ પાડી શકાય.

આ માટે **શ્રી વિનોબાભાવેની** હીલચાલને વેગ આપવા ઇગ્લાંડ અને અમેરિકાના પ્રજાજનો ને રાજ્યતંત્રો આડકતરો પણ પૂરતો સહકાર આપતા જોવામાં આવે છે. તેમાં માત્ર સેવાઃ ભાવનાઃ અને ગરીબોની દયા માટે ભોગ આપવાનો ભાવઃ દેખાય છે. પરંતુ તેઓની રાષ્ટ્ર સરકારો આ રીતે ખાનગીમાં ઉત્તેજન આપીને ભારતમા આ હિલચાલમા ભાગ લેવા મોલકતી હોય છે. તેનો ખ્યાલ અહીંના લોકોને કે કોઇને ન જ આવે, એ સ્વાભાવિક છે.

શ્રી ભાવેજી ભારતીય આધ્યાત્મિક ધર્મોને લગતા સાધુ જેવા વેશમાં પગે ચાલીને ફરે, એટલે ભારતની ગ્રામીણ અને અજ્ઞાન પ્રજા " પરંપરાગત કોઈ ધર્મના સાધુ મહાત્મા પધાર્યા " જાણીને તેનાથી આકર્ષાય, અને વિશ્વાસમાં પડે વર્તમાન રાજ્ય અને શિક્ષિતો તથા વિદેશીઓ તેની સાધુતાની પ્રશસ્તિ કરે. એટલે પ્રજા વધારે ખેંચાય. આ

[illegible] વિનોબા ભાવે '[illegible] માનવતાવાદી તરીકે રહેલા માલિકીહક્ક જ [illegible] [illegible] એમના [illegible] સને ૧૯૮૦ ના રહેલા યુરોપની પ્રજાના માલિકી હક્ક [illegible] છે, તે પણ મજબૂત બને છે તેના [illegible] તેમની હીલચાલ છે તથી [illegible] દષ્ટિના તેમનું કાર્ય ઘણું જ [illegible] છે તો તેને [illegible] [illegible] રહેલા માલિકી હક્ક જ જતો રહેલ અને સાથે જ આ દેશની જમીનનાં પરાપૂર્વથી [illegible] હક્ક પણ જતો હોય તો તેમના પ્રચારોમા ભારતની પ્રજાના હિતમા નુકસાન છે ત્યારે માત્ર પરદેશીઓના હિતમા થતા દેશના ઉદયમા એમની હિલચાલ લાભકારક છે, એ સ્પષ્ટ છે.

ઉપરાત વિનોબાજી ગ્રામીણ પ્રજાના જીવનમાથી ભારતીય સસ્કૃતિ બદલીને આધુનિક જીવનની પ્રાગતિક જીવન પ્રણાલિકા સ્થાપવાનો ઉદ્દેશ ધરાવે છે, તે તો સ્પષ્ટ રીતે વિદેશીઓની જ સેવા છે કે વિનોબા ભાવેજીના નામને બહાર આતરરાષ્ટ્રીય ક્ષેત્રે અમર બનાવે છે. અને શ્રી નહેરુજીના બાવળા અને ગાગડના ભાષણમા ભાવેજીનું કાર્ય વર્તમાન રાજ્યના ધ્યેયો સાથે સંગત છે, એવો ભાવ સ્પષ્ટ રીતે વ્યક્ત થયો છે.

સંસ્થાઓના જવાબદાર અને જોખમદાર તથા [illegible] આગેવાનો પ્રાચીનકાળમાં વિધિપૂર્વક નીમાતા. પોતાના [illegible] વગેરેમાં [illegible] આચાર્ય: ઉપાધ્યાય: શેઠ: નગરશેઠ: રાજા: મંત્રી: પુરોહિત: [illegible] જ્ઞાતિ: અને જાતિના આગેવાનો: [illegible] આગેવાનો: અંત્યજો: ગાંડાઓ: વગેરેની જ્ઞાતિઓના આગેવાનો: વગેરેની નિમણૂંક કરવાના વિધિઓ છે, ગામડાના પટેલ: વગેરેની નિમણૂંકો કોણ કરે? કઈ વિધિથી તેને જવાબદારી સોંપાય? વારસાગી કેવી રીતે તેની પરંપરા ચાલે? વારસાગી કેમ સ્થપાય? વગેરેના વિસ્તારથી ઘણાખરા વિધિઓ **શ્રી આચાર દિનકર** ગ્રંથમાંથી મળી આવે છે તે ઉપરથી ચોક્કસ સમજી શકાય છે. કે-તમામ કાર્યો વ્યવસ્થાને વિસ્તારપૂર્વક તથા નિયમબદ્ધ રીતે: જવાબદારી: તથા જોખમદારી પૂર્વક ભારતમાં ને બીજે ચાલતા હતા. અને આજે પણ તે પ્રમાણે ઘણે અંશે ચાલે છે.

માત્ર આ પ્રમાણે કેવળ ભારતમા જ હતું, એમ નહીં, પરંતુ ભારત બહાર પણ એ પ્રમાણે એક યા બીજી રીતે ચાલતું હોવાનું જણાઈ આવે છે એને છિન્નભિન્ન કરવામાં ઇસ્લામી રાજ્યકાળે પણ ઇસ્લામીઓની દાળ ભારતમાં ગળી શકી નહીં તેમાં એક કારણ એ પણ હતું, કે-કેટલેક અંશે તેઓ પણ પૂર્વના મહાપુરુષોની વ્યવસ્થા તેમના પ્રદેશોમાં જે રીતે ફેલાઈ હતી, તે મારફત પણ ઘણી રીતે તેને વફાદાર હતા જ. એક જ વ્યવસ્થા છતાં ભારતમાંની તેની ઉચ્ચકોટિની વ્યવસ્થા તેઓની સમજમાં ન આવવાથી, "પોતે વારસામાં લેતા આવેલી વ્યવસ્થા ઉચ્ચા પ્રકારની છે." એમ સમજીને, તેને સ્થાપવા મહેનત કરતા હતા. પરંતુ, તે વ્યાપક રીતે અમલમા શી રીતે આવી શકે? તેમાં અશક્યતા જણાયાથી આ ભેદ અને તેનું રહસ્ય મોગલાઇના વખતમાં અકબર આદિ વિચક્ષણ બાદશાહોને સમજાયાથી ભારતમાં તે જાતનો પલટો લાવવાનો તેઓનો વેગ ધીમો પડ્યો હતો મરાઠી બળોએ કાંઇક કાંઇક તે ધીમાશનો લાભે ય ઉઠાવ્યો હતો. તેમા **આચાર્ય વિજયહીરસૂરીશ્વરજી** વગેરે ત્રણ પ્રધાન જૈનાચાર્યો તથા **સમર્થ સ્વામિ રામદાસજી** તથા **મહારાણા પ્રતાપ: છત્રપતિ શિવાજી:** વગેરેએ ખૂબ પુરુષાર્થ ખેડ્યાની ઇતિહાસ સાક્ષી પૂરે છે.

૫ કયા આત્માની બંધનાવસ્થા કયા સુધી રહે? અને મુક્તાવસ્થા કયારથી થાય જ છે? તેનો કોઇ ચોક્કસ નિયમ નથી. કોઇ અમુક ખાસ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના સંજોગોમાં અને અમુક વખતે જ મુક્ત થાય છે, ત્યારે કોઇ આત્મા જુદા જ સંયોગોમાં અને

અને બીજે જ વખતે મુક્ત થાય છે નહીંતર, દરેક મુક્ત થનાર આત્માઓ એક જ સંજોગોમા એક જ ક્ષેત્રમાંથી એક જ વખતે અને એક જ પ્રકારની પરિસ્થિતિમાં રહીને મુક્ત થવા જોઇએ. બધાય એક જ સમયમા મુક્ત થઇ જવા જોઈએ. તેની સાથે દરેકની પરિસ્થિતિ પણ એક જ જાતની હોવી જોઈએ પરંતુ તેમ જોવામા આવતું નથી. કોઇ પશુરૂપેઃ પક્ષીરૂપેઃ કીટ-પતંગરૂપે માનવરૂપેઃ વિદ્યમાન હોય છે. અને મુક્ત થતી વખતે પણ મુક્ત થતા માનવોની જુદી જુદી પરિસ્થિતિઓ હોય છે. એમ પ્રત્યેક મુક્ત થનારાના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવ જુદા જુદા હોય છે. એ ઉપરથી સ્પષ્ટ સમજાય છે, કે-મુક્ત થનારા પ્રત્યેક આત્માની સ્વતઃ યોગ્યતા જુદી જુદી હોય છે. તેનું નામ **તથાભવ્યતા** કહેવાય છે. દરેક આસન્ન ભવ્ય જીવ મુક્ત થાય જ. પરંતુ દરેકની **તથાભવ્યતા** જુદી જુદી હોવાથી જુદી જુદી પરિસ્થિતિમા મુક્ત થાય છે. નહીંતર એક જ જગ્યાએથીઃ એક જ વખતેઃ એક જ જાતના આકાર કે લંબાઇ પહોલાઇવાળા શરીરથીઃ અને એક જ જાતની પરિસ્થિતિમાઃ સર્વ મુક્ત થવા જોઇએ. પરંતુ, એમ તો થતું નથી જ. એ સાબિત કરે છે, કે-દરેકની **તથાભવ્યતા** જુદી જુદી હોય છે તેથી તેઓને પોતાના આખા સંસારમાં **તથાભવ્યતા** અનુસાર જુદી જુદી અવસ્થાઓમાંથી પસાર થવું પડે છે.

૬ **સામાન્ય રીતે**—અનંત જીવોમાના કેટલાક અભવ્ય જીવો હોય છે. કે જેઓમાં કદીપણ મુક્ત થવાની યોગ્યતા જ નથી. ત્યારે કેટલાકમા મુક્ત થવાની યોગ્યતા હોય છે. તેમા ત્રણ પ્રકાર હોય છે. ૧ **આસન્નભવ્ય.** ૨ **દૂરભવ્ય.** ૩ **જાતિભવ્ય.**

૧. **આસન્નભવ્ય** નજીકમાં જ મુક્ત થનાર હોય છે. ૨. **દૂરભવ્ય** ઘણે કાળાન્તરે મુક્ત થનાર હોય છે. ૩. **જાતિભવ્ય** મુક્ત થવાની યોગ્યતા ધરાવે છે. પણ મુક્ત થઇ શકે નહીં.

અભવ્યો—વંધ્યા સ્ત્રી જેવા હોય છે. તેને કદાચ પતિની માફક જ્ઞાની-દેવ-ગુરુ ધર્મનો-બાહ્ય સંયોગ મળે, તો પણ મુક્ત થઈ શકવાના જ નહીં.

આસન્ન ભવ્યો પતિ સાથે રહેતી સૌભાગ્યવતી સ્ત્રી જેવા હોય છે તેને જેમ જલ્દી સંતાન પ્રાપ્ત થાય છે, તેમ તે જીવો જલ્દી મુક્ત થાય છે

દૂર ભવ્યો દેશાવર ગયેલા પતિવાળી-પ્રોષિતપતિકા-સ્ત્રી જેવા હોય છે. જ્યારે તેનો પતિ આવે, ત્યારે જેમ તે સંતાનવતી થઇ શકે છે, તેમ, યોગ્યતા છતાં ઘણા કાળે તે આત્મા મુક્ત થઇ શકે છે, ત્યા સુધી મુક્ત થઈ શકતા નથી.

જાતિ ભવ્યો અવધ્યા છતા વિધવા સ્ત્રી જેવા હોય છે. તેઓના મુક્ત થવાની યોગ્યતા છતા, સંયોગ ન મળવાથી કદી મુક્ત થઈ શકવાના નથી હોતા.

આસન્ન ભવ્યો પોતપોતાની **તથાભવ્યતાના** યોગે જુદા જુદા દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવ: ની પરિસ્થિતિમા મુક્ત થાય છે.

૭. આત્મા મુક્ત થાય છે ત્યારે, અને મુક્ત નથી હોતો ત્યારે પણ જે સ્થિતિમાં હોય છે, તેમા તેના મૂળ સ્વરૂપમા કોઈએ ફેરફાર નથી થતો. હોતો [illegible] [illegible]

એક બાળક સ્તનને [illegible] છે, ત્યારે તેને " [illegible] જ્ઞાન હોતું નથી. [illegible] નથી ઘેરાયેલો હોય છે " જેમ [illegible] તેને [illegible] છે. [illegible] ખાવા–પીવાની વસ્તુઓને [illegible] જે જે [illegible] તેને તેને [illegible] છે. [illegible] થાય છે, તેમ તેના તેના [illegible] તેનો મોક્ષ [illegible] ભણે છે, અને પછી જ્ઞાની થાય છે [illegible] તેનો મોક્ષ [illegible] હોય છે ઘણા અજ્ઞાનપણાના [illegible] મોક્ષ પામ્યો હોય છે.

ભણનાર બાળકોના પણ કોઈ જલદી ઘણું ઘણું મળી શકે છે, ને જાણી શકે છે. ને કોઇ ઘણે વખતે અને ઘણી મહેનતે ઘણું થોડું મળી શકે અને જાણી શકે છે, તેનું કારણ શું હશે ?" તમારો પ્રશ્ન બરાબર છે તેનું કારણ એ છે, કે એક બાળકના આત્માની **તથાભવ્યતા** એવી જ હોય છે, કે–પાછળના ઘણા જ્ઞાનની ઉપાસનાથી જ્ઞાનનાં ઘણાં આવરણો ને દૂર હઠાવી ચૂક્યો હોય છે. અને અહીં આવીને પણ ઘણા હઠાવે છે. તેથી તેનું જ્ઞાન વધારે ને જલદી ખુલતું થાય છે. ત્યારે બીજાને હજી આવરણો ઘણા હોય છે. ને તેનાથી તે થોડોક જ મુક્ત થયો હોય છે. બન્નેયના જ્યારે સંપૂર્ણ આવરણો ખસી જશે, ત્યારે બન્નેય સંપૂર્ણ જ્ઞાની સર્વજ્ઞ બની ગયા હશે. કોઈ પણ ગુણ ખીલે ત્યારે તે પૂરો ખીલે છે. તેથી દૃષ્ટાંત તરીકે જ્ઞાનગુણની પૂરી ખીલવણી સર્વજ્ઞપણા સુધીની છે. એટલે એક જ સમયમાં ત્રણેય કાળના સર્વ ભાવો એકી સાથે જ તે જાણી શકે છે.

૧૨. આ રીતે–દંભઃ ચોરીઃ જુઠઃ અસંતોષઃ સ્વાર્થઃ હિંસકવૃત્તિઃ વ્યભિચારવૃત્તિઃ લોભઃ ગર્વઃ કપટઃ પ્રપંચઃ ભયઃ રૂદનઃ હસવુંઃ આનંદઃ પ્રમોદઃ શોકઃ કામભોગાભિલાષાઃ ખૂનીવૃત્તિઃ મૂર્ખામીઃ ગાંડપણુઃ રાગઃ દ્વેષઃ કલહઃ ચાડીઃ કોઈના ઉપર આલ ચડાવવા પારકી નિંદાઃ મિથ્યા ખ્યાલોઃ અવિરતિઃ પ્રમાદઃ કષાયોઃ નોકષાયોઃ મનઃ વચનઃ કાયાના યોગો વગેરે વગેરે દોષોથી ધીમે ધીમે મુક્ત થતાં થતાં–મોક્ષ પામતાં પામતાં ઘણા ભવે સંપૂર્ણ મુક્ત થાય છે. સંપૂર્ણ મોક્ષ પામે છે. જેમ જેમ મુક્ત થતો જાય, તેમ તેમ ગુણો પ્રાપ્ત કરતો જાય, ગુણો ખીલવતો જાય અને છેવટે સમ્યગ્દર્શનાદિ (૯–૪૮)માં બતાવેલા મુખ્ય મુખ્ય ગુણો–ગુણશ્રેણિ પ્રાપ્ત કરતાં કરતાં સંપૂર્ણ મુક્ત થાય છે.

૧૩ અહીં એટલું વિશેષપણે સમજવાનું છે, કે–કોઇ જીવની **તથાભવ્યતા** એવી હોય છે, કે–ખાસ બહારના નિમિત્ત વિના નિસર્ગથી નાના નાના મોક્ષો પ્રાપ્ત કરીને, સંપૂર્ણ મોક્ષ પ્રાપ્ત કરે છે. તથા ધર્મઃ ધર્મના તે તે અનુષ્ઠાનોઃ વગેરે અસંખ્ય નિમિત્તોમાંથી પોતાને જેના–જેનાથી લાભ મળવાની **તથાભવ્યતા** હોય, તે તે બાહ્ય નિમિત્તો પ્રાપ્ત કરીને, તે તે નાના નાના અને છેવટે સંપૂર્ણ મોક્ષ પામે છે, તે રીતની મોક્ષની પ્રાપ્તિ **અધિગમ**થી થઇ ગણાય છે. જેમ કોઇ રોગીના રોગ એમ ને એમ મટી જાય છે. ત્યારે કેટલાકના રોગ ઔષધોપચાર કરાવે તો જ મટે છે. એમ ને એમ મટતા નથી. આમ થવાનું કારણ તે તે જીવની તથા–તથાપ્રકારની **તથાભવ્યતા** એ જ તેનો જવાબ છે. અધિગમથી મોક્ષ પામનારા કદાયે પ્રયત્ન વિના મુક્ત ન થાય, એમ નક્કી છે. એટલે "જેમ થવાનું નક્કી હશે તેમ થશે. આપણે કંઇ કરવાની જરૂર નથી." આ વિચાર ખોટો

કરે છે. ત્યારે **વેદાંતીઓ** વગેરે માત્ર **બ્રહ્મજ્ઞાન** થાય કે મુક્તિ. બસ કશાયે પ્રયત્નની આવશ્યકતા નહીં. પરંતુ એમ ન થાય. જેને સાધના કરવી જરૂરી હોય, તેણે સાધના કરવી જ જોઇએ.

"કારણ જોગે હો કારણ નીપજે રે, તેમાં કોઇ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજ–મત–ઉન્માદ." ૫
સંભવદેવ તે૦
શ્રી આનંદઘન ચોવીશી–સ્તવન ૫ મું.

૧૪ આ પ્રમાણે જ્ઞાનઃ દર્શનઃ ચારિત્રઃ વીર્યઃ તપઃ વગેરે અનંત ગુણો આત્માના સંપૂર્ણ ખુલ્લા થાય છે. તેથી આત્મામા અનંત ગુણો સ્વરૂપથી હોય જ છે તે ખુલ્લા થાય છે. વ્યવહારથી "પ્રગટ થયા" એમ કહેવાય છે. પરંતુ કાંઈ નવા પ્રગટ થતા નથી. જે તેમાં સદાના છે, તે ખુલ્લા થાય છે.

૧૫ જડ શરીર આ બધી સ્થિતિ પ્રાપ્ત કરી શકતું નથી આ બધા ગુણો શરીરમાં રહેલા જુદા જ એક કોઈ આત્મા નામના પદાર્થમાં છે અને તેની સાબીતીઃ પોતપોતાને થતા અનુભવ ઉપરથી કરી શકાય છે. પૂર્વાપરનો વિચાર કરવાની શક્તિઃ યોગીપણાની અવસ્થાઃ બીજા ખાતર સ્વાર્થોના ભોગઃ ત્યાગઃ તપઃ વગેરે ગુણોના અનુભવની પ્રતીતિ આત્મા વિના થાય જ નહીં. માટે શરીરમાં કોઈ જુદો આત્મા નામનો પદાર્થ છે.

૧૬ મુક્તાત્મામાં અનંત અનંત સુખ હોય છે. પ્રત્યેક સાંસારિક જીવમાં ખાવાં, પીવાં, અને પોતપોતાની હોય તે ઇન્દ્રિયોના વિષયોના થોડાઘણા સુખોમાં પ્રત્યેક આત્મા મ્હાલતો હોય છે, તે આત્મામાં રહેલાં અનંત સુખગાના થોડાઘણા અંશો બહાર આવતા હોય છે, જેટલા પ્રમાણમાં આવરણ ખસવાથી ખુલ્લા થયા હોય છે, તેટલા [illegible] આત્મા તેનો સ્વાદ લઇ શકે છે. પરંતુ જેમ જેમ આત્મા વિકસિત જીવોની સ્થિતિમાંથી પસાર થાય છે, તેમ તેમ સુખના અંશો વધારે વધારે પ્રગટ થતા જાય છે, અને તેનો આનંદ તેને વિશેષ વિશેષ મળતો જાય છે. જેમ જેમ ઉંચા ઉંચા દેવલોકમાં જાય, તેમ તેમ આનંદનો અનુભવ વધતો જાય. એટલે કે-સુખનું આવરણ કરનારા કર્મો ખસતા જવાથી તે આત્મામાથી આનંદ–સુખ–મજા વધારે વધારે બહાર આવતી જાય છે, એમ કરતાં કરતાં સર્વાર્થસિદ્ધ વિમાનમા જાય છે અને જ્યારે મહાયોગી અને [illegible] સયોગીઃ અયોગીઃ થાય છે, ત્યારે તે દેવ કરતાયે અનંતગુણા–નિરવધિ–આનંદનો અનુભવ કરે છે. અને જ્યારે સંપૂર્ણ દુઃખોત્પાદક સંજોગોથી મુક્ત થાય છે, ત્યારે આત્માના રહેલો સંપૂર્ણ આનંદ પ્રગટ થાય છે અને તેનો આસ્વાદ સિદ્ધસ્થાનમાં આત્મા લે છે. એ રીતે અનાનંદથી થોડે થોડે મોક્ષ પામતાં પામતાં [illegible] આનંદ આસ્વાદતાં આસ્વાદતા સંપૂર્ણ આનંદનો સદા આસ્વાદ કરે છે આમ સંપૂર્ણ મુક્તને અનંત અનંત આનંદ હોય છે સર્વાર્થસિદ્ધ કરતા અનંતગણો આનંદ હોય છે તે [illegible] સદાકાળ રહે છે. કેમ કે, તે બહારથી આવેલો નથી. અંદર હતો, તે [illegible] થયો છે.

"[illegible]" [illegible]

ભાવાર્થ:—"[illegible]" [illegible] સમજવામાં [illegible] શરીરનો [illegible] માને છે. [illegible]

૧૭. આ રીતે, આત્મા અરૂપી [illegible] અનંત જ્ઞાન અનંત દર્શન અનંત ચારિત્રઃ અનંત વીર્ય. અનંત [illegible] અનંત [illegible] શબ્દઃ વગેરેથી રહિત છે. તે અનંત અનંત ગુણોની [illegible] સ્વરૂપ સર્વજ્ઞ પ્રભુ જાણી શકે છે. તેઓ પણ પૂરેપૂરું [illegible] શકતા નથી. કેમકે તેઓને તેવા પૂરા શબ્દો નથી. તથા તેટલું દીર્ઘ આયુષ્ય પણ તેઓનું નથી હોતું.

૧૮. આથી જૈનધર્મને માન્ય મુક્તિમાં અનંત અનંત સુખ આનંદ વગેરે હોય છે. મુક્ત આત્મા શૂન્ય બની જતો નથી જડ પત્થર જેવો બની જતો નથી. સદા નિત્ય હોય છે. છતાં ઉત્પાદઃ વ્યયઃ ધ્રૌવ્યઃ યુક્ત હોય છે.

૧૯. કેટલાક દર્શનકારો આત્માને સર્વથા અનિત્ય માને છે. કેટલાક સર્વથા નિત્ય માને છે. તેથી બન્નેય રીતે બંધઃ કે મોક્ષઃ ઘટી શકતા નથી. નિત્ય હોવા ઉપરાંત પરિણામી આત્મા હોય, તો જ બંધ અને મોક્ષ ઘટી શકે. કેટલાક આત્માને "બંધ-રહિત" માને છે, તો મુક્ત થવાના પ્રયાસો માટે ધર્મકરણી કરવાની જરૂર શી? કોઈ "સદામુક્ત" માનતા હોય છે, સદામુક્તને મુક્તિ કેમ સંભવે? કેટલાક "મુક્ત થયા પછી પાછો સંસારમાં આવે" એમ માને છે. તો મુક્ત થવાનું પરિણામ ન રહ્યું. ઇત્યાદિ ઘણા વિકલ્પો છે. પરંતુ જૈન તત્ત્વજ્ઞાન મુજબ જ બરાબર આત્માને માનવાથી જ મુક્તિ બરાબર ઘટી શકે છે.

૨૦. મુક્ત આત્માના પર્યાય નામો ઘણા છે. તે દરેકના અર્થો પ્રમાણે તેમાં ગુણો હોય છે તેમાંના કેટલાક નામો અન્ય દર્શનવાળા પણ સ્વીકારતા હોય છે.

સદાશિવઃ નિર્વાણઃ તથાતાઃ સ્વરૂપસ્થતાઃ સિદ્ધાત્માઃ પરમબ્રહ્મપદઃ વગેરે જૈન તત્ત્વજ્ઞાનની પરિભાષા પ્રમાણે પણ બરાબર ઘટી શકે છે. ત્રણેય કાળમાં શુદ્ધઃ **તે સદાશિવઃ** સદાપુષ્ટ અને પોષક હોવાથી **પરમબ્રહ્મઃ** કૃતકૃત્ય હોવાથી સિદ્ધાત્માઃ અનંતકાળ સુધી તે જ પ્રકારે રહેનાર હોવાથી **તથાતાઃ** સંસારરૂપ આગ બુઝાઈ જવાથી–ઠરી જવાથી–**નિર્વાણઃ** આત્માના સઘળા ગુણો પૂરા સ્વરૂપમાં પ્રગટ થવાથી–**સ્વરૂપસ્થતાઃ** વગેરે.

૨૧. જગત્‌મા જેટલા આત્મવાદી ધર્મો છે, તે દરેક, ધર્મના પાલનના પૂરા ફળરૂપે મુક્તતા: મુક્તિ: મોક્ષ:નો સ્વીકાર કોઈ ને કોઈરૂપે—નામાન્તરથી પણ કરે જ છે. કોઈ "પરમાત્મામાં લીનતા" કહે છે: કોઈ "ખુદાનો દરબાર" કહે છે: કોઈ "પરમેશ્વરના રાજ્યની પ્રાપ્તિ" કહે છે. કોઈ "પરબ્રહ્મની પ્રાપ્તિ" કહે છે. કોઈ "પરમજ્યોતિ:નું પ્રાકટ્ય" કહે છે. એ રીતે દરેક આત્મવાદી ધર્મો મોક્ષતત્ત્વ માને છે તેના સ્વરૂપની માન્યતામાં ભલે ભેદ હોય. એ સમજની ખામી ભલે ગણવામા આવે પરંતુ વસ્તુને તો માને જ છે.

૨૨. વૈદિક દર્શનોમાંના વેદાંત દર્શનમાં પરમબ્રહ્મની પ્રાપ્તિ· પરમબ્રહ્મ સ્વરૂપાવસ્થામાં સ્થિતિનું નિરૂપણ ઉપનિષદાદિમા બહુ જ ઉંચા પ્રકારના ઢંગથી અને ઘણું જ ભવ્યતામયું કરવામા આવ્યું છે તે સાંભળતાં, વાચતાં શ્રોતા મનોમુગ્ધ બની જાય તેમ હોય છે. અને તેથી વૈદિક દર્શનોમાં વેદાન્તનું તત્ત્વજ્ઞાન ઘણું જ ઉંચા પ્રકારનું ગણાય છે. તે પ્રમાણે બૌદ્ધ દર્શનની માન્યતા પ્રમાણે મુક્તિ શૂન્યરૂપ એટલે કે સાંસારિક ભાવોની શૂન્યતારૂપે ઘટાવીએ, તો બરાબર ઘટી જાય છે. તેણે પણ સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનના આશ્રયથી તેનું નિરૂપણ કર્યું છે.

પરંતુ જૈનદર્શનનું નિરૂપણ વધારે વ્યવસ્થિત: અને વસ્તુસ્થિતિને સ્પર્શનાર: ઘટમાન· છે. સર્વને માન્ય મુક્તિના સ્વરૂપને સ્યાદ્વાદના આશ્રયથી વર્ણન કરી દેનાર જગત્‌મા એ એક જ દર્શન છે. અને બીજા કરતાં વધારે વિસ્તૃત વધારે વ્યવસ્થિત અને વધારે અદ્‌ભૂત નિરૂપણ ધરાવે છે. આ પણ તેની [illegible] વિશેષતાઓમાંની એક વિશેષતા છે.

૨૩. દા૦ ત૦ વેદાંત માયાના આજ્ઞાનની નિવૃત્તિ પછી પરમ [illegible], તે મુક્તાવસ્થા અને એ રીતે અદ્વૈતનું પ્રતિપાદન કરે છે. પરંતુ [illegible] શકતું નથી. **પરમબ્રહ્મમય બને,** એટલે શું થાય? તેનું [illegible] તો તે નહીં સમજાવી શકે.

અમુકને પરમબ્રહ્મ સ્વરૂપ પ્રાપ્ત થયુ? ને બીજા [illegible] ? તથા, કેટલાકને જ કેમ પ્રાપ્ત થયું? તેનો **તથા—ભવ્યતા—**[illegible] નથી. પરમબ્રહ્મ સ્વરૂપ પામનાર બ્રહ્મ સાથે અભેદ પામે છે? [illegible] જગત્ સ્વરૂપ છે. તો બ્રહ્મ સાથે અભેદ પામનાર [illegible] તો જે મુક્ત આત્માઓ છે, તે રૂપે પણ તે [illegible]

પરમબ્રહ્મ સ્વરૂપ પામનારી જુદી જુદી [illegible] ભેદે ભેદ રહેવાનો જ, અને શુદ્ધરૂપે [illegible] [illegible] નહીં [illegible] [illegible] [illegible]

૨૪. આથી જૈનદર્શનમાન્ય [illegible] મોક્ષ [illegible] વિશુદ્ધ વ્યવસ્થિત વસ્તુસ્થિતિને સ્પર્શી સમ્યગ્ તત્ત્વજ્ઞાન [illegible] છે. માત્ર ઘણા જૈનેતર વિદ્વાનોને તેનો અભ્યાસ ન હોવાથી, તેની [illegible] ન હોય એ સ્વાભાવિક છે તથા જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન સમજવામાં [illegible] છે. તેમજ ગુરુગમ વિના તે સમજવું સુગમ નથી. વળી, તે [illegible] ગમે તે ગુરુઓ તરફથી સમજાવવામા આવતું નથી કેમકે ગમે તેણે સમજવું કે ગમે તેને સમજાવવું ઘણું ઘણું દુર્ઘટ કામ છે. તેથી તે વિષેના અજ્ઞાન-વશાથી "વૈદિક દર્શનોમાં વેદાંત દર્શને નિરૂપિત પરબ્રહ્મનું સ્વરૂપ સર્વોપરિ નિરૂપણ છે" આ પ્રકારનો પ્રવાદ જૈનદર્શન સિવાય યથાર્થ છે. કેમ, કે-તે પ્રવાદ વૈદિક દર્શનોમા ખાસ કરીને પ્રચલિત છે. તેમની સંખ્યા મોટી છે. તેથી તે પ્રવાદ ખુબ ફેલાયેલો રહે છે પરંતુ તે એકદેશીય સત્ય છે. જૈનદર્શનની વિશિષ્ટતા કેટલાકે ગણી અદ્ભુત છે. જગતમા બધાયે વિભાગીય દર્શનો સમજવા સહેલા છે કેમકે-તે સઘળા એક એક વિજ્ઞાનરૂપ છે. ત્યારે જૈનદર્શન સર્વ વિજ્ઞાનોના સરવાળારૂપ તત્ત્વજ્ઞાનમય દર્શન છે, અને સ્યાદ્વાદની મદદ વિના તેને થોડું પણ જાણી ન શકાય તેવું છે.

૨૬. સર્વ કર્મોથી મુક્ત થવું: તે **દ્રવ્યમોક્ષ** છે. અને સઘળા વિભાવોથી મુક્ત થવું, સંસાર યોગ્યતા સ્વભાવને સર્વથા તિરોહિત કરી દઇ તે ભાવમળથી સર્વથા મુક્ત થવું: તે **ભાવમોક્ષ** છે.

પ્રકરણ ૨ જું.

મોક્ષનું નિકટનું પ્રબળતમ સાધન: અને તેનાં મૂળ કારણો:

मोह–क्षयाज् ज्ञान–दर्शनाऽऽवरणाऽन्तराय–क्षयाच्च केवलम् ॥१०–१॥

મોહનીયકર્મ, તથા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અન્તરાયકર્મોના ક્ષયથી કેવળજ્ઞાન થાય છે. ૧૦–૧

[**સા૦ બો૦**] પાંચજ્ઞાનનું સ્વરૂપ સમજાવવાનો પ્રસંગ પહેલા અધ્યાયમા આવી ગયો છે. પરંતુ, ત્યા "કેવળજ્ઞાન કેમ ઉત્પન્ન થાય છે ?" તેની હકીકત જણાવી નહોતી. તેથી બાકી રાખેલ હોવાથી, તથા મોક્ષ પ્રાપ્તિમાં અનિવાર્ય દ્વાર હોવાથી, તેનુ સ્વરૂપ બતાવવાપૂર્વક મોક્ષતત્ત્વનુ નિરૂપણ કરવાની શરૂઆત આ રીતે કરવામા આવી છે. સંવર અને નિર્જરાનું પૂરેપૂરું યોગ્ય ફળ મોક્ષ જ છે. પરંતુ કેવળજ્ઞાનની ઉત્પત્તિ વિના મોક્ષ કદીયે કોઇનેય પ્રાપ્ત થયેલ નથી. પ્રાપ્ત થતો નથી. અને પ્રાપ્ત થશે જ નહી.

સૌથી પહેલા દશમા ગુણસ્થાનકને અંતે ક્ષપકશ્રેણી ઉપર ચડેલા મહાત્માનું મોહનીયકર્મ સર્વથા ક્ષય પામી જાય છે. અને ત્યારપછી બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકે કેવળજ્ઞાન સૂર્ય ઉગતાં પહેલાં અરૂણોદય સમાન **પ્રાતિભજ્ઞાનને** નામે **અપૂર્વ અનુભવ-**

જ્ઞાન પ્રાપ્ત થાય છે. તે, દ્વાદશાંગીરૂપ સંપૂર્ણ શ્રુતધરના શ્રુતજ્ઞાન કરતાયે કોઇ વિલક્ષણ પ્રકારનુંઃ અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાનીનાં જ્ઞાન કરતાયે વિલક્ષણ પ્રકારનુંઃ હોય છે. બીજા જ્ઞાનો જેમ કેવળજ્ઞાનની પ્રભા છે, તેનો અંશ છે. તેમ આ પણ તેની પ્રભા કે અંશ છે. છતા, તે કેવળજ્ઞાન તો નથી જ. તેમજ શ્રુતાદિ બીજા છદ્મસ્થ જ્ઞાનો કરતાં વિલક્ષણ છતા તેમાથી એક પણ ન કહી શકાય. પરંતુ એ સર્વમય હોવા છતા, છાદ્મસ્થિક હોવાથી, તેઓમાં અંતર્ભૂત થાય છે. તેથી છઠ્ઠું જ્ઞાન પણ નથી. આ પ્રાતિભ જ્ઞાનનો અનુભવ કરતો આત્મા બારમાને અંતે બાકીના ત્રણ ઘાતી કર્મોનો ક્ષય થતા જ કેવળજ્ઞાન પામે છે.

એ ચાર મૂળ પ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષયઃ તે કેવળજ્ઞાનની ઉત્પત્તિનો **વ્યવહારનયથી** હેતુ–કારણ છે નિમિત્ત કારણ છે. ઉપાદાન કારણ તો અનાદિકાળથી કેવળજ્ઞાનમય આત્મા જ છે, અથવા, **નિશ્ચયનયથી** કાર્યકારણ ભાવની વિવક્ષાએ તો અનાદિ અનંતકાળમાં આત્મા સદાકાળ કેવળજ્ઞાનમય છે. પ્રતિબંધકાભાવ પણ કાર્યની ઉત્પત્તિનું કારણ બને છે. જેમ કોઇપણ કાર્ય ઉત્પન્ન કરવું હોય, ત્યારે તમામ પ્રકારની કારણ સામગ્રી પૂરેપૂરી હાજર હોય, પરંતુ તેમાં રોકાવટ કરે તેવું કોઇ પણ વિઘ્ન–પ્રતિબંધક વસ્તુ હાજર રહી અટકાયત કરતી હોય, તો તે કાર્ય ઉત્પન્ન થઇ શકતું નથી. કુંભાર ઘડો કરવાની તૈયારીમા હોય, પરંતુ કોઈ આવીને તેના હાથ પકડી રાખે તો, કે કોઇ ચાકડો પકડી રાખે, અને ફરવા જ ન દે, તો તે ઘડો બનાવી શકતો નથી. તે પ્રમાણે ઉપર જણાવ્યા તે ચાર કર્મો કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં રોકાવટ કરનારા હતા, પ્રતિબંધક હતા તેનો ક્ષય થતા જ, તે પ્રતિબંધકોનો–રોકાવટ કરનારાઓનો અભાવ થતા જ કેવળજ્ઞાન ઉત્પન્ન થઇ જાય છે.

मोह–क्षयात् એટલો ભાગ જુદો પાડી બતાવવાનુ કારણ એ છે, કે [illegible] કર્મ ક્ષય પામે છે પછી બીજાં ત્રણ કર્મો ક્ષય પામે છે. [illegible] પામતા નથી. ત્યારે, જ્ઞાનાવરણીયાદિ ત્રણેય એકી સાથે ક્ષય પામે છે [illegible] પામવાના ક્રમઃ અને કાળઃ મા ફરક હોવાથી તે જુદું પડતું છે [illegible] થવો જ જોઇએ તેના ક્ષય થયા પછી અંતર્મુહૂર્ત વિસામો [illegible] પામે છે, ને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે કેવળજ્ઞાન ઉત્પન્ન થતા પહેલા, [illegible] આત્માના જ્ઞાનાદિ સ્વપર્યાયો સાથે પણ અભેદાનુભવ–[illegible] હોય છે કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તો પૂછવુ જ શું? [illegible] ગઈ હોય છે એ પ્રમાણે, બારમા ગુણસ્થાનક પહેલા પણ વ્યવહારનયના [illegible] સાક્ષાત્ પ્રાપ્તિથી માંડીને બીજા ગુણોના [illegible] છે. તે વધતો વધતો બારમા સુધી [illegible]

તેથી, " [illegible] તે કેવળજ્ઞાનઃ છે " [illegible] " [illegible] ",

હોય ત્યાં સુધી ન [illegible] દેશે. જેમ જેમ [illegible] થશે, [illegible] પોતાની મેળે જ તેને તેને [illegible] [illegible] હોતો જ જશે. પછી જરા પણ [illegible] નહીં [illegible] સર્વજ્ઞ તરીકેનો [illegible] નથી. ચારિત્ર્યજીવનીચાર [illegible] શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના અભિપ્રાયની સ્પષ્ટતા છે.

બીજું મુખ્ય કારણ એ છે, કે એ મુખ્ય [illegible] પણ પોતાના [illegible] નિર્માણ કરે છે. તે પણ સર્વજ્ઞ તરફથી [illegible] પરંપરાગત જુદી જુદી રીતે [illegible] જગતમાં ફેલાયેલી પ્રણાલીનો અંશ હોય છે તેથી તેઓના [illegible] આચારો: [illegible] વગેરેમાં જે કાંઈપણ મોક્ષસાધક અંશો હોય છે, તે પણ [illegible] આચારો કે વ્યવસ્થાને જ એક યા બીજી રીતે અનુસરતા હોય છે. તેઓ પણ ભલે કોઈ સાચા સર્વજ્ઞને નામથી ન ઓળખતા હોય. છતાં તેઓનો અન્તરાત્મા એટલો વિકસિત થયો હોય છે, કે–મુખ્ય સર્વજ્ઞના ઉપદેશમાંથી જ કાંઇ ને કાંઈ લઈને ધર્મ ચલાવ્યો હોય છે. અંશથી પણ સાચો ધર્મ બીજી રીતે ચાલી શકે જ નહીં. તેથી તે છદ્મસ્થ ધર્મપ્રવર્તકો અને તેના અનુયાયિયો પણ પરંપરાએ તો મુખ્ય સર્વજ્ઞને જ અનુસરતા હોય છે, ભજતા હોય છે. અને પરંપરાએ તેમની જ સેવા ઉઠાવતા હોય છે. અને તેમના પોતપોતાના આત્મવિકાસમાં પણ પ્રબલ નિમિત્ત તે જ હોય છે. નામભેદ, વ્યાખ્યા ભેદની સમજ એ તે વિચારમાં મહત્ત્વની વાત નથી. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના કથનનું આ સુંદર રહસ્ય છે. જે જૈનશાસ્ત્રોની મર્યાદા: શૈલી: સિદ્ધાન્ત: વગેરેથી જરાપણ વિરુદ્ધ નથી.

જેટલા મૂળભૂત–અનુપચરિત સાચા સર્વજ્ઞો હોય છે, તે સર્વના જ્ઞાનમાં એક જ પ્રકારનું વિશ્વનું ત્રૈકાલિક પ્રતિબિંબ પડતું હોય છે; તેથી તેઓ અનંત હોય, તો પણ તેઓમાં જરાપણ મતભેદ હોતો નથી જ. પડતો જ નથી. કેમ કે–દરેકે પૂરું જાણ્યું હોય છે. તેથી મતભેદ પડવાના સર્વથા અસંભવની અપેક્ષાએ તે સર્વ એક જ પ્રકારના છે, એ અપેક્ષાએ "**એક જ સર્વજ્ઞ**" એમ કહી શકાય છે. અને એ અપેક્ષાએ અનંત ઇશ્વરો છતાં જૈનદર્શન નયવાદ સાપેક્ષ પણે **એક ઇશ્વર** પણ કહી શકે છે. આવા–**એક ઇશ્વર–સર્વજ્ઞને** સર્વ ભજે છે. સર્વ તેનો જ આશ્રય લે છે. જેમ રાજાના નોકરો કેટલાક નજીક હોય, કે કોઇ દૂર હોય, પરંતુ સર્વ એક રાજાના જ નોકરો ગણાય છે.

પરંતુ જેઓ ગૌણતાથી–ઉપચારથી મનાતા સર્વજ્ઞોને પણ સાચા–મુખ્ય–અનુપચરિત સર્વજ્ઞ માની બેસે, અને ખોટો પ્રચાર કરીને બીજાઓને પણ તે પ્રમાણે મનાવવા આગ્રહભરી હઠ લઇ બેઠા હોય, તેઓની સમજ માટે, કે તેઓની સાન ઠેકાણે લાવવા માટે તે જ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ **સર્વજ્ઞ પ્રકરણાદિ ગ્રન્થોમાં** તેઓની **મુખ્ય તરીકે મનાતી સર્વજ્ઞતાનું** અને "સર્વજ્ઞ ન જ હોઇ શકે" એવી માન્યતાનું ખંડન કર્યું છે, સાથે જ "જગતમાં મુખ્ય સર્વજ્ઞતા હોઇ શકે છે" તેનું તથા "તેવા સર્વજ્ઞો કોણ કોણ અને કેવી રીતે હોય છે?" તેનું સ્પષ્ટ રીતે પ્રમાણપૂર્વક

સચોટ નિરૂપણ કર્યું હોય છે. તથા તેઓને સાચા સર્વજ્ઞ ન માનનારાઓના મતનું ખંડન કરી સાચા સર્વજ્ઞોને સર્વજ્ઞો તરીકે માનવાનું હિત કરવા તેઓને સમજુતી પણ કરુણાભાવે આપી હોય છે. એટલે કે-શ્રી ઋષભાદિ સાચા સર્વજ્ઞો છે. માટે તેને સાચા સર્વજ્ઞો તરીકે ઓલખાવ્યા છે. અને તે મનાવવા પ્રયાસ કર્યો છે. અને તે પ્રયાસ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ કશાયે દંભ વિના સાચા દિલથી કર્યો છેઃ તેના ઉપર દંભનો આરોપ કરવો તે કરનારની જ દંભી મનોદશાનો પૂરાવો બની જાય છે. **પંચસુત્રની ટીકામાં** "સકળ શાસ્ત્રોજ્ઞો ઉપચારથી સર્વજ્ઞ છે." એ કહેવાનો વ્યવહાર તેઓએ જ બતાવેલો છે. અને **યોગદૃષ્ટિ સમુચ્ચય** ગ્રંથમાં જ ઋષભાદિક તીર્થંકરોને અનુપચરિત સર્વજ્ઞ તરીકે બતાવ્યા છે.

જુઓઃ—

अ-वीतरागाणामपि सकल-शास्त्र-विदामुपचारेण सर्वज्ञ-व्यवहार-सिद्धेः।

પંચસૂત્ર ટીકા. પહેલું સૂત્ર.

અર્થ:—ઉપચારથી સર્વ શાસ્ત્રોના જ્ઞાતાઓને, તેઓ વીતરાગ ન હોવા છતા પણ સર્વજ્ઞ કહેવાનો વ્યવહાર છે—ચાલે છે."

યોગદૃષ્ટિ સમુચ્ચયમાં—

सर्वज्ञो नाम यः कश्चित् पारमार्थिक एव हि।
स एक एव सर्वत्र व्यक्तिभेदेऽपि तत्त्वतः ॥१०३॥

(वृत्तिः)

सर्वज्ञो नाम यः कश्चिद् अर्हदा-ऽऽदिः, पारमार्थिक एव हि-निरुपचरितः.
स एक एव सर्वज्ञः, सर्वज्ञत्वेन व्यक्तिभेदेऽपि तत्त्वतः ऋषभादि-[illegible] सति।

વૃત્તિનો અર્થ:—"જે કોઇ અર્હદાદિ સર્વજ્ઞ છે, તે નિરુપચરિત-[illegible] મુખ્યપણે—પારમાર્થિક સર્વજ્ઞ છે. અને તે સર્વજ્ઞ તરીકે-સર્વજ્ઞ-[illegible] ઋષભાદિ નામનો ભેદ હોવા છતાં તત્ત્વથી એકજ છે." ૧૦૩.

प्रतिपत्तिस्ततस्तस्य सामान्येनैव यावताम्।
ते सर्वेऽपि तमापन्ना इति न्याय-गतिः परा ॥१०४॥

(वृत्तिः)

" प्रतिपत्तिः—

ततः—

तस्य-सर्वज्ञस्य,

सामान्येनैव यावताम्-तन्त्रान्तरीयाणामपि. ते सर्वेऽपि तमापन्ना [illegible] मुख्यमेव.

इति न्यायग(ग)तिः परा-तदन्तरेण [illegible]

વૃત્તિનો અર્થ —

તેથી—

સામાન્ય સમજથી [illegible] જેઓ [illegible] સેવા-ભક્તિ હોય છે, તે મોહ ([illegible]) [illegible] વળગેલા હોય છે-તેને જ [illegible] કેમકે-તે (અવસ્થા) વિના તેની પ્રાપ્તિ [illegible] નથી [illegible]

જૈનો તો તેને માને છે. પણ બીજા આત્મવાદીઓ પણ તેને જ માને છે. આ રીતે બહુ જ સ્પષ્ટ કર્યું છે.

તેથી, જે કેટલાક જૈન ગાંડપણ ભરી [illegible] કરી રહ્યા છે, કે - "શ્રી હરિભદ્ર-સૂરીશ્વરજીએ કપિલ અને બુદ્ધને સર્વજ્ઞ કહ્યા છે." "હા, કહ્યા જ છે." અને જે પ્રમાણે ઘટે, તે પ્રમાણે બરાબર કહ્યા જ છે. પરંતુ ઋષભદેવાદિક કે તેના જેવા બીજા મુખ્ય સર્વજ્ઞ જેવા તેઓને કહ્યા નથી. છતાં, તેઓની બાબતમાં પણ બાળકના જેવી વાતો ફેલાવે છે, તેઓ કાં તો ગ્રંથ અને તેની સ્વોપજ્ઞ ટીકાનો ભાવ સમજી શક્યા નથી. અથવા સમજ્યા હોવા છતા, પેટ ખાતર ખુશામત કરવા, કે કોઈ ગાઢ દ્વેષને કારણે, ઈરાદાપૂર્વક જુઠાણું ફેલાવે છે. જ્યાં જરા પણ બીજ નથી, ત્યાં આખા ઝાડની કલ્પના કરી લે છે.

માટે "એક સમયમા લોકાલોકજ્ઞાતા સાથે સ્વાત્માનુભવના સાગર મહાત્મા સાચા સર્વજ્ઞ અને કેવળજ્ઞાની છે." એમ જૈનશાસન બરાબર માને છે. આ હકીકત અહીં આટલા વિસ્તારથી લખવાનું કારણ કેટલાકો શ્રી હરિભદ્રસૂરીશ્વરજીને નામે ફેલાવેલી કેવળ જુઠાણાઓથી ભરેલી ગેરસમજથી દોરવાઇ ન જાય.

આત્મા અરૂપી છેઃ છતાં તેના કેવળજ્ઞાનમા લોક-અલોકના સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયો અને તે પણ વર્તમાનકાળ ઉપરાંત ભૂતકાળના તથા ભવિષ્યકાળના પણ એક જ સમયમાં શી રીતે ભાસી શકે ?

તેનો જવાબ એજ છે, કે આત્મદ્રવ્ય અને તેના જ્ઞાન ગુણની એજ જાતની રચના-પરિસ્થિતિ છે. તેથી તેમાં કોઇપણ જાતની અસંગતિ સંભવી શકતી નથી ૧૦-૧

તે મોહનીય કર્મ વગેરેનો ક્ષય કેમ થાય છે ? તેના કારણોઃ—

बन्ध–हेत्व–ऽ–भाव–निर्जराभ्याम् ॥१०–२॥

બંધના હેતુઓનો અભાવઃ અને નિર્જરાથી (તેઓનો ક્ષય થાય છે.) ૧૦-૨

[સા૦ બો૦] મિથ્યાત્વ વગેરેને (૮-૧ માં) કર્મબંધના કારણો જણાવ્યા છે, તે હેતુઓના તથા જ્ઞાનાવરણીય વગેરે કર્મોના ક્ષયથી, તે હેતુઓનો અને કર્મોનો અભાવ થાય છે. જેથી સમ્યગ્દર્શનાદિ ઉત્પન્ન થાય છે. એમ કરતાં કરતાં સંવરપૂર્વક શુદ્ધક્રિયા

કરવાથી નવા કર્મ આવી શકતા નથી. તેથી નવા બંધાતા નથી અને પહેલાં બાંધેલા હોય, તેની તપ આદિએ કરીને નિર્જરા (અત્યન્ત ક્ષય) થયે જ જતી હોય છે. એ બે કારણોથી સર્વદ્રવ્ય પર્યાયને જાણનારૂં પરમૈશ્વર્યયુક્ત અનંત કેવળજ્ઞાન અને અનત કેવળ-દર્શન ઉત્પન્ન થવાથી તે ભગવાન્ **શુદ્ધ: બુદ્ધ: સર્વજ્ઞ: સર્વદર્શી: જિન: કેવળી:** થાય છે. તેથી તદ્દન બળી ગયેલી દોરડી જેવા બાકીના ચાર શુભકર્મો જો કે બાકી રહ્યા હોય છે. પરંતુ, તે પણ નષ્ટ થવાની અણી ઉપર જ હોય છે. છતાં આયુષ્યકર્મના બળથી તે ભગવંતો પૃથ્વીતલ ઉપર વિચરે છે, ને ભવ્યાત્માઓને સન્માર્ગનો–મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે. ૧૦–૨

પ્રકરણ ૩ જું:

[પરમ]–મોક્ષનું લક્ષણ: અને સ્વરૂપ:–

कृत्स्न–कर्म–क्षयो मोक्षः ॥१०–३॥

સઘળાએ કર્મોનો જરાયે જરા [પૂરેપૂરો] ક્ષય: તે મોક્ષ: ૧૦–૩.

[સા૦ બો૦] આઠ કર્મોમાંની કોઈ પણ મૂળ પ્રકૃતિ: અને ૧૫૮ ઉત્તર પ્રકૃતિ: માંની કોઇ પણ–એક પણ કર્મપ્રકૃતિ જરાપણ આત્મા સાથે ન હોય–સર્વથા કર્મરહિત પણું હોય–તેનું નામ **મોક્ષ** છે. આત્મા કર્મથી બંધાયેલો હતો તે તદ્દન [illegible] ગયો એ મુક્ત થવુ: એટલે **મોક્ષ:** मुच्–ધાતુને [illegible] પ્રત્યય લગાડવાથી मुक्ति, અને स પ્રત્યય લગાડવાથી મોક્ષ. શબ્દ બને છે. [illegible] કે બંધનથી છુટાપણુ: ચાર ઘાતિકર્મો તો ક્ષીણમોહ ગુણસ્થાનકને અંતે [illegible] પામ્યા હતા. બાકીના ચાર (૧) નામ (૨) ગોત્ર (૩) આયુષ્ય અને (૪) વેદનીય [illegible] ચારેય અઘાતિ કર્મોનો નાશ થતા જ ઔદારિકાદિક શરીરો [illegible] નહીં હોવાથી જન્મ ધારણ કરવાનું બંધ પડી જાય છે

સંસારના હેતુઓ ન રહેવાથી–સંસારની કોઈપણ વસ્તુની [illegible] ને અવ-કાશ જ રહેતો નથી.

સર્વ કર્મોના ક્ષયરૂપ આત્માની એક ખાસ અવસ્થા તે મોક્ષ [illegible] અયોગિ (૧૪ મા) ગુણસ્થાનકને છેલ્લે સમયે સત્તામાં કર્મોના [illegible] માત્ર ૧૧ કે ૧૨ કર્મપ્રકૃતિઓ [illegible] જાતિ· ત્રસ. બાદર: પર્યાપ્ત. સુભગ આદેય [illegible] કર્મની, સાતા કે અસાતા એ બેમાંની એક વેદનીયકર્મની, [illegible] મનુષ્ય આયુષ્યકર્મ: એ બાર પ્રકૃતિ છેલ્લે [illegible] અને તે છેલ્લે [illegible]

૧૦ એ રીતે જ્યાં એક સિદ્ધાત્મા હોય છે. ત્યાં અનંતા સિદ્ધાત્માઓ હોય છે. કેમકે-અનાદિકાળથી મોક્ષમાં સિદ્ધાત્માઓ જાય છે તેથી. એક જ જગ્યાએથી અનંત-આત્માઓ મોક્ષે ગયા હોય છે તેથી. જ્યાં એક સિદ્ધ પરમાત્મા હોય છે, ત્યાં બીજા અનંત સિદ્ધાત્માઓ ઉત્કૃષ્ટ જઘન્ય મધ્યમ અવગાહનાવાળા હોય છે. દા૦ ત૦ અનંતકાળમાં શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપરથી અનંતા આત્માઓ મોક્ષમાં ગયા છે. તો તેના ઉપરના ભાગમાં અનંતા સિદ્ધો હોય. જો કે અઢીદ્વીપના ઘણા સ્થાનોમાંથી અમુક એક જ જગ્યાએથી પણ અનંતા આત્માઓ મોક્ષમાં ગયા હોય છે. ત્યારે શ્રી શત્રુંજય જેવા સહજ સદા ઉત્કૃષ્ટ પવિત્રતાવાળા સ્થાનમાંથી વિશિષ્ટ સંખ્યામાં મોક્ષમાં ગયા હોય એ સ્વાભાવિક છે.

૧૦ આ સિદ્ધાત્માઓ અરૂપિ હોય છે. તેથી એક એકમાં બીજા મળી જાય છે. તેને અલંકારની અને સન્માનની ભાષામાં-"જ્યોતિ:માં જ્યોતિ: મળી" એમ કહેવાય છે. "બ્રહ્મમાં આત્મા (બ્રહ્મ) મળી ગયો." "આત્મા બ્રહ્મમય થઈ ગયો." એમ વેદાંતીઓ કહે છે. તે ઉપરની વાતનો મોઘમ નિર્દેશ માત્ર છે. ત્યારે જૈનદર્શન જ્યોતિમાં જ્યોતિ: કેમ મળે છે? પરમબ્રહ્મમાં એટલે અનંત સિદ્ધોના સમૂહમા એક સિદ્ધાત્મારૂપ બ્રહ્મ કેવી રીતે મળે છે? તેનું સ્પષ્ટ નિરૂપણ કરી બતાવ્યું છે. મળવા છતાં અભેદ થવા છતાં વ્યક્તિ ભેદ તો ત્યાં પણ સદાને માટે રહેજ છે. તેથી એકાંતથી અભેદ નથી હોતો, પણ ભેદાભેદ હોય છે. સિદ્ધત્વ-મુક્તાત્મત્વ-આત્મત્વથી અભેદ હોય છે. પરંતુ કેવળજ્ઞાનાદિ ગુણો પ્રદેશાવયવોનો જુદો જુદો સમૂહ આકાશાદિમા અવગાહ અધર્માસ્તિ-કાયમાં સ્થિતિ પર્યાય સૌ-સૌના જુદા જુદા હોય છે. આ શિવાય બીજી રીતે કરી શકાય જ નહીં.

૧૧. બીજા જે જુદા જુદા આત્માઓ સંસારમાં હજી રખડે છે, તેમાંની એક એક વ્યક્તિ મોક્ષ પામે, તે તો પરમબ્રહ્મમય થાય, એ બરાબર. પણ એક વ્યક્તિ આજે બ્રહ્મમય બની અને એક કાલે બ્રહ્મમય બની. આજે જે વ્યક્તિ બ્રહ્મમય બની, કાલે એકની સંખ્યા બ્રહ્મમયોમાં ઓચ્છી હતી. તેથી એ ભેદ સ્વીકારવો જ પડશે. શબ્દથી ન સ્વીકારે છતાં, અર્થથી સ્વીકાર્યા વિના ચાલી શકે જ નહી. છતાં, સિદ્ધપણાની સમાનતાની અપેક્ષાએ અભેદ પણ બરાબર છે. એમ ભેદાભેદ માન્યા વિના ચાલશે જ નહીં. એકાંત અભેદ માનવાથી વસ્તુસ્થિતિ ઘટી શકશે જ નહી.

૧૨. સિદ્ધના આત્માઓ લોકના છેડા સુધી ગતિ કરી શકે છે. તેનું કારણ લોકના

છેડા સુધી ધર્માસ્તિકાય છે. ત્યાં જ સ્થિતિ કરી શકે છે. તેનું કારણ લોકના છેડા સુધી અધર્માસ્તિકાય છે. ત્યાં જ અવકાશ લઈ શકે છે. તેનું કારણ ત્યાં પણ આકાશ છે. જો ગતિમાં સહાયક ધર્માસ્તિકાયની અને સ્થિતિમાં સહાયક અધર્માસ્તિકાયની જરૂર ન પડતી હોત, તો–સિદ્ધના આત્માઓ અલોકમાં સદા ભમ્યા જ કરતા હોત, અથવા ક્યાંક ખુણામાં ભરાઇ બેઠા હોત. પરંતુ તેમ ન થતાં લોકાન્ત સુધી જઈને સ્થિર છે. તેના કારણો એ છે.

નીચે કે આજુબાજુ લઈ જનાર કર્મો ન હોવાથી નીચે કે આજુબાજુ જતા નથી. ઉંચે લઈ જનાર પણ કર્મ ન હોવાથી કર્મને લીધે ઉંચા નથી જતા, પરંતુ તે આત્માની સહજ ગતિ ઉંચે જવાની હોવાથી પોતાના સ્વભાવે ઉંચે જાય છે. મુક્ત આત્માને ઉંચે જવામાં આત્માના તથાપ્રકારના સ્વભાવ સિવાય બીજું કોઈ કારણ નથી.

પ્રકરણ ૬ ઠ્ઠું:

કર્મનો ક્ષય થયા પછી કોઇપણ પ્રકારના આશ્રવરહિત આત્મા ઉંચે જ જવાની ગતિ શી રીતે કરી શકે?

पूर्व–प्रयोगात् असंगत्वात् बन्धच्छेदात्
तथागति–परिणामाच्च तद्–गतिः ॥ १०–६ ॥

પ્રથમના પ્રયોગના બળથી: સંગરહિત થવાથી: બંધન કપાઇ જવાથી: અને તેવા પ્રકારની ગતિ કરવાનો પરિણામ આત્મા ધરાવતો હોવાથી: સિદ્ધ આત્માની ગતિ થાય છે. ૧૦–૬.

[સા૦ બો૦] સિદ્ધ આત્મા લોક અંત સુધી ઉંચે ને [illegible] કરે છે? શી રીતે કરી શકે છે? તેનાં કારણો આ સૂત્રના [illegible] ર્થના અને આત્મપદાર્થના સામાન્ય રીતે કેટલાક સહજ [illegible] વિશેષ જાણકારી મળે છે

૧. **પૂર્વના પ્રયોગના બળથી**—જેમ કુંભાર [illegible] પહેલા તો ખુબ જોરથી ફેરવે છે, અને પછી ચાકડાનો [illegible] ચકર ચકર ફર્યા જ કરે છે ને પછી ચાકડા ઉપર પિંડ [illegible] બનાવવાનો ઘાટ ઘડે છે. તેવાના [illegible] જોરથી ફેરવે છે, ને પછી ફેરવવાનું છોડી દે, ચાકડા ઉપરને [illegible] લાગી જાય છે. એના એકધાર [illegible] [illegible] અમુક રીતે ગતિ [illegible]

૨ અસંગપણાથી ગતિ કરે છે.—પુદ્ગલ અને જીવોનો ગતિ કરવાનો સ્વભાવ છે. આ વાત પાછળના પ્રકરણમાં [illegible] ગયા છે. નીચે [illegible] અસ્તિકાયો તો ગતિ કરતા જ નથી. પુદ્ગલદ્રવ્યોનો સ્વભાવ નીચે ગતિ કરવાનો છે. અને આત્મદ્રવ્યનો સ્વભાવ ઉપર ગતિ કરવાનો છે. તેથી આત્મા પુદ્ગલ [illegible] શરીરઃ કર્મોઃ વગેરે પ્રકારના સંયોગોઃ વગેરેથી [illegible] પડતા જ [illegible] ગતિ કરવાના સ્વભાવવાળો તે ઉંચે સિદ્ધશિલાના ઉપર સુધી ગતિ કરે છે. જેમ [illegible] રોકી રાખ્યો હોય અને તે રોકાવટ દૂર થતા જ પોતાના સ્વભાવથી જેમ પત્થર નીચે જ પડે છે. તે પ્રમાણે રોકાયેલો પવન જેમ સ્વભાવથી જ આજુબાજુ ગતિ કરવા માંડે છે. અને રોકાયેલી અગ્નિની જ્વાલા જેમ રોકાવટ દૂર થતાં જ સ્વભાવથી જ ઉપર જાય છે, કેમ કે પત્થરનો નીચે ગતિ કરવાનો સ્વભાવ છે, પવનનો સ્વભાવ આજુબાજુ ગતિ કરવાનો છે. અને અગ્નિની જ્વાલાનો ઉપર જવાનો સ્વભાવ છે. તેમ સંસારી જીવ કર્મના બંધનથી નીચેઃ ઉપર અને આજુબાજુ એમ ત્રણેય પ્રકારની ગતિ કરે છે. પરંતુ કર્મનું બંધન છુટયા પછી નીચે કે આજુબાજુ જવાનું આત્માને પ્રયોજન હોતું નથી. તેથી, સગ છુટવાથી સ્વભાવથી જ ઉંચે જ છેલ્લી ગતિ કરી લે છે. અથવા ઉંચે ગતિ થઇ જાય છે.

૩ બંધન તુટી જવાથી—દબાવી દબાવીને દોરીથી બાંધેલી વાંસના બે પડની પેડા. પ્રાચીનકાળમાં ચોરસ આકારની બનાવવામાં આવતી હશે. તેની તે દોરડી કાપી નાંખવાથી તેની ઉપરનો ભાગ એકદમ છટકીને જેમ ઉપર જાય છે. તથા એરંડીના ફળ પાકીને જ્યારે તેના ઉપરના પડ સુકાઈ જાય છે. ત્યારે તેમાંથી એરંડીના બીજ ઉંચે ઉડીને દૂર પડે છે. તેમ કર્મનું બંધન છુટવાથી તેમાંથી છટકેલો આત્મા ઉંચે ગતિ કરે છે.

૪ આત્મામાં તથાપ્રકારનો ગતિ પરિણામ હોવાથી—મુક્ત આત્મા ઉંચે જાય છે આત્માનો ઉંચે ગતિ કરવાનો સ્વભાવ છે; તેથી પૂર્વ પ્રયોગઃ અસંગઃ અને બંધ છેદાદિકઃ કારણોથી આત્મા ઉપર જ જાય છે. નીચે કે આજુબાજુ જતો નથી. એ ઉપરથી સાબિત થાય છે, કે—આત્માનો સ્વાભાવિક સ્વભાવ ઉંચે ગતિ કરવાનો જ છે. ઉંચે જ જવાનો તથાપ્રકારનો ગતિરૂપ પરિણામ છે. જો ઉંચે જવાનો જ સ્વાભાવિક ગતિ પરિણામ ન હોત, તો તે નીચે કે આજુબાજુમાં પણ ચાલ્યો જાત. પરંતુ તેમ કદી સિદ્ધના જીવો માટે બનતું જ નથી. એથી નક્કી થાય છે, કે—આત્માનો ઉંચે જ જવાનો સ્વાભાવિક સ્વભાવ છે. અને તેથી પણ તે ઉંચે જ જાય છે. નીચે કે આજુબાજુ ગતિ કરવી પડે છે, તેથી તે વૈભાવિક ગતિ સ્વભાવ છે. એ જ પ્રમાણે પરમાણુ—પુદ્ગલો પણ

નીચે ગતિ કરે છે, તે સ્વાભાવિક પરિણામથી અને ઉપર કે નીચે ગતિ કરે છે, તે જીવના કર્મના ઉદયના કારણે વૈભાવિક સ્વભાવ પરિણામથી કરે છે, એમ સમજવુ.

૫ સારી જમીનમાંઃ યોગ્ય ઋતુમાંઃ બીજ વાવ્યા પછી તેને પાણી તથા ખાતર પૂરા પાડવામાં આવે, અને તેમાંથી અંકુરાઃ ડાંડલાઃ પાનડાઃ ફૂલઃ અને ફળઃ આવવાને વખતે તેના દોહદ પણ યોગ્ય રીતે જો પૂરવામાં આવે, તો પૂરેપૂરી રીતે પોષણ પામેલું સરસ તુંબડું યોગ્ય વખતે ઉતરે છે. તે સૂકું લાવીને પાણીમાં ડુબાડીએ તો ડૂબશે નહીં. પાણીની અંદર પણ જતું નથી. માત્ર ઉપર રહીને જ તરે છે. કાણું પાડી પોલું કરવામાં આવેલું ન હોવાથી તેમા પવન ભરાયો ન હોવા છતાં તરે છે.

હવે તે તુંબડાને તોલદાર ભારે કાળી માટીથી લેપ કરીને સૂકવતા જઇએ, અને ઉપરાઉપર એવા આઠ લેપ કરીએ જેથી તુબડું એકદમ ભારે ભારે થઇ જશે પછી પાણીમા નાંખતા જ તે ડૂબી જઇ તળીએ જઇ બેસશે. પરંતુ ધીમે ધીમે માટી પાણીથી ભીંજાઇ, તેના લેપ જેમ જેમ ઉખડવા માંડશે, તેમ તેમ તુબડું હલકું થતું જશે, ઉપર આવવા પ્રયત્ન કરશે બધો લેપ ધોવાઇ જતા જ એકદમ તે ઉપર આવીને તરવા લાગે છે. તે એટલું બધું ઉપર આવી જાય છે, કે-માત્ર તેનું નીચેનું તળીયું જ [illegible] ઉપર હોય છે. બાકીનો બધો ભાગ ઉપર જ હોય છે. તે પ્રમાણે [illegible] ઉંચે જવાની [illegible]-યુક્ત ગતિ ધર્મવાળો હોવા છતાં આઠ કર્મરૂપ માટીના લેપથી [illegible] સંસારમાં ચારેય ગતિમા ડૂબેલો રહે છે અને સંસારનાં [illegible] અને આજુબાજુઃ ગતિ કરીને ચારેય ગતિના આવ-જાવ કરે [illegible] સમ્યગ્દર્શન વગેરે પાણીનો જોગ મળવાથી આઠ કર્મરૂપ [illegible] થઇ જાય છે કે-તુરત જ ઉંચે જવાનો સ્વભાવ હોવાથી [illegible] પ્રદેશની શ્રેણીપૂર્વક ઠેઠ ઉંચે લોકના અંત સુધી આત્મા [illegible] છે.

अ–विग्रहा जीवस्य । २–२८ । एक–समयोऽविग्रहः । [illegible] ।

આ રીતે તુબડાના ભારની માફક આત્મા [illegible] સંસારમાં ડૂબે છે. કર્મના સંગનો અભાવ થતા જ [illegible] કેમ કે પ્રયોગથી, નિમિત્તથી, [illegible] થઇ જાય છે. હવે, અહીં પ્રશ્ન એ થાય છે, કે "[illegible] ઉપર જવાની છે, તો લોકના અંત પછી [illegible] જતો નથી?" તેનુ કારણ એ છે, કે "[illegible] ઉપર જઇ શકતો નથી, [illegible] તુંબડું [illegible] ઉપર [illegible] આત્મા [illegible] [illegible]

પ્રકરણ ૭ મું:

મુક્તાત્માઓની સ્થિતિની વધુ સ્પષ્ટ સમજ:

क्षेत्र–काल–गति–लिङ्ग–तीर्थ–चारित्र–प्रत्येक–बुद्ध–बोधित–ज्ञाना–ऽवगाहना–ऽन्तर–सङ्ख्या–ऽल्प–बहुत्वतः साध्याः ॥ १०–७ ॥

(૧) ક્ષેત્ર (૪) લિંગ (૭) પ્રત્યેકબુદ્ધ–બોધિત (૧૦) અન્તર
(૨) કાળ (૫) તીર્થ (૮) જ્ઞાન (૧૧) સંખ્યા
(૩) ગતિ (૬) ચારિત્ર (૯) અવગાહના (૧૨) અલ્પબહુત્વ

એ બાર અનુયોગ દ્વારોથી સિદ્ધના જીવો ઉપર ઘટના કરીને બરાબર સમજવા પ્રયત્ન કરવો–અધિગમ કરવો. ૧૦–૭

[સા૦ બો૦] આ દ્વારો ભાષ્યને અનુસારે જ અહીં ઘટાવી બતાવ્યા છે. અહીં "સાધવું" એટલે, સમજવું: વિચારવું: વ્યાખ્યાન કરવું: અધિગમ કરવો: ઘટાવવું: વગેરે.

આ વિચારણા મુખ્ય પણે:–(૧) પૂર્વભાવ પ્રજ્ઞાપનીય: અને (૨) પ્રત્યુત્પન્ન ભાવ પ્રજ્ઞાપનીય: એ બે નયોની અપેક્ષાએ કરવામા આવશે.

(૧) પૂર્વભાવ પ્રજ્ઞાપનીય નય: એટલે વર્તમાન અવસ્થાની પહેલી આવશ્યક એવી નજીકની અવસ્થાને આધારે વસ્તુનું સ્વરૂપ સમજવું: કે સમજાવવું: આમા નૈગમ: સંગ્રહ: વ્યવહાર· એ ત્રણેય નયનો ઉપયોગ થાય છે.

(૧) પ્રત્યુત્પન્ન ભાવ પ્રજ્ઞાપનીય નય:–ચાલુ: વર્તમાન: તાત્કાલીન: સ્થિતિ–પરિસ્થિતિ: સમજવી: કે સમજાવવી: આમાં નૈગમ:સંગ્રહ: વ્યવહાર: ઋજુસૂત્ર: શબ્દ:

એને **એવંભૂત:** એ સાતેય નયનો ઉપયોગ થઇ શકે છે. એટલે કે પહેલા ત્રણ નયો પદાર્થના ત્રણેય કાળને સ્પર્શ કરે છે, તેથી પ્રથમની ભૂતાવસ્થા અને વર્તમાનાવસ્થા એ બન્નેય અવસ્થાઓનું વર્ણન કરવાનું પૂર્વભાવ પ્રજ્ઞાપનીયમાં થાય જ.

ઋજુસૂત્ર-શબ્દઃ સમભિરૂઢ અને એવંભૂત એ ચાર પર્યાયાર્થિક નયો માત્ર વર્તમાન અવસ્થાનેઃ અને તે પણ-પોતપોતાની અપેક્ષાએ સૂક્ષ્મ સૂક્ષ્મ રીતેઃ સ્પર્શ કરીને વર્ણન કરે છે.

આ રીતે જુદી જુદી રીતે વિચારણા થઇ શકે છે.

૧ ક્ષેત્રાનુયોગ:—

૧ **પ્રત્યુત્પન્ન૦** સિદ્ધશિલા ઉપર રહેલા એક યોજનના આકાશ પ્રદેશરૂપ ક્ષેત્રમાં જ સિદ્ધ થાય છે. સિદ્ધો રહે છે. બીજે કયાય રહેતા નથી.

૨ **પૂર્વ૦ (૧) જન્મની અપેક્ષાએ**—પંદર કર્મભૂમિમા જન્મેલા જ મોક્ષ પામે છે. (૨) **સંહરણથી**—અઢી દ્વીપરૂપ મનુષ્ય ક્ષેત્રમાથી કોઈ પણ ક્ષેત્રમાથી મોક્ષ પામે છે.

૧ **સંહરણ માત્ર—**પ્રમત્ત સંયમીઓનું અને દેશવિરતોનું જ થાય છે. **કોઇ આચાર્યને મતે**-અવિરત સમ્યગ્દૃષ્ટિઓનું પણ સંહરણ થાય છે.

૨ **સંહરણ ન જ થાય—**

૧ **શ્રમણી-સાધ્વીજી-૨ વેદરહિત-કેવળજ્ઞાની:** ૩ પરિહાર-વિશુદ્ધિ [illegible] ૪ પુલાક નિર્ગ્રન્થઃ ૫ અપ્રમત્ત મુનિઃ ૬ ચઉદ પૂર્વધરઃ અને ૭ [illegible] સાતનું સંહરણ ન જ થાય.

૨ કાળાનુયોગ:—

૧ **પ્રત્યુ૦** કોઇ ખાસ કાળ નથી. સિદ્ધસ્થાન યોગ્ય [illegible] જ્યારે જાય ત્યારે ગમે ત્યારે સિદ્ધ થાય છે.

૨ **પૂર્વ૦-૧ જન્મથી**-ઉત્સર્પિણી. અવસર્પિણી અને [illegible] કાળમા મોક્ષ પામે છે.

વિશેપતા-અવસર્પિણીમાં-ત્રીજા-સુષમ-દુષમ [illegible] હોય ત્યારે મોક્ષમાર્ગ શરૂ થાય છે [illegible] છે. ૪ થા આરાના જન્મેલો પાંચમા આરામાં [illegible] જન્મેલા મોક્ષમા જઈ શકતા નથી [illegible] ત્રીજાના અને છઠ્ઠાના મોક્ષ જવાનું જ નથી.

૨ **સંહરણથી**—[illegible]

૪. લિંગાનુયોગઃ—

(૧) પ્રત્યુત્પન્નઃ વેદરહિત જ મોક્ષ પામે.

(૨) પૂર્વ૦-૧ અનન્તર-પશ્ચાત્-કૃત-ગતિકઃ ૨. અને પરંપરા પશ્ચાત્-કૃત-ગતિકઃ એમ બન્નેય અપેક્ષાએ-ત્રણેય લિંગમાંથી મોક્ષ પામે. અથવા, બીજી રીતે-

દ્રવ્યલિંગેઃ—

(૧) દ્રવ્યલિંગની અપેક્ષાએ-૧ પ્રત્યુત્પન્ન૦ સિદ્ધ અલિંગ હોય.

(૨) પૂર્વભાવ૦-ભાવલિંગની અપેક્ષાએ સ્વલિંગમા મોક્ષમા જાય.

દ્રવ્યલિંગ ત્રણ પ્રકારે હોય છેઃ—

(૧) સ્વલિંગ-રજોહરણ-મુખવસ્ત્રિકા-ચોલપટ્ટાદિ.

(૨) અન્યલિંગ-જૈન સિવાયના બીજા દર્શનના સાધુનો વેષ વગેરે.

(૩) ગૃહીલિંગ-ગૃહસ્થાવસ્થામા ધારણ કરાતો વેષ.

પરંતુ, તેમાં કોઇવાર ત્રણમાંનું કોઈપણ લિંગ હોય, અથવા ન પણ હોય.

(૨) ભાવલિંગઃ-શ્રુતજ્ઞાનઃ ક્ષાયિક સમ્યકત્વઃ ચારિત્રઃ તેમાંનું કેટલુંક સાથે જાય છે. કેટલુંક સાથે ન જાય. સિદ્ધાંતોનું શ્રુત ત્યા નથી. ક્ષાયિક સમ્યકત્વ મોક્ષમાં છે. ચારિત્ર અપેક્ષાએ છે, અને નથી પણ. પૂર્વ ભાવલિંગની અપેક્ષાએ સર્વે સ્વલિંગથી-યથાયોગ્ય સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રથી મોક્ષમાં જાય છે.

યથાયોગ્ય એટલે-કેવળજ્ઞાનઃ ક્ષાયિક સમ્યકત્વ અને યથાખ્યાત ચારિત્ર.

૫. તીર્થાનુયોગઃ—

(૧) તીર્થંકરના તીર્થમાં-(૧) તીર્થંકરો મોક્ષે જાય છે. (૨) નોતીર્થંકરો-પ્રત્યેક બુદ્ધો મોક્ષે જાય છે. (૩) અતીર્થંકર સિદ્ધો-સાધુ આદિ મોક્ષે જાય છે.

(૨) તીર્થંકરીના તીર્થમાં-(૧) તીર્થંકરી મોક્ષે જાય છે. (૨) નો તીર્થંકર-પ્રત્યેક બુદ્ધ મોક્ષે જાય છે. (૩) મુનિઓ વગેરે-અતીર્થંકર મોક્ષે જાય છે.

[સિદ્ધ પ્રાભૃતમાં–કાંઈક જુદી રીતે વિકલ્પો છે. તત્ત્વ જ્ઞાનીગમ્ય છે.

(૧) તીર્થંકરના તીર્થમાં–(૧) તીર્થંકર સિદ્ધો (૨) નોતીર્થંકર સિદ્ધો. (૩) તીર્થસિદ્ધો.

(૨) તીર્થંકરીનાં તીર્થમાં–(૧) તીર્થસિદ્ધો અને તીર્થંકરી સિદ્ધો. (૨) નો–તીર્થસિદ્ધો. (૩) તીર્થસિદ્ધો અને તીર્થસિદ્ધાઓ મોક્ષે જાય છે]

૬. ચારિત્રાનુયોગ—

(૧) પ્રત્યુત્પન્ન૦ સિદ્ધ ચારિત્રી નથી. અચારિત્રી નથી.

(૨) પૂર્વભાવ૦ ૧ અનંતર–પશ્ચાત્–કૃતક–યથાખ્યાત–ચારિત્રી જ મોક્ષે જાય.

૨ પરંપરા–પશ્ચાત્–કૃતક—

(૧) અવ્યંજિતાવસ્થા–(૧) ત્રણ ચારિત્ર પશ્ચાત્–કૃત. (૨) ચાર ચારિત્ર પશ્ચાત્–કૃત. (૩) પાંચ ચારિત્ર પશ્ચાત્–કૃત.

(૨) વ્યંજિતાવસ્થા

૩ ચારિત્ર:
- ૧ સામાયિક, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત પશ્ચાત્–કૃત–મોક્ષમા જાય.
- ૨ છેદોપસ્થાપ્ય. સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત પશ્ચાત્–કૃત–મોક્ષમા જાય.

૪ ચારિત્ર:
- ૩ સામાયિક, છેદોપસ્થાપ્ય, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત પશ્ચાત્–કૃત–મોક્ષે જાય
- ૪ છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય યથાખ્યાત પશ્ચાત્–કૃત–મોક્ષે જાય.

૫ ચારિત્ર:
- ૫ સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત પશ્ચાત્–કૃત–મોક્ષે જાય

૭. પ્રત્યેક બુદ્ધ બોધિતાનુયોગ—

(૧) **શ્રી તીર્થંકર**–અરિહંત ભગવતરૂપે સિદ્ધ

(૨) **પ્રત્યેક બુદ્ધ**–જાતિસ્મરણાદિથી પોતાની [illegible]

(૩) **પરબોધક**–બીજાને ઉપદેશ આપીને [illegible] } [illegible]

(૪) **સ્વેષ્ટકારી**–બીજાને ઉપદેશ [illegible] }

૮ જ્ઞાનાનુયોગ—

(૧) પ્રત્યુત્પન્ન૦ સિદ્ધ કેવળજ્ઞાની [illegible]

(૨) પૂર્વભાવ૦ (૧) અનન્તર [illegible]

૧ નપુંસકલિંગે સિદ્ધો—સર્વથી થોડા છે.
૨ સ્ત્રીલિંગે સિદ્ધો—તેથી સંખ્યાતગુણ.
૩ પુંલિંગે સિદ્ધો—તેથી સંખ્યાતગુણ.

(૫) તીર્થાલ્પબહુત્વ—

(૧) તીર્થંકરોના તીર્થમાં—

૧ તીર્થંકર સિદ્ધો—સર્વથી થોડા.
૨ નો તીર્થંકર સિદ્ધ—સંખ્યાતગુણ.
૩ નપુંસકો—તેથી સંખ્યાતગુણ
૪ સ્ત્રીલિંગી—તેથી સંખ્યાતગુણ.
૫ પુંલિંગી—તેથી સંખ્યાતગુણ.

(૨) તીર્થંકરીના તીર્થમાં ઘટાવેલ નથી. પરંતુ લગભગ એમજ હશે. ગુરુગમથી જાણવું.

(૭) ચારિત્રાલ્પબહુત્વ—

(૧) પ્રત્યુત્પન્ન૦ સિદ્ધો નોચારિત્રી નોઅચારિત્રી હોય, તેથી અલ્પબહુત્વ નથી.
(૨) પૂર્વભાવ૦ (૧) અવ્યંજિતમાં—(૧) પાચ ચારિત્રે સિદ્ધો. સર્વથી થોડા હોય.
(૨) ચાર ચારિત્રે સિદ્ધો—તેથી સંખ્યાતગુણ હોય.
(૩) ત્રણ ચારિત્રે સિદ્ધો—તેથી સંખ્યાતગુણા હોય છે.

(૨) વ્યંજિતમાં ૧ સા૦ ૨ છેદો૦ ૩ પરિહાર૦ ૪ સૂક્ષ્મ૦ ૫ યથાખ્યાત૦ ચારિત્ર પામીને મોક્ષે ગયેલા સર્વથી થોડા હોય.

૨	છેદો૦	પરિ૦	સૂક્ષ્મ૦	યથા૦	તેથી	સંખ્યાતગુણ.
૩	સામા૦	છેદો૦	સૂક્ષ્મ૦	યથા૦	તેથી	સંખ્યાતગુણ.
૪	સામા૦	પરિ૦	સૂક્ષ્મ૦	યથા૦	તેથી	સંખ્યાતગુણ.
૫	સામા૦	સૂક્ષ્મ૦	યથાખ્યાત૦		તેથી	સંખ્યાતગુણ.
૬	છેદો૦	સૂક્ષ્મ૦	યથાખ્યાત૦		તેથી	સંખ્યાતગુણ.

(૭) પ્રત્યેક બુદ્ધબોધિત અલ્પબહુત્વ—

(૧) પ્રત્યેકબુદ્ધ-સિદ્ધો-સર્વથી થોડા.

(૨) બુદ્ધ બોધિત સિદ્ધો-(૧) નપુંસકથી-સંખ્યાતગુણા.

(૨) સ્ત્રીઓ-તેથી સંખ્યાતગુણા.

(૩) પુરુષો-તેથી સંખ્યાતગુણા.

(૮) જ્ઞાનાલ્પબહુત્વ—

(૧) પ્રત્યુત્પન્ન૦ સર્વ સિદ્ધો કેવળજ્ઞાની હોય છે. તેથી અલ્પબહુત્વ નથી.

(૨) પૂર્વભાવ૦ (૧) અવ્યંજિતમાં (૧) બે જ્ઞાનસિદ્ધ-સર્વથી થોડા.

(૨) ચાર જ્ઞાનસિદ્ધ-તેથી સંખ્યાતગુણા.

(૩) ત્રણ જ્ઞાનસિદ્ધ-તેથી સંખ્યાતગુણા.

(૨) વ્યંજિતમાં૦ (૧) મતિ-શ્રુત-જ્ઞાન-સિદ્ધ-સર્વથી થોડા.

(૨) મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાવસિદ્ધ-તેથી સંખ્યાતગુણા.

(૩) મતિશ્રુતાવધિ જ્ઞાનસિદ્ધ-તેથી સંખ્યાતગુણા.

(૯) અવગાહનાલ્પબહુત્વ—

૧ જઘન્યાવગાહના સિદ્ધો-સર્વથી થોડા.

૨ ઉત્કૃષ્ટાવગાહના સિદ્ધો-તેથી અસંખ્યાતગુણા.

૩ યવ મધ્યમ સિદ્ધો-તેથી સંખ્યાતગુણા.

૪ યવ મધ્યમની ઉપરના સિદ્ધો-તેથી અસંખ્યાતગુણા

૫ યવમધ્યની નીચેના સિદ્ધો-તેથી વિશેષાધિક

૬ સર્વ સિદ્ધા-તેથી વિશેષાધિક

યવ-જવ.—

અહીં, [illegible] અવગાહનાના [illegible]

ઉત્કૃષ્ટ અવગાહનાની ઠેઠ ઓછી [illegible]

અને તેથી ઓછી [illegible]

અને જઘન્ય અવગાહનાથી [illegible]

યવનો નીચેનો ભાગ [illegible]

(૧૦) અન્તરાલ્પબહુત્વ—

(૧) [illegible]—

[illegible]

તેમ આ **મહાસત્** પણ સચેતન અને અચેતન પદાર્થરૂપ છે. દ્રવ્ય અને પર્યાયરૂપ છે. એટલે કે-દ્રવ્યરૂપે સ્થાયિઃ ધ્રુવઃ નિત્યઃ છે, ઉત્પાદ-વ્યય-પર્યાયરૂપે અધ્રુવઃ અસ્થિરઃ અનિત્યઃ છેઃ માયારૂપ છે. એટલે કે- ક્ષણે ક્ષણે ઉત્પન્ન-વિનષ્ટ થતા પર્યાયો એ દ્રવ્યનો પ્રપંચ છે-વિસ્તાર છે. માયા છે. પરમબ્રહ્મમા પણ છેવટે-જ્ઞાનાજ્ઞાનના વિકલ્પો રહેતા નથી. તે પ્રમાણે-**મહાસત્**માં પણ દ્રવ્યોના સચેતન-અચેતન વગેરે અન્તર્ગત વિકલ્પોને પ્રધાન-સ્થાન નથી હોતું. તે સર્વ સર્વના અનંત ઉત્પાદો અને વ્યયોના સમાઈ જાય છે કારણ કે-"**સત્**"ની વિચારણા વખતે માત્ર ઉત્પાદઃ વ્યયઃ અને ધ્રૌવ્ય ની જ વિચારણાને મુખ્ય સ્થાન રહે છે. બીજા બધા ગુણોઃ પર્યાયોઃ દ્રવ્ય તરીકેના ભેદોઃ વગેરેની વિચારણાઃ ચર્ચાઃ ગૌણ પડી જાય છે

તેથી આગળ વધી, ત્રણેયની અભેદ વિવક્ષાથી માત્ર સત્‌માં જ વિચારણા-સામાન્યતાની અર્પણા કેન્દ્રિત કરવાની અપેક્ષાનો આશ્રય કરીએ, ત્યારે ઉત્પાદાદિ ત્રણેયની વિચારણા પણ તિરોહિત થઇ જાય છે કેવળ-સત एकमेवा-ऽ-द्वितीयम् "એક જ છે, બીજું કંઈ નથી." એમ રહે છે. અને તે અચિંત્ય અગમ્યઃ અદ્વિતીયઃ [illegible] છે. **વેદાંત દર્શન** પણ બ્રહ્મને કેવળ ચૈતન્યમયઃ માની શકતુ નથી જો તેમ માને, તો સંસારઃ અજ્ઞાનઃ મિથ્યાભાનઃ પાપઃ વગેરે ઘટી શકે નહીં તે સર્વ ક્યાંથી [illegible]? "જો કે-અધ્યાત્મજ્ઞાનીના આત્મજ્ઞાનમય સ્વરૂપસ્થિતિના ભાગના તે સર્વે [illegible] નહીં." **તેથી તે અપેક્ષાએ તે સર્વને માયારૂપ** કહેવામાં વાંધો નથી.

બાળકની ધૂળના ઘરોની રમત મોટા માણસની દૃષ્ટિના [illegible] નકામી નથી એમ ભાસતી હોય છે તત્ત્વજ્ઞાનીની દૃષ્ટિના તે [illegible] છે. પરંતુ જરા પણ તેને તે ઉપયોગી નથી, તે પ્રમાણે [illegible] સ્વરૂપે છે, પણ જ્ઞાનીની દૃષ્ટિમાં પોતાના ખપમાં ન આવતા [illegible] મમતા કે રાગાદિક ન હોવાથી નિરુપયોગી હોવાથી, "[illegible]" [illegible] છે. વસ્તુ સ્વરૂપે છે. માયારૂપ છે. એટલે કે જ્ઞાનીની દૃષ્ટિના [illegible] રૂપ-માયારૂપ છે. માટે "નથી." એમ અપેક્ષાવિશેષે કહી [illegible] છે.

તે મહાસતને "એક" કહેવું? કે "અનેક"? [illegible] કેમકે-એકતા-અનેકતા પણ વિકલ્પો છે [illegible] [illegible] દર્શનના તત્ત્વજ્ઞાન [illegible] પોતાનું તત્ત્વજ્ઞાન [illegible] એકાન્તથી એક બનતું નથી કેમકે-[illegible] ઉપેક્ષા કરે છે. માટે તે પૂર્ણ સત્ય નથી. [illegible] [illegible] અપેક્ષાએ એ વાત કહે છે [illegible] છે એટલે [illegible] પડે છે [illegible] [illegible]

૧. [illegible]

[illegible]

૬. પ્રત્યેક [illegible]
ભવ્યતા [illegible]
અને જુદો જુદો હોય છે.

૭. પ્રત્યેક આત્મ[illegible] વીર્ય, અનંત ચારિત્ર વગેરે વગેરે [illegible] ગુણો છે પરંતુ તે [illegible] જ્ઞાનાવરણીય કર્મો વગેરે તેને [illegible] કહેવાય છે.

૮. પરિવર્તનશીલ પ્રત્યેક આત્મા [illegible] પર્યાયોરૂપે ફરે છે. અનાદિકાળથી પ્રત્યેક [illegible] ભવિષ્યમાં પામવાના હોય છે.

૯. આ આત્મદ્રવ્યો કદી ઉત્પન્ન થતા નથી. તેમાંથી એક પણ કદી ઘટનાર નથી. કદી એક પણ નવો આવીને ભળનાર નથી. કોઈએ તેને ઉત્પન્ન કર્યો નથી. કોઈ તેનો નાશ કરી શકશે નહીં, અનાદિકાળના છે, છે, ને છે. હતા, હતા ને હતા. હશે, હશે ને હશે જ. તેની જુદી જુદી અવસ્થાઓ બની બનાવ્યા કરે. પરંતુ મૂળ વસ્તુ કદી નાશ પામનાર નથી માટે આત્મા પણ પરિણામી નિત્ય દ્રવ્ય છે. જેમ સોનું ગમે તેટલા ઘાટરૂપે પરિણામો પામે, પરંતુ તે સોનારૂપે નષ્ટ થતું નથી.

૧૦. આત્માઓ **ગતિશીલ** છે. ચૌદરાજ લોકમાં ગમે ત્યાં જાવ-આવ કરી શકે છે.

૧૧. આત્માઓ **સ્થિતિશીલ** છે. લોકમાં કોઈ પણ ઠેકાણે ગમે ત્યાં અમુક કાળ કે સદા સ્થિર પણ રહી શકે છે.

૧૨ એક આત્મા લોકાકાશ જેટલા આત્મપ્રદેશો ધરાવવા છતાં :કોઈ પણ સ્થળમાં માત્ર અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી આકાશપ્રદેશની અવગાહનામાં પણ સમાઈને રહી શકે છે. એટલું જ નહીં, પરંતુ તેટલા જ અવકાશમાં અનંત પણ સમાઈને એકી-સાથે રહી શકે છે તેવી તેની અવગાહ્ય શક્તિ છે.

૧૩. તે **અરૂપી** છે. એટલે કે રૂપ-રંગઃ ગંધઃ રસઃ સ્પર્શઃ રહિત છે. છતાં, શરીરના સૂક્ષ્મ અને સ્થૂલ એમ બન્નેય પ્રકારના સ્વરૂપો આત્મા ધારણ કરી શકે છે.

૧૪ કારણતાઃ કર્તૃત્વતાઃ કાર્યતાઃ અધિકરણતાઃ આધેયતાઃ પરોપકારકતાઃ પરોપકાર્યતાઃ નિસર્ગ વિકાસયોગ્યતાઃ નિમિત્તથી અધિગમથી-વિકાસયોગ્યતાઃ તિરોહિત પર્યાયધારકતાઃ આવિર્ભૂત પર્યાયધારકતાઃ સ્વભાવધારકતાઃ વિભાવધારકતાઃ વગેરે અનંત સ્વભાવો આત્માઓ ધરાવે છે પ્રમાણઃ પ્રમેયઃ પ્રમાતાઃ, જ્ઞાનઃ જ્ઞેયઃ જ્ઞાતાઃ, દૃશ્યઃ દર્શનઃ દૃષ્ટાઃ ધ્યાનઃ ધ્યેયઃ ધ્યાતાઃ વગેરે સ્વરૂપોમય આત્મા છે. ભાષા-શબ્દની ઉત્પત્તિનું કારણ ને શબ્દવાચ્યઃ પણ આત્મા છે.

૧૫ અનંત જ્ઞાનઃ દર્શનઃ ચારિત્રઃ સુખઃ વીર્યઃ અરૂપિતાઃ વગેરે ગુણોમા નિમિત્ત-યોગે ઘટવધ થવાપણાના સ્વભાવોયે આત્મા ધરાવે છે. ઇત્યાદિ.

૧૬ આવા સ્વરૂપના આત્મા વિના સંસારઃ મોક્ષઃ અને સંસારમાં દશ્યમાન થતી ઘટનાઓઃ મોક્ષાવસ્થામા ઘટતી ઘટનાઓ વગેરે ઘટી શકે નહીં.

૩ સાંસારિક આત્માનું સ્વરૂપઃ

૧ પ્રત્યેક આત્મદ્રવ્યમા **સંસાર યોગ્યતા સ્વભાવઃ** હોવાથી, જેને તે સ્વભાવ પ્રગટ હોય, તેને સંસાર અવસ્થામા ટકવુંઃ અને પસાર થવું જ પડે છે.

૨ તે યોગ્યતા કોઇની **ભવ્યતાયુક્તઃ** ને કોઇની **અભવ્યતાયુક્તઃ** હોય છે.

૩ એ જ પ્રમાણે–**મોક્ષ યોગ્યતાઃ** સ્વભાવ પણ અંશથીઃ ને સર્વથીઃ આત્માઓમાં હોય છે. તેથી તેઓ અંશથી કે સર્વથી સાંસારિક દોષોથી મુક્ત થઇ શકે છે.

(૧) અભવ્યો બહુ થોડા અંશથી દોષમુક્ત થઇ **નવ ગ્રૈવેયક** સુધી જઇ શકે છે.

(૨) આસન્ન ભવ્યો [अ] થોડા થોડા દોષોથી મુક્ત થતા થતા [illegible] લાયક–વ્યક્તિઓ તરીકે મનાઇ-પૂજાઇ, છેવટે મહાપૂજ્યના [illegible] જઇ શકે છે. અને [आ] સર્વથા દોષોથી મુક્ત થઇ સિદ્ધિસ્થાનમા જઇ શકે છે.

(૩) દૂરભવ્યો લાંબે વખતે એ પ્રમાણેની પરિસ્થિતિઓ [illegible] છે

(૪) જાતિ ભવ્યોને સર્વથા દોષમુક્ત થવાની [illegible].

૪ **સંસાર યોગ્યતાઃ**—અનાદિકાળથી પ્રગટ હોય છે. [illegible] પ્રગટ થયા પછી અનંતકાળ સુધી ટકી રહે છે. [illegible] ત્માઓ અભવ્યતાયુક્ત બની અપરિવર્તનશીલ બની જાય છે.

“**સંસાર યોગ્યતાઃ** પ્રથમ અપ્રગટ હોય. [illegible] થાય, અને પાછી પ્રગટ થાય.” એમ બનતું જ નથી, [illegible] દ્રવ્યમાં હોતા નથી.

૫ **સંસાર યોગ્યતા સ્વભાવઃ** અનાદિકાળથી [illegible] તે અપ્રગટ થાય છે, તેને [illegible] વસ્તુનો કાંઇ અર્થ રહેતો નથી. [illegible]

૬ **સંસાર યોગ્યતા સ્વભાવનું** [illegible] મોટાના મોટું [illegible] હોવાથી [illegible] તે બગાડી [illegible] આત્મદયા છે. [illegible] [illegible]

૧૮ એ રીતે [illegible] ભેદોરૂપે, ૧૨૨ કર્મોના [illegible] ગ્રહણ કરી, તેને [illegible] વાનસ્પત્યઃ અને તેમ જીવોના શરીરરૂપે [illegible] વ્યક્ત સ્વરૂપ ધારણ કરે છે તેમના [illegible] શરીર તદ્દન જડ રૂપે પણ જોવામાં આવે છે અને [illegible] પ્રવૃત્તિ કરતા હોય છે. શરીરરૂપે [illegible] પુદ્ગલ સ્કંધો પણ વ્યક્ત અને અવ્યક્તરૂપે [illegible] વર્ગણાઓમાં થાય છે.

૧૯ એ રીતે, વિશાળ વિશ્વ-સૃષ્ટિ માલૂમ પડે છે. [illegible] પહાડોઃ વનસ્પતિથી [illegible] જ્યોતિષ્કઃ [illegible] કપડાંલતાઃ કાગળઃ પેનઃ કબાટ [illegible] પદાર્થો. વગેરે અનંત ચીજો આપણી નજરે ચડે છે. તેનાં કરતાં અસંખ્ય કે અનંતગુણી અનંત વસ્તુઓ નજરની બહાર રહેતી હોય છે.

આમ અનંત આત્માઓની સંસાર [ક્રીડા] યોગ્યતામાંથી ઇન્દ્રિયગોચર થતા એવાં અનંત પદાર્થોની વિવિધ પ્રકારની નિર્જીવ સૃષ્ટિ પણ અસ્તિત્વ ધરાવતી આપણી નજરે સદા ખડી થયા કરે છે.

૨૧ કપાસના છોડમાંથી રૂઃ સુતરઃ ને કપડાંઃ થાય છે. ચીંથરા કે જુના કાગળમાંથી કાગળ, ને તેમાંથી ચોપડીઓઃ, તેનાથી મળેલા જ્ઞાનમાંથી કારખાનાઃ, કારખાનામાંથી બીજી ઘણી ચીજોઃ ઉત્પન્ન થાય છે. તેજાબોઃ વૈજ્ઞાનિક શસ્ત્રોઃ અને રસાયણોઃ પણ તેમાંથી ઉત્પન્ન થાય છે. જો કપાસીયામા રહેલા જીવે જમીનના કસમાથી પોતાને ફાવતા રસકસ ચૂસીને પોતાને માફક આવે તેમ પરિણમાવીને કપાસના છોડરૂપે પોતાનું શરીર ન બાંધ્યું હોય, તો રૂ-કપડાનું અસ્તિત્વ શી રીતે સંભવે ?

૨૨ આ વાત બરાબર સમજી રાખવી, કે ઇન્દ્રિયગોચર થતી પુદ્ગલપરમાણુઓના સમૂહની સૃષ્ટિ આત્માએ પુદ્ગલો ગ્રહણ કરી પરિણમાવ્યા વિના જાહેરમાં બહાર આવતી નથી કોઇપણ પ્રકારનું સ્વરૂપ પામી ઇન્દ્રિયોને ગોચર થઇ શકતી નથી.

૨૩ એ સર્વનું મૂળ આત્માનો **સંસારયોગ્યતા સ્વભાવઃ** છે. તે તે પદાર્થરૂપે પરિણામ પામવાની આત્માના સંસાર-યોગ્યતા સ્વભાવમાં તે તે પ્રકારની તથાભવ્યતાઓ હોય છે. તેને લીધે તે તે આત્માઓ કર્મો દ્વારા તે તે સ્વરૂપો પામતા હોય છે.

૪. મોક્ષયોગ્યતા સ્વભાવઃ અને તેનો વિકાસક્રમઃ

૧. **મોક્ષયોગ્યતા સ્વભાવને** લીધે જે ભવ્ય આત્માઓ **આસન્ન**ભવ્યતાવાળા હોય છે. તેઓની તથા-ભવ્યતા બે જાતની હોય છે,

(૧) સ્વાભાવિક રીતે-**નિસર્ગથી**-વિકાસ પામતી પામતી અપુનર્બંધક ભાવઃ માર્ગાનુસારિતાઃ માર્ગપતિતતાઃ સમ્યગ્દર્શનઃ દેશવિરતિઃ સર્વવિરતિઃ અપ્રમત્તભાવઃ શ્રેણિ-પ્રતિપન્નતાઃ સયોગીઃ અયોગીઃ અવસ્થા વગેરે અંતર્મુહૂર્તમાં કે તેથી વધારે વખતમાં પ્રાપ્ત કરીને મોક્ષે પહોંચી જાય છે. ને મોક્ષયોગ્યતા સ્વભાવ સંપૂર્ણપણે પ્રગટ થઇ જાય છે.

(૨) પરંતુ જે આત્માઓની તથા-ભવ્યતા બાહ્ય નિમિત્તોને લીધે વિકાસ પામી શકે-**અધિગમથી** વિકાસ પામી શકે તેવી-પરિપાક પામે તેવી હોય છે, તેઓ જુદા જુદા નિમિત્તોની સહાયથી મોક્ષાનુકૂળ સ્વાત્મવિકાસ નાના-મોટા દોષોથી નાના-મોટા મોક્ષ કરતાં કરતાં ઉપરના ક્રમે પરમમોક્ષ સુધી પહોંચી જાય છે.

૨. મોક્ષાભિલાષી આત્માનું મન-આત્મભાવ-આત્મજ્ઞાનના વિચાર તરફ વળે છે, અને જેમ જેમ મોક્ષમાં સહાયક બાહ્યપદાર્થોની વાત સાંભળીને, જોઇને કે સ્વતઃ તેના હૃદયમાં તેના તરફ આકર્ષણ થાય છે, તેમ તેમ તે પદાર્થો તેને વધારે ને વધારે સંસ્કારી બનાવે છે, ને આ જાતનો તે આત્મા ઉપર ઉપકાર કરે છે—

ज्ञान–विचारा–ऽभिमुख्यं यथा यथा भवति [illegible]
अर्थैः प्रलोभ्य बाह्यैरनुगृह्णीयात्तथा चेतः ॥ ७–२ ॥ [षो० प्र०]

સુંદર જિનપ્રતિમાઃ ઉત્તમ અક્ષરો-શબ્દો અને વાક્યો [illegible] ગુરુનો પરિચયઃ વગેરે ઉત્તમ આલંબનો છે.

अभिरूप–जिन–प्रतिमा विशिष्ट–पद–वर्ण–[illegible] ।
पुरुष–विशेषा–ऽऽदिकमप्यत एवाऽऽलम्बनं [illegible] ॥ ७–१८ ॥ [illegible]

ભાવાર્થ ઉપર આવી જાય છે.

ઉત્તમ આલંબનોથી ઉત્તમભાવ ઉત્પન્ન થાય છે. [illegible]

आलम्बनैः प्रशस्तैः प्रायो भावः प्रशस्त एव [illegible] ॥ ७–१८ ॥ [illegible]

૩. એટલા જ માટે-જ્યારે મોહરાજાએ [illegible] ચારેય તરફ અનાદિકાળથી પાથરેલી જાળી [illegible] માટે ધર્મરાજાએ વિશ્વવત્સલ મહાપુરુષોના ઉપદેશને [illegible] અનેક પ્રકારની સામગ્રી પાથરી દીધી છે [illegible] શ્રવણથી ગુરુમહારાજાઓના ઉપદેશ [illegible] આલંબનો જોવા મળે છે [illegible] યોગ મળે છે. પરંતુ પ્રાયશ્ચિત કરાતા [illegible] અત્યાર સુધી [illegible] છે [illegible]

મોક્ષ થાય છે

૯ તેનો [illegible] ને તેની [illegible]
નીમાં વિસ્તારથી નક્કી છે

(૧) ધર્મ વિષે [illegible]

(૨) પૂછવાની ઇચ્છા થાય છે

(૩) પૂછવા માટે ગુરુની પાસે જવાની [illegible] થાય છે.

(૪) જઇને પૂછે છે.

(૫) ધર્મ કરે. સેવા-[illegible] કરે. ને તે તેને ગમે. માર્ગાનુસારી થાય છે.

(૬) સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની તૈયારી.

(૭) સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે.

(૮) સમ્યગ્દર્શન પામીને [illegible] પછી પણ ગયો હોય, મિથ્યાત્વ તથા નિર્ગુણાદિક પણું પામી પડી જાય, પણ તે પાછો ચડે જ.

(૯) દેશવિરતિધર થાય.

(૧૦) અનંતાનુબંધિ કષાયોની વિસંયોજના કરે.

(૧૧) સર્વ દર્શનમોહનીય કર્મનો ક્ષય કરે.

(૧૨) ચારિત્રમોહનીય કર્મનો ઉપશમ કરનાર થાય.

(૧૩) ઉપશાંત-ચારિત્ર-મોહી થાય.

(૧૪) ચારિત્ર મોહનીયકર્મનો ક્ષય કરનાર થાય.

(૧૫) ક્ષીણમોહી થાય.

(૧૬) સયોગી કેવળજ્ઞાની થાય.

(૧૭) અયોગી કેવળજ્ઞાની, શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરે.

(૧૮) તે સર્વથા મુક્ત થાય.

૧૦ આ રીતે, તથાભવ્યતાના પરિપાક મુજબ કુદરતી રીતે કે નિમિત્તોથી થયા જ કરે, આમ થવું, તે પણ આત્માની કુદરતી સ્થિતિ હોય છે.

૧૧ જગત્માં આ જાતના જીવો મળે છે, તે જગત્ની કુદરતી સ્થિતિને લીધે જ મળે છે. તેમાં કોઇની બનાવટ નથી હોતી. પરલોકની સાધના કરનારા સાચા આત્માર્થી જીવો કોઇ દંભીઃ કે બનાવટી નથી હોતા. આ જાતના માનવો જગતમાં હોવા, એ પણ વિશ્વ-વ્યવસ્થાના નિયમોને આધારે હોય છે. માટે તેવા જીવો મળી શકે છે. તે આત્મા હોવાની સાબિતી છે. મોક્ષ હોવાનીઃ મોક્ષમાર્ગ હોવાનીઃ અને ધર્મની અનિવાર્ય આવશ્યકતાની સાબિતી છે.

૧૨ શરૂઆતમાં દેવપૂજાઃ ગુરુભક્તિઃ દાનઃ વડીલોની સેવાઃ તથા બીજી પણ ઉચિત પ્રવૃત્તિઓ તેને કરવાની હોય છે.

૧૩ પોતાની યોગ્ય સમજથી જે આત્મા વિશિષ્ટ પ્રકારના દેવઃ ગુરુઃ ધર્મઃનો આશ્રય ન કરી શકતા હોય, કે ન કરી શકયા હોય, તેવા જીવો અધ્યાત્મ તરફ પ્રેરણા આપનાર કોઇપણ કે સર્વ દેવ–ગુરુની પૂજા-ભક્તિ કરે. કોઈપણ ધર્મનો–ધર્મસંસ્થાનો–શાસનનો આશ્રય કરે. તે તેને માટે લાભકારક છે, કેમકે–દેવ, ગુરુ અને ધર્મ તરફ વળવાથી કોઇક વખતે પણ તેને મોક્ષમાં ખાસ પ્રેરક–પ્રવર નિમિત્તરૂપ ઉંચા પ્રકારના દેવ–ગુરુ–ધર્મની પ્રાપ્તિ થવાની ઘણી શકયતા છે. લીટા કાઢીને પણ એકડો ઘુંટનાર કયારેક પણ આખો એકડો કાઢી શકશે. પરંતુ હાથમાં પાટી જ ન લે, તે કયારે એકડો લખી શકવાનો છે?

"પ્રભુએ પોતાના શાસનની જવાબદારી અને જોખમદારી પોતાના ત્યાગી સંતાનોને મુખ્યપણે સોપેલી છે. કેમ કે તેઓને જ પરંપરાગત સાધક–બાધક દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળ અને ભાવોઃનો સૂક્ષ્મ ખ્યાલ આવી શકતો હોય છે. તેથી તથાપ્રકારના પાત્ર ગૃહસ્થોનો પણ તેમાં સહકાર આવકારદાયક જરૂર છે. પરંતુ ધર્મશાસનની લગામમાંથી અમુક ભાગ પણ હાથમાં ન રાખતાં, સમગ્ર લગામ શ્રાવક ગૃહસ્થોના હાથમાં સોંપી દેવામાં ઘણુ જ જોખમ છે. આ મારો વિચાર આપના ખ્યાલમાં મૂકયા વિના આ પ્રસંગે મારાથી રહી શકાતું નથી. કારણ કે શ્રાવકો ગૃહસ્થો હોવાથી કુટુંબઃ કાયાઃ કંચનઃ અને કામિનીઃથી સર્વથા નિરપેક્ષ રહી શકતા નથી. તેથી તે અપેક્ષાથી ઘેરાયેલા તેઓ શાસન ઉપર આવી પડતા હુમલા અથવા તેને હરકત કરનારા કાયદા–કાનુનોનો ન્યાયી પ્રતિકાર પણ કરી શકે નહીં. કુટુંબ વગેરે પોતાની મમતાના મુખ્ય સ્થાનો ઉપરના આક્રમણો દરેક સહન કરી શકે નહી. તેથી ભયઃ દાક્ષિણ્યતાઃ અજ્ઞાનઃ લાલચઃ વગેરે કારણોથી નમતું જોખી શાસનની અમુલ્ય ચીજો ગુમાવાઇ જાય, ને તેના બદલામાં સુખ–સગવડો મૂલવી લઈ રાજી થાય. જેથી પરમાત્માના શાસનને કેટલો ધક્કો લાગે ? તેની એક કણીને પણ ધક્કો પહોંચાડવામાં પરદેશીઓને કરોડોનો ફાયદો થાય તેમ હોય છે. અને એ રીતે ત્યાગીઓને દૂર રાખી ગૃહસ્થોને ધાર્મિક ક્ષેત્રોમાં પણ મુખ્ય સ્થાન આપતા આવ્યા છે. તેના આવાજ અગમ્ય કારણો છે.

"મુનિઓને કોઈપણ દુન્યવી પ્રપંચમા પડવાનું નથી હોતું." એ સાચું છે, પણ શ્રી જૈનશાસનના પાંચ આચારોઃ તેના વિવિધ અનુષ્ઠાનોને લગતાં સંખ્યાબંધ ધાર્મિક વિધિઓ. અને તે દરેક વિધિઓમાં ઉપયોગી જિનમંદિરઃ રજોહરણઃ પાત્રઃ ધર્મશાસ્ત્રના પુસ્તકોઃ અનેક પ્રકારના બાહ્ય ઉપકરણોઃ અને સાધનોરૂપ દ્રવ્યોઃ ક્ષેત્રોઃ પર્વો ને કલ્યાણ-

જો કે સર્વ જીવોની રક્ષાને જૈનશાસનમાં સ્થાન છે, તો પણ વધુ શક્તિવાળા મનુષ્યો અને પંચેન્દ્રિયાદિક જીવોની રક્ષાને મુખ્ય સ્થાન છે. તેથી ઉતરતું સ્થાન ઉતરતી શક્તિવાળા જીવોને છે. તેમાં-ઉતરતી કક્ષાના જીવોમાં અનંત જીવોની હિંસા થતી હોવાથી અનંતકાયના જીવો અપવાદભૂત છે. ત્યાં વધુ શક્તિવાળાને સમર્પિત દ્રવ્યાદિક ઉતરતી શક્તિવાળામાં જઈ શકે. ઉતરતી શક્તિવાળાના દ્રવ્યાદિક વધુ શક્તિવાળાના ઉપયોગમાં ન લેવાય. આ રીતે અનુકંપા ક્ષેત્રના-ખિસ્સામાં-ખાતાઓમાં ઉતરતો ક્રમ છે. આ સંક્ષેપમાં ખ્યાલ આપ્યો છે.

જ્યારે આજે **માનવતાને** આગળ કરીને અન્ય જીવોની રક્ષાના દ્રવ્યોઃ માનવોની રક્ષા માટે ખેંચી જવામાં આવે છે, તે જૈનશાસ્ત્રને આધારે પ્રચલિત માન્યતાથી વિરુદ્ધ જાય છે. તે આપણે મુનિઓએ ધ્યાનમાં રાખવાનો અને અન્ય તથાપ્રકારની વ્યક્તિઓના ધ્યાનમાં મૂકવાનો પ્રસંગ આવી ગયો છે. નહીંતર તુચ્છ દ્રવ્યો માનવોના ખાનપાનમાં આવવાથી તેઓના ખમીર નીચી કક્ષાએ ચાલ્યા જવાથી ધર્મ તો શું પણ નીતિને લાયકની પણ લાયકાત ટકી શકશે નહીં. તો પછી શ્રેષ્ઠ આર્યપ્રજાજન તરીકેનું ખમીર તો ટકાવી જ શી રીતે શકશે? અને પછી, જૈન તરીકે વિશ્વના અગ્રેસર નેતા તરીકેનું ખમીર શી રીતે ટકાવી શકશે? કુતરાને માટેનો રોટલો મેમાનને ખવડાવાય? વ્યવહાર પણ શું કહે છે? મનુષ્ય જેવાં મનુષ્યને ખવડાવવો, એ શું તેના હિતમાં હોઈ શકે? ન જ હોઈ શકે. તે રીતે તે ખાય, તે પણ તેની લાયકાત માટે યોગ્ય ગણાય? વગેરે વગેરે ઘણા દાખલા છે. મહાપુરુષોએ અહિંસક સંસ્કૃતિનું સર્જન કરીને તેનું રક્ષણ સર્વ પ્રકારે કરેલું છે તેથી "જૈન ધર્મે માત્ર નાના જંતુઓની દયા ઉપદેશી છે. માનવ દયા તરફ દુર્લક્ષ કર્યું છે." એ સોએ સો ટકા અજ્ઞાનથી ભરેલી વાતો અને ખ્યાલો છે.

સંસ્કૃતિથી ચ્યૂત કરવાથીઃ નાણાં ખેંચી જવાથીઃ ને ધંધારહિત કરવાથીઃ ભારતના માનવો દુઃખમા આવી પડે છે. તેને દયા-દાન અને અનુકંપા તથા ઓશીયાળા જીવો માટેના નાણા ખવડાવવાથી તેનું હિત નથી. પણ અત્યન્ત અહિત છે. તેનું સાચુ હિત અન્ય રીતે નાણા ખેચી ન જતા, ધંધા ન તોડતાં સંસ્કૃતિની છત્રછાયા નીચે પાછા સ્થાપવાથી તેઓ કદી દુઃખી થાય તેમ નથી. તે જ તેનું મોટામાં મોટું રક્ષણ છે. તે જ સાચી માનવદયા છે. તે શિવાયની માનવદયાની વાતો માત્ર વાહિયાતઃ હાનિકારકઃ તથા શાબ્દિકઃ છે. અને પરિણામે ભયંકર હાલતમા મૂકનાર છે. આથી વિશેષ અમે શું કહીએ ?"

"આજે આપણે ઘણી ઘણી વાતો કરી. વચલા કાળમા ગૃહસ્થોને વચ્ચે રાખી વિદેશીઓએ અને તેઓના એતદ્દેશીય અનુયાયિઓએ આપણી વચ્ચે એક અગાધ ખાઇ રચી હતી. તે આ રીતે પરસ્પરના મેળાપથી દૂર થઇ છે. સમય ઘણો પસાર થયો છે. આપને તેમજ અમારે આજે જ લગભગ વિહારના ક્રમના ક્ષેત્રમાં પહોચવાનું છે. આ ભૂમિકા ઉપર આપણે પરમાત્મા વીતરાગ દેવના શાસનની અક્ષતતા વિષે આગળ ઉપર આગળ વધારનારા વિચારો અને કાર્યો હાથ ધરીશું. અને એક-સંપીનો સૂર તો અમારા ઉપદેશમા તત્કાળ જ શરુ થઇ જશે"

(૪) જૈનેતર સમન્વય અને વ્યાપક એકસંપી.

શ્રી ઉજ્જયની નગરીમાં આવેલા શ્રી અવંતી તીર્થભૂમિમાના શ્રી અવતી પાર્શ્વ-નાથ પ્રભુના દર્શન નિમિત્તે તે ભૂમિમા વિહાર પ્રસગે યોગ્ય સ્થાનમા સમવસરણની રચના-નુકારિ ત્રણ ચંદ્રવા ત્રણ બાજોઠરૂપે પણ ગઢ વગેરે ગોઠવણપૂર્વક સ્થાપનાચાર્યની સાન્નિ-ધ્યમા ધર્મદેશના ચાલી રહી હતી તેજ પ્રસંગે વૈદિકધર્મના અનુયાયિઓનો સિપ્રા નદીને કિનારે કુંભનો મેળો ચાલુ થઇ ચૂકયો હતો. સર્વ મંડળેશ્વરોઃ મઠાધિપતિઓઃ અને મહાન મહાન ધર્માચાર્યોઃ તથા સમર્થ વિદ્વાન્ બ્રાહ્મણઃ તથા ધર્મસંપન્ન માર્ગાનુસારી સસ્કૃતિ ભક્ત સમૃદ્ધઃ મધ્યમીઃ વગેરે આર્ય (હિંદુ) ગૃહસ્થ પ્રજાજનોઃ પવિત્ર મનાતી સિપ્રા નદીના જળાશયમા સ્થાન કરી, જે માર્ગેથી પસાર થતા હતા, તે માર્ગથી થોડે જ દૂર દેશનાસ્થળ હતું. તેથી પ્રભાવક જૈનાચાર્ય હોવાની જન-શ્રુતિથી આકર્ષાઇ, કુતુહલ વૃત્તિથીઃ કોઇ " શું છે ?" એમ સામાન્ય જાણવાની બુદ્ધિથીઃ કોઇ જિજ્ઞાસા બુદ્ધિથીઃ કોઇ " સંતના ઉપદેશમાંથી આપણને આ તીર્થભૂમિમાંથી પણ કાંઇક સદ્બોધ મળશે" એવી આકા ક્ષાથી તે તરફ આવી રહ્યા. કોઈ માત્ર એમ ને એમ ઉભા રહ્યા. કોઈ જોઇ રહ્યા. કોઇ જગ્યા મળી ત્યાં બેસી ગયા કોઇને વાણી. અને વિચારનું આકર્ષણ જન્મવાથી બેસવાની જગ્યા શોધવા લાગ્યા. તેઓને વ્યવસ્થાપકોએ ઉચિત સ્થાને બેસાડ્યા. અને ઉપદેશ-ધારા આગળ ચાલતી રહી. પ્રસંગ જોઈ, ઉત્તમ તક પારખી લઇ, આચાર્યશ્રીએ પણ પોતાની ઉપદેશધારા સર્વ શ્રોતાઓને અનુકુળ-બધબેસતી કરવાનો ઉપક્રમ કર્યો

વૈદિક ધર્મગુરુઓ પ્રત્યે.

"મહાનુભાવો ! ભારતમા જૈનધર્મની વધારેમાં વધારે નજીક વૈદિક ધર્મઃ અને તેના ધાર્મિક સંપ્રદાયોઃ છે તેમજ ધર્મઃ અર્થઃ કામઃ અને મોક્ષઃ એ ચાર પુરુષાર્થની સસ્કૃતિ

"આપણે ઈશ્વરકર્તૃત્વની બાબતમાં પણ [illegible] જરૂર નથી. તેમાં આપણને [illegible] ઈશ્વરકર્તૃત્વવાદીઓ અને [illegible] આ રીતે [illegible] વિશ્વશાંતિપ્રચારક સંસ્થાએ [illegible] તેના જ નિયમોમાંના બીજા નિયમમાં રચ્યો છે. એક તરફ: વૈદિક, [illegible] તથા ખ્રીસ્તીઓ વગેરેની માન્યતા [illegible] ઈશ્વરકર્તૃત્વવાદીઓ તરીકે અને બીજી તરફ: જૈન બૌદ્ધ અને વૈદિક મીમાંસકો વગેરેને બતાવી શકાય. એટલે કે–ખ્રીસ્તી સિવાયના બીજા ધર્મોને [illegible] ને અંદરો અંદર લડાવવાનો દાવપેચ જોર પકડી શકે. અને તેનાથી ખ્રીસ્તીધર્મ પોતાનો પ્રચાર કરી, પોતાનું જોર વધારી શકે, આવા તો નાના–મોટા કેટલાયે કાવપેચ ગોઠવાયા છે. તેનું વર્ણન આજે જ પૂરું કરી શકાય નહીં, તેને માટે બીજા કેટલાક દિવસો જોઈએ.

આપ સર્વ વિચાર કરો, કે–વૈદિક દર્શનોમાં પણ મીમાંસકો યે સર્વજ્ઞ, સર્વવ્યાપક ઈશ્વર જ ક્યાં માને છે? પછી જગત્કર્તૃત્વની સર્વ વૈદિકોની માન્યતા જ ક્યાં રહી? શું આ એક આશ્ચર્ય નથી? ત્યારે બૌદ્ધો જે મુખ્યપણે શૂન્યવાદી હોવાથી એ આજગડમાં પડતાં નથી. છતાં વિશ્વવ્યવસ્થાનું કોઈ ને કોઈ રીતે તેઓએ ઉપપાદન તો કરવું જ પડે છે. જૈન દર્શનઃ સ્યાદ્વાદી છે, તેથી સ્યાદ્વાદની અપેક્ષાએ એક અને અનેક ઈશ્વરને માને છે. તથા ઈશ્વરનું સાક્ષાત્ કર્તૃત્વ માનતું નથી, છતાં બીજી અપેક્ષાએ કર્તૃત્વ માને પણ છે. સર્વથા એકાંતથી અકર્તૃત્વ નથી માનતું: એમ તો નૈયાયિકો પણ સુતાર જેમ કબાટ પોતાને હાથે ઘડે છે, તેમ ઈશ્વરનું કર્તૃત્વ ક્યાં માને છે? માત્ર ઈશ્વરની ઈચ્છાદ્વારા તેનું કર્તૃત્વ માને છે.

ત્યારે જૈનદર્શન પણ પરમ સત્રૂપ મહાસત્તાનું ઉત્પાદ–વ્યય રૂપ પર્યાયોનું કર્તૃત્વ અને ધ્રૌવ્યરૂપ અકર્તૃત્વ માનવામાં વાંધો લેતું નથી. તેમજ વીતરાગ આત્માઓ રૂપ ઈશ્વરોની આજ્ઞાનું બરાબર પાલન સ્વર્ગ: મોક્ષ: વગેરે આપે છે, અને તેનો ભંગ કરવાથી નરકાદિક મળે છે. એ રીતે આજ્ઞાનું કર્તૃત્વ દ્વારા કર્તૃત્વ માને છે. પરંતુ, પાપીઓને પાપ કરાવવાનું કર્તૃત્વ તો વૈદિકો પણ માની શકતા નથી.

પરંતુ આ બધી તાત્ત્વિક વિચારણાઓ છે, તેને વિદ્વાનો પૂરતી મર્યાદિત રાખી, તેમજ પોત–પોતાની ધાર્મિક માન્યતાઓમાં દૃઢ રહી, અનુયાયીઓને દૃઢ બનાવી, સર્વ સામાન્ય હિતોમાં એકસંપીથી વર્તવામાં સૌનું હિત છે. એ આજના ઉપદેશનો પ્રધાન સૂર છે. પ્રધાન સાર છે.

એક–બીજાની માન્યતાઓની લડાઇ કરી, ને ઉલટા આજના દરેક ધર્મોના અનુયાયીઓ પોત–પોતાના ધર્મોના આચારોથી રહિતપણે વર્તતા થતા જાય છે. એ રીતે ધર્મના પ્રાણને પક્ષઘાતનો રોગ લાગુ પડી રહ્યો છે, તે દૂર કરવો જોઇએ. નહિતર ધર્મોની પક્ષાપક્ષી કરતા ધર્મોના આચારો જીવનમાંથી નિકળી જતાં જ, ધર્મસંસ્કૃતિ અને ધર્મ જીવનમાંથી નિકળી જશે. તેને સ્થાને અનાત્મવાદી ભૌતિક આચારો પ્રજાના જીવનમાં સ્થાન પામી જવાથી પ્રજા ધર્મ રહિત આપોઆપ બની જશે માટે બહુમતના ધોરણની જુદી જુદી સંસ્થાઓ ઉભી ન કરતાં, મહાજન સંસ્થાની એક જાજમ ઉપર જ ચાલુ ધોરણે સૌ એકઠા થઇ હિતનો વિચાર કરે, એજ યોગ્ય માર્ગ છે.

શાસ્ત્રીય અને તાત્ત્વિક સમન્વય તો આપણા પૂર્વાચાર્યોએ ઘણો કર્યો છે. "માત્ર ખંડન–મંડન જ કર્યું છે" એમ સમજવામાં આપણી ભૂલ થાય છે. જેટલી બાબતોમાં ખંડન–મંડન થયા છે, તે સિવાયની બાબતોમાં સમન્વય છે, એ પણ એ ખંડન–મંડનો ઉપરથી સમજવાનું છે છતાં કાંઇ બાકી હોય તો આપણે ધર્મગુરુઓ મળીને વિચારી શકીયે છીયે. તેમા સામાન્ય પ્રજાને સંડોવવાથી તેનો બુદ્ધિભેદ થવાથી મહા લડાઇઓ અને સંઘર્ષો ઉભા થશે. જેથી પ્રજા છિન્નભિન્ન વધારે થઇ જશે. આ અમારું સમજવું છે. અને સચોટ પ્રતિપાદન છે.

"આપની વાત ખરેખર અમૃતવેલી સમાન છે. અને સર્વને જીવાડનાર સંજીવની સમાન છે. અમારા અંતરાત્મામાં ઘણો પ્રકાશ ફેંકાયો છે. અને ઘણા અનિષ્ટોથી ભાવિ-આર્ય પ્રજાને બચાવવાનો માર્ગ ખૂલ્લો થયો છે. આ બાબતમાં વિશેષ વિચારણા પ્રસંગે આપસમાં મળીને કરીશું" એક પ્રખર વિદ્વાન બ્રાહ્મણ ગૃહસ્થે ઉભા થઇને પોતાનો અભિપ્રાય એ પ્રમાણે વ્યક્ત કર્યો.

તુરત જ બધાને શાંત પાડીને આચાર્યશ્રીએ જણાવ્યુ કે— "આપણા કરતા જુદી ધાર્મિક માન્યતા ધરાવતા હોવા છતાં ધર્મગુરુઓના નેતૃત્વ નીચે બ્રાહ્મણ જાતિએ સંસ્કૃતિના નિષ્ણાત અને સચોટ અમલદારો તરીકે સંસ્કૃતિની ભારે સેવા કરી છે, અને કરે છે, તેઓ હાલના અમલદારોની જેમ ખાસ કરીને પ્રાચીન કાળમાં પગાર લેતા નહોતા. પરંતુ, ઐચ્છિક જે આપવામાં આવે, તે લેતા હતા, તેનો અર્થ એ હતો કે પ્રજા ઉપર તેઓનો આર્થિક બોજો વધી ન જાય, તેમજ ભારતીય ત્યાગપ્રધાન આદર્શને અનુસરીને જે મળે, તેમાં સંતોષ માનવાનો આદર્શ તેઓ ધરાવતા હતા. આથી દાન–દક્ષિણાના રૂપમાં જે મળે, તે લેતા. તેથી ઉઘાડે શરીરે, માત્ર લગોટી અને યજ્ઞોપવિત ધારણ કરીને, સંસ્કૃતિના અદ્‌ભુત સંચાલનમાં મન–વચન–કાયા પરોવીને સ્થિરપણે બેસતા હતા. તેને બદલે આજે મોટા પગારદાર અમલદારોનો બોજો પ્રજાએ ઉપાડવો પડે છે. તે બ્રાહ્મ-

આચાર્યશ્રીએ તુરત જ ફરમાવ્યું કે " મહાનુભાવ મહાત્મન્! તમારો પ્રશ્ન ઘણો જ મહત્ત્વનો છે. પરંતુ આમાં તો ઘણો જ સરળ માર્ગ છે. ધર્મના ધર્મગુરુઓ કોઈ સામાન્ય વ્યક્તિઓ તો ન જ હોય. તેઓ " ધર્મને જગતમાં જીવતો રાખો કે તેને વિકાસ આપો!" આ જાતના અતિ મહત્ત્વના નિર્ણય કરવાના હેતુના ઉદ્દેશથી એકઠા થતા હોય. એટલે ઉદ્દેશ પાર પાડ્યા વિના ઉઠીને ચાલ્યા જાય, એમ તો ન જ બને ને? અને જ્યારે ઉદ્દેશ સિદ્ધ કરવાનો હોય છે, ત્યારે માર્ગ કાઢ્યા વિના ચાલે જ કેમ? અને ઉદ્દેશની ઉપેક્ષા કરીને બીજા નાના નાના કારણોથી ચાલ્યા જાય તો સામે ઉભેલો જીવન-મરણનો પ્રશ્ન તેઓને છોડે જ કેમ? એક દિવસ નહીં ને પછીના કોઇપણ દિવસે મળ્યા વિના ચાલે જ નહીં. પરિસ્થિતિ તેઓને જંપીને બેસવા દે જ શાની?"

"આપની આ વાત બરાબર છે, પરંતુ રસ્તો શો નિકળે?"

"રસ્તામાં કોઇ મુશ્કેલી નથી. મળનારા ધર્મગુરુઓ હોય ને? અને તેઓ ધર્મના વફાદાર પણ હોય જ કે નહીં?"

"જરૂર હોય, તેમાં શંકા રાખવાને કારણ નથી. જો ધર્મના વફાદાર ન હોય તો તેઓ મળીને ઉકાળે પણ શું? અને તેવા મેળાપથી જગત્‌ને ફાયદો પણ શો?"

"તો પછી ચિંતાનું બહુ કારણ રહેતું નથી. ધર્મની અને ધર્મસંસ્થાની વ્યાખ્યા સ્પષ્ટ કરવી પડે. ધર્મ એટલે મોક્ષાનુકૂળ ક્ષમાદિક આધ્યાત્મિક ગુણોના વિકાસમાં સહાયક શ્રદ્ધાઃ જ્ઞાનઃ અને આચરણઃ તેની સાધના માટે રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, કામ વગેરેની

વાસનાના ત્યાગ માટે તપ, વૈરાગ્ય, ધર્મપ્રવર્તન, ધર્મસંચાલન વગેરેમાં આપભોગ આપવો તે પણ ઉપચારથી ધર્મ છે. આ સિવાય સર્વમાન્ય બીજો અર્થ સંભવી શકે છે ?"

"નહીં જ."

"આ શાશ્વતધર્મને જુદી જુદી રીતે લોકભોગ્ય બનાવવાનો ઉદ્દેશ રાખીને પ્રચલિત થયેલી ધર્મસંસ્થાઓ આજે જુદા જુદા ધર્મને નામે ઓળખાય છે. તેમાં જે ધર્મસંસ્થા વધારે સારી રીતે આધ્યાત્મિક વિજ્ઞાન સમજાવતી હોય, વધારે સારી રીતે તેના સચોટ ઉપાયો દર્શાવતી હોય, ધરાવતી હોય, ત્યાગઃ તપઃ વૈરાગ્યઃ વગેરેમાં વધારે સારી રીતે દોરવતી હોય, અને એ રીતે એકંદર ધર્મની વ્યાખ્યા ઓચ્છે-વધતે અંશે તો સૌને લાગુ પડતી હોય છે. પરંતુ તેમાં જેને વિશેષે લાગુ પડતી હોય, તે ધર્મસંસ્થાનું મુખ્ય અને પ્રથમ સ્થાન નક્કી થાય. એ સ્વાભાવિક છે, અને તેથીં તેનાં જે આગેવાન હોય, તેને મુખ્ય સ્થાન આપી બીજા તેના સહકારમાં રહે, અને મુખ્ય સ્થાન ઉપર બેઠેલા મહાત્મા પણ તદ્દન વીતરાગ તો ન સંભવે, પરંતુ જેમ બને તેમ રાગ-દ્વેષના ઉંચા પ્રકારના ત્યાગી હોય જ. જેથી તેઓ માત્ર ધર્મના રક્ષણ માટે પોતાની અદ્ભુત સરળતાઃ નમ્રતાઃ વાત્સલ્યભાવઃ રાખીને સૌનો નિખાલસપણે સહકાર લેવાની વૃત્તિ ધરાવતા હોય. પછી વાધો ક્યાં આવે ?

અમે તો ખાત્રીપૂર્વક કહીએ છીએ, કે-અમે તેમાં જરાપણ આગ્રહ રાખ્યા વિના તેવા મહાત્માને અગ્રસ્થાન આપવામાં જરાપણ આનાકાની ન કરતાં તેવા મહાપુરુષના સેવક થઈ ચરણરજ લેવામાં જ અમારી જાતને વધારે ધન્યવાદપાત્ર માનીયે. તેમાં આગ્રહ શો ? ખરી રીતે આપણા મહાપુરુષોએ તેના પણ માર્ગ નક્કી કરેલા છે. માત્ર આપણું તે તરફ લક્ષ્ય જતું નથી. એટલો જ વાધો છે. બીજો કોઈ વાધો નથી.

કદાચ પોતાના અનુયાયીઓની મોટી સંખ્યાના આધારે ખ્રીસ્તી ધર્મના મુખ્ય ધર્મગુરુ પોતાને જગદ્ગુરુ તરીકે ભવિષ્યમાં જાહેર કરવા માટે જે ગુપ્ત તૈયારીઓ કરી રહ્યાની શંકા પડે છે. પરંતુ તેમને પણ સમજાવી શકાય કે "મહાત્મન્! જો તમે જગત્માં ધર્મને ટકાવવા ઇચ્છતા હો, તો ધર્મના દૃષ્ટિબિંદુથી ગુણવત્તાને પ્રાધાન્ય આપવું એ વધારે સુંદર અને ઉંચી વ્યવસ્થા છે. જેમાં વધારે ધર્મ હોય તે આગળ રહી શકે. ગુણવત્તા આગળ સંખ્યાબળ એ નજીવી યોગ્યતા છે. કેમ કે તો તો મોટી સંખ્યા ધરાવતા માનવેતર પ્રાણીઓમાંથી આપણે આગેવાન શોધવા પડે. પરંતુ પોપ જેવા વ્યક્તિ કદી આવી બાબતમાં જીદ્દ પકડે નહીં. ખરી બાબતમાં સૌએ બરાબર વર્તવું પડે." અને એ રીતે યોગ્ય તુલનાથી પોપ કે કોઇપણ આગેવાન થાય, તેમાં કોઇનેય શો વાધો હોય ?

આ રીતે મળીને યોગ્ય વિચારણા કરવાથી "આધુનિક વિજ્ઞાનના પાયા ઉપર સ્થાપેલા ધર્મનું સામ્રાજ્ય સ્થાપવાના ઉદ્દેશથી આત્મવાદી ધર્મોને તે સામ્રાજ્યમાંથી કાઢી મૂકવાની ધારણાને વેગ આપનારી જે તૈયારીઓ થઇ રહી છે તથા બીજા પણ જે જે ઉટપટાંગ પ્રયાસો ચાલી રહ્યા છે, તે આપોઆપ દૂર થઇ જાય."

[illegible] આ [illegible] છે. [illegible] નિભાવ [illegible]
છે તેવી નથી. આપણા ભારતના મુખ્ય મુખ્ય [illegible] મળીને આ બાબતની વિચારણા હાથ ધરે તો તેઓને પણ [illegible] શકાય. તેઓ પણ આપણા [illegible] છે. તેની ના પાડો નથી. આપણો [illegible] તેઓ જે [illegible] વાહનોમાં બેઠા છે, તે વાહન દીલ્હી જવાની ઇચ્છાવાળા તેઓને મદ્રાસ લઈ જાય છે. પરંતુ તેઓને સમજાવી શકાય, કે—" બંધુઓ! આપને જ્યાં જવું છે, તે સ્થળે લઈ જનાર આ વાહન નથી. તમને બીજા જ શહેરે લઇ જઇને ઉતારશે. જેથી તમો [illegible] મુશ્કેલીમાં મુકાશો. માટે તેમાંથી ઉતરી તમારે જ્યાં જવું છે, તે વાહનમાં બિરાજો." આ વાત તેઓ જલ્દી માનશે. કારણ કે વિદેશીઓએ પોતાના જાતભાઈઓના હિતને માટે દેશનો ઉદય કરવા માટે આ સંસ્થાઓના વાહનો ગોઠવ્યા છે. લોકો ગમે તે ઇચ્છાથી આ વાહનોમાં બેસે, એટલે તે વાહનો વિદેશીઓએ ધારેલ સ્થળે લઈ જઇને ઉતારવાના છે. પરંતુ આપણા ભાઇઓને પૂરી લાગણીઃ પૂરી શાંતિઃ પૂરી સત્ય સમજાવવાની યુક્તિઃથી સમજાવી શકીયે કે–" બંધુઓ! આપની ઇચ્છા દેશનો ઉદય કરવાની છે, તે શા માટે?"

ત્યારે તુરતજ તેઓ જવાબ આપશે કે "આપણા ભાઇઓના—આપણી પ્રજાના ભલા માટે!"

બસ, ત્યારે આપણે તેઓને એટલુ જ સમજાવવાનું કે–" વ્હાલા બંધુઓ! આજનો દેશનો ઉદય આપણી સ્થાનિક પ્રજાના ક્ષણિક લાભો સિવાય સાચા અને સ્થાયી લાભમાં પરિણમે છે?"

આ પ્રશ્નનો જવાબ વિચારણા વિના તો આપી શકશે નહીં "આપણી પ્રજાના સ્થાયી લાભનાં પરિણમતો નથી. એમ આપણે દાખલાઃ દલીલોઃ પ્રમાણે, પૂરાવાઃ માઠાં પરિણામો વગેરેથી ઠસાવી શકીયે. પછી તેઓ પણ બુદ્ધિશાળી હોવાથી આપણી વાત

સ્વીકાર્યા વિના કેમ રહેશે ? અને કદાચ તેઓ આપણને વધારે અને સ્થાયી લાભો ખરે-ખર સમજાવી શકે, તો આપણે પણ ધર્મનો શા માટે આગ્રહ રાખવો ? પરંતુ મને ખાત્રી છે, કે અને આપમાંના પણ ઘણાને માનસિક વિશ્વાસ જ હશે, કે વિદેશીયોની પડદા પાછળની અજબ હિલચાલનો બરાબર ખ્યાલ આવતાં તેઓ પોતાની માન્યતામાં વધારે ટકી શકશે જ નહીં અને યોગ્ય માર્ગે આવી જ જવાના ".

" આપણે ન સમજાવી શકીયે, તો ? "

" તો તો આપણને બોલવાનો પણ શો અધિકાર છે ? જો આપણામાંનાં કોઇમાંયે સત્ય સમજાવવાની શક્તિ ન હોય, તો પછી જેને જેમ કરવું હોય તેમ કરે. આપણે બોલવાનુ પણ રહેતું જ નથી. ભાવિભાવ, જગતનું જેમ થવું હશે, તેમ થશે. કોઇ શું કરશે ? "

પરંતુ વિશ્વાસ રાખો કે—" જેમ વિદેશીયોની પાસે વિજ્ઞાનઃ અઢળક ધનઃ કુનેહઃ યોજનાશકિતઃ બીજાઓને અંધારામાં રાખવાની આવડતઃ વગેરે ઘણાં તત્ત્વો છે, તે જ પ્રમાણે ધર્મપક્ષ પાસે અનંત સર્વજ્ઞ વીતરાગ સંતો અને બીજા નાના-મોટા અનંત સંતોના જીવનઃ માર્ગદર્શનઃ તપોબળઃ અને તેઓના સમયથી વેરાયેલા ઉત્તમ પરમા-ણુઓ વગેરે આપણી આજુ-બાજુ પુષ્કળ બળ પ્રેરી રહ્યા છે. તે બાબત તમારા હ્રદયમાં વિશ્વાસ છે કે નહિ ? "

આ શબ્દો સાંભળતાં જ તે નાના સંન્યાસીજી બેસી ગયા. પરંતુ બેસતાં બેસતાં ફરીથી ઉભા થઇ નવો જ પ્રશ્ન કર્યો કે—" વિદેશીયોએ કોન્ગ્રેસ શા માટે સ્થપાવી છે ?"

" તેઓ તો પોતાના સ્વાર્થો માટે સ્થાપે-સ્થપાવે, તેમાં આશ્ચર્ય પામવાને કારણ નથી. મહાપુરુષોને ભૂલી જાય અને કદાચ યાદ કરે તો શ્રી ગાંધીજી અને કોંગ્રેસની ભૂમિકાથી તેનો વિચાર કરે, એટલે એ સંસ્થા અને તેમાંની ભારતીય મૂખ્ય વ્યક્તિ-ઓને સીમાચિહ્ન બનાવી રાખવાથી ભારતની ભાવિ પ્રજા પાછળના બળો તરફ દૃષ્ટિ કરી શકે નહીં અને એ રીતે આઠ-દશ આની પોતાની સંસ્કૃતિથી પ્રજા દૂર થતી જાય, અને છ-આઠ આની નવી જીવન-પ્રણાલિકાને ચોક્કસ રીતે અપનાવતી થાય ત્યારપછી વળી બીજા વાદો અને બીજા નવા આગેવાનોની પ્રેરણાથી આગળ વધી ૧૨-૧૪ આની ભારતીય સાસ્કૃતિક જીવન-પ્રણાલિકા છોડે. અને નવી જીવન-પ્રણાલિકા ૮-૧૦ આની સુધી અપનાવે. એમ ક્રમે ક્રમે આધુનિકતામાં ભારતની પ્રજા આગળ વધતી જાય, ત્યાં સુધીમાં આપણા આદર્શો અને હિતો માટેનો દેશનો ઉદય પણ ઘણો જ આગળ વધી ગયો હોય માટે ધર્મ, સંસ્કૃતિ વગેરેની બાબતમાં સીમાચિહ્ન તરીકે એ સંસ્થા અને તેના આગે-વાનોને સ્થિર કરવામા આવેલા છે. અને એ જ રીતે મહત્ત્વના હેતુને ઉદ્દેશીને તેના દેશ-વિદેશમાં મોટા મોટા સ્મારકો કરવાની હિલચાલો ચાલુ છે. તેમજ બહારથી આવીને સદ્ભાવપૂર્વક મરણના સ્થાનને સમાધિસ્થાન માનીને તેના ઉપર પુષ્પ, પુષ્પની માળા ચડાવે છે અને સન્માન દૃષ્ટિથી જુએ છે, કારણ કે તેની સાથે પોતાના સંતાનોના ભાવિ

[illegible] પ્રજાની એક વ્યક્તિની હિંસા સરખી નથી [illegible] જેમ કે એક રત્નમેનકના મરણની ખોટ અને એક [illegible]ના મરણની ખોટ સરખી છે? તેને જ કહેશો કે 'નહીં.' તે જ પ્રમાણે અનંત [illegible] રહેલી આવેલી અને [illegible] કરનારી સંસ્કૃતિ જેના [illegible] છે, તે પ્રજાની એક વ્યક્તિની ખોટ, બીજી [illegible] વ્યક્તિઓના મરણની ખોટ કરતાં વધી જાય તેમ છે. માટે તેની [illegible] હિંસામાં મહાહિંસા છે, એ સમજી શકાય તેવી તેવી વાત છે.

અમારા શાસ્ત્રમાં એક ઠેકાણે આવે છે કે—"હજાર સમ્યગ્દર્શની કરતાં એક દેશવિરતિધર વિશેષ છે. હજાર દેશવિરતિધર શ્રાવક કરતા એક મુનિ વિશેષ છે. હજાર મુનિ કરતાં એક આચાર્ય, હજાર આચાર્ય કરતાં એક ગણધર ભગવંત, અને હજાર ગણધર ભગવંત કરતાં એક તીર્થંકર વિશેષ છે."

એ પ્રમાણે જગતના બીજા માનવો કરતાં ભારતનો આર્ય સવિશેષ છે. તેના કરતા એક બ્રાહ્મણ, તે હજાર કરતાં સંન્યાસી વિશેષ છે, ખરું કે નહીં? તો પછી એક સંન્યાસી અને એક ભીલના કૃત્રિમ મરણની હિંસા સરખી નથી. વિદેશીયો સરખી માને છે. અને એક ગૌરાંગની હિંસાને સૌથી મોટી હિંસા માને છે. એ વિષમ માન્યતા છે.

ત્યારે ભારતની પવિત્ર સંસ્કારી પ્રજાની કૃત્રિમ હિંસામા કેટલા પ્રમાણમાં મોટામાં મોટી હિંસા થાય? તે વિચારી જુઓ, તે હિંસા ન થાય, તે આપણે જોવાનું છે. અને જો ચેતવામાં આવશે નહિં તો આર્થિક લાલચોમાં પ્રજા ફસાતી જવાથી ભારતમાં મોટા મોટા તેલના કુવા-કારખાના વગેરે અને તેને અનુકુળ રેલ્વે, વાહન-વ્યવહારો વગેરે વધી પડતાં ભારતનું સ્વરૂપ જ બદલાઇ જતાં મંદિરોઃ તીર્થો વગેરે શી રીતે ટકવા પામશે? જે ધર્મના પ્રભાવથી શાંત નંદનવન છે, તે યંત્રોના ખડખડાટથી ક્ષુબ્ધ થઇ ગયેલ હશે. ખંભાતની ભાવિ કલ્પના કરી જોવાથી આ સમજાશે.

"ખરેખર! આપનું માર્ગદર્શન અમારે સ્વીકાર્ય છે. જેમાં જગતનું સર્વ પ્રકારે કલ્યાણ છે."

ઉઠતા ઉઠતાં આ અદ્ભૂત વાત સાંભળીને સૌ પુલકિત ચિત્તે પોત-પોતાના ઉતારા-સ્થાન તરફ ઉતાવળા ઉતાવળા રવાના થવા લાગ્યા. કુંભના ધાર્મિક ભાવનાથી થતા મેળા ઉપર સૌ આવેલ હતા. તેથી તેને લગતા પણ કાર્યક્રમો હતા.

"ભારતની પ્રજાની ધર્મબુદ્ધિ અને શ્રદ્ધા કેવી અજબ છે? જેથી ધર્મશ્રદ્ધાથી દૂર-દૂરથી લાખોની સંખ્યામાં સ્નાન કરવા લોકો ઉતરી પડે છે" સુપ્રીમ કોર્ટોના ચીફ જસ્ટીસ શ્રી મહાજનના આ મતલબના શબ્દો ઘણાં જ મહત્ત્વનાં છે. એમ આચાર્યશ્રીએ શ્રોતાઓનું તે તરફ ધ્યાન ખેંચ્યું.

વિદ્વાન બ્રાહ્મણો પ્રત્યે-

રાત્રે આવશ્યકાદિથી નિવૃત્ત આચાર્યશ્રી પાસે કેટલાક બ્રાહ્મણ વિદ્વાનો અને વૈષ્ણવ ગૃહસ્થો ધર્મવિચાર કરવા આવેલા હતા. પરંતુ આચાર્યશ્રી વધારે સમય આપી શકે તેમ ન હોવા છતાં તેઓની સામે એક વિચાર મૂકયો હતો કે-

"વૈદિક ધર્મમાં અનેક સંપ્રદાયો છે. અને તે દરેક સંપ્રદાયોને (૧) પોતાના સિદ્ધાંતો અને આચારો હોય છે, (૨) તેના સંચાલનના નિયમો હોય છે. (૩) તે નિયમોના સંચાલક ગુરુઓ વિગેરે આગેવાનો હોય છે. (૪) શાસ્ત્રો, ધર્મગ્રંથો વિગેરે હોય છે. અને (૫) ધર્મના સંચાલનમાં, આચારોના પાલનમાં ઉપયોગી ધર્મસ્થાનો, ધાર્મિક મિલ્કતો વિગેરે હોય છે, તે સૌ-સૌના સંપ્રદાયોની હોય છે. અને સામટી રીતે વૈદિક ધર્મની માલિકીની હોય છે. છતાં તેને આજે પબ્લીકની એટલે કે તમામ પ્રજાઓની શી રીતે ગણવામાં આવે છે? અને વૈદિક ધર્મના અનુયાયીઓ અને સંપ્રદાયો વિદેશીઓની આ નિરાધાર માન્યતાને ઉત્તેજન શા આધારે આપે છે? તે સમજી શકાતું નથી. અને તે મિલ્કતોનો ઉપયોગ સંપ્રદાય કે વૈદિક ધર્મના જ્ઞાન, આચારો તથા ધર્મસ્થાનો અને ધાર્મિક પ્રતીકો મજબૂત કરવામાં થવો જોઇએ, તેને બદલે અનાત્મવાદી ભૌતિક પ્રગતિની સંસ્થાઓમાં ખેંચી જવામાં સમ્મતિ શી રીતે અપાય છે? તે સમજી શકાતું નથી. કેમકે જેમ દેશી વૈદક, અને જ્ઞાનશાળાઓ ચાર પુરુષાર્થની સંસ્કૃતિનો આદર્શ સ્વીકારે છે. ત્યારે હાલના ડોકટરી દવાખાના અને શિક્ષણ સંસ્થાઓ ચાર પુરુષાર્થની સંસ્કૃતિનો આદર્શ સ્વીકારતા નથી.

"આપણને પબ્લીક જાહેર પ્રજામાં ગણી લેવાથી ભારતની પ્રજાનું જાહેર જીવન વૈદિક ધર્મ અનુસાર ચલાવવાનું સ્વીકારવામાં આવે છે" રખે એવી ભ્રમણામાં પડતા, કેમકે જાહેર જીવન તો અનાત્મવાદી પ્રાગતિક આદર્શો તરફ દોરવીને ચલાવવાનો આજે ઉદ્દેશ સ્પષ્ટ રીતે જોવામા આવે છે. આધુનિક પ્રગતિ અને વૈદિક ધર્મ એક-મેક બની જતાં, વૈદિકધર્મની આત્મવાદ પોષક સંપત્તિઓ અનાત્મવાદી પ્રગતિના જાહેર પોષણમાં ધમધોકાર ખેંચાઇ જાય એ સ્વાભાવિક છે અને તેમ કરવામાં કેટલાક નકાધીશો વાધો

"વિદ્વદ્-વિપ્રમંડળી પણ-તીર્થસ્નાન માટે આ પ્રદેશમાં મોટા પ્રમાણમાં આવેલી છે, કે ?"

"હા ! મહાત્મન્ ! તેઓમાંના ઘણા કાશી: નદીયા: પ્રસ્થાનપુર: બંગાળ: પંજાબ: ગુજરાત: તામીલ: દ્રવિડ: વગેરે પ્રદેશોમાંના સુપ્રસિદ્ધ પ્રકાંડ વિદ્વાનો છે. કેટલાંક ભાષ્ય, કૈયટ, શબ્દેંદુ, શેખર વગેરે વ્યાકરણના ગ્રંથોના સમર્થ વિદ્વાનો છે. કેટલાક ન્યાય, તર્કશાસ્ત્ર, વેદાંત-મીમાંસા, યોગ વગેરે છ દર્શનોના અદ્ભુત વિદ્વાનો છે. ઉપરાંત જ્યોતિષ, (સ્મૃતિ) સમાજશાસ્ત્ર, ધંધાદારી વિદ્યાઓ, વૈદક, શિલ્પ, સંગીત, અષ્ટાંગ-નિમિત્ત, સામુદ્રિક, વાસ્તુ વગેરે જુદી જુદી અનેક જીવનોપયોગી વિદ્યાઓના તલસ્પર્શી વિદ્વાનો છે."

"બ્રાહ્મણોએ શાસ્ત્રજ્ઞ અને વિદ્વાન્ થવું જ જોઈએ. અમારા ખ્યાલમાં આવ્યું છે, કે બ્રાહ્મણો પણ ધર્મ: અર્થ: કામ: અને મોક્ષ: એ ચાર પુરૂષાર્થની મહા અહિંસક સંસ્કૃતિના મહા આધાર સ્થંભો છે. તેઓએ પણ સંસ્કૃતિના રક્ષણમાં: અસ્તિત્વમાં: ટકાવમાં: અને વિકાસમાં અસાધારણ ફાળો આપ્યો છે. સંસ્કૃતિના આત્મારૂપ સંતમહાત્મા ધર્મગુરુ મહાજનોના મજબૂત હાથસમાન બ્રાહ્મણો છે. ભૂતકાળના મહાબ્રાહ્મણોએ સંસ્કૃતિના રક્ષણમાં જે ફાળો આપ્યો છે, તે તેઓની કક્ષાની અપેક્ષાએ અસાધારણ ગણી શકાય તેમ છે. સંસ્કૃતિ ખાતર મોજ-શોખ, એશઆરામનો ભોગ આપવામાં ઘણા મહા બ્રાહ્-

ણોએ અસાધારણ પુરુષાર્થ બતાવ્યો છે. જેનો ઇતિહાસ વાંચતાં ઘણાં સુજ્ઞ આત્માઓ રોમાંચ અનુભવતા હોય છે.

બ્રાહ્મણોના મુખ્ય ચાર કર્તવ્યો અમારી નજરે ચડે છે. વિશ્વવત્સલ મહાસંતોના પ્રતિનિધિરૂપ ધર્મગુરુ સંતોની આજ્ઞામાં રહી—

(૧) મહાસંસ્કૃતિ ખાતર સર્વસ્વનો ભોગ આપવો. મનઃ વચનઃ કાયાઃ તેમાં સ્વેચ્છાથી જોડી દેવા.

(૨) સંસ્કૃતિના પોષક, પ્રત્યક્ષજ્ઞાન, અનુમિતજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાનના અસાધારણ ખજાના બનવું. વિવિધ વિષયોના પદ્ધતિસર તલસ્પર્શી વેત્તા બનવું.

(૩) એ જ્ઞાનનો વારસો યોગ્ય વ્યક્તિઓ મારફત આગળ ને આગળ લંબાવવા સતત જાગ્રત્ ભાવે પ્રયત્નશીલ રહેવું.

(૪) મહાસંસ્કૃતિના વ્યાવહારિક સંચાલન માટે ભારતીય મહા આર્યપ્રજાના વફાદાર અને પ્રામાણિક અમલદાર તરીકે ઉચ્ચ જીવન સંસ્કારોથી સંસ્કારિત રહેવા સાથે યથાયોગ્ય ઘટતી કામગીરી જાગ્રતભાવે આત્મા રેડીને બજાવવી.

બ્રાહ્મણ ઉપરના કાર્યો માત્ર દાનઃ દક્ષિણાઃ પગારઃ ઇનામઃ માન–પાનઃ પ્રાપ્ત કરવાની બુદ્ધિ તથા ભોગો સંપાદન કરવાની બુદ્ધિઃથી ન કરી શકે, ન કરે. દાન, દક્ષિણા પણ તે ન છૂટકે જ સત્કાર–સન્માનપૂર્વક જ લે. કારણ કે તે સંસ્કૃતિને વરેલો છે. વરેલા હોય તે કર્તવ્યનિષ્ઠાનું રક્ષણ કરવા પ્રાણની પણ પરવા ન કરે. સાદામાં સાદા અદ્ભુત જીવનથી ચલાવીને પણ સંસ્કૃતિની સેવાઃ ભક્તિઃ ભક્ત જેમ દેવની સેવા–ભક્તિ કરે, તેમ કરે. કોઈપણ લાલચમાં ન પડે, ન ફસાય, પરંતુ આજે મોટા પગારોઃ અને બીજી લાલચોમાં ઘણાં બ્રાહ્મણો ફસાઈને મોટા મોટા હોદ્દા અને વિશ્વ વિખ્યાતિ મેળવતા હોય છે પરંતુ તેથી સંસ્કૃતિને અસાધારણ હાનિ પહોંચી રહી છે. વિશ્વના સાચા કલ્યાણને મહા ફટકો પડયો છે. તેથી બ્રાહ્મણોએ સવેળા ચેતવાની જરૂર છે.

"બ્રાહ્મણો વિપ્રોની આપની આટલી અગાધ કૃપા ખરેખર આશ્ચર્ય ઉપજાવે તેવી છે !!!"

"તેમાં આશ્ચર્ય પામવા જેવું મહાનુભાવો ! કંઇપણ નથી. જ્યારે જગત્ જડવાદ તરફ ધસી અધઃપાતના ખાડા તરફ ધસી રહ્યું છે. ત્યારે વિશ્વપ્રાણ અહિંસક સંસ્કૃતિ જ તેનું રક્ષણ કરવામાં આધારભૂત છે, જીવનપ્રાણ છે. આજે તેના રક્ષણ માટે એક ક્ષણના પણ પ્રમાદ વિના તૈયાર થવાની આવશ્યકતા ઉભી થઇ છે. તે સંજોગોમાં બ્રાહ્મણો એ મોટામાં મોટું રક્ષક અંગ છે. તેની ઉપેક્ષા કેમ થઇ શકે ?

ભારતની આર્યપ્રજાના (૧) ધર્મગુરુઓઃ (૨) મહાજનઃ (૩) બ્રાહ્મણોઃ (૪) રાજાઓઃ જ્ઞાતિ–જાતિ ને વર્ણોના આગેવાનોઃ (૫) ધંધા અને કારીગરીના આગેવાનોઃ (૬) જાત–મહેનતથી ખેતી કરનારાઃ વગેરે સમગ્ર હિન્દુ પ્રજાના જ નહિ, સમસ્ત ભારત દેશના જ નહિ, પરંતુ સમગ્ર માનવજાતિના આદર્શ આગેવાનો છે. તેઓની જેટલી ઉપેક્ષા, તેટલુ

[illegible]
હિસાબમાં છે? પરંતુ તેને બાળબુદ્ધિના લોકો ભલે માને, વાસ્તવિક રીતે એ કશી નથી કર્તવ્યનિષ્ઠા છે. આજના પ્રગતિશીલ સંયોજકોના ભોગો પણ કોઈ સાત્વિક ભોગો અને કશો: નથી."

"વાહ! વાહ! પ્રભો! વાહ! સંસ્કૃત ભાષા અને પ્રાચીન શાસ્ત્રોનો પુનરુદ્ધાર આ રીતે આપ જેવા મહાત્માઓની પ્રેરક જાગૃતિથી કાર્ય-વંતમાં જણાઈ આવે છે. સંસ્કૃત ભાષાના પુનરુત્થાન માટે પરિષદો અને સમ્મેલનો ભરાઈ રહ્યા છે, તેમાં સહયોગ આપી તેના કાર્યોને ખૂબ વેગ આપવા દેશના અનેક વિદ્વાનો અથાગ પ્રયાસો ઉઠાવી રહ્યા છે. તે ખરેખર! ઘણી આશા આપી રહ્યા છે."

"અરે! તમોએ એ ઠીક યાદ કરાવ્યું. એ પરિષદો અને સંમેલનો મહા ભૈરવીચક્રો છે. જો બ્રાહ્મણો તેમાં ફસાશે, તો સંસ્કૃત ભાષાઃ તેના શાસ્ત્રોઃ તેની સાથે સંબંધ ધરાવતી અનેક વિદ્યાઓઃ અને તેની સાથે જોડાયેલી આત્મવાદની સંસ્કૃતિઃ વગેરે ગુમાવી બેસશે. અને બ્રાહ્મણોને તે ગુમાવરાવવાના હથિયારો બનાવવાની તરકીબો કદાચ એ રીતે સફળ પણ થઈ જાય, તો મહા અનર્થ થાય. માટે બ્રાહ્મણોએ સાવચેત રહેવું જરૂરી છે.

"અહો! આપની આ ચેતતા રહેવાની અજબ ભલામણ સાંભળી અમારા દિલ ધડકી ઉઠે છે. રોમાંચ ખડા થાય છે. આમાં ચેતતા રહેવા જેવું શું છે?

"ચેતતા રહેવાનું પ્રયોજન જો તમારે સાંભળવું જ હોય તો આ પ્રમાણે છેઃ-

" આપનો મોટો અનુગ્રહ !"

" સાંભળો આજે સંસ્કૃત ભાષાના પુનરુદ્ધાર માટે આકર્ષક પ્રયાસો ચાલી રહ્યા છે. તેમાં શંકા નથી. પરંતુ તેથી સંસ્કૃત ભાષાનોઃ પ્રાચીન શાસ્ત્રોનોઃ અને સંસ્કૃતિનો વાસ્તવિક ઉદ્ધાર થાય એ માની લેવું યોગ્ય નથી. આ વાત બરાબર યાદ રાખી લો, ને તમારા અંતરાત્માના ઊંડાણના ખજાનામાં તે અક્ષરો વજ્રશિલામાં કોતરાય તેમ કોતરી લ્યો."

" આપ આ શું ફરમાવી રહ્યા છો ? " અજબ વાત !"

" જે વાસ્તવિક જણાય છે, તે અમે કહી રહ્યા છીએ. સંસ્કૃત ભાષાના પુનરુદ્ધારનો માર્ગ જુદો જ છે, ને જુદો જ લેવાઇ રહ્યો છે. તે ઉપરથી કહીએ છીએ. સંસ્કૃત–ભાષા–પ્રેમી વિદ્વાનો ભારતીય જનતામા સંસ્કૃત ભાષા દ્વારા આધુનિક ભૌતિક વિજ્ઞાનઃ તદનુસારી જીવન ધોરણો; તદનુકુળ વિચાર ધારાઓનોઃ પ્રચાર કરે તે માટે તે ભાષાનો ઉપયોગ કરવાની મૂળભૂત યોજનાઓને વેગ આપવા માટે આજે તે ભાષાના પુનરુદ્ધારના રણશીંગા વગાડી રહેવાયા છે. આ મૂળભૂત ધ્યેયો પહેલેથી જ સંસ્કૃત ભાષાની સરકારી પરીક્ષાઓના વ્યવસ્થિત આયોજનો શરૂ થયા ત્યારથી જ તેની સાથે જોડાયેલા છે.

પરંતુ આ દેશની પ્રજામા કોઇપણ બાબતમા એકાએક .પલટો લાવી શકાય નહિ, અને જ્યારે તંત્ર દેશી લોકોના હાથમાં અપાયુ એટલે તેને વેગ આપવાથી દેશની પ્રજા તેઓ ઉપરના વિશ્વાસથી ગોઠવેલા ધ્યેયો અને યોજનાઓ આગળ વધે તેમ છે, તથા તેને જેમ જેમ વેગ મળે, તેમ તેમ તે યોજના સવિશેષ સફળ થતી જાય, તેનું મુખ્ય પરિણામ એ આવે કે સંસ્કૃત ભાષા દ્વારા ભારતની ભવિષ્યની પ્રજાની સામે આધુનિકતા જ ખડી થાય. જેથી પરંપરાગત શાસ્ત્રીય વિજ્ઞાનો, કે જે ચાર પુરુષાર્થની સંસ્કૃતિના ઘટતી રીતે પોષણની દૃષ્ટિથી રચાયેલા ગ્રંથોમા છે, તે સદાને માટે જગતની સામેથી ધીરે ધીરે તિરોહિત થતા જાય, તેની પરંપરા, જ્ઞાન પરંપરા, પઠન–પાઠન પરંપરા, જીવનમાં જીવાતા હોવાની પરંપરા :વગેરે તમામ પરંપરાઓ ક્રમે ક્રમે ને ધીમે ધીમે વખત જતાં લુપ્ત જ થતી જાય તેનો આગળ વધતો પ્રવાહ કપાઇ જ જાય, પછી બ્રાહ્મણોના અસ્તિત્વનો કે સાધુ–સંતોના અસ્તિત્વનો પણ શો અર્થ ? ને શો ઉપયોગ ? કેમકે જેને માટે એ વર્ગનું અસ્તિત્વ જગતમાં ઉપસ્થિત છે, તે સંસ્કૃતિ તો મરી પરવારે, તો પછી તેઓના અસ્તિત્વનો શો અર્થ ? પછી અસ્તિત્વ પણ કદાચ ન રહે.

જો કે વચ્ચે વચ્ચે ભારતીય શાસ્ત્રો શુદ્ધરૂપે પ્રસિદ્ધ થાય, તેમાંનાં ઘણા વિદ્વાનો પ્રશંસાપાત્ર પણ જાહેરમા ઠરાવાય, કેટલાક.વિદ્વાનો સંસ્કૃતિઃ અને પ્રગતિઃ એ બન્નેયનુ મિશ્રણ કરે. એ બધું વચ્ચે વચ્ચે ચાલ્યા કરશે. જે ભારતની પ્રજાને ભ્રમણામાં પાડવામાં ઉપયોગી થશે. પરંતુ વાસ્તવિક રીતે તો વિદેશીઓએ ગોઠવી રાખેલા ઉપર જણાવેલા મૂળભૂત ધ્યેયો તરફ જ આખીયે યોજના આગળ વધે જાય. સંસ્કૃત ભાષામાંથી યે છેવટે સંસ્કૃતિ અદૃશ્ય થઇ, કેવળ વર્તમાન ભૌતિકવાદી જીવનની પરંપરા જ જાણવા મળશે. તેવી પરિસ્થિતિ સર્વથા એ સ્વાભાવિક છે. અને " આ શું બન્યુ ?" તેનો

"ખરેખર! આપની આ ગેરંટી આશા-ભરપૂર અને હિંમતવાળી છે. પરંતુ મહાત્મન્! પ્રાચીન શાસ્ત્રોની વાતો હવે ટકી શકતી સાબિત છે ખરી?

"તમારો આ પ્રશ્ન યથાસ્થાને છે. તેમાં શંકા નથી. ચાલુ શાસ્ત્રોમાં સંગત શોધખોળો ઉમેરાય, નવી શોધખોળો થાય, ઉંડા અભ્યાસથી નમ્ર વિદ્વાનોની બુદ્ધિમાં ભાસતા સૂક્ષ્મ અને ઉંચા પ્રકારના પ્રમેયોને પ્રગટ કરનારા વિવેચનાત્મક સાહિત્ય તેના અનુસંધાનમાં તૈયાર કરાય તેમાં કાંઈપણ બાધકપણું માનવાને કારણ નથી. દરેક વિદ્યાઓ એ પ્રમાણે વિકાસ પામે તે ઇષ્ટ પણ છે. પરંતુ તેનું મૂળ ચાર પુરૂષાર્થની સંસ્કૃતિ ટકે, તેને પ્રોત્સાહન મળે, તેને વેગ મળે, તેની ખૂબીઓ સવિશેષ વ્યક્ત થાય તે રીતે તે સર્વ તૈયારી કરવાની રહે છે. જો કે તેમાં સામા પક્ષમાં મળશે, તેમ આજના સાધનો તથા સગવડોઃ મળશે નહિં. તે કાર્યને જૂનવાણીઃ રૂઢિવાદિતાઃ સ્થિતિચુસ્તતાઃ આદિ કહીને હસી કાઢવા, ઉપરાંત તિરસ્કૃત કરવામાં કદાચ આવશે. તેથી તે કાર્ય પરંપરાગત સ્વશક્તિ ઉપર, સામગ્રીના આધાર ઉપર, અને તેની તરફના ઊંચા પ્રકારના સદ્ભાવના બંધનથી કરવાનું રહેશે. કદાચ આધુનિક સાધનોઃ અને સામગ્રીનો ઉપયોગ કરવાનો આગ્રહ પણ કરવામાં આવશે, તે લેવાનું મન પણ થશે, અને તે લેવાથી લાભો પણ નાના-મોટા સાક્ષાત્ દેખાતા હશે. અને તે કદાચ કોઇ કોઇ લેશે પણ ખરા. તો તેમાં મિશ્રણ આવી જશે. મૌલિકતાને ક્ષતિ પહોચશે, પહોંચી હશે. આ પરિણામો અમુક માની લેવાના છે. તેવી કૃતિઓની પ્રશંસા પણ થશે. માટે ધર્મઃ અર્થઃ કામઃ અને

મોક્ષઃ એ ચાર પુરૂષાર્થના જીવન ધોરણના આધાર ઉપર તમામ પ્રાચીન રચનાઓ છે.' તે જ આધારશિલા ચાલુ રાખી તેમાંના પ્રાચીન મૂળભૂત સિદ્ધાંતોને ચકાસી કાયમ રાખવા. તેના અનુસંધાનમાં અવાન્તર સિદ્ધાતોની સ્પષ્ટતા કરવીઃ તેની સાથે સંગત જે જે સત્યો મળી આવે, તે તે જોડી દેવા, તેમાં કશોયે વાધો નથી."

દા૦ ત૦ ભારતનું તો શું પરંતુ જગતભરનું સાંસ્કૃતિક કોઇપણ પ્રાચીન સાહિત્ય ઓછે વધતે અંશે ચાર પુરુષાર્થની સંસ્કૃતિના આદર્શો અને પ્રયોગોથી વણાયેલું છે. પછી તે સંગીતશાસ્ત્ર હોય, શિલ્પશાસ્ત્ર હોય, ઇતિહાસ હોય, વૈદકશાસ્ત્ર હોય, કામશાસ્ત્ર હોય, જ્યોતિષશાસ્ત્ર હોય, સામુદ્રિક કે જાદુગરની વિદ્યાનુંશાસ્ત્ર હોય, અર્થશાસ્ત્ર કે રાજ્યનીતિનું શાસ્ત્ર હોય.

धर्माऽर्थकाममोक्षाणामाऽऽरोग्यमुत्तमं मूलम् । ચરક સંહિતા.
धर्माऽर्थकामेभ्यो नमः । વાત્સાયન કામસૂત્ર.
धर्माऽर्थकाममोक्षाणामुपदेशसंवलितम् ।
कथायुक्तं पूर्ववृत्त-मितिहासं प्रचक्षते ॥ १ ॥ (મળેલા)

એજ પ્રમાણે સંગીત શાસ્ત્રની પણ શરૂઆતમાં જ એ ઉદ્દેશ જણાવેલ છે. પ્રત્યેક શાસ્ત્રો એ દૃષ્ટિથી જ રચાયેલા છે.

દા૦ ત૦ વૈદક શાસ્ત્ર ચાર પુરુષાર્થના આદર્શ તરફ લક્ષ્ય રાખી પોતાના પ્રયોગો બતાવે છે. ત્યારે હાલનું ડોકટરી જ્ઞાન ધર્મઃ અને મોક્ષઃને તો સ્થાન આપતું ન હોવાથી પુરુષાર્થ રહિત કેવળ અર્થ અને કામને સ્થાન આપે છે. એ જ પ્રમાણે સંગીત માત્ર મનોરંજન પૂરતું જ ગોઠવાતું જાય છે. તેમાં આધ્યાત્મિક ભજનઃ કીર્તનઃ વગેરેને સ્થાન નથી હોતું. એ જ પ્રમાણે ગણિત અને તે અનુસાર ફળાદેશ એમ બે વિભાગમાં સાંસ્કૃતિક જ્યોતિષ શાસ્ત્રો હોય છે. ત્યારે આધુનિક પ્રત્યક્ષ જ્યોતિષ પણ માત્ર ગણિતની મુખ્યતાવાળું હોય છે. ભારતની પ્રજામાં તેને લોકપ્રિય બનાવવા સાથે સાથે ફળાદેશો અહીંના શાસ્ત્રોમાંથી લઇને અહીંના પંડિતોની મદદથી જોડેલા હોય છે. પરંતુ ધાર્મિકાદિક બાબતોમાં થતા ફળો બતાવવા, અનિષ્ટ ફળો ન આવે માટે શાંતિના ઉપાયો બતાવવા, એ આજના આધુનિક વિદેશીય સંશોધનના જ્યોતિષ શાસ્ત્રનો વિષય જ નથી. છતાં ચાર પુરુષાર્થના આદર્શો વગરના ફળો બતાવેલા યે હોય છે. એ પ્રમાણે સર્વ શાસ્ત્રો વિષે સમજી લેવું.

આ રીતે સાંસ્કૃતિકઃ અને પ્રાગતિકઃ એ બંનેય પ્રકારના શાસ્ત્રોની રચનાના આદર્શોમાં જ ભેદ હોય છે.

સાંસ્કૃતિક મૂળભુત શાસ્ત્રો, પછી તેના રચનારા જૈનાચાર્યઃ વૈદિકાચાર્યઃ બૌદ્ધાચાર્યઃ પારસીના ધર્મગુરુઃ શીખના કે ઇસ્લામના ધર્મને માનનારા વિદ્વાનો હોય, કે કોઇપણ હોય, કે જે ચાર પુરુષાર્થની જીવન પદ્ધતિને માન્ય રાખતા હોય, તે મૂળ વસ્તુને આધારભૂત રાખીને સારી વસ્તુ તે ગમે તેમાંથી લઇને શાસ્ત્રો રચવામાં કશી હરકત

મૂકી શકે એવું હોય છે, માટે નાની બચતના નાણાં [illegible] છે, ને સારું વ્યાજ આપવાની લાલચ આપાય છે, તો પછી મોટી રકમો તો રકમો રાખી જ કેમ શકાય? તેઓએ તો બેંકના નાણાં મૂકતા જ નથી, અને એ રીતે ભારતીય સાંસ્કૃતિક જીવનને પોષક રીવાજોમા ખર્ચોના નાણાંને શક્ય [illegible] કરવામાં આવે છે, તે અટકાવવાની નીતિ બ્રીટીશોએ ઘણા વર્ષો પહેલાથી બહાર મૂકી છે, અને તેવી રકમના તથા બીજા સામાજિક ખોટા ખર્ચો ન કરવાનો ઉપદેશ ધાર્મિક સામાજિક સુધારાની પ્રચારક સંસ્થાઓ: યુવક સંસ્થાઓ: પુસ્તકો: તથા બીજા સાહિત્ય દ્વારા ઘણા વર્ષો પહેલાથી શરૂ કરાયેલો છે.

પરંતુ કાયદો કરી તેના ઉપર પ્રત્યક્ષ રીતે કડક અંકુશ મુકવાની તૈયારી કેટલાક વખતથી ચાલી રહી છે, તેમા નાની બચત કરવી અને તે સરકાર સંચાલિત નાણા ભંડોળોની બેંકો વગેરેમાં જમા રાખવાની હિલચાલને હળવે હાથે શરૂ કરવામાં આવી છે, આ હિલચાલનું બ્રીટીશોના વખતથી શરૂ થયેલુ આ બીજ તેમના લોખંડી ચોકઠાને આગળ વધારનારી વારસદાર સરકાર આજે વેગ આપી રહેલી છે. દરેક હળવી શરૂઆતોના મૂળમાં ધ્યેયો કેવા હોય છે? તેના દૃષ્ટાંતો માત્ર આ છે.

કન્યા કેળવણીને નામે શરૂ કરાયેલા આધુનિક શિક્ષણની શરુઆત–"પતિનો પ્રેમપત્ર બિચારી સ્ત્રી કે કન્યા ખાનગીમા વાંચી શકે, તથા પોતાના મનોભાવ ભાગીતુટી ભાષામા પણ પતિને મોકલાતા પત્રમા પોતાની ઇચ્છા પ્રમાણે વ્યક્ત કરી શકે, વગેરે માટે લખવા-વાચવા જેટલું તો ભણાવવું જોઇએ." એવી હળવી દલીલોથી કરાયેલી શરુઆતથી આજે પરિણામ ક્યાં સુધી પહોચ્યું છે? "કન્યાઓએ રસોઇ વગેરેનું પણ પદ્ધતિસર શિક્ષણ

નિશાળમાં લેવું જોઇએ." એ તો કદાચ ઠીક, "હવે આજે અનાજની તંગી હોવાથી, તથા "પ્રોટીન" તત્ત્વોની પ્રજાને સશક્ત થવા માટે જરુર હોવાથી તે લોકોએ લેવા જ જોઇએ." તેમજ "ઇંડા તો ફળરૂપ છે. માટે સ્ત્રીઓએ, કન્યાઓએ રસોઇમાં ઇંડા તથા માંસ-મચ્છી રાંધતા શીખવું જોઇએ, 'અને તેની સૂગ રાખવી ન જોઇએ." એમ સૂગ ન રાખવાનું એક વખતના ખોરાક પ્રધાન **શ્રી·કનૈયાલાલ મુનશીએ** પોતાના ભાષણમાં સૂચન કર્યું હતું. એ બધું તો માત્ર જે રાજ્યને કરવાનું હોય છે, તેની સાદી જાહેરાત પ્રજા સામે કરાવી દેવાની હોય છે. તેનો અમલ કેવી મક્કમ યોજનાઓથી કરાવાય છે? તે માટે નીચેના અવતરણથી ખ્યાલમા આવશે—

"विगत ११ फरवरी सन १९५९ को ने स्थानीय सेकन्डरी स्कुलने गृहविज्ञानकी प्रेक्टीकल परीक्षा ली। आपने लडकीयोको कोई अण्डेकी सामग्री वनाने के लिये दी। प्रधानाचार्यने उन्हे कोई अन्य विकल्प देने को कहा, किन्तु वह अपनी वात पर अडी रही। शाकाहारी छात्रोंये रोई, किन्तु परीक्षिका महोदय नहीं पिघली" *

પરીક્ષાની ફરજ સરકારી હુકમોઃ આદેશોઃ અથવા હેતુઓનો અમલ કરવાની હોય છે. અહીં મુદ્દો એક જ છે, કે-પ્રાથમિક શરૂઆત રોચક અને કેટલી હળવી હોય છે, અને તેના પરિણામ કેટલા મોટા પ્રમાણમા જુદા જ લાવવાના હોય છે? તે ધ્યાનમાં લેવા આ અવતરણ ઉપયોગી છે, સ્ત્રીસ્વાતંત્ર્યની હિલચાલનું મોટા પ્રમાણમા આવનારું જુદું જ ભાવિ પરિણામ એ છે કે—ભારતીય સ્ત્રીઓ પરંપરાગત મર્યાદાઓનું રક્ષણ કર્યા વિના ખુલ્લી રીતે વ્યભિચાર યા મૈથુન ક્રિયાઓ કરતી-કરાવતી હશે, ને તે પ્રતિબંધ યોગ્ય ગણશે? કે કેમ? એ સંશય પડવા લાગશે. કેમ કે પતનને માર્ગે લઇ જવાતી પ્રજાની સ્થિતિ ક્યાં જઇને અટકે? તે કહી શકાય નહિ. રૂરકેલા કારખાનાઓમા કામ કરતી હિંદી મજુર સ્ત્રીઓ તરફના ત્યાંના વિદેશીય ઇજનેરોઃ તથા બીજાઓના વર્તનના છાપામાંના હેવાલોમાંથી અતિશયોક્તિ બાદ કરીયે, તો પણ એ દિશામાં ભારતની મર્યાદા-શીલ સ્ત્રીઓ માટે ઘણું ચોંકાવનારું જાણવા મળે તેમ છે. તે ઉપરથી હજી ભવિષ્યમા ભારતીય સ્ત્રી-પુરૂષોના ચારિત્રની ઉતરતી કક્ષાની પરાકાષ્ઠા ક્યાં સુધી પહોંચશે? તેની ચિંતા કોઈ પણ સહૃદયને થયા વિના રહેતી નથી. કાયદાથી ગમે તેટલું નિયંત્રણ મૂકાય, પરંતુ સ્ત્રી-પુરૂષોના માનસમાં મર્યાદાના પાલનની જે તમન્ના પરંપરાગત રીતે દૃઢ-મૂળ રીતે ચાલી આવે છે, તે તુટી ગયા પછી તેના માનસની શી સ્થિતિ? અને તેના ચારિત્રની શી સ્થિતિ? આ પ્રશ્ન છે.

લાજ-પડદા-પદ્ધતિ કાઢી નાખવામાં સ્ત્રીઓ ઉપર દયા કરવાની ભાવના આગળ કરવામાં આવે છે. પરંતુ તેનું ભાવિ પરિણામ તદ્દન બે-શરમીમાં ન આવે, તેની બાંહે-ધરી કોણ આપી શકે છે? એ ભાવિ ભયંકર સ્થિતિ ન થાય, માટે તેનો વિરોધ કર-

---

* નામ ખાલી રાખવામા આવેલા છે. કેમકે-આપણે વ્યક્તિ સાથે સંબંધ નથી. શિક્ષણને નામે તંત્ર પોતાના હેતુઓની સફળતા માટે ક્યાંસુધી પહોંચેલ છે? તે પરિસ્થિતિનો ખ્યાલ આપવા પૂરતુ આ અવતરણ છે.

... સંસ્કૃતિના ભાગીદાર થઈ શકીએ. એમ અમારો આગ્રહ છે.

‘આપના અભિપ્રાયમાંથી અમોને ઘણું શિખવાનું અને જાણવાનું મળી શકે છે. તે માર્ગે જ આપણું જોવું રહ્યું છે.’

પારસી ધર્મીઓ પ્રત્યે—

મહાત્મન્! અમારા ધર્મના આદ્યપ્રણેતા શ્રી અષો જરથોસ્તનો ઉપદેશ ભારતીય ધર્મના ઉપદેશ સાથે ઘણો જ મળતો આવે છે. તેનું ખંડન કરવાથી કશો લાભ જણાતો નથી. અમારામાં પારસી બ્રાહ્મણો છે. તે અમારા જીવનના જન્મ: વિવાહ: વગેરે સંસ્કારોની ક્રિયા કરાવે છે. તથા બીજી ઘણી રીતે ભારતીય ધર્મોની સાથે સમાનતા અમારા ધર્મમાં છે.”

“મહાનુભાવો! અમારી ઇચ્છા કોઇને માન્ય આત્મવાદી ધર્મનું ખંડન કરવાની લેશમાત્ર નથી. અમે તો ત્યાં સુધી કહીએ છીએ કે જેનો જે વારસાગત ધર્મ હોય, તેનું એક પણ અપવાદ વિના દરેકે દરેક સ્ત્રી-પુરુષોએ ચુસ્તપણે યથાશક્ય રોજ પાલન કરવું જ જોઈએ. બાળક: બાલિકા: ને તેના પ્રથમથી જ સંસ્કાર પડે, અને તે ભવિષ્યમા વિકાસ પામે તેમ કરવું જોઈએ. પણ હાલનું શિક્ષણ લીધા પછી તે સંસ્કારો કરમાઇ જાય, કે સર્વથા ઉચ્છિન્ન ન થઈ જાય, તેની તકેદારી મા-બાપોએ: ધર્મગુરુઓએ: અને ધાર્મિક હિતોનું સંચાલન કરનારાઓએ: પૂરતી રીતે રાખવાની જરૂર છે. વર્તમાન રાજ્ય-

તંત્ર પાસેથી તે આશા નકામી છે. કારણ કે તેના આદર્શો જુદા જ પ્રકારના છે. માટે લોકોએ વધારે સાવધ થવાનું રહે છે.

જગતમાં જેટલા પણ આત્મવાદના પાયા ઉપરના ધર્મો છે, ધર્મસંસ્થાઓ છે, તે સઘળાંયે આધ્યાત્મિક વિકાસમાર્ગના કેટલાક સિદ્ધાંતોઃ અને તદનુકૂળ જુદા જુદા આચારોઃ ઉપર રચાયેલા છે. તેથી તેમા ફેરફાર હોય; ભલે તેમાં આકારભેદ હોય, ભલે તેમાં ઓછી-વધતી યોગ્યતા હોય, પરંતુ તે સર્વે અંશે અંશે માર્ગાનુસારી હોવાથી, તે સર્વથા ખંડનને પાત્ર નથી. માત્ર જ્યારે તુલનાઃ સિદ્ધાંતોની વિશિષ્ટતાઃ એના આચારોના વિશિષ્ટ પરિણામોની વિચારણાઃ ચર્ચાઃ કરવાની હોય, ત્યારે તત્ત્વ સમજવા-સમજાવવા માટે દરેકના ગુણદોષ તથા ઉતરતી કક્ષાપણું કે ચડીયાતી કક્ષાપણું બતાવવાનું રહે છે. તેને ખંડન-મંડન શબ્દ બોલો કે યોગ્ય તુલનાઃ સમન્વયઃ અને સ્વરૂપ નિરૂપણઃ કહો, જે કહેવું હોય તે ખુશીથી કહો.

તમે પારસી ભાઈઓ ધર્મ ખાતર દેશ છોડીને; માલ-મિલ્કત છોડીને; આ દેશમાં આવ્યા, ને સંજાણ બંદરે ઉતર્યા, ત્યારથી તમારા ધર્મપ્રેમથી અમારી આર્ય પ્રજાના દિલમાં તમારા તરફ હંમેશાંને માટે સદ્ભાવના રહી છે. તેથી જ તમને આ દેશમાં અપનાવી લેવામાં આવ્યા છે, અને તમે તમારા વડવાઓની એ જાતની વફાદારી જાળવી રહ્યા છો, તેને સૌ આનંદનો વિષય માને છે. પરંતુ આજે વિદેશીય સ્વાર્થી પ્રચારઃ તેના સ્વાર્થ ખાતર ભૌતિક વિજ્ઞાનના પ્રચારઃ તથા બીજી લાલચોથી તમારાયે ઘણા યુવાનો અને શિક્ષિત ગણાતા લોકો તેઓના હથિયાર બની, ધર્મસંસ્કૃતિના વિરોધના તત્ત્વોને ટેકો આપી, પરિણામે મહાસંસ્કૃતિના રક્ષણને ધક્કો ન પહોંચાડે, એ બાબત તમારા આગેવાનોએ ભારતીય આર્યમહાપ્રજા અને સર્વ ધર્મવાદી પ્રજા તરફ જાળવવાની વફાદારી અને એકસંપીની દૃષ્ટિથી ખાસ જાગૃત્ રહેવાનું છે. નહિતર, જાણતાં અજાણતાં તમારા સંતાનોથી યે આપણાં સૌના હિતનો દ્રોહ થઇ જશે. તેના બીજ રોપાઇ ચૂક્યા છે. અંકુરા ફુટી રહ્યા છે, ને તેનું વિષ ફેલાઈ ગયા પછી કોઇ ઉપાય રહેશે નહિ. કારણ કે ધર્મથી આજે બીજો કોઇ પણ ફાયદો હોય, કે ન હોય તે વાત બાજુએ રાખીયે, તો પણ આજની વિદેશીયોની સ્વાર્થભરી સાઠમારીમાંથી આપણું સૌનું રક્ષણ કરનાર ધર્મ સિવાય બીજું કાંઇપણ સાધન નથી. અને તે એક જ આપણું સૌનું સમાન રક્ષક સાધન છે.

"ટુંકો પણ આપશ્રીનો આ ઉપદેશ ઘણો કિંમતી છે. અને અમારા અનન્ય હિતનો છે, જે ધર્મની રક્ષા માટે અમે અહીં ભાગી આવ્યા, તેજ જો ભવિષ્યમાં અમારાં કોઇપણ સંતાનો ખોઇ બેસતા જાય, તો ખરેખર અમો સર્વસ્વ ગુમાવી બેસીએ. અને અમારૂં ઘચ્યું સોનું ધૂળ મળે."

ઇસ્લામીઓ પ્રત્યે—

"મોટા મોટા ફકીરો અને ઓલીયા પુરુષોના જીવન ચરિત્રો તપાસતાં તેઓ ખરેખર પોતાની રીતે મહાપુરુષોના માર્ગમાં ચાલનારા અને ચલાવનારા નાના-મોટા આત્માર્થિ અને માર્ગાનુસારી મહાત્માઓ હતા." એમ જણાઈ આવે છે. ઇસ્લામના પ્રચાર માટે

માંથી પોત-પોતાના ધર્મમાં દાખલ થવા આવનારા લોકોને તત્કાળ પોતાના ધર્મમાં દાખલ પણ ન કરવા. જે ધર્મ છોડીને આવતા હોય, તેના આગેવાન ધર્મગુરુની રીતસરની પરવાનગી જો મળી હોય, તો અને જો દાખલ કરવાને લાયક હોય તો જરૂર દાખલ કરવા, નહીંતર નહીં. એ જ પ્રમાણે જેની ઇચ્છા અમુક ધર્મ છોડીને બીજા ધર્મમાં કે સંપ્રદાયમાં જવાની હોય, તેઓના ધર્મપરિવર્તન કરવાના કારણોમાંની અનુકૂળતાઃ પ્રતિકૂળતાઃની તપાસ કરવી તેમને સમજુતી આપવી; પ્રતિકૂળતા દૂર કરવી; વગેરે ઘટતા ઉપાયો કરવા છતાં જો તે રહેવા ખુશી ન હોય, તો તેને જવાની પરવાનગી પણ રાજી-ખુશીથી આપવી જોઇએ. કારણ કે ધર્માન્તર કરવાની કુદરતી ઇચ્છાને રોકવી વ્યાજબી ન ગણાય. તેમજ બીજા ધર્મમાં જનારે માત્ર ધર્મનો લાભ લેવા ખાતર જ ધર્માન્તર કરવું જોઇએ. પણ સામાજિકઃ આર્થિકઃ કે એવા દુન્યવી લાભની લાલચે હરગીજ ધર્માન્તર ન કરવું જોઈએ. ન કરવા દેવું જોઇએ. ધર્માન્તર કરવા આવનારની એ પરીક્ષા પહેલી કરવી. અને તેને જ સ્પષ્ટ જણાવવું કે-" ધંધો કે સામાજિક સંબંધો બાંધવાની કે બંધાવી આપવાની જરા પણ જવાબદારી અમારા ઉપર સમજવાની નથી. તેથી તમને કષ્ટ પડે, તો ધર્મનો લાભ મેળવવા ખાતર તમારે વેઠી લેવાની તૈયારી હોવી જ જોઇએ. તમે ધંધાનોઃ અને કન્યાવ્યવહારાદિકનો તમારા જે ધધાદારી અને સામાજિક પ્રબંધો ચાલતા હોય તે ચાલુ રાખી શકો, ને ધર્મનું પાલન કરી શકો, અથવા જેની સાથે ઘટે તેની સાથે પરસ્પરના મેળથી સંબંધ સીધી રીતે બાંધો, તેમાં ધર્મક્ષેત્ર હસ્તક્ષેપ કરશે નહીં, તેમજ ધર્મવિજ્ઞાને પસંદ કરેલા ઉંચા ધંધા અને ઉંચી સામાજિક સ્થિતિને ધર્મક્ષેત્ર પણ હંમેશાં પસંદગી આપતું હોય છે. કેમ કે-એ ધર્મક્ષેત્રની મર્યાદામાં આવે છે." ઇત્યાદિ પોતાના ધર્મમાં પ્રવેશ કરાવતાં પહેલાં સ્પષ્ટ સમજાવવું તથા બીજી કસોટીઓ યે કરવી.

આ વ્યવસ્થાથી ખોટી રીતે ધર્માન્તર કરવા-કરાવવાનો, અને એ રીતે જગત્ના ધર્મક્ષેત્રમા જે અરાજકતા ઉભી કરવામાં આવી છે, તેનો સહજરીતે જ અંત આવશે. ખોટી ખેંચાખેંચી અને ધર્મોમાં ચાલતા વૈમનસ્યોનો જુવાળ બેસી જશે. તેમજ ઘટતા ધર્માન્તરને ઉચિત અવકાશ મળી રહેશે. જો સૌ પોતપોતાના ધર્મનું પાલન વફાદારી-પૂર્વક ચૂસ્તપણે કરશે, તો જીવનમા જડવાદને પ્રવેશવાનો જરાપણ અવકાશ મળશે જ નહિ. સાચી વિશ્વ-શાંતિ જળવાઇ રહેશે, અને ચિરસ્થાયી બનશે.

માની લ્યો કે-" આત્મા નથીઃ મોક્ષઃ કે નિર્વાણ નથીઃ પરભવ નથીઃ પરમાત્મપણાને સ્થાન નથીઃ માત્ર, ભૌતિક વિજ્ઞાનના આધાર ઉપર ઘડાયેલા જીવનધોરણો પ્રમાણે જીવવું એજ માનવજાતનાં એકંદર હિતમાં છે." એ વાત જો ઉપર જણાવેલા ધર્મગુરુઓના ગ્રુપના દરેકે દરેક ધર્મગુરુને સમજાય, સારી લાગે, તો તેઓ જ એ વાત પોતપોતાના અનુયાયિઓને સમજાવીને ધર્મો છોડાવી દે, અને આખું જગત ભૌતિકવાદી બની જાય. અને જો તે ધર્મગુરુઓ આ વાત ન સ્વીકારે તો તેને માટે કોઈએ હુજ્જત ન કરવી જોઇએ.

પાકીસ્તાનની રચના આંતરરાષ્ટ્રીય દાવપેચની એક ચાલ માત્ર છે. હિન્દુ પ્રજાને ચાંપમાં દબાવી રાખવા માટેનું ગૌરી પ્રજાનું એ એક હથીયાર છે. આત્મવાદી ધર્મોના કેન્દ્ર ધર્મો ધરાવતી હિન્દુ પ્રજા ઉંચી-નીચી થાય અને ગૌરાંગ પ્રજા સામે માથું ઉંચકવા જાય, કે તેની સામે ઈસ્લામી બળોને છૂટા મૂકવામાં આવે, એટલે તેને પોતાની સલામતી સંભાળવામાં પડવું પડે.

આ રીતે ધર્મનું રક્ષણ કરનારા ભારતના બે બળો રોજ આજે પણ પરસ્પર જાહેર કે ગુપ્ત રીતે સંઘર્ષમાં રહ્યા જ કરે. જયારે તેઓ એક સંપી જાળવે, તો બૌદ્ધ પ્રજા ચીનને પણ એકસંપીમાં જોડાવું જ પડે. તો ખ્રીસ્તી એકલી ગોરી-પ્રજા, ત્રણેય પ્રજાઓને અને તેમના દેશો વગેરેને ભવિષ્યમાં ગળી જઈ શકે નહીં. એટલું જ નહીં પણ તેને ય સુધરી જવું પડે. અંગત સ્વાર્થ છોડીને માનવ-જાતના સાચા હિતમાં સામેલ રહેવું પડે જ.

આનું આડકતરું પરિણામ એ આવશે કે જેમ ભારતમાં ચાર પુરુષાર્થનું બંધારણ ખસેડી દઈ પુરુષાર્થ નિરપેક્ષ બંધારણ લોર્ડ વેવેલ ભારતીયોને જ આગળ રાખીને કરાવી શકયા તેમ પાકીસ્તાન શરૂઆતમાં ઈસ્લામ ધર્મને તો છોડી શકશે નહીં જ, પરંતુ ધર્મ શિવાયની બાબતોને ધર્મ નીચેથી સરકાવી લઈ પ્રાગતિકતાના મિશ્રણવાળું બંધારણ કરવામાં આવશે. અને તેનો ચેપ ઈસ્લામી જગતમાં ફેલાતો જાય એ સ્વાભાવિક છે. જેથી વખત જતાં ધર્મનિરપેક્ષ યાને ચાર પુરુષાર્થના આદર્શ વગરનું બંધારણ ભવિષ્યમા ઈસ્લામી જગત્ માનતું થાય, અને પછી તો વિશ્વના સાર્વભૌમ એક તંત્રનું એક બંધારણ વિશ્વભરના વ્યાપક થતા (જે અમેરિકામાં તૈયાર થતું હોવાના સમાચાર પ્રથમ બહાર આવ્યા હતા) તેમાં દરેક બંધારણો ગતાર્થ થઈ જાય જ. એ સહજ છે."

બૌદ્ધ ધર્મીઓ પ્રત્યે—

"બૌદ્ધ ધર્મ ભારતમાં પ્રચાર પામે, તેની અમને જરાપણ ઈર્ષા નથી કારણ કે તે ભારતની જ એક વસ્તુ છે. તે પાછો આવે, તેમાં ઈર્ષા કરવાનું શાને હોય? ખુશી થવાનું હોય. અને કદાચ ભારતમા ન આવી શકે તો ભારતના પ્રાચીન ધર્મ સાથે એકસંપીથી વર્તવામાં આવે તો પણ ઘણું છે.

પરંતુ એ સર્વ ઉચિત ધોરણેઃ ન્યાયસર અને સ્વાભાવિક રીતેઃ હોવું જોઈએ. આજે તો ભારતની વર્તમાન સરકાર બૌદ્ધ ધર્મને એવી રીતે ટેકો આપે છે, કે જે રીતો બ્રીટીશો ગોઠવતા ગયા છે. અને ખ્રીસ્તી ધર્મગુરુઓ જેમા વેગ આપી રહ્યા છે. તે ગોઠવણ એ છે, કે જૈનઃ અને વૈદિકઃ ધર્મનું બળ હત-પ્રહત કરવા ભારતના પ્રાચીન એક ધર્મને—બૌદ્ધ ધર્મને આગળ કરીને ભવિષ્યના ખ્રિસ્તીધર્મના મોટા પાયા ઉપરના પ્રચારને માટે ઘણી જ સરળતા થાય, માટે આપણી દૃષ્ટિથી તે ભયંકર વસ્તુ છે.

"વૈદિક ધર્મ મુખ્ય ધર્મ છે, ને જૈનઃ તથા બૌદ્ધ ધર્મ તેની શાખારૂપમાં છે. ત્રણેયની સસ્કૃતિ એક છે." એમ કહી, ત્રણેયની શિક્ષણ સંસ્થાઓ દ્વારા ભવિષ્યના

પરંતુ તેનો અર્થ ગૌરાંગ પ્રજાના હિતના આધુનિક આંતરરાષ્ટ્રીય આદર્શોના રૂપમાં ફેરવી નાખીને તેનો પ્રચાર થવા દેવામાં આવે છે. જેમ જેમ પંચશીલ શબ્દ લોકોને મોઢે પ્રથમ વ્યાપક થતો જાય, તેમ તેમ યુરોપીયનોની વ્યાખ્યા મુજબના તેના ફળો તેઓને મળતા જાય, તે જાતની ગોઠવણ અમલમાં આવ્યા પછી, યુનોની સમ્મતિ અને ન સમજાય તેવી ગૂઢ પ્રેરણાથી સામ્યવાદી ચીનના વડા પ્રધાનના હૃદયમાં તેનો વ્યાપક પ્રચાર કરવાનુ ઠસાવવામાં આવ્યુ હતું. તેણે ભારતના વડા પ્રધાનના કાનમાં વાત કરી, એટલે ભારતને વર્તમાન કૃત્રિમ વિશ્વશાંતિના પ્રચારનું કેન્દ્ર બનાવવા વિશ્વશાંતિના પ્રચારક તરીકેનુ બિરુદ ભારતને જીતાડરાવ્યુ છે. અર્થાત્ ગૌરી પ્રજાના લાભના આદર્શની વિશ્વશાંતિના પ્રચાર માટે ભારતનો ઉપયોગ કરવા માટે નેહરૂજી દ્વારા તેનો પ્રચાર કરાવાય છે.

માર્શલ ટીટોઃ તથા મી. બુલ્ગાનીન ને મી. કૃશ્ચેવે આવીને તેને નાચી-કુદી હસી-હસાવીને તેઓ વેગ આપવા લાગ્યા હતા. તેમ તેમ ભારત ફૂલાતુ ગયું, અને "રૂસ હિંદ ભાઈ ભાઈ" ની ઘોષણા કરવા લાગ્યુ. (૧) પારકો ધાર્મિક શબ્દ પોતાનો બનાવી, (૨) તેનો ચીની આગેવાન મારફત પ્રચાર કરાવી, (૩) પોતાના પક્ષના બીજાઓ દ્વારા તેની પાછળની ભાવનાઓની પ્રશંસા કરાવી, (૪) તેના પ્રચારને ભારત દ્વારા વેગ આપવાની ખૂબી આ રીતે ગૌરાગ પ્રજાના મુત્સદીઓએ અજમાવી લીધી છે, આવા આવા અનેક ધ્યેયોથી કલકત્તામાં મહા-બોધિ સોસાઇટી સ્થપાવી. ભારતવાસીઓને તેના કાર્યવાહકો અને સંચાલકો થતા રહેવા દઈ, અનેક રાજ્યદ્વારી નિશાનો અને લક્ષ્યોઃ સર કરવામાં ગૌરાગ પ્રજા સદા-તત્પર રહે છે.

"આપનું સાંભળતા અમારા કાન ચમકી જાય છે. અમને આશ્ચર્ય થાય છે, કે- "ધર્મનિરપેક્ષ રાજ્યમાં બૌદ્ધધર્મનું આટલું બધું માન કેમ? કેમ કે-બહુમતની લોકશાહીમાં પ્રજાનો મોટો ભાગ હજી વૈદિક ધર્મ માનનારો છે. તેનું કાંઇ ચાલતું નથી. આગળ પડતો ભાગ જૈનધર્મના અનુયાયીઓનો છે. તેઓનું કાંઈ ન ચાલતા બૌદ્ધ-ધર્મને અસાધારણ ટેકો મળતો જાય છે. એટલે કે પ્રજાના બહુમતનો ટેકો તેને મળતો જાય છે. આ લોક-શાસન કેવું? જેથી બૌદ્ધ-ધર્મ ન પાળે છતા, મોટો ભાગ ન સમજે છતાં તેના બહુમતથી ભારતમાં બૌદ્ધધર્મના પ્રચારને ખૂબ વેગ મળ્યે જાય; તેનું અમને પણ આશ્ચર્ય થાય છે."

"તેમાં આશ્ચર્ય પામવા જેવુ કંઇ જ નથી પૂર્વના બ્રીટીશ વાઇસરોયે વ્યાપારી સંબંધો બાંધી અને ખાસ કરીને લોર્ડ લીનલીથગોના સમયથી સર રાધાકૃષ્ણ સર્વપલ્લીજીનો ઉપયોગ કરી, આ જાતનું ભાવિ સર્જવા પૂર્વ ભૂમિકા સરકારી દફતરે ગોઠવવામાં આવી છે જે આજે પલ્લવિત થઇ રહી છે. શ્રી દલાઇ લામા યુનસ્કોના ઉપક્રમે એક મહિનાના કાર્યક્રમમાં ભારત સરકારના આમંત્રણથી પંચન લામા સાથે ભારત આવ્યા હતા; ત્યારે જ યુનસ્કોના વ્યાપક કાર્યક્રમમા બૌદ્ધ-ધર્મને પણ સાંકળી લેવામાં આવ્યો હતો. એટલે કે—

(૫) ઈસ્લામ ધર્મના ખલીફા અને તુર્કસ્થાનના બાદશાહ એક જ હોવા છતાં લોર્ડ કર્ઝનના બુદ્ધિબળના ભોગ બનેલા મુસ્તફા કમાલપાશાને આગળ કરીને તે કેન્દ્ર એજ મુખ્ય સ્વરૂપમાં આજે રહી શકયું નથી.

(૬) હવે બૌદ્ધ-ધર્મના દલાઈ લામાનું તિબેટમાં એવું જ કેન્દ્રભૂત સ્થાન હતું, તેને રશિયાની સહાયથી સામ્યવાદી ચીનદ્વારા ડગમગાવી દેવામાં આવ્યું છે. અને શ્રી પંચન લામાનો તેમાં આડકતરો ઉપયોગ કરવામા આવ્યો. જેમ અમદાવાદના નગરશેઠને સ્થાને તેની જ જ્ઞાતિના કુટુંબના સદ્‌ગૃહસ્થને અમદાવાદના મેયર તરીકે રાખવામાં આવ્યા. જગતશેઠના ભારતવ્યાપિ મહાજનના પ્રતિનિધિ તરીકેના અધિકારની સામે મી૦ હ્યુમે કોન્ગ્રેસ સંસ્થાઃ અને વાઈસરોય લોર્ડ રીપને આધુનિક મ્યુનિસિપાલીટીઓઃ અને લોકલ-બોર્ડોનું બળ સ્થાપિત કર્યું. તે દરેકમાં ઉપયોગ ભારતવાસી ભાઈઓનો જ-એટલે કે-પોતાનાજ જાત ભાઈઓનો કરવામાં આવ્યો હોય છે. આમ વિદેશીય સત્તાઓ પરસ્પર મળેલી હોવા છતાં બહારથી જુદી જુદી હોવાના દેખાવથી તટસ્થપણે રહી એકીસાથે ઘણાં ધ્યેયો પાર પાડી શકે છે.

બૌદ્ધ-ધર્મમાં પ્રવેશ કરવાનો આડકતરો ઉપદેશ મોટેભાગે ભારતમાં ન સમજાય તેવી રીતે ખ્રીસ્તી પાદરીઓ આપતા હોવાનું માની લેવામાં અતિશયોક્તિ જણાતી નથી. અથવા બહારથી બૌદ્ધ થયેલા યુરોપીય ગૃહસ્થોના પ્રચારથી નવાનવા બૌદ્ધ થતા જણાય છે. એવી શંકા એક વખત તેમણે **સારનાથના** બૌદ્ધ ધર્માચાર્ય ઉપર ૧૦૦૦ બૌદ્ધ બનાવ્યાના, ૫૦૦ બૌદ્ધ બનાવ્યાના કેટલાક તારો આવેલા હતા. તે જાણવા ઉપરથી થઇ હતી.

આ વિચારણા શ્રી **રાજગૃહી** પાસેના વૈભારગિરિ આદિની યાત્રા પ્રસંગે માર્ગમાં મળેલા બૌદ્ધ-ભિક્ષુઓ સાથે ચાલતાં ચાલતાં થતા છેવટે જણાવ્યું, કે "ભિક્ષુઓ! જો તમે બૌદ્ધ-ધર્મ તરફની વફાદારી જાળવવા ઇચ્છતા હો, તેને ટકાવી રાખવા ઇચ્છતા હોય, તો આજના યુરોપીય આદર્શના સાહિત્ય પ્રચારઃ ધર્મ-પ્રચારઃ તથા બીજી લાલચોમાં ન ફસાઓ, તે હિતાવહ છે. તે બાબતો માત્ર બૌદ્ધ-ધર્મને જ નુકશાન કરશે એમ નહીં, ધર્મમાત્રને-એકંદર આત્મવાદી સર્વ ધર્મને અથવા મહાધર્મનેય હાનિ કરશે, એમ અમારી ચોક્કસ સમજ છે. શું આજે એક તરફ ભૌતિકવાદ પ્રસરતો જાય છે અને બીજી તરફથી જનસમાજમાં ધર્મની ખરી ભૂખ લાગી હોય, એમ માનવુ યોગ્ય અને સંભવિત છે? નહીં જ. માત્ર કૃત્રિમ રીતે યુરોપીય સ્કોલરો અને મુત્સદ્દીઓ તે તે ધર્મના નાના મોટા લોકોને અને વિદ્વાનોને આગળ કરીને, ધન અને રાજ્યની શક્તિના જોરથી જગતને બતાવી શકાય છે. આ રહસ્ય જો તમારે ગળે ઉતરતું હોય, તો દરેક ધર્મના મૂળભૂત પરંપરાગત આગેવાનોદ્વારા, એકસંપીમાં રહો અને સર્વ ધર્મગુરુઓના કેન્દ્ર સાથે મળો, શિવાયની લાલચોમા અને નવા અનુયાયિ વધારવની યુક્તિઓમાં ન ફસાઓ."

આપની આ સૂચના અમને સોનેરી લાગે છે. અમારા આગેવાન ગુરુઓને જણાવી દસાવીશું.

૧ (૧) ભારતમાંની કોંગ્રેસ વિગેરે નવી ઢબની મુખ્ય અને (૨) બીજી ઘણી સર્વોદયની સંસ્થાઓ બહારનાં આદર્શો અને હિતોના પ્રચારક અને સાધક બળો કેવી રીતે છે? તેને સન્માર્ગે દોરવની. (૩) વિદેશીય હિતો માટે થતો દેશી વેપાર અને ખેતીમા પલટો (૪) ભારતીય સમાજવ્યવસ્થામાં આજના સામાજિક પરિવર્તનો કરવાનાં રહસ્યો.

૨ ભારતની પ્રજાના જીવનમાં સર્વ દિશાએથી પ્રવેશ કરતું લોખંડી ચોકઠાનું રાજ્યતંત્ર અને તેનું ભૌતિકવાદી નવુ બંધારણ પણ બહારની એક વસ્તુ છે.

૩ લોખંડી ચોકઠાની પાછળ બહારના બળોના દોરીસંચારો કેવા કેવા થતા રહેલ છે?

૪ ખ્રીસ્તી ધર્મ-ગુરુઓ-પાદરીઓના ધર્મ-પ્રચારની પાછળ બીજા બીજા શા શા હેતુઓ છે?

૫ આધુનિક ભૌતિક વૈજ્ઞાનિકો અને આધુનિક વિજ્ઞાનના શા પરિણામો? અને શી શી અસરો છે?

૬ વિશ્વન્યાયના મૂળઃ અને તેના મુખ્ય જોખમદારો.

૭ સર્વ મુખ્ય ધર્મોના મુખ્ય ધર્મ-ગુરુઓના મુખ્ય ખાસ પ્રતિનિધિઓના કલ્યાણકારી વિચારો અને નિર્ણયો કેવા હોય?

૮ શિષ્યોને મહત્ત્વનો સદ્બોધઃ તદ્દન નિવૃત્ત જીવનની સાધના અને ઉપસંહારઃ

આ આઠ વિશ્વવ્યાપક મુખ્ય મુદ્દાઓ દ્વારા વિશ્વકલ્યાણના ભાવિ માર્ગોની વિચારણાઃ અને આજે તે સર્વથી કેવી રીતે જનતા ઉલટે માર્ગે જઇ રહી છે? તેનો ખ્યાલ આપવાનો રહેશે.

(૧) ભારતમાંની કોંગ્રેસ વગેરે નવી ઢબની નાની-મોટી સંસ્થાઓઃ તેના આદર્શોઃ અને પ્રયાસોઃ બહારના હિતોના સાધકઃ અને પ્રચારક બળોઃ કેવી રીતે છે?

૭ **અંતિમ ઉપદેશ:** મહાનુભાવો! અમારે કોઈ પણ દેશ–વેશ–નાત–જાત–કુટુંબ–સગાં–સ્નેહી–ભક્ત–અભક્ત–માનવ કે ઇતર પ્રાણી પ્રજા કે રાજા: કોઇપણ તરફ પક્ષપાત રાખવાનો નથી હોતો. તે સર્વનો અમોએ ત્યાગ કર્યો હોય છે, રાગ–દ્વેષ વિના સર્વ તરફ યથાશક્ય હિતકર વાત્સલ્ય જ રાખવાનું હોય છે. તેથી તમો પણ માનવજન્મ પામ્યા છો, તેને મહાપુરુષોને પગલે ચાલી સાર્થક કરો. ઉત્તમ માનવજીવનને ઉન્માર્ગે દોરવી તથા જાતે દોરવાઇ નિષ્ફળ ન બનાવવું જોઇએ. તમારી પરિષદો સંસ્થાઓ અને સમ્મેલનોમાં આ જાતનું પરિવર્તન લાવો. ભારત જેવા દેશમાં આ જાતની તમારી પરિષદોની યોજનાઓ પાછળના હાથોથી થતી હોવાથી "તેની તૈયારીઓનાં રહસ્યો આ દેશના મર્મજ્ઞ લોકો પણ નથી સમજતા" એમ તમારે ન માનવું જોઇએ. રાજ્યસત્તાના સંચાલકો તમારી અસર તળે આવતા ગયા છે, એટલે એ બધું ચાલી શકે છે. તે પરિષદોના હેતુઓ એ છે કે–"આ દેશની પ્રજાને ધર્મવિરૂદ્ધ કરતી જવા સાથે ભૌતિક વિજ્ઞાનને પ્રશંસતી કરવાનો. તથા ભૌતિક સાધનોનો તમારી પ્રજાના લાભો માટે તેનો ચાહ મેળવી લેવાની ભાવિ આશાઓ સફળ કરવી." આવી મુદ્દાની બાબતો બહુ જ સિફતથી છુપાવવામાં આવે છે.

દા૦ ત૦ **આરોગ્ય વિશ્વ પરિષદ્** ભારત માટે પણ ઠરાવ કરે કે–"આંતરરાષ્ટ્રીય પદ્ધતિએ ભારતની પ્રજાનું આરોગ્ય સુધારવું" **વિશ્વ વિજ્ઞાન પરિષદ્** ભારતમાં આવીને નક્કી કરે કે–"વિજ્ઞાનને ઉપયોગી તમામ ખનીજ વગેરે પદાર્થોની કોઇનીયે અંગત માલિકી નથી. પણ તે સર્વની ચીજ છે" ૧૪૯૨ ની તમારી પ્રજાની માન્યતા આ રીતે વૈજ્ઞાનિક પદાર્થો પૂરતી ભારત પાસે સ્પષ્ટ કબુલાત કરાવી છે, તેના દૂરગામી પરિણામોઃ અને તેની પાછળના ભાવોઃ ઘણા ભારતવાસીઓ સમજતા હોય છે. આ બધું ઠીક છે, પરંતુ તમો પોતે વિચારીને સન્માર્ગે આવી જાઓ, તો માનવપ્રજા માટે શુભ ચિહ્ન છે. જો કે કોઇ મહાપુરુષ આ અનિષ્ટોમાથી ઇષ્ટ પરિવર્તન કરશે જ. તેના સામર્થ્ય આગળ અનિષ્ટોને ટકવું મુશ્કેલ છે."

"આપશ્રીનો હૃદયસ્પર્શિ આ ઉપદેશ અમારા દિલમાં સોંસરવો ઉતર્યો છે એમ અમે પ્રામાણિકપણે કબુલ કરીએ છીએ. અને અમો બનતા પૂરા પ્રયાસોથી દિશા બદલવા ઘટતા તમામ પગલાં લઇશું. આજ સુધી અમને દિશા બતાવનાર કોઇ મળેલ નહીં

તેનુ આ પરિણામ છે. અમારે અમારી ભૂલનું પ્રાયશ્ચિત કરવું પડશે. એમ હવે સ્પષ્ટ લાગે છે.”

“માનવો તરીકે માનવો અને ઈતરો તરફની તમારી યથાયોગ્ય ફરજ બજાવવા સાવધાન થઈ યોગ્ય માર્ગે ચાલવાથી તમો પણ કલ્યાણ પ્રાપ્ત કરો.”

માટે પ્રજાએ તે આપવા જોઇએ" તે કરોનું એક મોટું લિસ્ટ ગણાય તેમ છે. ત્યારે આધુનિક નાનામાં નાના તત્ત્વોને ઉત્તેજન અને નાણાંની સગવડ આપવામાં મોટા પાયા ઉપરના ખર્ચાઓ થઇ રહ્યા હોય છે. તથા આધુનિક પદ્ધતિના પોસ્ટ વગેરે તે તે ખાતાઓના કર્મચારીઓની હડતાલો દ્વારા સ્થાનિક પ્રજાની સહાનુભૂતિ મળવા દઇ તેઓના પગારોમાં વધારા કરવામાં આવ્યા છે, ને આવતા જાય છે. ત્યારે તીર્થયાત્રા વિગેરે કરવા જનારા સાધુઃ સંન્યાસીઃ બાવાઃ વગેરે ત્યાગીઓના પણ રેલ્વે વિગેરેના પૂરતા ભાડા લેવામાં આવે છે.

ભારતીય ધર્માત્મા રાજાનું રાજ્ય હોય, તો વિદ્યાર્થીઓને કન્સેશન આપતાં પહેલાં, વૈદિક સાધુ-સંતોને તીર્થ-યાત્રાએ જવા માટે કદાચ મફત કન્સેશન પાસો આપત, અથવા તો અરધું ભાડું કરત, ને તેમ કરવામાં આર્ય રાજ્ય પોતાને 'ધન્ય' માનત. ત્યારે આજે તો ધાર્મિક મિલ્કતોમાંથીયે આધુનિક વિકાસો માટે ફીને નામે અને ભવિષ્યમાં કદાચ વધુ પ્રમાણમાં નાણાં લેવાની તરકીબોને વેગ અપાઇ રહ્યો છે તથા સાંસ્કૃતિકઃ ધાર્મિકઃ સામાજિકઃ વગેરે પરંપરાગત જીવન ધોરણોમાં અપાતા દાનોઃ તેમાં થતા ખર્ચ તથા અર્પણોઃને રાષ્ટ્રીય દુર્વ્યય કહેવામાં આવે છે. અને તેવા દાનો ઉપર પણ કરો પડતા ગયા છે. ને પડતા જાય છે. વિદેશીય આદર્શોની દૃષ્ટિથી જરૂર તે 'દુર્વ્યય' છે, પરંતુ સ્વદેશીઓ પણ તેને 'દુર્વ્યય' માને તે અદ્ભુત આશ્ચર્ય છે, આ બધું ઘસારો આપવાની નીતિ સૂચવે છે.

૬ આજે ન્યાયાધીશોઃ અને વકીલોઃ કોઇ ન્યાયને વરેલા નથી હોતા. તેઓ તો બીજી કોલેજોમાં અભ્યાસ કરીને બીજા ધંધાર્થીઓ જેમ તૈયાર થાય છે, તે પ્રમાણે તેઓ પણ લૉ-કોલેજોમાં અભ્યાસ કરીને તેમાંના કેટલાક ન્યાયતંત્રમા સરકારી નોકરીઃ કે વકીલાતોની સનંદો મેળવી, તે ક્ષેત્રમાં ધંધો મેળવે છે. વર્તમાન સ્ટીલફ્રેમના રાજ્યે ન્યાયની પવિત્રતા બતાવવા પૂર્વાપરથી જે જે ધોરણો પાડેલા છે, તેને વફાદાર રહીને તેઓ તે કામ સારી રીતે બજાવે છે, ને પ્રતિષ્ઠિત રીતે સારી આવક મેળવે છે, પરંતુ જો તેઓને ધંધાની વધારે પડતી અનુકૂળતાવાળી બીજી નોકરી કે ધંધોઃ મળી જાય, તો તેઓ તે બીજા ક્ષેત્રોમાં પણ કામ ખુશીથી કરતા હોય છે.

પતિવ્રતા સ્વપતિનેઃ ભક્ત ઇશ્વરનેઃ રાજા પ્રજાના રક્ષણનેઃ ધર્મગુરુ ધર્મના વ્રતોનેઃ સાચો બ્રાહ્મણ સાસ્કારિક જીવનનેઃ પ્રાણના ભોગે પણ વળગી રહેવા બંધાયેલા અને તેને વરેલા હોય છે, તેને છોડી શકતા નથી. તે રીતે તેઓ (જજો કે વકીલો વગેરે) પ્રાણના ભોગે પણ ન્યાયને વરેલા નથી હોતા કોઇ અંગત લાગણીશીલ હોય, તેવી વ્યક્તિવિશેષને અપવાદ તરીકે છોડી દઇએ, એ વાત જુદી છે, સિવાય આજે ન્યાય સાથે જોડાએલા વર્ગોની સામાન્ય રીતે આ સ્થિતિ છે. પ્રામાણિક ન્યાયાધીશોઃ અને સારા વકીલોનો વર્ગઃ આજના ન્યાય તરફની પોતાની જવાબદારીઓ સમજે છે, અને બરાબર અદા પણ કરતા હોય છે. પણ ન્યાયની જોખમદારી તેઓની ઉપર નથી હોતી. આ રહસ્ય સમજવા જેવું છે.

જવાબદારી અને જોખમદારીમાં ફરક છે. વકીલ કેસ ઉપાડનારને જવાબદાર છે. પણ જોખમદાર નથી. જોખમદાર તો અસીલ હોય છે. કેમકે તેનું હાર-જીતનું પરિણામ તેને ભોગવવાનું હોય છે. અસીલને ન્યાય થશે? કે અન્યાય? તેની મુખ્ય ચિંતા પ્રજાના મુખ્યોને જ હોય. જ્યારે આજે તે બહુ જ ગૌણ છે. વાસ્તવિક રીતે [illegible] ન્યાયની પણ જોખમદારી ધર્મગુરુઓ ઉપર મૂકાયેલી છે. તેઓ તે બજાવવાને [illegible] છે પરંતુ પીઠબળ વિના આજે તે ન્યાયનો રીતસર અમલ થઈ શકતો નથી. આજના કાયદા-દાના ન્યાયતંત્રને રાજ્ય: પોલીસ: અને લશ્કરનું તથા [illegible] કરેલા લોકમતનું પણ પીઠબળ છે. તેજ રીતે ધર્મના ન્યાયતંત્રને [illegible] અને હોવું જ જોઈએ. પીઠબળનો ઉપાય તો એક જ [illegible] આધીન રાખી શકાય તેટલા ન્યાય સિવાયના પ્રજાના [illegible] પરંપરાગત ન્યાયતંત્રોને ટકાવી રાખવા અને તેને [illegible] તેમા સમર્થ પ્રજાનો સંપૂર્ણ ટેકો હોવો જોઈએ. [illegible] જો ધર્મને ટકાવવો આવશ્યક જણાતું હોય તો પ્રજા [illegible] આત્મપ્રભાવના પીઠબળ ઉપર ન્યાયની [illegible] જોઈએ. કેમકે-તેમ ફરજ બજાવવાના [illegible] ઉપેક્ષા, એ ધર્મની ઉપેક્ષા છે. "પ્રજાના જીવનના [illegible] અંશ સુધી વહે છે?" તેની આજની ન્યાયત [illegible]

"તે અનેક કાયદાઓ ઘડે છે. ગુનાને સુધારે છે અને એ રીતે કાનૂનોનો મોટો ઘટાટોપ ખડો થઈ રહ્યો છે."

જન્મભૂમિ પ્રવાસી ૨૫–૫–૫૯ પા. ૧૨ બહારની આવૃત્તિ

"વાત આટલી સાદી ને સીધી છે. ધારે તો બે કલાકમાં પતી જાય તેવી છે. પણ કાયદાએ કેવી માયાજાળ ઉભી કરી છે? પેલો વકીલ રાખે. કાયદા મુજબ દાવા–અરજી ઘડે, દાવો દાખલ કરે, સમન્સ લગાડે; બચાવનામું રજુ કરે; બચાવનામામાં મૂળ પૈસા–ખરેખર દાવો છે કે નહી? એ વાતને શબ્દોની ઈન્દ્રજાળમાં એવી રીતે ગોઠવી દેવામા આવે કે ન્યાયાધીશ મૂળ લેણા–દેવાની વાત બાજુએ મૂકી બીજા કેટલાક મુદ્દાઓના નિરાકરણમાં રોકાઇ રહે. મુદતો પડે ને વાત બે કલાકમાં પતે તેવી હોય, તેને બે વર્ષના વહાણા વાય, ને બે વર્ષે તો માત્ર ચુકાદો જ આવે. પૈસાના તો હપ્તા થાય. ને તે પણ વસુલ થાય ત્યારે ખરા! વસુલ ન થાય ને ટાંચ નીકળે તો મિલ્કત તો પત્નીને નામે કે પુત્રને નામે હોય ને હુકુમનામું ધરાવનાર હુકુમનામાનો કાગળ લઈને ફર્યા કરે."

"ને કેવી અજબ સૃષ્ટિ છે? સંસારના સર્વ વ્યવહારો ને સંબંધો અહીં નષ્ટપ્રાય ને ભસ્મીભૂત થયેલા દેખાય છે."

જન્મભૂમિ અને પ્રવાસી વેકેશનની વિચારસરણિ તા. ૨૫–૫–૫૯

"પ્રથમ દષ્ટિએ એ વાત સ્પષ્ટ છે, કે જે જે બાબતોમાં કાયદા ન હતા તે તે બાબતોમાં મતભેદ કે ઝઘડા હતા. પણ તેનું પ્રમાણ નાનું હતું, ન હતું ત્યાં પણ બન્ને પક્ષે હઠાગ્રહ ન હતો. બંને પક્ષ થોડું થોડું ચલાવી લેતા. સહન કરી લેતા. ગમ ખાતા હતા. આજે કાયદાએ અધિકારો ઘડ્યા. એટલે પક્ષકારો કાયદાના શબ્દોને વળગી રહીને પોતાના હિતની ને પોતાના પક્ષની જ વાત કરે છે. એ રીતે આજે સાચું છે કે ખોટું; વ્યાજબી છે કે ગેરવ્યાજબી, નીતિયુક્ત છે કે અનીતિભર્યું છે, પ્રામાણિક છે કે અપ્રામાણિક, વ્યવહારુ છે કે અવ્યવહારુ, પોતાને લાભ થનાર છે કે તેના પ્રમાણમાં સામાને વધુ નુકશાન થાય છે કે નહીં? આવી વાત કોઈ જોતું નથી."

જન્મભૂમિ અને પ્રવાસી અદાલતને આંગણે તા. ૨૦–૪–૫૯

"દુનિયાના ઢંગ જોઈને દુનિયા પ્રત્યે વૈરાગ્ય ધરાવનારાઓ જો અદાલતના બનાવો ને દશ્યોને ખરેખર રૂપમાં નીરખે ને વિચારે તો તેમને કદાચ આ જગતનું અસ્તિત્વ જ દુઃખમય, માયાવી ને નિરર્થક લાગે."

જન્મભૂમિ અને પ્ર૦ ૨૫–૫–૫૯ પૃષ્ઠ ૭

"કોઇ પણ કાયદો ન હોવા છતાં અદાલતો હોઇ શકે. ને ન્યાય ચૂકવી શકે છે. કારણ કે ન્યાય અને કાયદો એ બે જુદી વસ્તુ છે. કાયદા વિના ન્યાય હોઇ શકે પણ ન્યાય વિના કાયદો હોઈ શકતો નથી. એટલે કાયદો ન હોય તો રાજ્ય તરફથી ન્યાયનું કાર્ય ન થઇ શકે એવું નથી."

જન્મ૦ ને પ્રવા૦ તા. ૧૦-૧૧-૮ પૃ૦ ૧૬

"અદાલતમાં ગુન્હાના બનાવોની જે વિગતો આવે છે. તેનું અન્વેષણ કરતા સામાજિક પરિસ્થિતિ અનેક રીતે વણસી જતી હોય એમ લાગે છે. × × × મનુષ્ય જાણે કે અવનતિના છેલ્લા પાટલે બેઠા છે. માનવતા પરવારી ઉઠી છે. અંતઃકરણ સૂકાઈ ગઈ છે. દયા, લાગણી કે સહાનુભૂતિ નાશ પામ્યા છે. માનવજીવનની કિંમત [illegible] તોલે તોળાઈ રહી છે. મૂલ્યોનું પરિવર્તન થયું છે, ને પરિવર્તન જમે બાજુ નહી પણ ઉધાર બાજુ થઇ રહ્યું છે. × × × [illegible], જેલોનું અને અન્ય સ્થળોનું વાતાવરણ પણ કેટલું [illegible], લાગણીહિનતાથી ભરેલું જણાય છે. હવા માનવતાને [illegible] એને સૂકવી નાંખે તેવી છે

રચનાને વર્તમાન પ્રગતિને પોષક તત્ત્વોને સ્થાન આપવાની જોડાણોને ટેકો આપે તેવી
છે. જેથી સ્થાનિક પ્રજાનું બળ ધીમે ધીમે નબળું પડતું જાય, ભૌતિક અને આધ્યાત્મિક
અધઃપાત થતો જાય તેવી રીતના કાયદાને આધારે ન્યાય આપવાનો હોય છે. શકે,
આજ પદ્ધતિ યુરોપમાં હોય છતાં તેમાં ભેદ એ જાતનો તફાવત હોય છે કે ત્યાં ગ્રામ
સાથે ત્યાંની પ્રજાની ઉન્નતિ થતી જાય અને બીજી પ્રજાઓને ગમમ કરતાં હાનિ થાય,
અને દિવસે દિવસે તેની અવનતિ થતી જાય. શિયાળ અને બગલાના ભોજન માટેના
આમંત્રણનું દૃષ્ટાન્ત અહીં બરાબર બંધ બેસતું થશે.

ખરી રીતે આજના ઘણા લોકો પણ આજની કોર્ટને ન્યાયની કોર્ટ કહેવાને બદલે
"કાયદાની કોર્ટો" "લૉ કોર્ટો" કહે છે. કેમકે–તેના મૂળમાં ન્યાય નથી. પરંતુ બહારની
પ્રજાના હિત માટેનાં તેની સરકારના કાયદા છે છતાં ભારતની પ્રજામાં તે સંસ્થાની લોક-
પ્રિયતા ટકાવવા તે તંત્રને લગતા "ન્યાયાલય, ન્યાયાધીશ, ન્યાય, ન્યાયતંત્ર"
વગેરે શબ્દો બરાબર પ્રચારમાં છે. નવા બંધારણમાં પણ ન્યાય શબ્દનો ઉપયોગ છે.
છતાં તેની વ્યાખ્યા તેમાં આપવામાં આવી નથી. એ શું સૂચવે છે? માટે આજની
રચનાઓ ન્યાયના પાયા ઉપર નથી, કાયદાના આધાર ઉપર છે. બ્રીટીશ અમલદારો પણ
પોતાની સરકારને "કાયદાની સરકાર" કહેતા હતા.* પરંતુ ન્યાયના પાયા ઉપરના
ભારતીય કાયદાના પાયા ઉપરેય નથી. તેથી તેને ન્યાયતંત્ર શી રીતે કહી શકાય? એ
મોટો પ્રશ્ન છે.

માટે ન્યાયનો પિતા ધર્મ છે. એટલે જ કે ન્યાયનું મૂળ પણ ધર્મ છે. તેથી ધર્મ-
ગુરુઓ વાસ્તવિક રીતે ન્યાયની પ્રતિષ્ઠા અને જીવંતપણા માટે જોખમદારો છે. તેઓથી
ઉપેક્ષા કેમજ કરી શકાય? અને તેઓ પણ ઉપેક્ષા રાખે, અથવા તો જગતમાં અન્યાયનો
પ્રવેશ થતો રોકે નહીં તો જગતનું શરણ કોણ? પ્રાચીનકાળમાં જેમ ન્યાયતંત્ર ઉપરની
કડક દેખરેખ ધર્મગુરુઓના આચાર્યોની હતી, તેમાં જે શિથીલતા આવી છે તે દૂર
કરવી જ પડશે કે નહીં? અને જ્યાં–જ્યાંથી ન્યાય ઉડી ગયો હોય, ત્યાં ત્યાં તેની
રોપણી ફરીથી કરવી પડશે કે નહીં? નહીંતર, ધર્મઃ અને ધર્મગુરુઓનું અસ્તિત્વ જ
શી રીતે અને શા માટે ટકી શકશે? માટે ધર્મનો પિતા ન્યાય છે. એ સાચો વિશ્વ-
ન્યાય છે. તેને અનુસરીને કાયદા હોય તે જ સાચા કાયદા. બીજાને કાયદા પણ કેમ
કહી શકાય? માટે જેટલે જેટલે અંશે ન્યાયને વિકૃત કરનારા દોષો ફેલાયા હશે, તેની
ચિકિત્સા યોગ્ય સમજણઃ દીર્ઘદૃષ્ટિઃ અને કુશળતાઃ પૂર્વક કર્યા વિના ચાલી શકશે કે?

ન્યાયતંત્રને નામેઃ ને કાયદાઓને આધારે ફેંસલા કરવાનું તંત્ર ગમે તેટલું વિકસિતઃ
વ્યવસ્થિતઃ અને આકર્ષિતઃ આજે બહારથી દેખાતું હોય, પરંતુ જો તેના મૂળમાં ન્યાય
ન હોય, તો પછી તે ગમે તેટલી આકર્ષકતા શી રીતે અનુમોદનાપાત્ર અને ઉત્તેજના-
પાત્ર ગણાય? તે સમજવું જોઈએ.

* ન્યાયની સરકાર શી રીતે કહી શકે? કેમકે તેના મૂળમાં ન્યાય નથી. ઈંગ્લાંડની પાર્લામેન્ટના
કાયદા છે.

માનવ પ્રજાના જીવનનાં પ્રત્યેક અંગ-પ્રત્યંગોનું આખું યે માળખું ન્યાયના પાયા ઉપર રચાયેલું ચાલતું અને પોષાતું હોવું જોઈએ. તેમાં કોનો મતભેદ પડી શકે તેમ છે?

"આપનું નિદાન સાચું છે. તેની ચિકિત્સા પણ સત્ય રીતે એ જ કેન્દ્રથી થવી જોઈએ. પછી લોકશાહી હોય, રાજાશાહી હોય, [illegible] હોય કે [illegible] હોય ગણતંત્ર હોય કે વ્યક્તિતંત્ર હોય, પરંતુ તે સર્વમાં ન્યાય હોવો જોઈએ. ન્યાય વિનાનું કોઈપણ તંત્ર જુલમ સિવાય શું ગણી શકાય? "ન્યાયને જીવનમાં ઉતારવાની ખરી જોખમદારી ધર્મગુરુવર્ગની છે." આપશ્રીની આ વાત [illegible] છે. જે શબ્દો વપરાય તે સાચા અર્થમાં વપરાવા જોઈએ. ઉપલા શબ્દો [illegible]

૨ જેમ બને તેમ અનુયાયિઓને ચાર પુરુષાર્થની પંક્તિમાં સ્થિર કરવા. તેમાં
આવતા વિઘ્નોનો અભ્યાસ કરી તે દૂર કરવાનો ઉપદેશ ચાલુ રાખવો, જેથી તે
દૂર થાય. ને સૌ ન્યાયઃ નીતિઃ સદાચારઃ અને એકંદર ધર્મમાર્ગમાં વિકાસ પ્રાપ્ત કરે.
૩ બીજા ધર્મ કે સંપ્રદાયમાંથી કોઈપણ ધર્મ કે સંપ્રદાયના મુખ્ય આગેવાનોની
રીતસરની પરવાનગી વિના દાખલ ન કરવા.

૪ સામાજિક અને આર્થિક સગવડો આપવાની લાલચો કોઈએ કોઈને ય ન આપવી,
તેવી લાલચથી થતું ધર્માન્તર થવા ન દેવું. ન કરવા દેવું. ન કરવું. તે બાબતમાં ધર્મા-
ન્તર કરનાર પોતપોતાની સ્થિતિ વિચારીને આગળ પગલું ભરે. ધર્માન્તર કરનારને સામા-
જિક અને આર્થિક સગવડો આપવાની દાખલ કરનાર ધર્મસંસ્થાઓ ઉપર ફરજ નથી.
આત્મકલ્યાણ માટે ધર્માન્તર કરાય છે. સહજ રીતે સગવડો મળી જાય, એ જુદી વાત છે.

૫ કોઈપણ ધર્મ કે સંપ્રદાયના ખંડન-મંડનની ભાષાને બદલે પરસ્પરના તારતમ્યની
સૂચક વિચારણા રજુ કરવી યોગ્ય થઈ પડશે. સમાનતા અને સમન્વયને લગતું પરસ્પરનું
પ્રામાણિક સાહિત્ય તૈયાર થાય, તે પણ ઈચ્છવા યોગ્ય ગણવું જોઈએ.

૬ કોઈપણ ધર્મ કે સંપ્રદાયની ચાલતી ધાર્મિક મર્યાદાઓના પાલનમાં પરસ્પર
આવશ્યક સહાય અને સહકાર આપવો. તે તોડવામા સહાયક ન થવુ. અજ્ઞાનભાવે પણ
કરેલુ ધર્માચરણ જડવાદને અને તેના જીવનને માનવજીવનથી સામુદાયિક રીતે પણ
દૂર રાખે છે.

૭ આધ્યાત્મિક વિકાસક બળો સાધકોને પૂરા પાડવાની યોગ્યતાને આધારે શક્ય
પ્રમાણોથી પરંપરાગત જગત્પ્રસિદ્ધ મુખ્ય ધર્મસંસ્થાઓનું સર્વમાન્ય થાય તેવું વર્ગીકરણ
કરવું. એટલે કે-ધર્મોની યોગ્યતાની કક્ષાઓ નક્કી કરવી.

૮ કોઈપણ બીજા ધર્મ કે સંપ્રદાયના આચારો કે વિચારોનું સ્વગુરુ આજ્ઞા વિના
કોઈપણ ધર્મ કે સંપ્રદાયના અનુયાયિઓએ સીધે સીધું અનુસરણ ન કરવું કે સ્વધાર્મિકોમાં
તેનો પ્રચાર ન કરવો. પોત-પોતાના આચાર-વિચારોમા નિષ્ઠ રહેવું. કારણ કે-સામાન્ય
જીવોનો બુદ્ધિભેદ તેઓનું અહિત કરે છે.

૯ કોઈપણ ધર્મ કે સંપ્રદાયમાંથી કાંઈ પણ સારું લાગે, તે સ્વીકારવા યોગ્યનો
મુખ્ય ધર્મગુરુ સ્વીકાર કરે ને જે ધર્મ કે સંપ્રદાયમાં તે દાખલ કરવાનું હોય, તેને
યોગ્ય વ્યવહારુ સ્વરૂપ આપે, દરેકને તે પ્રમાણે વર્તવા ફરમાવે, પછી દરેકે તે આજ્ઞાનો
રીતસર અમલ કરવો. ત્યાં સુધી તેને સ્થાન ન આપવુ.

૧૦ દરેક મુખ્ય ધર્મગુરુઓએ ધર્મ પુરુષાર્થ ઉપર આવનારા આક્રમણોઃ મુશ્કેલીઓઃ
કે વિઘ્નો દૂર કરવા સદા તત્પર રહેવું. પરસ્પરની વાટાઘાટઃ વિચારણાઃ કરી શકાય તેવી
કોઈ યોગ્ય ગોઠવણ તાજી કરવી જોઈએ જેથી કયાંયથી નાનું પણ પાપ ઉભું થઈ જોર
કરી ફરીથી જગત ઉપર આક્રમણ ન કરી શકે.

૧૧ ધાર્મિક હિસાબો: અને મિલ્કતોના સંચાલનમાં [illegible]ની દખલો: ધાર્મિક ક્ષેત્રોમાં આધુનિક આદર્શોની દખલો કરવા સ્થપાયેલી સર્વધર્મ પરિષદ, વિશ્વશાંતિ પરિષદ, યુનોની યુનેસ્કો સંસ્થા ધર્મસુધારણા: સમન્વય. સમાનતા [illegible] સંસ્થાઓ. સમાજ–સુધારાની સંસ્થાઓ વગેરે જે ધર્મને હાનિકર છે, તે બંધ કરાવી દેવા.

૧૨ દરેક ધર્મ અને સંપ્રદાયના મૂળ પ્રણેતાઓ તેના દરેક વખતના મુખ્ય સંચાલકો: વર્તમાન સંચાલકો ગુરુઓ: અને તે ધર્મના [illegible] સિદ્ધાન્તો તરફ પોત–પોતાના અનુયાયિઓનુ સન્માન અને આદર વધે તેમ કરવુ. કરાવવુ: અને તદનુકૂળ મજબૂત શિક્ષણ જ્ઞાન–અનુભવ [illegible] પ્રયાસોને ઉત્તેજવા.

શિષ્યોને અંતિમ હિતોપદેશ અને ઉપસંહાર !

અહિંસક મહાવિશ્વ સંસ્કૃતિમાં વિઘ્નભૂત ને હિંસક વર્તમાન પ્રગતિને પોષક જે જે અનિષ્ટ તત્ત્વો ભારતની વિશ્વકલ્યાણ-કારિણી અને વિશ્વપૂજ્ય મહાઆર્યપ્રજાના જીવનમાં પ્રવેશી ગયા હતા, ને પ્રવેશતા હતા તેને લીધે તૈયાર કરાયેલી પૂર્વ ભૂમિકાને આધારે હવે પછીના ભવિષ્યમાં આગળના વધારે અનિષ્ટ તત્ત્વોને ધસારાબંધ પ્રવેશાવવા માટેના સર્વતોમુખી ભગીરથ પ્રયત્નોરૂપે ચાલુ થઈ ચૂકયા હતા, એટલું જ નહીં, પરંતુ તેમાં પોતાની સર્વતોમુખી "ઉન્નતિ" એટલે કે "સર્વોદય" જોનારા સર્વ પ્રજાઓમાંથી તમો સહકાર આપનારા પણ મળવા લાગ્યા હતા. તે સંજોગોમાં તેની પાછળના રહસ્યો અને ભયંકર ભાવિ પરિણામો ચાલુ સંજોગોના સૂક્ષ્મ અભ્યાસથી સમજી લઇ, માનવી જગતના કેન્દ્રભુત ભારતીય આર્યપ્રજાના સંસ્કૃતિરક્ષક સર્વ બળો અને પ્રતિકોને સબળ બનાવવામાં મહાશ્રાવક તરીકેના સર્વ કર્તવ્યો પૂર્વે બજાવવામાં આવ્યા હતા. ધાર્મિકતાને પોષક સંસ્કૃતિના મુખ્ય અંગોભૂત વર્ણવ્યવસ્થાઃ જાતિઃ જ્ઞાતિઃ અવિભક્ત કુટુમ્બઃ વગેરે વ્યવસ્થાઓ અને તેના રક્ષક અન્ય સર્વ તત્ત્વોને મજબૂત બનાવવામાં આવ્યા હતા. ગફલતમાં રહેવાથી વચલા વખતમાં પ્રવેશેલી ખામીઓ અને નિર્બલતાઓ પ્રજામાંથી દૂર કરાવી પરંપરાથી ચાલતી આવતી સામાજિક વ્યવસ્થા યોગ્ય શિસ્તમાં સ્થાપીને સુદૃઢ બનાવવામાં આવી છે. કારણ કે—"આધ્યાત્મિક વિજ્ઞાનને આધારે કરાતા આત્માના ધાર્મિક જીવનના વિકાસનું એ પણ મુખ્યમાં મુખ્ય અંગ છે." એવું મહાજ્ઞાની પુરુષોનું કથન છે, ને તે સત્ય છે માટે જ, ઉચ્ચ જીવનવ્યવસ્થા ઉપરાત આ જાતની માર્ગાનુસારી વ્યવસ્થા પણ એ મહાપુરુષોએ જ કરી આપી છે.

બૌદ્ધ ધર્મ જેવા અગાઉના ભારતીય તત્ત્વોના પ્રચારના બ્હાને, જ્ઞાતિના ભેદ આદિ સુવ્યવસ્થા તોડવાનો પ્રાગતિક બળોનો ઉદ્દેશઃ—સંસ્કૃતિને છિન્નભિન્ન કરી તેને આશ્રયે વ્યવસ્થિત જીવન જીવતા લોકોના જીવનને અસ્તવ્યસ્ત બનાવી દઈ, તેની મિલકતોઃ દેશઃ તથા પ્રજાના અસ્તિત્વઃ ઉપર પણ રક્ષણને બ્હાને કબજો મેળવી લઈ, પોતાના સ્વાર્થોમા ઘટતો ઉપયોગ કરવાનો છે, તે જાતના પ્રયત્નો ચાલુ થઈ ગયા હતા એ રીતે જે જે વસ્તુઓ ભવિષ્યમાં નકામીઃ અને બિનજરૂરીઃ ઠરે, તેને જગતમાથી ફેંકી દેવા સિવાય બીજો માર્ગ જ તેઓ પાસે પછી બીજો રહેવાનો નહોતો "તે રીતે સંસ્કૃતિને ફેંકાઇ જવાની સ્થિતિ થવા ન પામે, માટે માર્ગાનુસારી સુવ્યવસ્થાને ટકાવી રાખવી હિતાવહ છે." એમ સમજી મહાજન સંસ્થાઃ સર્વના વ્યાપક હિતોનું મૂળભૂત અર્થતંત્રઃ અને ધંધાદારી—વ્યાવસાયિક સુવ્યવસ્થાને મજબૂત બનાવવાની પૂર્વભૂમિકાઓ પુનઃ દૃઢ કરવામા આવી છે. વિશ્વવત્સલ વીતરાગ સર્વજ્ઞ મહાસંતોએ ઉપદેશેલી અને ઋષિ-મુનિ-પ્રણીત પવિત્ર આર્ય રાજ્યનીતિનું કલ્યાણકારી રહસ્ય પ્રગટ કરી તેના પુનરુદ્ધારનો માર્ગ સરળ કરી દેવામાં આવ્યો છે. સ્થાનિક દરેક ધર્મશાસનોનેઃ અને મહાવિશ્વશાસનના મૂળભૂત અને અવાંતરઃ કેટલાક યોગ્ય સુતત્ત્વોનેઃ બુદ્ધિમા સ્થિર કરવામાં અને કેટલાકને પ્રકાશમાં મૂકવામાં આવ્યા છે.

દેશી રાજાઓના ગાદીધર વારસદારો મોજશોખને રસ્તે ચડી જવાથી તથા ઉન્માર્ગે દોરવણી મળવાથી: વચલા કાળમાં કરેલી ગંભીર ભૂલો સુધારીને જૂના તે રદ થઈ ગયા છે. પોતાના જાનને ભોગે પણ સંતોએ ઉપદેશેલી રાજધર્મનીતિ અનુસાર અને ન્યાય ખાતર પ્રજાનું રક્ષણ કરવા: પ્રામાણિકપણે તૈયાર થઈ ગયા છે

પ્રવાહ વ્હેતો કરવામાં આવ્યો છે. શ્રી આચાર્ય મહારાજાઓ આદિ શ્રી શ્રમણસંઘની પ્રબળ શક્તિઓએ એકાજ્ઞાના પ્રવાહને અનુમોદન આપ્યું છે. તેને ઉત્તેજન અને સહકાર પણ ઉંચા પ્રકારનો મળ્યો છે.

કેટલાક વખતથી મૂળ પરંપરામાં દબાઇ રહેલા એકાજ્ઞાના તત્ત્વને જાગ્રત થવામાં સર્વ બાજુએથી હાર્દિક અનુમોદન પ્રાપ્ત થયું છે. જેથી સ્વાર્થિ અનાત્મવાદીઓ પોતાના પ્રચારના બળથી અજ્ઞાન જનતાને આવર્જિત કરી પોતાના જ હિતના વિચારો ક્રમેક્રમે ઠસાવી તે જાતનો બહુમત ઉભો કરી લઇ, પોતાના સ્વાર્થો સાધવાની આખી બાજી લાંબો વખત ચલાવવા માટે ચૂંટણીઃ અને મતાધિકાર આપવાની પ્રવૃત્તિઓઃ ચલાવરાવીઃ "જનતાની ઇચ્છાથી, ને જનતાના હિતને માટે દરેક કાર્યો કરવામાં આવે છે." એવો કૃત્રિમભાસ ઉભો કરી વિશ્વકલ્યાણકારી આજ્ઞાના સમગ્ર મહાતંત્રને ખોરવી નાંખવાના પ્રયાસોમાં મેળવાતી જતી સફળતાઓ અટકાવી દેવાની પરિસ્થિતિમાં સ્વેચ્છાથી મૂકાતી ગઇ છે એક જ પ્રજાને લાભ આપનારી આજની મૃગતૃષ્ણિકા જેવી માત્ર કૃત્રિમ વિશ્વશાંતિ તરફ દોડતી જતી દુનિયા વિચાર કરતી થંભી જવાય તેવી સ્થિતિમા મૂકાતી ગઇ છે. સાથે જ આધ્યાત્મિક પાયા ઉપરની પરંપરાગત પ્રાચીન ધર્મસંસ્થાઓ મારફત ફેલાતી જતી સાચી વિશ્વશાંતિની ખુશનુમા હવાની વ્હેવા લાગેલી લહરીઓનો સુખદ અનુભવ લોકોને થવા લાગ્યો છે. એકંદર ચારે ય પુરુષાર્થોના સમગ્ર વ્યવસ્થા તંત્રના છેવટના અંગ સુધી અસ્ખલિતપણે સર્વ પ્રાણીઓનું વાલીપણું ધરાવતા વિશ્વવત્સલ મહાપુરુષોની આજ્ઞાનો પ્રવાહ પુનઃ બરાબર વ્હેતો થઇ ગયો છે. વિશ્વના બારીકમાં બારીક તત્ત્વો સુધી તેનો સૂક્ષ્મ પ્રવાહ પણ પહોંચતો થવા લાગ્યો છે આખા વિશ્વમાં પથરાયેલા સંસ્કૃતિના સર્વ અંગ–પ્રત્યંગોમા સળવળાટની ઝંઝણાતી પ્રસરવા માંડી છે.

સર્વ ધર્મોના અને સર્વ સમાજવ્યવસ્થાના શાસનોઃ સર્વ રાજ્યશાસનોઃ સર્વ આર્થિક અનુશાસનોઃમાં એકંદર માનવોના સમગ્ર જીવન તત્ત્વોમાં–ઉત્સાહઃ ઉલ્લાસઃ અને ચેતનાઃના વિદ્યુત્વેગી હળવા પણ સુખદ આંચકાઓ લાગી ચૂકયા છે. જેથી ભ્રષ્ટતાઃ અસંતોષઃ ને મુંજવણોઃની ગુંગળાવનારી હવા આપોઆપ ઉડવા લાગી છે. સુખઃ સંતોષઃ તાજગીઃ અને આનંદઃની લહરીઓ માનવહૃદયમાં અનાયાસે જ વ્હેવા લાગી છે. એટલું જ નહીં, પરંતુ માનવેતર પ્રાણિઓએ પણ વર્તમાનમા ફેલાયેલી સંહારલીલાથી છુટકારાનો દમ અગમ્ય રીતે લીધો છે. તેઓના આત્માઓમાંથી ભયનો રાક્ષસ પલાયન થતા ન સમજાય તેવી નિર્ભયતાનો તેઓ અનુભવ કરવા લાગ્યા છે.

ભારતની બહારના લોકો પણ સંસ્કૃતિનાશક વિદેશીઓની ભીંસોથી ભીંસાતા અટકવા લાગ્યા છે. એ ભીંસ સર્જનારી અને ભીંસ કરાવનારી ગોરીપ્રજા પણ સવેળા ચેતી ઉઠી છે. અન્ય પ્રજાઓના માનવજીવનના પ્રવાહને દુષિત બનાવનારા સમગ્ર મોહક છતાં કાતિલ તત્ત્વોને સ્વેચ્છાથીઃ ને યોગ્ય સમજુતીથીઃ ફેંકી દેવા તેઓ જાતે જ હૃદય પલટાવાથી તત્પર બની ગઈ છે. આ રીતે મહાહિંસક મહાસંસ્કૃતિને પોષક મહાસુપરિવર્તનો ચાલી રહ્યા છે.

જગતમાં જ્યારે પણ અનિષ્ટ તત્ત્વો પ્રવેશ કરે છે, ત્યારે આ જન્મના અથવા પર જન્મનાઃ કે બન્નેય જન્મનાઃ જ્ઞાનઃ ધ્યાનઃ તપઃ ત્યાગઃ સંયમઃ વૈરાગ્યઃ વગેરેના બળે [illegible] પ્રાપ્ત થયેલા પુણ્યને યોગે એકપણ પુણ્યશાળી નિર્મળ આત્માઃ અનિષ્ટતત્ત્વનું ઉચ્છેદ-વિચ્છેદ કરી શકે છે. તો પછી અસાધારણ પુણ્યબળ ધરાવતા યુગપ્રધાન મહાપુરુષોઃ અને કોડો-ગુણ પુણ્યબળ ધરાવતા વીતરાગઃ સર્વજ્ઞ. તીર્થંકરઃ ભગવંતોના જન્મની અદ્ભુત અસર વિષે તો પૂછવું જ શું?

આ કાળે મહાશાસનની પહેલવહેલી સ્થાપના કરનાર પહેલા તીર્થંકર ભગવાન પછીના દરેક તીર્થંકર ભગવંતો પોતાના આત્મવિકાસ સાથે, ધર્મશાસન [illegible] કરવાનું મુખ્ય કામ કરીને, તીર્થને-શાસનને ઝળહળતું કરીને તીર્થંકર તરીકે પ્રસિદ્ધ થાય છે. ને તીર્થંકર કહેવાય છે. જેથી ધર્મપુરુષાર્થ [illegible] લાગે છે. અને ચારેય પુરુષાર્થની સાધનાના જગતના [illegible] તીર્થંકરનું તીર્થંકરપણાની અસલનું પરિણામ [illegible]

પરીક્ષક યંત્રથીઃ નિર્મળ આરીસાથીઃ તમામ યથાર્થ રીતે પ્રગટ થઇ આવે છે. તેનું અસ્તિત્વ માત્ર પણ અનંત જીવોની કલ્યાણપરંપરા અગમ્ય રીતે જ રહેવડાવતું હોય છે. તેની આગળ કોઇનુયે કાંઇ ચાલતું નથી. ગમે તેટલા પ્રપંચોઃ દાવપેચોઃ ગુપ્તસ્ત્રી-ગિરીના ખેલોઃ આટીઘુંટીભરેલી યોજનાઓના આંતરિક રહસ્યોઃ વગેરે સૂર્ય ઉગતા જેમ ખાડાઃ ખરાબાઃ ટેકરાઃ વગેરે સ્પષ્ટ થઈ જાય છે. તેમ આપોઆપ ખુલ્લા થઇ જાય છે. પછી ભલેને ગમે તેટલી ગુપ્તતાથી તે કરવામાં આવ્યા હોય. છતાં ખૂબી એ છે કે તેનું સર્વ ઉપર વાત્સલ્ય હોય છે. હે પરમાત્મન્! જો આપનું શાસન ન હોય તો બાપડા જગજ્જીવોના જગતની અને અમારી પણ શી દશા થઇ હોત?

जैनं जयति शासनम्

આ પ્રકરણમાં મહાત્મા પુરુષની કલ્પના કરવામાં કાંઇ ભૂલ થઈ હોય ને તેથી પરમાત્માના શાસનની મારાથી કોઇપણ પ્રકારની આશાતના થઇ તો નમ્ર ભાવે હાર્દિક ક્ષમા માગી **મિચ્છા મિ દુક્કડં** (મિથ્યા મે દુષ્કૃતં) ઇચ્છું છું.

સંસ્થાન વિચય ધર્મધ્યાનઃ તથા શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથાઃ વગેરે પ્રમાણો ધ્યાનમાં લઇ, મેં આ કલ્પના બાળભાવે એટલા માટે કરી છે કે સંવાદરૂપે મહાશાસનની મહત્તા અને વિશ્વકલ્યાણનો સાચો માર્ગ સરળતાથી સમજાવી શકાય. વર્તમાન સાહિત્યમા તો સંસ્કૃતિબદ્ધ આર્યપ્રજાને ને તેના સાંસ્કૃતિક ઉત્તમ રિવાજોને હલકા ચિતરવામા ઘણી ઘણી કલ્પનાઓ કરી બાકી મૂકાતી નથી, પરંતુ તેનું અવલંબન લેવું ઉચિત નથી.

શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રને કેન્દ્રમા રાખીને સેંકડો અને હજારો ખામીઓથી ભરપૂર છતાં **સારબોધિનીરૂપે** વર્તમાનકાળના વાચકોને ઉદ્દેશીને જે એક કાંઇક મોટી કહી શકાય તેવી ઇમારત ખડી કરી છે, તેને સામે રાખીને પરીક્ષા કરવામાં આવશે, તો આર્યપ્રજાના ભાવી આર્યસંતાનોને ઉપયોગી માર્ગદર્શક એક મહત્ત્વનું સર્જન સજ્જનોને આ કૃતિ જણાઈ આવશે, એવી આશા છે.

આજે દરેક લોકો વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઇને બોલતાઃ લખતાઃ અને વર્તતા હોય છે, ને તેમ કરવાની પ્રબળ ભલામણો યે કરતા હોય છે. એટલું જ નહીં પરંતુ, ભારતીય ધાર્મિકઃ સામાજિકઃ અને ખાનગી જીવનઃ પ્રસંગોમાં પણ આજના "**જમાનાવાદ**" ને નામે જમાનાને અનુસરવાના વક્તવ્યો અને સાહિત્યમાં પણ તેની જ વાતો ઘુસાડાતી હોય છે. કેમ જાણ્યે કે–"તે જ જીવનનું સર્વસ્વ હોય" સર્વ કોઇ એજ ધુનમાં હોય છે. વર્તમાન સાહિત્યમાં "તેને અનુસરવાનું સમજાવવા" ઘણા પાના રોકાતા હોય છે. તેથી અમે પણ ચાલુ સંજોગોના કારણોઃ હેતુઓઃ અને અનુબંધો એટલે પરિણામો વગેરે રહસ્યોની તુલના મહાશાસનના પ્રભાવ સાથે આ ગ્રંથમાં કરતા રહ્યા છીએ. તેથી તે એક સમુચિત પ્રયાસ તરીકે સ્વીકૃત થશે, તો ઘણો આનંદ થશે. ખરી રીતે આજના સંજોગો તે જમાનો કે કાળ પણ નથી. તેને જ વ્યવહારુ કહેવામાં

આવે છે, તે પણ અયોગ્ય છે. આજની પ્રગતિ શિષ્ટોનો [illegible] નથી. તો પછી વ્યવહારુ તો હોઇ કેમ શકે? વાસ્તવિક રીતે [illegible] છે. તેને [illegible] વગેરે નામો પ્રચારદૃષ્ટિથી આપવામાં આવેલા છે. પરંતુ વાસ્તવિક વસ્તુસ્થિતિ નથી. શિષ્ટોના વ્યવહારો છ સ્થાનકોના પાયા ઉપર છે. જ્યારે આજે વિપરીત છ સ્થાનકોના વ્યવહારો પ્રચારમાં આવતા જાય છે, ને તે રૂઢ થાય છે.

મુખ્યપણે તો જૈનધર્મની અદ્ભુત મહત્તાનો ખ્યાલ [illegible] કરવામાં આવ્યો છે. જેથી, ખાસ જિજ્ઞાસુઓ: પૂર્વાચાર્યોના [illegible] વામાં લલચાય: વિશિષ્ટ જિજ્ઞાસુઓ મુનિજીવન સ્વીકારીને [illegible] આગમોનો સમુદ્ર જીંદગીભર અવગાહવા [illegible], ને [illegible] તરીકે જગતને પોતાના ચરણારવિંદોથી સદા પાવન કરે, એજ [illegible] શ્રી ઉમા-સ્વાતિ વાચક મહારાજના જ શબ્દોમાં [illegible].

अर्हद्-वचनं सम्यग् गुरु-क्रमेणाऽऽगतं समवधार्य, ।
दुःखाऽऽर्तं च दुराऽऽगम-विहत-मति-लोकमऽवलोक्य, ॥ ४ ॥
इदमुच्चैर्नागर-वाचकेन सत्त्वाऽनुकम्पया दृब्धम् ।
तत्त्वाऽर्थाऽधिगमाऽऽख्यं स्पष्टमुमा-स्वातिना शास्त्रम् ॥ ५ ॥

સ્પષ્ટ રીતે: સરળતાથી: સમજાય તેવો ભાવાર્થ:—

આ **તત્ત્વાર્થાધિગમ નામનું** (તત્ત્વજ્ઞાનનુ) શાસ્ત્ર મેં ઉચ્ચૈર્નાગર શાખાના **ઉમા-સ્વાતિ** નામના **વાચકે** રચ્યુ છે.

આ અર્ધ્ય (પવિત્ર)-ઉત્તમ શાસ્ત્ર રચવાનો મારો હેતુ: તત્ત્વોનો બોધ કરાવી, મોક્ષના અભિલાષી બનાવી, મોક્ષના અનંત સુખો પ્રાપ્ત કરાવવાનો પ્રાણીઓ ઉપર (ભાવ) અનુકંપા કરવાનો છે. મારો જન્મ **ન્યગ્રોધિકા** નામના ગામમાં થયો છે. આ ગ્રંથની રચના **કુસુમપુર** (પાટલીપુત્ર-હાલમાં પટણા) નગરમાં વિચરતી વખતે મેં કરી છે. મારા (સાંસારિક) કુટુંબનું ગોત્ર **કુભીષણ** છે. મારા (સાંસારિક) પિતાનું નામ **સ્વાતિ** છે. મારા (સાંસારિક) માતાજીનું નામ ***વાત્સી** [વત્સગોત્રના] છે.

ગુરુપરંપરાએ હું:—

વાચકોના અગ્રણી **શિવશ્રી નામના** યશસ્વિ વાચકજીનો પ્રશિષ્ય છું. અને અગ્યાર અંગના ધારક શ્રી **ઘોષનન્દિક્ષમાશ્રમણજીનો** શિષ્ય છું.

મેં સૂત્રોની વાચના—

મહાવાચક શ્રી ક્ષમણ-મુંડપાદના શિષ્ય **મૂળ નામના** યશસ્વિ **વાચકાચાર્ય** પાસેથી લીધી છે. તેથી હું તેઓશ્રી વાચકનો પણ એક રીતે શિષ્ય છું.

ટુંકામાં મારે છેવટે એટલું જ કહેવાનું છે, કે—

यस्तत्त्वाऽधिगमाऽऽख्यं ज्ञास्यति च करिष्यते च तत्रोक्तम् ।
सोऽव्याबाधं सौख्यं प्राप्स्यत्यऽचिरेण परमाऽर्थम् ॥ ६ ॥

જે કોઇ (ભવ્ય-આત્મા)—

તત્ત્વાધિગમ-તત્ત્વજ્ઞાન-**તત્ત્વાર્થાધિગમ નામનું શાસ્ત્ર** જાણશે, અને તેમાં બતાવ્યા પ્રમાણે વર્તશે, તો તે જેમ બને તેમ થોડા વખતમાં પારમાર્થિક અવ્યાબાધ **સુખ-મોક્ષ** પ્રાપ્ત કરશે." ૧ થી ૬.

* જનશ્રુતિ અને ઉમા-સ્વાતિ આચાર્યશ્રીના નામ ઉપરથી માતાજીનુ નામ ઉમા હોવાની વાત પ્રસિદ્ધ છે. માટે **વાત્સી** ઉપરથી ગોત્રજન્ય નામ હોવાનું લખ્યું છે.



શકાતું હતું. કેટલાક વિદ્યાર્થીઓ શિક્ષકની રજા માગી ઘેર શિખવા આવતા હતા, જેથી વર્ગમાં પાઠ આપવાની ખાસ મુશ્કેલી નડતી નહોતી. વિદ્યાર્થીઓને શિખવાથી જ પાઠ તૈયાર થઇ જતા હતા. તથા વર્ગમાં વિદ્યાર્થીઓનો અભ્યાસ તપાસવામા શિક્ષકને મદદરૂપ થઇ શકાતું હતું.

મહેસાણાની ઉક્ત પાઠશાળામાં પ્રવેશ કર્યા પછી, શ્રી નવકાર મહામંગલ સૂત્રથી ફરીથી શરૂઆત કરી, કારણ કે-સરનારની જૈન પાઠશાળામાં કરેલો સૂત્ર-પાઠોનો અભ્યાસ બરાબર તાજો નહોતો.

પંડિત ભગવાનદાસ હરખચંદ તથા અધ્યાપક હીરાચંદ દેવચંદ દ્વારા કર્મગ્રંથાદિક સુધીનો અભ્યાસ બહુ જ ચર્ચા-વિચારણા સાથે રસપૂર્વક થયો, ને ભાંડારકરની બે સંસ્કૃત પુસ્તિકાઓ પૂરી કરી. જેની પ્રાથમિક શરુઆત ગંભીર અને હાર્દિક સહાનુભૂતિ ધરાવતા તે વખતના સંસ્થાના મેનેજર શ્રી વલ્લભદાસ લાલાભાઈએ કરાવી હતી.

ભાંડારકરની બે સંસ્કૃત પુસ્તિકાઓ: લઘુવૃત્તિ: તથા કેટલુંક શ્રી સિદ્ધહેમ વ્યાકરણ (૧૮૦૦૦ હજારી)નું વાંચન પણ કાશીના પંડિતો શ્રી રામલક્ષ્મણ શાસ્ત્રીજી તથા શ્રી રઘુવંશ-મણિશાસ્ત્રીજી પાસે થયું.

પરંતુ લઘુવૃત્તિ પૂરી થતા પહેલાં મહેસાણા છોડી વીસનગર જવાનું થયું. જ્યાં તે વખતના પંન્યાસજી પાછળથી આચાર્ય મહારાજ શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ પાસેના પંજાબી ઉદાસીન સંપ્રદાયના સંન્યાસીજી પાસે લઘુવૃત્તિ પૂરી કરી. અને બાકીના સિદ્ધહેમનું વાંચન કેટલુંક થયું. આઠમો અધ્યાય પ્રાકૃત વ્યાકરણ: કાવ્યો: નાટકો: ન્યાય. તત્ત્વાર્થ સિદ્ધસેનીય ટીકા: વગેરેના વાંચન સાથે ગુજરાતી ભાષામાં તે સમયે પ્રસિદ્ધ થતા વિદ્વાનોના લૌકિક સાહિત્યનું વાંચન: પ૦ પૂ૦ આચાર્ય મહારાજશ્રીના શિષ્ય-પ્રશિષ્યાદિને સ્વાધ્યાયમાં: સહકાર અને શાસ્ત્ર-વાંચન-મનનનો ક્રમ વગેરે ચાલુ હતા.

ઈ. સ. ૧૯૧૪ પછી રાષ્ટ્રીય હીલચાલમાં પ્રવેશ: અમદાવાદની કોંગ્રેસના પંડાલ બાંધવા વગેરેમાં જેનો ઉપયોગ સારા પ્રમાણમાં થયો હતો તે હાથે કાંતેલા સુતરની ખાદીનું પણ ઉત્પાદન: વેચાણ. શ્રી દીવાળીબાઈ શ્રાવિકા જૈન ઉદ્યોગશાળાનું સંચાલન: દારુના વેચાણ ઉપર ધીણોજમાં પીકેટીંગ: ખાદીધારણ: વગેરે પ્રવૃત્તિઓ ઉપરાંત-પાટણ (ઉત્તર ગુજરાત) ના કોંગ્રેસની પ્રાંતિક સમિતિના મંત્રી તરીકેની ખાદી ઉત્પાદન વગેરેને લગતી પ્રવૃત્તિઓ: વગેરે ઈ. સ. ૧૯૨૧ સુધી ચાલુ રહ્યા. પરંતુ ચૌરીચોરાના હત્યાકાંડ પછી "આખી રાષ્ટ્રીય હીલચાલનું સંચાલન પોતે આપવા ધારેલા પોતાના હેતુ મુજબના સ્વરાજ્યની કડક માંગણી કરાવવા માટે દેશી વ્યક્તિઓને આગળ રાખી પાછળના હાથોથી બ્રીટીશ મુત્સદ્દીઓ જ ચલાવરાવી રહ્યા છે. અને તેની પાછળ તેઓની ન સમજી શકાય તેવી અસાધારણ ચાલ છે." એમ સ્પષ્ટ રીતે સમજાઇ ગયા પછી, તેમાંથી પ્રથમ શ્રદ્ધા ઘટવા લાગી, અને પછી જેમ જેમ વિશેષ પૂરાવા મળતા ગયા, તેમ તેમ તેને લગતી ભાવનાઓ સર્વથા ઓસરતી ગઈ, ને એ સત્ય બરાબર દૃઢપણે સમજાઇ ગયું.

દરમ્યાન કાંઈક એ અસર તળે પાટણ [ઉ૦ ગુ૦] માં વિ. સં. ૧૯૮૦ થી વિશ્વનેતા સમર્થ વિશ્વકલ્યાણકર મહાત્માઓ પ્રાપ્ત કરવાના મુખ્ય ઉદ્દેશના પ્રાથમિક પ્રયોગરૂપે શરૂ કરેલ 'જૈન વિદ્યાભવન' નામની શિક્ષણના વિલક્ષણ પ્રયોગની સંસ્થા રાધનપુર લઇ જવામાં

સોનગઢ (સૌરાષ્ટ્ર) માં રહીને ચલાવેલો મત જૈનશાસનને ભયંકર હાનિ કરનાર કેવી રીતે છે? તેના મૌલિક રહસ્યો દર્શાવતી 'अजैनपने के लक्षण' નામની એક પુસ્તિકા હિંદી ભાષામાં અને "પંડિત સુખલાલજીને હાર્દિક શુભેચ્છા પત્રનું સમર્પણ" ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરાયા તથા "હિત-મિત-પથ્ય-સત્યમ્" નામના પત્રમાં લેખો આપવાનું વચન પળાઈ રહ્યું છે. બીજી કેટલીક હિંદી પત્રિકાઓ સાથે "પ્રજાના ભલા માટે શ્રી વિનોબા ભાવેજીને ખૂલ્લો પત્ર" છપાયો અને વહેંચાયો. 'સટીક પંચ સૂત્રઃ' અને 'સટીક દ્રવ્ય સપ્તતિકા'નું સંપાદન કાર્ય અવકાશે અવકાશે ચાલુ છે. હવે પછી જીવનનો પ્રવાહ શી રીતે વહેશે? તે તો ભવિષ્ય કહેશે. સંસ્કૃતિ અને શાસનહિતનો અનેક પ્રકારનો વિચારપૂર્ણ પત્રવ્યવહાર અધિકારી સ્થાનો સાથે ઘટતી રીતે ચાલુ જ હોય છે.

"મારવાડના કોઈ પ્રદેશના ગામમાંથી ગુજરાતમાં આવી ખંભાત વસેલા વડવાઓ શિહોર થઈ અમરેલી આવેલા" ત્યાં સુધીની હકીકત વડીલો પાસેથી સાંભળી છે. આર્ય-પ્રજાની અમુક અંશે આનુવંશિક વિશુદ્ધિ ધરાવતી દશાશ્રીમાળી જ્ઞાતિના પારેખ કુટુંબમાં થયેલા શ્યામા પારેખના વખતથી તો આજ સુધીના પુત્ર-પૌત્રાદિનું રીતસરનું વંશવૃક્ષ મળે છે. "આ વંશવૃક્ષની નોંધ રાખનારું કુટુંબ કચ્છમાં રહે છે." એમ જાણ્યું છે. તેઓ પોષાગરી (પૌષધકારી?) કહેવાય છે, જેઓ કદાચ કડવામતી શ્રાવકની પરંપરાના હોય. ભારતના માનવ-વંશોની વૈજ્ઞાનિક વિશુદ્ધિ જાળવવાની દૃષ્ટિથી મહાપુરુષોના વખતથી ચાલતી આવતી સુવ્યવસ્થાની જવાબદારી સંભાળતા આવા ઘણા વર્ગો ભારતમાં વિદ્યમાન છે. જેમ બને તેમ પવિત્ર જીવન ગાળતા તે ભાટ, ચારણ, બારોટ, વહીવંચા, વગેરે નામે પ્રસિદ્ધ છે. તેમાંનો એક તે પોષાગરીઓનો વર્ગ છે. જેમ ધનોત્પાદક પ્રજાની આવકમાંથી અમલદારો, શિક્ષણ સંસ્થાઓ, મ્યુનિસીપાલીટીઓ. કોર્ટો, સંશોધક ખાતાઓ, પોલીસ, લશ્કર વગેરેના ખર્ચ ચલાવાય છે, તે પ્રમાણે પ્રજાના હિતની સાંસ્કૃતિક મર્યાદાઓના શિક્ષક-માર્ગદર્શક-રક્ષક વગેરે કામોના સંચાલક અમલદારો તરીકે સાદું અને સંયમી જીવન જાળવવા ઐચ્છિક દાન ઉપર આજીવિકા ચલાવનારા વર્ગો ભારતમાં હતા અને છે. જેથી વૈજ્ઞાનિક આધાર ઉપર માનવ જીવનના સાંસ્કૃતિક તમામ નાના-મોટા તત્ત્વો વિકસતા અને પોષાતા હતા. છતાં તેનો ભાર પ્રજા ઉપર બોજારૂપ ન થાય તે રીતે આવા વંશ નોંધનારો વર્ગ આનુવંશિક શુદ્ધિ જાળવવામાં પ્રજાને અસાધારણ મદદગાર થાય છે.

રાજકોટના ઠાકોરશ્રી સાથે પરણાવેલા અમરેલીના રાજકુંવરી સાથે તેના કામદાર તરીકે શ્યામા પારેખના કોઈ વંશજ રાજકોટ આવ્યા હતા.

તેઓ સ્વાભાવિક રીતે જ શ્રીમાલ હોવાથી જૈનશાસનની શ્વેતાંબર મૂર્તિપૂજક મૂળ પરંપરાના અનુયાયી હોવા છતાં રાણીજીના પરિચયથી હવેલીના પુષ્ટિ-માર્ગીય સંપ્રદાયનો વૈદિક ધર્મ પાળતા થયા હતા. સંભવ છે, કે-શ્રી વલ્લભાચાર્યના પ્રભાવથી ,વડનગર, મહેસાણાના નાગર વણિકોની જેમ તેઓ ઉપર પણ અસર પડી હોય. આજે પણ તેમાંના વ્રજપાળ પારેખના ઘણા વંશજો વૈષ્ણવ સમ્પ્રદાયનો ધર્મ પાળે છે. છતાં દશાશ્રીમાળી જ્ઞાતિ તરીકે સ્થાનકવાસી સમ્પ્રદાય તથા શ્વે૦ મૂર્તિપૂજક પરંપરાના અનુયાયી કુટુંબો સાથે લગ્ન-સંબંધો હોવાથી, આજે ઘણા કુટુંબો મોસાળ પક્ષના સંબંધથી સ્થાનકવાસી સમ્પ્રદાય અને જૈનશાસનની મૂળ પરંપરાની તપાગચ્છીય પરંપરાને અનુસરે છે.

એક ભાઈ: તથા બે બહેનો: બાલ્યાવસ્થામાં જ પંચત્વ પામ્યા હતા.

* * * *

અમારી લગભગ ૮-૯ વર્ષની ઉંમરે જ માતુશ્રી શ્રી મોંઘીબાઈ પંચત્વ પામ્યા હતા. તેનો ઉલ્લેખ કરવાનું અહીં એટલા માટે આવશ્યક છે, કે-તેમની પાસેથી જાણવા મળ્યું હતું, કે-"તદ્દન શૈશવ અવસ્થામાં ઘરમાં બેસાડી, બંધ કરી, ઘરકામે જવાનું થાય, ત્યારે પણ ચૂપચાપ બેસી રહેવું: આપે તો લેવાનું, ન આપે તો કરી જીદ્દ કે લાલચ બતાવવાની નહીં. શાંત અને તટસ્થ જેવો સ્વભાવ બીજા બાળકો કરતાં જુદો પડતો હતો."

આ ઉપરથી જીંદગીમાં હિતોમાં આડે આવનાર વિરોધીઓ તથા અંગત શારીરિક હુમલો કરવાની ધારણા રાખનાર તથા બીજી રીતે હેરાન કરનાર તરફ પણ કદી મનમાં દ્વેષનો ડાઘ લાગ્યો નથી, અને પ્રેમ તથા વાત્સલ્ય કરવા લાયક સ્નેહીઓ તરફ રાગનો ઉભરો આવતો નથી, તથા અન્યથા પ્રસંગે શોક: પરિદેવના: વગેરે લાગણીઓ ઉભરાતી નથી. સંત પુરુષોની શાતા-અશાતાના વાંચન: શ્રવણ:થી યે પ્રમોદ જાગતો હોય છે, અને ચક્ષુઓ જરૂર દ્રવતી હોય છે. માતુશ્રીની તે વાતનો આજે પણ કાંઇક અનુભવ થાય છે.

માતાજી-શ્વે૦ મૂ૦ પરંપરાના અનુયાયી રૂપાવટી-ખોરાણા-નાગલપુરના દોશી કુટુંબના હતા. પરંતુ ગામડામાં ઉછેર થવાથી રામાયણ સાંભળવાનો શોખ ધરાવતા હતાં. થોડુંક વાંચતાં-લખતાં શિખ્યો એટલે મારી પાસે ગિરધરકૃત રામાયણ વંચાવે, અને બીજી શ્રોતા બાઇઓને તેનો ભાવાર્થ તેઓ સમજાવે. આથી રામાયણના ભારતીય સંસ્કારી પાત્રોનો પરિચય બહુ જ નાની ઉંમરથી મને થયો. તથા વયોવૃદ્ધ પિતામહ શ્રી રામજી પારેખ સાથે વધારે સંપર્ક રહેવાથી, રાત્રે તેમની સાથે સૂતા પહેલાં મહાભારતની રસિક વાતો સાંભળવા મળ્યા કરતી હતી.

પિતાશ્રીના બ્રાહ્મણમિત્રો પાસેથી શ્રાવણ માસમાં તથા બીજા પ્રસંગે ભાગવત: મહાભારતના સ્વર્ગારોહણ પર્વ: તથા પ્રસંગે પ્રસંગે સત્યનારાયણની તથા બીજી કથાઓ સાંભળવામાં આવતી હતી. પિતાશ્રીના ખાસ મિત્ર ભાઇશંકર ભટ્ટ: માતુશ્રીના મરણ બાદ તેમના મિત્રને આશ્વાસન આપવા ભગવદ્ગીતા સંભળાવતા રહેતા હતા. તે પણ વખતે વખતે સાંભળવા મળતી હતી. પછી તો સંસ્કૃત ભણ્યા પછી ૨૦-૨૫ વખત તે વાંચી જવાઈ હશે. તથા ભાગવતના કેટલા ભાગો વાંચવામાં આવ્યા. સાંભળવાનો શોખ એટલો બધો તીવ્ર હતો, કે-શિકાર-જુગાર-દારુ-માંસ-પરસ્ત્રીગમન વગેરેના ત્યાગી સ્વામીનારાયણ સમ્પ્રદાયના ગામના સંસ્કારી દરબારોમાં રૂપસિંહજી બાપુ અતિ રસપ્રચુર વાર્તાઓ કહેવામાં ભારે કુશળ હતા. પોષ મહિનાની કડકડતી ઠંડીમાં પણ તેમની કચેરીની બહાર ખૂલ્લા ઓટલા ઉપર બેસીને રાતના બે-ત્રણ વાગે વાર્તાઓ પૂરી થાય ત્યાંસુધી તે સાંભળવામાં આવતી હતી. કચેરીના બારણાં બંધ રહે. સૌ મોટી સગડી પાસે તાપતા બેઠા-બેઠા વાર્તા સાંભળતા હોય.

પિતાશ્રીના ઉઠતાં પહેલાં ઘેર પહોંચી જવાનું. તેઓ તૈયાર થઇને થોડીવારે ઘેર જાય, તે પહેલાં ઘરમાં દાખલ થઈ જવાનું જ.

તે ઉપરાંત, દુકાનની પાસે જ સ્વામીનારાયણનું મંદિર. સાંજે દરબાર દર્શને જાય ત્યારે બોલાવતા જાય. અને સ્વામીનારાયણ સમ્પ્રદાયનો મુખ્ય ગ્રંથ 'વચનામૃત' કે જે

ગુજરાતી ભાષામાં છે, તે મારી પાસે વંચાવે. પોતે તેનો ભાવાર્થ [illegible] [illegible] [illegible] શ્રોતાઓને સંભળાવે. આ સમ્પ્રદાયનું મૂળ સાંખ્યદર્શન છે. [illegible] વેદાન્તનું [illegible] આવે છે. આ રીતે ધાર્મિક ગ્રંથોના વાંચનનો એક [illegible] [illegible] હતો.

'દાદા' તરીકે પ્રસિદ્ધ વયોવૃદ્ધ વખતસિંહજી દરબારશ્રીએ જણાવેલું કે—"અંગ્રેજી અભ્યાસ કર્યો હોત, તો સારા બેરીસ્ટર તરીકેની ખ્યાતિ મળત" તે જ વખતે જવાબ આપ્યો હતો, કે—"દાદા! આપની ધારણા ઠીક છે. એ બધું કદાચ થાત, પરંતુ સત્યની નજીક આવવાને બદલે વધારે દૂર જવાનું થાત. એ બધી આજની ઝળકો એકંદરે હિત તરફ સર્વ માનવોને લઈ જનારી નથી."

ઘણા અંગ્રેજી પુસ્તકોનાં ભાષાંતરોનાં વાંચન: કવિ નાનાલાલ તથા બીજા સંખ્યાબંધ પ્રસિદ્ધ લેખકોનાં કાવ્યો: અને ગ્રંથોના તથા વર્તમાનપત્રોના વાંચનથી ઘણું ઘણું જાણવામાં આવ્યું. પરંતુ "માત્ર તેનાથી ભારત ન જ સમજાત, કદાચ તેના અદ્ભુત જ્ઞાનથી વંચિત રહેવું યે પડત. તેના વિષે ખોટા ખ્યાલો યે બંધાત" એ આજે પણ સમજાય છે. અને હૃદય આનંદિત થાય છે.

પંડિત સુખલાલજીના સંપર્કથી જૈન-જૈનેતર ન્યાયના એટલે કે 'અનેકાંત જયપતાકા'નો કેટલોક ભાગ તથા 'સિદ્ધાન્ત મુક્તાવલી' વગેરે ગ્રંથોનો અભ્યાસ કરવાની તક મળી. તેમજ વર્તમાનપત્રો વાંચવાના શોખમાં શરુઆતમાં વધારો થયો, પરંતુ બન્નેયના આદર્શોની બિલકુલ સામસામી દિશા હોઈને પરિચય વધુ લંબાયો નહીં.

સન્મિત્ર શ્રી કર્પૂરવિજયજી મહારાજશ્રીની સદ્ભાવનાપૂર્વકની કૃપાદૃષ્ટિ નોંધપાત્ર હતી. પ૦ પૂ૦ આચાર્ય મહારાજ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ-શ્રીની પણ અમીભરી દૃષ્ટિ, તેઓશ્રીના મહેસાણામાંના ચાતુર્માસ બાદ વિદ્યાર્થી અવસ્થામાં વિશેષ અભ્યાસ કરાવવાની ઇચ્છાથી અને બીજા પ્રસંગોથી વ્યક્ત થતી રહી હતી. પરમ-પૂજ્ય ૧૦૦૮ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પરિચય પછી દૃષ્ટિમાં સાચી વ્યાપકતા: ઉદારતા: અને કામોમાં ચોકસાઇ તથા કેટલાક ઇતિહાસ: ભારતીય જીવન વ્યવસ્થાના મૌલિક અનુભવોમાં ઘણો જ વધારો થયો હતો. પૂ૦ પંન્યાસજી શ્રી ધર્મસાગરજી ગણિવર્યના પરિચય પછી જુદા જુદા કાર્યક્ષેત્રો માટે વિચારણા વગેરે કરવાનું પ્રસંગે પ્રસંગે બન્યા કરે છે.

ચૌરીચોરાના બનાવ પછી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખેલાતા મુત્સદ્દી જાદુગરોના જાદુઈ ખેલો જેવા આર્થિક અને રાજ્યદ્વારી ભાષણો અને બનાવોના મૂળભૂત રહસ્યોનું મનન વધતું જવાથી તેઓની રચનાત્મક સ્વરૂપની મીઠી અને પરોપકારી જણાતી હિલચાલોની પાછળના સ્વાર્થોનો કેટલોક તલસ્પર્શી ખ્યાલ આવતો ગયો. જેના આધારે જુદા જુદા વિષયો ઉપર પ્રસંગે પ્રસંગે લખાયેલા પૂર્ણાપૂર્ણ એક હજાર નિબંધ તો હશે જ. જુદા જુદા વિચારપૂર્ણ પત્રો તથા બીજા વિષયોના: એમ બધા મળીને બે અઢી હજાર નિબંધો લખાયા હશે. જેમાંના કેટલાક છપાયા છે. કેટલાક વિસ્તૃત પત્રરૂપે જેમના તેમ છે, ને જેમને મોકલાયા હશે, તેમની પાસે ય કદાચ હશે. જ્યારે તેનો મોટો ભાગ અપ્રસિદ્ધપણે સંગ્રહા-એલો પડયો છે. જે ચારસો વરસોથી વિશ્વમાં ચાલતા સંસ્કૃતિ: અને પ્રગતિ: ના શરૂ થયેલા સાચા અને ગૂઢ ઠંડા યુદ્ધના રહસ્યો સમજવામાં ભવિષ્યમાં કદાચ તથાપ્રકારના કોઈ પાત્ર જીવને ઉપયોગી થાય પણ.

આ પ્રસંગે એક હાર્દિક સદ્ભાવનાશીલ નિર્નિમિત્તક મિત્ર અને સહૃદયી વૈદ્યરાજ શ્રી કાલિદાસ પોપટભાઇ શાસ્ત્રી-જામનગરવાળાનું સ્મરણ થઇ આવે છે. ચરકના કુદરતી ઉપચારોના સૂક્ષ્મ જ્ઞાતા અને ઊંડા અભ્યાસી તથા પ્રયોગકુશળ એવા તેમની સહાયથી

અને બન્નેય ભાઈઓ આંતરડાના ક્ષયની ભયંકર બિમારીમાંથી બચી [illegible] વળી તો તેમના દશ વર્ષના પરિચયથી આયુર્વેદનો કેટલોક [illegible] આરોગ્ય જાળવી રાખવા બાબતનો જે અનુભવ મળ્યો હતો, તે [illegible] લાગે છે. ૬૭ વર્ષ જેટલી ઉંમરે પણ બીજા સહયોગ કરતાં સારી રીતે [illegible] કાંઈક જળવાઈ રહ્યું છે. તેમાંના ઘણા ગયા, કેટલા કર્તવ્યો કરવા [illegible] બીજો પણ વ્યાવહારિક ઘણો અનુભવ તેમની પાસેથી [illegible] ન્યાય: નીતિ: અને વ્યવહારશુદ્ધિ: ના મળેલા અનુભવનાં [illegible]

હાલ તો ચતુર્થવ્રતધારી શ્રી છોટાલાલજી [illegible] લાલજી વેદના સદ્ભાવે કાંઈક સદ્ધ્યેયે [illegible] કદાચ કાંઈ ને કાંઈ થયા કરે છે.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૬૨	૨૭	ઊત્સર્ગ	ઉત્સર્ગ
૫૬૩	૩૩	આદર્શ પણ	આદર્શની
૫૬૫	૨	યોજ્યાગો	યોજનાગો
૫૬૭	૯	નિરોધાં	નિરોધના
૫૬૯	૧૭	ચ્યણુ	ચાર
૫૬૯	૨૦	૬–૩૨	૧–૩૧
૫૭૦	૨૮	આ઼ી	એ઼ી
૫૭૪	૨	ઉદ્દેરીને	ઉદ્દેશીને
૫૭૪	૪	સવન	સર્વત્ર
૫૭૬	૧૨	રૌદ્રધ્યાનના	આર્તધ્યાનના
૫૮૨	૨	સાંભલતા	સાભળતા
૫૮૩	૫	પડોલા	પડોળા
૫૮૩	૨૯	ઉધ્વર્લોક	ઊર્ધ્વલોક
૫૮૫	૨	ઉપરિ	ઉપરી
૫૮૯	૧૭	જાગ્રતી	જાગૃતિ
૫૮૯	૩૦	નઠારાપણાનો	નઠારાપણાને
૫૯૧	૨	છેવટે	
૫૯૨	૨	દાખીને	રાખીને
૫૯૨	૧૫	રૂપાતિત	રૂપાતીત
૫૯૨	૨૩	પતઞ્જલી	પતઞ્જલિ
૫૯૨	૨૪	થાય છે.	થાય છે. જે સામાન્ય પ્રકારના હોય છે. કેમકે તેમાં છકાયના જીવોની હિંસાનુ વર્જન વગેરે છઠ્ઠા ગુણસ્થાનકને યોગ્ય અનુબંધ ધર્મરૂપ મહાવ્રતો નથી હોતા. એમ સર્વત્ર સમજવું.
૫૯૯	૨૦	ધુજારી	ધ્રુજારી
૫૯૯	૨૮	દ્રવ્ય઼	દ્રવ્ય–઼
૬૦૦	૯	ક્રોડ વર્ષ પૂર્વ	ક્રોડ પૂર્વ વર્ષ
૬૦૧	૧૩	નિરસ	નીરસ
૬૦૪	૧	ખુલ્લી ચક્ષુથી	ખુલ્લા ચક્ષુથી
૬૦૬	૩	જેન	જૈન
૬૦૬	૮	પ્રણિત	પ્રણીત
૬૦૭	૨૬	અનત	અનંત
૬૧૪	૧૦	હોય	હોય તે

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬૧૧	૨૩	[illegible]	[illegible]
૬૧૪	૧૦	[illegible]	રાત્રિભોજનના
૬૧૯	૨૬	[illegible]	[illegible]
૬૨૦	૧૮	[illegible]	[illegible]
૬૩૦	૨૯	[illegible]	પ્રજાઓ કે
૬૩૧	૨	[illegible]	પ્રતિષ્ઠિત
૬૩૧	૧૨	[illegible]	[illegible]
૬૩૧	૧૨	હાનિકારકતા	હાનિકારિતા
૬૩૧	૨૩	ઉડા	ઉંડા
૬૩૩	૩	તે	તેથી
૬૩૩	૧૪	ડરનારાના	ડરનારા બીજાઓના
૬૩૪	૧૯	આપવા	આ
૬૩૪	૨૦	સૂચવી	એમ ધર્મગુરુઓએ સૂચવી
૬૩૫	૨૧	પ્રત્યને	પ્રયત્નો
૬૩૭	૯	કુવા	કૂવા
૬૩૮	૨૩	છો	છે
૬૩૯	૬	ધારણુ વ્યવહાર	ધારણા વ્યવહાર
૬૩૯	૨૨	દુ.ખ અને	દુ ખ
૬૩૯	૨૭	અનુયાયિ	અનુયાયી
૬૩૯	૩૧	સતત્	સતત
૬૪૦	૪	સાર્વદિક્	સાર્વદિક્ક
૬૪૧	૨૯	કાળરાત્રી	કાળરાત્રિ
૬૪૩	૧૫	લોકાના	લોકોના
૬૪૬	૩૪	તુટતી	તૂટતી
૬૪૭	૧૦	વિચરવાનું	વિચારવાનું
૬૫૨	૫	દીનકર	દિનકર
૬૫૨	૭	નિમણુકો	નિમણૂકો
૬૫૩	૧	લુંટ	લૂંટ
૬૫૩	૧	જુઠ	જૂઠ
૬૫૩	૪	મૂકી હતી	મૂકયા હતા
૬૫૩	૧૧	ખુન	ખૂન
૬૫૬	૯	મહાઅવિવેકી	મહાઅવિવેક છે.
૬૫૬	૧૭	લવાઇ	લેવાઇ
૬૫૮	૯	સંસ્થામાં	સંખ્યામા
૬૬૧	૧૧	લુલા	લૂલા

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૯૪૫	૩૪	ધાર્મિક	[illegible]
૯૪૫	૩૨	વૈદિક	[illegible]
૯૪૬	૩૦	હિંદુધર્મઃ	આ હિંદુધર્મઃ
૯૪૭	૨૮	નિષ્પક્ષપાતતા	નિષ્પક્ષપાતતા,
૯૫૨	૩૨	[illegible]	[illegible]
૯૫૬	૧૦	વિદ્વાન્	ક વિદ્વાન્
૯૬૭	૨૮	શિખ	ૈ શિખ
૯૭૨	૨૧	પારસી	ઉ પારસી
૯૭૩	૩૧	ઇસ્લામીઓ	ફ ઇસ્લામીઓ
૯૭૬	૨૧	બૌદ્ધ	ઋ બૌદ્ધ
૯૮૮	૧	એશિયાની	(૪) એશિયાની
૯૯૮	૪	(૨)	(૩)
૧૦૨૦	૧૫	ભારતના	(૫) ભારતના
૧૦૨૬	૪	બ્રીટીશ	(૬) બ્રીટીશ
૧૦૩૧	૨૪	ભારતમાંના	(૭) ભારતમાંના
૧૦૩૯	૧૨	વ્યક્ત	વ્યસ્ત
૧૦૪૧	૬	પ્રાયશ્ચિત	પ્રાયશ્ચિત્ત
૧૦૪૩	૭	કહી	કરી
૧૦૪૩	૮	આધુનિક	(૮) આધુનિક
૧૦૪૪	૧૯	ભૌતિક	(૯) ભૌતિક
૧૦૪૫	૩૧	હિતનો	હિતને
૧૦૪૬	૨૧	૩ શોધો	(૧૦) શોધો
૧૦૪૭	૧	તેમ	આદરો।
૧૦૪૭	૧૯	આગલ	આગળ
૧૦૫૫	૬	ગયેલું	ગયેલો
૧૦૫૬	૯	વદિક	વૈદિક
૧૦૫૭	૧૯	જવાની	થવાની
૧૦૫૭	૨૩	નેતિકતા	નૈતિકતા
૧૦૬૩	૯	સુખ્ય	(૭) (૧) મુખ્ય
૧૦૬૩	૨૩	ભાવિ	(૨) ભાવિ
૧૦૬૬	૧	શિષ્યોને	૫ શિષ્યોને
૧૦૬૬	૧૧	પ્રતિકો	પ્રતીકો (સર્વત્ર)
૧૦૬૮	૩૩	મહા હિંસક	મહા અહિંસક
૧૦૬૯	૫	અદ્દભૂત	અદ્દભુત

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	અને નહિ
[illegible]	[illegible]	ન-મુદ્રા	ન-મુદ્રિત
[illegible]	૧	ઉપસંહાર	મંગના મહાઉપસંહારની
૧૦૭૩	છેલ્લીલીટી	મુતાવડબોમ્	મુતાવડ્યોમ્
૧૦૭૪	છેલ્લીલીટી	ભ્યું	અતી જણાયું
૧૦૭૬	૭	વાર્તા	વાતો અને ગુહ્ય
૧૦૭૬	[illegible]	પંડિત	પંડિતજી
૧૦૭૬	૮	અધ્યાપક	અધ્યાપક ની
૧૦૭૬	૧૨-૧૮	સિદ્ધહેમ	સિદ્ધહૈમ
૧૦૭૬	૧૩-૧૮-૨૦-૨૧	વાચન	વાચન
૧૦૭૬	૨૭	ચૌરીચોરાના	ચૌરીચુરાના
૧૦૭૬	૨૯	હાર્યોગા	હાર્યેથી
૧૦૭૬	છેલ્લીલીટી	કરેલ	કરેલી
૧૦૭૬	૧૩	છપાયા	શોધી છપાયા
૧૦૭૮	૨૭	નોધનારો વર્ગ	નોધનારાયે વર્ગો
૧૦૭૯	૪	રાખનારા	રાખનારી
૧૦૮૦	૧૫	ધરાવતા હતા	ધરાવતા હતા
૧૦૮૦	૨૬	કેટલા	કેટલાક
૧૦૮૦	૩૩	જાય	આવે
૧૦૮૦	૩૪	થઇ	થઈ સુધ
૧૦૮૧	૯	ગામમાં	ગામોમા
૧૦૮૧	૨૩	થતું;	થતું હતુ
૧૦૮૧	છેલ્લીલીટી	રહ્યો છે.	રહ્યો.
૧૦૮૨	૨૧	પૂ. પંન્યાસજીશ્રી	પૂ. શ્રી
૧૦૮૨	૨૩	ચૌરીચોરાના	ચૌરીચુરાના
૧૦૮૨	૨૭	એક	એકાદ
૧૦૮૩	૯	છે.	છે. નિવૃત્તિમા યે
૧૦૮૩	૧૦	થયા	પ્રવૃત્તિ થયા
૧૦૮૩	૧૩	માતુશ્રી	માતુશ્રી જેવુ
૧૦૮૫	૧	ભેદને	ભેદથી

૧૦૮૩ પેજની ૨૧ મી લીટી પછી નીચે મુજબ પેરેગ્રાફ વધારવો.

" કુટુંબીજનો સાધર્મિકો પણ છે. આ પુંચનુત્રન ... તેઓનું પારલૌકિક હિત યથાશક્તિ કરવા પ્રયત્નશીલ રહેવું ... આવીને ઉત્પન્ન થવા લાયક બને. પરસ્પરની ધર્મ ... જેથી સૌનો માનવભવ સફળ થાય. ભવાન્તરમાં ... વા પણ પુનર્મીલન અને ધર્મસહચાર કરી શકે " ...

આવશ્યકીય સુધારો

૭૭૩ મા પેજ ઉપર ૧૮ થી ૨૨ સુધી લીટીઓ ...

Elizabeth was merely queen of Eng... wounder how she could issue a charter ... *Her explanation was that she did this ... rogative, the nature and ambit of which ... any account, allow anybody to argue or ...

---

* આ નિશાની જે શબ્દ પર છે, ત ...



રચનાને વર્તમાન પ્રગતિને પોષક તત્ત્વોને સ્થાન આપવાની ગોઠવણોને ટેકો આપે તેવી છે. જેથી સ્થાનિક પ્રજાનું બળ ધીમે ધીમે નબળું પડતું જાય, નૈતિક અને આધ્યાત્મિક અધઃપાત થતો જાય તેવી રીતના કાયદાને આધારે ન્યાય આપવાનો હોય છે. ભલે, આજ પદ્ધતિ યુરોપમાં હોય છતાં તેમાં એક એ જાતનો તફાવત હોય છે કે ત્યાં લાભ સાથે ત્યાંની પ્રજાની ઉન્નતિ થતી જાય અને બીજી પ્રજાઓને પ્રથમ કરતાં હાનિ થાય, અને દિવસે દિવસે તેની અવનતિ થતી જાય. શિયાળ અને બગલાના ભોજન માટેના આમંત્રણનું દૃષ્ટાન્ત અહીં બરાબર બંધ બેસતું થશે.

ખરી રીતે આજના ઘણા લોકો પણ આજની કોર્ટને ન્યાયની કોર્ટ કહેવાને બદલે "કાયદાની કોર્ટો" "લૉ કોર્ટો" કહે છે. કેમકે-તેના મૂળમાં ન્યાય નથી. પરંતુ બહારની પ્રજાના હિત માટેનાં તેની સરકારના કાયદા છે છતાં ભારતની પ્રજામાં તે સંસ્થાની લોકપ્રિયતા ટકાવવા તે તંત્રને લગતા "**ન્યાયાલય, ન્યાયાધીશ, ન્યાય, ન્યાયતંત્ર**" વગેરે શબ્દો બરાબર પ્રચારમાં છે. નવા બંધારણમાં પણ ન્યાય શબ્દનો ઉપયોગ છે. છતાં તેની વ્યાખ્યા તેમાં આપવામાં આવી નથી. એ શું સૂચવે છે? માટે આજની રચનાઓ ન્યાયના પાયા ઉપર નથી, કાયદાના આધાર ઉપર છે. બ્રીટીશ અમલદારો પણ પોતાની સરકારને "**કાયદાની સરકાર**" કહેતા હતા* પરંતુ ન્યાયના પાયા ઉપરના ભારતીય કાયદાના પાયા ઉપરેય નથી. તેથી તેને ન્યાયતંત્ર શી રીતે કહી શકાય? એ મોટો પ્રશ્ન છે.

માટે ન્યાયનો પિતા ધર્મ છે. એટલે જ કે ન્યાયનું મૂળ પણ ધર્મ છે. તેથી ધર્મગુરુઓ વાસ્તવિક રીતે ન્યાયની પ્રતિષ્ઠા અને જીવંતપણા માટે જોખમદારો છે. તેઓથી ઉપેક્ષા કેમજ કરી શકાય? અને તેઓ પણ ઉપેક્ષા રાખે, અથવા તો જગત્‌માં અન્યાયનો પ્રવેશ થતો રોકે નહીં તો જગતનું શરણ કોણ? પ્રાચીનકાળમાં જેમ ન્યાયતંત્ર ઉપરની કડક દેખરેખ ધર્મગુરુઓના આચાર્યોની હતી, તેમાં જે શિથીલતા આવી છે તે દૂર કરવી જ પડશે કે નહીં? અને જ્યાં-જ્યાંથી ન્યાય ઉઠી ગયો હોય, ત્યાં ત્યાં તેની રોપણી ફરીથી કરવી પડશે કે નહીં? નહીંતર, ધર્મઃ અને ધર્મગુરુઓનું અસ્તિત્વ જ શી રીતે અને શા માટે ટકી શકશે? માટે ધર્મનો પિતા ન્યાય છે. એ સાચો વિશ્વન્યાય છે. તેને અનુસરીને કાયદા હોય તે જ સાચા કાયદા. બીજાને કાયદા પણ કેમ કહી શકાય? માટે જેટલે જેટલે અંશે ન્યાયને વિકૃત કરનારા દોષો ફેલાયા હશે, તેની ચિકિત્સા યોગ્ય સમજણઃ દીર્ઘદૃષ્ટિઃ અને કુશળતાઃ પૂર્વક કર્યા વિના ચાલી શકશે કે?

ન્યાયતંત્રને નામેઃ ને કાયદાઓને આધારે ફેંસલા કરવાનું તંત્ર ગમે તેટલું વિકસિતઃ વ્યવસ્થિતઃ અને આકર્ષિતઃ આજે બહારથી દેખાતું હોય, પરંતુ જો તેના મૂળમાં ન્યાય ન હોય, તો પછી તે ગમે તેટલી આકર્ષકતા શી રીતે અનુમોદનાપાત્ર અને ઉત્તેજનાપાત્ર ગણાય? તે સમજવું જોઇએ.

---

* ન્યાયની સરકાર શી રીતે કહી શકે? કેમકે તેના મૂળમાં ન્યાય નથી. ઈંગ્લાંડની પાર્લામેન્ટના કાયદા છે.

માનવ પ્રજાના જીવનના પ્રત્યેક [illegible]
ઉપર રચાયેલું ચાલતું: અને પોતાનું હોવું જોઇએ. [illegible] છે!

" આપનું નિદાન સાચુ છે. તેની ચિકિત્સા [illegible]
જોઇએ. પછી લોકશાહી હોય, રાજાશાહી હોય, [illegible]
ગણતંત્ર હોય કે વ્યક્તિતંત્ર હોય, પરન્તુ [illegible]
કોઇપણ તંત્ર જુલ્મ સિવાય શુ [illegible]
જોખમદારી ધર્મગુરુવર્ગની છે " આપશ્રીની [illegible]
શબ્દો વપરાય તે સાચા અર્થમાં વપરાવા જોઇએ [illegible]

૪ [illegible] અને આર્થિક સગવડો આપવાની લાલચો. કોઈએ કોઈને ન ન આપવી, [illegible] ધર્માન્તર ગમતા ન હોય. ન કરવા હોય. ન કરવું. તે બાબતમાં ધર્માન્તર કરનાર [illegible] સ્થિતિ વિચારીને આગળ વધવું નહિ. ધર્માન્તર કરનારને સામાજિક અને આર્થિક સગવડો આપવાની લાલચ કરનાર ધર્મસંસ્થાઓ ઉપર ફરજ નથી. [illegible] ધર્માન્તર કરાય છે. સહજ રીતે સગવડો મળી જાય, એ જુદી વાત છે.

૫ કોઈપણ ધર્મ કે સંપ્રદાયના ખંડન-મંડનની ભાષાને બદલે પરસ્પરના તારતમ્યની [illegible] વિચારણા રજુ કરવી યોગ્ય થઈ પડશે. સમાનતા અને સમન્વયને લગતું પરસ્પરનું પ્રામાણિક સાહિત્ય તૈયાર થાય, તે પણ ઈચ્છવા યોગ્ય ગણવું જોઈએ.

૬ કોઈપણ ધર્મ કે સંપ્રદાયની ચાલતી ધાર્મિક મર્યાદાઓના પાલનમા પરસ્પર આવશ્યક બચાવ અને સહકાર આપવો. તે તોડવામાં સહાયક ન થવું. અજ્ઞાનભાવે પણ કરેલું ધર્માચરણ જડવાદને અને તેના જીવનને માનવજીવનથી સામુદાયિક રીતે પણ દૂર રાખે છે.

૭ આધ્યાત્મિક વિકાસક બળો સાધકોને પૂરા પાડવાની યોગ્યતાને આધારે શક્ય પ્રમાણોથી પરંપરાગત જગત્પ્રસિદ્ધ મુખ્ય ધર્મસંસ્થાઓનું સર્વમાન્ય થાય તેવુ વર્ગીકરણ કરવું. એટલે કે-ધર્મોની યોગ્યતાની કક્ષાઓ નક્કી કરવી.

૮ કોઈપણ બીજા ધર્મ કે સંપ્રદાયના આચારો કે વિચારોનુ સ્વગુરુ આજ્ઞા વિના કોઈપણ ધર્મ કે સંપ્રદાયના અનુયાયિઓએ સીધે સીધુ અનુસરણ ન કરવું કે સ્વધાર્મિકોમા તેનો પ્રચાર ન કરવો. પોત-પોતાના આચાર-વિચારોમા નિષ્ટ રહેવું. કારણ કે-સામાન્ય જીવોનો બુદ્ધિભેદ તેઓનું અહિત કરે છે.

૯ કોઈપણ ધર્મ કે સંપ્રદાયમાંથી કાંઇ પણ સારું લાગે, તે સ્વીકારવા યોગ્યનો મુખ્ય ધર્મગુરુ સ્વીકાર કરે ને જે ધર્મ કે સંપ્રદાયમાં તે દાખલ કરવાનું હોય, તેને યોગ્ય વ્યવહારુ સ્વરૂપ આપે, દરેકને તે પ્રમાણે વર્તવા ફરમાવે, પછી દરેકે તે આજ્ઞાનો રીતસર અમલ કરવો. ત્યાં સુધી તેને સ્થાન ન આપવું.

૧૦ દરેક મુખ્ય ધર્મગુરુઓએ ધર્મ પુરુષાર્થ ઉપર આવનારા આક્રમણોઃ મુશ્કેલીઓઃ કે વિઘ્નો દૂર કરવા સદા તત્પર રહેવું. પરસ્પરની વાટાઘાટઃ વિચારણાઃ કરી શકાય તેવી કોઇ યોગ્ય ગોઠવણ તાજી કરવી જોઇએ જેથી કયાંયથી નાનું પણ પાપ ઉભું થઇ જોર કરી ફરીથી જગત્ ઉપર આક્રમણ ન કરી શકે.

૧૧ ધાર્મિક ક્રિયાઓ: અને સિદ્ધાન્તોના [illegible] ક્ષેત્રોમાં આધુનિક આદર્શોની ડખલો કરવા [illegible], યુનોની યુનસ્કો સંસ્થા ધર્મસુધારકો: સમન્વય [illegible] સમાજ–સુધારાની સંસ્થાઓ વગેરે જે ધર્મને [illegible].

૧૨ દરેક ધર્મ અને સંપ્રદાયના મૂળ [illegible] સંચાલકો: વર્તમાન સંચાલકો ગુરુઓ અને તે [illegible] સિદ્ધાન્તો તરફ પોત–પોતાના અનુયાયિઓનું [illegible] કરાવવું: અને તદનુકૂળ મજબૂત શિક્ષણ [illegible] પ્રયાગોને ઉત્તેજવા.

શિષ્યોને અંતિમ હિતોપદેશ અને ઉપસંહાર!

